# ગાંધીજીને અપાયેલાં
# માનપત્રો

ડૉ. મહેબૂબ દેસાઈ



# ગાંધીજીને અપાયેલાં માનપત્રો

ડૉ. મહેબૂબ દેસાઈ

પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 079-22144663, 22149660

e-mail: goorjar@yahoo.com, web : gurjarbooksonline.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ

સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015

ફોન : 26761366 98252 68759, gurjarprakashan@gmail.com




કિંમત : ₹ 1200

પ્રથમ આવૃત્તિ : 2020

GANDHIJINE AAPAYELA MANPATRO
by Dr. Mehboob Desai
Published by Gurjar Prakashan, Ahmedabad-7 (India)

© લેખકના

ISBN : 978-93-5175-378-0

પૃષ્ઠ : 16+336

નકલ : 300

પ્રકાશક : ગૂર્જર પ્રકાશન
202, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006 ફોન : 22144663
e-mail : goorjar@yahoo.com

ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ –6 : ફોન : 26564279

મુદ્રક : ભગવતી ઑફસેટ
સી/16, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ – 380 004



# અર્પણ

ગાંધીવિચારના વાહક
મા. ગફુરભાઈ બિલખિયાને સાદર

सत्यमेव जयते

प्रधान मंत्री

**Prime Minister**

# <u>સંદેશ</u>

ગાંધીજીને મળેલા માનપત્રોનું સંકલન થઇ રહ્યું છે તે આનંદની વાત છે.

બાપુનું વ્યક્તિત્વ સાદગીસભર અને ચેતનામય હતું. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ તેમજ ભારતની આઝાદી ચળવળ દરમિયાન તેમની કીર્તિ વિશ્વભરના રાજનેતા,વિચારક વર્ગથી માંડી સામાન્ય મિલમજૂર સુધી પહોંચી.

આમજનતાની ભાષામાં જ સત્ય,અહિંસા,સમાનતા અને સ્વચ્છતા જેવા તેમના આપેલા જીવન મંત્ર આજે પણ એટલા જ સુસંગત છે.

વિવિધ વર્ગ,સંસ્થા દ્વારા મળેલા આ માનપત્રો ગાંધીજીનું સમાજના વિભિન્ન વર્ગો સાથેના સબંધનો દસ્તાવેજ બની રહેશે. ગાંધીજીની ૧૫૦મી જયંતી નિમિત્તે થઇ રહેલા આ પ્રકાશનને શુભેચ્છા.

(નરેન્દ્ર મોદી)

નવી દિલ્હી
૦૨ માઘ, શક સંવત ૧૯૪૧
૨૨ જાન્યુઆરી, ૨૦૨૦

**Shri Mehboob Desai**

Email Id: mehboobudesai@gmail.com

# સંશોધકની કેફિયત

છેલ્લાં ૪૦ વર્ષના મારા શૈક્ષણિક અને સંશોધનકાર્ય દરમિયાન મેં ઘણા સંશોધન પ્રોજેક્ટો હાથ ધર્યા છે અને પાર પાડ્યા  છે. પણ જે આનંદ **"ગાંધીજીને અપાયેલાં માનપત્રો"**ના સંશોધનમાં મેં અનુભવ્યો છે, તે અન્ય કોઈ સંશોધનમાં મને પ્રાપ્ત થયો નથી; કારણ કે વિશ્વમાં ગાંધીજી પર અનેક દૃષ્ટિએ કાર્ય થયું છે. તેમના વિચારો અને કાર્યોનું અર્થઘટન કે મૂલ્યાંકન કરતાં ઢગલાબંધ ગ્રંથો વિશ્વની દરેક ભાષામાં ઉપલબ્ધ છે. તેમના પત્રો અને વ્યાખ્યાનોનો સંગ્રહ પણ દરેક ભાષામાં આપણી પાસે છે. પણ તેમને મળેલાં માનપત્રો પર સંશોધન કરવાની કે તેનો સંગ્રહ પ્રસિદ્ધ કરવાની ચેષ્ટા આજદિન સુધી કોઈએ કરી નથી. એ ક્ષેત્ર આજદિન સુધી વણખેડાયેલું રહ્યું છે. અને એટલે જ સંપૂર્ણ નવા ક્ષેત્રમાં સંશોધન કરવાનો આનંદ સંશોધક માટે અનેરો હોય છે. ગાંધીજીને તેમના જીવનકાળ દરમિયાન અનેક માનપત્રો મળ્યાં હતાં. તેની ભાષા ભિન્ન હતી. તેમાં માહિતી અને અભિવ્યક્તિ ભિન્ન હતાં. તેમાં લાગણી અને પ્રેમ પણ ભિન્ન હતાં. આમ છતાં તેમાં એક બાબત સમાન હતી અને તે એ કે બધાં માનપત્રોમાં ગાંધીજી પ્રત્યેનો પ્રેમ અને શ્રદ્ધા અતૂટ હતાં. મુંબઈમાં ૧૯૧૫માં ગાંધીજી આવ્યા, એ પહેલાં દક્ષિણ આફ્રિકામાં તેમના નિવાસ દરમિયાન પણ તેમને અનેક માનપત્રો મળ્યાં હતાં. ટૂંકમાં ગાંધીજી જ્યાં ગયા ત્યાંની પ્રજાએ તેમને માનપત્રના સ્વરૂપમાં અમાપ પ્રેમ આપ્યો હતો. આ તમામ માનપત્રો તેની ઐતિહાસિક સાક્ષી પૂરે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ તમામ માનપત્રો અમૂલ્ય છે. તે ઐતિહાસિક દસ્તાવેજ સમાન છે. જેમાં એ યુગની સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક માહિતી ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત જે-તે સ્થળે ગાંધીજીને આ માનપત્રો આપવામાં આવ્યાં છે તેની સ્થાનિક વિગતો પણ માનપત્રની ઐતિહાસિક મહત્તા અનેકગણી વધારી દે છે.

મારા પાંચેક વર્ષના સંશોધનકાળ દરમિયાન જેટલાં માનપત્રો મને પ્રાપ્ત થયાં છે તેટલાં જ માનપત્રો ગાંધીજીને મળ્યાં છે, તેમ કહેવું અસત્ય છે. ગાંધીજીને તેમના જીવનકાળ દરમિયાન અગણિત માનપત્રો મળ્યાં છે. પણ તેમાંનાં કેટલાંક જ આજે ઉપલબ્ધ છે; કારણ કે ગાંધીજી તેમને મળતાં માનપત્રોનું જાહેરમાં વેચાણ કરી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ માટે નાણાં એકત્રિત કરતા હતા. એટલે પ્રાપ્ય માનપત્રોમાંનાં કેટલાંક જ હું શોધી શક્યો છું. વળી, જે માનપત્રો મને મળ્યાં તેમાંનાં કેટલાંક વાચ્ય નથી. કેટલાંક માનપત્રો અત્યંત ઝાંખાં છે, તો કેટલાંક માનપત્રો અનેક પ્રયાસો છતાં ઉકેલી શકાય તેવી સ્થિતિમાં નથી. પરિણામે જે માનપત્રો મને સુવાચ્ય અને માહિતીસભર લાગ્યાં તેના પર જ સંશોધનકાર્ય કેન્દ્રિત કર્યું છે. અર્થાત્ મારા સંશોધન દરમિયાન મને ઉપલબ્ધ થયેલાં માનપત્રોમાંથી ઉત્તમ અને વાચ્ય લાગેલાં માનપત્રો પુસ્તકમાં સામેલ કર્યાં છે.

માનપત્રોના સંશોધનકાર્યમાં અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓનો સહકાર મને સાંપડ્યો છે. જેમાં મુખ્યત્વે સાબરમતી આશ્રમ ટ્રસ્ટના મા. અમૃતભાઈ મોદી, ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. સુદર્શન આયંગર, જિલ્લા

અને રાજ્યના અભિલેખાગારના કર્મચારીઓ વગેરે તમામનો અત્રે આભારી માનું છું.

લૉર્ડ ડૉ. ભીખુભાઈ પારેખ સાથેનો મારો નાતો ગૂજરાત વિદ્યાપીઠમાં તેમના એક વ્યાખ્યાનથી બંધાણો છે. એ વ્યાખ્યાનમાળામાં તેમણે વ્યાજમુક્ત ઇસ્લામિક બૅંકો વિશે થોડી વાત કરી હતી. એ પછી એ સંદર્ભે મેં એક લેખ તેમના નામોલ્લેખ સાથે લખ્યો હતો. એ પછી અમારા વચ્ચે કોઈ વાર્તાલાપ થયો ન હતો. ઑસ્ટ્રેલિયાથી પુસ્તકની પ્રસ્તાવના લખવા મેં એમને વિનંતી કરતો મેઈલ કર્યો. મને એમ કે તેમને મારે મારો પરિચય આપવો પડશે. પણ એવું કંઈ જ બન્યું નહિ. મારા મેઈલના જવાબમાં તેમની સ્મૃતિમાં સંગ્રહાયેલો મારો પરિચય અભિવ્યક્ત થયો. જેણે મને પ્રસન્ન કરી મૂક્યો. તેમણે સવેળા પુસ્તકની પ્રસ્તાવના લખી મોકલી મને જે ઇજ્જત બક્ષી છે તે માટે હું તેમનો અત્યંત આભારી છું. ગ્રંથને શુભેચ્છા સંદેશ પાઠવવા બદલ વડાપ્રધાન મા. નરેન્દ્રભાઈ મોદીનો આભારી છું.

માનપત્રોનું 'કુમાર' સામયિકમાં પ્રકાશન કરવા બદલ ડૉ. ધીરુભાઈ ઠાકર અને શ્રી પ્રફુલ્લભાઈ રાવલનો આભારી છું. માનપત્રનું માતબર પ્રકાશન કરવાની મારી અભિલાષાને બળ આપનાર મારા વડીલ મા. ગફુરભાઈ બિલખિયા અને મા. મુરારિબાપુનો પણ નતમસ્તકે ઋણસ્વીકાર કરું છું. માનપત્રોના પ્રકાશન માટે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય સિવાય અન્ય કોઈ જ વિકલ્પ મારા મનમાં ન હતો. મારી એ લાગણી મા. મનુભાઈ શાહ બરાબર જાણતા હતા. અને એમણે મારી એ લાગણીને સાકાર કરવામાં આપેલ સહકાર મારા જીવનનું મીઠું સંભારણું છે. પુસ્તકની પ્રિન્ટિંગ પ્રક્રિયા સમયે હું મારા પુત્ર ઝાહીદને ત્યાં હોબાર્ટ (ઑસ્ટ્રેલિયા) માં હતો. જેથી પુસ્તકનાં પ્રૂફ મને મેઈલ દ્વારા મોકલવામાં આવતાં. આખા પુસ્તકના પ્રૂફનું પ્રિન્ટિંગ કરાવવું હોબાર્ટમાં ઘણું મોંઘું હતું. ઝાહીદે એ માટે એક પ્રિન્ટર વસાવી મારી મૂંઝવણનો અંત આણ્યો. એ જ રીતે પુસ્તકનાં જોયેલાં પ્રૂફ પાછાં મોકલવા માટે ઝાહીદના મિત્ર પ્રતીક બેરીએ રસ્તો શોધી કાઢ્યો. તેણે તેની ઑફિસમાં બેસી બધાં પ્રૂફોને સ્કેન કરી ફાઈલ બનાવી મને આપ્યાં. અને આમ વિદેશમાં પણ મારું કાર્ય સચવાઈ ગયું. જોકે સ્વજનો અને કુટુંબીજનો આભારનાં અધિકારી હોતાં નથી. પણ તેઓ જીવનસાથી બની ગયાં હોય. તેમના પ્રેમનો ઉલ્લેખ જ પૂરતો હોય છે. એ માટે મા. મનુભાઈ શાહ, શ્રી ઝાહીદ અને શ્રી પ્રતીક બેરીના મારા પ્રત્યેના અપાર પ્રેમનો સ્વીકાર કરી વિરમીશ.

૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ **પ્રોફે. મહેબૂબ દેસાઈ**

અમદાવાદ

# Foreword

(Original)

Mahatma Gandhi was interpreted and understood differently by different groups of Indians. The Dalits, the Hindus, the Muslims, the socialists, the conservatives, the communists and others constructed their own Gandhi and praised or criticised him. This is of course true of every public figure but was particularly so of Gandhi, whose multi-layered thought was quite complex and whose habit of changing his views in the course of growing from truth to truth made it difficult to pin him down. The various constructions of Gandhi had enough in common to allow a public Gandhi, a Gandhi all or most Indians could share. They also however differed in important respects and led to much dispute.

Such a convergence between otherwise different views occurred for a variety of reasons, one of the most important being the Indian practice of presenting manapatra to worthy individuals. A manapatra, loosely and inaccurately translated as a testimonial and perhaps better translated as eulogy, is basically a public statement describing the admirable qualities and contributions of the recipient and presented to him by his followers and admirers on a public occasion. It is invariably adulatory in tone. Although some other countries have something like it, it is basically an Indian practice where it is used frequently and ceremoniously.

Gandhi was a frequent traveller throughout India. Almost every journey involved a mass meeting, and every meeting one or more manapatras. There is no evidence that he disapproved of the practice. As in other areas of life, he accepted it but radically changed its meaning and thrust. People continued to do what they had been doing for centuries but what they did had acquired a radically new meaning. Gandhi called this a method of growth and contrasted it with that of reform which he disapproved of. He even wrote an article on an ideal manapatra. It should not be flamboyant, full of superlatives, should be handwritten, composed in Hindi, respectful without becoming reverential, and should demonstrate a commitment to the recipient’s life work. Respecting a person meant respecting his work and hence a commitment to become his co-worker.

The manapatras Gandhi received served two purposes. First, they stressed certain qualities and contributions and helped construct a public image of Gandhi, a Gandhi his countrymen could own and share. They described him as a Mahatma, a saviour, a

Buddha or a Christ, a fighter against injustices, and an embodiment of the pursuit of truth. In so doing they established and authorised a particular kind of public discourse on him, allowing or disallowing certain ways of talking about him, offering a framework of interpreting his work, and in these and other ways providing a narrative of his life and work. Since the manapatras came from all parts of India, the narrative they constructed was national in character and accessible to all Indians.

Secondly, the manapatras gave Gandhi the opportunity to spread his message, especially the Constructive Programme, including its emphasis on wearing Khadi, promoting Hindu-Muslim unity, and removal of Untouchability. Since each manapatra professed respect for Gandhi, he asked to know what its authors had done to promote his programme. Giving a Manapatra involved a concrete personal and collective commitment and was never a formal gesture of reverence. The occasions of receiving manapatras became occasions for requiring progress reports from different parts of the country, and part of a kind of inspection tour by the demanding headmaster intolerant of lazy excuses.

In his fine book Mehboob Desai uses the prism of manapatra to analyse how Gandhi came to be constructed in a certain way and how that construction was given democratic legitimacy. Obviously it cannot analyse the countless manapatras Gandhi received and selects some of the most important of them. This is an ingenious way of appropriating Gandhi and exploring the process of his evolution into a Mahatma. It throws considerable light on his popularity and the source of his immense hold on his countrymen.

There is some dispute about who first called Gandhi a Mahatma. Whatever the answer, it is striking that long before that title was conferred on him, he had himself used it to describe Socrates and Homer in his Gujarati translation of Plato's Apology. There is a delightful historical irony in the fact that the title he had conferred on Socrates, one of his heroes whom he called the first Satyagrahi, should later become his and remain his alone.

**Bhikhu Parekh,**
House of Lords.

# પ્રસ્તાવના
## (અનુવાદ)

મહાત્મા ગાંધીના વિચારોનું વિવિધ ભારતીય સમૂહો દ્વારા અર્થઘટન કરવાનો તથા તેમને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દલિતો, હિન્દુઓ, મુસ્લિમો, સમાજવાદીઓ, રૂઢિચુસ્તો, સામ્યવાદીઓ તેમજ અન્યોએ પોતપોતાની સમજ પ્રમાણે ગાંધીના વિચારોનું અર્થઘટન કરીને પોતપોતાની કલ્પનાનુસાર પોતાની દષ્ટિએ ગાંધીના વિચારોને રજૂ કર્યા હતા અને તેમની પ્રશંસા કરી હતી કે પછી તેમના ગુણદોષની વિવેચના કરી હતી. અલબત્ત, આવું દરેક લોકપ્રસિદ્ધ વ્યક્તિ માટે બનવું સહજ છે તેમ છતાં પણ આ પ્રમાણે બનવું ગાંધી માટે વિશેષે કરીને સાચું હતું, કેમ કે તેમનું બહુસ્તરીય ચિંતન પૂર્ણપણે સંકુલ હતું અને તેઓ સત્યની શોધમાં એક સત્યથી બીજા સત્યની શોધ તરફના પ્રયાણમાં આગળ વધતા-વધતા જ પોતાના વિચારોને બદલવાની ટેવ ધરાવતા હોવાથી તેમના ચિંતનને એક જ અર્થઘટનમાં રજૂ કરવાનું મુશ્કેલ બનાવ્યું હતું. આ પ્રમાણે ગાંધીને વિવિધ સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા હતા તેમાં ઘણી બાબતોમાં સમાનતા રહેલી હતી જેણે લોકપ્રિય ગાંધીને એવા ગાંધી તરીકે રજૂ કર્યા હતા જેમને તમામ અથવા તો મોટા ભાગના ભારતીયો પોતાના ગણી શકે - તેમના વિચારોમાં પોતાને ભાગીદાર ગણી શકે. આમ હોવા છતાં પણ તેઓ ગાંધીએ રજૂ કરેલ અગત્યની બાબતોના સંદર્ભમાં તેમનાથી અલગ પણ પડતા હતા અને તે હકીકત વાદવિવાદ તરફ મોટા પ્રમાણમાં દોરી ગઈ હતી.

આ પ્રમાણે અલગ-અલગ વિચારો ઉદ્ભવ્યા હોવા છતાં તેમની વચ્ચે અનેક કારણોસર કેન્દ્રાભિસરણ જોવામાં આવતું હતું, તે માટેનાં અગત્યનાં કારણોમાંનું એક કારણ હતું આદરપાત્ર - યોગ્ય વ્યક્તિઓને-માનપત્ર અર્પણ કરવાની ભારતીય પરંપરા. માનપત્ર એટલે વ્યક્તિની વર્તણૂક કે લાયકાત માટે આપવામાં આવતું પ્રમાણપત્ર અથવા તો વ્યક્તિએ કરેલી સેવાના બદલામાં આપવામાં આવતી બક્ષિસ કે દાન. માનપત્ર એટલે વ્યક્તિની પ્રશસ્તિ કે વખાણ કરવાં. મૂળભૂત રીતે તો માનપત્ર એ જાહેર નિવેદન હોય છે જેમાં તેને મેળવનારના પ્રશસ્ય ગુણોનું તથા તેણે આપેલ ફાળા-પ્રદાનનું વર્ણન કરવામાં આવે છે અને તેને અનુસરનારાઓ તથા પ્રશંસકો દ્વારા જાહેર પ્રસંગમાં તેને અર્પણ કરવામાં આવતું હોય છે, તે અચૂકપણે સામાન્ય ખુશામતખોરીના ગુણ પણ ધરાવતું હોય છે. જોકે અન્ય દેશોમાં પણ માનપત્રપ્રથા છે તેમ છતાં પણ મૂળભૂત રીતે તો ભારતીય પરંપરા છે અને ભારતમાં તેનો ઉપયોગ અવાર-નવાર કરવામાં આવે છે.

ગાંધી ભારતમાં અવારનવાર મુસાફરી કરતા મુસાફર હતા. તેમના દરેક પ્રવાસમાં લગભગ આમપ્રજા સાથે યોજાતી સભાનો સમાવેશ થતો હતો અને તેમને દરેક જાહેરસભામાં એક કે તેથી વધુ માનપત્રો આપવામાં આવતાં હતાં. તેઓ આ વ્યવહારને નાપસંદ કરતા હતા તેવો કોઈ પુરાવો મળતો નથી. જીવનનાં અન્ય ક્ષેત્રોમાં પણ તેમણે માનપત્રો સ્વીકાર્યાં હતાં પરંતુ તેમણે તેના અર્થને તથા તેમાં જે બાબતો પર ભાર મૂકવામાં આવતો હતો તેમને મૂળભૂત રીતે બદલી નાખ્યા હતા. લોકો સદીઓથી માનપત્ર આપવાની પરંપરા કરી રહ્યા હતા તેને તેમણે ચાલુ રાખી હતી, પરંતુ તેમણે આદર્શ માનપત્ર પર લેખ લખ્યો હતો. તેમાં જણાવ્યાનુસાર માનપત્ર અતિ અલંકૃત શૈલી ધરાવતું ન હોવું જોઈએ, તે શ્રેષ્ઠતાવાચક શબ્દોથી ભરપૂર ન હોવું જોઈએ, તે હસ્તલિખિત હોવું જોઈએ, તેની રચના હિન્દી ભાષામાં થયેલી હોવી જોઈએ, તેમાં આદરપાત્ર લખાણ હોવા છતાં પણ તે લખાણ પૂજ્યભાવ કે

ભક્તિભાવ ધરાવતું ન હોવું જોઈએ અને માનપત્ર મેળવનારના જીવનકાર્ય પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવતું હોવું જોઈએ. કોઈ પણ વ્યક્તિનો આદર કરવો એટલે તેના કાર્યનો આદર કરવો અને તેથી માનપત્ર આપનારે તેના સહકાર્યકર બનવાની પ્રતિબદ્ધતા દાખવવી જોઈએ.

ગાંધીએ મેળવેલાં માનપત્રો બે હેતુ સારે છે : એક, માનપત્રોમાં ગાંધીમાં રહેલી કેટલીક ગુણવત્તાઓ તથા તેમનાં પ્રદાનો પર ભાર મૂકવામાં આવ્યો હતો અને એવા ગાંધીની લોકપ્રતિમાને ઊભી કરવામાં મદદ કરી હતી જેમને તેમના દેશવાસીઓ પોતાના માની – ગણી શકે તેમજ પોતે તેમના વિચારોના ભાગીદાર બની શકે. માનપત્રોમાં તેમને મહાત્મા, તારણહાર, બુદ્ધ અથવા ઈસુ, અન્યાયો સામે લડનારા અને સત્યને પ્રાપ્ત કરવાના શોધક એવા ગાંધીને મૂર્ત સ્વરૂપે વર્ણવવામાં આવ્યા હતા. આ પ્રમાણે ગાંધીનું ચિત્ર ઊપસાવીને માનપત્રો દ્વારા ગાંધી પર એક ચોક્કસ પ્રકારના જાહેરસંવાદની શરૂઆત કરી હતી, અને તેને અધિકૃતતા આપી હતી, તેમના વિશેની અમુક રીતે વાતો કરવાની રીતોને માન્ય અથવા તો અમાન્ય કરવામાં આવી હતી, તેમના કાર્યનું અર્થઘટન કરવા માટે આધારભૂત માળખાને રચવામાં આવ્યું હતું, અને આ તથા અન્ય રીતો દ્વારા તેમના જીવન તથા કાર્યના વૃત્તાંતની જોગવાઈ પૂરી પાડવામાં આવી હતી. ભારતના તમામ ભાગોમાંથી ગાંધીને માનપત્રો આપવામાં આવ્યાં હતાં તેમાં રજૂ કરવામાં આવેલ વૃત્તાંતનું સ્વરૂપ રાષ્ટ્રીય હતું તેમજ તે તમામ ભારતીયો માટે સુગમ્ય હતું.

બીજું, માનપત્રોએ ગાંધીને પોતાના સંદેશનો, વિશેષે કરીને રચનાત્મક કાર્યક્રમના સંદેશનો ફેલાવો કરવાની તક પૂરી પાડી હતી; જેમાં ખાદી પહેરવાનો, હિન્દુ-મુસ્લિમ એકતામાં વધારો કરવાનો તથા અસ્પૃશ્યતાનું નિવારણ કરવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક માનપત્ર ગાંધી પ્રત્યેના આદરને જાહેર કરતું હોવાથી તેમણે માનપત્રના લેખકોને એ પ્રશ્ન પૂછ્યો હતો કે તેમણે પોતાના કાર્યક્રમને વેગ આપવા માટે શું કર્યું હતું. માનપત્ર આપવાની ક્રિયા એ નક્કરપણે વ્યક્તિગત અને સામૂહિક પ્રતિબદ્ધતાને આવરી લે છે અને તે ક્યારેય પણ માત્ર આદર દર્શાવવા માટેનો ઔપચારિક સંકેત ન હોઈ શકે. આમ, માનપત્રો મેળવવાના પ્રસંગો દેશના વિવિધ ભાગોમાંથી પ્રગતિના હેવાલો અધિકારપૂર્ણ મેળવવાના પ્રસંગો બન્યા અને સુસ્ત બહાના બતાવનારા પ્રત્યે અનુદાર મુખ્યશિક્ષકના એક પ્રકારના નિરીક્ષણ પ્રવાસનો ભાગ બન્યા હતા.

મહેબૂબ દેસાઈ તેમના આ સરસ પુસ્તકમાં ગાંધીની પ્રતિમાની અમુક ચોક્કસ રીતે રચના કરવા માટે તથા તેને લોકશાહી રીતરસમ અનુસાર અપાયેલી અધિકારિતાનું વિશ્લેષણ કરવા માટે માનપત્રરૂપી ત્રિપાર્શ્વીકાચનો ઉપયોગ કરે છે. એ તો સ્પષ્ટ છે કે પુસ્તકમાં ગાંધીએ મેળવેલાં અસંખ્ય માનપત્રોનું વિશ્લેષણ થઈ શકે નહિ અને તેથી તેમણે ગાંધીને મળેલા માનપત્રોમાંથી સૌથી વધુ મહત્ત્વનાં માનપત્રોની પસંદગી કરી છે. ગાંધીને યોગ્ય રીતે રજૂ કરવા માટેનો તથા ગાંધીમાંથી મહાત્મા ગાંધી તરફની ઉત્ક્રાંતિની પ્રક્રિયાની બારીક ખોજ કરવા માટેનો તેમણે અપનાવેલો આ કૌશલ્યભર્યો માર્ગ છે. તે ગાંધીની લોકપ્રિયતા તથા પોતાના દેશવાસીઓ પરની તેમની પ્રચંડ પકડના ઉદ્ભવસ્થાનો પર નોંધપાત્ર કારણો પ્રકાશ ફેંકે છે.

ગાંધીને સૌપ્રથમ મહાત્મા તરીકે કોણે સંબોધ્યા તે અંગે કેટલોક વાદ-વિવાદ ચાલે છે. તેનો જવાબ જે કાંઈ હોય તે, પરંતુ તે સંદર્ભમાં એ બાબત ધ્યાન ખેંચે છે કે આ ઇલ્કાબ તેમને બક્ષવામાં આવ્યો તે પૂર્વે ઘણા લાંબા સમય અગાઉ તેમણે પોતે જ પ્લેટોના પુસ્તક એપોલૉજીના ગુજરાતી ભાષામાં કરેલા અનુવાદમાં આ ઇલ્કાબને સોક્રેટિસ તથા હોમરનું વર્ણન કરવા માટે ઉપયોગમાં લીધો હતો. આ હકીકતમાં આનંદદાયક - ઐતિહાસિક અવળવાણી – વક્રોક્તિ જોવા મળે છે કે ગાંધીએ પોતાના અનેક વીરપુરુષોમાંના એક વીરપુરુષ એવા સોક્રેટિસ, જેમને તેમણે પ્રથમ સત્યાગ્રહી કહ્યા હતા, તેમને આ ઇલ્કાબ બક્ષ્યો હતો, તે ઇલ્કાબ સમય જતાં તેમનો બન્યો અને તેમના એકલાની પાસે જ રહ્યો.

પ્રા. લૉર્ડ ભીખુ પારેખ

# આદર્શ માનપત્ર : ગાંધીજી

છેલ્લા અંકમાં મેં માનપત્રોમાં વપરાતી ભાષાના કેટલાક નમૂના આપ્યા હતા. દરેક સભામાં મને ત્રણ-ચાર કે તેથી પણ વધારે માનપત્રો મળે છે. એમાંનાં ઘણાંમાં મને કોઈ કલા જોવા મળતી નથી. ઘણાંખરાં માનપત્રો તો માત્ર મારી પ્રશંસાના વિશેષણોથી જ ભરેલાં હોય છે. મારી દષ્ટિએ એમાં વિવેક અને વિચાર બંનેનો અભાવ રહેલો છે. કોઈ પણ માણસના મોં ઉપર તેના ગુણો જણાવીને આપણે તેનું સન્માન કરતા નથી કે નથી તેને ખુશ કરતા. મારે માટે જે વિશેષણો વાપરવામાં આવે છે તે બધાંને હું સાચાં માની લઉં તો મારું મોટા ભાગનું કામ થંભી જ જાય. ઈશ્વરે મને વિનોદ કરવાની શક્તિ આપી છે એટલે હું આવાં બધાં વિશેષણોને હસી કાઢું છું. અને હું ગીતાજીના બોધને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરું છું એ કારણે મારા ખ્યાલ મુજબ સ્તુતિ અને નિંદાની મારા પર કોઈ અસર થઈ શકતી નથી. પણ આ લેખમાં હું માનપત્રની મારા પર કેવી અસર થાય છે એ વાતનો વિચાર કરવા બેઠો નથી. પણ અહીં તો હું વાચકોને આદર્શ માનપત્ર કેવું હોવું જોઈએ એ બતાવવા માગું છું, જેથી ભવિષ્યમાં માનપત્ર આપનારાઓને માનપત્ર ઘડવામાં મદદ મળી શકે. નીચેના નિયમોનું પાલન કરવાથી આદર્શ માનપત્ર બની શકશે :

૧. માનપત્રની ભાષા એવી હોવી જોઈએ કે હિંદુ-મુસલમાન બધા એને સમજી શકે.

૨. માનપત્રને ફ્રેમમાં મઢવાની આવશ્યકતા નથી.

૩. બની શકે ત્યાં સુધી માનપત્ર હાથે બનાવેલા કાગળ પર લખાવું જોઈએ, પ્રયત્ન કરવાથી એવા કાગળ મળી શકે છે. હાથથી બનાવેલો કાગળ ભલે યંત્ર વડે બનાવેલા કાગળનો મુકાબલો નહીં કરી શકે, છતાં આપણે આ હાથના હુન્નરને નાબૂદ ન કરવો જોઈએ. આવા હુન્નરનું અસ્તિત્વ પૈસાદાર અને વિચારશીલ લોકોના દેશપ્રેમ ઉપર આધાર રાખે છે.

૪. માનપત્ર હાથે લખેલું જ હોવું જોઈએ, જો આવી પ્રથા પડી જાય તો લેખનકળાની ભારે ઉન્નતિ થઈ શકે. આવું માનપત્ર ગમે તેને હાથે ન લખાવું જોઈએ. તે સુંદર અક્ષરે લખવાની કળામાં કાબેલ હોય એવા કોઈ લહિયાને હાથે જ એ લખાવવું જોઈએ. લોકોમાં પ્રચાર કરવા માટે માનપત્ર છપાવવાની જરૂર જણાય એ જુદી વાત છે. મારા ખ્યાલ પ્રમાણે તો આ રીતે માનપત્ર વહેંચવાની કોઈ જરૂર નથી. મહેમાન આવતાં પહેલાં જ સભા સમક્ષ માનપત્ર વાંચી કાઢવું જોઈએ.

૫. આજકાલ જાણે એવો એક રિવાજ જ પડી ગયો છે કે સંસ્થા અથવા મંડળને નામે જે માનપત્ર અપાય છે તે કોઈ એક જ માણસે લખેલું હોય છે. એને માટે મંડળ કે સંસ્થા કોઈની પણ સંમતિ લેવામાં આવતી નથી. આપણે એવી બાબતોમાં ઉદાસીન રહીએ છીએ એટલે જે કંઈ કહેવાનું કે કરવાનું હોય છે તે એક જ માણસ બધાના વતી કહે છે કે કરે છે. પણ સારો રસ્તો તો એ છે કે જેમના નામે માનપત્ર આપવામાં આવે તે બધા લોકોને એ પહેલાં બતાવવું જોઈએ. તો જ એ

માનપત્રની કાંઈક કિંમત રહે છે. દાખલા તરીકે જો કોઈ માનપત્ર વિદ્યાર્થીઓ તરફથી આપવામાં આવે તો તેને માટે વિદ્યાર્થીઓની એક સમિતિ બનવી જોઈએ, એટલું જ નહીં પણ તૈયાર કરેલું માનપત્ર બધા વિદ્યાર્થીઓની સામાન્ય સભામાં રજૂ કરાવું જોઈએ.

૬. માનપત્રમાં પ્રશંસાવાચક શબ્દો ઓછામાં ઓછા હોય. હા, જેને આપણે માનપત્ર આપવા માગતા હોઈએ, એના વિચારો પ્રમાણે શું થયું છે અને શું કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે એનો માનપત્રમાં ઉલ્લેખ કરવો જોઈએ. સાથે સાથે માનપત્ર આપનારી સંસ્થા અથવા મંડળનો પરિચય પણ એમાં આપવો જોઈએ.

જો ઉપરની શરતોનું પાલન કરવામાં આવશે તો આજે માનપત્રો નીરસ અને નિરર્થક બની ગયેલાં દેખાય છે તે રસપ્રદ અને અર્થપૂર્ણ બની જશે.*

---

* ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ-૪૨, ઑક્ટોબર ૧૯૨૯ : ફેબ્રુઆરી ૧૯૩૦, પૃ. ૧૫૭, ૧૫૮

# અનુક્રમ


૧. દક્ષિણ આફ્રિકાના ડર્બનશહેરનું માનપત્ર : ૨.૬.૧૮૯૬ ..... ૩
૨. જેતપુર નિવાસીઓનું માનપત્ર : ૨૧.૧.૧૯૧૫ ..... ૮
૩. જનતા જિલ્લા હજારીબાગનું માનપત્ર : ૧૮.૯.૧૯૨૫ ..... ૧૩
૪. હિંદુ સભા, કલકત્તાનું માનપત્ર : ૨૯.૩.૧૯૧૫ ..... ૧૭
૫. અરખા, જિ. રાયબરેલીનું માનપત્ર : ૧૩.૬.૧૯૨૯ ..... ૨૦
૬. સ્વામી સદાનંદ, સિંગાપોરનું માનપત્ર : ૨.૧૦.૧૯૩૭ ..... ૨૪
૭. મેઢ રાજપૂત સભા, સહારનપુરનું માનપત્ર : ૨૫.૧૦.૧૯૨૯ ..... ૨૭
૮. દેશ હિતકારક મંડળી, શાહપુરનું માનપત્ર : ૨૮.૧.૧૯૨૪ ..... ૩૦
૯. ગુજરાતી વાંચનાલય સંસ્થા, અલીબાગનું માનપત્ર : ૩.૩.૧૯૨૭ ..... ૩૩
૧૦. નિમાડ જિલ્લા નિવાસીનું માનપત્ર : ૨૧.૫.૧૯૨૧ ..... ૩૭
૧૧. શ્રી ગાંધી વિદ્યાલય હાજીપુરનું માનપત્ર : ૧૬.૧૦.૧૯૨૫ ..... ૪૦
૧૨. ભરૂચ જિલ્લા લોકલ બોર્ડનું માનપત્ર :૧૮.૪.૧૯૨૫ ..... ૪૩
૧૩. વીરસદ નિવાસીઓનું માનપત્ર : ૧૨.૨.૧૯૨૫ ..... ૪૭
૧૪. કન્યા ગુરુકુલ, દેહરાદૂનનું માનપત્ર : ૧૭.૧૦.૧૯૨૯ ..... ૫૦
૧૫. જંબુસર મ્યુનિસિપાલિટીનું માનપત્ર : ૧૮.૪.૧૯૨૫ ..... ૫૫
૧૬. નવસારી શહેરના નાગરિકોનું માનપત્ર :૧૬.૪.૧૯૨૫ ..... ૫૮
૧૭. બનારસ મ્યુનિસિપાલિટી બોર્ડનું માનપત્ર : ૯.૧.૧૯૨૭ ..... ૬૧
૧૮. મિશન ગર્લ્સ સ્કૂલ, શાહજહાંપુરનું માનપત્ર : ૧૦.૧૧.૧૯૩૯ ..... ૬૫
૧૯. હરદ્વાર યુનિયન મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર :૧૫.૧૦.૧૯૨૯ ..... ૬૯
૨૦. હિંદી સાહિત્ય સભા, સીતાપુરનું માનપત્ર : ૧૩.૧૦.૧૯૨૯ ..... ૭૩
૨૧. જિલ્લા કૉંગ્રેસ કમિટી, પૂર્ણિયાનું માનપત્ર ૧૧/૧૪.૧૦.૧૯૨૫ ..... ૭૭
૨૨. શ્રી હિંદી મહાસભા શહેર સમિતિ, માંગરોલનું માનપત્ર :૮.૪.૧૯૨૫ ..... ૮૧
૨૩. ત્રીપ્પરહા કૃષક અને રૈયત સભા, કુમિલ્લાનું માનપત્ર : ૧૫.૫.૧૯૨૫ ..... ૮૫
૨૪. ડિસ્ટ્રિક્ટ બોર્ડ, પૂર્ણિયાનું માનપત્ર : ૧૨/૧૪.૧૦.૧૯૨૫ ..... ૮૯
૨૫. ધરમપુર નિવાસી જનતાનું માનપત્ર : ૧૩.૧૦.૧૯૨૫ ..... ૯૩
૨૬. ડરબનનું અબ્દુલ કાદીર અને સભ્યોનું માનપત્ર : ૧૫.૧૦.૧૯૦૧ ..... ૯૭

૨૭. ડિસ્ટ્રિક્ટ બોર્ડ, સહારનપુરનું માનપત્ર : ૨૫.૧૦.૧૯૨૯ ........ ૧૦૧
૨૮. ઇજિપ્તનિવાસી ભારતીઓનું માનપત્ર : ૭.૯.૧૯૩૧ ........ ૧૦૭
૨૯. હિંદુ સભા પૂર્ણિયાનું માનપત્ર : ૧૨/૧૪.૧૦.૧૯૨૫ ........ ૧૧૨
૩૦. ભાદરણ પંચાયતનું માનપત્ર : ૧૧.૨.૧૯૨૫ ........ ૧૧૭
૩૧. સ્ટુડેન્ટ યુનિયન મેમ્બર, દેવબંદનું માનપત્ર : ૨૬.૧૦.૧૯૨૯ ........ ૧૨૧
૩૨. અધ્યાપક સમિતિ, જિલ્લા રાયબરેલીનું માનપત્ર : ૧૨.૧૧.૧૯૨૯ ........ ૧૨૪
૩૩. રાજકોટની પ્રજાનું માનપત્ર : ૧૭.૧.૧૯૧૫ ........ ૧૨૮
૩૪. ક્ષત્રિય હાઈસ્કૂલ, હરદોઈનું માનપત્ર : ૧૨.૧૦.૧૯૨૯ ........ ૧૩૩
૩૫. ડિસ્ટ્રિક બોર્ડ, મિરઝાપુરનું માનપત્ર : ૧૯.૧૧.૧૯૨૬ ........ ૧૩૭
૩૬. હિંદુ કૉલેજ, દિલ્હીનું માનપત્ર : ૨.૧૧.૧૯૨૯ ........ ૧૪૩
૩૭. યુવક સંઘ, ગોરખપુરનું માનપત્ર :૭.૧૦.૧૯૨૯ ........ ૧૪૯
૩૮. ઝાંસી મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર :૨૩.૧૧.૧૯૨૯ ........ ૧૫૫
૩૯. મહોબા નિવાસી હિંદુ, મુસ્લિમ, ઇસાઈનું માનપત્ર : ૨૨/૨૪.૯.૧૯૨૯ ........ ૧૫૯
૪૦. મ્યુનિસિપલ જલગાંવનું માનપત્ર : ૧૦.૨.૧૯૨૭ ........ ૧૬૫
૪૧. ડિસ્ટ્રિક બોર્ડ, ફત્તેહપુરનું માનપત્ર : ૨૦.૧૧.૧૯૨૯ ........ ૧૭૦
૪૨. સુલતાનપુરની સ્ત્રીઓનું માનપત્ર : ૧૫.૧૧.૧૯૨૯ ........ ૧૭૬
૪૩. ખાદીવણકર બન્ધુ, મહોબાનું માનપત્ર : ૨૧.૧૧.૧૯૨૯ ........ ૧૮૧
૪૪. નવભારત સંઘ, પ્રયાગનું માનપત્ર : ૧૬.૧૧.૧૯૨૯ ........ ૧૮૬
૪૫. સ્વાગત સમિતિ, સહારનપુરનું માનપત્ર : ૨૫.૧૦.૧૯૨૯ ........ ૧૯૧
૪૬. આર્ય કુમાર, રાયબરેલીનું માનપત્ર : ૧૩.૧૧.૧૯૨૯ ........ ૧૯૬
૪૭. ઊંઝાની નિવાસીઓનું માનપત્ર : ૯.૧૧.૧૯૨૯ ........ ૨૦૦
૪૮. નેગાપટમના નિવાસીઓનું માનપત્ર : ૨૯.૩.૧૯૧૯ ........ ૨૦૭
૪૯. કમિશનર મ્યુનિસિપાલિટી, હજારીબાગનું માનપત્ર : ૧૮.૯.૧૯૨૫ ........ ૨૧૩
૫૦. અગ્રવાલ સેવા સમિતિ, સહારનપુરનું માનપત્ર : ૨૫.૧૦.૧૯૨૫ ........ ૨૨૦
૫૧. સદસ્ય સત્સંગ સભા, ટટીરીનું માનપત્ર : ૧.૧૧.૧૯૨૯ ........ ૨૨૫
૫૨. મતારા (શ્રીલંકા) શહેરનું માનપત્ર : ૨૪.૧૧.૧૯૨૭ ........ ૨૩૦
૫૩. જોહાનિસબર્ગ(દક્ષિણ આફ્રિકા)નું માનપત્ર : ૧૪.૭.૧૯૧૪ ........ ૨૩૫
૫૪. પબ્લિક સ્કૂલ, મુજફ્ફરપુરનું માનપત્ર : ૨૭.૧૦.૧૯૨૯ ........ ૨૪૦
૫૫. સુલતાનપુર મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર : ૨૯.૯.૧૯૨૯ ........ ૨૪૭
૫૬. મૈસુરના વિદ્યાર્થીઓનું માનપત્ર : ૧૯.૭.૧૯૨૮ ........ ૨૫૩
૫૭. મુંબઈ શહેર મ્યુનિસિપલનું માનપત્ર : ૧૮.૪.૧૯૩૧ ........ ૨૫૭
૫૮. ત્રિવેન્દ્રમના નાગરિકોનું માનપત્ર : ૧૩.૩.૧૯૨૫ ........ ૨૬૩

૫૯. રાયબરેલી કૉંગ્રેસ કમિટીનું માનપત્ર ૧૩.૧૧.૧૯૨૯ ........ ૨૭૦
૬૦. કેન્ડી (શ્રીલંકા)ની પ્રજાનું માનપત્ર : ૧૮.૧૧.૧૯૨૭ ........ ૨૭૭
૬૧. દાવણગિરિના વિદ્યાર્થીઓનું માનપત્ર : ૧૨.૮.૧૯૨૭ ........ ૨૮૨
૬૨. કોટ્ટાયમ મ્યુનિસિપલ કાઉન્સિલનું માનપત્ર : ૧૫.૩.૧૯૨૫ ........ ૨૮૭
૬૩. મદ્રાસ આર્યુવેદિક ફાર્મસી લિ.નું માનપત્ર : ૨૪-૩-૧૯૨૫ ........ ૨૯૨
૬૪. કાસગંજ મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર : ૯.૧૧.૧૯૨૯ ........ ૨૯૮
૬૫. સમસ્તીપુર મ્યુનિસિપલ કમિશ્નરનું માનપત્ર : ૧૯.૧.૧૯૨૭ ........ ૩૦૬
૬૬. દહેરાદુનના રૈદાસીભાઈઓનું માનપત્ર : ૧૬.૧૦.૧૯૨૯ ........ ૩૧૨
૬૭. મેરઠની મહિલાઓનું માનપત્ર : ૨૮.૧૦.૧૯૨૯ ........ ૩૧૮
૬૮. મિરઝાપુર નગર કૉંગ્રેસ કમિટીનું માનપત્ર : ૧૯-૧૧-૧૯૨૯ ........ ૩૨૨
૬૯. સીતાપુર મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર : ૧૩.૧૧.૧૯૨૯ ........ ૩૨૯
પરિશિષ્ટ
- તારીખ મુજબ અલગ અલગ સ્થળોએથી મળેલ માનપત્રોનો ક્રમ ........ ૩૩૫

# ગાંધીજીને અપાયેલાં માનપત્રો

ડૉ. મહેબૂબ દેસાઈ



तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥

જે મનુષ્ય મારી પ્રેમપૂર્વક સેવા કરવામાં સતત સમર્પિત રહે છે, તેમને હું
એવું જ્ઞાન આપું છું કે જેનાથી તેઓ મને પ્રાપ્ત કરી શકે.

To those whose minds are always united with me in loving devotion, I give divine knowledge by which they can attain me.

ભગવદ્ગીતા
અધ્યાય ૧૦
શ્લોક ૧૦

# ૧ દક્ષિણ આફ્રિકાના ડર્બનશહેરનું માનપત્ર

ગાંધીજી બૅરિસ્ટર બન્યા પછી ૨૪ એપ્રિલ, ૧૮૯૩ સોમવારના રોજ દાદા અબ્દુલ્લાની પેઢીના વકીલ તરીકે એક વર્ષના કરાર પર દક્ષિણ આફ્રિકા ગયા હતા. એ કરાર મુજબ જવા આવવાનું પ્રથમ વર્ગનું ખર્ચ અને રહેવા-જમવાનો ખર્ચ અસીલના માથે હતો. ફી પેટે ૧૦૫ પાઉન્ડ નક્કી થયા હતા. દક્ષિણ આફ્રિકામાં ૧૮૯૩થી ૧૮૯૬ સુધીના તેમના રોકાણ પછી તેઓ ૫ જૂન, ૧૮૯૬ શુક્રવારના રોજ ડર્બનથી આગબોટ પોન્ગોલામાં ભારત આવવા નીકળ્યા.

આ અંગે ગાંધીજી લખે છે :

**"સન ૧૮૯૬ની સાલમાં મેં છ માસને સારુ દેશ જવાની પરવાનગી માંગી. મેં જોયું કે મારે દક્ષિણ આફ્રિકામાં લાંબી મુદત રહેવું જોઈશે. મારી વકીલાત ઠીક ચાલતી હતી એમ કહેવાય. જાહેર કામમાં મારી હાજરીની જરૂર લોકો જોતા હતા. હું પણ જોતો હતો. તેથી મેં દક્ષિણ આફ્રિકામાં કુટુંબ સહિત રહેવાનો નિશ્ચય કર્યો અને તે સારુ દેશ જઈ આવવું દુરસ્ત ધાર્યું. વળી, જો દેશ જાઉં તો કંઈક જાહેર કામ થઈ શકે એમ જોયું."**[1]

આ એ યુગની વાત છે, જ્યારે હજુ તેમને મહાત્માનું બિરુદ મળ્યું ન હતું. સૌ તેમને ભાઈના સંબોધનથી બોલાવતા હતા. પણ કાનૂની અને સેવાકીય કાર્યોની તેમની સુવાસ દક્ષિણ આફ્રિકામાં ચોમેર પ્રસરી ગઈ હતી. એટલે હિંદીઓ તરફથી ગાંધીજીના માનમાં ઠેરઠેર વિદાયસમારંભો યોજાયા હતા. એવો જ એક સમારંભ ૨ જૂન, ૧૮૯૬ના રોજ દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં આવેલ હિન્દી કૉંગ્રેસભવનમાં દાદા અબ્દુલા અર્થાત્ શેઠ અબ્દુલા, જે ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં લાવ્યા હતા, તેમની અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમાં ગાંધીજીને આ માનપત્ર આપવામાં આવ્યું હતું. જોકે આ સભાનો કોઈ અહેવાલ કે ગાંધીજીનો પ્રતિભાવ મળતાં નથી. પણ તે સભામાં આપવામાં આવેલ સાહિત્યના અદ્ભુત નમૂના સમું આ માનપત્ર મળી આવે છે. ગાંધીજીને આપવામાં આવેલ એ માનપત્ર ઇસ્લામિક તહેજીબ અને સંસ્કારોથી તરબતર છે. તેની પ્રતીતિ પ્રથમ પંક્તિથી જ થાય છે.

**"करुं पहेले तारीफ खुदाविंद करीम**
**के हे दो जहांका गफ्फूर रहीम"**

કુરાને શરીફનો આરંભ પણ આવી જ પંક્તિઓથી થાય છે. **'બિસ્મિલ્લાહ અર્ રહેમાન નિર્ રહીમ'** અર્થાત્ શરૂ કરું છું અલ્લાહના નામે જે બેહદ રહેમ કરનારા છે. ઉપરોક્ત પંક્તિઓનો પણ અર્થ એવો જ થાય છે. સૌપ્રથમ વખાણ ખુદાનાં કરું જે સમગ્ર વિશ્વનો કર્તા છે. માનપત્રમાં મહંમદ પયગમ્બર સાહેબનો ઉલ્લેખ કરતા કહેવામાં આવ્યું છે,

**"हबीब उन के मुहंमद रसुल**
**सबू ने किया दिन (धर्म) उसका कबुल"**

આ માનપત્ર દક્ષિણ આફ્રિકાની હિંદુ-મુસ્લિમ ભારતીય પ્રજાનો ગાંધીજી પ્રત્યેનો અનહદ પ્રેમ અને આદર વ્યક્ત કરે છે. ગાંધીના આગમને ખુદાની કરેલ દુવાઓ (પ્રાર્થના)નું પરિણામ માને છે અને કહે છે,

**सुनी हिंदीओ की खुदाने दुआ**
**दुआ से गांधी का आना हुआ**



માનપત્રમાં ગાંધીજીના સેવાકીય કાર્યની પ્રશંસા અને દક્ષિણ આફ્રિકા તુરત પાછા ફરવાની વિનંતી કાવ્યાત્મક શૈલીમાં કરવામાં આવી હતી. ૨ જૂન ૧૮૯૬ના રોજ લખાયેલ આ માનપત્ર મસ્નવી શૈલી (ઉર્દૂ-ફારસી ગદ્ય લેખનશૈલીનો એક પ્રકાર)માં લખાયું છે. માનપત્રની ભાષા હિન્દી-ઉર્દૂ મિશ્રિત છે. ૧૧૮ વર્ષ પૂર્વે ગાંધીજીને અપાયેલ આ માનપત્ર આજે પણ માણવા જેવું છે.

*"करुं पहेले तारीफ खुदाविंद करीम*
*के हे दो जहांका गफ्फूर रहीम* १.

*किया जिसने पैदा जमी आन पर*
*में कुरबा हुं उसके नाम पर* २.

*ओ चाहे करे पल में मुख्तार हें*
*सभी कारोबार उसके अखत्यार हे* ३.

*हबीब उन के मुहंमद रसुल*
*सबू ने किया दिन उसका कबुल* ४.

*कयामत में हर जन मुनादी करे*
*सफाअत का ताज तेरे सर पे धरे* ५.

*कुरां में लीख हक ने खेरुल अनाम*
*नबुवत खतम ओर दुरदो सलाम* ६.

*सुनी हिंदीओ की खुदाने दुआ*
*दुआ से गांधी का आना हुआ* ७.

*उजाला खुदाने फिर ऐसा किया*
*ये बहादुर असर हिंदीओ कु हुआ* ८.

*रतन खासा हमको मीलातु दिया*
*अंधेर में बेठे थे रोसन कीया* ९

*खुदाने किया हम पर लुंफ्तोकरम*
*मोहनदास गांधीका दिल हे नरम* १०

*निगेबान तेरा खुदाविंद करीम,*
*के हे पादशा दो जहां का अकीम* ११.

*नसारु का ये मुल्क नाताल हें*
*अवल कायदा यांका बे ताल हें* १२.

*वो हिदीकी करते न दरकार हे*
*अकलमंद ऐसी ये सरकार हे* १३.

मोहनदास दिल में वीचार ये किया
फरचाइस काम अवल किया ११४.

फरेचाइस के बाबत नसारू का बेर
मी. गांधीने तो दीया उनकुं तोड १५.

फतेह सारे कामोमें तुमको मिले
तेरे नामका फूल जगमे खीले १६.

न दुश्मन से बिलकुल वो दील में डरे
लगा कायदा वो बराबर लडे १७.

आने से उस के हुआ फायदा
नसारुका तोडा हे जुल्मो जहां १८.

आका ऊन में केसी हिमत धरे
खुदा ऊन से तुमको रखवाली करे १९

सफाई से फीर कांगरेस ही खडी
हे तेरे ही दम से आगे बडी २०.

ये मीम्बर सभी मील के मेहेनत करे
सदा ऊस का जलुसा चमकता रहे २१.

ये कोंगरेस के होने से चरचा चली
नसारो मे तो पड गई खलबली २२.

आया तार भाइ का जाना धर
पडी हिंदीओ के तो दिल में फिकर २३.

मोहनदास गांधी ये अग्र जाइगे
हिंदीभाई यो तो दिल मे पसतायेगे २४.

सुनी हिंदीयो ने ये बुरी खबर
के जाता हे नाताल से गांधी घर २५.

अगर जाना तो जल्दी आना यहां
नही तो हिंदी ओ का ठीकाना कहां ? २६.

हिंदीओ की खातिर जो महेनत करे
तरक्की उमर उसकी खालीक करे २७.

ये कोंगरेस दुआ तेरे हक में करे
तेरे भाइयो बी इसमें सामील रहे २८.

*कुटुंब और कबीले में न तुम रहो*
*खुसी साथ जलदी यहां पर फीरो* २९

*खतम यहां से करता हुमें मसनवी*
*ये मीम्बेर दुआ चाहते हे मिल सभी* ३०.

*खुदा तनदुरस्ती हयाती बडा*
*दुवा मांगता हे "दाउद" खडा* ३१.

ડરબન તા. ૨ માહે જૂન, ૧૮૮૬

ડરબનમાં ગાંધીજીને ૨ જૂન, ૧૮૮૬ના રોજ કૉંગ્રેસ ભવનમાં આપવામાં આવેલ ૩૧ કડીઓના આ મસ્નવી શૈલીમાં લખાયેલા માનપત્રના રચયતા દાઉદ નામના શાયર છે. તેમાં વ્યક્ત થયેલ માહિતી અને વિચાર ઐતિહાસિક તથ્યો સાથે સુસંગત છે.

આવો જ એક અન્ય વિદાયસમારંભ ૪ જૂન, ૧૮૯૬ના રોજ દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં આવેલ હિન્દી કૉંગ્રેસ ભવનમાં દાદા અબ્દુલ્લાની અધ્યક્ષતામાં યોજાયો હતો. એ વિદાયસમારંભમાં બીજી કોમ સાથે ડરબનના તામિલ અને ગુજરાતી હિંદીઓ, ઇન્ડિયન કૉંગ્રેસના સભાગૃહમાં નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના માનદ મંત્રી તરીકે ગાંધીજીની સેવાઓની કદર કરવા માટે ભેગા થયા હતા. હાજર રહેલાઓની સંખ્યા મોટી હતી. અને વાતાવરણ ઘણું જ ઉત્સાહભર્યું હતું. શ્રોતાઓના તામિલ વર્ગ માટે શ્રી લોરેન્સે દુભાષિયાની ફરજ બજાવી હતી. માનપત્ર આપવાનો વિધિ થઈ ગયા પછી શ્રી ગાંધી આ સદ્‌ભાવ બદલ આભાર માનતા બોલ્યા હતા,

**"આ પ્રસંગથી એ વાત સ્પષ્ટ થઈ છે કે નાતાલમાંના હિંદીઓ ગમે તે જ્ઞાતિના હોય પણ તેઓ બધા એકતાના મજબૂત બંધન વડે બંધાવા માંગતા હતા."**[૩]

- હિંદ જતાં પહેલાં "નાતાલ એડવાઇઝર"ના એક સંવાદદાતાએ પણ ગાંધીજીની મુલાકાત લીધી હતી.

આ માનપત્રની શૈલી અને રજૂઆત વિશિષ્ટ છે. તેમાં રજૂ થયેલી દક્ષિણ આફ્રિકાના લોકોની લાગણી ગાંધીજી પ્રત્યેનું આત્મીય જોડાણ વ્યક્ત કરે છે.

---

૧. ગાંધી, મો. ક., સત્યના પ્રયોગો અથવા આત્મકથા, પૃ. ૧૫૨.

૨. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી (તા. ૨-૧૦-૧૮૬૯થી ૯-૯-૧૯૧૫), સાબરમતી સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ-૧૩, ઑક્ટોબર ૧૯૭૬, પૃ. ૨૪, ૨૫.

૩. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૧, પૃ ૨૭૦

# ૨ જેતપુર નિવાસીઓનું માનપત્ર

જાન્યુઆરી માસ ગાંધીજીના જીવનમાં મહત્ત્વનો રહ્યો છે. ૯ જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ ભારતમાં તેમનું આગમન થયું. અને ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ તેઓ દિલ્હીમાં શહીદ થયા. ભારતની આઝાદીની લડતમાં છેલ્લે સુધી રત રહેનાર ગાંધીજી ભારતમાં આવ્યા ત્યારે માત્ર ભાઈ કે મો. ક. ગાંધી તરીકે જ ઓળખાતા હતા. હજુ તેમને મહાત્માનું બિરુદ મળ્યું ન હતું. પણ તેમની ખ્યાતિ ભારતના ખૂણેખૂણે તેમના આગમન પૂર્વે પહોંચી ગઈ હતી. સૌરાષ્ટ્ર કે કાઠિયાવાડના સ્વાતંત્રઘેલા યુવાનોમાં તેમની ઘેલછા અદ્ભુત હતી. અને એટલે જ ભારતમાં ગાંધીજીને સૌપ્રથમ મહાત્માનું માન આપનાર પણ સૌરાષ્ટ્રવાસીઓ જ હતા.

ગાંધીજી ૯ જાન્યુઆરી ૧૯૧૫ના રોજ દક્ષિણ આફ્રિકાથી આગબોટમાં મુંબઈના કિનારે સવારે ૭.૩૦ કલાકે ઊતર્યા. અને એ સાથે જ ભારતના સ્વાતંત્રસંગ્રામમાં એક નવા યુગનો આરંભ થયો. ભારતમાં ગાંધીજીના આગમન સમયે હજુ તેમને મહાત્માનું બિરુદ મળ્યું નહોતું. દક્ષિણ આફ્રિકામાં તેમને સૌ ભાઈ તરીકે સંબોધતા હતા. ગાંધીજીને મહાત્માનું બિરુદ સૌપ્રથમ કોણે આપ્યું, એ આજે પણ ઇતિહાસમાં ચર્ચાનો વિષય છે. મોટા ભાગે ઇતિહાસનાં પાનાઓ પર ગાંધીજીને મહાત્મા સૌપ્રથમ કહેનાર રવીન્દ્રનાથ ટાગોર હતા, એમ મનાય છે. પણ એ સત્ય નથી. ગાંધીજીના ભારતમાં આગમન સાથે જ સન્માન અને માનપત્રોની પરંપરા આરંભાઈ હતી. જે તેમના અવસાન સુધી ચાલુ રહી હતી. આવાં જ સન્માનો અને માનપત્રોમાં સૌપ્રથમ વાર તેમના માટે **"મહાત્મા"** શબ્દનો ઉપયોગ થયો હતો.

ભારતમાં ગાંધીજીના આગમન પછી તેમણે સૌપ્રથમ મુંબઈથી રાજકોટ પ્રયાણ કર્યું હતું. એ પ્રવાસમાં તેમણે ૨૧ જાન્યુઆરીએ જેતપુર અને ૨૪ જાન્યુઆરીએ ગોંડલની મુલાકાત લીધી હતી. આ બંને સ્થાનો પર તેમને માનપત્રો આપી સન્માનવામાં આવ્યા હતા. બંને શહેરની પ્રજાએ આપેલાં માનપત્રોમાં **"મહાત્મા"** શબ્દનો પ્રયોગ થયો હતો. એ મુજબ ૨૧ જાન્યુઆરીની જેતપુરની મુલાકાત દરમિયાન તેમને તથા તેમના ધર્મપત્ની કસ્તુરબાને સન્માનિત કરી માનપત્રો આપવામાં આવ્યાં હતાં. એ માનપત્રમાં સૌપ્રથમ વાર ગાંધીજી માટે **"મહાત્મા"** શબ્દ પ્રયોજાયો હતો. એ ઐતિહાસિક તથ્ય ભારતના ઇતિહાસમાં બહુ ઝાઝું ઉજાગર થયું નથી.

૨૧ જાન્યુઆરીએ ગાંધીજી ગોંડલ સ્ટેશને ઊતર્યા. સ્ટેશન પર તેમને સત્કારવામાં આવ્યા. ત્યાંથી તેમની ટ્રેન વીરપુર પહોંચી. ત્યાં પણ તેમને સત્કારવામાં આવ્યા. ત્યાંથી ટ્રેન નવાગઢ પહોંચી. નવાગઢ સ્ટેશને ગાંધીજીનું સ્વાગત થયું. ગાંધીજી ત્યાં ઊતરી ગયા. નવાગઢથી મોટરમાર્ગે તેઓ જેતપુર આવ્યા. જેતપુરમાં તેમનો ઉતારો શ્રી દેવચંદભાઈ પારેખને ત્યાં હતો. એ જ દિવસે જેતપુરમાં ગાંધીજીને સત્કારવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતપુરના ૪૯ નગરજનોની સહી સાથે ગાંધીજીને એક માનપત્ર આપવામાં આવ્યું. એ માનપત્રના મથાળે લખ્યું હતું,

***'શ્રીમાન "મહાત્મા" મોહનદાસ કરમચંદ ગાંધી બારિસ્ટર-એટ-લૉ'***

માનપત્રનું આ મથાળું એ વાત સિદ્ધ કરે છે કે ગાંધીજીને સૌપ્રથમ મહાત્માનું બિરુદ આ માનપત્ર દ્વારા તા. ૨૧-૧-૧૯૧૫ના રોજ આપવામાં આવ્યું હતું. આ પછી ગોંડલમાં તા.૨૪-૧-૧૯૧૫ના રોજ આપવામાં આવેલ માનપત્રમાં પણ **"મહાત્મા"** શબ્દનો પ્રયોગ થયાનું કહેવાય છે. એ ન સ્વીકારીએ તોપણ જેતપુરમાં સૌપ્રથમ વાર ગાંધીજીને **"મહાત્મા"** નું સંબોધન થયાનું ઐતિહાસિક રીતે સ્વીકારી શકાય. એટલે શ્રી રવીન્દ્રનાથ


શ્રીમાન મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી,

બારીસ્ટર-એટ-લૉ.

મહારાજ,

Vajubha.

Madhavrai N. Mehta.

Wala Ebhai Vajsur.

ટાગોરે ગાંધીજીને "મહાત્મા"નું બિરુદ આપ્યાની ઉક્તિ યોગ્ય નથી. આ માનપત્રમાં આલેખાયેલા વિચારો એ સમયના ગાંધીજી પ્રત્યેના લોકમાનસને સુંદર રીતે વ્યક્ત કરે છે. જેનું આચમન વાચકોને અચૂક ગમશે.

*"મહાશય*

*ઘણા વરસ સુધી હિંદવાસીઓના હક્કને વાસ્તે લડત ચલાવી હાલમાં આપની જન્મભૂમિમાં પધરામણી થતા અમો જેતપુર નિવાસીઓને આપના દર્શનનો લાભ મળેલ છે તે માટે અમોને અત્યંત હર્ષ પેદા થાય છે. અને તે શુભ પ્રસંગની યાદગીરી રૂપે અમે આજે ભેગા મળીને અંતઃકરણપૂર્વક આપને તથા આપનાં ધર્મપત્નીને આવકાર આપીએ છીએ અને આ માનપત્ર આપવાની રજા લઈએ છીએ.*

*કાઠિયાવાડમાં સુપ્રસિદ્ધ રા.રા. કરમચંદ ગાંધીના કુટુંબમાં જન્મ લઈ સારી કેળવણી મેળવી બારિસ્ટર-એટ-લો થઈ પોતાના સ્વાર્થના ભોગે હિન્દુસ્થાન માટે જે જે કર્યું તેનું વિવેચન કરવામાં આવે તો તે ઘણું લાંબું થઈ જાય, પણ આપના જીવનચરિત્રના પુસ્તકો લખાયેલા છે જેથી આ સ્થળે તે વિશે વધારે લખવું અમને ઉચ્ચીત લાગતું નથી.*

*નિસ્વાર્થપણે સુખ દુઃખ સહન કરી આત્મભોગ આપવો તથા પૈસા સબંધી પણ ભોગ આપવો તે કોઈ ઓછું કઠિન કાર્ય નથી. હિન્દુ ધર્મશાસ્ત્રની અંદર યોગીઓએ વર્તવા જે જે કહેલ છે તેમણે કેવી રીતે વર્તવું, તેમનો શું ધર્મ છે તે વિષે જે કહેલું છે તે મુજબ આપ વર્તો છો અને આપના જીવનચરિત્રને એક મહાન યોગીની ઉપમા આપવી તે આપના આત્માના અનુભવ ઉપરથી અમોને જરા પણ અતિશયોક્તિવાળું લાગતું નથી.*

*છેવટે આપ જેવી રીતે અદ્યાપિ પર્યંત હિંદના ભલા માટે પ્રયત્ન કરો છો તેમ કરીને હિંદને આભારી કરતા રહો તથા આપની તથા આપના પત્નીની શારીરિક સંપતિ સારી રહે અને આપને પરમ કૃપાળુ પરમેશ્વર દીર્ઘાયુષ્ય આપે અને સુખી રાખે તથા આપના કુટુંબ સહિત આપ સુખશાંતિ ભોગવો એમ અમારી જગત્ નિયંતા પાસે પ્રાર્થના છે. તથાસ્તુ."*

માનપત્રના અંતે જેતપુરના ૪૯ અગ્રગણ્યની સહી છે. જેમાં મુખ્યત્વે દેવચંદ ઉત્તમચંદ પારેખ, રણછોડલાલ લક્ષ્મીદાસ મહેતા, કાલિદાસ કાનજી શેઠ, માધવરાય એન. મહેતા, દિનશાહ બરજોરજી બહેરાનજી, મહેતા મોહનલાલ દામોદર, મણિલાલ હાકેમચંદ ઉદાણી, હાકેમચંદ ખુશાલચંદ, અબ્દુલ્લા અયુબ, મગનલાલ ભીમજી જોષી વગેરેનો સમાવેશ કરી શકાય. ૨૧-૧-૧૯૧૫ના રોજ આપવામાં આવેલ આ માનપત્ર રાજકોટમાં છાપવામાં આવ્યું હતું. જે અંગેની નોંધ માનપત્રના અંતે જોવા મળે છે. ગાંધીસાહિત્યના આધારભૂત ગ્રંથ 'મહાદેવભાઈની ડાયરી' ઈ.સ. ૧૯૧૮થી શરૂ થતી હોય આ માનપત્ર અંગે તેમાં કોઈ ઉલ્લેખ નથી. જ્યારે ગાંધીજીના અક્ષરદેહમાં આ માનપત્ર કે તેનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. ગાંધીના ભારતમાં આગમનનો આ સૌથી પ્રારંભિક કાળ હોઈ દરેક ઘટનાનો ઉલ્લેખ અક્ષરદેહમાં ન થયાની શક્યતા નકારી શકાય નહિ. આ માનપત્ર સાથે જ કસ્તુરબાને પણ માનપત્ર આપવામાં આવ્યું હતું.

જેના મથાળે લખ્યું હતું,

**"અખંડ સૌભાગ્યવંતા શ્રીમતી બહેન કસ્તુરબાઈ"**

કસ્તુરબાને મળેલ આ માનપત્રના કેટલાક અંશો પણ જાણવા જેવા છે. માનપત્રના ત્રીજા પેરેગ્રાફમાં લખ્યું છે,



## અખંડ સૌભાગ્યવંતાં શ્રીમાં બ્હેન કસ્તુરબાઇ.

પુજ્ય બ્હેન,

આપ તથા આપના પુજ્ય પતિ શ્રીમાન મોહનદાસ કરમચંદ ગાંધી ઘણાં લાંબા વખત પરદેશમાં રહી આપણી માતૃભૂમીમાં પાછા પધાર્યા અને આપના દર્શનનો અમો જેતપુરની બ્હેનોને લાભ મળ્યો તેથી અમોને ઘણોજ આનંદ થાય છે અને અમે આપને અંતઃકરણપૂર્વક આવકાર આપવા રજા લઈએ છીએ.

આપના પુજ્ય પતિ સાથે આપે દક્ષિણ આફ્રિકામાં રહી હિંદની પ્રજા માટે જે જે દુઃખ સહન કરી સત્યાગ્રહના ઉચ્ચ વિચારોથી હિંદની પ્રજા માટે જે [illegible] છે તે માટે હિંદની સર્વ પ્રજા આપનો ઉપકાર માને છે અને તેને માટે જે કહેવામાં આવે તે થોડું છે.

સ્ત્રી જાતીએ પોતાનો પતિવ્રતા ધર્મ કેવી રીતે પાળવો પોતાના પતિની આજ્ઞા પ્રમાણે કેમ વર્તવું તથા પોતાના પતિને સુખે સુખ અને તેના દુઃખે દુઃખ તે જે આપણા શાસ્ત્રનું મહાન્ વાક્ય છે તે મુજબ વર્તી ખરેખર પતિ પરાયણ થઈ સ્વદેશની સેવાને માટે જરૂરને વખતે કારાગ્રહમાં જવાના અને બીજા અનેક દુઃખોને નહીં ગણકારતાં આત્મભોગ આપી આપે જે દાખલો બેસાડ્યો છે તે અનુપમ છે અને આખા સ્ત્રી વર્ગને નમુના રૂપે છે.

બોલવું અને બીજાને ઉપદેશ આપવો એ સહેલું છે, પણ તે મુજબ વર્તન કરી બતાવી આપવું એ ઘણું મુશ્કેલ છે. આપે જે હિમ્મત તથા ધૈર્ય રાખી આત્મભોગ આપી દેશની સેવા કરી છે તે માટે આપને ધન્યવાદ ઘટે છે.

આપે તથા આપના પુજ્ય પતિએ દેશ સેવા કરવામાં જે જે દુઃખો વેઠ્યાં છે અને આપણા સ્વદેશ બંધુઓ તથા બહિનીઓ ઉપર જે જે ઉપકારો કર્યા છે તેનું વર્ણન કરતાં પુસ્તકો લખાય તેમ છે. આવા માનપત્રમાં તે વિષે વધારે વિવેચન નહીં કરતાં થોડા બોલમાં અમારા મનની જે ખરી લાગણીઓ અને આપના પ્રત્યેનું માન છે તે અમે જણાવવા રજા લઈએ છીએ.

છેવટ પરમકૃપાળુ પરમેશ્વર પાસે એમ પ્રાર્થના કરીએ છીએ કે આપને તથા આપના પૂજ્ય પતિને દીર્ઘાયુષ્ય આપે આપને આપના કુટુંબ સહીત સુખી રાખે અને આપે હિંદની બ્હેનો ઉપર જે જે ઉપકારો કર્યા છે તેમાં અહોનિશ વૃદ્ધિ કરે અને આપ દંપતિને સુખ શાન્તિમાં રાખી સ્વદેશ સેવા કરવાની શક્તિ આપે એમ અમારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે. તથાસ્તુ.

[illegible]
મણિકુંવર ઓધવજીની સહી દા. પોતે.
ચંચળ દા. પોતે.
જયાકુંવરની સહી.
નવલ દયારામ.
જયાકુંવર [illegible]
દેવ માણેકચંદની સહી દા. કરશીભાઈ.
નવલકુંવર ઘેલાભાઈ દા. પોતે.
મણી લાધાભાઈ સહી દા. પોતે.
[illegible] ગોપાલજી સહી દા. પોતે.

શીરીનબાઈ ડી. [illegible]
શારદાગવરી દા. પોતે.
અંબા દા. પોતે.
નંદકુંવર હરજીવન દોશી.
સંતોકબાઈની સહી.
દીવાળી જેચંદ.
કંકુ કાલીદાસની સહી દા. પોતે.
ગોમતી દેવજીની સહી દા. ગોમતી.
જેકુંવર કેશવલાલભાઈની સહી.
નંદકુંવર દુલભજી રાઘવજી.
બાઈ માનકુંવર દેવશંકરની સહી દા. પોતે.

બાઈ ઉજી લાલજી પારેખની સહી દા. કાશી [કાલીદાસ શેઠ.
પુરીબાઈની સહી.
મણીકુંવર હાકેમચંદ.
મણી માણેકચંદ સહી પોતે.
કાશી કાલીદાસની સહી દા. પોતે.
ચંચળ અમથાભાઈ દા. પોતે.
વજકુંવર પ્રભાશંકર.
જયાકુંવર [illegible]ની સહી દા. પોતે.
જયાકુંવર [illegible]

જેતપુર
તા. ૨૧-૧-૧૫

*"સ્ત્રી જાતિને પોતાનો પતિવ્રતા ધર્મ કેવી રીતે પાળવો પોતાના પતિની આજ્ઞા પ્રમાણે કેમ વર્તવું તથા પતિને સુખે સુખી અને તેના દુઃખે દુઃખી તે જે આપણા શાસ્ત્રનું મહાન વાક્ય છે તે મુજબ વર્તી ખરેખર પતિપરાયણ થઈ સ્વદેશની સેવાને માટે જરૂરને વખતે કારાગૃહમાં જવાના અને બીજાં અનેક દુઃખોને નહિ ગણકારતા આત્મભોગ આપી આપે જે દાખલો બેસાડ્યો છે તે અનુપમ છે અને આખા સ્ત્રી વર્ગને નમૂના રૂપ છે."*

માનપત્રની નીચે જેતપુરની ત્રીસ બહેનોની સહીઓ જોવા મળે છે. જેમાં મુખત્વે બાઈ જીવી લાલજી, શીરીનબાઈ મારકર, અંબા, નંદકુવર હરજીવન દોશી વગેરેનો સમાવેશ કરી શકાય. આ બંને માનપત્રો કાપડ ઉપર પ્રિન્ટ થયેલાં છે. માનપત્રોની ભાષામાં લાંબાં વાક્યો સાથે અલંકારિક શબ્દોનો પ્રયોગ થયો છે. છ પેરેગ્રાફમાં લખાયેલ ગાંધીના માનપત્રમાં વિગતોની ભરમાર નથી. પણ ગાંધીજીના દક્ષિણ આફ્રિકાનાં કાર્યોની પ્રશંસા સાથે, આવકાર અને પ્રજાની અપેક્ષા દષ્ટિગોચર થાય છે. આ તમામ વિશિષ્ટતાઓ સાથે સૌથી મહત્ત્વની બાબત તેના મથાળામાં ગાંધીજી માટે વપરાયેલ **"મહાત્મા"** શબ્દ છે. જે દર્શાવે છે કે ગાંધીજીને "મહાત્મા"નું સૌપ્રથમ બિરુદ-તખલ્લુસ આપનાર પણ તેમની માદરેવતન ધરતી કાઠિયાવાડ જ છે. જે સૌ કાઠિયાવાડીઓ માટે ગર્વની વાત છે અને રહેશે.

# 3 જનતા જિલ્લા હજારીબાગનું માનપત્ર

બિહારમાં આવેલા હજારીબાગ શહેરની ગાંધીજીએ પોતાના જીવન દરમિયાન બે વાર મુલાકાત લીધી હતી. પ્રથમ, ૧૮ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ. અને બીજી વાર ૨૭ એપ્રિલ, ૧૯૩૪ના રોજ.[૧] પ્રથમ મુલાકાત સમયે તેઓ રાંચીથી હજારીબાગ ૧૮ સપ્ટેમ્બરના રોજ પહોંચ્યા હતા. એક દિવસના રોકાણ દરમિયાન તેમણે બે મોટા સમારંભોમાં ભાગ લીધો હતો. તેમાં હજારીબાગની સેંટ કોલંબસ કૉલેજના કાર્યક્રમનો પણ સમાવેશ થાય છે. હજારીબાગના શહેરીઓ, જિલ્લા બોર્ડ તથા મ્યુનિસિપાલિટી તરફથી યોજાયેલ કાર્યક્રમમાં તેમને માનપત્ર અને થેલી આપવામાં આવી હતી. સ્થાનિક કારીગરો દ્વારા તૈયાર કરેક કલાત્મક લાકડાની પેટીમાં ગાંધીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું. એ સાથે રૂ. ૧૩૦૦ની થેલી પણ અર્પણ કરવામાં આવી હતી.[૨]

આ માનપત્ર શુદ્ધ હિન્દી ભાષામાં હતું. તેમાં અસહકાર આંદોલનની હજારીબાગ શહેરમાં પડેલ અસરનો ઉલ્લેખ જોવા મળે છે. માનપત્રના આરંભમાં "વન્દેમાતરમ" લખેલું છે. તેની નીચે એક બાજુ રાષ્ટ્રધ્વજ, વચ્ચે ગાંધીજીનું રેખાચિત્ર અને બીજી બાજુ ભારતમાતાનું ચિત્ર ભાસે છે. તેની નીચે સંબોધનમાં લખ્યું છે,

**"परम पूज्य महात्मा मोहनदास कर्मचन्द गांधीजी की सेवा में"**

ગાંધીજીને મળેલા માનપત્રોનાં સંબોધનો અત્યંત ભિન્ન અને વિચારક રહ્યાં છે. પ્રજામાં ગાંધીજીની છબીનું તે પ્રતિબિંબ વ્યક્ત કરે છે. એ પછી માનપત્રનો આરંભ થાય છે.

*"महात्माजी,*

*सारे संसार के साथ हम हजारीबाग के अकश् निवासी भी आप के जगत व्यापी नाम को ही सुनकर अपने को भाग्यवान समझते थे। और आपके दर्शन की आशा केवल दुराशा मात्र संभव होती थी। पर आपने जिस दया से द्रवीभूत हो हमलोंगो को दर्शन देने की कृपा की है उसके लीये आपको धन्यवाद देते हुंये हमलोंग हृदय से आपका स्वागत करते है तथापि हमलोंगो को विश्वास है की आपका कोमल और स्नहेपूर्ण हृदय हमलोंगो की असहाय अवस्था को ध्यान में रखते हुए हमलोगो पर कृपा करेगा।*

*असहयोग आंदोलन के पहेले इस स्थान का राजनैतिक जीवन से बहुत कम संबंध था। पर इस आंदोलनने अपने प्रबळ वेग के साथ और जगहो के समान इसे भी बहुत दूर तक पहुंचा दिया था।*

*पर यह अवस्था बहोत दिनो तक नहि रही की गिरिजीह के एक छोटे से जगडे के कारण असहयोग की गती रुक गई। यही कारण है की इस जिल्ले में जो कतिपय राष्ट्रीय विद्यालय, पंचायत तथा असहयोग सबंधी कार्य आरंभ हुए थे शिथील पड गये. सरकारने इस जिल्ले के शांति रखने वाले सेवको को कारागार में भेज दिया, किन्तु राजनैतिक जीवन का एक बार भी ह्रास न हुवा था। फलतः इस जिल्ले से विशेष कर चतरा इलाका से अच्छा जवाब मिला। यहां जुमनि से जप्त की गई गायो और भेंसो को जनताने चार आने भी भीख देने पर इनकार किया. यधपी प्रधान कार्यकर्ताओ को जेल भिजवा ने पर सरकारने लोगो में असहकार आंदोलन में मर मीटने की घोषणा कर दी, परंतु काउन्सिल तथा डी.बी. के निर्वाचन ने असहयोग के स्वस्थ जीवनका*

वन्देमातरम् ।



परम पूजनीय महात्मा मोहनदास कर्मचन्द गान्धी जी की सेवा में ।

महात्मा जी,

सारे संसार के साथ हम हजारीबाग के [illegible] निवासी भी आप के जगत् व्यापी नाम को ही सुन कर अपने को भाग्यहीन समझते थे और आप के दर्शन की आशा केवल दुराशा मात्र समझ होती थी। पर आप ने जिस दया से द्रवीभूत हो हमलोगों को दर्शन देने की कृपा की है उसके लिये आप को धन्यवाद देतेहुये हमलोग हृदय से आपका स्वागत करते हैं। यद्यपि आप के यथेष्ट स्वागत के योग्य हमलोगों के पास कोई वस्तु नहीं है तथापि हमलोगों को विश्वास है कि आप का कोमल और स्नेहपूर्ण हृदय हमलोगों की असहाय अवस्था को ध्यान में रखते हुए हमलोगों के ऊपर कृपा करेगा।

असहयोग आन्दोलन के पहिले इस स्थान का राजनैतिक जीवन से बहुत कम सम्बन्ध था पर इस आन्दोलन ने अपने प्रबल वेग के साथ और जगहों के समान इसे भी बहुत दूर तक पहुंचा दिया था।

पर यह अवस्था बहुत दिनों तक नहीं रही गिरीडीह के एक छोटे झगड़े के कारण असहयोग की गति रुक गई। यही कारण है कि इस जिले में जो कतिपय राष्ट्रिय विद्यालय, पञ्चायत तथा असहयोग सम्बन्धी कार्य्य आरम्भ हुए थे शिथिल पड़ गये। सरकार ने इस जिले के शान्ति रखने वाले देश सेवकों को कारागार भेज दिया, किन्तु राजनैतिक जीवन का एकदमसे ह्रास न हुआ था. फलतः इस जिले से विशेष कर चतरा इलाका से अच्छा प्रचार मिला। यहां कुर्की में जप्त की गई गायों और भैंसों को जनता ने चार आने पर भी मोल लेने से इनकार किया। यहां प्रधान कार्य्य कर्त्ताओं को जेल भिजवाने पर सरकार ने लोगों में असहयोग आन्दोलन के मरमीटने की घोषणा कर दी, परन्तु काउन्सिल तथा डि० बो० के निर्वाचन ने असहयोग के स्वस्थ जीवन का एक ज्वलन्त उदाहरण दे कर जनता के उत्साह को पुनर्जीवित कर दिया है!

असहयोग आन्दोलन ने इस जिले की विभिन्न जातियों में भी अपना अपूर्व प्रभाव दिखाया है, और कई जातियों की कार्य्यकारिणी संस्थायें इस प्रकार नियमित रूप से जातिगौरव और अन्ततः देशगौरव को उद्दीपित करने के लिये कार्य्य क्षेत्र में अग्रसर हुई हैं कि भविष्य में उन्नति की बड़ी आशा है। माहुरी महामण्डल की विशद कार्य्य प्रणाली विशेष उल्लेखनीय है इसने इस वर्ष खद्दर पहनने का प्रस्ताव भी बहुमत से स्वीकार किया है और इस ओर विशेष उन्नति भी की है।

यहां चर्खे का प्रचार कम है परन्तु यहां के साधारण लोग मोटा कपड़ा अधिक तर पहिना करते हैं।

दमन के कारण, जितने चर्खे असहयोग के आरम्भ में चलते थे उनमें से बहुत से बन्द होगये, पर अब भी क्रमशः इनकी संख्या में वृद्धि हो रही है और इस ओर उच्छ्वा थाना विशेष रूप से अग्रसर है, जहां पर प्रति सप्ताह ३ मन के लगभग हाथ का काता हुआ सूत बिक्री होता है। कपास की खेती की ओर भी लोगों का ध्यान कुछ आकर्षित हो गया है। यह जिला गरीब है पर यथेष्ट पूंजी का अभाव मिट जाने से यथोचित कार्य्य हो सकता है और काफी तायदाद में खद्दर प्रस्तुत किया जा सकता है। हम आशा करते हैं कि आप के सदुपदेश तथा सहायता के प्रबन्ध से इस ओर सन्तोषप्रद कार्य्य आरम्भ होने लग जायगा।

यहां की जनता में शिक्षा का प्रचार बहुत कम है और यहां की आर्थिक अवस्था बुरी रहने के कारण यहां के बहुत लोग आसाम, बर्मा इत्यादि देशोंमें मजदूरी करने के लिए जाया करते हैं इस कारण यहां का [illegible] में हानि पहुंच रही है।

हम फिर भी श्रीमान का हृदय से स्वागत करते हैं और आप के कष्ट उठाने के लिए हृदय से धन्यवाद देते हैं आशीर्वाद करें कि हम आप की शिक्षा अनुसार कार्य्य पालन करें।

जनता जिला हजारीबाग।

[illegible] प्रेस हजारीबाग।

*एक ज्वलंत उदाहरण देकर जनता के उत्साह को पुनर्जीवित कर दिया।*

*असहयोग आंदोलन ने इस जिल्ले की विभिन्न जातिओ में अपना अपूर्व प्रभाव दिखाया है। और कई जातिओ की कार्यकारीणी संस्थाए इस प्रकार नियमित रूपसे जाती गौरव और अनन्त देश गौरव को उद्दीपित करने के लीये कार्यक्षेत्र अग्रसर हुये है की भविष्य में उन्नती की बडी आशा है. माहुरी महामंडल की विशद कार्यप्रणाली विशेष उल्लेखनीय है इसने इस वर्ष खदर पहनने का प्रस्ताव भी बहुमती से स्वीकार किया है इस और विशेष उन्नती भी की है ।*

*यहां चरखे का प्रचार कम है परंतु यहां के साधारण लोंग मोटा कपडा अधिक तर पहना करते है*

*दमन के कारन जीतने चरखे असहयोग के कारन चलते थे उनमें से बहोत से बंध हो गये. पर आज भी क्रमशः इनकी संख्या में वृद्धि हो रही हे। और इस और धअेबा थाना विशेष रूप से अग्रसर है, वहां पर प्रति सप्ताह तीन मन के लगभग हाथ का कांता हुवा सुत बीक्री होता है। कपास की खेती की और भी सेवको का ध्यान कुछ और आकर्षीत हो गया है। यहां जिल्ला गरीब है पर यथेष्ट पुंजी का प्रभाव मीट जाने से यथोचित कार्य हो सकता है. और काफी तायदाद में खदर प्रस्तुत किया जा सकता है। हम आशा करते है की आपके सदुपदेश तथा सहायता के प्रबंध से इस और संतोषप्रद कार्य होने लग जायगा।*

*यहां की जनता में विद्या का प्रचार बहुत कम है, और यहां की आर्थिक अवस्था बुरी रहने के कारण यहां के बहुत लोंग आसाम, बर्मा ईत्यादी देशोमें मजदुरी करने के लीये जाया करते थे। इस कारण यहां के विकास में हानी पहोंच रही है।*

*हम फिर भी श्रीमान का हृदय से स्वागत करते है और आपके कष्ट उठाने के लीये हृदय से धन्यवाद करते है। आशीर्वाद करे कि आपकी शिक्षा अनुसार कर्तव्य पालन करे।*

*जनता जिल्ला हजारीबाग*

આ માનપત્રમાં કોઈ જગ્યાએ માનપત્ર આપ્યાની તારીખનો ઉલ્લેખ નથી. પણ ગાંધી સાહિત્યના સંદર્ભો તપાસતાં આ માનપત્ર ૧૮ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ આપ્યાનું તારણ નીકળે છે. હજારીબાગમાં ગાંધીજીને મળેલ માનપત્રોનો પ્રતિભાવ આપતાં ગાંધીજીએ કહ્યું હતું,

"તમે આપેલ માનપત્રો બદલ હું તમારો આભારી છું. પરંતુ એ માનપત્રમાં દર્શાવેલી બે બાબતોથી મને દુઃખ થયું છે. તમે જાણો છો કે હમણાં સુધી આ સ્થાનના હિંદુ મુસલમાનોમાં સદ્ભાવ પ્રવર્તતો હતો, પણ હમણાં કંઈ ગેરસમજ પેસી ગઈ છે. આ જાણીને મને દુઃખ થયું છે. પરંતુ મને આશા છે કે બંને કોમોના આગેવાનો સાથે મળીને આ સ્થિતિને થાળે પાડશે. વળી, તમે એમ પણ જણાવ્યું છે કે બિહારીઓ અને બંગાળીઓ વચ્ચે પણ કંઈક આવું જ ચાલી રહ્યું છે. પણ તેનું કારણ શું છે તે હું સમજી શકતો નથી. પણ હું તો એટલું જ જાણું છું કે જો તમે હિન્દુસ્તાનને મુક્ત કરાવવા માંગતા હો તો તમે બિહારી, બંગાળી, ગુજરાતી કે મારવાડી છો એ

વાત ભૂલી જઈને સૌથી પહેલાં તમે હિન્દી છો એ વાત ખાસ ધ્યાનમાં રાખો. આ પ્રાંતના વતની તરીકે સમગ્ર દેશની સેવા માટે તમે તમારા પ્રાંતને તૈયાર કરી રહ્યા છો, એ વિચારથી કાર્ય કરજો. આવા સમાજોમાં આવી બેહૂદી વાત કેમ પેસી શકે તે હું સમજી શકતો નથી. વળી, હિંદુ મુસ્લિમ ભેદભાવ વિશે આ પહેલાં મેં જે કંઈ કર્યું છે તે જ હું અહીં પણ કરું છું."

ભાષણનો ઉપસંહાર કરતી વખતે મહાત્માજીએ ખાદી અને રેંટિયાની વાત પણ કરી હતી."[3]

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૬૭૨

૨. ગાંધીજીનો અક્ષરદેહ-૨૮, પૃ. ૧૭૪

૩. એજન, પૃ. ૧૭૪

## ૪ હિંદુ સભા, કલકત્તાનું માનપત્ર

ગાંધીજીનું ભારતમાં આગમન ૯ જાન્યુઆરી, ૧૯૧૫- મુંબઈમાં થયું. એ પછી તેમણે ભારતનું પરિભ્રમણ આરંભ્યું હતું. તેના ભાગરૂપે ૨૮થી ૩૧ માર્ચ ૧૯૧૫, દરમિયાન તેઓ કલકત્તામાં હતા. તેમનો ઉતારો રાષ્ટ્રીય નેતા સી.આર.દાસને[૧] ત્યાં હતો. આ મુલાકાત દરમિયાન ૨૯ માર્ચના રોજ ગાંધીજીને કલકત્તાની હિન્દુસભા દ્વારા માનપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ માનપત્રની કેટલીક વિશિષ્ટતાઓ નોંધપાત્ર હતી. સૌપ્રથમ તો આ માનપત્ર શુદ્ધ હિન્દી ભાષામાં આપવામાં આવ્યું હતું. માનપત્રમાં સંસ્કૃત શબ્દોનો સુંદર પ્રયોગ થયો છે. ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના વિજયને વિશિષ્ટ શૈલીમાં બિરદાવવામાં આવ્યો છે. ગાંધીજી સાથે કસ્તુરબાનો પણ માનપત્રમાં **"સતી સાધ્વી ધર્મપત્ની શ્રીમતી કસ્તુરબાઈ"** તરીકે ઉલ્લેખ જોવા મળે છે. માનપત્રમાં ૨૬ માર્ચની તારીખ છે. જ્યારે તેની અર્પણવિધિ ૨૯ માર્ચના રોજ થઈ છે. માનપત્રનું પ્રિન્ટિંગ ગોવિંદ પ્રેસ કલકત્તામાં થયું છે. જેનો ઉલ્લેખ માનપત્રના અંતે કરવામાં આવ્યો છે. આ માનપત્રની ભાષા અને રજૂઆત જાણવા અને માણવા જેવાં છે.

માનપત્રનો આરંભ **"भारत माता के कर्मवीर श्रीयुक्त गान्धी महोदय की सेवामे अभिनंदन पत्र"** જેવા વિશિષ્ટ મથાળાથી થયો છે. એ પછી માનપત્રનો આરંભ કરતા લખવામાં આવ્યું છે,

*श्रीमान,*

*हिन्दुसभा के लीये आजका दिन बडे ही सौभाग्य का है इसे आपका और आपकी सती साध्वी धर्मपत्नी श्रीमती कस्तुरबाई का स्वागत करनेका गौरव प्राप्त हुआ। हिन्दुसभा आज अपने को निश्चित ही परम धन्य समझती है। और बडे आदर के साथ आपका अभिनंदन करती है। आपने उस दूरदेश दक्षिण आफ्रिका में जातीय सम्मान और देशका गौरव चिरकाल तक स्थापित करने के लीये, सत्याग्रह की लडाई में प्रवृत्त होकर जो विजय पाई है, उससे न केवल हिंदु जातिका, प्रत्युत समस्त भारत वर्षका मुख उज्जवल हुआ है. आपने सबको दिखा दिया है की अनेक विघ्न बाधाओ के उपस्थित होने पर भी मनुष्य को घबडाकर अपने कर्तव्य पालन से विमुख नहि होना चाहिये, यदी संकल्प सच्चा हो तो उसमें अवश्य ही सफलता प्राप्त होगी। आपकी द्रढ प्रतिज्ञा, परोपकारपरायण और सदाचार सम्पन सात्त्विक संतोषी मूर्ति को देखकर भारत के प्राचीन महापुरुषो का चित्र अंकित हो जाता है।*

*श्रीमान, इस घोर समय में जबकी यहां प्राश्चात्य वायु के प्रचंड झकोरोसे प्राचीनता की मुल भक्ति डगमगा रही है, तब ऐसे अवसर पर पति भक्ति का सर्वोच्च आदर्श आपकी धर्मपत्नीने दीखलाने के लीये आपका छाया की भाती अनुगमन कर संसार को यह भलीभाती दिखला दिया है की भारतीय ललनाओ का पति सर्वस्व है और पति का सुख-दुःख ही उनका सुख-दुःख है। आपका अभिनंदन करने में सभाको अतुलनीय आनंद होता है।*

*महोदय, यह दिन हिंदु जाति के लीये ही नहि समस्त भारत वर्ष के लीये बडे गौरव का होगा जिस दिन की स्वधर्म्य, स्वदेशी और जातीय सम्मान की रक्षा के लीये आपका उज्ज्वल आदर्श समक्ष रख कर लोग अपने कर्तव्य पालन में तत्पर होंगे। करुणामय भगवान हमे आपसे*

हिन्दू-सभा प्रदत्त

भारतमाताके सुपुत्र कर्मवीर श्रीयुक्त गान्धी महोदयकी सेवामें

# अभिनन्दन-पत्र.

श्रीमन्,

हिन्दू सभाके लिये आजका दिन बड़े ही सौभाग्यका है कि इसे आपका और आपकी सती साध्वी धर्मपत्नी श्रीमती कस्तूरीबाई-का स्वागत करनेका गौरव प्राप्त हुआ। हिन्दू सभा आज अपनेको निश्चय ही परम धन्य समझती है और बड़े आदरके साथ आपका अभिनन्दन करती है। आपने सुदूर देश दक्षिण अफ्रिकामें जातीय सम्मान और देशका गौरव चिरस्थायी रूप स्थापित करनेके लिये सत्याग्रहकी लड़ाईमें प्रवृत्त होकर जो विजय पायी है, उससे न केवल हिन्दू जातिका, प्रत्युत समस्त भारतवर्षका मुख उज्ज्वल हुआ है। आपने सबको दिखला दिया है, कि अनेक विघ्न बाधाओंके उपस्थित होने पर भी मनुष्यको घबड़ाकर अपने कर्त्तव्यपालनसे विमुख नहीं होना चाहिये, यदि संकल्प सच्चा हो तो उसमें अवश्य ही सफलता प्राप्त होगी। आपकी दृढ़भक्ति, परोपकारपरायण और सदाचारसम्पन्न सात्विक संतोषी मूर्तिको देखकर भारतके प्राचीन महापुरुषोंका चित्र हृदयमें अङ्कित हो जाता है।

श्रीमन्, इस घोर दुर्दिनके समयमें जब कि यहां पाश्चात्य वायुके प्रबल झकोरोंसे प्राचीनताकी मूल भित्ति डगमगा रही है, तब ऐसे अवसर पर पतिपत्नीका सर्वोच्च आदर्श आप दम्पतीने दिखलानेके लिये आपका, छायाकी भांति अनुगमन कर संसारको यह भली भांति दिखला दिया है कि भारतीय ललनाओंका पति ही सर्वस्व है और पतिका सुख-दुख ही उनका सुख-दुख है। आपका अभिनन्दन करनेमें सभाको अतुलनीय आनन्द होता है। महोदयवर, वह दिन हिन्दू जातिके लिये ही नहीं, समस्त भारतवर्षके लिये बड़े गौरवका होगा जिस दिन कि स्वधर्म, स्वदेश और जातीय सम्मानकी रक्षाके लिये आपका उज्ज्वल आदर्श सामने रखकर लोग अपने कर्त्तव्य पालनमें तत्पर होंगे।

करुणामय भगवान् हमें आपको आपके देश-विदेशार्जित प्रभूत ज्ञान और अनुभव-को ग्रहण करने योग्य बनावें। देशके युवकों-को आपकी भांति स्वार्थत्यागी होकर अपना कर्ममय जीवन व्यतीत करनेकी सुमति और सामर्थ्य प्रदान करें। और आपको ऐसी अतुलनीय और महान् शक्ति प्रदान करें कि जिससे आपके द्वारा अपनी जन्म-भूमिकी सदैव अपूर्व सेवा होती रहे।

कलकत्ता, ता० २१-१-१५ ।

हिन्दू सभाके सभासद्.

गोविन्द प्रेस कलकत्ता ।

*आपके देश-विदेशार्जित प्रभुत ज्ञान और सदाचार को ग्रहण करने योग्य बनाये। देश के युवाको को आपकी भांति राजानिष्ठ होकर अपना धर्ममय जीवन व्यतीत करनेकी सुमति और सामर्थ्य प्रदान करे. और आपको ऐसी अतुलनीय और महाशक्ति प्रदान करे की जिससे आपके द्वारा जननी जन्म भूमि सदैव अभूतपूर्व सेवा होती रहे।*

*हिंदु सभा के सदस्य"*

પંચાણું વર્ષ પૂર્વે મહાત્મા ગાંધીજીના સત્કારમાં લખાયેલ આ માનપત્રમાં ઉલ્લેખ થયેલ વિચારો આજે પણ એટલા જ સાચા અને માર્ગદર્શક ભાસે છે. આજે ભારતમાં પશ્ચિમી સંસ્કૃતિ અને સભ્યતાના આક્રમણે આપણી સંસ્કૃતિ પર ધૂળનાં જાડાં પડ પાથરી દીધાં છે. ભક્તિ-ઇબાદતની સાચી શક્તિની અવગણના આપણા જીવનવ્યવહારનો ભાગ બની ગયાં છે. આપણા કુટુંબજીવનમાં પ્રસરેલ પશ્ચિમી લક્ષણોએ આપણા સંબંધોમાં આત્મીયતાના સ્થાને માત્ર ઓપચારિકતા આણી છે. એવા સમયે ગાંધીજી પ્રત્યેની કસ્તુરબાની પતિભક્તિનું ચિત્ર માનપત્રમાં ઊપસેલું જોવા મળે છે. વળી, આ માનપત્રમાં આપણા યુવાનો માટે પણ એક ઉમદા સંદેશ વ્યક્ત થયો છે. યુવાનોનું સદાચારી, રાજનિષ્ઠા અને ધર્મમય જીવન દેશના વિકાસ માટે અત્યંત જરૂરી છે. ગાંધીજીને મળેલાં આવાં માનપત્રો માત્ર તેમના સન્માન અને ગુણગાનને જ અભિવ્યક્ત કરતાં નથી, પણ પ્રવર્તમાન સ્થિતિમાં યુવાનો અને સમાજને માર્ગદર્શન પણ પૂરું પડે છે.

---

૧. સી.આર.દાસ અર્થાત્ ચિતરંજન દાસ (૧૮૭૦-૧૯૨૫) જેઓ દેશબંધુના નામે પ્રસિદ્ધ છે.

# ૫ અરખા, જિ. રાયબરેલીનું માનપત્ર

ગાંધીજીને મળેલા માનપત્રોના ભિન્ન સ્વરૂપને વ્યક્ત કરતું એક અન્ય માનપત્ર માણવા જેવું છે. ગઝલના સ્વરૂપમાં લખાયેલ આ માનપત્ર ૧૩ જૂન કે નવેમ્બર, ૧૯૨૯ના રોજ ગાંધીજીને આપવામાં આવ્યાનું માની શકાય. કારણ કે માનપત્રમાં કોઈ તારીખ આપવામાં આવેલ નથી. ગાંધીજીએ રાયબરેલી જિલ્લાની બે વાર મુલાકાત લીધી હતી.[૧] માનપત્રમાં રાયબરેલી જિલ્લાના અરખા ગામની મિડલ સ્કૂલના હેડ માસ્તર અને જાણીતા શાયર જાનકી પ્રસાદ "મૈકશ"એ ગાંધીજીના આગમન સમયે પોતાની ગઝલ દ્વારા તેમનાં કાર્યોને બિરદાવ્યાં હતાં. અરખા ગામમાં ગાંધીજીના માનમાં યોજાયેલ સમારંભમાં ગાંધીજીને વાંચી સંભળાવી, તેમને અર્પણ કરવામાં આવેલ, આ માનપત્ર ઉર્દૂ ભાષામાં છે. આ માનપત્રની હિન્દી લિપિમાં લખાયેલ ઉર્દૂ શબ્દોના અર્થઘટનવાળી નકલ પણ આ સાથે સામેલ છે. તે કોના હસ્તાક્ષરમાં છે તે કહેવું મુશ્કેલ છે, પણ અનુમાન કરી શકાય કે તે શાયર જાનકી પ્રસાદના હસ્તાક્ષરમાં હશે. કારણ કે શબ્દોના અર્થઘટનમાં શબ્દોનો અર્થ માત્ર દર્શાવવામાં આવેલ નથી, પણ તેમાં ભાવ પણ અભિવ્યક્ત થાય છે. જે કૃતિના રચયતા જ કહી શકે. આ માનપત્રની ગઝલના એક-એક શબ્દમાં ગાંધીવિચારો અને આચાર દૃશ્યમાન થાય છે. ગઝલના મથાળે લખ્યું છે,

**"तसनीफ जानकी प्रसाद "मैकश" जाईसी, हेड मास्तर मीडल स्कुल अरखा,**
**जिल्ला रायबरेली"**

એ પછી આરંભેલ ગઝલમાં લખ્યું છે :

*दीन दोस्तो हो तुमको मुबारक आज का*
*आया तुम्हारे घरमें है हामी[२] स्वराज का* १.

*आती सदाये चरखे से, चरखा चलाईए*
*रहेरा जो देखता हो तुमे ईबतिहाज[३] का* २.

*कोशिश से सुत कांतीए औंर बोईए कपास*
*उरीयां[४] न रहीए कीजीये पेशा[५] नसाज[६] का* ३.

*हरकत[७] जो दस्तो पा[८] को दो, बरकत खुदा भी दे*
*हो दाकतर का काम न दरमां[९] ईलाज का* ४.

*सख्ती सहो, कळी सहो, पर उफ न तुम करो*
*होवा* यही है गांधी, व गांधी समाज का* ५.

*परवा न रखुं जानकी, और माल की झरां*
*परवाना[१०] हुं मे दिल से, वतन के सिराज[११] का* ६.

૪૬/૨

غزل

من تصنیف جانکی پرشاد میکش جائسی ہیڈ ماسٹر مڈل اسکول الھا

ضلع رائے بریلی

دن دوستو ہو تم کو مبارک یہ آج کا ؎ آیا تمہارے گھر میں ہے حامی سوراج کا

آتی صدا ہے چرخ سے چرخہ بنائیے ؎ چہرہ جو دیکھنا ہو تمہیں ابتہاج کا

پوشش ہے سوت کاتنے اور بُنئے لباس ؎ عریاں نہ رہیے کیجئے پیشہ نساج کا

مرکز جو دشت و پا ہو سو برکت خدا بھی دے ؎ ہو ڈاکٹر کا کام نہ درمان علاج کا

سختی سہو کڑی سہو پر اُف نہ تم کرو ؎ شیوہ یہی ہے گاندھی و گاندھی سماج کا

پروا نہ رکھیو جان کی اور مال کی ذرا ؎ پروانہ دل سے ہو ان میں وطن کے سراج کا

بالجبر ... رکھا ہے یا سوئی استدلال ؎ بتلاؤ حال دوستو کیا ہے مزاج کا

جلوہ نما ہوا اگر مہر اتفاق ؎ آئے گا تمہارے وطن میں سوراج کا

اس کا تمام ظاہر و باطن کی ہے خبر

میکش ہے چشم دل نہیں چشمہ زجاج کا

ग़ज़ल

[illegible] नज़्माके [illegible] ...ने [illegible] गोयली, हेडमास्टर, मिडल स्कूल, [illegible] [illegible] S.N. 23169

ऐ हिन्द देवियो! हो उठके [illegible] यह [illegible],
आया तुम्हारे वास्ते है [illegible](१) [illegible] का।
आती कहाँ है चर्खेकी [illegible] [illegible],
[illegible] जो देखना हो तुम्हें [illegible](२) का।
[illegible] सून [illegible] और [illegible] [illegible],
[illegible](३) न [illegible] [illegible] [illegible](४) [illegible](५)।
[illegible](६) जो [illegible] [illegible](७) [illegible] [illegible] [illegible] [illegible]
हो [illegible] का [illegible] न [illegible](८) [illegible] का।
[illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible],
[illegible]* नहीं [illegible] [illegible] [illegible] का।
[illegible] न [illegible] [illegible] और [illegible] [illegible]
[illegible](९) [illegible] है मैं [illegible] के [illegible](१०) का।
[illegible](११) है या [illegible](१२) है या [illegible] [illegible](१३)
[illegible] [illegible] [illegible] [illegible]। [illegible] है [illegible](१४) का।
[illegible] [illegible] [illegible](१५) [illegible] [illegible] [illegible](१६)
आवेगा थोड़े दिन में [illegible] दिन [illegible] का।

[illegible] [illegible] [illegible] [illegible](१७) की है [illegible],
[illegible] मई चढ़के दिलमें(१८) [illegible] [illegible](१९) का।

— × —

१ [illegible] करनेवाला २. [illegible] ३. [illegible] ४. [illegible]; [illegible] ५. [illegible] का [illegible] ६ [illegible] ७ [illegible] और [illegible] ८ [illegible] ९. [illegible] १०. [illegible]; [illegible] ११ [illegible] १२ [illegible] [illegible]; [illegible] का [illegible] = [illegible] का [illegible]; [illegible] का [illegible] १३. [illegible] [illegible] = [illegible] १४ [illegible] १५. [illegible] [illegible] [illegible] [illegible]. १६. [illegible] [illegible] [illegible] का [illegible] १७ [illegible] और [illegible] १८ [illegible] [illegible] १९ [illegible]

* [illegible]; [illegible]; [illegible]

*याबिस*[12] *है, या के हत्ब*[13] *है, या सुए एअतेहाल*[14] ७.
*बतलाओ हाल दोस्तो कया है मिझाझ*[15] *का*

*जलवा फीगन*[16] *रहेगा, अगर मेहरे इत्तेफाक*[17]
*आयेगा थोडे दिन मे, नझर दिन स्वराज का* ८.

*उसको तमाम झाहीरो बातिन*[18] *की खबर*
*मैकश ब चश्मे दिल*[19] *नहि, चश्मए झजाज*[20] *का* ९

આ ગઝલનો ભાવાર્થ કે રસસ્વાદ માણવા જેવો છે. પ્રથમ બે પંક્તિઓમાં ગાંધીજીના આગમનના દિવસને મુબારક અર્થાત્ શુભ ગણીને કહ્યું છે કે આજે આપણે ત્યાં વતનનો મદદગાર કે શુભચિંતક આવ્યો છે. ગાંધીજીએ દેશને આપેલ ચરખાની ભેટનો બીજી બે પંક્તિઓમાં સુંદર રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગાંધીના ચરખાનો અવાજ સમગ્ર દેશમાં ગુંજ્યા કરે છે, દેશવાસીઓ સુખ-ચેન મેળવવા માગતા હોય, તો ચરખાને અપનાવો. સતત પ્રયત્નશીલ રહી તમે સાચા વણકર બનો અને કપાસ ઉગાડો અને કપાસ કાંતો. તમારી સક્રિયતા જ તમને તંદુરસ્ત રાખશે અને તમારા કાર્યમાં બરકત અર્થાત્ વૃદ્ધિ આપશે. અંગ્રેજ સરકારની સખ્તી અને કડવા વ્યવહારની તમે જરા પણ ફિકર-ચિંતા ન કરો. જાન-માલની ચિંતા કર્યા વગર બસ તમે તમારું કાર્ય કરતા રહો. આ જ ગાંધીના જીવનનો માર્ગ છે. અને એ માર્ગે જ એક દિવસ સ્વરાજ મળશે.

ઉપરોક્ત માનપત્રમાં ગાંધીજીનો ચરખો અને તેની પાછળની રાષ્ટ્રને સ્વાવલંબી કરવાની ગાંધીજીની ભાવના શાયરે બખૂબી વ્યક્ત કરી છે. ૧૯૨૯નો યુગ રાષ્ટ્રીય જાગૃતિની પરાકાષ્ઠાનો યુગ હતો. એક બાજુ ગાંધીજીના અહિંસક વિચારો ચોમેર પ્રસરેલા હતા, તો બીજી બાજુ ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાંતિકારીઓથી ભારતનો યુવા વર્ગ પ્રભાવિત હતો. એમ કહેવાય છે કે એ યુગમાં ગાંધીજીની લોકપ્રિયતા કરતાં ભગતસિંગની લોકપ્રિયતા બમણી હતી. અને આમ છતાં ગાંધીનો જાદુ હજુ યથાવત્ હતો. ચરખા અને અહિંસાની ખેવના લોકોના માનસમાં સંગ્રહાયેલી હતી. જે આ ગઝલના સ્વરૂપમાં લખાયેલા માનપત્રમાં જોઈ શકાય છે.

---

૧. દલાલ, ચંદુલાલ, ગાંધીજીની દિનવારી, પૃ.૨૫૫ અને ૨૬૫. ૨. હિદાયત કરને વાલા
૩. ખુશી. ૪. નગ્ન ૫. ઉદ્યમ, વ્યવસાય ૬. કપડે કા બુનનેવાલા (વણકર) ૭. ક્રિયા
૮. હાથ ઔર પાવ ૯. ઔસધ *પ્રથા, ઢંગ, દસ્તુર. ૧૦. પતંગા ૧૧. મોમબત્તી, દીયા
૧૨. સુખા ૧૩. નમ, ભલા યા બૂરા, અચ્છા યા ખરાબ ૧૪ સુયે એતહાલ = સમાન
૧૫. પ્રકૃતિ ૧૬. સબકી શોભા દીખાતા રહેગા. ૧૭. મેહરે અત્તફાક = એકતા કા સૂરંગ
૧૮. પ્રકટ ઔર ભીતરી ૧૯. દિલ કી આંસ ૨૦ કાંચ

# ૬ સ્વામી સદાનંદ, સિંગાપોરનું માનપત્ર

આ માનપત્ર ગાંધીજીને કોઈ સમારંભ, મેળાવડા કે કાર્યક્રમમાં આપવામાં આવ્યું નથી. જોકે સાચા અર્થમાં આ માનપત્ર નથી. ગાંધીજીને તેમના ૬૮મા જન્મદિવસે સ્વામી સદાનન્દ દ્વારા સિંગાપુરથી મોકલવામાં આવેલ શુભેચ્છા સંદેશ છે. પણ તેમાં ગાંધીજી અંગે રજૂ થયેલ વિચારો માનપત્રની ઝાંખી કરાવે છે. વળી, તેની ડિઝાઈન તૈયાર કરનારનું નામ પણ માનપત્ર કે શુભેચ્છા સંદેશના અંતે ખૂણામાં આપવામાં આવેલ છે. જેમાં લખવામાં આવ્યું છે શિલ્પકાર : રાધાબાઈ નાયડુ. માનપત્રની નીચે આપવામાં આવેલ ચરખામાંથી નીકળતા સૂતરના તાર દ્વારા માનપત્રની ચારે બાજુ ભાત પાડવામાં આવેલી છે. માનપત્રના મથાળે બે રાષ્ટ્રધ્વજનું ચિત્ર અંકિત થયેલ છે.

તે તેનો અભ્યાસ કરતાં પ્રતિપાદિત થાય છે.

આ એ યુગની વાત છે જ્યારે ગાંધીજી ભારતની આઝાદી માટેની બે મોટી લડતો સફળતાપૂર્વક લડી ચૂક્યા હતા. અસહકાર આંદોલન અને મીઠા-સત્યાગ્રહ. પરિણામે ભારત અને વિશ્વમાં સત્ય અને અહિંસાના પૂજારી તરીકેની છાપ દઢપણે બંધાઈ ચૂકી હતી. આ શુભેચ્છા સંદેશના બરાબર એક વર્ષ બાદ એટલે કે ૧ ઑક્ટોબર, ૧૯૩૮નાં રોજ લંડનની "ફ્રેન્ડ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી"એ પ્રથમવાર શાંતિ માટેનું નોબેલ પારિતોષિક ગાંધીજીને આપવા નોર્વે સરકારને ભલામણ કરી હતી.

વળી, આ એ યુગ હતો જ્યારે ભારત અને વિશ્વ-રાજકારણના પ્રવાહો ઝડપથી બદલાઈ રહ્યા હતા. વિશ્વ બીજા વિશ્વયુદ્ધના આરે આવીને ઊભું હતું. ભારતમાં પ્રાંતીય સ્વાયત્તા ધારો અને તેના પ્રત્યાઘાતો વાતાવરણમાં ચોમેર પ્રસરી રહ્યા હતા. એવા સમયે ભારત બહાર વસતા ભારતીઓની ગાંધીજી પ્રત્યેની ભાવના અને અપેક્ષાનાં દર્શન આ શુભેચ્છા સંદેશ કે માનપત્રમાં જોવા મળે છે. તેમાં ગાંધીજી માટે એક સંતે વાપરેલાં વિશેષણો કે ઉપમાઓ માણવા જેવાં છે. જેમ કે ગાંધીજી માટે તેમાં કહ્યું છે,

**"માનવ સમાજની અમર જ્યોતિ, ભારતના સ્વાતંત્ર યુદ્ધના સૂત્રધાર, શોષિતો અને શ્રમિકોના રક્ષક, સત્ય અને અહિંસાના અવતાર, અસ્તેય, ત્યાગના પ્રતીક એવા ભારતના સપૂતને ભારતવાસીઓના નમસ્કાર."**

માનપત્રની તારીખ ૨ ઑક્ટોબર, ૧૯૩૭ અર્થાત્ ગાંધીજીના જન્મદિવસની છે. એ દિવસોમાં ગાંધીજી સેગાંવ હતા.[૧] સેગાંવમાં તેમનું રોકાણ ૧થી ૧૫ તારીખ સુધીનું હતું. આમ છતાં સેગાંવમાં તેમના જન્મ-દિવસની ઉજવણીનો કોઈ ઉલ્લેખ ગાંધીસાહિત્યમાં જોવા મળતો નથી.

### महात्मा गान्धी का ६८वां जन्मदिवस

*हे मानव-नम के अमर-ज्योति, स्वातंत्र्य-युद्ध के सूत्रधार*
*हे नवयुग के इतिहासकार, बन्दी जननी के मुक्ति-द्वार*

*हे सदियों के अरमान-अमर, आशा, क्रन्दन मां मुक पुकार*
*हे शोषित-शासित-आर्त-बुभुक्षित-श्रमिक-कृषक के हाहाकार*

१२



# महात्मा गान्धी का ६९वाँ जन्म-दिवस

हे मानव-नभ के अमर-ज्योति, स्वातंत्र्य-युद्ध के सूत्रधार।
हे नवयुग के इतिहासकार, बन्दी जननी के मुक्ति-द्वार॥
हे सदियों के अरमान-अमर, आशा, क्रन्दन माँ-मूक पुकार।
हे शोषित-शासित-आर्त-बुभुक्षित-श्रमिक-कृषक के हाहाकार॥

हे सत्य, शान्ति, शुभ-क्रान्ति-उपासक, प्रेम अहिंसा के अवतार।
हे अस्तेय, त्याग, असंचय बलि, शुचि-पुंज साम्य स्फुल्ल सकार॥
हे विश्व-विभव युग युग जीओ, भारत माता का जयजय कार--
हो पीड़ित मूक प्रवासी हम, सब भारतियों का नमस्कार॥

— स्वामी सदानन्द

भारतीय प्रिण्टर्स
सिंगापूर
२-१०-१९३८



*हे सत्य, शान्ती, शुभ-क्रांति-उपासक, प्रेम अहिंसा के अवतार*
*हे अस्तेय, त्याग, असंचय बली, शुचि-पुंज साम्यबन्धुल सकार*

*हे विश्व-विभव युग युग जीओ, भारतमाता का जय जयकार–*
*हो पीडित मूक प्रवासी हम, सब भारतियो का नमस्कार*

भारतीय प्रिन्टर्स स्वामी सदानन्द
सिंगापूर
२-१०-१९३७

૧. દલાલ. ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃષ્ઠ ૪૧૫.

# ૭ મૈઢ રાજપૂત સભા, સહારનપુરનું માનપત્ર

ગાંધીજીને મળેલાં માનપત્રોમાં વિવિધતાના અનેક રંગો જોવા મળે છે. ભારતના વિવિધ પ્રદેશોની પ્રજા દ્વારા વિવિધ ભાષા અને સંબોધનો સાથે ગાંધીજીને મળેલાં માનપત્રોમાં ગાંધીજી પ્રત્યેની ભક્તિ અને તેમના માર્ગે ચાલવાની પ્રજાની તત્પરતા વ્યક્ત થાય છે. તે અવશ્ય રાષ્ટ્રીય જાગૃતિનું પ્રતીક છે જ, સાથે સાથે ગાંધીજીની આમ પ્રજામાં લોકપ્રિયતા પણ વ્યક્ત કરે છે.

૨૧થી ૨૪ ઑક્ટોબર, ૧૯૨૯ ગાંધીજી મસુરીમાં રોકાયા હતા. ૨૪ ઑક્ટોબરના રોજ રેજિનલ્ડ રેનાલ્ડસ ગાંધીજીને મળવા મસુરી આવ્યા હતા. ત્યાંથી ગાંધીજી ૨૫ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ સહારનપુર (એ સમયે સંયુક્ત પ્રાંતમાં અને હાલ ઉત્તર પ્રદેશમાં) આવ્યા. સહારનપુરની મૈઢ રાજપૂત સભાએ ગાંધીજીના આગમનના માનમાં એક ભવ્ય સમારંભ યોજ્યો હતો. એ સમારંભમાં ગાંધીજીને હિન્દીમાં માનપત્ર આપવામાં આવ્યું હતું.[1] માનપત્રમાં ગાંધીજીના ચરખા અભિયાનમાં જોડવાની આખા રાજપૂત સમાજે કરેલી પ્રતિજ્ઞા સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે. આ માનપત્રના મથાળે લખવામાં આવ્યું છે :

**"अभिनंदन पत्र".**

ગાંધીજીને સન્માનિત કરતાં માનપત્રોની ઊડીને આંખે વળગે તેવી બાબત ગાંધીજી માટે થયેલ વિવિધ સંબોધનો છે. જે તેમની પ્રજામાનસમાં અંકિત થયેલી છબી વ્યક્ત કરે છે. એ સંબોધનો સાચ્ચે જ માણવા જેવાં છે. જેમ કે –

**"पूज्य पाद महात्मा मोहनदास कर्मचंद गांधी"**
**"श्रीमान सत्य संध त्यागमूर्ति महात्मा गांधीजी"**

**"अमन अने शांतिना फरिश्ता महात्मा गांधीजी"**
**"परम पूज्य प्रातः स्मरणीय महात्मा गांधीजी"**

**"भारत हृदयसम्राट महात्मा गांधीजी"**
**"देश के मुकट और हृदयसम्राट महात्मा गांधीजी"**

**"पुण्यश्लोक महात्मा गांधीजी"**
**"पूज्यपाद जगविख्यात महात्मा मोहनदास गांधी"**

**"त्यागमूर्ति महात्मा गांधीजी"**
**"हमारे हृदयसम्राट पूजनीय महात्माजी"**

**"नर श्रेष्ट महात्माजी"**
**"भारतगौरव पूज्यपाद श्री महात्मा गांधी"**

**"दरिद्र देव – अछूत हृदयसम्राट महात्मा गांधीजी"**
**"श्री जगत वंदनीय पूज्य महात्माश्री"**[2]

वन्देमातरम

# ॥ अभिनन्दन-पत्र ॥

पूज्यपाद जगत्श्रेष्ट महात्मा मोहनदास कर्म चन्द गांधी जी के
श्री चरणों में समर्पित,

## मैंढ राजपूत सभा सहारनपुर की ओर से

श्री महात्मा जी !

मैंढ राजपूत बिरादरी को आज सौभाग्य प्राप्त है कि वह आपके दर्शनों से अपने को पुनर्जिवित करें हमारी बिरादरी ग़फ़लत की नींद सोरही थी आज आपके दर्शनों से हमारा जीवन सुफल होता है हम हृदय से आपका स्वागत करते हैं हमारी बिरादरी में त्रुटियां हैं वे हम अच्छी तरह जानते हैं और हम आपको विश्वास दिलाते हैं कि भविष्य में हमारा एक मात्र कर्तव्य यही होगा कि हम अपना सुधार करके जाति उद्धार में परिश्रम करें । हम जानते हैं कि ऐसा करने से ही आपकी आत्मा प्रसन्न होगी और हमारा जीवन भी व्यर्थ न होगा ।

आपकी प्रेरणा से हम चरखा अपने घरों में फिर से स्थापित कर रहे हैं और आशा है कि यथा शीघ्र हमारी बिरादरी का कोई घर बिना चरखे न रहेगा हम यह तुच्छ रक़म बतौर परस के आपके चरणों में पेश करते हैं आशा है आप स्विकार करके कृतार्थ करेंगे । अन्त में हम ईश्वर से प्रार्थना करते हैं कि आपने जो भारतवर्ष और मनुष्य मात्र के उद्धार का बेड़ा उठाया है वह शीघ्र ही पार लगेगा ।

आपकी सेवक:—

२५ १० २९
सहारनपुर ।

मैंड राजपूत सभा,

मिश्चित प्रिंटिंग प्रेस बाज़ार सोरगंज सीधा कादी सहारनपुर ।

આ માનપત્રમાં પણ એવું જ એક વિશિષ્ટ સંબોધન જોવા મળે છે,

"पूज्यपाद जगत श्रेष्ट महात्मा मोहनदास कर्मचन्द गांधीजी के श्री चरणोमें समर्पित मैढ राजपूत सभा सहारनपुर की और से"

આ મથાળા પછી માનપત્રનો આરંભ કરતાં લખવામાં આવ્યું છે,

*"श्री महात्माजी,*

*मैढ राजपूत बिरादरी को आज सौभाग्य प्राप्त है की वह आपके दर्शन से अपने को पुनर्जिवित करे. हमारी बिरादरी गफलत की नींद में सोरही थी। आज आपके दर्शन से हमारा जीवन सुफल होता है। हम हृदय से आपका स्वागत करते है। हमारी बिरादरी में त्रुटीया है, वे हम अच्छी तरह जानते है और हम आपको विश्वास दीलाते है की भविष्य में हमारा एक मात्र कर्तव्य यही होगा की हम अपना सुधार करके जाति उद्धार में परिश्रम करे। हम जानते है की ऐसा करने से ही आपकी आत्मा प्रसन्न होगी और हमारा जीवन भी व्यर्थ न होगा।*

*आपकी प्रेरणा से हम चरखे अपने घरो में फिर से स्थापित कर रहे है और आशा है की यथा शीघ्र हमारी बिरादरीका कोई घर बीना चरखे न रहेगा। हम यह तुच्छ रकम बतोर परस के आपके चरणो में पेश करते है आशा है आप स्वीकार कर के कृतार्थ करेंगे। अंतमे हम ईश्वेर से प्रार्थना करते है की आपने जो भारत वर्ष और मनुष्य मात्र के उद्धार का बेडा उठाया है वह शीघ्र ही पार लगेगा।*

*आपकी सेवामे*
*मैढ राजपूत सभा"*

માનપત્રનું પ્રિન્ટિંગ સિવિલ પ્રિન્ટિંગ પ્રેસ બાઝાર મોગ્ગંજ નીલી કોઠી સહારનપુર થયાનું માનપત્રના અંતે લખવામાં આવેલ છે.

---

૧. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃષ્ઠ ૨૬૨.

૨. ગાંધીજીને મળેલાં માનપત્રોના અભ્યાસના આધારે

# ૮ દેશ હિતકારક મંડળી, શાહપુરનું માનપત્ર

કેટલાંક માનપત્રો હસ્તલિખિત છે. જેમાં તારીખ કે સ્થળ સ્પષ્ટ થતાં નથી. પણ ભારતની પ્રજાની ગાંધીજી અને તેમનાં કાર્યો પ્રત્યેની ભાવના ધારદાર રીતે વ્યક્ત થાય છે. એવા જ એક હસ્તલિખિત માનપત્રનો આરંભ '**વન્દેમાતરમ**' અને '**ઓમ**' શબ્દોથી થાય છે. તેની બંને બાજુ એક-એક પક્ષીનું ચિત્ર દોરેલું છે. તેની નીચે શ્રી ગણેશજીના ગોળાકારમાં હાથે દોરેલા ચિત્રથી થાય છે. ચિત્રની ડાબી બાજુ "**શ્રી ગણેશાય નમઃ**" લખ્યું છે. જ્યારે જમણી બાજુ "**સ્વરાજ જન્મનો હક્ક હૈ**" લખ્યું છે. જ્યારે ગણેશજીની નીચે તેમના વાહન ઉંદરનું ચિત્ર પણ જોવા મળે છે. હિન્દી ભાષામાં કાગળ ઉપર હસ્તલિખિત લખાયેલ આ માનપત્રનો આરંભ કરતાં લખવામાં આવ્યું છે,

*"पूजनीय महात्माजी*

***धन्य धन्य वह दिन जिस दिन आपके मुख कमल का अवलोकन हो। धन्य धन्य वह धरा जिसमें आपके चर्ण कमल पधारे। धन्य धन्य वह हाथी दरवाजा जहा आपके विमान रूपी रथ चले... परमात्मा का कोटीशशु वंदन करते है की आज हम चातक की नाई आपके मुख कमल का दर्शन प्राप्त हुआ है आप के समागम की इतनी अभिलाषाथी जेसे अयोध्यावासीओ को राज्यशिरोमणी श्री रामचंद्र की अभिलाषा थी ईश्वर आपको सहस्त्राआयु प्रदान करे, जो आप सदेव धर्मनीतिक राजनीतिक कार्यो में प्रबर्त रहे और आप जेसे के कारन पंचायते बनी रहे यथा आपस के झगडे अपनी पंचायतो में निबटाया करे है और कोरट में न जाय। इस लीये यह ट्रेड हाथोदर वासी पंचायत परमात्मा के दरबार में बिनती कर्ती है की आपको इस कार्य में सौभाग्य प्राप्त हो आप के प्रचार से शहर शहर गाम गाम में हर जगह सेवा मंडलीये हो रही है जीनका कार्य फकत अपने भाईओ की सेवा कर्ना है। इसी कारन, इसी तरह हाथी दरवाजे वाली देश हितकारक मंडली आपशे आशीर्वाद मांगती है जो आप कृपया इस मंडली पर पवित्र हस्त कमल धारण करे जो यह मंडली सदैव अपने उदेशो पर कायम रहे। ईत्यलम्***

***देश हितकारक मंडली***

***शाहपुर***

માનપત્રના નીચે જમણી બાજુ આપેલી વિગતો ઉર્દૂ ભાષામાં છે. પણ તેમાં માત્ર બે બાબતો જ ઉકેલી શકાય છે. દેશ હિતકારક મંડલી અને સ્થળ શાહપુર વંચાય છે. ગાંધીજીની દિનવારી મુજબ ગાંધીજી શાહપુર નામના સ્થળે ત્રણ વાર ગયા છે.

૧. શાહપુર (બંગાળ) જિ. નોઆખલી, ૧૯૪૭ જાન્યુઆરી, ૧૩થી ૧૪.

૨. શાહપુર (પંજાબ), ૧૯૨૦ ફેબ્રુઆરી ૧૩.

૩. શાહપુર (મુંબઈ જિ. બેલગાંવ), ૧૯૨૪ જાન્યુઆરી ૨૮[૧]

ઉપરોક્ત પ્રથમ મુલાકાત નોઆખલીમાં કોમી તોફાનો થયાં ત્યારે ગાંધીજીએ લીધી હતી. એ સમયના ગાંધીસાહિત્યમાં આ પ્રકારના માનપત્રનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. એ પછી પંજાબમાં આવેલ




॥ पुज्यनीय महात्माजी ॥

धन्य धन्य वह दिन जिस दिन आपके मुख क
मल का अवलोकन हो ॥ धन्य धन्य वह
री जिसमें आपके चर्ण कमल पधारें ॥ धन्य
धन्य वह हाथी दरवाजा जहां आपके विमा
न रूपी रथ चलें ॥ परमात्मा का कोटिशः शु
करिया करते हुए आज हमें जनक की
नाई आपके मुख कमल का दरशन प्राप्त
हुआ है आपके समागम की इतनी अभिला
षा थी जैसे अयुध्या वासीयों को राज्य
शिरोमणि श्री रामचंद्र की अभिलाषा थी
ईश्वर आपको सहस्त्रायुष प्रदान करें
जो आप सदैव धर्म नीतिक व राज निति
क कार्यों में प्रवर्त रहें और आप जैसे
पुरानों तरह से पंचायतें बना रहे हैं यथा
आपस के झगरे अपनी पंचायतों में निप
टाया करें और कोरट वगैरह में न जायें
इसलीये यह हैंड हूल्यो दरवाजा पंचा
यत परमात्मा के दरबार में विनती करती
है कि आपको इस कार्य में सौभाग्य प्रा
प्त हो ॥ आपके प्रचार से जो शहर शहर
गाम गाम में हर जगह सेवा मंडलीयें हो
रही हैं जिनका कार्य फकत अपने
भाइयों की सेवा करनी है इसी कारण
ईसी तरह यह हाथी दरवाजे वाली
देशहित कारक मंडली आपसे
आशीर्वाद मांगती है जो आप कृपया
इस मंडली पर पवित्र हस्त कमल धा
रण करें जो यह मंडली सदैव अप
ने उद्देशों पर कायम रहे ॥ इत्यलम् ॥

શાહપુરની મુલાકાત સમયે પણ માનપત્રનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. એ મુલાકાતમાં જાહેરસભામાં ગાંધીજીએ કહ્યું હતું,

**"લોકો મારા પગે પડે છે એ મને ગમતું નથી."[૨]**

ત્રીજી મુલાકાત મુંબઈના જિ. બેલગાંવના શાહપુરની ગાંધીજીએ લીધી હતી. તે સમયે શાહપુર નગરપાલિકાએ માનપત્ર આપ્યાનો ઉલ્લેખ ગાંધીજીની દિનવારીમાં મળે છે.[૩] પણ નગરપાલિકાનું માનપત્ર પ્રથમ તો હસ્તલિખિત ન હોય. અને બીજું, તેમાં કોઈ પણ જગ્યાએ નગરપાલિકાનો ઉલ્લેખ જોવા મળતો નથી.

માનપત્રના લખાણમાં હાથી દરવાજાનો ઉલ્લેખ આવે છે. એ બાબત સૂચવે છે કે જે શાહપુરમાં આ માનપત્ર આપવામાં આવ્યું છે, ત્યાં હાથી દરવાજા નામનું સ્થાન મહત્ત્વનું હશે. આ માનપત્રમાં વ્યક્ત થયેલી ભાષા અને વિચારો નોંધપાત્ર છે. માનપત્રની ભાષા અને શબ્દોના ગઠનમાં એ યુગની ઝાંખી થાય છે. જ્યારે તેના વિચારોમાં ગાંધીજી પ્રત્યેની અપાર ભક્તિ વ્યક્ત થાય છે. ભગવાન રામનાં દર્શનની અભિલાષા જેટલી જ અભિલાષા ગાંધીજીનાં દર્શનની માનપત્રમાં જોવા મળે છે. ગાંધીજીની સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ પ્રત્યેની વિભાવના પણ માનપત્રમાં વ્યક્ત થાય છે. અંગ્રેજી કોર્ટો કરતાં આપણી પંચાયતો સામજિક સમન્વય અને ન્યાયનું ઉમદા માધ્યમ હતી. અંગ્રજોના શાસનકાળ દરમિયાન પંચાયતોનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું હતું. અને તેનું સ્થાન અંગ્રેજી કોર્ટોએ લીધું હતું. ગાંધીજીએ દરેક ક્ષેત્રમાં સ્વદેશી વિચારને અમલમાં મૂકવાનો આગ્રહ રાખ્યો હતો. એ વિચાર અંતર્ગત તેમણે પંચાયતોને પુનઃ જીવંત કરવા પ્રજાને હાકલ કરી હતી. તેનું પ્રતિબિંબ આ માનપત્રમાં સ્પષ્ટ જોઈ શકાય છે.

---

૧. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ. ૬૬૪

૨. એજન, પૃ. ૯૭

૩. એજન, પૃ. ૧૭૫

# ૯ ગુજરાતી વાંચનાલય સંસ્થા, અલીબાગનું માનપત્ર

ગુજરાત અને કાઠિયાવાડનાં કેટલાંક કુટુંબો લગભગ એકસો વર્ષ પૂર્વે મહારાષ્ટ્રના કોલાબા જિલ્લાના અલીબાગમાં આવીને વસ્યાં હતાં. ગાંધીજીએ ૩ માર્ચ, ૧૯૨૭ના રોજ અલીબાગની મુલાકાત લીધી હતી. ત્યારે એક ગુજરાતી રાષ્ટ્રીય નેતા તરીકે અલીબાગના ગુજરાતી બંધુઓએ ભેળા થઈ હોંશે હોંશે ગાંધીજીનું સન્માન કર્યું હતું. સ્થાનિક ગુજરાતીઓએ સ્થાપેલ **"ગુજરાતી વાંચનાલય સંસ્થા"** તરફથી ગાંધીજીને માનપત્ર આપવા એક ભવ્ય સમારંભ યોજ્યો હતો. એ સમારંભમાં ગાંધીજીને મળેલ માનપત્ર ગાંધીજીને અત્યાર સુધી મળેલાં માનપત્રોમાં એક નવી ભાત પાડતું હતું. એ કલાત્મક માનપત્રના ડાબા ખૂણે ગાંધીજીનો યુવા અવસ્થાનો ફોટો મૂકવામાં આવ્યો હતો. જ્યારે જમણી બાજુ ગાંધીજીનો રેંટિયો શોભતો હતો. રેંટિયા નીચે લખવામાં આવ્યું હતું **"વીસમી સદીનું સુદર્શનચક્ર"**. તેની બરાબર વચ્ચે ઓમના અક્ષરોમાં કૃષ્ણ ભગવાનનું ચિત્ર મૂકવામાં આવ્યું હતું. માનપત્ર ફરતે સુંદર બોર્ડર હસ્તકલાના નમૂના રૂપ શોભતી હતી. માનપત્રનું મથાળું પણ પ્રભાવશાળી હતું.

**"અખિલ ભારતભૂષણ 'હિંદ માતાના પ્રભાવશાળી પુત્ર' પરમ પૂજ્ય મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીની પવિત્ર સેવામાં"**

*"વંદનીય મહાત્માજી,*

***આપના અત્રે આગમનના શુભ પ્રસંગે અમો ગુજરાતી બન્ધુઓનાં હૃદય આપને આવકાર આપતાં હર્ષથી એટલાં બધાં ઉભરાઈ આવેલાં છે કે તે અમો અત્રે લખવા અસમર્થ છીયે. અમે મહારાષ્ટ્રમાં આવેલા કોલાબા જિલ્લાના અલીબાગ ગામ મધે ત્થા તેના આજુબાજુના પ્રદેશમાં ગુર્જર બન્ધુઓ આજે લગભગ સો વર્ષથી કાઠિયાવાડ ત્થા ગુજરાત પ્રાન્તનો ત્યાગ કરી વેપાર અર્થે આવીને વસેલા છીયે. અમોને જણાવતાં આનંદ ઉપજે છે જે જોકે અમો અત્રે પરદેશમાં આવીને સુખી છીયે. તોપણ અત્રેના મહારાષ્ટ્ર બન્ધુઓ અમારી સાથે બન્ધુપ્રેમથી વર્તે છે. જેથી અમોને દેશ છોડ્યાની સ્મૃતિ પણ થતી નથી. આ મહારાષ્ટ્ર બન્ધુઓનો અમારા પ્રત્યેનો પ્રેમ તેમની ઉચ્ચ સંસ્કૃતિ દિપાવે એવો જ છે.***

***૨. બાપુજી, सुर्यप्रभावो वंशः चाल्यविषया मतिः ! મહા કવિ કાલીદાસના શ્લોક મુજબ અમે આપના ગુણોનું શું વર્ણન કરી શકીએ ? પરંતુ પ્રયત્નવાદી તરીકે આ નમ્ર લેખથી અમે અમારા હૃદયમાં આપના પ્રત્યેના વસી રહેલા પ્રેમ ત્થા આદર અર્પણ કરવાનો યત્ન કરીયે છીએ જે આપ માની લેશો એવી અમારી આપના ચરણ પ્રત્યે પ્રાર્થના છે.***

***૩. આજ દિન સુધી રાજકારણ એ કપટનીતિનો ગૂંચવણ ભરેલો મામલો સમજવામાં આવતો હતો. પરંતુ આપે રાજકારણ સાથે ધાર્મિક પ્રવૃત્તિનું જોડાણ કરીને આત્મશુદ્ધિનો પહેલો પાયો રાજકારણમાં સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. અને તેની જરૂરિયાત છે એમ આખી દુનિયાને માન્ય કરવું પડ્યું છે. રાજકારણમાં સત્યની આવશ્યકતા છે અને સત્યનો અંતે જય છે, તે વગર રાજકારણ પણ નિરર્થક છે એમ પ્રસ્થાપિત કરવાને જે આપની લડત ચાલે છે તે તરફ આખી દુનિયા એકાગ્ર નજરે જોતી રહી છે***

***૪. अहिंसा परमो धर्मः આ ભગવાન બુદ્ધદેવનું તત્ત્વ આપે આચરણમાં લાવીને તેની રાજકારણના***

ૐ







વિમળી મદીનુ સુદર્શન ચક્ર.

અખિલ ભારતભૂષણ 'હિન્દમાતાના પ્રભાવશાળી સુપુત્ર'

પરમ પૂજ્ય

# મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીજી

ની પવીત્ર સેવામાં,

**વંદનીય મહાત્માજી,**

આપના અત્રેના આગમનના શુભ પ્રસંગે અમો ગુજરાતી બન્ધુઓનાં હૃદય આપને આવકાર આપતાં હર્ષથી એટલા બધાં ઉભરાઈ આવેલાં છે કે તે અમો અત્રે લખવા અસમર્થ છીએ. અમે મહારાષ્ટ્રમાં આવેલ કોલાબા જીલ્લાના અલીબાગ ગામ મધે તથા તેના આજુ બાજુના પ્રદેશમાં ગુર્જર બન્ધુઓ આજે લગભગ સો વર્ષથી કાઠીયાવાડ તથા ગુજરાત પ્રાન્તોનો ત્યાગ કરી વેપારના અર્થે આવીને વસેલા છીયે. અમોને જણાવતાં આનંદ ઉપજે છે કે જોકે અમો અત્રે પરદેશમાં આવીને સુખી છીયે તોપણ અત્રેના મહારાષ્ટ્ર બન્ધુઓ અમારી સાથે બન્ધુ પ્રેમથી વર્તે છે જેથી અમોને અમારો દેશ છોડયાની સ્મૃતિ પણ થતી નથી. આ મહારાષ્ટ્ર બંધુઓનો અમારા પ્રત્યેનો પ્રેમ તેમની ઉચ્ચ સંસ્કૃતિને દીપાવે એવોજ છે.





(૨) આપુરુષ। ક સંબ્રમવો વંશ: ક આત્મવિષયા મતિ:। મહાન કવિ કાલીદાસના આ શ્લોક મુજબ અમો આપના ગુણોનું વર્ણન શું કરી શકીયે? પરંતુ પ્રયત્નવાદિ તરીકે આ નમ્ર લેખથી અમો અમારા હૃદયમાં આપના પ્રત્યેનો વસી રહેલો પ્રેમ તથા આદર અર્પણ કરવાનો યત્ન કરીએ છીએ જે આપ માની લેશો એવી અમારી આપના ચરણ પ્રત્યે પ્રાર્થના છે.

(૩) આજ દીન સુધી રાજકારણ એ કપટનીતિનો મુંઝવણ ભરેલો મુનશો સમજવામાં આવતો હતો પરંતુ આપ રાજકારણ સાથે ધાર્મિક પ્રવૃતનુ જોડાણ કરીને આત્મશુદ્ધિનો પહેલો પાયો રાજકારણમાં સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે અને તેની જરૂરીઆત છે એમ આખી દુનીયાને માન્ય કરવું પડયું છે. રાજકારણમાં સત્યતાની આવશ્યકતા છે અને સત્યનો અંતે જય છે, તે વગર રાજકારણ પણ નિરર્થક છે એમ પ્રસ્થાપિત કરવાને જે આપની લડત ચાલી છે તે તરફ આખી દુનીયા એકાગ્ર નજરે જોતી રહી છે.

(૪) અહિંસા પરમો ધર્મ:। આ ભગવાન બુદ્ધદેવનું તત્વ આપે આચરણમાં લાવીને તેની રાજકારણના દાવ લડવામાં હીમાયત ચલાવી છે, તેમજ આ અભાગી ભરતભૂમિને જેને આજે જીતરાષ્ટ્ર તરીકે ગણવામાં આવે છે, તેના ઉદ્ધાર માટે આપે જે અનત્યાચારી અસહકાર, અગર નિ:શસ્ત્ર પ્રતિકારનો જે માર્ગ શોધી કાઢેલ છે તે ઉપર અમારો સર્વ બાઈનો દઢ વિશ્વાસ છે, તથા તેનું પાલન અમો બનતા શક્તી કરીશું એવું આશ્વાસન આપીએ છીએ

(૫) આપની ખાદીની હીલચાલ માટે તો આપને આખા હીન્દમાંનો ગરીબ વર્ગ ગરીબના ઉદ્ધારક તરીકે માને છે અને આ બીના મધે વર્ષ આ હીલચાલે જે ચાલીસથી પચાસ હજાર સુધી ગરીબ સ્ત્રી પુરૂષોને ખોરાકી આપી છે, તે ઉપરથી સાબીત થાય છે. ખાદીનું રહસ્ય એટલે પોતાના માટે પ્રત્યેક સ્ત્રી પુરૂષે પોતાના જેટલું અન્ન વસ્ત્ર પેદા કરવાની તાકાત લાવવી એમ છે જેને આપણા સ્વાવલંબનનું તત્વ કહી શકશું.

(૬) આપની અસ્પૃશ્યોદ્ધારની હીલચાલ તો આ પ્રસંગે આ દેશના માટે અત્યંત ઉપયુક્ત છે કારણ કે આપણામાંથી આપણા કેટલાક ભાઈઓને પતીત માનીને દુર રાખવાનો અન્યાય થાય છે અને જેથી આજદીન રાષ્ટ્રહીતમાં મોટી નુકસાની થાય છે. આથી તેમને સાથે લઇને રાષ્ટ્રકાર્ય કરવું એ આપણી ફરજ છે. આ આપનું પગલું લોકસંગ્રહ સારી રીતે કરી શકશે.

(૭) હિન્દમાતાની બે મોટી કોમો હીન્દુઓ તથા મુસલમાન ભાઈઓ આપ ભૂમના બાળકો છે અને તેમના વચ્ચે બન્ધુ ભાવના રહેવી અતિશય જરૂરની છે. આપે હીન્દુ મુસલમાન ઐક્યથી, સ્વરાજ્ય પ્રાપ્તિ માટે જરૂર છે તે પુરવાર કરી આપ્યું છે અને અમો જણાવતા આનંદ લઇયે કે આ અમારા કોલાબા જીલ્લાના હીન્દુ તથા મુસલમાનોમાં હેત ભાવ સંપૂર્ણ છે, તેની નોંધ આ પ્રસંગે લેવી ઘટે છે.

(૮) ઉપર જણાવ્યા પ્રમાણે આ મહાન તત્વોનું પાલન જાતે આચરણમાં લઇને આ સિદ્ધાંન્તો તુર્ત માને પુરવાર કરી બતાવ્યા છે જેથી આપને મહાત્માજી એવું જે માનદ મળ્યું છે જે માટે આખો હિન્દુસ્થાન દેશ અભિમાન ધરાવે છે,

(૯) આપના તત્વોનો સાર પંચ સુત્રમાં ગુંથાયેલો છે જેને જીતદેશના ઉદ્ધાર માટે પંચસુત્રી મંત્ર કહી ખાતર પૂર્વ તૈયારીનું શીક્ષણ છે, અને તે સત્ય, સ્વાવલંબન, સાદાઈ, સ્વદેશ પ્રીતિ અને સ્વરાજ્ય છે.

(૧૦) આપે માતૃભૂમીના ઉદ્ધાર માટે ચલાવેલાં હીમાયતમાં આપને સર્વ શક્તિમાન પ્રભુ, દીર્ઘાયુષ બક્ષિસ તેની પ્રત્યે અમારી પ્રાર્થના કરી આપ આ અલીબાગ નગરવાસી ગુર્જર બન્ધુઓની સ્મૃતિને આપના ઉદાર એવી આપના ચરણ પ્રત્યે અમારી અરજ દાખલ કરીને આ નમ્ર લેખ 'મહાત્મા ગાંધીજીની જય' શબ્દમાં અર્પણ કરીએ

હે મોહન, ગોવર્ધન તુલ્ય દુ:ખી આપના સ્વરાજ્ય પ્રાપ્તિના કાર્યમાં અમે ગોવાળીઆઓ જેવા છીયે અમારૂં અને ભારતનું આત્મ વિમાન સમાપ્ત છે એવી અમને અનન્ય શ્રદ્ધા છે. હિન્દના ઉદ્ધાર અર્થે વધારે માટે પરમાત્મા આપને દીર્ઘાયુ અર્પે એવી અન્તઃકરણ પૂર્વક પ્રાર્થના છે.

અલીબાગ.
તારીખ ૭-૩-૨૭.

લી० સેવક,
**ગુજરાતી વાચનાલય સંસ્થા અલીબાગ,**
હ: ચી. નાગરદાસ વે.

ધર્મ વિજય પ્રેસ. નં. ૧૪ ... મુંબઈ ૩.

દાવ લડાવવામાં હીમાયત ચલાવી છે, તેમજ આ અભાગી ભરતભૂમિને જેને આજે જીતરાષ્ટ્ર તરીકે ગણવામાં આવે છે, તેના ઉદ્ધાર માટે આપે જે અનત્યાચારી અસહકાર, અગર નિ:શસ્ત્ર પ્રતિકારનો જે માર્ગ શોધી કાઢ્યો છે તે ઉપર અમારો સર્વે ભાઈઓને દ્રઢ વિશ્વાસ છે, ત્થા તેનું પાલન અમો યથાશક્તિ કરીશું એવું આશ્વાસન આપીએ છીએ.

૫. આપની ખાદીની હીલચાલ માટે તો આપને આખા હીન્દમાનો ગરીબ વર્ગ ઉદ્ધારક તરીકે માને છે અને આ બીના ગયે વર્ષે આ હીલચાલે જે ચાલીસ પચાસ હજાર સુધી ગરીબ સ્ત્રી પુરુષોને ખોરાકી આપી છે, તે ઉપરથી સાબિત થાય છે ખાદીનું રહસ્ય એટલે પોતાના માટે પ્રત્યેક સ્ત્રી પુરુષે પોતાના જેટલું અન્ન વસ્ત્ર પેદા કરવાની લાયકાત લાવવી એમ છે જેને આપણા સ્વાલંબનનું તત્ત્વ કરી શકીશું.

૬. આપની અસ્પૃષ્યોદ્ધારની હીલચાલ તો આ પ્રસંગે આ દેશ માટે અત્યંત ઉપયુક્ત છે કારણ કે આપણામાંથી આપણા કેટલાક ભાઈઓને પતીત માનીને દુર રાખવાનો અન્યાય થાય છે અને જેથી આજદીન રાષ્ટ્રહીતમાં મોટી નુકસાની થઈ છે. આથી તેમને સાથે લઈને રાષ્ટ્રકાર્ય કરવું એ આપણી ફરજ છે આ આપનું પગલું લોકસંગ્રહ સારી રીતે કરી શકશે.

૭. હીન્દમાતાની બે કોમ હીન્દુઓ અને મુસલમાન ભાઈઓ આ ભૂમિના બાળકો છે અને તેમના વચ્ચે બન્ધુ ભાવના રહેવી અતિશય જરૂરી છે આપે હીન્દુ મુસલમાન એકતા સ્વરાજ પ્રાપ્તિ માટે જરૂરી છે તે પુરવાર કરી આપ્યું છે અને અમો જણાવતા મગરૂર છીયે છે કે આ અમારા કોલાબા જિલ્લાના હિન્દુ તથા મુસલમાનોમાં હેત ભાવ સંપૂર્ણ છે, તેની નોંધ આ પ્રસંગે લેવી ઘટે છે.

૮. ઉપર જણાવ્યા પ્રમાણે આ મહાન તત્વોનું પાલન આપે આચરણમાં કરીને આ સિદ્ધાંતો દુનીયાને પુરવાર કરી બતાવ્યા છે જેથી આપને મહાત્માજી એવું પદ પ્રાપ્ત થયું છે જે માટે આખો હિન્દુસ્તાન દેશ અભિમાન ધરાવે છે.

૯. આપના તત્ત્વોનો સાર પંચ સૂત્રમાં ગુંથાયેલો છે. જેને જીતરાષ્ટ્રના ઉદ્ધાર માટે પંચ સુત્રી મંત્ર કહી .......ખાતર પર્વ તૈયારીનું શિક્ષણ છે, અને સત્ય, સ્વાવલંબન, સાદાઈ, સ્વદેશ પ્રીતી અને સ્વરાજ્ય છે.

૧૦. આપે માતૃભુમીના ઉદ્ધાર માટે ચલાવેલ હીમાયતમાં આપને સર્વ શક્તિમાન પ્રભુ દીર્ઘાયુષ...... સવિનય તેની પ્રત્યે અમારી પ્રાર્થના કરી આપ આ અલીબાગ નગરવાસી ગુર્જર બન્ધુઓની સ્મૃતિને આપના ઉદ્દાર...... એવી આપના ચરણ પ્રત્યે અમારી અરજ દાખલ ધરીને આ નમ્ર લેખ મહાત્મા ગાંધીજીની જય શબ્દમાં અર્પણ કરીએ.....

હે મોહન, ગોવર્ધન તુલા રૂપી આપના સ્વરાજ્ય પ્રાપ્તિના કાર્યમા અમે ગોવાળિઆઓ જેવા છીએ......અમારું અને ભારતનું ભાગ્ય વિધાન સમાયેલું છે એવી અમને અચલ શ્રદ્ધા છે. હિન્દ ઉદ્ધાર કાજે તમારો......માટે પરમાત્મા આપને દીર્ઘાયુ અર્પો એવી અન્ત:કરણપૂર્વક પ્રાર્થના છે.

અલીબાગ — ગુજરાત વાચનાલય સંસ્થા અલીબાગ

તારીખ ૩-૩-૨૭ — દા: પી. નાગરદાસ વે.

માનપત્રમાં કુલ દસ મુદ્દામાં રાજકારણ, ધર્મ, અહિંસા, ખાદી, અસ્પૃશ્યતા જેવા ગાંધીજીનાં આગવાં શસ્ત્રોને બિરદાવવામાં આવ્યાં છે. માનપત્રનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે આપવામાં આવેલા મુદ્દાનો ક્રમ એક મૂકવાનું ભુલાઈ ગયું છે. માનપત્રમાં સિદ્ધો જ ક્રમ બે આપવામાં આવેલ છે. વળી, માનપત્રના છેલ્લા ભાગમાં અર્થાત ક્રમ નવથી લખાણમાં વાક્યો કપાયેલાં હોઈ એટલા ભાગમાં ખાલી જગ્યા છોડી દેવામાં આવેલ છે. આ માનપત્ર ગાંધીજીના સર્વાંગી કાર્યોને વાચા આપે છે. અને તેને બિરદાવે છે. મહારાષ્ટ્રમાં વસેલા ગુજરાતીઓ દ્વારા આપવામાં આવેલ આ માનપત્રમાં ગાંધીજીના ગુજરાતીપણાનો ગર્વ મહારાષ્ટ્રના ગુજરાતીઓમાં પણ વસેલો અનુભવાય છે.

ગાંધીજીની અલીબાગની મુલાકાત સંદર્ભે મહાદેવભાઈ દેસાઈ લખે છે,

**"અલીબાગમાં પણ ઠીક ગુજરાતી વસ્તી છે, અને એમણે મહારાષ્ટ્રના બીજા ગુજરાતીઓની જેમ ભાષા પહેરવેશ આદિમાં ગુજરાતીપણું નથી ગુમાવ્યું. અલીબાગમાં હું ભૂલતો ન હોઉં તો જુદીજુદી સંસ્થાઓ તરફથી ૧૮ હારો હતા! હાર આપીને પોતાને કૃતકૃત્ય માનવાનો રિવાજ મહારાષ્ટ્રમાં જ જોવામાં આવે છે. એ અઢારે હારનું લિલામ થયું, અને તેના પૈસા પણ સારા ઉપજ્યા...આમ પોતાને ખપની ન હોય એવી એકે વસ્તુ ગાંધીજી ગરીબોને માટે લિલામ કર્યા વિના છોડતા નથી એમ સૌ જાણી જાય તો સારું.[૧]"**

આ માનપત્રમાં રાજ્ય બહાર વસતા ગુજરાતીઓની ગાંધીજી પ્રત્યેની સન્માન દૃષ્ટિ વ્યક્ત થાય છે. એ સાથે રાજકારણ અંગેના સામાન્ય નગરજનના વિચારો અને ગાંધીજીએ તેમાં ધર્મને દાખલ કરી આણેલ નૈતિક મૂલ્યોની વાત સુંદર રીતે વ્યક્ત થઈ છે. એ દૃષ્ટિએ આ માનપત્ર સાચ્ચે જ નોંધપાત્ર છે.

---

૧. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, મહાદેવભાઈની ડાયરી, પુસ્તક-૧૦, પૃ. ૨૨૫

# ૧૦ નિમાડ જિલ્લા નિવાસીનું માનપત્ર

૨૦ મે, ૧૯૨૧ના રોજ ગાંધીજી અંબાલાથી ખંડવા આવ્યા હતા.[૧] મધ્યપ્રદેશ રાજ્યનું ખંડવા શહેર એ સમયે નિમાડ (નિબાડ) જિલ્લામાં આવતું હતું. નિમાડ જિલ્લાના નિવાસીઓએ ગાંધીજીને એક કાર્યક્રમમાં માનપત્ર આપ્યું હતું. જોકે ગાંધીજીની દિનવારીમાં આ માનપત્ર કે સમારંભનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. માત્ર ગાંધીજીની મુલાકાતનો ઉલ્લેખ કરતાં તેમાં લખવામાં આવ્યું છે,

"ખંડવા, ભુસાવળ : ઉતારો દાસ્તાનેને ત્યાં * ભાષણ, સ્થળ ગરુડનું ખેતર"[૨]

ખાદીના કાપડ પર હિંદી ભાષામાં આપવામાં આવેલા આ માનપત્રના મથાળે

'રાષ્ટ્રદેવો ભવ્' લખવામાં આવ્યું છે. એ પછી લખ્યું છે,

*श्रीमान् कर्मवीर महात्मा*

*मोहनदास कर्मचन्द गांधीजी की सेवा मे*

*श्रीमान् परमपूज्य महात्माजी,*

*हम निमाड जिला निवासी आपका हार्दिक स्वागत करते है, और परमेश्वर से प्रार्थना करते है कि हम आपके पवित्र नेतृत्व मे भारतवर्ष को स्वराज्य प्राप्त करने मे हम लोगो को एसी शक्ति प्रदान करे की हम लोंग दिन ब दिन उस की सफलता के लीये आगे बढते चले जाये।*

*हमारा द्रढ विश्वास है कि यह देशव्यापी असहयोग आंदोलन उस परमपिता परमात्मा की प्रेरणासे ही, भारतवर्ष मे स्वराज्य प्राप्त करने के लीये प्रारंभ हुआ है, और हम सर्व शक्तिमान जगदीश्वर से हार्दिक प्रार्थना करते है कि वह आप को आप के प्रयत्नो मे सफळता प्रदान करे, और आपकी प्रतिज्ञा के अनुसार निश्चित काल अन्दर ही भारतवर्ष मे स्वराज्य स्थापित करने मे आपको अधिक से अधिक बल प्रदान करे!*

*हम निमाड जिला निवासी श्रीमान् को विश्वास दिलाते है, आपकी पवित्र आज्ञा के अनुसार हम लोग अहिंसा के सिद्धांत पर पुरा २ अमल करेगे और दुसरो द्वारा उभारे जाने पर भी कभी भी हिंसा व् अत्याचार के भावो के वशीभूत होकर उत्तेजित न् होंगे। साथ ही ओल ईन्डिया कांग्रेस कमेटी की आज्ञानुसार तथा आपके आदेश से ता. ३० जुन १९२१[३] तक हमारे जिले की आबादी के मान से हम कांग्रेस के सदस्य, स्वराज्य फन्ड के लिये धन तथा चरखो का प्रचार करने मे तन, मन, धन से पूरा २ प्रयत्न करने का आश्वासन देते है।*

*अंत मे श्रीमान को ह्रदय से अनेकानेक धन्यवाद देते है कि आपने हमारी कई दिनो की आपके पुनीत दर्शन करने की हार्दिक इच्छा को कृपा पूर्वक पूर्ण करते हुए हमारे अंदर असहयोग का विजय मंत्र फूंक कर हमे अधिक उत्साही व् कार्यशील बनाया है*

*परम पिता परमेश्वर आप को परिवार सहित दीर्घायु प्रदान करे ऐसी हमारी ह्रदय से प्रार्थना है*

*ता. २१.५.२१ ई*
*खंडवा*

*आपके अकिंचत*
*निमाड जिला निवासी*

॥ राष्ट्रदेवो भव ॥

श्रीमान् कर्मवीर महात्मा

# मोहनदास कर्मचन्द गांधीजी

की सेवा में—

## श्रीमान् परमपूज्य महात्माजी,

हम निमाड़ जिला निवासी आपका हार्दिक स्वागत करते हैं, और परमेश्वरसे प्रार्थना करते हैं कि वह आपके पवित्र नेतृत्व में भारतवर्षको स्वराज्य प्राप्त कराने में हम लोगोंको ऐसी शक्ति प्रदान करे कि हम लोग दिन न दिन उसकी सफलता के लिये आगे बढ़ते चले जांय।

हमारा दृढ़ विश्वास है कि यह देशव्यापी असहयोग आन्दोलन उस परमपिता परमात्मा की प्रेरणासे ही, भारतवर्ष में स्वराज्य प्राप्त करने के लिए प्रारम्भ हुआ है, और हम उस सर्व शक्तिमान जगदीश्वर से हार्दिक प्रार्थना करते हैं कि वह आपको आपके प्रयत्नों में सफलता प्रदान करे, और आपकी प्रतिज्ञा के अनुसार निश्चित काल के अन्दरही भारतवर्ष में स्वराज्य स्थापित करनेमें आपको अधिक से अधिक बल प्रदान करे।

हम निमाड़ जिला निवासी श्रीमान् को विश्वास दिलाते हैं, कि आपकी पवित्र आज्ञा के अनुसार हम लोग अहिंसा के सिद्धान्तों पर पूरा २ अमल करेंगे और दूसरों द्वारा उभारे जाने पर भी कभी भी हिंसा व अत्याचार के भावों के वशीभूत होकर उत्तेजित न होंगे। साथही आल इण्डिया कांग्रेस कमेटी की आज्ञानुसार तथा आपके आदेश से ता० ३० जून १९२१ तक हमारे जिले की आबादी के मान से हम कांग्रेस के सदस्य, तिलक स्वराज्य फण्ड के लिए धन तथा चरखों का प्रचार करने में तन, मन, धन से पूरा २ प्रयत्न करने का आश्वासन देते हैं।

अन्त में श्रीमान् को हृदय से अनेकानेक धन्यवाद देते हैं, कि आपने हमारी कई दिनों की आपके पुनीत दर्शन करने की हार्दिक इच्छा को कृपा पूर्वक पूर्ण करते हुए हमारे अंदर असहयोग का दिव्य मंत्र फूंक कर हमें अधिक उत्साही व कर्मशील बनाया है।

परमपिता परमेश्वर आपको परिवार सहित दीर्घायु प्रदान करें ऐसी हमारी हृदय से प्रार्थना है।

वन्देमातरम्

खंडवा.<br>ता० [illegible]।२१ ई०।

आपके अकिंचित सेवक

**निमाड जिला निवासी.**

[illegible]

આ અસહકાર આંદોલનનો સમય હતો. ગાંધીજીએ ભારતમાં સૌપ્રથમ રાષ્ટ્રીય આંદોલનનો આરંભ કર્યો હતો. ૧ ઑગસ્ટ, ૧૯૨૦ના રોજ ઔપચારિક રીતે અસહકાર આંદોલનની જાહેરાત કરવામાં આવી હતી. એ જ દિવસે લોકમાન્ય તિલકનું અવસાન થયું હતું. બંને પ્રસંગો અત્રે પ્રતિબિંબિત થાય છે. બીજા પેરેગ્રાફના પ્રથમ વાક્યમાં જ અસહકાર આંદોલનનો ઉલ્લેખ છે. જેમાં ગાંધીજીના અસહકાર આંદોલનની સફળતા માટે ઈશ્વર પાસે પ્રાર્થના કરવામાં આવી છે. અને તેમાં સહયોગ આપવાની પ્રતિજ્ઞા લેવામાં આવી છે. એ સાથે જ તિલક ફંડ માટે તન, મન અને ધનથી પ્રયત્ન કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું છે. દેશવાસીઓની આવી અનેક પ્રતિજ્ઞાઓ એ જ અસહકાર આંદોલનને સફળ બનાવ્યું હતું.

---

૧. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ. ૧૨૭

૨. એજન, પૃ. ૧૨૭.

૩. તિલક સ્વરાજના ફાળાના રૂપિયા એક કરોડ એકઠા કરવાની મુદતનો છેલ્લો દિવસ.

# ૧૧ શ્રી ગાંધી વિધાલય હાજીપુરનું માનપત્ર

ખાદીના સફેદ કાપડ ઉપર કાળા અક્ષરોમાં હિન્દીમાં લખાયેલ આ માનપત્ર

The Vijaya Press Muzaffarpur માં પ્રિન્ટ થયેલ છે. માનપત્રના મથાળે ડાબી અને જમણી બાજુ ધ્વજનું ચિત્ર દોરેલ છે. જ્યારે તેની બરાબર વચ્ચે ગાંધીજીનો ચરખો મૂકવામાં આવેલ છે.

*"परम पूजनीय*

*महात्मा मोहनदास कर्म्मचंद गांधी की सेवा में"*

ના સંબોધનથી આરંભાયેલ આ માનપત્રમાં કહ્યું છે,

*बाबुजी,*

*हाजीपुर गांधी विद्यालय के हम सब शिक्षक और छात्रगण आज आपको अपने बीच पाकर सनाथ हुये । हंमे सचमुच ऐसी आशा नहि थी कि जिस विद्यालय की नींव आप ने अपने हाथों दी थी उसको फिर भी देखने का आप को समय मिल सकेगा। इस विद्यालय का आज भाग्योदय हुआ है कि आप के चरणारविंद से यह दूसरी बार पवित्र हो रहा है।*

*सन १९२० के दिसम्बर से सन १९२१ के सितम्बर तक तो इस विद्यालय का सितारा चमकता रहा। देखने से तो यही मालुम पडता है कि अब इसकी जड कायम हो गई है। पर सारे देश में सुस्ती आ जाने के कारण इस विद्यालय की हालत बीगडने लगी। बाबू विश्वनाथ प्रतापसिंह जीने उदारता पूर्वक नवेम्बर १९२३ से सितम्बर १९२४ तक एक हजार रूपिये की सहायता देकर विद्यालय को चलाया, पर तो भी धन के कष्ट से यह विद्यालय सितम्बर १९२४ में मृतप्राय हो गया। लोगों को यह बात खटक ने लगी। सब के दिल में यही बात उठने लगी कि जिस विद्यालय कि नींव स्वयं आपने अपने हाथों से दी थी उसको कभी भी नष्ट नहीं होने देना चाहिये। इस तरंग में आकर १९२५ के अप्रिल मास से इस विद्यालय के कायापलट का प्रयत्न श्रीयुत विशेश्वरी प्रसाद वर्म्मां के नेतृत्व में बडे उत्साह से होने लगा। आज के मन्दवायुमन्दल में भी लोको ने जी खोलकर इस विद्यालय को जीवीत रखने के लीये दान दिया है इस लीये वे धन्यवाद के पात्र है।*

*इस तरह यह विद्यालय विघ्न बाधाओ को पार करता हुआ आप के उच्च उदेश्योकि पूर्ति करने तथा आप के उपदेशो का अनुसरन करने में यत्नवान है। इस में ४२ छात्र है। २७ छात्र शिक्षको के साथ विद्यालय में ही रहते है। सब लडके चर्खे नियमपुर्व्वक चलाते है और उन्की तेजी ३०० गज की घंटे तक की है। विद्यालय में रहने वाले छात्रो तथा शिक्षको को विद्यालय की और से भोजन दिया जाता है। सब शिक्षको को विद्यालय की और से उचित वेतन भी दिया जाता है, पर प्रधानाध्यापक बाबू जनकधारी प्रसाद गांधी सेवा संघ के सदस्य है और संघ की अनुमति से वे विद्यालय में है इसलिये संघ हमारे धन्यवाद के पात्र है। इस समय विद्यालय में जगह की कमी है। श्रीयुत चन्द्रदीप नारायण सिंह की दी हुयी जमीन एक बीघा है और झोंपडे भी काफी नही है। इस लीये ज्यादे लडके के पढाने और रखने का प्रबन्ध नही हो रहा है और*

परम पूजनीय

## महात्मा मोहनदास कर्म्मचंद गांधी

की सेवा में ।

बापूजी,

हाजीपुर गांधी विद्यालय के हम सब शिक्षक और छात्रगण आज आप को अपने बीच पाकर सनाथ हुये । हमें सचमुच ऐसी आशा नहीं थी कि जिस विद्यालय की नींव आप ने अपने हाथों दी थी उसको फिर भी देखने का आप को समय मिल सकेगा । इस विद्यालय का आज सौभाग्य हुआ है कि आप के चरणारविंद से यह दूसरी बार पवित्र हो रहा है ।

सन् १९२० के दिसम्बर से सन् १९२१ के सितम्बर तक तो इस विद्यालय का सितारा चमकता रहा । देखने से तो यही मालूम पड़ता था कि अब इसकी जड़ कायम हो गयी है, पर सारे देश में सुस्ती आ जाने के कारण इस विद्यालय की हालत बिगड़ने लगी । बाबू विश्वनाथ प्रसाद सिंह जी ने उदारता-पूर्वक नवम्बर १९२३ से सितम्बर १९२४ तक एक हजार रुपये की सहायता देकर इस विद्यालय को चलाया, पर तौभी धन की कमी से यह विद्यालय सितम्बर १९२४ में शून्यप्राय हो गया । लोगों को यह बात खटकने लगी । सब के दिल में यही बात उठने लगी कि जिस विद्यालय की नींव स्वयं आपने अपने हाथों से दी थी उसको कभी भी नष्ट नहीं होने देना चाहिये । इसी उद्देश्य में आकर सन् १९२५ के अप्रैल मास से इस विद्यालय के पुनरुद्धार का प्रयत्न श्रीयुत मिथिलेश्वरी प्रसाद वर्मा के नेतृत्व में बड़े उत्साह से होने लगा । आज के सद्वायुमण्डल में इन लोगों ने भी चन्दा कर इस विद्यालय को जीवित रखने के लिये दान दिया है इस लिये वे धन्यवाद के पात्र हैं ।

इस तरह यह विद्यालय विघ्न बाधाओं को पार करता हुआ आप के उच्च उद्देश्यों की पूर्ति करने तथा आप के उपदेशों का अनुसरण करने में यत्नवान है । इस में इस समय ४६ छात्र हैं । २७ छात्र शिक्षकों के साथ विद्यालय में ही रहते हैं । सब लड़के चर्खे नियमपूर्वक चलाते हैं और कताई की तेज़ी ३०० गज़ फी घंटे तक की है । विद्यालय में रहने वाले छात्रों तथा शिक्षकों को विद्यालय की ओर से भोजन दिया जाता है । सब शिक्षकों को विद्यालय की ओर से उचित वेतन भी दिया जाता है, पर प्रधानाध्यापक बाबू जनकधारी प्रसाद 'गांधी सेवा संघ' के सदस्य हैं और संघ की अनुमति से वे विद्यालय में हैं इसलिये सब हमारे धन्यवाद के पात्र हैं । इस समय विद्यालय में जगह की कमी है । श्रीयुत चन्द्रदीप नारायण सिंह जी की दी हुयी ज़मीन एक बीघा है और झोंपड़ें भी काफी नहीं हैं । इसलिये ज्यादे लड़कों के पढ़ाने और रखने का प्रबन्ध नहीं हो रहा है और न कृषि-विज्ञान का ही इन्तज़ाम हो रहा है ।

बापूजी, इस विद्यालय के जन्मदाता आप ही हैं और आप का नाम ही इसका एकमात्र अवलम्ब तथा आश्रय है । आप आशीर्वाद दें कि राष्ट्रीय शिक्षा के उद्देश्यों की इस विद्यालय द्वारा पूर्ति हो और इस प्रकार हमलोग राष्ट्र की सेवा में सफल-मनोरथ हों ।

हाजीपुर
ता० १६-१०-२५ ।

आप के आज्ञाकारी—
श्री गांधी विद्यालय
हाजीपुर
के शिक्षक तथा छात्रगण ।

Vidya Press, Muzaffarpur.

*न कृषि विभाग का ही इन्तजाम हो रहा है।*

*बाबुजी, इस विद्यालय के जन्मदाता आप ही है और आपका नाम ही इसका एक मात्र अवलम्ब तथा आश्रय है। आप आशीर्वाद दे कि राष्ट्रीय शिक्षा के उदेश्यों की इस विधालय द्वारा पूर्ति हो और इस प्रकार हमलोंग राष्ट्र की सेवा में सफल मनोरथ हो।*

*हाजीपुर* — *आपके आज्ञाकारी*

*ता. १६-१०-२५* — *श्री गांधी विद्यालय हाजीपुर*

*के शिक्षक तथा छात्रागण*

આજના બિહાર રાજ્યના વૈશાલી જિલ્લાના મુખ્ય મથક હાજીપુર અંગ્રેજ શાસનકાળ દરમિયાન બંગાળના મુજફ્ફરપુર જિલ્લાનું એક નાનકડું શહેર હતું. તેની મુલાકાત ગાંધીજીએ તેમના જીવનકાળ દરમિયાન ત્રણ વાર લીધી હતી.

૧. ૭ ડિસેમ્બર, ૧૯૨૦

૨. ૧૫થી ૧૭ ઑક્ટોબર, ૧૯૨૫

૩. ૧૪ માર્ચ, ૧૯૩૪

પ્રથમ બે મુલાકાતો સાથે આ માનપત્રનું લખાણ સુસંગત છે. ૭ ડિસેમ્બર, ૧૯૨૦ની મુલાકાત દરમિયાન ગાંધીજીએ હાજીપુરમાં શ્રી ગાંધી વિદ્યાલયનો પાયો નાખ્યો હતો. જેનો ઉલ્લેખ આ માનપત્રમાં જોવા મળે છે. ૧૯૨૦માં ગાંધીજીએ સ્થાપેલ પોતાના નામની આ શિક્ષણ સંસ્થામાં ગાંધીજી પાંચ વર્ષ પછી પુનઃ આવ્યા હતા. પરિણામે પાંચ વર્ષના સંસ્થાનાં લેખાંજોખાં અને ચડતીપડતીનો ચિતાર માનપત્રના લખાણનો મુખ્ય વિષય બની રહે તે સ્વાભાવિક છે. માનપત્રમાં તે સ્પષ્ટપણે જોઈ શકાય છે. ગાંધી વિદ્યાલયને મદદ કરનાર મહાનુભાવોના ઉલ્લેખ પણ આ માનપત્રમાં જોવા મળે છે. એ બાબત ગાંધીજી પ્રત્યેના સ્થાનિક મહાનુભાવોનો ભાવ વ્યક્ત કરે છે.

# ૧૨ ભરૂચ જિલ્લા લોકલ બોર્ડનું માનપત્ર

ગુજરાતના ભરૂચ શહેરની ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન નીચે મુજબ પાંચવાર મુલાકાત લીધી હતી.

૧. ૧૯થી ૨૧ ઑક્ટોબર, ૧૯૧૭

૨. ૨ નવેમ્બર, ૧૯૨૦

૩. ૩૧ મે ૧, ૩ જૂન, ૧૯૨૧

૪. ૧૮ એપ્રિલ, ૧૯૨૫

૫. ૨૬ માર્ચ, ૧૯૩૦[૧]

આ માનપત્ર ગાંધીજીને તેમની ત્રીજી મુલાકાત દરમિયાન આપવામાં આવ્યું હતું. ૧૮ એપ્રિલ ૧૯૨૧ના રોજ ગાંધીજી સમની પહોંચ્યા હતા. પ્રથમ આમોદ ઠાકોરના મહેમાન બન્યા. એ પછી જંબુસર મ્યુનિસિપાલિટીના કાર્યક્રમમાં ગયા. ત્યાં તેમને માનપત્ર આપવામાં આવ્યું. પછી કેરવાડામાં ઠાકોરસાહેબના મહેમાન બન્યા. ત્યાંથી વાગરા થઈ ભરૂચ આવ્યા. ભરૂચમાં તેમને મ્યુનિસિપાલિટી અને લોકલ બોર્ડ તરફથી આ માનપત્ર આપવામાં આવ્યું હતું.

ભરૂચ જિલ્લા લોકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ આ ટૂંકા અને સુંદર માનપત્રના આરંભમાં મથાળે આપેલ બે પ્રતીકો હિંદુ-મુસ્લિમ એકતાને અભિવ્યક્ત કરે છે. તેમાં ભરૂચ શહેરની હિંદુ-મુસ્લિમ પ્રજા વચ્ચેના પ્રેમ અને એખલાસનાં દર્શન થાય છે. માનપત્રના આરંભમાં 'ઓમ' અને ઇસ્લામિક 'ચાંદતારા'નું ચિ ત્ર જમણી અને ડાબી બાજુ ભરતકામ દ્વારા અંકિત કરવામાં આવેલ છે. તેની બરાબર વચ્ચે '**રાષ્ટ્ર દેવો ભવ**'નું હિન્દીમાં લખેલ સૂત્ર ખાસ ધ્યાન દોરે છે. ગાંધીજી માટેનું સંબોધન એકદમ સાદું અને સરળ છે. પણ માનપત્રની ગુજરાતી ભાષા અલંકારિક અને અર્થસૂચક છે. માનપત્રનો મૂળ સૂર પ્રાશ્ચાત્ય સંસ્કૃતિ સામેની ગાંધીજીની આધ્યાત્મિક લડત, અને તે માટેની તેમની કટીબદ્ધતા છે. ખાદીના કાપડ ઉપર પ્રિન્ટ કરવામાં આવેલ આ માનપત્રમાં ચારે બાજુ ભરતકામ દ્વારા માનપત્રને શણગારવામાં આવેલ છે. ભરતકામની સુંદર બોર્ડરની અંદર માનપત્રની વિગતો પ્રિન્ટ કરીને લાલ અક્ષરોમાં મૂકવામાં આવેલ છે.

*'માન્યવર મહાત્માજી'*

જેવા સરળ સંબોધનથી માનપત્રનો આરંભ થાય છે. એ પછીનો આખો ફકરો ગાંધીજીનાં કાર્યો, આદર્શો અને જીવનશૈલીને સાંકળી લઈ સંબોધન રૂપે આલેખાયો છે. જેમાં લખ્યું છે,

> ***'અહિંસા પરમો ધર્મ' તથા 'શઠં પ્રત્યપિ સત્ય કુર્થાત્:' એ મહા મં ત્રનું સર્વદા આહવાન કરી, રાજ્યનિતિમાં ધર્મ, સત્ય, અને અહિંસાને સ્થાન દઈ, પ્રાશ્ચાત્ય જડવાદ અને પશુબળને આધ્યાત્મિક બળની સરાસરીમાં પ્રત્યક્ષ પ્રમાણથી નિર્જીવ અને નમાલા દર્શાવી આપનાર, પોતાના સ્નેહ ભાવને દૃષ્ટાંત રૂપે ધરી જગતમાં ભાતૃભાવનાં ઊંડાં બીજ રોપનાર, હિંદની પ્રાચીન સંસ્કૃતિના ભુલાયેલા, અનમોલ તત્ત્વોને આધુનિક હિન્દીઓના જીવનમાં ઉતારવાનું અનુપમ માન ધરાવનાર, મિત્ર તથા શત્રુ***


માન્યવર મહાત્માજી,

*પ્રત્યે સમભાવ અને સ્નેહ દર્શાવવાની અદ્‌ભુત શક્તિ ધરાવનાર, આર્યવર્તનાં બાળકોમાં આત્મશ્રદ્ધા અને સન્માનની અપૂર્વ ભાવના પ્રેરનાર હિન્દ માતાના કર્મવીર પનોતા પુત્ર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીજી !*

*અમો ભરૂચ જિલ્લા લોકલ બોર્ડની હદમાં વસતી પ્રજાના પ્રતિનિધિ, આપનો સ્નેહપૂર્વક, સપ્રેમ સત્કાર કરીએ છીએ.*

*કર્મવીર મહાપુરુષ ! મનુષ્ય જીવનની ઉન્નતિ અર્થે આત્મ શુદ્ધિના અમૂલ્ય બોધ આપ આપી રહ્યા છો તેમાં આપ ફતેહમંદ થઈ દીર્ઘાયુ થાઓ એવી હમારી પરમ કૃપાળુ પ્રભુ પ્રત્યે અંતઃકરણની પ્રાર્થના છે.*

| | |
|---|---|
| *ભરૂચ જિલ્લા લોકલ બોર્ડ ઑફિસ* | *લી* |
| *ભરૂચ* | *આપના દેશબંધુઓ,* |
| *તા. ૧૮ એપ્રિલ, ૧૯૨૫* | *ભરૂચ જિલ્લા લોકલ બોર્ડના* |
| | *પ્રમુખ અને સભાસદો* |

ગાંધીજીના ગુજરાત પ્રવાસ દરમિયાન અપાયેલ આ માનપત્રની વિશિષ્ટતા એ છે કે –

ગાંધીજી માટેનું સંબોધન અત્યન્ત સરળ અને ટૂંકું છે. વળી, સંબોધન પછીનો આખો ફકરો ગાંધીજીના પ્રશંસનીય ગુણોના ઉલ્લેખથી સુશોભિત છે. તેમાં વ્યક્ત થયેલ ભાષાની સમૃદ્ધિ સમગ્ર માનપત્રમાં અનુભવી શકાય છે. તેનો ઉલ્લેખ કરતાં મહાદેવભાઈ દેસાઈ લખે છે,

'ભરૂચમાં ખાદીની ચર્ચાઓ કરનાર ઠીક આવતા હતા, દીક્ષા લેનાર ભાગ્યે જ કોઈ આવેલા જોયા. લોકલ બોર્ડે માનપત્ર આપ્યું એમાં ગાંધીજીના શબ્દોમાં કહું તો છાબડી ભરીને વિશેષણ ને મહાપંડિતને ભડકાવે એવી ભાષા. ખાદી, અસ્પૃશ્યતા નિવારણ જેવી પ્રવૃત્તિ તો એવી ભાષામાં શી રીતે આવી શકે ?'[૨]

ગાંધીજીએ પણ માનપત્રનો પ્રતિભાવ આપતાં પ્રારંભમાં માનપત્રની અલંકારિક ભાષા અંગે કહ્યું હતું,

"તમારા માનપત્રને, પ્રેમથી ઊભરાઈને તમે અપ્રસ્તુત વિશેષણોથી ભરી દીધું છે. હું એને લાયક છું કે નહિ એ જુદી વસ્તુ છે. કઈ રીતે જવાબ આપવો એ મુશ્કેલ વસ્તુ છે. તમારા કામમાં રસ્તા સાફ કરવાનું અને બાળકોને કેળવણી આપવાનું ગણી શકાય. આમાં અંત્યજોનાં બાળકો પણ આવી જાય. આ બધાં સાર્વજનિક અને નાનાં લાગતાં છતાં મહત્ત્વનાં કામો છે ખરાં. પણ એ કરવામાં આ વિશેષણોનો ઉપયોગ નથી......આ સભાથી મારી મુસાફરી સમાપ્ત થાય છે.[૩] ....... અહીં ઉત્સાહનો જે અભાવ લાગે છે તેના માટે ત્રણ કારણો હોય શકે. લોકો, કાર્યકર્તા અને દેશની સ્થિતિ. દેશમાં ઉત્સાહ નથી. એનાં કારણ ગમે તે હોય, પ્રજા કહે કે દોષ બીજા કોઈનો નહિ, દોષ મારો જ છે, કારણ કે મેં એવો કાર્યક્રમ મૂક્યો કે એ કોઈ કરી જ ન શકે. તો હું એ વાત કબૂલ કરીશ....... ચંદુલાલે કહ્યું ભરૂચની પ્રજા માયાળુ છે. હા, માયાળુ ખરી, પણ માયાને શું હું વેચું ? ભરૂચની પ્રજા ભલે માયા ન રાખે પણ સૂતર મારા ઉપર ફેંક્યા જ કરે, ભલે રોષમાં ફેંકાયા કરે એમ માનીને કે આ ઘેલો છે, પણ એને સંતોષવો છે એટલે કાંતીને નાખો થોડું સૂતર - તો એ મને પોસાય એમ છે.[૪]"

ગાંધીજીનો માનપત્ર પરત્વેનો પ્રતિભાવ સ્પષ્ટ જણાવે છે કે ગાંધીજી માનપત્રોનાં ઠાલાં વચનો કે અલંકારિક ભાષાથી રીઝતા ન હતા. તેમને તો નક્કર આચરણમાં રસ હતો. પોતાની ભૂલોને જાહેરમાં સ્વીકારવા જેટલી ગાંધીજીની નૈતિક હિમ્મત પણ તેમના આ વક્તવ્યમાં સ્પષ્ટ જોઈ શકાય છે.

---

૧. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ. ૬૪૧

૨. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, મહાદેવભાઈની ડાયરી, પુસ્તક સાતમું, પૃ. ૩૬૯

૩. આ છેલ્લી સભા પછી ગાંધીજી અમદાવાદ અને તિથલમાં ૨૯ એપ્રિલ સુધી આરામ કરવા રોકાયા હતા. કારણ કે તા. ૧૩ એપ્રિલથી તેમને તાવ રહ્યા કરતો હતો.

૪. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, મહાદેવભાઈની ડાયરી, પુસ્તક સાતમું, પૃ. ૩૭૦, ૩૭૧.

# ૧૩ વીરસદ નિવાસીઓનું માનપત્ર

આજે ગુજરાતના બારડોલી તાલુકા અને આણંદ જિલ્લામાં આવેલ વીરસદ ગામ એ સમયે ખેડા જિલ્લામાં હતું. વીરસદ ગામનું નામ ત્યાં આવેલ વીરેશ્વર મંદિરને કારણે પડ્યાનું મનાય છે. ગાંધીજીએ વીરસદની મુલાકાત બે વાર લીધી હતી. ૧૨,૧૩ ફેબ્રુઆરી ૧૯૨૫ અને ૧૩ માર્ચ, ૧૯૩૧. પ્રથમ મુલાકાત સમયે ગાંધીજીએ વીરસદમાં યોજાયેલ જાહેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જ્યારે બીજી મુલાકાત માત્ર બાય પાસ જેવી ભાસે છે.[૧]

૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૫ મહાવદ ૪ ગુરુવારના રોજ વીરસદ મુકામે ગાંધીજીને આપવામાં આવેલ આ માનપત્રમાં ૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૫ની તારીખ નાખવામાં આવેલી છે. એ બાબત સૂચવે છે કે ગાંધીજીની ૧૨,૧૩ ફેબ્રુઆરી, ૧૯૨૫ની વીરસદની મુલાકાત અગાઉથી નિર્ધારિત હતી.

માનપત્ર ભાષા, વિચાર અને અભિવ્યક્તિની દષ્ટિએ વિશિષ્ટ છે. વીરસદ નિવાસીઓએ ગાંધીજીને આપેલ માનપત્રના મથાળે ગાંધીજી માટે કરેલ સંબોધન અત્યાર સુધી જોયેલાં માનપત્રો કરતાં જરા વિશિષ્ટ લાગે છે.

*"શ્રી જગત વંદનીય પૂજ્ય મહાત્માશ્રી"*

અને એ પછી વીરસદ નિવાસીઓ ગાંધીજીની સ્તુતિમાં લખે છે,

***"આપશ્રીના પરમ પુનીત ચરણકમલ સમક્ષ આ સહૃદય પુષ્પાંજલિ અર્પણ કરતાં અમે વારંવાર વંદન કરીએ છીએ. દીર્ઘ કાળથી ઘોર નિદ્રામાં પડેલી આ મહાન ભારત દેશની જનતાને અહિંસા અને આત્મબળની ધર્મ ભાવનાથી જાગૃત કરી, નવજીવન સીંચી મુક્તિ સ્વાતંત્રને સુપંથે પ્રેરનાર અદ્વિતીય મહાપુરુષ, ભગીરથ પ્રયત્ન ભર્યા દેશ કાર્યના અવિશ્રાંત શ્રમથી શ્રમિત છતાં, અમારા જેવા ગ્રામ્યજનો ઉપર આશીર્વચનો વરસાવવા આજે અત્રે પધાર્યા છો, એ અમારાં અહોભાગ્ય છે !***

***આજના પુણ્યમય દિવસે આપ કર્મવીર મહાત્માશ્રીના પ્રેમપૂર્વક સ્વાગત સાથે, અમને વિદિત કરતાં આનંદ થાય છે કે અમો રેંટિયો અને ખાદી પ્રચાર, હિંદુ-મુસ્લિમ ઐક્યતા તેમજ અસ્પૃશ્યતા નિવારણના મહામંત્રને યથાશક્તિ પોષી રહ્યા છીએ, અને આશા છે કે આજના આપશ્રીના પધારવાથી તેમાં દિનપ્રતિદિન અભિવૃદ્ધિ થશે.***

***ભારતશ્રેષ્ઠ ! આપશ્રીની દરેક રચનાત્મક કાર્યક્રમવાળી ધર્મભાવનાને અનુસરવા અમો નિશ્ચિત છીએ.***

***મહાનુભાવ ! સમુદ્રમાં બિંદુવત અમારી આ માનપત્ર રૂપી શ્રદ્ધાંજલિ આપશ્રી સ્વીકારી અમોને ઉપકૃત કરશોજી. ઇતિ.***

***મીતિ સંવત ૧૯૮૧ના*** — ***લી. અમો છીએ આપશ્રીના સેવકો***

***માહા વદ ૪ ગુરુવાર*** — ***વીરસદ નિવાસીઓ***

***તા. ૧૨.૨.૨૫***

માનપત્રમાં ગાંધીજીને કરેલ માનવાચક સંબોધનો પછી ગાંધીજીનાં ત્રણ રચનાત્મક કાર્યોની નોંધ લેતાં કહેવામાં આવ્યું છે,

શ્રી.

# જગત વંદનીય પૂજ્ય મહાત્માશ્રી

## ( મોહનદાસ કરમચંદ ગાંધીજી )

આપશ્રીના પરમ પુનીત ચરણકમળ સમક્ષ આ અતુલ્ય પુષ્પાંજલી અર્પણ કરતાં, અમે વારંવાર વંદન કરીએ છીએ.

દીર્ઘ કાળથી ઘોર નિદ્રામાં પડેલી આ મહાન ભારત દેશની જનતાને, અહિંસા અને આત્મબળની ધર્મભાવનાથી જાગૃત કરી, નવજીવન સીંચી, મુક્તિ સ્વાતંત્ર્યને સુપથે પ્રેરનાર અદ્વિતીય મહા પુરુષ, ભગીરથ પ્રયત્ન ભર્યા દેશકાર્યના અવિશ્રાંત શ્રમથી શ્રમિત છતાં, અમારા જેવા ગ્રામ્યજનો ઉપર આશીર્વચનો વરસાવવા આજે અત્રે પધાર્યા છો, એ અમારૂં અહોભાગ્ય છે !

આજના પુણ્યમય દિવસે આપ કર્મવીર મહાત્માશ્રીના પ્રેમપૂર્વક સ્વાગત સાથે, અમને વિદિત કરતાં આનંદ થાય છે કે અમો રેંટીઓ અને ખાદી-પ્રચાર, હિન્દુ-મુસલમાન એકયતા, તેમજ અસ્પૃશ્યતા નિવારણના મહામંત્રોને યથાશક્તિ પોષી રહ્યા છીએ, અને આશા છે કે આજના આપશ્રીના પધારવાથી તેમાં દીનપ્રતિદીન અભિવૃદ્ધિ થશે.

ભારતશ્રેષ્ઠ ! આપશ્રીની દરેક રચનાત્મક કાર્યક્રમવાળી ધર્મભાવનાને અનુસરવા અમો નિશ્ચયી છીએ. મહાનુભાવ ! સમુદ્રમાં બિન્દુવત્ અમારી આ માનપત્રરૂપી શ્રદ્ધાંજલિ આપશ્રી સ્વિકારી અમોને ઉપકૃત કરશો જી. ઇતિ.

| | |
|---|---|
| મીતિસંવત ૧૯૮૧ ના<br>માહા વદ ૪ ગુરૂવાર<br>તા. ૧૨-૨-૨૫ | લી. અમો છીએ, આપશ્રીના સેવકો<br>**વીરસદ નિવાસીઓ.** |

'અમો રેંટિયો અને ખાદીપ્રચાર, હિંદુ-મુસ્લિમ ઐક્યતા તેમજ અસ્પૃશ્યતા નિવારણના મહામંત્રને યથાશક્તિ પોષી રહ્યા છીએ.'

ભારતના નાનામાં નાના ગામડા સુધી ગાંધીજીનાં આ ત્રણ કાર્યો રેંટિયો અને ખાદીપ્રચાર, હિંદુ-મુસ્લિમ એકતા અને અસ્પૃશ્યતા પહોંચ્યાની અત્રે પ્રતીતિ થાય છે. અને એ માટે આમ પ્રજા ગાંધીજીને શક્ય તમામ રીતે અનુસરવા તૈયાર ભાસે છે. પણ ગાંધીજીને તેના અમલીકરણમાં પૂરો વિશ્વાસ નથી દેખાતો. પરિણામે વીરસદની સભામાં માનપત્ર સ્વીકાર્યા પછી તેમણે તેમના ભાષણમાં તેનો ઉલ્લેખ કર્યો છે. ભાષણના આરંભમાં વીરસદમાં પોતાના આગમનનો ઉદ્દેશ વ્યક્ત કરતાં ગાંધીજીએ કહ્યું હતું,

'ઈશ્વરી ઘટના તો જુવો. હું શા માટે આવવાનો હતો અને શા માટે આવ્યો ? ડાહ્યાભાઈ અને યશોદાના લગ્નમાં કાશીભાઈએ નિર્ણય કર્યો છે કે લગ્નમાં કોઈ ખોટું ખરચ કરવું નહિ. આનાથી એમના નાતીલાઓનો એમણે રોષ વહોરી લીધો છે.[૨] હું લક્ષ્મીવાનોને નોટિસ આપું છું કે જેની પાસે પૈસા વધી પડ્યા હોય અને વિવાહમાં ખરચ કરવાના હોય તેમણે એ પૈસા મને મોકલી આપવા. હું એનો સદુપયોગ કરીશ. આડંબર માટે કરેલું ખરચ પૈસાનો સારો વ્યય ન કહેવાય. આપણે ઊંધે રસ્તે દોરાયા છીએ. પરિણામે પાટીદાર કોમમાં દીકરીના બાપ થવું અસહ્ય વેદનારૂપ થઈ પડેલું છે. જ્યારે કાશીભાઈએ કહ્યું કે મારે ખરચ કરવું નથી ત્યારે અમે સૌ સંમત થયા. તમારી પણ એમાં સંમતિ માંગું છું. તમે પણ તમારા મનની અંદર પ્રાર્થના કરો કે સાદાઈથી ધાર્મિક ક્રિયાથી આવી વિધિ કરવાની શક્તિ તમારામાં આવે.'

એ પછી ખાદી અને રેંટિયાનો ઉલ્લેખ કરતાં ગાંધીએ કહ્યું,

'તમારા માનપત્ર માટે આભાર માનવાની જરૂર નથી. એના માટે આભાર માનવાનો હોય જ નહિ. માનપત્રમાં તમે ખાદી અને રેંટિયાની વાત કરી છે. જો ખાદીમાં દૈવી શક્તિ ભરેલી હોય, જો રેંટિયામાં સ્વરાજ મેળવી આપવાની શક્તિ હોય અને જો સાચું સુદર્શનચક્ર હોય તો-તો સૌએ ખાદીને અપનાવેલી હોવી જોઈએ. નહિ તો આવા માનપત્ર આપવા અને એમાં રેંટિયા અને ખાદીના વખાણ કરવા થતા બાળાઓ પાસે એના ગીતો ગવરાવવાં એ વ્યર્થ છે.'

- માનપત્રમાં 'અસ્પૃશ્યતા નિવારણના મહામંત્રને યથાશક્તિ પોષી રહ્યા છીએ' એવા ઉલ્લેખ અન્વયે ગાંધીજીની ચકોર નજરે જે જોયું તે દર્શાવતાં ગાંધીજી આગળ કહે છે,

'આ સભામાં અંત્યજો પાછળ કેમ બેઠા છે ? એમની તો હું પૂજા કરું છું. હું મને પોતાને અંત્યજ કહેવડાવીને અભિમાન માનું છું. હું અનેક વાર કહી ચૂક્યો છું કે મને બીજો જન્મ લેવાનો હોય તો હું અંત્યજ જન્મું એવું ઇચ્છું છું.[૩]

ગાંધીજીના ગુજરાતમાં જ જો ગાંધીજીના વિચારોને અમલમાં મૂકવા કરતાં, માત્ર માનપત્રમાં પ્રશંસા પૂરતા સીમિત રાખવામાં આવે તે ગાંધીજીને પસંદ નથી તેવું તેમના પ્રતિભાવમાંથી સ્પષ્ટ થયા છે.

---

૧. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ. ૧૭૭ અને ૨૭૩

૨. સરદાર વલ્લભભાઈ પટેલના પુત્ર ડાહ્યાભાઈ પટેલ ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક હતા. તેમનાં લગ્ન કાશીભાઈની પુત્રી યશોદા સાથે સંપૂર્ણ સાદગીથી કરવાનું કાશીભાઈએ નક્કી કરેલું. ગાંધીજીએ એ નિર્ણયને સહર્ષ અનુમોદન આપ્યું હતું. પણ કાશીભાઈની ન્યાતવાળાઓએ તેનો સખત વિરોધ કર્યો હતો. તે ઘટનાનો અત્રે ઉલ્લેખ છે.

૩. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, મહાદેવભાઈની ડાયરી, પુસ્તક સાતમું, પૃ. ૧૫૮, ૧૫૯

# ૧૪ કન્યા ગુરુકુલ, દેહરાદૂનનું માનપત્ર

ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન દેહરાદૂનની મુલાકાત બે વાર લીધી હતી. પ્રથમ મુલાકાત ૨૩, ૨૪ માર્ચ, ૧૯૧૬ના રોજ લીધી હતી. એ મુલાકાત ભારત પરિભ્રમણ સંદર્ભે હતી. પરિણામે કોઈ જાહેર કાર્યક્રમોનું આયોજન થયું ન હતું. જ્યારે બીજી મુલાકાત ૧૭, ૧૮ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ લીધી હતી. ગાંધીજી ૧૫ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ હરદ્વારથી દેહરાદૂન જવા નીકળ્યા હતા. ૧૬ ઑક્ટોબરના રોજ દેહરાદૂન પહોંચ્યા હતા. ૧૭ ઑક્ટોબરનો દિવસ ગાંધીજી માટે કાર્યક્રમોથી ભરપૂર રહ્યો હતો.

સૌપ્રથમ પુરુષોત્તમદાસ ટંડન (૧૮૮૨-૧૯૬૨)[૧]ના પ્રમુખ સ્થાને મળેલ રાજકીય પરિષદમાં ગાંધીજી હાજર રહ્યા હતા. એ પછી તેમણે શ્રદ્ધાનંદ અબલા આશ્રમનો પાયો નાખ્યો હતો. એ પછી જુદા જુદા સાત કાર્યક્રમોમાં તેમણે ભાગ લીધો હતો. જેમાં ઍંગ્લો વૈદિક કૉલેજ, યુનિયન બોર્ડ, જિલ્લા બોર્ડ, મ્યુનિસિપાલિટી, શિવાજી દળ, મિશન સ્કૂલ, અકાલી દળનો સમાવેશ થાય છે. આ દરેક કાર્યક્રમમાં ગાંધીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું.[૨]

૧૭ ઑક્ટોબરે, ૧૯૨૯ના રોજ તેમણે સવારે રસ્તામાં આવતા દેહરાદૂન કન્યા ગુરુકુળની મુલાકાત લીધી હતી. આચાર્ય રામદેવજી અને કન્યા ગુરુકુળ, દેહરાદૂન સાથે ગાંધીજીનો નાતો ઘનિષ્ઠ હતો. તેની સાક્ષી પૂરતી ૧૯૪૦માં ગાંધીજીએ કરેલ અપીલ આજે પણ કન્યા ગુરુકુળ, દેહરાદૂનમાં યથાવત છે. આચાર્ય રામદેવજીના અવસાન પછી તેમના સ્મારકનિધિ માટે ૨૦-૧૧-૧૯૪૦ના રોજ પોતાના હસ્તાક્ષરમાં ગાંધીજીએ એક લેખિત અપીલ સેવાગ્રામ, વર્ધામાંથી બહાર પાડી હતી. જેમાં લખ્યું હતું,

**'आचार्य रामदेवजी स्मारकनिधि के लीये धन इकट्ठा होगा उसका उपयोग देहरादून कन्या गुरुकुळ चलाने में होगा। एक लाख रूपिये इकट्ठा करने का संरक्षको का संकल्प है। आचार्य रामदेव का कन्या गुरुकुळ के साथ घनिष्ठ सम्बन्ध रहा है। मेरी आशा है की धनभागी इस स्मारक को अपना लेंगे।**

ગાંધીજીની કન્યા ગુરુકુળ દેહરાદૂનની પ્રથમ મુલાકાત દરમિયાન કન્યા ગુરુકુળની કન્યાઓએ તેમને સંસ્કૃત અને તેના હિન્દીમાં અનુવાદવાળું એક માનપત્ર આપ્યું હતું. માનપત્રમાં ક્યાંય માનપત્ર આપ્યાની તારીખ જણાવવામાં આવેલ નથી. અભિનંદનપત્રની નીચે કૌંસમાં આપવામાં આવેલ માનપત્ર આપ્યાની તારીખનું સ્થાન ખાલી જોવા મળે છે. પણ ગાંધીજીની દિનવારી તપાસતાં માલૂમ પડે છે કે આ માનપત્ર ૧૭ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ તેમને આપવામાં આવ્યું છે.[૩] કન્યા ગુરુકુળ, દેહરાદૂનની સ્થાપના ૮ નવેમ્બર, ૧૯૨૩ના રોજ આચાર્ય રામદેવજીએ દિલ્હીમાં કરી હતી. આચાર્ય રામદેવજીએ આર્યસમાજની સ્થાપનામાં પણ નોંધપાત્ર ભાગ ભજવ્યો હતો. ૧ મે, ૧૯૨૭ના રોજ કન્યા ગુરુકુળ દિલ્હીથી દેહરાદૂન લઈ જવામાં આવ્યું હતું. આજે પણ તે કન્યા કેળવણીનું ઉમદા કાર્ય કરી રહેલ છે. એક યુવા ક્રાંતિકારી સંન્યાસી તરીકે ગાંધીજી આચાર્ય રામદેવજીથી ખાસ્સા પ્રભાવિત હતા. ગાંધીજીની મુલાકાત સમયે તેઓ કન્યા ગુરુકુળના આચાર્ય તરીકે કાર્ય કરતા હતા.

ઓમ શબ્દને 'ઓ ૩ મ્' શબ્દરચના દ્વારા આલેખી માનપત્રનો આરંભ કરવામાં આવેલ છે. માનપત્રની ચારે બાજુ બે બોર્ડર બનાવવામાં આવેલ છે. માનપત્રના ચારે ખૂણાઓ પર ચાર વેદોનાં નામો લખવામાં આવ્યાં છે. જ્યારે માનપત્રની ડાબી અને જમણી બાજુ અથર્વવેદની ઋચા લખેલી છે. જ્યારે માનપત્રના

* ओ३म् *

• वन्दे-मातरम् •

कन्यागुरुकुल (देहरादून) वास्तव्याभिश्छात्राभिः समर्पितम्

श्रीमन्मोहनदास कर्मचन्द्र गान्धिमहात्मनां चरणारविन्देषु

# अभिनन्दन पत्रम् ।

( तिथि ............................................ )

भगवन् ! चरणयुगे प्रणमामो वयम् । भवतः स्वागतमाकलयामो वयम् ॥
आगतं नः सुप्रभातं, द्योतते भुवि दिव्यता ।
सुप्रसन्नाऽस्मासु नूनं, भगवती भवितव्यता । भवतो दर्शनशर्म भजामो वयम् ॥ १ ॥
निर्मला जगतीतले ते कीर्तिगाथा गीयते ।
पावनं चरिताऽमृतं ते केन कुत्र न पीयते ? श्रोतुं पुण्यवचः स्पृहयामो वयम् ॥ २ ॥
तां कुशलवसुतां पयोधेः पारतः प्रत्यानयन् ।
भारते विस्तीर्णरावणराज्यमाशु विनाशयन् । रामस्त्वमसि स एव वदामो वयम् ॥ ३ ॥
चालयन् चक्रं सुदर्शनमेवमसुरान् घर्षयन् ।
नग्नभारतभूजनन्यै भूरि वस्त्रं स्पर्शयन् । कृष्णस्त्वमसि ध्रुवं कथयामो वयम् ॥ ४ ॥
श्रीमतः स्वीया कुटीयं श्रीमतः पुत्र्यो वयम् ।
श्रीमतो दययाऽद्य जातं नो दिनं मङ्गलमयम् । किमतोऽप्यधिकमिहाऽभिलषामो वयम् ॥ ५ ॥
पूज्य ! पूजयितुं पदं ते वारि पुष्पं चन्दनम् ।
तुच्छमस्ति समस्तमेतत्, स्यात् कथं ते वन्दनम् । श्रद्धावत्सुमनः प्रणयामो वयम् ॥ ६ ॥

अनुवादः—

हे भगवन् हम आपके चरण युगल में प्रणाम करती हैं और आपका स्वागत करती हैं ।
आज हमारा सुप्रभात है, आज पृथिवी पर स्वर्गीय शोभा प्रकाशित होरही है ।
आज हम पर होनहार प्रसन्न हुई है कि हम दर्शनसुख को अनुभव कर रही हैं ।
आज आपकी कीर्ति-कथा संसार में गाई जा रही है
आपके पवित्र चरिताऽमृत को सर्वत्र लोग प्रेम से पान कर रहे हैं । आपके पुनीत वचनों को सुनने की हमें चाह है ।
समुद्र के पार पहुंची हुई सीतारूप भारत लक्ष्मी को आप वापिस ला रहे हैं
भारत में विस्तृत रावणराज्य का आप संहार कर रहे हैं, इस लिये हम तो कहती हैं कि आप भी राम हैं ।
सुन्दर सुदर्शनचक्रसदृश चरखे को चलाकर आप असुरों का नाश कर रहे हैं,
द्रौपदी के समान वस्त्रहीन भारतमाता को आप वस्त्र दान कर रहे हैं, इस लिये हम आपको निश्चय ही श्री कृष्ण समझती हैं ।
यह कुटिया आप ही की है, हम आप ही की पुत्रियां हैं,
आपकी कृपा से हमारा आज का दिन मंगलमय होगया, हमें इससे अधिक क्या चाहिये ?
हे पूजनीय भगवन् ! आपके चरणों की पूजा करने के लिये जल, फूल, चन्दन
आदि समस्त वस्तुएं अत्यन्त तुच्छ हैं, तो हम कैसे आपका वन्दन करें ? तो भी श्रद्धा की सुगन्ध से सुगन्धित अपने मनरूप कुसुमों को आपके चरणों में हम भेंट करती हैं, इसे स्वीकार कीजिये ।

प्रणता वयं भवच्चरणारविन्देषु
कन्यागुरुकुलीयाश्छात्राः

ऋक् • यजुः • साम • अथर्व

• तस्मात् सहस्रस्तेऽभियाहृषि वर्चय • अथर्व १।१३।१

• सा नो भूमिः विसृजतां माता पुत्राय मे पयः • अथर्व १२।१।१०

• व्यचिष्ठे बहुपाय्ये यतेमहि स्वराज्ये • ऋक् ५।६६।६

અંતે ઋગ્વેદની ઋચા ટાંકવામાં આવેલ છે. માનપત્રનું પ્રિન્ટિંગ 'દેહરા ટાઇમ્સ પ્રેસ, દેહરાદૂન'માં થયાનું માનપત્રના અંતે આપવામાં આવેલ પ્રેસ લાઈન દ્વારા જાણી શકાય છે. માનપત્રનો આરંભ ગાંધીજી માટેના વિશિષ્ટ સંબોધનથી થયેલ છે.

*श्रीमन्मोहनदास कर्मचन्द्र गान्धिमहात्माना चरणारविन्देषु*

*अभिनन्दन पत्रम्*

*हे भगवान् हम आपके चरण युगलमें प्रणाम करती है और आपका स्वागत करती है।*
*आज हमार सुप्रभात है, आज पृथिवी पर स्वर्गीय शोभा प्रकाशित हो रही है।*
*आज आप की कीर्तिगाथा संसार में गाई जा रही है।*
*आज आपके पवित्र चरिताऽमृत को सर्वत्र प्रेम से पान कर रहे है।*
*आप के पुनीत वचनो को सुनने की हंमे चाह है।*
*समुद्र के पार पहुंची हुई सीतारुपी भारत लक्ष्मी को आप वापिस ला रहे है।*
*भारत में विस्तृत रावणराज्य का आप संहार कर रहे है,*
*इसी लिये हम तो कहती है कि आपश्री राम है।*
*सुन्दर सुदर्शनचक्रसदृश चरखे को चलाकर आप असुरों का नाश कर रहे है।*
*द्रौपदी के समान वस्त्र हीन भारत माता को आप वस्त्र दान कर रहे है,*
*इस लिये हम आपको निश्चय ही श्री कृष्ण समझती है।*
*यह कुटिया आप ही की है, हम आपकी पुत्रीयां है।*
*आपकी कृपा से हमारा आज का दिन मंगलमय हो गया, हंमे इससे*
*अधिक क्या चाहिये ?*
*हे पूजनीय भगवान्! आप के चरणो की पूजा करने के लिये जल,*
*फूल, चंदन आदि समस्त वस्तुए अत्यन्त तुच्छ है, तो हम कैसे आपका वन्दन करे ?*
*तो भी श्रध्धा की सुगन्ध से सुगन्धित अपने मनरूप कुसुम को आपके चरणो में हम भेट करती है, इसे स्वीकार कीजिओ!*

*प्रणतावर्य भवच्चरणाविन्देषु*
*कन्यागुरुकुलीयाशछात्रा :*

રંગીન સાદા કાગળ ઉપર પ્રિન્ટ કરેલ આ માનપત્રની ભાષા અને વિચાર અદ્ભુત છે. જેમાં ગાંધીજીની તુલના ભગવાન રામ સાથે કરી, રાવણ રાજ્યનો નાશ કરનાર રામ તરીકે માનપત્રમાં ગાંધીજીને દર્શાવવામાં આવેલ છે. સમુદ્ર પાર જઈ રહેલી સીતા રૂપી ભારતની લક્ષ્મીને ભારતમાં પરત લાવવાના ગાંધીજીના પ્રયાસોની નોંધ માનપત્રમાં લેવામાં આવી છે. સુદર્શનચક્ર સમા ચરખા દ્વારા ગાંધીજી અસુરોનો નાશ કરી રહ્યા છે. વસ્ત્રહીન દ્રૌપદી સમાન ભારતને વસ્ત્રો પ્રદાન કરનાર શ્રીકૃષ્ણ તરીકે ગાંધીજીની તુલના માનપત્રમાં કરવામાં આવેલ છે. ગાંધીજીને ભગવાનના સ્વરૂપે સ્વીકારી તેમની પૂજાઅર્ચના માટે જળ, ફૂલ અને ચંદન



# आचार्य रामदेव स्मारक

के सम्बन्ध में

# महात्मा गांधी जी की कन्या गुरुकुल के लिए अपील

सेवाग्राम,
वर्धा
२०-११-४०

आचार्य रामदेव स्मारक
निधि के लिये जो धन
इकट्ठा होगा उसका
उपयोग देहरादून कन्या
गुरुकुल चलाने में
होगा। एक लाख रुपैये
इकट्ठा करने का संकल्प
किया है। आचार्य रामदेव
का कन्या गुरुकुल के
साथ घनिष्ठ संबंध रहा है।
मेरी आशा है कि धनी
लोग इस स्मारक को अपनायेंगे।

मोहनदास गांधी

અત્યંત તુચ્છ છે. પરિણામે ગાંધીજીનાં ચરણોમાં શ્રદ્ધાનાં સુગંધી સુમન કન્યાગુરુકુળની છાત્રો રજૂ કરે છે.

માનપત્ર સમારંભની વિગતો આપતા ગાંધીજીના અક્ષરદેહમાં લખ્યું છે,

**'બીજે દિવસે મસુરી જતાં રસ્તામાં ગાંધીજીએ કન્યાગુરુકુળની મુલાકાત લીધી. અહીંનું માનપત્ર સંસ્કૃતમાં હતું. અને કન્યાઓએ મીઠે સ્વરે ગાઈ સંભળાવ્યું હતું. શ્રીમતી વિદ્યાદેવીએ એક ટૂંકું ને ટચ ભાષણ આપ્યું. જેમાં આ સંસ્થા ચલાવવા સંબંધી તેમની મુશ્કેલીઓ અને અગવડોનું વર્ણન હતું. તે પછી કાંતણની હરીફાઈ શરૂ થઈ, જેમાં ગાંધીજી, શ્રીમતી કસ્તુરબા અને શ્રીમતી મીરાંબહેન જોડાયાં. ગુરુકુળની કન્યાઓએ કાંતેલ સૂતરનો મોટો ઢગલો પણ ગાંધીજીને ભેટ આપવામાં આવ્યો. પણ ગાંધીજીએ તેમાંથી કાપડ વણાવીને પોતાને મોકલવા પાછો આપ્યો. બાળાઓને આશીર્વાદ આપતાં ગાંધીજીએ આશા પ્રગટ કરી કે થોડા સમયમાં સંસ્થાને પોતાનું મકાન મળી જશે. જેથી હાલની અનિશ્ચિત સ્થિતિ ઝાઝા દિવસ ચાલશે નહિ**[૪]

ગાંધીજીને મળેલા અનેક માનપત્રોમાં દેહરાદૂનની કન્યા ગુરુકુળ દ્વારા આપવામાં આવેલ આ માનપત્ર વિશિષ્ટ સ્થાન ધરાવે છે

---

૧. શ્રી પુરુષોત્તમદાસ ટંડન ગાંધીજીના અંતેવાસી, સ્વાતંત્ર્ય સૈનિક, હિન્દી પ્રચારક અને ભારતરત્ન પુરસ્કારથી સન્માનિત

૨. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૦, ૨૬૧

૩. એજન, પૃ. ૨૬૨.

૪. ગાંધીજીનો અક્ષરદેહ-૪૨, પૃ.૭૧.

# ૧૫ જંબુસર મ્યુનિસિપાલિટીનું માનપત્ર

ગાંધીજીને મળેલાં માનપત્રોનાં ભૌતિક માધ્યમો પણ ભિન્નભિન્ન જોવા મળે છે. અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે તે કાપડ, કાષ્ટ, કાગળ, પતરા કે અન્ય કોઈ ધાતુમાં આપવામાં આવ્યાં છે. અત્રે રજૂ થયેલ માનપત્ર ખાદીના સુતરાઉ કાપડ પર લખવામાં આવ્યું છે. આવાં માનપત્રોની સાચવણી અવશ્ય મુશ્કેલ હોય છે. છતાં આ માનપત્ર તેની યથા સ્થિતિમાં જળવાય રહ્યું હોઈ, વાંચનયોગ્ય રહ્યું છે. માનપત્રમાં ખાદીના કાપડની ચારે બાજુ ભરતકામ દ્વારા સુંદર ભાત પાડવામાં આવેલ છે. માનપત્રના લખાણની ઉપર આરંભમાં ભરતકામ દ્વારા ગાંધીજીના ચરખાનું ચિત્ર બનાવવામાં આવ્યું છે. જે ભરતકામ સાથે એટલું ઓતપ્રોત થઈ ગયું છે કે ધારીને જોવાથી જ તે ચિત્ર  જોઈ શકાય છે. વળી, ચરખાના ચક્રમાં પણ પાંદડીઓ સાથેનું ફૂલ સુંદર રીતે ભરેલું જોવા મળે છે.

ગુજરાતના જંબુસર શહેરની મ્યુનિસિપાલિટીના પ્રમુખ અને સભાસદો દ્વારા આપવામાં આવેલ આ માનપત્રના અંતે કૉંગ્રેસ પ્રેસ, પીરકોઠી રોડ, ભરૂચ લખવામાં આવેલ છે. જે દર્શાવે છે કે માનપત્ર એ પ્રેસમાં પ્રિન્ટિંગ કરવામાં આવેલ છે.

ગાંધીજી ૧૮ એપ્રિલ, ૧૯૨૫ના રોજ સમની(ગુજરાત, જિ. ભરૂચ) પહોંચ્યા હતા. ત્યાંથી આમોદના ઠાકોર સાહેબના મહેમાન બન્યા. ત્યાંથી જંબુસર પહોંચ્યા. ગાંધીજીના આગમનના માનમાં જંબુસર નગરપાલિકાએ એક સમારંભનું આયોજન કર્યું હતું. એ સમારંભમાં ગાંધીજીને જંબુસર મ્યુનિસિપાલિટીના પ્રમુખ અને સભાસદો તરફથી આ માનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યાંથી તેઓ કેરવાડના ઠાકોર સાહેબના મહેમાન બન્યા હતા. ત્યાંથી વાગરા આવ્યા. વાગરાથી ભરૂચ આવ્યા. ભરૂચમાં પણ તેમને નગરપાલિકા અને લોકલ બોર્ડના સભ્યો તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો ગાંધીજીની વ્યસ્તતાનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. એક દિવસમાં પાંચ ગામોની મુલાકાત અને બે માનપત્રો એ સમયની ગાંધીજી પ્રત્યેની ભારતના લોકોની લાગણી અને અપેક્ષા વ્યક્ત કરે છે.

માનપત્રના મથાળે ભરતકામ દ્વારા ગાંધીજીના ચરખાની બરાબર નીચેથી માનપત્રનો આરંભ થાય છે.

માનપત્રના સંબોધનમાં લખ્યું છે,

*"પૂજ્યશ્રી કર્મવીર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીજી"*

એ પછી માનપત્રમાં લખ્યું છે,

***"અમો જંબુસર મ્યુનિસિપાલિટીના પ્રમુખ અને કાઉન્સિલરો જંબુસરની પ્રજા તરફથી આપના આ આગમનને હૃદયપૂર્વક અભિનંદન આપીએ છીએ, અને આ સુયોગનો લાભ લઈ યત્કિંચત્ સેવા તરીકે આપના તરફનો અમારો પૂજ્યભાવ દર્શાવવા રજા લઈએ છીએ.***

***આપશ્રીની અત્યાર સુધીની જિંદગીની શ્રેણી ખરેખર આખા જગતને એક આદર્શ નીવડી છે, આપશ્રીના સ્વરાજપ્રાપ્તિના અર્થમાં વ્યક્તિગત સંપૂર્ણ શુદ્ધતા સાથે કુટુંબપ્રેમ, દેશપ્રેમ અને વિશ્વપ્રેમ એ આધ્યાત્મિક મંત્રનો સમાવેશ થઈ જાય છે, અને તે આધારે આપે કેળવેલી આપની નિખાલસતા, નિડરતા, વીરતા, કોમળતા, સત્યતા, પ્રમાણિકતા, અને દક્ષતા એકી વખતે કોઈ વ્યક્તિમાં આજ સુધી દૃષ્ટિગોચર થઈ નથી.***



પૂજ્યશ્રી કર્મવીર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીજી,

અમો જંબુસર મ્યુનિસિપાલિટિના પ્રમુખ અને કાઉન્સીલરો જંબુસરની પ્રજા તરફથી આપના આ આગમનને હૃદયપૂર્વક અભિનંદન આપીએ છીએ, અને આ સુયોગનો લાભ લઈ યત્કિંચિત્ સેવા તરીકે આપના તરફનો અમારો પૂજ્યભાવ દર્શાવવા રજા લઈએ છીએ.

આપશ્રીની અત્યાર સુધીની જિંદગીની સેવા ખરેખર આખા જગતને એક આદર્શરૂપ નીવડી છે.

આપશ્રીના સ્વરાજ પ્રાપ્તિના અર્થમાં વ્યક્તિગત સંપૂર્ણ શુદ્ધતા સાથે કુટુંબપ્રેમ, દેશપ્રેમ અને વિશ્વપ્રેમ એ આધ્યાત્મિક મંત્રનો સમાવેશ થઈ જાય છે, અને તે આધારે આપે કેળવેલી આપની નિખાલસતા, નિડરતા, વીરતા, કોમળતા, સત્યતા, પ્રમાણિકતા અને દક્ષતા એકી વખતે કોઈ વ્યક્તિમાં આજસુધી દ્રષ્ટિગોચર થઈ નથી.

આપશ્રીએ દેશહિતના કાર્યોમાં ઉઠાવેલાં પારાવાર કષ્ટોનું એકીકરણ કરીને કોઈ સ્મરણ કરાવે, તો પાષાણ હૃદયના માણસનું હૃદય પણ પીગળી જાય; એટલું જ આ સ્થળે કહેવું બસ થશે, અને તેને માટે અમો હિંદીઓ આપશ્રીના સદાના ઋણી છીએ.

અમો જાણીએ છીએ કે, મ્યુનિસિપાલિટિઓ, લોકલ બોર્ડો વગેરે સંસ્થાઓ સ્વરાજ પ્રાપ્તિના અંગો છે; પરન્તુ આપના ઉપર જણાવેલા એ મહામંત્રને ઉદ્દેશી જ્યાં સુધી કાર્ય થાય નહિ, ત્યાં સુધી સંગીન ફાયદો થવાની આશા ઓછી છે.

આપશ્રીની હાલની પ્રવૃત્તિના અંગે નિશ્ચિત કરેલા કાર્યક્રમ પૈકી પ્રથમ હિંદુ-મુસલમાનની એક્યતા સંબંધી આપને જણાવવાને અમો રજા લઈએ છીએ અને અમને જણાવતાં આનંદ થાય છે કે, અમારા આ કસ્બામાં હિંદુ-મુસલમાન ભ્રાતૃભાવ સાચવી રહ્યા છે, અને એક બીજા પ્રત્યે માનની દ્રષ્ટિથી જુએ છે તથા એક બીજાના કાર્યમાં સહાનુભૂતિ દર્શાવે છે. ઉપરાંત આપને જાણીને વધુ આનંદ થશે, કે ગોવધના સવાલમાં પણ હિંદુઓની ધર્મની લાગણીને મુસલમાન ભાઈઓ તરફથી સ્વેચ્છાથી માન અપાય છે અને તે અત્રેના મુસલમાન ભાઈઓની સજ્જનતા દર્શાવે છે.

રેંટિયામાં—આપના મહામંત્ર-ખાદીનું પણ આ સ્થળે વિસ્મરણ થતું નથી પરંતુ તે તરફ અમારી પ્રગતિ મંદ હોવાથી વિશેષ કહી શકતા નથી. છતાં તેમાં આપનું પ્રોત્સાહન તો ઇચ્છીએ છીએ.

આપ જેવા મહાત્માશ્રી જગતવંદ્ય મહાપુરૂષને અમારી નાની મ્યુનિસિપાલિટિ તરફથી કોઈ વિશેષ ન બની શકવાથી આટલેથી વિરમીએ છીએ, અને આપશ્રીએ લીધેલા શ્રમને માટે આપનો અંતઃકરણપૂર્વક આભાર માની આ માનપત્ર આપના ચરણકમળમાં નમ્રભાવે અર્પણ કરીએ છીએ; અને ઇચ્છીએ છીએ કે, અમારા કાર્યો તરફ હંમેશ આપ સહાનુભૂતિ રાખશો અને પ્રસંગવશાત આપના દર્શનનો લાભ આપશો.

છેવટ શ્રી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે, આપને તે દયાળુ પ્રભુ તન્દુરસ્તી બક્ષે અને લાંબુ આયુષ્ય આપે અને આપે માથે વહોરેલા મહત્કાર્યમાં સત્વર મદદ કરી ફતેહ આપે.

શાન્તી ! શાન્તી ! શાન્તી !!

જંબુસર મ્યુનિસિપલ ઓફીસ<br>જંબુસર.<br>તા. ૧૮ મી એપ્રીલ ૧૯૨૫

લી૦<br>આપના દેશ બંધુઓ,<br>જંબુસર મ્યુનિસિપાલિટિના<br>પ્રમુખ અને સભાસદો

કોમર્સ પ્રેસ, પીરબી રોડ-ભરૂચ.

આપશ્રીએ દેશહિતનાં કાર્યોમાં ઉઠાવેલ પારાવધિ કષ્ટોનું એકીકરણ કરીને કોઈ સ્મરણ કરાવે, તો પાષાણ હૃદયના માણસનું હૃદય પણ પીગળી જાય; એટલું જ આ સ્થળે કહેવું બસ થશે, અને તેને માટે અમે હિંદીઓ આપશ્રીના સદાના ઋણી છીએ.

અમો જાણીએ છીએ કે, મ્યુનિસિપાલિટીઓ, લોકલ બોર્ડ વગેરે સંસ્થાઓ સ્વરાજ્ય પ્રાપ્તિનાં અંગો છે, પરન્તુ આપના ઉપર જણાવેલા એ મહામંત્રને ઉદ્દેશી જ્યાં સુધી કાર્ય થાય નહિ, ત્યાં સુધી સંગીન ફાયદો થવાની આશા ઓછી છે.

આપશ્રીની હાલની પ્રવૃત્તિના અંગે નિર્ણિત કરેલ કાર્યક્રમ પૈકી પ્રથમ હિંદુ-મુસલમાનની ઐકયતા સંબંધી આપને જણાવવાને અમો રજા લઈએ છીએ અને અમને જણાવતાં આનંદ થાય છે કે, અમારા કસ્બામાં હિંદુ-મુસલમાન ભ્રાતૃભાવ સાચવી રહ્યા છે, અને એકબીજા પ્રત્યે માનની દૃષ્ટિથી જુએ છે. તથા એકબીજાના કાર્યમાં સહાનુભૂતિ દર્શાવે છે. ઉપરાંત આપને જાણીને વધુ આનંદ થશે કે, ગૌવધના સવાલમાં પણ હિંદુઓની ધર્મની લાગણીને મુસલમાન ભાઈઓ તરફથી સ્વેચ્છાથી માન અપાય છે અને તે અત્રેના મુસલમાન ભાઈઓની સજ્જનતા દર્શાવે છે.

વિશેષમાં :- આપના મહામંત્ર- ખાદીનું પણ આ સ્થળે વિસ્મરણ થતું નથી, પરંતુ તે તરફ અમારી પ્રગતિ મંદ હોવાથી વિશેષ કહી શકતા નથી. છતાં તેમાં આપનું પ્રોત્સાહન તો ઇચ્છીએ છીએ. આપ જેવા મહત્ત્વાકાંક્ષી જગતવંદ્ય મહાપુરુષને અમારી નાની મ્યુનિસિપાલિટી તરફથી કંઈ વિશેષ ન બની શકવાથી આટલેથી વિરમીએ છીએ, અને આપશ્રીએ લીધેલા શ્રમને માટે આપનો અંતઃકરણપૂર્વક આભાર માની, આ માનપત્ર આપના ચર્ણ કમળમાં નમ્રભાવે અર્પણ કરીએ છીએ, અને ઇચ્છીએ છીએ કે, અમારાં કાર્યો તરફ હંમેશાં આપ સહાનુભૂતિ રાખશો અને પ્રસંગવસાત આપનાં દર્શનનો લાભ આપશો.

છેવટે શ્રી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે, આપને તે દયાળુ પ્રભુ તંદુરસ્તી બક્ષે અને લાંબું આયુષ્ય આપે અને આપે માથે વહોરેલા મહતકાર્યમાં સત્વરે મદદ કરી ફતેહ આપે.

શાંતિ ! શાંતિ ! શાંતિ ! !

જંબુસર મ્યુનિસિપલ ઑફિસ<br>જંબુસર<br>તા. ૧૮ એપ્રિલ, ૧૯૨૫

લી<br>જંબુસર મ્યુનિસિપાલિટીના પ્રમુખ અને સભ્યો

કૉંગ્રેસ પ્રેસ, પીરકોઠી રોડ, ભરૂચ

માનપત્રમાં મુખ્યત્વે બે બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે.

૧. કોમી એખલાસ અને ગૌહત્યા ન કરવા મુસ્લિમોની કટીબદ્ધતા

૨. ખાદીપ્રચાર પ્રત્યેની ઓછી સક્રિયતા

ઉપરોક્ત બંને બાબતો એ યુગમાં જેટલી મહત્ત્વની હતી એટલી આજે પણ મહત્ત્વની અને સમાજ માટે અનિવાર્ય છે. એ યુગમાં જંબુસરમાં કોમી એખલાસ હતો એમ દર્શાવવા પાછળનો ઉદ્દેશ કોમી એખલાસ એ સમયની પણ માંગ હતી એમ પ્રતિપાદિત કરે છે. આજે આઝાદીનાં ૬૭ વર્ષ પછી પણ આપણા સમાજમાં તેની તાતી જરૂર જણાય છે. એ સાચ્ચે નોંધનીય બાબત છે.

---

૧. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ.૧૮૪

# ૧૬ નવસારી શહેરના નાગરિકોનું માનપત્ર

*શ્રી*

*મહાત્મા ગાંધીજીની સેવામાં : -*

*આપે અત્રે પધારી નવસારી નાગરિકો તરફથી આ અમારું માનપત્ર સ્વીકારવાની કૃપા કરી છે તે માટે નવસારીના શહેરીઓ તરફથી અમો, નવસારી સુધરાઈના પ્રમુખ અને સભાસદો, આપશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.*

*આપનો ત્યાગ અદ્વિતીય છે, આપની તપશ્ચર્યા મહાન છે, આપનો પ્રાણીમાત્ર તરફ પ્રેમ અપાર છે, દેશોન્નતિની આપને ભારે ઉત્કંઠા છે. માહો માહેના તરેહવાર જાતના નાના મોટા કુસંપથી નિર્બળ થતા આપણા કમનશીબ દેશની આબાદી માટે, જુદી જુદી કોમોને એકત્ર કરવાના આપના અથાગ પ્રયાસ જગજાહેર છે. પછાત વર્ગના ઉદ્ધાર માટેની આપની તીવ્ર લાગણીથી તેમની સ્થિતિ ઘણે દરજ્જે સુધરતી જાય છે. અમારા કૃપાળુ શ્રીમંત મહારાજ સાહેબ[1]ના યશસ્વી રાજ્યઅમલમાં તેઓશ્રીએ એ દિશામાં ઘણાં વર્ષોથી પ્રયત્નો આદર્યા છે, અને આપના કાર્યથી તેને નવજીવન મળ્યું છે. રેંટિયા તથા ખાદી પ્રચારના આપના ચાલુ પરિશ્રમથી આપણા નિર્ધન દેશના ગૃહઉદ્યોગને ઉત્તેજન મળી દેશથી આર્થિક સ્થિતિમાં સુધારો થયા વગર રહેશે નહિ. આપશ્રીની સાદાઈ, સત્યતા, પવિત્રતા અને સ્વાર્થત્યાગના ઉત્તમ ગુણોથી ભરપુર એવા નમૂનેદાર જીવનના દાખલાથી દેશસેવા કરવાને હિંદના ઘણા સપૂતો તૈયાર થતા જાય છે.*

*આપણી આ ઐતિહાસિક માતૃભૂમિના આપ એક માત્ર મહાન પુત્ર છો. લોકકલ્યાણ અર્થે આપની સેવા અગણિત અને અમૂલ્ય છે. આર્યપુત્રોની આબાદી સાધવા આપ પૂર્ણ તંદુરસ્તીસહ દીર્ઘાયુ રહો એવી અમારી પ્રભુ પ્રત્યે ખરા જીગરની પ્રાર્થના છે.*

*અમો છીએ આપશ્રીના નમ્ર સેવકો,*

નવસારી શહેરના સુધરાઈ પ્રમુખ અને સભાસદો

નવસારી શહેરના સુધરાઈ પ્રમુખ અને સભાસદો દ્વારા આપવામાં આવેલા આ માનપત્રમાં સુધરાઈ પ્રમુખ દિનશા રતનજી દાવરની સહી સાથે અન્ય ૧૮ સભ્યોની અવાચ્ય સહીઓ જોવા મળે છે. માનપત્રની ભાષા એ યુગની ઝાંખી કરાવે છે. માનપત્રમાં ક્યાંય માનપત્ર આપ્યાની તારીખ આપવામાં આવી નથી. ગાંધીજીએ નવસારીની મુલાકાત લગભગ છ વાર લીધી હતી.[2] ઐતિહાસિક આધારો તપાસતાં ૧૬ એપ્રિલ, ૧૯૨૫ની મુલાકાત દરમિયાન તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું.[3]

એ દિવસ પણ ગાંધીજી માટે અત્યંત સક્રિય રહ્યો હતો. બીલીમોરાથી ગાંધીજી સપા આવ્યા. ત્યાં તેમણે ગુરુકુળની મુલાકાત લીધી. ગુરુકુળમાં તેમને માનપત્ર આપવામાં આવ્યું. ત્યાંથી સીસોદર અને કાલિવાડી થઈને તેઓ નવસારી આવ્યા. નવસારીમાં તેમણે અંત્યજ આશ્રમ અને પારસી અગિયારીની મુલાકાત લીધી. એ પછી મ્યુનિસિપાલિટીના માનપત્ર અર્પણ કાર્યક્રમમાં ભાગ લીધો. આ અંગે મહાદેવભાઈ દેસાઈ લખે છે,

**"નવસારીમાં બીજા કાર્યક્રમ પણ સહેજે ઉત્પન થઈ ગયા, ગાંધીજીના ઉપવાસ વખતે ખાસ જશન (ઉત્સવ)**



શ્રી

મહાત્મા ગાંધીજીની સેવામાં:—

આપે અત્રે પધારી નવસારી શહેરના નાગરિકો તરફથી આ હમારું માનપત્ર સ્વીકારવા કૃપા કરી છે તે માટે નવસારીના શહેરીઓ તરફથી હમો, નવસારી સુધરાઇના પ્રમુખ અને સભાસદો, આપશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આપનો ત્યાગ અદ્વિતીય છે, આપની તપશ્ચર્યા મહાન છે, આપનો પ્રાણી માત્ર તરફ અપાર પ્રેમ છે, દેશોન્નતિની આપને ભારે ઉત્કંઠા છે. માદક માહિના તરેહવાર જાતના નાના મોટા કુસંપોથી નિર્મળ થતા આપણા કમનશીબ દેશની આબાદી માટે, જુદી જુદી કોમોને એકત્ર કરવાના આપના અથાગ પ્રયાસ જગજાહેર છે. પછાત વર્ગના ઉદ્ધાર માટેની આપની તીવ્ર લાગણીથી તેમની સ્થિતિ ઘણે દરજ્જે સુધરતી જાય છે. અમારા કૃપાળુ શ્રીમંત મહારાજા સાહેબના યશસ્વી રાજ્યઅમલમાં તેઓશ્રીએ એ દિશામાં ઘણાં વર્ષોથી પ્રયત્નો આદર્યા છે, અને આપના કાર્યથી તેને નવજીવન મળ્યું છે. રેંટીયા તથા ખાદી પ્રચારના આપના ચાલુ પરિશ્રમોથી આપણા નિર્ધન દેશના ગૃહઉદ્યોગને ઉત્તેજન મળી દેશની આર્થિક સ્થિતિમાં સુધારો થયા વગર રહેશે નહીં. આપશ્રીની સાદાઇ, સત્યતા, પવિત્રતા અને સ્વાર્થત્યાગના ઉત્તમ ગુણોથી ભરપૂર, એવા નમુનેદાર જીવનના દાખલાથી દેશસેવા કરવાને હિંદના ઘણા સપુતો તૈયાર થતા જાય છે.

આપણી આ ઐતિહાસિક માતૃભૂમિના આપ એક મહાન પુત્ર છો. લોકકલ્યાણ અર્થે આપની સેવા અગણિત અને અમૂલ્ય છે. આર્યપુત્રોની આબાદી સાધવા આપ પૂર્ણ તંદુરસ્તીસહ દીર્ઘાયુ રહો એવી હમારી પ્રભુ પ્રત્યે ખરા જીગરની પ્રાર્થના છે.

હમો છીએ આપશ્રીના નમ્ર સેવકો,

નવસારી સુધરાઇના પ્રમુખ અને સભાસદો

**કરનાર નવસારીના પારસીઓ હાલ નવસારીમાં બંધાતી ભવ્ય અગિયારીમાં ગાંધીજીનાં પગલાં ન કરાવે તો એમને સંતોષ શેનો થાય ? અને મ્યુનિસિપાલિટીનાં માનપત્રો તો '૨૦ -'૨૧ના જમાનામાં પડતી હડતાલ જેવા "સામાન્ય" થઈ પડ્યા છે. સામાન્ય કહીને એની કિંમત ઓછી કરવા નથી ઇચ્છતો. બધી શુભ પ્રવૃત્તિ -ખાદી જેવી સામાન્ય થઈ જાય તો પછી ઇચ્છવાનું શું રહે ?"**[૪]

મહાદેવભાઈના ઉપરોક્ત વિધાનમાં એ યુગની કેટલીક બાબતોનો પરોક્ષ ઉલ્લેખ જોવા મળે છે. સૌપ્રથમ તો ગાંધીજીના છેલ્લા ઉપવાસ સમયે નવસારીના પારસીઓએ દાખવેલ વ્યવહારનો ઉલ્લેખ જોઈ શકાય છે. બીજી બાબત મ્યુનિસિપાલિટીઓ દ્વારા ગાંધીજીને અપાતાં એક જ પ્રકારનાં માનપત્રોની સરખામણી તેમણે **'૨૦ -'૨૧ના જમાનામાં પડતી હડતાલો'** સાથે કરી છે. વળી, તેની ભાષા અને તેમાં આવતા એકના એક ખાદી જેવા ઉલ્લેખોની પણ હળવા શબ્દોમાં મહાદેવભાઈ દેસાઈએ ટીકા કરી છે.

નવસારી શહેરના સુધરાઈ પ્રમુખ અને સભાસદો દ્વારા આપવામાં આવેલા આ માનપત્રનો પ્રતિભાવ આપતાં ગાંધીજીએ કહ્યું હતું,

**માનપત્રના પ્રેમ ભરેલા શબ્દો માટે તમારો આભાર માનું છું. અંત્યજોના ઉદ્ધારની બાબતમાં મહારાજાસાહેબે કરેલા પ્રયત્નો વિશે તમે લખ્યું છે તે યથાર્થ છે. એને સારુ જેટલો ધન્યવાદ અપાય તેટલો ઓછો. પણ હું જાણું છું કે તમારે પણ એ બાબતમાં ઘણું કરવાનું હજુ બાકી છે. એ માટે હું મને ભંગી તરીકે ઓળખાવું છું. એ લોકોની સેવા કરવી એ મેં પરમધર્મ માનેલો છે. અને હું માનું છું કે આપણે અંત્યજની સ્થિતિ સુધારી નથી શક્યા ત્યાં સુધી હિંદુ ધર્મ ઉપર કલંક રહી જશે. હું માનું છું કે એ બાબતમાં આ શહેરમાં તમે યથાશક્તિ પ્રયાસ કરો છો. હું અંત્યજ આશ્રમ જઈ આવ્યો. જ્યાં જ્યાં વડોદરા ગામમાં ગયો છું ત્યાં ત્યાં અંત્યજોની સ્થિતિ સારી જોયેલી છે. પણ મારી નજરે તો તમે જેટલું કરશો તેટલું ઓછું લાગે છે. હું ઇચ્છું છું કે તમને પણ એમ લાગશે. એવી સેવામાં કોઈ પણ સુધરાઈ ખાતું ભૂલે તો મારી માન્યતા પ્રમાણે એની સેવા અધૂરી ગણાય.**[૫]

ગાંધીજીના પ્રતિભાવમાં વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડના અસ્પૃશ્યતા નિવારણ કાર્યની પ્રશંસા જોઈ શકાય છે. પણ તેટલાથી ગાંધીજી સંતુષ્ટ નથી. તેમનો આગ્રહ તો તેમાં બહુમત પ્રજાની ભાગીદારી સૂચવે છે. અને પોતાના એ સ્વપ્નને સાકાર કરવા તેઓ પોતાની જાતને પણ અંત્યજ કહેવડાવતાં આનંદ અનુભવે છે.

---

૧. મહારાજા સયાજીરાવ ગાયકવાડ (૧૮૬૩થી ૧૯૩૯)

૨. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ.૬૨૩

૩. એજન, પૃ. ૧૮૪

૪. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, મહાદેવભાઈની ડાયરી, પુસ્તક સાતમું, પૃ.૩૬૧

૫. એજન, પૃ. ૩૬૧, ૩૬૨.

# ૧૭ બનારસ મ્યુનિસિપાલિટી બોર્ડનું માનપત્ર

ભારતના ઉત્તર પ્રદેશમાં ગંગા નદીના કાંઠે વસેલ બનારસ, વારાણસી કે કાશી નામથી જાણીતા યાત્રાધામના મ્યુનિસિપલ બોર્ડ દ્વારા ગાંધીજીને આપવામાં આવેલા આ માનપત્રની લિપિ હિન્દી છે. પણ તેમાં ઉર્દૂ ભાષાના શબ્દોનો વધુ ઉપયોગ થયેલો જોવા મળે છે. જેનો હિન્દી અર્થ કૌંસમાં આપેલ છે. ઉર્દૂના શબ્દો અને વાક્યોની રચનામાં ક્યાંક કયાંક ક્ષતિ છે. પણ તેનો ભાવ ચોક્કસ અનુભવી શકાય છે. સૌપ્રથમ આપણે માનપત્રનું વાંચન કરીએ.

*श्री महात्मा मोहनदास कर्मचन्द गांधीजीकी सेवा में*

*पूजय महात्माजी,*

*इस पाक (पवित्र)[1] और पुराने शहरके रहेनेवालोंकी तरफ से पहिली बार काशी म्युनिस्पल बोर्ड आपका प्रेम और इहतेराम (सन्मान) के साथ अभिनन्दन व इस्तकबाल (स्वागत) करता है। हमारी महब्ब्त और ईहतेरामके इहकदार असलमे हमारे देशके वे नेता और रहनुमा (मार्गदर्शक) है जिन्होने हंमे अपनी खोई अजमत (ईज्जत)व गौरव के वापस लेनेकी राह दिखाई; जिन्होने हंमे स्वतंत्रता व आझादीकी जिन्दगी और स्वराजकी लज्जत (स्वाद)से आशना (परिचित) किया और जिन्होने हंमे एका, महब्बत और प्रेमके स्वादसे वाकिफ किया ।*

*हमारे दिल जानते है और आपके सामने अदब से उसका एकबाल करते है कि दुनिया की इन अनमोल सयायों की शिक्षा अपने कामो से सबसे पहेले आपने ही हंमे दी, और इसलिये हमारे दिलोका सच्चा आदर और सच्ची महब्ब्त आपके लीये और सिर्फ आपके लीये है।*

*हम सब जानते है और पिछले सालोंके कढुअे (कडवा) तजरबो (अनुभवो) ने हमारे दिलो पर कभी न मिटनेवाले हर्फोमें (शब्दोमां) नकश (अंकित) कर दिये है कि हमारे प्यारे देशकी मुक्ति या निजात (आझादी) सिर्फ आपके दिये हुए प्रेमके सबको पर अमल करने से हो सकती है। इसलिये हम सब आपसे प्रार्थना करते है कि आप अपना मुबारक व पवित्र काम नई कूवत (शक्ति) और नये उत्साहसे करे कि प्रेम और महब्बके तरानोसे एकबार फिर देश गूंज उठे।*

*हंमे खुशी है कि हमारे शहर के रहनेवालोने आपकी दी हुई शिक्षा याद रखी और यह शहर आपसके नापाक झगडोसे हंमेशा पाक रहा। अब हम आपसे यह आरझु (इच्छा) करते है कि आप अपने काम का नया दौर हमारेही पाक शहरसे शरु करे। हम आपसे प्रार्थना करते है कि ईश्वर जिस तरह आपकी आत्मा को प्रेम, आत्मगौरव और स्वार्थत्याग (ईज्जते नफस और जोहद)[2] से मामूर (नियुक्त) किया है, दुवा कीजिये की हमारे दिल और दिमाग भी इससे रोशन (प्रकाशित) हो जावे ।*

*आपको यह सुनकार खुशी होगी कि हमारे बोर्डके स्कुलोमे चरखा (रेंटियो) और खदरको (खादी) जिससे आपको सच्चा प्रेम है वही जगह दी गई है जो उन्हें हमारे राष्ट्रीय स्कुलोमे मिलना*

# श्री महात्मा मोहनदास कर्मचन्द गांधीजीकी सेवामें

परमपूज्य महात्माजी,

इस पाक और पुराने शहरके रहनेवालोंकी तरफ़से आज पहिली बार काशी म्युनिस्पल बोर्ड आपका प्रेम और इहतेरामके साथ अभिनन्दन व इस्तक़बाल करता है। हमारी महब्बत और इहतेरामके हक़दार असलमें हमारे देशके वे नेता और रहनुमा हैं जिन्होंने हमें अपनी खोई हुई अज़मत व गौरवके वापस लेनेकी राह दिखाई; जिन्होंने हमें स्वतन्त्रता व आज़ादीकी ज़िन्दगी और स्वराजकी लज़्ज़तसे आशना किया और जिन्होंने हमें एका, महब्बत और प्रेमके स्वादसे वाक़िफ़ किया।

हमारे दिल जानते हैं और आपके सामने अदब से उसका एक़बाल करते हैं कि दुनिया की इन अनमोल सचाइयोंकी शिक्षा अपने कामोंसे सबसे पहले आपने ही हमें दी, और इसलिये हमारे दिलोंका सचा आदर और सची महब्बत आपके लिये और सिर्फ़ आपके लिये है।

हम सब जानते हैं और पिछले चन्द सालोंके कड़ुए तजरबोंने हमारे दिलोंपर कभी न मिटनेवाले हर्फ़ोंमें नक़्श कर दिया है कि हमारे प्यारे देशकी मुक्ति या निजात सिर्फ़ आपके दिये हुए प्रेमके सबक़ोंपर अमल करनेसे हो सकती है। इसलिये हम सब आपसे प्रार्थना करते हैं कि आप अपना मुबारक व पवित्र काम नई क़ूवत और नये उत्साहसे शुरू करें कि प्रेम और महब्बतके तरानों से एकबार फिर देश गूंज उठे।

हमें खुशी है कि हमारे शहर के रहनेवालोंने आपकी दी हुई शिक्षा याद रखी और यह शहर आपसके नापाक झगड़ोंसे हमेशा पाक रहा। अब हम आपसे यह आरज़ू करते हैं कि आप अपने काम का नया दौर हमारे ही पाक शहर से शुरू करें। हम आपसे प्रार्थना करते हैं कि ईश्वरने जिस तरह आपकी आत्माको प्रेम, आत्मगौरव और स्वार्थत्याग ( इज़्ज़ते नफ़्स और ज़ोहद ) से मामूर किया है, दुआ कीजिये कि हमारे दिल और दिमाग़ भी इससे रोशन हो जावें।

आपको यह सुनकर खुशी होगी कि हमारे बोर्डके स्कूलोंमें चर्ख़ा और खद्दरको जिससे आपको सचा प्रेम है वही जगह दी गयी है जो उन्हें हमारे राष्ट्रीय स्कूलोंमें मिलना चाहिये। हमारे इन स्कूलोंमें हर क़ौमके बच्चे बिला किसी भेदभावके, साथ साथ तालीम पाते हैं और छूत व अछूत ऐसे दिल दुखानेवाले लफ़्ज़ उनके कानोंमें नहीं पड़ते।

हम सब खुदासे दुआ मांगते हैं कि वह आपको तादेर सलामत रखे और हमारे वतनको निजात दिलानेवाले कामोंके लिये नई क़ूवत और नया जोश और हमें आपके दिखाये हुए रास्तोंपर, चाहे वे कैसे ही कठिन हों, चलनेकी हिम्मत और ताक़त दे।

हम एक बार फिर अदबके साथ इस शहरके रहनेवालोंकी तरफसे आपका स्वागत करते हैं।

विनीत—

मेम्बरान बनारस म्युनिसपल बोर्ड

*चाहिये। हमारे इन स्कुलोमे हर कोम के बच्चे बीना किसी भेदभाव के साथ साथ तालीम पाते है और छूत व अछूत ऐसे दिल दूभानेवाले लफ्ज उनके कानोमे नहि पडते।*

*हम एकबार फिर अदब (विवेकपूर्ण) के साथ इस शहर के रहनेवालोकी तरफसे आपका स्वागत करते है।*

*विनीत*

માનપત્રના નીચે બનારસ મ્યુનિસિપલ બોર્ડના ૧૮ સભ્યોની અવાચ્ય સહીઓ આપવામાં આવી છે. આ નામોની નીચે 'મેમ્બરાન બનારસ મ્યુનિસિપલ બોર્ડ' લખવામાં આવ્યું છે. માનપત્રમાં કોઈ પણ જગ્યાએ માનપત્ર આપ્યાની તારીખ આપવામાં આવી નથી. ગાંધીજીએ ૧૯૧૬થી ૧૯૩૪ દરમિયાન લગભગ ૧૦, ૧૧ વાર બનારસની મુલાકાત લીધી હતી.[૩] એટલે આ માનપત્રના અર્પણની આધારભૂત તારીખ ગાંધી સાહિત્યમાંથી શોધવાનું કાર્ય કપરું બને તે સ્વાભાવિક છે. ગાંધીજીની દિનવારીમાં ૯ જાન્યુઆરી, ૧૯૨૭ની નોંધમાં ગાંધીજીના બનારસના એ દિવસના કાર્યક્રમોની વિગતો આપવામાં આવેલા છે. જેમાં લખ્યું છે,

- ગાંધી આશ્રમના કાર્યકરો સાથે વાતચીત ચાલુ
- ગાંધી આશ્રમથી દશાશ્વમેધ ઘાટ સુધી શ્રદ્ધાનંદને અંજલિ આપવા, માલવીયાજી સાથે સરઘસમાં સામેલ[૪]; સન્માન, વિશ્વનાથ મંદિરમાં દર્શન અને પછી પ્રવચન
- અંત્યજોનું માનપત્ર. પ્રમુખ માલવીયાજી.
- સ્ત્રીઓની બે સભાઓ, કાંતણનું નિરીક્ષણ, આપ તરફથી સ્વાગત.
- ગાંધી આશ્રમના વાર્ષિકોત્સવ નિમિત્તે ભરવામાં આવેલું ખાદીપ્રદર્શન ખુલ્લું મૂક્યું.
- મ્યુનિસિપાલિટીનું માનપત્ર, સ્થળ ટાઉન હૉલ.[૫]
- બાબુ ભગવાનદાસ સાથે ભાવિ બંધારણ વિશે અને કૉંગ્રેસ વિશે ચર્ચા.[૬]

ઉપરોક્ત કાર્યક્રમોમાં છેલ્લેથી બીજા ક્રમે મ્યુનિસિપલ દ્વારા આપવામાં આવેલ માનપત્રનો ઉલ્લેખ જોવા મળે છે. તેના આધારે કહી શકાય કે આ માનપત્ર ૯ જાન્યુઆરી, ૧૯૨૭ના રોજ આપવામાં આવ્યું હશે. પણ માનપત્ર અંગેનો ગાંધીજીનો કોઈ પ્રતિભાવ કે વ્યાખ્યાનની નોંધ ગાંધી સાહિત્યમાં મળતી નથી. અલબત્ત, ઉપરોક્ત કાર્યક્રમો અન્વયે તેમણે આપેલા પ્રતિભાવોમાં પ્રાપ્ત થાય છે. એ મુજબ,

**"હું અહીંયાં એક જ કારણે આવ્યો છું. આશ્રમની કારવાઈ દેખવા માટે, આપણી પાસે જેટલી મદદ લેવાય તેટલી લેવા માટે અને આ પ્રદર્શન ખોલવા માટે. આપ વહા જાકર સબ સામાન દેખ લે. જ્યારે તમે સાંભળ્યું કે આશ્રમની મદદથી ખાદીનો પ્રચાર કર્યો ત્યારે તમે તાળીઓ પાડી. પણ ખરી વાત એ છે કે લોકોના તરફથી મદદ મળે તો આનાથી દસગણું કામ કરી શકીએ. કહે છે ખાદીના દામ વિદેશી કાપડ કરતાં વધારે છે. પણ હું કહું છું કે વધુ દામ આપીને પણ તમે ખાદી ખરીદો. ખરો ધર્મ એમાં છે. ધર્મને માટે જે લોકો મરવા તૈયાર થઈ જાય તે, ગરીબને બે પૈસા વધારે આપતા ડરી જાય ? એમ ડરે તે પોતાને સનાતની હિંદુ શેને કહેવડાવે ?[૭]**

૧. માનપત્રમાં ઉપયોગમાં લેવાયેલા ઉર્દૂ શબ્દોનું ગુજરાતી વાચકો સમજી શકે માટે, દરેક શબ્દની સાથે કૌંસમાં આપેલ છે. જે અસલ માનપત્રનો ભાગ નથી.

૨. કૌંસમાં આપેલ ઉર્દૂ શબ્દો અસલ માનપત્રનો ભાગ છે.

૩. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ. ૬૩૫, ૬૩૫.

૪. સ્વામી શ્રદ્ધાનંદની હત્યા ૨૩ ડિસેમ્બર, ૧૯૨૬ના રોજ એક ઝનૂની મુસ્લિમ અબ્દુલ રશીદ દ્વારા થઈ હતી. તેમને શ્રદ્ધાંજલિ આપવા ગાંધીજી, ગાંધી આશ્રમથી દશાશ્વમેધ ઘાટ સુધી માલવીયાજી સાથે સરઘસમાં સામેલ થયા હતા.

૫. જે માનપત્રની આપણે ચર્ચા કરીએ છીએ તે આ સમારંભમાં આપવામાં આવ્યું હતું.

૬. એજન, પૃ. ૨૧૦

૭. દલાલ, ચંદુલાલ ભગુભાઈ (સંપાદક), મહાદેવભાઈની ડાયરી, પુસ્તક દસમું. પૃ. ૮૦.

## १८ મિશન ગર્લ્સ સ્કૂલ, શાહજહાંપુરનું માનપત્ર

*अभिनन्दन-पत्र*

*श्रीमान पूज्यनीय हिन्दुस्तान के मार्ग प्रदर्शक*

*महात्मा गांधीजी के कर कमलों में*

*भगवान्*

*शाहजहांपुर में आप के आगमन का शुभ समाचार जब से सुना है उसी समय से हमारे सब के हृदयों में आपके दर्शन की पूर्ण अभिलाषा उत्पन्न होकर उसमें आप के प्रति प्रेम की धाराएँ हमारे निवास-स्थान के चारों और बह रही थीं और हमारे समीप कोई ऐसा विशेष साधन अपनी अभिलाषा को पूर्ण करने का न होने पर आपकी प्रेम की धाराओने आपको हमारे बीच में लाकर हमारी अभिलाषा को पूर्ण किया है।*

*और उन्ही प्रेम की धाराओं ने, आप को इस समय रुचिकर और हिन्दुस्तान को सौभाग्यदाता खदर रूपी बीजाङ्कुर को तुच्छ बालिकाओं के हाथो में उत्पन किया है जीसको आप के कर कमलो में आप की प्रसन्नता तथा आशीर्वाद के लिये समर्पित कर के आप से यह याचना है कि आप हम को ऐसा आशीर्वाद दे कि हम अपनी मातृभूमि को स्वर्गधाम बनाने के प्रचार के लिये चरखा चला कर खदर के प्रचार के लिये सुतकांत कर खदर बनाने में सहायता दे सके और हिन्दुस्तान की दरिद्रता को दूर करने वाला सुखदायक आपका आदर्श हमारे सम्मुख सर्वदा बना रहे।*

*ता. १०.११.१९२९*

*आपका आशीर्वाद चाहने वाली*
*विद्यार्थीनी आदि*
*मिशन गर्ल्स स्कूल*
*शाहजहांपुर*

શાહજહાંપુરની સ્થાપના મોઘલ બાદશાહ જહાંગીરના બે વફાદાર સૈનિકો દિલેરખાન અને દરિયાખાન દ્વારા કરવામાં આવી હતી. આ શહેર બે મહાન સ્વાતંત્ર સૈનિકો માટે જાણીતું છે. ૧૮૫૭ના શહીદ અહેમદ ઉલ્લાહ શાહ અને ભગતસિંહના સાથી કાકોરી કેઈસ (૯ ઑગસ્ટ, ૧૯૧૯-૨૫)[૧]ના અગ્ર ક્રાંતિકારી શહીદ અસ્ફાકુઉલ્લાહ ખાન(૨૨ ઑક્ટોબર, ૧૯૦૦, ૧૯ ડિસેમ્બર ૧૯૨૭). અસ્ફાકુઉલ્લાહ ખાન ક્રાંતિકારી શાયર હતા. તેમની એક બહુ જાણીતી નહીં એવી રચનામાં ગાંધીજીની અહિંસા અને ચરખાનો બખૂબી ઉલ્લેખ જોવા મળે છે.

'कस ली है कमर अब तो कुछ करके दिखायेंगे
आझाद ही हो लेंगे, या सर ही कटा देंगे

# अभिनन्दन-पत्र

## श्री मान पूज्यनीय हिन्दुस्तान के मार्ग प्रदर्शक
## महात्मा गाँधी जी के कर कमलों में

भगवन !

शाहजहाँपुर में आपके आगमन का शुभ-समाचार जबसे सुना है उसी समय से हमारे सब के हृदयों में आपके दर्शनो की पूर्ण अभिलाषा उत्पन्न होकर उसमें आपके प्रति प्रेम की धाराएँ हमारे निवास-स्थान के चारो ओर बह रहीं थीं और हमारे समीप कोई ऐसा विशेष साधन अपनी अभिलाषा को पूर्ण करने का न होने पर आप को प्रेम की धाराओं ने आप को हमारे बीच में लाकर हमारी अभिलाषा को पूर्ण किया है।

और उन्हीं प्रेम की धाराओं ने, आपको इस समय रुचि कर और हिन्दुस्तान के सौभाग्य दाता खद्दर रूपी बीजाङ्कुर को उत्पन्न करने का सामर्थ हम तुच्छ बालिकाओं के हाथों में उत्पन्न किया है जिसको आपके कर कमलों में आप की प्रसन्नता तथा आशीर्वाद के लिये समर्पित करके आपसे यह याचना है कि आप हमको ऐसा आशीर्वाद दें कि हम अपनी मातृभूमि को स्वर्गधाम बनाने के लिये चरखा चलाकर खद्दर के प्रचार के लिये सूत कात कर खद्दर बनाने में सहायता दे सकें और हिन्दुस्तान की दरिद्रता को दूर करने वाला सुखदायक आप का आदर्श हमारे सम्मुख सर्वदा बना रहे।

आपका आशीर्वाद चाहने वाली
विद्यार्थिनी आदि
मिशन गर्ल्स स्कूल
शाहजहाँपुर

ता० १० ९/१९२९

हटने के नहि पीछे, डर कर कभी जुल्मो से
तुम हाथ उठाओंगे, हम पैर बढा लेंगे

बे शस्त्र नहि है हम, बल है हंमे चरखे का
चरखे से ज़मी को हम, ता चरख गुंजा देंगे

परवा नहि कुछ दम की, गम की नहि मातम
की, है जान हथेली पर, अेक दम में गंवा देंगे

उफ तक भी जुबां से हम हरगीज न निकालेंगे
तलवार उठाओ तूम, हम सर को झुका देंगे.

सीखा है नया हमने लडने का तरीका
चलाओं गन मशीने हम सीना अडा देंगे

दिलाओ हंमे फांसी, अेलान से कहेते है
खूं से ही हम शहीदो के, फौज बना देंगे

આ બંને શહીદોની મઝાર (દરગાહ) અહીંયાં આવેલી છે. ઉત્તર પ્રદેશના શાહજહાંપુર જિલ્લાના શાહજહાંપુર શહેરની ગાંધીજીએ તેમના જીવનકાળ દરમિયાન બે વાર મુલાકાત લીધી હતી : પ્રથમ ૧૬ ઑક્ટોબર, ૧૯૨૦. પ્રથમ મુલાકાત વખતે કોઈ જાહેર કાર્યક્રમ યોજાયો ન હતો. બીજી વારની મુલાકાત ૧૦,૧૧ નવેમ્બર, ૧૯૨૯ના રોજ લીધી હતી[૨] બદાઉ જિલ્લાના નિવાસીઓનું માનપત્ર સ્વીકારી ગાંધીજી શાહજહાંપુર આવ્યા હતા. શાહજહાંપુરમાં સૌપ્રથમ તેમણે મિશન કન્યાશાળાની મુલાકાત લીધી.[૩] કન્યાશાળાની વિદ્યાર્થિનીઓએ તેમને હિન્દીમાં હસ્તલિખિત માનપત્ર આપ્યું હતું.

-ગાંધીજી જ્યાં-જ્યાં જતા ત્યાં તેમનું સંપૂર્ણ કાર્યાલય જતું. તેમનો પત્રવ્યવહાર પણ જે-તે સ્થળે ચાલુ રહેતો. શાહજહાંપુરથી ગાંધીજીએ રેજિનાલ્ડ રેલ્ડસ, ફૂલચંદભાઈ ક. શાહ, શારદાબહેન શાહ, આશ્રમની બહેનો, રમણીકલાલ મોદી, ગંગાબહેન વૈદ, પ્રેમબહેન કંટકને તા ૧૧-૧૧-૧૯૨૯ના રોજ પત્રો પાઠવ્યા હતા. જેમાં સૌરાષ્ટ્રના અગ્ર સ્વાતંત્ર સૈનિક શ્રી ફૂલચંદભાઈ ક. શાહ[૪] ને ૧૧ નવેમ્બર, ૧૯૨૯ના રોજ શાહજહાંપુરથી ગાંધીજી લખે છે,

**'હું ૨૫મીની રાતે સાબરમતી પહોંચવાની આશા રાખું છું. ત્યાંથી ૬ઠ્ઠી ડિસેમ્બરે સવારે ઊપડી જવાની પણ આશા રાખું છું. આટલા સમયમાં મને કશું સમજાવવાપણું હોય તો આવી જજો. તમારે સમજાવવાપણું ન હોય તો ન આવશો. ભલે ક્યાંક ભૂલ પણ થતી હોય છતાં અંતરાત્મા કહે તેમ વરતતાં ન અચકશો. મારી ઓથ ક્યાં સુધી લેશો.'**[૫]

ગાંધીજીનું શાહજહાંપુરમાં બે દિવસ રોકાણ હતું. ૧૦ નવેમ્બર, ૧૯૨૯ના રોજ તેમને માનપત્ર આપવામાં આવ્યું. પણ તેનો કોઈ પ્રતિભાવ કે વ્યાખ્યાન ગાંધીસાહિત્યમાં જોવા મળતાં નથી. ૧૧ નવેમ્બરના રોજ ગાંધીજી શાહજહાંપુરમાં રોકાયા હતા. પણ તે દિવસે તેમને મૌનવાર હતો.[૬] તેથી તેમના કોઈ વ્યાખ્યાનો કે પ્રતિભાવો ન હોય તે સ્વાભાવિક છે.

૧. રામપ્રસાદ બિસ્મિલ્લ અને અસ્ફાકુઉલ્લાહ ખાન સાથે બીજા છ ક્રાંતિકારીઓએ કાકોરીથી આલમનગર સરકારી ખજાનો લઈને જતી ૮ ડાઉન સહારનપુર લખનૌ પેસેન્જર ટ્રેન રોકી કરેલ પોણા પાંચ હજાર રૂપિયાની લૂંટે અંગ્રેજ શાસનના પાયા હચમચાવી મૂક્યા હતા. અસ્ફાકુઉલ્લાહ ખાનને એ માટે ૧૯ ડિસેમ્બર, ૧૯૨૭ના રોજ ફૈઝાબાદ (યુ.પી.)ની જેલમાં ફાંસીની સજા આપવામાં આવી હતી.

૨. ગાંધીજીની દિનવારી, પૃ. ૬૬૪

૩. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૪

૪. શ્રી ફૂલચંદભાઈ શાહ સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં પ્રજાજાગૃતિ અને સ્વાતંત્ર્ય ચળવળોમાં સક્રિય હતા. સૌરાષ્ટ્રના અનેક સફળ સત્યાગ્રહોનું તેમણે સંચાલન કર્યું હતું. ગાંધીજીના સતત સંપર્કમાં રહી તેઓ ગાંધીજીનું માર્ગદર્શન મેળવતા રહેતા હતા.

૫. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૪૨, પૃ. ૧૩૩

૬. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૪૨, પૃ. ૧૩૨ (રેજિનાલ્ડ રેલ્ડસને લખેલ પત્રમાં મૌનવારનો ઉલ્લેખ કરેલ છે.)

# १९ હરદ્વાર યુનિયન મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર

*सेवा में*
*श्रध्धेय महात्मा गाँधीजी*
*अद्वितीय अभ्यागत*

*आज हमारे इतिहास में चिरस्मरणीय उज्जवळ घटना हो रही है कि हमे आप जैसे विश्ववंदनीय महापुरुष के स्वागत करने का सुअवसर मिल रहा है। यह म्युनिसीपैलिटी आज पहली बार ही आप को (या देश के किसी नेता को) अभिनन्दन करने लगी है।*

*हमारी म्युनिसिपल क्षेत्र ४.४. वर्ग मील है इस में ३ बस्तीयां शामिल है। हरद्वार (६ हजार की आबादी), कनखल (६ हजार की आबादी), ज्वालापुर (१८ हजार की आबादी)। म्युनिसीपैलिटी का इस वर्ष का टैक्स प्रतिव्यक्ति पर २॥+॥ = १ पाई पडता है। म्युनिसिपल बोर्ड ने शिक्षा पर इस वर्ष निम्न प्रकार व्यय किया है।*

| | इस वर्ष | गत वर्ष |
|---|---|---|
| प्राथमिक ६५२ बालको की शिक्षा पर | ३८०८ | ३८८१ |
| प्राथमिक १६१ बालीकाओ की शिक्षा पर | ६८४ | ७४४ |
| माध्यमिक ९२ बालको की शिक्षा पर | ९८८६ | १३८४ |
| ९०५ | १४३७८ | ६००९ |

*म्युनिसिपल आमदनी से बालको की शिक्षा पर होने वाले म्युनिसिपल व्यय का प्रतिशतक अनुपात १३.७४ है, गत वर्ष ५.४६ था।*

*म्युनिसीपैलिटी की कुल जन संख्या से विद्यार्थीओं की संख्या का प्रति सहस्र अनुपात २३.५७ है, कन्याओं की संख्या ५.१४ है। बोर्ड में प्राथमिक अनिवार्य शिक्षा पर विचार चल रहा है।*

*यहां के स्वाथ्य के विषय में निम्न लिखित अंक कुछ परिचायक होंगे।*

| | १९२७ में | १९२८ में |
|---|---|---|
| जन्मो की कुल संख्या | ११६७ | १२५० |
| मृत्यओ की कुल संख्या | १५६७ | १३६७ |

*बाल मृत्यु भी प्रतिवर्ष कम हो रही है। १९२८ में २६२.८ प्रतिसहस्र थी जब की १९२७ में २६६.८ और १९२६ में ३०२.१ थी।*

*यह हम कुछ गर्व से कह सकते है कि यहां सफाई भी अच्छी है। यदी यात्री लोंग इस*

**सेवा में**

# श्रद्धेय महात्मा गाँधी जी

**अ**द्वितीय अभ्यागत !

आज हमारे इतिहास में एक चिरस्मरणीय उज्ज्वल घटना हो रही है कि हमें आप जैसे विश्ववन्दनीय महापुरुष के स्वागत करने का सुअवसर मिल रहा है। यह म्युनिसिपैलिटी आज पहली बार ही आप को ( या देश के किसी नेता को ) अभिनन्दन करने लगी है।

हमारा म्युनिसिपल क्षेत्र ४.४ वर्गमील है। इस में ३ बस्तियां शामिल हैं—हरद्वार (९ हजार की आबादी), कनखल ( ९ हजार की आबादी ), ज्वालापुर ( १८ हजार की आबादी )। म्युनिसिपैलिटी का इस वर्ष का टैक्स प्रतिव्यक्ति पर २॥=)॥ १ पाई पड़ता है। म्युनिसिपल बोर्ड ने शिक्षा पर इस वर्ष निम्न प्रकार व्यय किया है—

| | | | इस वर्ष | गत वर्ष |
|---|---|---|---|---|
| प्राथमिक | ६५२ बालकों | की शिक्षा पर | ३८०८) | ३८८१) |
| प्राथमिक | १६१ बालिकाओं | की शिक्षा पर | ६८४) | ७४४) |
| माध्यमिक | ९२ बालकों | " | ९८८६) | १३८४) |
| | ९०५ | | १४३७८ | ५९९३ |

म्युनिसिपल आमदनी से बालकों की शिक्षा पर होने वाले म्युनिसिपल व्यय का प्रतिशतक अनुपात १२.७४ है, गतवर्ष ५.४६ था।

म्युनिसिपैलिटी की कुल जन संख्या से विद्यार्थियों की संख्या का प्रति सहस्र अनुपात २३.५७ है, कन्याओं की संख्या का ५.१४ है। बोर्ड में प्राथमिक अनिवार्य शिक्षा पर विचार चल रहा है।

यहां के स्वास्थ्य के विषय में निम्नलिखित अंक कुछ परिचायक होंगे।

| | १९२७ में | १९२८ में |
|---|---|---|
| जन्मों की कुल संख्या | ११९७ | १२५० |
| मृत्युओं की कुल संख्या | १५९७ | १३९७ |

बालमृत्यु भी प्रतिवर्ष कम हो रही है। १९२८ में २९२.८ प्रतिसहस्र थी जब कि १९२७ में २९९.८ और १९२६ में ३०२.१ थी।

यह हम कुछ गर्व से कह सकते हैं कि यहां सफाई भी अच्छी है। यदि यात्री लोग इस में सहायता दें तो सफाई में बहुत उन्नति दिखाई जा सकती है। गत कुम्भ के बड़े भारी मेले में यहां सफाई का इतना अच्छा बन्दोबस्त था कि प्रायः सब जनता ने इस की प्रशंसा की थी। गंगा जी में गन्दी नालियां न गिरें इस का भी प्रबन्ध शीघ्र होने वाला है।

आप को यह जान कर प्रसन्नता होगी कि बोर्ड ने अपने अन्तिम २८ सितम्बर के अधिवेशन में खद्दर पर से म्युनिसिपल चुंगी हटा ली है। इस के अतिरिक्त हम अपना और कोई विशेष कार्य आपके सन्मुख नहीं रख सकते।

हे दिव्यदर्शी महापुरुष ! अन्त में हम आप की कल्पना की तीर्थनगरी को बनाना चाहते हैं और आप से बल तथा स्फूर्ति लेना चाहते हैं जिससे कि उस कल्पना को हम मूर्त रूप में ला सकें।

आपके विनीत

१५ अक्तूबर १९२९

अभिनन्दक

हरद्वार यूनियन म्युनिसिपल बोर्ड के सदस्य

[illegible] गुरुकुल कांगड़ी में छपा।

*में सहायता दे तो सफाई में बहुत उन्नति दिखाई जा सकती है। गत कुंभ के बडे भारी मेले में यहां सफाई का इतना अच्छा बन्दोबस्त था कि प्रातः सब जनता ने इसकी प्रशंशा कि थी। गंगा जी में गन्दी नालियां न गिरे इस का भी प्रबन्ध शीघ्र होने वाला है।*

*आपको यह जानकर प्रसन्नता होगी की बोर्ड ने अपने अन्तिम २८ सितम्बर के अधिवेशन में खदर पर से म्युनिसिपल चुंगी हटा ली है। इस के अतिरिक्त हम अपना विशेष कार्य आप के सन्मुख नहि रख सकते।*

*हे दिव्यदर्शी महापुरुष। अन्त में हम आप की कल्पना की तीर्थनगरी को जानना चाहते है और आप से बल तथा स्फूर्ति लेना चाहते है जिससे की उस कल्पना को हम मूर्त रूप में ला सके।*

*१५ अक्तूबर, १९२९* *आप के विनीत*

*अभिनन्दक*

*हरद्वार युनियन म्युनिसिपल बोर्ड के सदस्य*

ગાંધીજીએ નીચે મુજબ હરદ્વારની પોતાના જીવનકાળ દરમિયાન પાંચ વાર મુલાકાત લીધી હતી.

૧. ૯થી ૧૧ એપ્રિલ, ૧૯૧૫

૨. ૨૧,૨૩,૨૪, માર્ચ, ૧૯૧૬

૩. ૧૯થી ૨૧ માર્ચ, ૧૯૨૭

૪. ૧૪,૧૫ ઑક્ટોબર, ૧૯૨૯

૫. ૨૧ જૂન, ૧૯૪૭

આ તેમની ચોથી મુલાકાત હતી. ગાંધીજી મુરાદાબાદથી ૧૪મીએ હરદ્વાર આવ્યા હતા. ૧૪મી તારીખના તેમના કાર્યક્રમોની યાદી મળતી નથી. પણ ૧૫મી તારીખે સૌપ્રથમ તેમણે યુનિયન મ્યુનિસિપલ બોર્ડના કાર્યક્રમમાં હાજરી આપી હતી. ત્યાં તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું.

ગાંધીજીને મળેલાં માનપત્રોના લખાણો ભિન્ન સ્વરૂપનાં જોવા મળે છે. કેટલાંક માનપત્રોમાં ગાંધીજીનાં કાર્યોની પ્રસંશા જોવા મળે છે. તો કેટલાંક માનપત્રોમાં ગાંધીજી પાસે રાખવામાં આવેલ અપેક્ષાઓ દષ્ટિગોચર થાય છે. તો વળી, કેટલાંક માનપત્રો જે-તે સ્થળની માહિતી વ્યક્ત કરતાં ભાસે છે. આ માનપત્ર હરદ્વારની એ સમયની કેટલીક આંકડાકીય માહિતી પૂરી પાડે છે. માનપત્રમાં હરદ્વાર શહેર મ્યુનિસિપલે પોતાના વિસ્તાર, શિક્ષણ અને મૃત્યુના આંકડાઓ આપ્યા છે. અલબત્ત, એ સાથે માનપત્રના અંતમાં ખાદી ઉપરના કરમાંથી નગરપાલિકાએ આપેલ મુક્તિની વાત પણ કરવામાં આવેલ છે. આવા પ્રકારનાં માહિતીપ્રદ માનપત્રો એ યુગના આધારભૂત આંકડાઓ જાણવા માટે ઉપયોગી થઈ પડે છે.

ગાંધીજીએ માનપત્રના પ્રતિભાવમાં આપેલ વક્તવ્ય કે વ્યાખ્યાનના કોઈ આધારો મળતા નથી. પણ ગાંધીજીએ પોતાની હરદ્વારની મુલાકાત અંગે ભૌતિક અને નૈતિક ગંદકી નામે એક લેખ યંગ ઇન્ડિયામાં લખ્યો હતો. જે ૩૧-૧૦-૧૯૨૯ના અંકમાં પ્રસિદ્ધ થયો હતો. જેમાં ગાંધીજીએ લખ્યું હતું,

**"એમાં શંકા નથી કે હરદ્વાર અને બીજા પ્રસિદ્ધ યાત્રાસ્થાનો એક વેળા ખરેખર પવિત્ર હતા. જગ્યાનું સૃષ્ટિસૌંદર્ય, તેમની મૂળ ચાલતી આવેલી લોકપ્રિયતા વગેરે બતાવે છે કે તે હિંદુ ધર્મની સંશુદ્ધતા અને સંરક્ષણના**

ધામ હતા. પણ મારે કબૂલ કરવું પડે છે કે હિંદુ ધર્મ પ્રત્યેની ઊંડી લાગણી અને પ્રાચીન સભ્યતા તરફ મારો સ્વાભાવિક આદર હોવા છતાં હરદ્વારમાં મનુષ્યકૃત એક પણ વસ્તુ મને મુગ્ધ કરનારી હું ઇચ્છવા છતાં નથી જોઈ શક્યો.

"આ મુસાફરીમાં પણ હરદ્વારની દશામાં મેં કોઈ સુધારો ન જોયો. પહેલાની જેમ આજે પણ ધર્મને નામે ગંગાના ભવ્ય અને નિર્મળ પ્રવાહને મલિન કરવામાં આવે છે. તેના તીર ઉપર ઈશ્વરનું દર્શન કરવા માટે ધ્યાન ધરવાની જગ્યાએ શૌચાદિ ક્રિયાઓ કરતાં અસંખ્ય સ્ત્રી-પુરુષો પોતાની મૂઢતા અને વિચારશૂન્યતા પ્રગટ કરે છે. અને આમ કરી કુદરતી આરોગ્યના તે જ ધર્મના નિયમોનો ભંગ કરે છે.

"આ હરદ્વારના ભૌતિક મેલની વાત થઈ. મને વિશ્વાસપાત્ર ખબર મળ્યા છે કે નૈતિક ગંદકી આથી પણ ક્યાંય ચડી જાય એવી છે. હરદ્વારમાં રાતદિવસ ચાલતા ભયંકર વ્યભિચારની વાતો જે મારા કાને સાંભળવામાં આવી તે કહી શકાય તેમ નથી. પંડાઓએ મને માનપત્ર આપ્યું[2] તેમાં તેમણે પોતાના ભોળપણમાં ચોખ્ખું કબૂલ્યું હતું કે હરદ્વાર શહેરમાં બ્રહ્મચર્ય પાળવું એવી શાસ્ત્રઆજ્ઞા છે. તેથી તેઓ તે સ્થાન યાત્રીઓ માટે સુવાંગ રાખી પોતે હરદ્વારના અંકિત ક્ષેત્રથી બહાર રહે છે. આ ઉપરથી એમ કોઈ ન માને કે અંકિત ક્ષેત્રમાં વિષયભોગ થતા નથી. આવું બધું છતાં હરદ્વાર એક આદર્શ તીર્થ ન થઈ શકે એવું કોઈ કારણ નથી."[3]

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૬૭૨

૨. પંડાઓ દ્વારા આપવામાં આવેલ માનપત્રનો કોઈ ઉલ્લેખ ગાંધીજીની દિનવારીમાં નથી. પણ ગાંધીજીએ ઉલ્લેખ કર્યો છે એટલે ૧૫ ઑક્ટોબરે પંડાઓ દ્વારા પણ માનપત્ર આપવામાં આવ્યાનું માની શકાય.

૩. ગાંધીજીનો અક્ષરદેહ-૪૨, ૭૭, ૭૮.

## ૨૦ હિંદી સાહિત્ય સભા, સીતાપુરનું માનપત્ર

*श्रीमान सत्य सेवा त्यागमूर्ति महात्मा गांधीजी महाराज*

*हिन्दी साहित्य सभा के सदस्यो को अपने नगर में श्रीमान का स्वागत करते हुये जैसे हर्षातिरेक हो रहा है। उसके निवेदन करने के लिये हमलोंग को उपयुक्त शब्द बहुत प्रयत्न करने पर भी नहीं मिल रहे है।*

*सन १९२५ ई में प्रान्तीय राजनैतिक कोन्ग्रेस के अवसर पर श्रीमान ने हमारे नगर में पधारने की कृपा की थी। उस समय हमलोंगो को अपने प्रान्तीय साहित्य सम्मेलन में श्रीमान को निमंत्रित करने का सौभाग्य प्राप्त हुआ था, और श्रीमान ने जिस कृपा भाव से प्रेरित हो हमारे तुच्छ निमंत्रण को स्वीकार कर अपने सदुपदेश द्वारा हम लोंगो को आभारी किया था उस के लिये हमलोंग सदा ही कृतज्ञ रेंहगे।*[1]

*हमारे नगर में पहले नागरी प्रचारिणी सभा १९०० ई में स्थापित हुई थी किन्तु वह अधिक वर्षो तक जीवीत न रह सकी। सन १९१७ ई में यहां के उत्साही हिन्दी प्रेमीओ ने प्रान्तीय हिन्दी साहित्य सभा का अधिवेशन किया और उस अधिवेशन के बचे धन को साहित्य सेवा में समुचित रीति से लगाने के लिये इस सभा का जन्म हुआ।*

*हमारी सभा का उदेश्य हिन्दी पठन-पाठन का प्रचार करना तथा हिन्दी भाषा वे देवनागरी लिपि को इसे देश की राष्ट्र भाषा व राष्ट्र लिपि बनाये जाने के आन्दोलन में यथा साध्य सहायता करना है। यह सभा हिन्दी साहित्य सम्मेलन प्रयाग से सम्बन्धित है, और सम्मेलन परीक्षाओ का केन्द्र भी सभाने इस नगर में स्थापित किया है जिन से परीक्षार्थीओ को परीक्षाओ में बहुत सहायता मिलती है।*

*यह सब होते हुये हंमे लज्जा के साथ कहना पडता है की अभी तक न तो हम अपना भवन ही बना सके है और न अपने नगर में कोई ऐसा पुस्तकालय ही स्थापित कर सके है जिस में हिन्दी साहित्य सम्बन्धी सभी विषयो की पुस्तकों का प्रचुर संग्रह हो।*

*श्रीमान का हिन्दी प्रेम विश्व विदित है। हिन्दी को गौरवान्वित करने तथा उसे भारत की राष्ट्र भाषा बनाने में श्रीमान ने जो प्रयत्न किये है उसका महत्त्व सर्वथा अवर्णनिय है। ऐसे महान् पुरुष को आज अपने मध्य पाकर हम लोगो का हृदय अनिवर्चनीय आनन्द से विहचल है। हम पुनः पुनः और हृदय से श्रीमान का स्वागत करते है और प्रार्थना करते है कि श्रीमान हमें आशीर्वाद दे जिससे हमारी सभा सदा ही उन्नती करती हुई देश के एक महान अभीष्ट साधन में सहायक बन सके।*

*१३.११.२९* *हिन्दी साहित्य सभा सीतापुर*

ગાંધીજીએ સંયુક્ત પ્રાંતમાં આવેલા સીતાપુરની બેવાર મુલાકાત લીધી હતી. ૧૭થી ૧૯ ઑક્ટોબર, ૧૯૨૫ અને ૧૨, ૧૩ નવેમ્બર, ૧૯૨૯. જેનો ઉલ્લેખ આ માનપત્રમાં પણ જેવા મળે છે.[2]

ॐ

श्रीमान सत्य सन्ध त्यागमूर्त्ति महात्मा गांधी जी महाराज,

हिन्दी साहित्य सभा के सदस्यों को अपने नगर में श्रीमान का स्वागत करते हुये जैसा कुछ हर्षातिरेक हो रहा है उसके निवेदन करने के लिये हमलोगों को उपयुक्त शब्द बहुत प्रयत्न करने पर भी नहीं मिल रहे हैं।

सन १९२५ ई० में प्रान्तीय राजनैतिक कान्फ्रेंस के अवसर पर श्रीमान ने हमारे नगर में पधारने की कृपा की थी। उस समय हम लोगों को अपने प्रान्तीय साहित्य सम्मेलन में श्रीमान को निमंत्रित करने का सौभाग्य प्राप्त हुआ था, और श्रीमान ने जिस कृपा भाव से प्रेरित हो हमारे उस तुच्छ निमंत्रण को स्वीकार कर अपने सदुपदेश द्वारा हमलोगों को आभारी किया था उसके लिये हम लोग सदा ही कृतज्ञ रहेंगे।

हमारे नगर में पहले नागरी प्रचारिणी सभा सन १९०९ ई० में स्थापित हुई थी किन्तु वह अधिक वर्षों तक जीवित न रह सकी। सन १९१७ ई० में यहां के उत्साही हिन्दी-प्रेमियों ने प्रान्तीय हिन्दी साहित्य का अधिवेशन किया और उस अधिवेशन के बाद हुए उनको साहित्य सेवा में समुचित रीति से लगाने के लिये इस सभा का जन्म हुआ।

*महात्माजी : आपकी झात सितूदा सिफातका ही हौसला था, के अफ्रीका जैसे दूर दराझ और वेहशी मुल्क में आझादी के जंगकी खातिर सळकों पर कंकरे फूटी और जेलखानों तक की गंदगी सर पर उठाने से परहेझ न किया - महात्माजी - इसमें कोई शक नहीं, के आपने हिन्दुस्तान को आझाद कराने में जो बारेगिरां, इस उम्र और नहीफ जिस्म पर, जिन जवां मर्दाना इरादों और हौंसलोंके साथ लिया है, और जंगे आझादी के लिए जो गैर मुअर्रतसान नकशाए जंग तजवीझ फरमाया है, इससे, कलुबमें आझादी के, सच्चे जझबात तरक्की पा रहे हैं। आपकी रुहानी ताकत, खुलुस निय्यती, हम्बुंलवतनी, और इसारका हर भारतबाशी हकीकी तौर पर काइल है। हिन्दुस्तानमें हुकूमतकी जाबिराना हिकमते - अमलीका मुकाबला करने में जिन नाकाबिले बरदाश्त मसाईबो आलामकत महात्माजी आपको सामना करना पडा, उनका तसव्वूर ही इन्सानी दिमाग को परेशान कर देने के लिए काफी है, झयादा क्या अर्झ किया जाए आपकी अहिंसा और खामोश मुकाबले की मासुम तालीम ही ने भारतवर्ष में जितेन्द्रनाथ दास जैसे, शम-ए वतन पर जान देनेवाले परवाने पैदा किए, और नौजवानों को हुब्बुलवतनी में सरशार होनेवाला सबक पल्हाया।*

*डिस्ट्रिक्ट के मुतअल्लिक : (ડિસ્ટ્રિક્ટવોર્ડ અંગે વિશે)*

*महात्माजी ये अर्झ कर देना बेजा न होगा के सहारनपुर डिस्ट्रिक्ट बोर्ड की जमाअत उस पौदे की एक छोटीसी शाख है, जिसको कांग्रेसकी मुसलसिल कोशिशो ने सरझमीने हिन्दमें नस्ब किया, और ये छोटीसी मकतब, डिस्ट्रिक्ट बोर्ड व सेल्फगवर्मेन्ट, जिसको, सूबेकी हुकूमतने जो अखत्यारात दिए उनको ये बोर्ड अच्छी तरहसे अंजाम देना, अपना फर्झ समझती है। बोर्ड के शोबेमें १९६८ स्कूल और मकातिब है, जि. १५ टाउन स्कूल और १६० प्राईमरी स्कूल है १८२*

[illegible]

# ایڈریس

منجانب ڈسٹرکٹ بورڈ سہارنپور بعالیخدمت جناب شریمان مہاتما گاندھی جی مہاراج

ہم ممبران ڈسٹرکٹ بورڈ سہارنپور جو باشندگان ضلع سہارنپور کے منتخبہ نمائندے ہیں اپنی طرف سے نیز تمام باشندگان ضلع کیطرف سے جنکی نیابت کا فرض ہم پر عاید ہوتا ہے ہندوستان کے رہبر اعظم اور محترم ہستی کی خدمت میں آج ضلع کے صدر مقام پر رونق افروزی اور تکلیف فرمائی پر تہ دل سے شکریہ ادا کرتے ہوئے خوش آمدید عرض کرتے ہیں آپکی تشریف آوری سے جو افتخار عزت و مسرت باشندگان ضلع سہارنپور کو حاصل ہوئی ہے اسکے اظہار کیلئے قلم کی روانی بند اور زبان قاصر ہے آپنے ملک کے عظیم الشان مقاصد کی جد و جہد کے راستے میں زمانہ ابتلا کو جس عدیم النظیر استقلال و فقید المثال صبر و تحمل کیساتھ برداشت کیا اسکے لئے نہ صرف باشندگان ہند بلکہ کرۂ ارض کے تمام حق پرست انسان آپکے مداح اور احسانمند ہیں اور آپکی اس خلوص محبت ایثار و شفقت ہمدردی نے ہمیں بھی آپکی دائمی نیازمندی کے رشتوں میں باندھ دیا ہے۔

مہاتما جی:- آپکی ذات ستودہ صفات کا ہی حوصلہ تھا کہ افریقہ جیسے دور دراز اور وحشی ملک میں آزادی کے جنگ کی خاطر ہزاروں تکلیفیں کوٹھی اور جیلخانوں تک کی گندگی سرپر اٹھانے سے پرہیز نہ کیا۔ مہاتما جی:- اسمیں کوئی شک نہیں کہ آپنے ہندوستان کو آزاد کرانیکے بار گران اس نحیف و نزار جسم پر جن جوانمردانہ ارادوں اور حوصلوں کیساتھ لیا ہے اور جنگ آزادی کیلئے جو غیر مضرت رساں نقشہ جنگ تجویز فرمایا ہے اس سے قلوب میں آزادی کے سچے جذبات ترقی پا رہے ہیں آپکی روحانی طاقت خلوص نیتی حب الوطنی اور ایثار کا ہر بھارت باشی حقیقی طور پر قائل ہے۔ ہندوستان میں حکومت کی جابرانہ حکمت عملی کا مقابلہ کرنے میں جن ناقابل برداشت مصائب اور آلام کا مہاتما جی آپکو سامنا کرنا پڑا ان کا تصور ہی انسانی دماغ کو پریشان کر دینے کیلئے کافی ہے۔ زیادہ کیا عرض کیا جائے آپ کی اہنسا اور خاموش مقابلہ کی معصوم تعلیم ہی نے بھارت ورش میں جتندر ناتھ داس جیسے شمع وطن پر جان دینے والے پروانے پیدا کئے اور نوجوانوں کو حب الوطنی میں سرشار ہو جانیوالا سبق پڑھایا۔

## ڈسٹرکٹ بورڈ کے متعلق

مہاتما جی:- یہ عرض کر دینا بیجا نہ ہوگا کہ سہارنپور ڈسٹرکٹ بورڈ کی جماعت اس پودے کی ایک چھوٹی سی شاخ ہے جسکو کانگرس کی مسلسل کوششوں نے سرزمین ہند میں نصب کیا اور یہ چھوٹی سی مکتب ڈسٹرکٹ بورڈ یا سیلف گورنمنٹ جسکو صوبہ کی حکومت نے جو اختیارات دیے ہیں انکو یہ بورڈ اچھی طرح سے انجام دینا اپنا فرض سمجھتی ہے۔ بورڈ کے شعبہ میں ۳۶۸ اسکول اور مکاتب ہیں جن میں ۱۵ ٹاول اسکول اور ۱۶۰ پرائمری اسکول ہیں ۱۸۲ امدادی و اسلامیہ اسکول ہیں ۱۱ مدرسہ اچھوتوں کیلئے اور ایک زراعتی اسکول رامپور منیاراں میں ہے لڑکیونکی تعلیم کیلئے ۱۰ اسکول جن میں پانچ خاص بورڈ کے خرچ پر چلتے اور ۱۳ اسکولوں کو امداد دیجاتی ہے۔ لازمی تعلیم بورڈ سے منظور ہو کر گورنمنٹ کو بھیجی جا چکی ہے جسکی منظوری آنے پر ۲۴ مقامات پر لازمی تعلیم کرنے کا ارادہ ہے حفظان صحت کیلئے مختلف مقامات پر ڈاکٹر۔ وید یونانی حکیمونکو امداد دیجاتی ہے۔

## مزدور پیشہ جماعت کے حالات

مہاتما جی:- اسوقت ہندوستان کے ہر حصہ میں مختلف قوائے عمل کی تنظیم کا غلغلہ بلند ہے اور ایک ایسے بڑے حصے کی آنکھیں آپ اور سردار ولبھ بھائی پٹیل کی طرف لگی ہوئی ہیں۔ آزادی کی جد و جہد میں جو قوت سب سے بڑھکر مدد و معاون ہو سکتی ہے مزدوروں غریبوں محنت پیشہ زمیندار و کسانوں کی قوت ہے ہندوستان کے مختلف حصوں میں اسوقت جو لڑائی جھگڑے۔ افتراق و نفاق رونما ہیں انکی تہ میں صرف روٹی کا سوال کارفرما ہے اور اسی ایک مسئلے نے ہندوستان کی تمام قوموں کو منتشر کرکے ہم پر غلامی کی زنجیروں کو زیادہ مضبوط بنا رکھا ہے۔

مہاتما جی:- آخر میں پرماتما سے ہماری پرارتھنا ہے کہ ہندوستان کی تحریک آزادی کو بہت جلد کامیاب کرے آپکو اس پاک مقصد کی کامیابی تک بقید حیات اور آپکی روحانی و جسمانی طاقت کو برقرار رکھے اور ہمیں توفیق عطا فرمائے کہ ہم آپ کے ارشادات و خیالات گرامی پر عمل کرتے ہوئے بلا امتیاز مذہب و ملت باہمی محبت و خلوص و اخلاص کا برتاؤ کریں اور ایک دوسرے کے دوش بدوش بھارت ورش کی آزادی کیلئے بدل و جان خدمات بجا لائیں۔

(ہم ہیں آپکے نیازمند۔ ممبران ڈسٹرکٹ بورڈ سہارنپور ۲۵ اکتوبر ۱۹۲۹ء) [illegible]

इमदादी इस्लामीया स्कूल हैं ११ मद्रसे अछूतों के लिए, और एक झराअती स्कूल रामपुर मनीयारामें है, लडकियों की तालीम के लिए १८ स्कूल जिनमें (पांच) खास बोर्ड के खर्च पर चलते, और १३ स्कूलों को इमदाद दी जाती है। लाझमी तालीम बोर्ड से मंझूर होकर गवर्मेन्ट को भेजी जा चूकी है। जिसकी मंझूरी आने पर १६ मकायात पर लाझमी तालीम करने के इरादे है। हिफझाने एहते के लिए, मुखत्लीफ मकापात पर, डाक्टर, वैद्य, युनोनी हकीमों को इमदाद की जाती है।

मझदूरपेशा जमात के हालात

महात्माजी : इस वक्त हिन्दुस्तानके हर हिस्से में मुख्तलिफकवाअे अमलकी तनझीमका गलगला बुलंद है, और एक बधे हिस्सेकी आंखे आप और सरदार वल्लभभाई पटेल पर लगी हुई है। आझादीकी जद्दोजहदमें जो कुव्वत सबसे बढकर मम्मदो मुआविन हो सकती है। मझदूरों, गरीबे मेहनतपेशा झमीदार, व किसानों की कुव्वत से हिन्दुस्तान के मुखत्लीफ हिस्सों में, इस वक्त, जो लडाई झगडे, इफतराके निकाफ रूनुमा हैं, उनकी तेह में, सिर्फ रोटी का सवा कारफरमा है, और ईसी एक मसअलेने हिन्दुस्तान की तमाम कोमों को मुन्तशिर करके हम पर गुलामी की झंझीरे को झयादा मझबूत बना रखा है।

महात्माजी : आखिरमें परमात्मा से हमारी प्रार्थना हे के हिन्दुस्तांकी तेहरीके आझादी को बहोत जलद कामियाब करे, आपको ईस पाक कामियाबी तक बकैदा हयात और आपकी रूहानी-व-जिस्मानी ताकात बरकरार रखे. और हमें तौफीक अता फरमाअे के हम आपके इरशादातो खयालात गिरामी पर अमल करते हुए. बिला इम्तय मझहबो मिल्लने बाहमी, रवादारी खुलुस और उन्मसका बर्ताव करे और एक दूसके के दुश-ब-दुश, भारतवर्षकी आझादी के लिये बेदिलोजां खिदमत बजा लाए.

(हम है आपके नियाझ मंद : मिमबरान डिस्ट्रीक्टबोर्ड सहारनपुर)
-(૧૫ ઑક્ટોબર, ૧૯૨૯ ઈ. સ.)

## અભિનંદન પત્ર

### ડિસ્ટ્રિક્ટ બોર્ડ સહારનપુર તરફથી શ્રીમાન મહાત્મા ગાંધીજી મહારાજની સેવામાં

અમો ડિસ્ટ્રિક્ટ બોર્ડ સહારનપુરના જિલ્લાના નાગરિકો દ્વારા ચૂંટાયેલા સભ્યો, પોતાના તરફથી તેમજ જિલ્લાના બધા જ નાગરિકો તરફથી ભારતના મહાન માર્ગદર્શક અને માનનીય હસ્તીની સેવામાં આજે જિલ્લાના મુખ્ય મથકને શોભા અર્પવા માટે અને અહીં પધારવા માટે અંતઃકરણપૂર્વક આપનો આભાર વ્યક્ત કરીએ છીએ. અને આપના આગમનથી જે ગર્વ, ઇજ્જત અને પ્રસન્નતા સહારનપુરના નાગરિકોને પ્રાપ્ત થઈ છે તેને અત્રે વ્યક્ત કરવા અમારી કલમમાં શક્તિ અને શબ્દો નથી. આપે દેશના અતિ ઉચ્ચ હેતુઓની પ્રાપ્તિ માટેના પ્રયત્નોના માર્ગમાં અજમાયશના સમયે જે અદ્વિતીય સ્થિરતા ને બેમિસાલ સંયમ અને સહનશીલતા દાખવ્યાં છે તેને કારણે માત્ર હિન્દના જ નહિ બલકે આખા વિશ્વના સત્ય પ્રેમીઓ આપના પ્રશંસક અને ઋણી છે. અને આપના આ નિખાલસ પ્રેમભાવ, ત્યાગ, મહેરબાની અને હમદર્દીએ અમને પણ આપની વિનમ્રતાના બંધનમાં હંમેશ માટે બાંધી દીધા છે.

મહાત્માજી, આપ જેવી પ્રશંસનીય વ્યક્તિનું જ એ સાહસ હતું કે આફ્રિકા જેવા અત્યંત દૂર અને અવિકસિત દેશમાં સ્વતંત્રતા માટે સડકો પર કાંકરા કૂટવાનું કાર્ય આપે કર્યું અને કારાવાસની ગંદકી ઉપાડી. મહાત્માજી, નિસંદેહ આપે ભારત દેશને આઝાદી અપાવવા આ ઉંમરે અશક્ત શરીરે જે અસહ્ય ભાર વહન કરેલ છે અને સ્વતંત્ર માટે જે અહિંસક યુદ્ધનો નકશો બનાવેલ છે, તેનાથી સૌનાં દિલોમાં સ્વતંત્રતાની સાચી લાગણીઓ પ્રગતિ પામી રહી છે. આપની આત્મીય શક્તિ, નિખાલસતા, દેશપ્રેમ અને ત્યાગનો દરેક ભારતવાસી સહૃદય સ્વીકાર કરે છે. હિન્દોસ્તાનમાં અંગ્રેજ હકૂમતની અત્યાચારી નીતિનો સામનો કરવામાં જે અસહ્ય મુસીબતો અને યાતનાઓ મહાત્માજી આપે સહન કર્યાં છે એની કલ્પના જ માનવીના માનસને પરેશાન કરવા પૂરતી છે. બસ આટલી જ અરજ છે કે આપની અહિંસા અને ખામોશીથી મુકાબલો કરવાની તાલીમે જ ભારત વર્ષમાં જિતેન્દ્રનાથ દાસ જેવા દેશ ખાતર જન ન્યોછાવર કરનારા જાંબાઝ સૈનિકો પૈદા કર્યા છે. અને નવયુવાનોને દેશપ્રેમમાં તરબોર થવાના પાઠ ભણાવ્યા છે.

ડિસ્ટ્રિક્ટ બોર્ડ વિશે

મહાત્માજી,

આ અમારી અરજ યથાસ્થાને છે કે સહારનપુર ડિસ્ટ્રિક્ટ બોર્ડનું સંઘ એ છોડની એક નાનકડી ડાળી છે કે જેને કૉંગ્રેસના અવિરત પ્રયત્નોએ ભારતીય ભૂમિમાં રોપ્યું છે. આ નાનકડું ડિસ્ટ્રિક્ટ બોર્ડ અથવા સેલ્ફ ગવર્મેન્ટને જિલ્લાની સત્તાએ જે અધિકારો આપ્યા છે તે અધિકારોનો સદ ઉપયોગ કરવાની પોતાની ફરજ સમજે છે. બોર્ડના વિભાગમાં ૩૬૮ શાળાઓ છે, જેમાં ૧૫ શહેરની શાળાઓ અને ૧૬૦ પ્રાયમરી શાળાઓ છે. ૧૮૨ સહાયક અને ઇસ્લામિક શાળાઓ છે. ૧૧ શાળાનો અસ્પૃશ્યો માટે અને એક કૃષિશાળા રામપુર નિથારામાં છે. કન્યાઓના શિક્ષણ માટે ૧૮ શાળાઓ છે. જેમાં ખાસ કરીને પાંચ શાળા બોર્ડના ખર્ચે ચાલે છે. અને બીજી ૧૩ શાળાઓને સહાય આપવામાં આવે છે. ફરજિયાત શિક્ષણ બોર્ડથી મંજૂરી પ્રાપ્ત કરીને સરકારને તેની અરજી મોકલવામાં આવેલા છે. જેની મંજૂરી મળતાં ૧૬ સ્થાનો પર ફરજિયાત શિક્ષણ શરૂ કરવાનો ઇરાદો છે. આરોગ્ય માટે વિવિધ સ્થાનો પર ડૉક્ટર, વૈદ, યુનાની હકીમોને સહાય કરવામાં આવે છે.

મજૂર સમુદાયની પરિસ્થિતિ

મહાત્માજી,

અત્યારે પ્રવર્તમાન સમયમાં ભારત દેશના દરેક ભાગમાં વિવિધ કાર્યશક્તિની સંસ્થાઓનું જોર છે. અને એક મોટા વર્ગની આંખો આપના ઉપર અને સરદાર વલ્લભભાઈ પટેલ ઉપર છે. આઝાદીની ચળવળમાં જે શક્તિ સૌથી વધારે સહાયક અને મદદગાર થવાની છે તે મજૂરો, ગરીબો અને મહેનત કરીને આજીવિકા મેળવનારાઓ, જમીનદારો અને ખેડૂતોની શક્તિ છે. ભારત દેશના વિવિધ વિસ્તારોમાં જે લડાઈ ઝઘડા, આંતર કલહ દેખાઈ રહ્યા છે, તેના મૂળમાં રોજીરોટીનો પ્રશ્ન મુખ્ય ભાગ ભજવી રહ્યો છે. આજ એક સમસ્યાએ હિન્દોસ્તાનની તમામ કોમોને વેરવિખેર કરીને

*ગુલામીની સાંકળોમાં જકડી લીધી છે. મહાત્માજી, છેવટે ઈશ્વર સમક્ષ અમારી એટલી જ પ્રાર્થના છે કે ઈશ્વર હિન્દોસ્તાનની આઝાદીની ચળવળને બહુ જલદી સફળતા અર્પે. આપને આ પવિત્ર હેતુની સફળતા સુધી જીવંત રાખે અને આપની આધ્યાત્મિક તેમજ શારીરિક શક્તિને યથાવત રાખે. અને અમને સદબુદ્ધિ આપે કે અમે આપના આદેશો અને ઉચ્ચ વિચારોને અમલમાં મૂકીએ અને ધાર્મિક ભેદભાવ રાખ્યા વગર કોમી એકતા, ન્યાય, નિખાલસતા અને પ્રેમભાવથી એકબીજા સાથે વર્તીએ. અને ખભેથી ખભો મિલાવીને ભારત દેશની આઝાદી માટે હૃદયના ઊંડાણ તેમજ આત્મીયતા સાથે સેવા આપીએ.*

**અમે છીએ આપના આજ્ઞાકારી**

**ડિસ્ટ્રિક્ટ બોર્ડ સહારનપુરના સભ્યો**
**૨૫ ઑક્ટોબર સન ૧૯૨૯**

૨૧થી ૨૪ ઑક્ટોબર ગાંધીજી મસુરીમાં રહ્યા. ૨૪ના રોજ રેજિનાલ્ડ રેનોલ્ડસ સાબરમતી આશ્રમમાં રહેવા આવ્યા.[૧] રેજિનાલ્ડ રેનોલ્ડસ (૧૯૦૫-૧૯૫૮) ૨૪ વર્ષની ઉંમરે ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈ સાબરમતી આશ્રમમાં રહેવા આવ્યા હતા. ગાંધીજીએ ૧૯૩૦ના માર્ચમાં બ્રિટિશ વાઇસરોય લોર્ડ ઇર્વિંગને અંતિમ અલ્ટીમેટમનો પ ત્ર પહોંચાડવાની જવાબદારી રેજિનાલ્ડ રેનોલ્ડસને સોંપી હતી. જેમાં તેમણે ૧૯૩૦ની સવિનય કાનૂન ભંગની ચળવળ માટેનાં મૂળભૂત કારણો જણાવી ચળવળનું એલાન આપ્યું હતું. રેજિનાલ્ડ રેનોલ્ડસના આશ્રમમાં આગમનના સમાચાર મળતાં ગાંધીજીએ ૨૮ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ મેરઠથી તેમને એક પત્ર પાઠવ્યો હતો. જેમાં લખ્યું હતું,

**"હું દિલગીર છું કે આપણે ૨૫ નવેમ્બર પહેલા મળી શકીશું નહિ. એક રીતે એથી મને આનંદ થાય છે. એથી આશ્રમનો તમારો અનુભવ સ્વાભાવિક બનશે. આશ્રમમાંની મારી હાજરી તટસ્થ અનુભવમાં બાધા લાવે છે.**

**કોઈ પણ રીતે તમે તમારી તબિયત જાળવજો. એક કરવાનો ઉત્તમ રસ્તો ત્યાં ખૂબ જ નિરાંત અનુભવવાનો અને તમને જરૂરી હોય એવી બધી સગવડ માગી લેવાનો છે. આકરા તાપમાં હેટનો છૂટથી ઉપયોગ કરજો. ખુલ્લા પગે ચાલવાનો એકદમ પ્રયાસ કરશો નહિ. આજુબાજુ મચ્છરો જણાય તો મચ્છરદાની વાપરવાનું રાખજો. કંઈ નહિ તો શરૂ શરૂમાં ઘીનો ઝાઝો ઉપયોગ ન કરતા. દાળ ન લેશો, મળી શકે ત્યારે થોડાં કાચાં શાકભાજી લઈ લેજો. જરૂર પડ્યે દિવેલ, વિલાયતી મીઠું અથવા એનિમા લઈને તમારાં આંતરડાં સારી સ્થિતિમાં રાખજો. પેટ સાફ રાખવા માટે એક વારનું ભોજન છોડવાનું અથવા ૨૪ કલાકનો નકોરડો અપવાસ કરવાનું બહુધા વધારે સારું છે. એ દરમિયાન વચમાં વચમાં પાણી છૂટથી પીતા રહેવું.**

**આગળ વધો તેમ તેમ તમે દરરોજ થોડા હિન્દોસ્તાની શબ્દો શીખતા રહો એમ હું ઇચ્છું છું. તમે શીખો તે શબ્દોની યાદી બનાવતા રહો. તમે દેવનાગરી લિપિ વધારે જલદી નહિ તોય ચાર દિવસમાં તો શીખી લઈ શકો. પ્રાર્થના વખતે ગવાતા શ્લોકો અને ભજનોના અર્થ સમજી લેવાનું ચૂકશો નહીં. આ બે પ્રાર્થનાઓના સમયને હું ભોજનના સમય કરતાં પણ વધારે મહત્ત્વનો ગણું છું."[૨]**

આશ્રમમાં આવતા મહેમાનો કે વિદેશીઓ અંગે ગાંધીજીનો પ્રેમ અને તકેદારી આ પત્રમાં જોઈ શકાય છે. ૨૫મીએ ગાંધીજી મસુરીથી સહારનપુર આવ્યા. સહારનપુરમાં તેમને અનેક માનપત્રો આપવામાં આવ્યાં.

જેમાં ડિસ્ટ્રિક્ટ બોર્ડ, કાશીરામ હાઈસ્કૂલ, હિંદ કુમાર સભા, જિલ્લા કૉંગ્રેસ કમિટી, સ્વાગત સમિતિ, આર્ય સમાજ, અગ્રવાલ સેવા સમિતિ, અને રાજપૂત સભાનાં માનપત્રો મુખ્ય હતાં.

ડિસ્ટ્રિક્ટ બોર્ડ સહારનપુરના સભ્યો દ્વારા આપવામાં આવેલ આ માનપત્ર ઉર્દૂ ભાષામાં હસ્તલિખિત સ્વરૂપનું છે. અત્રે તેનો ગુજરાતી અનુવાદ આપવામાં આવેલ છે. માનપત્રના અંતે ૨૫-૧૦-૧૯૨૯ની તારીખ નાખવામાં આવેલ છે. ગાંધીજીના એ દિવસના કાર્યક્રમોમાં આ માનપત્ર સૌપ્રથમ આપવામાં આવ્યું હતું. માનપત્ર વિસ્તૃત છે. તે ત્રણ વિભાગોમાં વિભાજિત છે. તેના પ્રથમ ભાગમાં ગાંધીજીના આગમનને સહર્ષ આવકારવા સાથે એ સમયની ભારતની આર્થિક અવદશાનું વર્ણન કરવામાં આવેલ છે. .

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૨બ.

૨. ગાંધીજીનો અક્ષરદેહ, પુ. ૪૨, પૃ. ૬૦

# ૨૮

અત્યાર સુધી ગાંધીજીને મળેલ એવા માનપત્રોની આપણે વાત કરી છે, જે તેમને ધરતી પર આપવામાં આવ્યાં હતાં. પણ આ માનપત્ર ગાંધીજીને એસ.એસ. રાજપૂતાના આગબોટના બોર્ડ પર આપવામાં આવ્યું હતું. ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા કોંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ૨૯ ઑગસ્ટ, ૧૯૩૧ના રોજ મુંબઈથી આગબોટ એસ.એસ. રાજપૂતાનામાં નીકળ્યા હતા. એ સમયે તેમના પાસપોર્ટમાં એમનો વ્યવસાય 'બૅરિસ્ટર' જણાવવામાં આવ્યો હતો. આગબોટ રાજપૂતાના ૭ સપ્ટેમ્બરના રોજ મિસર (ઇજિપ્ત)ના પોર્ટ સૈયદ પર પહોંચી હતી. એ દિવસે મિસરમાં વસતા ભારતીઓએ ગાંધીજીને એક માનપત્ર આપ્યું હતું. અંગ્રેજીમાં અપાયેલા એ માનપત્ર કાગળ ઉપર લીલા રંગમાં પ્રિન્ટ કરેલ છે. જ્યારે માનપત્રની બોર્ડર ભારતના રાષ્ટ્રધ્વજના ત્રણ રંગો કેસરી, સફેદ અને લીલાથી સજાવવામાં આવેલા છે. ૭ સપ્ટેમ્બર, ૧૯૩૧ના રોજ આપવામાં આવેલ આ માનપત્રના છઠ્ઠા પેરાગ્રાફના કેટલાક શબ્દો કાગળ ફાટી જવાને કારણે ઉપલબ્ધ નથી. પણ તેનો ભાવ વ્યક્ત કરવા પૂરતા તે સમજી શકાય છે. સૌપ્રથમ અંગ્રેજીમાં તે માનપત્ર જોઈએ. એ પછી તેનું ગુજરાતી ભાષાંતર તપાસીએ.

*ADDRESS*

*PRESENTED BY INDIAN RESIDING IN EGIPT*

*TO*

*MAHTAMA MOHANDAS KARAMCHAND GANDHI*

*On the board the S.S RAJPUTANA*

*On his way to London to attend the Indian Round Table Conference/*

MAHATMAJI,

*On behalf of the Indian residents in Egypt we humbly present you our loving greetings.*

*The ancient land of the Nile has had culture and commercial relations with our beloved motherland since the very dawn of  and those relations are being continued and even to this day.*

*If the main thoroughfares of the great cities here, Cairo, Alexandria and Port Said you will find Indian establishment dealing in wares which used to be exported from India long before the days of steamship and railway.*

*The ancient mohamedan university of Al-Hazar of Cairo attracts still some of the best students of Islam from all parts of India.*

*It is here that East meets West and on your way from East to the West,*

ADDRESS

PRESENTED BY INDIANS RESIDING IN EGYPT

TO

# MAHATMA MOHANDAS KARAMCHAND GANDHI

On board the "S.S. RAJPUTANA"

On his way to London to attend the Indian Round Table Conference

## MAHATMAJI,

On behalf of the Indian residents in Egypt we humbly present you our loving greetings.

The ancient land of the Nile has had cultural and commercial relations with our beloved motherland since the very dawn of history and those relations are being continued and strengthened even to this day.

In the main thoroughfares of the great cities here, Cairo, Alexandria and Port-Said you will find Indian establishments dealing in wares which used to be exported from India long before the days of steamships and railways.

The ancient mohamedan university of Al-Hazar of Cairo attracts still some of the best students of Islam from all parts of India.

It is here that East meets West and on your way from the East to the West, where you are going on a sacred mission for your country and our own we present you our heartiest greetings.

We are [illegible] eat difficul[illegible] London, but we have full confi[illegible] sagacity, [illegible] our cause. We pray to Almigi[illegible] rant you and [illegible] iders success on this momentous occas[illegible]

The method of Non-Violence you have professed and practised in striving for freedom of India is the need of the world today. Your success may mean the beginning of the end to the International strife, and a great deal for human evolution.

It is evident to us that the noble Egyptian nation has deep sympathy for the cause you represent and great admiration for your personality. We appreciate this to the full.

Further we invite you to visit us on your way home and experience the fraternal relations we have with the people of this ancient land.

May God keep you under His kind protection throughout the voyage and be your guide through the difficult days a-head.

Bharat-Mata-Ki-Jai! Mahatama Gandhi Ki Jai!

## VANDE-MATRAM

Port-Said, dated 7th, September, 1931

U. P. Master
(Chairman)

Members of the Committee

A. KUNDANMAL
N. SHAMDAS
LOKUSINGH J.
SHAMDAS H.

*where you are going on a sacred mission, for your country and our own we present you our heartiest greeting.*

*We are.......eat difficult.........London........, but we have full confident .......... sagacity,.............a of our cause. We pray to Almighty ..........rant..........you.......and.... ders......successes this momentous occas.....*

*The method of Non-Violence you have professed and practised in striving for freedom of India is the need of the world today. Your success may mean the beginning of the end to the international strife, and a great deal for human evolution.*

*It is evident to us that the noble Egyptian nation has deep sympathy for the cause represent or your great admiration personality. We appreciate this to the full.*

*May God keep you under His protection throughout the voyage and your guide through the difficult days a -head.*

*Bharat-Mata-Ki-Jai ! Mahatma Gandhi Ki Jai !*

*VANDE-MATRAM*

*Port - Said, 7th September, 1931*

*U.P.Master*
*(Chairman)*
*Members of Committee*
*A. KUNDANMAL*
*N. SHAMDAS*
*LOKUSINGH J.*
*SHAMDHA H.*

**માનપત્રનો ગુજરાતી અનુવાદ.**

ઇજિપ્તનિવાસી ભારતીઓ તરફથી મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીને એસ.એસ. રાજપૂતાના આગબોટ પર, જ્યારે તેઓ લંડન ખાતે યોજાયેલ ગોળમેજી પરિષદમાં હાજરી આપવા જઈ રહ્યા હતા ત્યારે.

"મહાત્માજી,

ઇજિપ્તમાં રહેતા ભારતીઓ તરફથી અમો આપને સાદર સત્કારીએ છીએ.

આપણી માતૃભૂમિ ભારત સાથે આગવી સંસ્કૃતિ ધરાવતી પ્રાચીન ભૂમિ નાઈલ[1] ને પરાપૂર્વથી વેપારિક અને સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. જે આજે પણ મજબૂત અને યથાવત છે.

કેરો, એલેકઝાન્ડર અને પોર્ટ સૈયદ જેવાં શહેરોના રાજમાર્ગો પર આવેલા ભારતીય વ્યાપારિક કેન્દ્રોમાં ભારતમાં બનેલી અને આગબોટ અને રેલવેના આગમન પૂર્વે વહાણ માર્ગે આયાત કરેલી

*વસ્તીઓ આજે પણ વેચાય છે.*

*પ્રાચીન મહંમદ યુનિવર્સિટી અલ હઝાર, કેરો આજે પણ ભારતના જુદાજુદા ભાગોમાંથી ઉત્તમ મુસ્લિમ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આકર્ષી રહી છે.*

*અહીંયાં જ્યાં પૂર્વ અને પશ્ચિમનું મિલન થાય છે અને આજે જ્યારે આપ પૂર્વથી પશ્ચિમ તરફ આપના દેશ કાજે એક પવિત્ર કાર્ય માટે જઈ રહ્યા છો ત્યારે અમે આપને શુભેચ્છા પાઠવીએ છીએ.*

*અમોને જાણ છે કે જે કાર્ય માટે આપ લંડન જઈ રહ્યા છો તે મુશ્કેલ છે. પણ અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તેમાં તે આપને સફળતા અર્પે. (આ પેરેગ્રાફના અક્ષરો કાગળ ફાટી જવાને કારણે વંચાતા નથી. પણ તેનો ભાવાર્થ સમજાય છે)*

*આપે અહિંસાની જે પદ્ધતિ ભારતની આઝાદી માટે પ્રબોધી છે અને અમલમાં મૂકી છે, તે સમગ્ર વિશ્વ માટે જરૂરી લાગે છે. તેમાં આપની સફળતા સમગ્ર વિશ્વના માનવમૂલ્યોના જતન માટે આરંભ બની રહેશે.*

*અમે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે આપ માટે સમગ્ર રાષ્ટ્ર ઊંડી સહાનુભૂતિ ધરાવે છે. જે ઉદ્દેશનું આપ પ્રતિનિધિત્વ કરો છો તેનું અને આપના વ્યક્તિત્વની અમે ઊંડી સરાહના વ્યક્ત કરીએ છીએ. અને આપના કાર્યને સંપૂર્ણ આવકારીએ છીએ.*

*વધુમાં આપ જ્યારે પાછા ફરો ત્યારે જે પ્રાચીન દેશના વાલીઓ સાથે અમોએ અહીંયાં રહી ઘરોબો કેળવાયો છે તે માણવા અમે સૌ આપને નિમંત્રણ પાઠવીએ છીએ.*

*સમગ્ર સમુદ્રી યાત્રા દરમિયાન ઈશ્વર આપનું રક્ષણ કરે અને આવનાર કપરા સંજોગોમાં તમારા રાહબર બની રહે.*

*ભારતમાતા કી જય. મહાત્મા ગાંધી કી જય*

*વન્દેમાતરમ*

*પોર્ટ સૈયદ, તારીખ ૭ સપ્ટેમ્બર, ૧૯૩૧*

*યુ.પી માસ્તર*
*(ચેરમેન)*
*એ. કુંદનમલ*
*એન.શામદાસ*
*લોકુસિંગ જે.*
*શામદાસ એચ.*

આ માનપત્ર અન્વયે ઉલ્લેખ કરતાં મહાદેવભાઈ દેસાઈ લખે છે,

"સવારે ત્રણ વાગ્યે પોર્ટ સૈયદ આવ્યું.... કેરોના હિંદી વેપારીઓ કે જે મોટા ભાગે સિંધી છે, તેમનું પ્રતિનિધિમંડળ પણ સ્વેઝ અને પોર્ટ સૈયદમાં ગાંધીજીને મળવા તથા એમને સ્વાગતનું માનપત્ર આપીને વળતી મુસાફરીએ કેરોની મુલાકાતે[૨] આવવા ખાસ આગ્રહ કર્યો."[૩]

ગાંધીજીને આપવામાં આવેલા માનપત્ર અને ભેટ સોગંદનો પ્રતિભાવ આપતાં તેમણે મિસરવાસી હિંદીઓ સમક્ષ આપેલ ભાષણમાં કહ્યું હતું,

"માનપત્ર અને કીમતી ભેટો માટે હું મારા દેશબંધુઓનો આભારી છું. હું આશા રાખું છું કે તેઓ વિદેશમાં પોતાની માતૃભૂમિની શ્રેષ્ઠ પરંપરાઓનું પ્રતિનિધિત્વ કરતા હશે અને એવી રીતે વર્તતા હશે કે જે દેશમાં તેઓ પોતાની રોજી રળે છે તે દેશને ઉપયોગી થઈ પડે. હું એવી આશા રાખું કે તેઓ સતત હિન્દુસ્તાનના ભૂખે મરતા માણસોને સ્મરણમાં રાખે."[૪]

---

૧. નાઇલ ઇજિપ્તની પ્રાચીન નદી છે. તે આંતરરાષ્ટ્રીય મોટામાં મોટી નદી છે. જેનું પાણી વિશ્વના અગિયાર દેશોને પ્રાપ્ત થાય છે. તેની લંબાઈ ૬૮૫૩ કિ.મી. અર્થાત્ ૪૨૫૮ માઈલ છે.

૨. માનપત્રના નવમા પેરેગ્રાફમાં ગાંધીજીને પાછા ફરતા આવવાનું નિમંત્રણ આપેલું છે.

૩. મહાદેવભાઈની ડાયરી, પુસ્તક-૧૫, પૃ. ૨૬

૪. ગાંધીજીનો અક્ષરદેહ-૪૭, પૃ. ૪૩૨.

# ૨૯ હિંદુ સભા પૂર્ણિયાનું માનપત્ર

આજે પૂર્ણિયા બિહાર રાજ્યનો એક મહત્ત્વનો જિલ્લો છે. પણ આઝાદીની લડત દરમિયાન તે સંયુક્ત પ્રાંતમાં આવેલો હતો. ૧૯૧૯માં પૂર્ણિયા જિલ્લાએ આઝાદીની લડતમાં યોગદાન આપ્યું હતું. ૧૯૨૦માં નાગપુરમાં મળેલ કૉંગ્રેસના અધિવેશનમાં પૂર્ણિયા જિલ્લાના સેવકોએ સક્રિય ભાગ લીધો હતો. ગાંધીજીએ અસહકારના આંદોલનનું એલાન આપ્યું ત્યારે પૂર્ણિયાના અગ્ર વકીલો શ્રી ગોકુળ કૃષ્ણ રાય અને સત્યેન્દ્ર નારાયણ રાયે તેમની વકીલાત છોડી અસહકારની લડતમાં ઝંપલાવ્યું હતું. એ નાતે પૂર્ણિયા જિલ્લો રાષ્ટ્રીય ચળવળમાં પ્રથમથી જ સહભાગી રહ્યો છે.[૧]

હિંદીના સુપ્રસિદ્ધ સાહિત્યકાર ફણીશ્વરનાથ રેનુના જન્મસ્થળ તરીકે જાણીતા શહેર પૂર્ણિયાની ગાંધીજીએ બે વાર મુલાકત લીધાનું ગાંધીજીની દિનવારીમાં નોંધાયું છે. સૌપ્રથમ ગાંધીજી ૧૧થી ૧૪ ઑક્ટોબર, ૧૯૨૫માં પૂર્ણિયા આવ્યા હતા. એ સમયે તેમનો ઉતારો કુમાર ગંગનાથ સિંગને ત્યાં હતો. બીજી વાર ગાંધીજી ૯ એપ્રિલ, ૧૯૩૪ના રોજ પૂર્ણિયા આવ્યા હતા.[૨] એ સમયે તેમનો ઉતારો બાબુ ગોકળ કૃષ્ણ રાયને ત્યાં હતો. તેઓ અરારિયા ગામેથી પૂર્ણિયા આવ્યા હતા. અને રાત્રીરોકાણ કરી ગાંધીજી ટીકાપટ્ટી જવા નીકળી ગયા હતા. એ રોકાણ દરમિયાન કોઈ કાર્યક્રમનું આયોજન થયું નહતું.[૩]

અરારિયાના રામકૃષ્ણ સેવાશ્રમની મુલાકાત લઈ ગાંધીજી ૧૧ ઑક્ટોબરના રોજ ફોરબસગંજ થઈને પૂર્ણિયા પહોંચ્યા હતા. ૧૧ના રોજ કોઈ જ કાર્યક્રમ ન હતો. ૧૨થી ૧૪ ઑક્ટોબર, ૧૯૨૫ દરમિયાનની ગાંધીજીની પૂર્ણિયાની મુલાકાત દરમિયાન તેમને મળેલા બે માનપત્રોની ચર્ચા આપણે અગાઉ કરી છે. જેમાં જિલ્લા કૉંગ્રેસ કમિટી, પૂર્ણિયા(માનપત્ર-૨૧) અને પૂર્ણિયા ડિસ્ટ્રિક્ટ બોર્ડ(માનપત્ર-૨૪)નાં માનપત્રોનો સમાવેશ થાય છે. આજે તેમને એ જ મુલાકાત દરમિયાન મળેલ ત્રીજા માનપત્રની વાત કરવી છે. ગાંધીજીના સંદર્ભમાં આવું અનેક વાર બન્યું છે કે તેમને એક જ સ્થળ કે સભામાં જુદીજુદી સંસ્થાઓએ જુદાજુદા માનપત્રો આપવામાં આવ્યા હોય. આ અંગે ખુદ ગાંધીજી લખે છે,

**"દરેક સભામાં મને ત્રણચાર કે તેથી વધારે માનપત્રો મળે છે."[૪]**

પૂર્ણિયાની મુલાકાત દરમિયાન પણ એકથી વધુ સંસ્થાઓએ ગાંધીજીને માનપત્ર આપ્યાનું જોવા મળે છે. અગાઉ પૂર્ણિયા જિલ્લામાં અપાયેલાં ઉપરોક્ત બે માનપત્રોની જ શૈલી અને એ જ પ્રકારના કાપડ પર પ્રિન્ટ કરી આ માનપત્ર ગાંધીજીને પૂર્ણિયા જિલ્લા હિંદુ સભાના સદસ્યો તરફથી આપવામાં આવેલ છે. જેનું પ્રિન્ટિંગ પણ ધી યુનાઈટેડ પ્રેસ લિમિટેડ, ભાગલપુરમાં થયાનું માનપત્રના અંતે જોઈ શકાય છે. અગાઉનાં બંને માનપત્રો જેમ જ આ માનપત્રમાં પણ માનપત્ર આપ્યાની તારીખ આપવામાં આવેલ નથી. પણ અગાઉનાં બંને માનપત્રો ૧૨, ૧૩, અને ૧૪ ઑક્ટોબર, ૧૯૨૫ના રોજ આપવામાં આવ્યાના આધારો મળે છે. ગાંધીજીએ પૂર્ણિયાની બીજી મુલાકાત ૯ એપ્રિલ, ૧૯૩૪માં લીધી હતી. પણ એ દિવસે ગાંધીજીનું પૂર્ણિયામાં રોકાણ અલ્પ હતું. તેઓ બાબુ ગોકુળ કૃષ્ણ રાયને ત્યાં ઊતર્યા હતા. પણ એ દિવસે પૂર્ણિયામાં કોઈ જ કાર્યક્રમ તેમના આગમનના સંદર્ભમાં યોજાયો ન હતો. ગાંધીજીની દિનવારીના એ આધાર અન્વયે કહી શકય કે આ માનપત્ર પણ ગાંધીજીની ૧૨, ૧૩, અને ૧૪ ઑક્ટોબર, ૧૯૨૫ની પૂર્ણિયાની મુલાકાત દરમિયાન આપવામાં આવ્યું હશે. આ દિવસો દરમિયાન ગાંધીજીની તબિયત સારી ન હતી. ગાંધીજીની દિનવારીમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે.[૫] સૌપ્રથમ સરળ હિન્દીમાં અપાયેલ એ માનપત્રનો અભ્યાસ કરીએ.



॥ ॐ ॥

महात्मा मोहन दास कर्मचन्द गांधी

के कर-कमलों में पूर्णियां जिला हिन्दू-सभा द्वारा समर्पित,

॥ अभिनन्दन पत्र ॥

हिन्दू धर्म्म के पवित्र सिद्धान्तों को क्रिया रूप में प्रगट करनेवाले, हिन्दू जाति को गौरवान्वित करनेवाले पूजनीय महात्मा जी !

पूर्णियां जिला हिन्दूसभा आप का स्वागत कर अपने को धन्य मानती है।

सत्य, दया, धर्म्म, त्याग, कर्त्तव्य निष्ठा आदि जितने विषयों का अनुसरण करना हिन्दूधर्म्म हमें सिखाता है, आप उन्हें स्वयं कर, लोगों के आदर्श बने हैं अतः हिन्दूमात्र को आप का गौरव है।

हिन्दू सभा को यहां स्थापित हुए एक वर्ष अभी पूरा नहीं हुआ है। अखिल भारतीय हिन्दू महासभा के उद्देश्यों को सफल करने के लिये उसके बनाये हुय नियमों का यह सभा देश काल पात्र के अनुसार यथा शक्ति पालन करने का प्रयास कर रही है। पर कार्य्य अभी प्रारम्भ ही हुआ है, अच्छी तरह से चला है नहीं।

स्वदेशी वस्त्र परिधान, अन्त्यज सुधार, आन्तरिक बल विस्तार आदि धीरे धीरे किया जा रहा है और आशा की जाती है कि भविष्य में ये काम जोरों से किये जांयगे। इन कार्य्यों का समर्थन आपने मुक्त कंठ से किया है अतएव इस सभा को इन बातों पर विसेष ध्यान रहता है।

अन्य धर्म्मावलम्बियों से सहानुभूति रखना यह सभा आवश्यक समझती है और उसी प्रकार व्यवहार भी करती है।

यहां संस्था रूपी नवजात शिशु को क्षमता नहीं है कि आप की अभ्यर्चना उपयुक्त रूप से करे आशा केवल इतनी है कि "जो बालक कहु अनुचित करई, गुरु पितु मातु मोद मन भरई" इसके अतिरिक्त कहना इतनाही है कि,

हे नरोत्तम, हे धर्म्म प्रिय हे देश भक्त विश्व महा पुरुष आप को ईश्वर दीर्घायु करें जिससे इस अभागे देश की उन्नति की आशा उत्तरोत्तर बढ़ती जाय। इत्यलम्।

विनीत—

जिला हिन्दू सभा के सदस्य।

॥ ओम ॥

## महात्मा मोहनदास कर्मचन्द गांधी
## के कर-कमलों में पूर्णिया जिल्ला हिन्दु-सभा द्वारा समर्पित

॥ अभिनन्दन पत्र ॥

हिन्दु धर्म के पवित्र सिद्धांतो को क्रिया रुप में प्रगट करनेवाले, हिन्दु जाति को गौरवान्वित करनेवाले पूजनीय महात्माजी,

पूर्णिया जिल्ला हिन्दुसभा आपका स्वागत कर अपने को धन्य मानती है।

सत्य, दया, धर्म, त्याग, कर्त्तव्य निष्ठा आदी जीतने विषयो का अनुसरण करना हिन्दु धर्म हमे सिखाता है, आप उन्हें स्वयं कर, लोगों के आदर्श बने है। अतः हिन्दु मात्र को आप का गौरव है।

हिन्दुसभा को यहां स्थापित हुए एक वर्ष अभी पुरा नहीं हुआ है। अखिल भारतीय हिन्दु महासभा के उदेश्य को सफल करने के लिये उसके बनाये हुए नियमो का यह सभा देश काल पात्र के अनुसार यथा शक्ति पालन करनेका प्रयास कर रही है। यह कार्य अभी आरंभ ही हुआ है, अच्छी तरह से चला है नहीं।

स्वदेशी वस्त्र परिधान, अंत्यजसुधार, आन्तरिक बल विस्तार आदि धीरे धीरे किया जा रहा है और आशा की जाती है कि भविष्य में ये काम जोरों से किये जायेंगे। इन कार्यो का समर्थन आपने मुक्त कंठ से किया है अतएव इस सभा को इन बातों पर विशेष ध्यान रहता है।

अन्य धर्मावलम्बियो से सहानुभूति रखना यह सभा आवश्यक समझती है और उसी प्रकार व्यवहार भी करती है।

यहां संस्था रूपी नवजात शिशु को क्षमता नहीं है कि आपकी अभ्यर्थना उपयुक्त रूप से करे आशा केवल इतनी है कि "जो बाळक कछु अनुचित करेई, गुरु पितु मातु मोद मन भरई" इसके अतिरिक्त इतना ही है कि,

है नरोत्तम, हे धर्मप्रिय, हे देशभक्त विज्ञ महा पुरुष आपको ईश्वर दीर्घायु करे जिससे इस अभागे देश की उन्नति की आशा उत्तरोत्तर बढती जाय। ईत्यलम।

विनीत-

जिल्ला हिन्दु सभा के सदस्य

|| ઓમ ||

## મહાત્મા મોહનદાસ કર્મચન્દ ગાંધી
## ના કર-કમલોંમાં પૂર્ણિયા જિલ્લા હિન્દુ-સભા દ્વારા સમર્પિત

## || અભિનન્દન પત્ર ||

*હિન્દુ ધર્મના પવિત્ર સિદ્ધાંતોને આચરણમાં મૂકી, હિન્દુ જાતિને ગૌરવાન્વિત કરનાર પૂજનીય મહાત્માજી,*

*પૂર્ણિયા જિલ્લા હિન્દુસભા આપનું સ્વાગત કરતાં ધન્યતા અનુભવે છે.*

*સત્ય, દયા, ધર્મ, ત્યાગ, કર્તવ્ય નિષ્ઠા વગેરે જેટલી બાબતોનું આચરણ હિન્દુ ધર્મ આપણને કરવાનું શીખવે છે, આપ એ તમામને આચરણમાં મૂકી, લોકોના આદર્શ બન્યા છો. પરિણામે હિન્દુ માત્રને આપના પર ગર્વ છે.*

*હિન્દુ સભાની સ્થાપનાને હજુ અહીંયાં એક વર્ષ પણ પૂર્ણ થયું નથી. અખિલ ભારતીય હિન્દુ સભાના ઉદ્દેશોને સફળ કરવા માટે, તેના નિયમોનું આ સભા દેશ કાળ અને પાત્ર અનુસાર યથાશક્તિ પાલન કરવા પ્રયાસ કરી રહી છે. આ કાર્યનો હજુ આરંભ માત્ર થયો છે, સારી રીતે તેનો અમલ થયો નથી.*

*સ્વદેશી વસ્ત્રો ધારણ કરવાં, અંત્યજસુધાર, આંતરિક બળમાં વૃદ્ધિ વગેરે બાબતો ધીમેધીમે અમલમાં મૂકવામાં આવી રહી છે. અને આશા રાખવામાં આવે છે કે ભવિષ્યમાં આ કાર્યો સક્રિય રીતે અમલમાં મૂકવામાં આવશે. આ તમામ કાર્યોનું સમર્થન આપે મુક્ત કંઠે કર્યું છે, તેથી આ સભાનું એ તમામ બાબતો પ્રત્યે વિશેષ ધ્યાન છે.*

*અન્ય ધર્મના અનુયાયીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખવાનું આ સભા જરૂરી માને છે. અને એ મુજબ અમલ પણ કરે છે.*

*આ નવજાત શિશુ સમી સંસ્થાની એવી લાયકાત નથી કે આપનું યોગ્ય રીતે સન્માન કરી શકે, માત્ર એટલી અપેક્ષા છે કે "જો બાળક કછુ અનુચિત કરેઈ, ગુરુ પિતુ માતુ મોદ મન ભરઈ".*

*આથી વિશેષ એટલું જ કે*

*"હે નરોત્તમ હે ધર્મ પ્રિય દેશભક્ત વિજ્ઞ મહાપુરુષ આપને ઈશ્વર દીર્ઘાયુ અર્પે, જેથી આ અભાગા દેશની પ્રગતિની આશા ઉત્તરોત્તર વધતી જાય" ઈત્યલમ્|*

*વિનીત-*

*જિલ્લા હિન્દુ સભા કે સદસ્ય*

બિહારના પૂર્ણિયા જિલ્લાનો પરિચય આપતાં ગાંધીજી લખે છે,

'મધુપુરથી અમે પૂર્ણિયા જિલ્લામાં ગયા. આ પ્રદેશ અને આસપાસનું વાતાવરણ નવા હતા, કેમ કે પૂર્ણિયા જિલ્લો ગંગાના ઉત્તર કાંઠે અને ઇશાન ખૂણામાં આવેલો છે. આખો જિલ્લો ખરું જોતાં હિમાલયની તળેટીનો પ્રદેશ છે. અહીંના લોકો અને હવાપાણી લગભગ ચંપારણ જેવાં છે.'[૮]

૧૩ ઑક્ટોબરના રોજ ગાંધીજી પૂર્ણિયા જિલ્લાના વિશનપુર (વિષ્ણુપુર[૯])માં ગાંધીજીનું ભવ્ય સ્વાગત થયું હતું. બિહારના પૂર્ણિયા જિલ્લાના અનાગરના ભાગમાં આવેલા આ મુખ્ય ગામમાં ગોઠવાયેલ ગાંધીજીના સત્કાર સમારંભમાં શિસ્તબદ્ધ પચાસ હજાર પ્રેક્ષકો હાજર હતા. સભાનો ઠાઠમાઠ ઘણો ભારે હતો. ખાસ બનાવવામાં આવેલા બે માઈલના લાંબા રસ્તા ઉપર કુડીબંધ હાથીઓ તથા ઘોડાઓનું ભવ્ય આકર્ષણ હતું. એ સભામાં ગાંધીજીને માનપત્ર પણ આપવામાં આવ્યું અને દેશબંધુ સ્મારક ફંડમાં નાણાં પણ આપવામાં આવ્યાં હતાં. એ ઘટનાનું આલેખન કરતાં ગાંધીજી લખે છે,

**"ફોર્બસગંજથી અમે વિશનપુર ગયા. પૂર્ણિયાથી એ લગભગ ૨૫ માઈલને અંતરે આવેલું છે. રસ્તા મેટલના ન હોવાથી મોટરની મુસાફરી અગવડ ભરી છે. આ ગાળામાં ઘણી મોટી સેવાની વૃત્તિ જોતાં મને આશ્ચર્ય થયું. સ્મારક[૧૦] માટે લોકોએ સારી એવી થેલી આપી હતી. જાહેર સભા માટે કાયમી મંચ ચણવામાં આવ્યો હતો. એ સભાનું નવું લક્ષણ હતું. એ લગભગ પંદર ફૂટ ઊંચો હતો. ચણતર ઈંટનું હતું. નીચે ખાદી ભંડાર છે. આખા વિચાર પાછળ ઉપયોગિતા સાથે સૌંદર્ય સંકળાયેલું હતું. સુંદર રીતે બાંધેલ પુસ્તકાલય અને વાંચનાલયના મકાનનું ઉદ્‌ઘાટન કરવાનો લહાવો મને મળ્યો હતો. આ ગામમાં આ કાર્યક્રમ સૌથી વધારે આનંદ આપે તેવો હતો. પુસ્તકાલયના મકાનની આસપાસ મોટું ખુલ્લું ચોગાન છે. એમાં આરસના બાંકડા મૂકવામાં આવ્યા છે. આ પુસ્તકાલય ચૌધરી લાલચંદના સ્વર્ગસ્થ પત્નીના સ્મરણાર્થે બંધાયું છે. વિશનપુર જેવા સ્થળ પર આવું અદ્યતન સ્મારક ઊભું કરવાનું વિચારવામાં આવ્યું હોય એ યોગ્ય પ્રકારની રાજકીય કેળવણીમાં કેટલી ભારે પ્રગતિ થઈ છે તે બતાવે છે. વિશનપુરથી અમે પૂર્ણિયા જિલ્લાના મુખ્ય સ્થળ પૂર્ણિયા આવ્યા. અહીંયાંના કાર્યક્રમો સાથે બિહારના પ્રવાસનો લગભગ અંત આવ્યો. ચાર વર્ષ અગાઉ હાજીપુરમાં જુવાન ઉત્સાહી કાર્યકરોના જૂથને લીધે હું આકર્ષાયો હતો. એ જૂથના પ્રયત્નોને પરિણામે ત્યાં એક રાષ્ટ્રીય હાઈસ્કૂલ સ્થપાઈ હતી. અમારો પ્રવાસ ખરી રીતે અહીં હાજીપુરમાં પૂરો થયો. પૂર્ણિયા જિલ્લાએ સત્તર હજાર રૂપિયા કરતાં વધારે રકમ આપી છે. એમાંનો થોડો ભાગ બિહાર (રાષ્ટ્રીય) વિદ્યાપીઠ માટે અલગ રાખવામાં આવ્યો છે. બાકીના પંદર હજાર રૂપિયા દેશબંધુ સ્મારક ફાળા માટે છે. આખા બિહારના પ્રવાસ દરમિયાન આ રકમ સહિત કુલ ફાળો રૂ. ૫૦,૦૦૦ સુધી પહોંચ્યો હતો."[૧૧]**

---

૧. http://www.brandbharat.com/english/bihar/districts/purnea/history₹purnea.html
૨. ગાંધીજીની દિનવારી, પૃ. ૬૩૧
૩. ગાંધીજીની દિનવારી, પૃ. ૩૬૯.
૪. ગાંધીજીનો અક્ષરદેહ-૪૨, પૃ. ૧૫૭.
૫. ગાંધીજીની દિનવારી, પૃ. ૩૬૯.
૬. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૯૫
૭. અર્થાત, જો બાળક કઈ અનુચિત કરે તોપણ ગુરુ, પિતા, માતા બાળક પર નારાજ થતાં નથી. શ્રીમદ્ આદિ શંકરાચાર્યએ પણ કહ્યું છે, કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ|
૮. ગાંધીજીનો અક્ષરદેહ- ૨૮,
૯. ગાંધીજીની દિનવારીમાં ગામનું નામ વિષ્ણુપુર આપવામાં આવ્યું છે. જ્યારે ગાંધીજીના અક્ષરદેહમાં ગામનું નામ વિશનપુર આપવામાં આવ્યું છે. જ્યારે બિહારના પૂર્ણિયા જિલ્લાના શહેરોની યાદીમાં બિશનપુર(Bishanpur) આપવામાં આવ્યું છે.
૧૦. દેશબંધુ સ્મારક ફંડ
૧૧. ગાંધીજીનો અક્ષરદેહ- ૨૮, પૃ. ૩૨૯.

## ૩૦ ભાદરણ પંચાયતનું માનપત્ર

શ્રી

માનપત્ર

પરમ પૂજ્ય કર્મવીર શ્રી મોહનદાસ

કરમચંદ ગાંધીજીની પવિત્ર સેવામાં

આપના પધારવાથી અમારા ભાદરણ ગામની ભૂમિ પાવન થઈ છે. આપના યોગ્ય સન્માન માટે અમારી તૈયારીઓ ઘણી ઓછી છે, છતાં તે દરગુજર કરી અમારી આ સ્નેહાંજલિ સ્વીકારી અમને આભારી કરશો.

દક્ષિણ આફ્રિકાથી માંડીને ઠેઠ આજ સુધી આપે હિંદી પ્રજાની ધાર્મિક, રાજકીય, સામાજિક, નૈતિક તથા કેળવણી વગેરે વિષયોમાં અનેક પ્રકારની સેવા કરવામાં જે પ્રેમ, ત્યાગ, સત્ય પરાયણતા અહિંસા વીરતા એકમતા તથા ધર્મ દક્ષતા બતાવ્યાં છે, તેનું વર્ણન કરવા અમે અસમર્થ છીએ, અહિંસા પરમો ધર્મ: એ ગીતાજીના ઉપદેશને આપે ઘરગતુ ભાવના કરી મૂકી છે અને મન, વચન તથા કાર્યોથી તે ભાવના પ્રમાણે આપે જીવન જીવી બતાવ્યું છે. કટ્ટામાં કટ્ટા દુશ્મન પ્રત્યે પ્રેમની મીઠી નજરથી જોવાનું આચરણ કરી આપે આ કળીકાળમાં ........... દૈવી ભાવનાની સુગંધ ફેલાવી ભારતમાનું ગૌરવ વધાર્યું છે. સત્ય પરમેશ્વર છે એ મહાન સુ ત્ર આપના ............ મંત્ર બની રહ્યું છે. સુખદુ:ખે સમે કૃત્વા લાભા લાભો જયા જયો [૧] એવું જીવન ગાળી મરીને જીવવાનો .............. સંદેશ આપે ભારત બાળકોને આપી શરીર, વાચા મનથી પણ બ્રહ્મચર્યનું સેવન કરવાની કઠિનમાં કઠિન ઉત્તમ તપની ભઠ્ઠીમાં તાપી અમને મુગ્ધ બનાવ્યા છે.

પાશ્ચિમાત્ય સુધારાના કાર્યમાં સપડાઈ નિસ્તેજ, નિર્વિર્ય અને શ... બનેલી ભારતની રંક પ્રજામાં .......પોકારી આપે આશા અને ઉત્સાહ વધાર્યા છે. જીવન ચેતનવંતુ બનાવ્યું છે. સ્વતંત્રતાની ભાવના ઘેર ઘેર ફેલાવી છે. સેવા મેહનું અજેય હથિયાર નિ:શસ્ત્રના હાથમાં મૂકી આપે તેને જીવતી બનાવી છે.

આપનો જીવનભાનુ...... સંપૂર્ણ ખીલી રહ્યો છે. તેનો પ્રકાશ હિંદના ખૂણે ખૂણામાં વ્યાપી ગયો, આપ દુ:ખીઓનો વિસામો છો, ગરીબોના બેલી છો, રેંટિયા રૂપી કામધેનુથી હિંદ માતાના તમામ દુ:ખ ફેડવાને ભગીરથ યજ્ઞ આરંભ્યો છે.

ત્યાગ, તપ, નિડરતા, પ્રેમ અને અહિંસાની શીતળતાથી આપ અમારા હૃદયરાજ થયા છો અને અમારી ઇચ્છા છે કે આપના હૃદયસાગરમાં સ્થાન આપી અમને કૃતાર્થ કરશો.

અંતમાં ઈશ્વર આપને હિંદ માતાની સેવા કરવા વધુ બળ આપે, દીર્ઘાયુ બક્ષે તથા આપનો જીવનસંદેશ જલ્દી ફળે, એવી અમારી સઘળાની પ્રભુ પ્રત્યે અંતકરણપૂર્વક પ્રાર્થના છે.



શ્રી.

# માનપત્ર.

## પરમ પુજ્ય કર્મવીર શ્રી મોહનદાસ કરમચંદ ગાંધીજીની પવિત્ર સેવામાં

આપના પધારવાથી અમારૂં બારડોલી ગામની ભુમી પાવન થઇ છે. આપના યોગ્ય સન્માન માટે અમારી તૈયારીઓ ઘણીજ ઓછી છે. છતાં તે દરગુજર કરી અમારી આ નિર્દોષ લાગણીથી અમને આભારી કરશો.

દક્ષિણ આફ્રિકાથી માંડીને ઠેઠ આજસુધી આપે હિંદી પ્રજાની ધાર્મિક, રાજકીય, સામાજીક, નૈતિક તથા કેળવણી વિગેરે વિષયોમાં અનેક પ્રકારની સેવા કરવામાં જે પ્રેમ, ત્યાગ, સત્ય પરાયણતા અહિંસા, વીરતા, એકાગ્રતા તથા દ[illegible] દર્શાવી બતાવ્યાં છે. તેનું વર્ણન કરવા અમે અસમર્થ છીએ, " અહિંસા પરમો ધર્મઃ " એ ગીતાજીના ઉપદેશને આપે મરણાંત ભાવના કરી મુકી છે અને [illegible] વચન, તથા કાયાથી તે ભાવના પ્રમાણે આપે જીવન જીવી બતાવ્યું છે. [illegible] કરવામાં કટ્ટા દુશ્મન પ્રત્યે પણ પ્રેમની મીઠી નજરથી જોવાનું આચરણ [illegible] આપે આ કળિકાળમાં [illegible] દૈવી ભાવનાનો સુગંધ ફેલાવી ભારત [illegible] ગૌરવ વધાર્યું છે " સત્ય [illegible] પરમેશ્વર છે " એ મહાન સુત્ર આપના [illegible] મંત્ર બની રહ્યું છે. સુખદુઃખે સમેકૃત્વા લાભાલાભૌ જયાજયૌ ॥ [illegible] જીવન [illegible] ભરીને જીવવાની [illegible] સંદેશ આપી ભારત બાળકોને [illegible] શરીર, વાણી અને મનથી [illegible] બ્રહ્મચર્યનું સેવન કરવાની કઠીનમાં કઠીન [illegible] કસોટીમાં [illegible] અમને મુગ્ધ બનાવ્યા છે.

[illegible] સુધારાના [illegible] સપડાઇ નિસ્તેજ, નિર્વિર્ય, અને [illegible] બનેલી ભારતની રંક પ્રજામાં [illegible] ફેલાવી આપે આશા અને ઉત્સાહ [illegible] છે. જીવંત ચેતનવંતુ બનાવ્યું છે [illegible] ભાવના ઘેરઘેર ફેલાવી [illegible] મહત્વનું [illegible] [illegible] આપે તેને જીવતી બનાવી છે.

આપનો જીવનમાર્ગ [illegible] સંપુર્ણ [illegible] છે. [illegible] હિંદના ખુણે ખુણામાં [illegible] દુખીઆના વિસામો છો, [illegible] [illegible] છો, તથા [illegible] અમરપ્રેમી [illegible] માતાનાં [illegible] દુઃખ ટાળવાને [illegible] વ્રત આદર્યા છે.

ત્યાગ તપ, નિડરતા, પ્રેમ ને અહિંસાની વીરતાથી આપ [illegible] હૃદયરાજ થયા છો. અને અમારી [illegible] છે કે આપના હૃદય સાગરમાં સ્થાન આપી અમને કૃતાર્થ કરશો.

અંતમાં ઈશ્વર આપને હિંદ[illegible] સેવા કરવા વધુ બળ આપે, દીર્ઘાયુ કરી તથા આપનો જીવન સંદેશ [illegible], એવી અમારી સઘળાની પ્રેમ પૂર્વક અંતઃકરણ પૂર્વક પ્રાર્થના છે.

વિશિષ્ટ પંચાયત કચેરી
બારડોલી તા. ૧૧-૨-૨૫

આપના ગુણાનુરાગી સેવકો.
બારડોલી વિશિષ્ટ પંચાયતના સભ્યો.

[illegible] ગોપાળભાઇ દેસાઇ ([illegible])
ડાક્ટર [illegible]
[illegible] વરજભાઇ પટેલ
[illegible] ભીખાભાઇ પટેલ
[illegible] ઝવેરભાઇ પટેલ
[illegible] ઝવેરભાઇ પટેલ

[illegible] તુલસીભાઇ ([illegible])
[illegible] મથુરભાઇ પટેલ
[illegible] ઝવેરભાઇ [illegible]
[illegible] પટેલ
[illegible] પરસોતમ પટેલ
[illegible] ચતુરભાઇ પટેલ.

| | |
|---|---|
| *વિશિષ્ઠ પંચાયત કચેરી* | **આપના ગુણાનુરાગી ભાદરણ વિશિષ્ઠ પંચાયતના** |
| *ભાદરણ તા. ૧૧.૨.૨૫* | **સભ્યો** |
| ***મોતીભાઈ ગોપાલદાસ દેસાઈ (અધ્યક્ષ)***[૨] | ***મોતીભાઈ મથુરભાઈ પટેલ (ઉપાધ્યક્ષ)*** |
| ***શંભુભાઈ વરજનભાઈ પટેલ*** | ***ભાઈશ્રી ઝવેરભાઈ બીન ભુલાભાઈ*** |
| ***ચુનીભાઈ ભીખાભાઈ પટેલ*** | ***લલ્લુભાઈ જેઠાભાઈ પટેલ*** |
| ***અંબાલાલ ઝવેરભાઈ પટેલ*** | ***મોહનભાઈ પરસોતમ પટેલ*** |
| ***રતિભાઈ ઝવેરભાઈ પટેલ*** | ***હીરાભાઈ ચતુરભાઈ પટેલ*** |

૧૧ ફેબ્રુઆરી, ૧૯૨૫ના રોજ ગાંધીજી અમદાવાદથી આંકલાવ, વાસદ, બોરસદ થઈને ભાદરણ (ગુજરાત, જિ. ખેડા) આવ્યા હતા. બોરસદમાં જાહેરસભાને સંબોધીને ગાંધીજી સીધા ભાદરણ આવ્યા. ભાદરણમાં તેમણે રાત્રીરોકાણ કર્યું. ૧૧ ફેબ્રુઆરીના રોજ ભાદરણમાં વિશિષ્ટ પંચાયતના સભ્યો તરફથી ગાંધીજીને આ માનપત્ર આપવામાં આવ્યું. સાંજના લગભગ છ વાગ્યાની આસપાસ ભાદરણના ટાઉન હોલમાં મળેલ જાહેરસભા[૩]માં મહાલ પંચાયત અને પ્રજા મંડળ તરફથી પણ ગાંધીજીને માનપત્રો આપવામાં આવ્યા હતા.[૪]

ભાદરણ ગાયકવાડી રાજ્યનું આદર્શ નગર હતું. તેના વિશે એ સમયે મોડર્ન રીવ્યુ[૫] માસિકમાં લેખો પણ પ્રસિદ્ધ થયા હતા. મહાલ પંચાયત અને વિશિષ્ટ પંચાયતનાં માનપત્રોના જવાબમાં ગાંધીજીએ પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું,

**"અહીં હું ખાસ કાંઈ બોલું એની તમે આશા નહિ રાખતા હો. તમારા સૌના માનભર્યા વિવેચન માટે તમારો આભાર માનું છું. માનપત્રોમાં જે કઈ લખેલું છે તે અક્ષરશઃ મારે માટે સત્ય થાઓ એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરું છું અને તમે પણ કરશો એવી આશા રાખું છું. હું તો એ માટે પ્રયત્નવાન છું જ."**

માનપત્ર અર્પણ કરવા માટે મળેલી સભાની વ્યવસ્થા સુંદર હતી. પણ એમાં પડેલા ભાગ જોઈને ગાંધીજી સખત આઘાત પામ્યા હતા. સભામાં અંત્યજો માટે જુદો વિભાગ રાખવામાં આવ્યો હતો. બીજા વિભાગોથી તેને જુદો પાડવા એક વાડ પણ કરવામાં આવી હતી. આ દૃશ્ય ગાંધીજીની આંખોને ખૂંચ્યું અને પોતાના વ્યાખ્યાનના આરંભમાં જ તેનો ઉલ્લેખ કરતાં તેમને કહ્યું હતું,

**"તમારા પ્રેમ અને માનપત્રોનો આભાર માનું એ પહેલાં મારે એક વિનંતી કરવાની રહે છે.....મારી ખાસિયતો હવે તો મેળાવડામાં જનાર દરેક સ્ત્રી-પુરુષો જાણે છે. એ ખાસિયતમાંની એક એ છે કે જો કોઈ પણ મેળાવડામાં હું અંત્યજોનો નોખો વિભાગ જોઉં તો મને સખત આઘાત પહોંચે છે, અને મારે કંઈ પણ બોલવું અશક્ય થઈ પડે. પણ તમે તો કહી ગયા, અને બીજા પણ ઉચ્ચારે છે કે અહિંસા એ મારા જીવનનું પરમ સૂત્ર છે, અહિંસાને હું મારા જીવનમાં વણી રહ્યો છું. જો એ વાત સાચી હોય તો તમને હું આઘાત પહોંચાડવા ઇચ્છું એમ ન બને. તમે કાંઈ ન જાણીને કરો એમ પણ ન ઇચ્છું, રોષમાં પણ તમારી પાસેથી મારાથી કાંઈ ન જ કરાવાય. મારે તો કાંઈ કરાવવું હોય તો તે તમારા હૃદય અને બુદ્ધિને રીઝવીને જ થાય. એટલે મારી કેવળ પ્રાર્થના છે કે તમે અસ્પૃશ્યતાને હિંદુ ધર્મનું કલંક માનતા હો તો તમે એ વિશે સંમત થાઓ કે જે વાડા આપણને આપણા અંત્યજ ભાઈ-બહેનોથી જુદા પાડે છે, તેનો નાશ થાઓ."**[૬]

અસ્પૃશ્યતા નિવારણ અંગે આટલી ટકોર પછી ગાંધીજી ભાદરણ અંગે પણ થોડું બોલ્યા,

**"આદર્શ ગામ, એ કાંઈ નિશાળ, વાંચનાલય કે બીજી સંસ્થાઓથી નથી થતું. આદર્શ નાગરિકોથી જ થાય**

અને આદર્શ નાગરિકો તો આરોગ્યના નિયમોનું ભારે પાલન કરનાર હોય. ભાદરણને આદર્શ કરવું હોય તો તમે મહાલ, પંચાયત કે સરકાર ઉપર આધાર ન રાખશો. એ તો દરેક સ્ત્રી-પુરુષનું કામ છે. એ આદર્શ ત્યારે થાય જ્યારે કયાંયે કશું મેલું ન હોય, ગંદકી ન હોય. દરેક પ્રજાની સભ્યતાનો આંક કાઢવો હોય તો એના પાયખાના અને ગટર તપાસવા જોઈએ.[૭]

---

૧. આ શ્રીમદ્ ભાગવત ગીતાના બીજા અધ્યાયનો ૩૮મો શ્લોક છે. તે શ્લોકમાં કહ્યું છે
સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભો જયા જયો, તતો યુધ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ અર્થાત્ સુખ અને દુઃખમાં, લાભ અને અલાભમાં, જય અને પરાજયમાં સમાન બુદ્ધિ રાખીને તું યુદ્ધમાં જોડાઈ જા. એ રીતે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહીં.

૨. ઢસા અને રાયસાંકળીના દરબાર અને ગાંધીજીના પરમ ભક્ત ગોપાલદાસ દેસાઈના પિતાશ્રી.

૩. મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ૭, પૃ. ૧૪૪ પર સભાનો સમય રાત્રીના ૮.૩૦નો આપ્યો છે.

૪. દલાલ, ચંદુલાલ ભગુભાઈ (સંગ્રાહક), ગાંધીજીની દિનવારી, પૃ. ૧૭૭

૫. 'મોડર્ન રીવ્યુ' એ સમયનું માતબર અંગ્રેજી માસિક હતું. ઈ.સ. ૧૯૦૭થી કલકત્તામાંથી પ્રસિદ્ધ થતું હતું. જેના સ્થાપક હતા રામાનંદ ચેટરજી.

૬. મહાદેવભાઈની ડાયરી, પુસ્તક સાતમું, પૃ. ૧૪૪-૧૪૫.

૭. એજન., પૃ. ૧૪૮-૧૪૯.

# ૩૧ સ્ટુડેન્ટ યુનિયન મેમ્બર, દેવબંદનું માનપત્ર

ઈ.સ. ૧૮૬૬માં હાજી મોહંમદ આબિદ હુસેને ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લાના દેવબંદ ગામે "દારુલ-ઉલુમ-દેવબંદ" નામક ઇસ્લામિક શૈક્ષણિક સંસ્થાનો આરંભ કર્યો હતો. મહમુદ હસન તેના પ્રથમ વિદ્યાર્થી બન્યા હતા. ઈ.સ. ૧૮૭૩માં તેઓ સંસ્થાના પ્રથમ સ્નાતક બન્યા. અને ઈ.સ. ૧૮૭૪માં એ જ સંસ્થામા શિક્ષક તરીકે જોડાયા. ઈ.સ. ૧૮૯૦માં દારુલ-ઉલ-દેવબંદના આચાર્ય તરીકે તેઓ નિયુક્ત થયા અને જીવનપર્યંત સંસ્થાની સેવા કરતા રહ્યા. શૈક્ષણિક સક્રિયતા ઉપરાંત મોલાના મહમુદ હસન ભારતના રાજકારણમાં પણ સક્રિય હતા. અંગ્રેજો સામેની લડતમાં ભારતીય અને મુસ્લિમ પ્રજાને જાગ્રત કરવામાં તેમની ભૂમિકા નોંધપાત્ર હતી. આજે દારુલ-ઉલ-દેવબંદ ઇસ્લામિક શિક્ષણ આપતી એશિયાની બીજા ક્રમની વિશાળ શિક્ષણસંસ્થા છે. જીવનના ૪૦ વર્ષો દારુલ-ઉલ-દેવબંદ પાછળ ખર્ચનાર મહમુદ હસને શૈક્ષણિક અને વહીવટી દૃષ્ટિએ દારુલ-ઉલ-દેવબંદને નામાંકિત આંતરરાષ્ટ્રીય ઇસ્લામી શિક્ષણ સંસ્થા બનાવી છે. અફઘાનિસ્તાન, મધ્ય એશિયા, તુર્કી, કજાન, દગિસ્તાન, ચીન, બર્મા, મલેશિયા, ઇન્ડોનેશિયા, શ્રીલંકા, નેપાળ, ઇરાક, કુવેત, હિજાબ, યમન, અને દક્ષિણ-પૂર્વીય આફ્રિકી દેશોમાંથી અનેક છાત્રો દારુલ-ઉલ-દેવબંદમાં ઇસ્લામિક શિક્ષણ લેવા આવે છે. શૈક્ષણિક સક્રિયતા ઉપરાંત મોલાના મહમુદ હસન ભારતના રાજકારણમાં પણ સક્રિય હતા. અંગ્રેજો સામેની લડતમાં ભારતીય અને મુસ્લિમ પ્રજાને જાગ્રત કરવામાં તેમની ભૂમિકા નોંધપાત્ર હતી.

એવી સંસ્થાના વિદ્યાર્થીઓએ આપેલ આ માનપત્રમાં માનપત્ર આપ્યાની કોઈ તારીખ આપવામાં આવેલી નથી. પણ સહારાનપુરની ગાંધીજીની ૨૬ ઑક્ટોબર, ૧૯૨૯ની મુલાકાતમાં દેવબંધનો ઉલ્લેખ જોવા મળે છે.[૧] એ પરથી કહી શકાય કે ગાંધીજીએ દેવબંધમાં ઇસ્લામિક શિક્ષણ સંસ્થાનોની મુલાકાત લીધી હશે. જોકે એ સમયે દારુલ-ઉલુમ-દેવબંધ આજે છે તેટલું વિશાલ નહિ હોય. તે જુદાજુદા મદ્રેસાઓમાં ચાલતું હશે. એ મદ્રેસાઓના વિદ્યાર્થીઓના યુનિયને ભેગા થઈ, આ માનપત્ર ગાંધીજીને આપ્યાનો ઉલ્લેખ માનપત્રમાં જોવા મળે છે. વળી, માનપત્ર ઉર્દૂ ભાષામાં આપવામાં આવેલ છે. એ બાબત પણ દેવબંધમાં ચાલતી ઇસ્લામિક શિક્ષણ સંસ્થાઓ દ્વારા તે આપ્યાનું સૂચવે છે. આ માનપત્રમાં દારુલ-ઉલુમ-દેવબંધના વિદ્યાર્થીઓની દેશ-ભક્તિ અને ગાંધીજીના આદર્શોને સાકાર કરવાની ખેવના વ્યક્ત થાય છે. સૌપ્રથમ એ માનપત્ર ઉર્દૂ લિપિમાં માણીએ.

*स्टुडेन्ट युनियन सहारनपुर की तरफ से*
*श्रीमान महान नेता महात्मा गांधीजी की खिदमत(सेवा)में,*

*महात्माजी! हम स्टुडेन्ट युनियन के मेम्बर जो सहारनपुर के मुख्तलिफ (जुदाजुदा) मद्रेसो के तलबः (विद्यार्थीओ) है आपके तशरीफ लाने (आगमन) पर अपनी खुश किस्मती पर फक्र (गर्व) करते है।*

*हम गुलाम माबाप की गुलाम औलाद और गुलाम उस्ताद (शिक्षक) के गुलाम शागीर्द (विद्यार्थी) आपको किस मुंह से खुशामदीद (आवकारीओ) कहे।*

*हा! हम सब पढते है आपका त्याग, कुरबानी, गरीबोसे महोब्बत, बेकारो से हमदर्दी, मुलक से महोब्बत, गुलामी से नफरत, आझादी की तडप, फिरका (वाडाबंधी) वाराना खयालात से घीन*

Student Union Saharanpur २६.१०.२०४०

# عرضداشت

२६/४

منجانب اسٹوڈینٹس یونین سہارنپور بخدمت حضور فیض گنجور شری مان پنڈت مہاتما گاندھی جی

مہاتما جی! ہم ممبران اسٹوڈنٹس یونین سہارنپور کے مختلف مدارس کے طلبہ ہیں نہایت شوق و احترام اپنی خوش قسمتی پر نازاں ہیں۔

[illegible]

ہم طلبہ ... آپ کو کس قدر عزیز اور امید کیں ہیں۔

ہم سمجھتے ہیں آپ کی ... ایثار۔ غریبوں سے محبت۔ بیماروں سے ہمدردی ملک کی محبت غلامی سے نفرت۔ آزادی کی تڑپ۔ فرقہ وارانہ خیالات سے گریز اور اتحاد کی آرزو ہمارے لئے اب ایک سبق اور آئندہ زندگی میں مشعل راہ ہیں۔

حضور! ہم اپنے دلوں میں ولولہ۔ خون میں جوش اور طبیعت میں امنگ رکھتے ہیں۔ لیکن پابندیوں سے مجبور اور خدمت سے بیگانہ ہو رہے ہیں۔

ہم آپ کو یقین دلاتے ہیں کہ جب بھی جنگ آزادی میں ہماری خدمات کی ضرورت ہوگی اور وطن کی صدا پر لبیک کہتے ہوئے موجودہ زنجیروں کو توڑ دیں گے۔

ہماری دعا ہے کہ آپ تا دیر ہمارے سروں پر سایہ فگن زندہ سلامت رہیں اور آپ کی تمنائے دلی کو آزادی حاصل ہو۔

ہم ہیں آپ کے تابعدار
ممبران اسٹوڈنٹس یونین

(اشتیاق ... پریس سہارنپور)

*(नफरत), और इत्तीहाद (एकता) की आरझु का, हमारे लीये आप एक सबक है और आइन्दा जींदगी के लीये भी रोशनी है।*

*हुझुर! हम अपने दिलो में होसला (उत्साह), खुन में जोश और तबियत में उमंग रखते है। लेकिन पाबंदीओ (मर्यादाओ) से मजबूर और खिदमत (सेवा) से माझुर (असमर्थ) है।*

*लेकिन हम आपको यकीन (विश्वास) दीलाते है के जब भी आझादी की जंग में हमारी खिदमत (सेवा) की जरूरत होगी मादरे वतन (माभोम) की आवाझ (पुकार) पर तमाम झंझीरो को तोड कर हाजीर हो जायेंगे।*

*हमारी दुआ है के आपका साया (पडछायो) हमारे सर पर देर तक जींदा और सलामत रहे और आपकी दिलकी तमन्ना (इच्छा) यानी मुलक (देश) की आझादी जलद (तुर्त) हासिल (प्राप्त) हो।*

*हम है आपके ताबेदार*
*स्टुडेन्ट युनियन मेम्बर*

માનપત્રની ઉર્દૂ ભાષામાં મીઠાશ અને દેશભક્તિ ભારોભાર વ્યક્ત થાય છે. એ યુગમાં પણ ઇસ્લામિક શિક્ષણ સંસ્થાઓ જેવા કે મદ્રેસાઓ અને મક્તબોમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પણ દેશદાઝ હતી, તેનો આ માનપત્ર જીવંત પુરાવો છે. ગાંધીજીના આદર્શોનો ઉલ્લેખ પણ આ માનપત્રમાં વિસ્તૃત રીતે થયેલો જોવા મળે છે.

**"હમ ગુલામ માં બાપ કી ગુલામ ઔલાદ ઔર ગુલામ ઉસ્તાદ (શિક્ષક) કે ગુલામ શાગીર્દ (વિદ્યાર્થી) આપકો કિસ મુંહ સે ખુશામદીદ (આવકારીએ) કહે."**

આ વાક્ય માનપત્રમાં ખાસ હિન્દી ભાષામાં લખવામાં આવ્યું છે. જે બાબત અંગ્રેજોની ગુલામીમાં આમ પ્રજા અને યુવાનોનું માનસ વ્યક્ત કરે છે. પણ તે સાથે તે ગુલામીમાંથી મુક્ત થવા તત્પર યુવાનોના ઉત્સાહને પણ એ પછીના વાક્યોમાં છતું કરે છે.

**'લેકિન હમ આપકો યકીન (વિશ્વાસ) દીલાતે હૈ કે જબ ભી આઝાદી કી જંગ મેં હમારી ખિદમત (સેવા) કી જરૂરત હોગી માદરે વતન (માભોમ) કી આવાઝ (પુકાર) પર તમામ ઝંઝીરો કો તોડ કર હાજીર હો જાયેંગે.'**

આવાં માનપત્રો એ યુગના હિંદુ-મુસ્લિમ યુવા માનસને પામવામાં ઉપયોગી થઈ પડે છે.

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૨

# ૩૨ અધ્યાપક સમિતિ, જિલ્લા રાયબરેલીનું માનપત્ર

ગાંધીજી સીતાપુરથી રાયબરેલી આવ્યા. રાયબરેલીમાં તેમને મ્યુનિસિપાલિટી, જિલ્લા બોર્ડ, અધ્યાપક સમિતિ, જિલ્લા કિસાન, કોંગ્રેસ કમિટી, સ્વાગત સમિતિ, મહાવીર પ્રસાદ છાત્રાલય અને આર્ય કુમાર વગેરે તરફથી માનપત્રો એનાયત થયાં. એમાંનું એક આ માનપત્ર અધ્યાપક સમિતિ જિલ્લા રાયબરેલીના સભાપતિ ઇન્દ્રપાલ સિંહ અને સભ્યો તરફથી આપવામાં આવ્યું હતું. ઉત્તર પ્રદેશના રાયબરેલી જિલ્લાનું મુખ્ય શહેર રાયબરેલી સાઈ નદી પર વસેલું છે. લખનૌથી ૮૨ કિલોમીટરના અંતરે આવેલ આ શહેર ભારતના ગાંધી-નહેરુ પરિવાર સાથે જોડાયેલું છે. આઝાદી પછી જવાહરલાલ નહેરુના જમાઈ ફિરોઝશાહ ગાંધી અહીંથી લોકસભામાં ચૂંટાયા હતા. એ પછી ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો પણ રાજકીય નાતો આ શહેર સાથે ઘનિષ્ઠ રહ્યો છે. એ શહેરના અધ્યાપકો દ્વારા આપવામાં આવેલ આ માનપત્ર હિન્દી ભાષામાં પ્રિન્ટ કરી આપવામાં આવેલ છે.

આજથી ૮૭ વર્ષ પૂર્વે તા. ૧૩ નવેમ્બર, ૧૯૨૯ના રોજ રાયબરેલી જિલ્લા અધ્યાપક સમિતિ દ્વારા ગાંધીજીને આપવામાં આવેલા આ માનપત્રમાં એ યુગના અધ્યાપકોએ રજૂ કરેલ પોતાના વિચારો અને ગાંધીજી પ્રત્યેની અપેક્ષાઓ આજે પણ સુસંગત ભાસે છે. ગંગાધર પ્રેસ, રાયબરેલીમાં છપાયેલ આ માનપત્ર રાયબરેલી જિલ્લા અધ્યાપક સમિતિના સભાપતિ ઇન્દ્રપાલ સિંહ અને અન્ય સભ્યો દ્વારા આપવામાં આવેલ છે. માનપત્રની હિન્દી ભાષા સરળ અને સ્પષ્ટ છે. **"શ્રદ્ધેય દેશાત્મા મહાત્માજી"**ના સંબોધનથી આરંભાયેલા માનપત્રના પ્રથમ પેરેગ્રાફમાં અધ્યાપક સમાજ ગાંધીજીની અપેક્ષાઓમાં ઊણો ઊતરવા બદલ શરમીંદગી વ્યક્ત કરે છે. અને ભારતમાં ગાંધીજી જેવા મહાપુરુષના જન્મથી ગર્વ પણ અનુભવે છે. છેલ્લાં છ વર્ષથી રાયબરેલીમાં જિલ્લા અધ્યાપક સમિતિની રચના થઈ છે. જેનો ઉદ્દેશ શિક્ષણપદ્ધતિમાં પરિવર્તન કરવા અને અધ્યાપકોની લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા પ્રયાસ કરવાનો છે. એ ઉદ્દેશની પૂર્તિ માટે આ સમિતિએ પ્રોવિશિયલ ટીચર્સ એસોસિયેશન અને ભારતીય અધ્યાપક મહાસભાની સ્થાપનામાં યોગદાન આપ્યું છે. વળી, અધ્યાપક સમિતિ દ્વારા અસ્પૃશ્યતા નિવારણના ભાગ રૂપે અસ્પૃશ્યોના શાળાપ્રવેશ માટે પણ પ્રયત્નો કર્યા છે. સ્કાઉટની પ્રવૃત્તિને પણ અધ્યાપક સમિતિ દ્વારા વિકસાવવાના પ્રયત્નો થયા છે. અને તેમાં પણ અધ્યાપકોએ રસ દાખવ્યો છે.

આમ છતાં એ યુગમાં પણ અધ્યાપકો પ્રત્યેના સરકારી વલણમાં આજના સંદર્ભમાં કોઈ ઝાઝો ફેર જોવા નથી મળતો. તે માનપત્રના ત્રીજા પેરેગ્રાફમાં વ્યક્ત થયેલા વિચારો દ્વારા જાણી શકાય છે. અધ્યાપક સમિતિએ રાજનૈતિક માર્ગ પર કદમો માંડ્યા નથી. રાજનીતિથી તે દૂર છે. છતાં એવા આક્ષેપો માનપત્રમાં થયેલા જોવા મળે છે કે અધ્યાપકો રાષ્ટ્રીય કાર્યકર્તાઓના હાથની કઠપૂતળી બની ગયા છે. પરિણામે શિક્ષણ વિભાગ જ અધ્યાપક સમિતિને સહયોગ નથી આપતો. અધ્યાપક સમિતિના અધિવેશનોમાં પણ શિક્ષણ વિભાગ સહયોગ નથી આપતો. જ્યારે અન્ય સરકારી વિભાગો અધ્યાપક સમિતિને સહકાર આપે છે.

અધ્યાપક સમુદાયના સામાજિક દરજ્જા અન્વયે પણ આ માનપત્રમાં ઉલ્લેખ જોવા મળે છે. જે સમુદાય ગામડાંઓ અને શહેરોમાં જ્ઞાન અને શિક્ષણનો પ્રચાર કરે છે, તેવા અધ્યાપક સમુદાયનો દીન સમુદાય તરીકે માનપત્રમાં ઉલ્લેખ જોવા મળે છે. વળી, અધ્યાપક સમુદાય પ્રત્યેનો દેશ નેતાઓનો અભિગમ પણ

# अभिनन्दन पत्रम्

भारतमुख उज्वल कारी श्रीमान् महात्मा मोहनदास कर्मचन्द जी गाँधी महोदय के करकमलों में सादर समर्पित

श्रद्धेय देशात्मा महात्मा जी !

जिला अध्यापक समित के हम सदस्यगण आपका अपने जिले की समिति की ओर से अपने प्रान्त (बैसवाड़ा) के केन्द्रस्थ रायबरेली नगर में सादर तथा हार्दिक स्वागत करते हैं। और आपके दर्शनों से कृत कृत्य होकर अपने को धन्यमानते हैं। परन्तु लज्जित हैं कि पाहुन योग्य हमारी सेवा नहीं,श्रीमान् के नेतृत्व में किसानों,मजदूरों,तथा गरीबों की दशा सुधारने के लिये जो प्रभाव शाली प्रयत्न हुये हैं वे किसी से छिपे नहीं हैं। इस समय भारत को संसार में सब से बड़े महापुरुष का जन्म देने का गर्व जो पुनःप्राप्त हुआ है,उसका एक मात्र कारण श्रीमान् का व्यक्तत्व है और इस पर भारत के अध्यापक समाज का भी गर्व है।

हमारी समिति गत ६ वर्ष से इस जिले में स्थापित है उसका प्रधान उद्देश्य, शिक्षा प्रणाली पर विचार करते रहना "अध्यापकों को योग्यता बढ़ाने में प्रयत्नवान रहना" एवं उनकी दशा सुधारने के लिये उद्योग करते रहना है। इन उद्देशोंकी पूर्ति के लिये हमारी समिति ने प्राविंशियल टीचर्स एसोशिएशन और सर्व भारतीय अध्यापक महा सभाकी संस्थापना में भरसक योग दिया है। हम लोगों ने अछूत बालकों को प्रत्येक स्कूल में भरती करने व स्पृश्यता मिटाने का सदा प्रयत्न किया है और स्काउटिङ्ग में काफ़ी दिलचस्पी ली है।

**"દિલ્હીનો બીજો કાર્યક્રમ હવે મારે થોડા શબ્દોમાં આટોપી લેવો જોઈએ. મહાસભાની કાર્યવાહક સમિતિએ ગાંધીજીનો ઘણો સમય લીધો, તેથી સાંજે ચાર સભા હતી તેને માટે મોડું થયું. તેમાંથી પહેલી મ્યુનિસિપલ કમિટીની હતી. આ કમિટીએ કદી પૂર્વે માનપત્ર નહોતું આપ્યું, તેથી આ માનપત્ર આપવા વિશે ઠીક તકરારો ચાલી હતી. મહાસભાને આ માનપત્ર આપવાનો ખાસ લોભ હતો. માનપત્ર હાથી દાંતની દાબડીમાં હતું. તેના લિલામના રૂપિયા ૮૦૦ મળ્યા. આ પછી સ્ત્રીઓની સભા હતી. સ્ત્રીઓના ધૈર્યને કોણ પહોંચે ? પોતાનાં બાળકોને છોડીને બપોરના બે વાગેથી તેઓ રાહ જોઈ રહી હતી. ગાંધીજી ૬-૩૦ વાગે પહોંચ્યા. ઘણી સ્ત્રીઓ હજુ બેસી રહી હતી, પણ કોઈના મુખ ઉપર રોષ કે ફરિયાદ નહોતી. ગાંધીજીની ઉપર આની બહુ અસર થઈ. તેમણે સ્ત્રીઓની માફી માંગી. આ મુસાફરીના સ્ત્રીઓના મેળાવડાઓમાંના આ મેળાવડામાં વધારેમાં વધારે દ્રવ્ય મળ્યું, ને પુષ્કળ ઘરેણાં મળ્યાં.**

**સ્ત્રીઓની સભામાંથી વિદ્યાર્થીઓના મેળાવડામાં ગયા, ને ત્યાંથી જાહેર સભામાં. આ સભા છેક મોડી રાતે પૂરી થઈ. પણ ગાંધીજીએ એક તાજા આવેલા અંગ્રેજ મિત્રની સાથે ફરવા જવાનું ને ફરતા વાત કરવાનું વચન આપ્યું હતું એટલે ઉતારે પહોંચતા તુરત આ મિત્ર સાથે ફરવા નીકળી પડ્યા. આ મિત્ર ખાસ પોતાની મુસાફરીનો ક્રમ બદલીને આવ્યા હતા."[૬]**

આ અવતરણમાં "વિદ્યાર્થીઓના મેળાવડા"નો જે ઉલ્લેખ છે, તે હિન્દુ કૉલેજના વિદ્યાર્થીઓનો મેળાવડો છે. જેમાં જ ગાંધીજીને આ માનપત્ર આપવામાં આવ્યું હતું. એ જ કાર્યક્રમમાં ગાંધીજીએ પોતાને મળેલ માનપત્રનું લિલામ કર્યું હતું. જેના તેમને ૫૦ રૂપિયા મળ્યા હતા.[૭]

અને દિવસને અંતે ગાંધીજી એગથા હેરિસન( ૧૮૮૫-૧૯૫૪)ને મળ્યા હતા. ગાંધી સાથેની તેમની આ પ્રથમ મુલાકાત હતી. પછી તો તે ગાંધીજીની ભક્ત બની ગઈ હતી. બીજી ગોળમેજી પરિષદ સમયે ગાંધીજીના ૮૮, નાઇટ્સ બ્રીજ, લંડનના કાર્યાલય[૮]માં તેમની સાથે રહ્યા હતા. ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પરસ્પર સમજ વધારવાનું અશક્ય લાગતું કાર્ય ગાંધીજીએ તેમને સોંપ્યું હતું. ભારતના ભાગલાને શાંતિ પૂર્ણ રીતે પાર પાડવામાં પણ તેમની ભૂમિકા નોંધપાત્ર હતી. ગાંધીજીના ૮૮, નાઇટ્સબ્રીજ, લંડનના કાર્યાલયના અનુભવોને આલેખતો **"ગાંધીજીની ઑફિસ"** નામક તેમનો લેખ શિકાગોના **"ક્રિશ્ચિયન સેંચરી"** નામના સાપ્તાહિકમાં ૧૯૩૨માં પ્રસિદ્ધ થયો હતો. જેમાં તેમણે ગાંધીજી અંગે લખ્યું હતું,

**"તેમની સાથે કામ કરવું અતિશય આકરું છે. પણ તેમનામાં માનવતા પૂરેપૂરી છે, ને આપણને તેમને વિશે બહુ પ્રેમ ઊપજે છે. આટલી બધી ધમાલમાં પણ તેઓ કામ કરી શકે છે એ જોઈને છક થઈ જવાય છે. તેઓ એકલા જવલ્લે જ હોય છે. એમને એકલા જોવાનો એક જ પ્રસંગ મને મળ્યો હતો. ગોળમેજી પરિષદના છેવટના ભાગમાં તેની જે પ્રસિદ્ધ બેઠક થઈ તેમાં વડા પ્રધાને સરકારની નીતિ જાહેર કરી હતી, અને ગાંધીજીએ એનો**

જે ગંભીર જવાબ આપ્યો તેમાં ભાવી ઘટનાઓની આગાહી કરી હતી. તે પછી તેઓ તરત નં. ૮૮ પર આવ્યા, ચૂપચાપ દેવતા પાસે કાંતવા બેઠા. હું એમને ઓરડાને સામે ખૂણેથી નિહાળી રહી હતી. મને થયું કે આખી પૃથ્વીનો બોજો પોતાના નિર્બળ ખભા પર ઊંચકનાર પેલા ઍટલાસની જે દંતકથા છે એના જેવી એમની પણ સ્થિતિ છે."[૯]

---

૧. અર્થાત, સંત તુલસીદાસ કહે છે, એક પળ, અડધી પળ કે અડધીની અડધી પળ પણ સાધુનો સંગ થઈ જાય, તો માનવીના અનેક અપરાધો ધોવાઈ જાય.

૨. ગાંધીજીની દિનવારી, પૃ.૨૬૩.

૩. હકીમ અજમલ ખાન (૧૮૬૮-૧૯૨૭) ગાંધીજીના પરમ મિત્ર અને અગ્ર સ્વાતંત્ર સેનાની હતા.૧૯૨૦માં સ્થપાયેલ જામિયા મિલિયા ઇસ્લામિયાના તેઓ સ્થાપક હતા. અમદાવાદમાં મળેલ કૉંગ્રેસના ૧૯૨૧ના અધિવેશનના તેઓ અધ્યક્ષ હતા.

૪. નવજીવન, ૧૭ નવેમ્બર, ૧૯૨૯, પૃ. ૯૪.

૫. એ અંગ્રેજ મિત્ર ઍગથા હેરીસન (Agatha Harrison) હતી. (ગાંધીજીની દિનવારી, ફૂટનોટ નંબર ૨, પૃ. ૨૬૩.)

૬. નવજીવન, ૨૪ નવેમ્બર, ૧૯૨૯, પૃ. ૯૭.

૭. નવજીવન, ૧૦ નવેમ્બર, ૧૯૨૯. પૃ. ૮૬.

૮. બીજા વિશ્વયુદ્ધમાં આ ઘર નાશ પામ્યું છે.

૯. શુક્લ, ચંદ્રશંકર પ્રાણશંકર, (અનુવાદક), ગાંધીજીની યુરોપયાત્રા, પ્ર. અક્ષરભારતી પ્રકાશન, ભુજ, ઑક્ટોબર ૨૦૧૨, પૃ. ૧૨૮.

# ૩૭ યુવક સંઘ, ગોરખપુરનું માનપત્ર

ઉત્તર પ્રદેશમાં રાપતી નદીના કિનારે વસેલ ગોરખપુર નેપાળની સરહદ નજીક આવેલ છે. ઉત્તર પ્રદેશ રાજ્યની રાજધાની લખનૌથી ૨૭૩ કિલોમીટરના અંતરે આવેલા આ શહેર જિલ્લાનું મુખ્ય શહેર છે. ગાંધીજીએ આ શહેરની બે વાર મુલાકાત લીધી હતી. એ મુજબ ગોરખપુરની પ્રથમ વાર મુલાકાત ગાંધીજીએ ૮ ફેબ્રુઆરી, ૧૯૨૧ના રોજ લીધી હતી. એ સમયે તેમને મ્યુનિસિપાલિટી તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. અસહકારના એ યુગમાં તેમણે ગોરખપુરમાં એક રાષ્ટ્રીય શાળાનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. એ સમયે ગોરખપુરની પ્રજાનો ઉત્સાહ અદ્‌ભુત હતો. લોકોનાં ટોળાંઓએ કરેલ ગાંધીજીના જયનાદે ગાંધીજીના આરામ અને ઊંઘમાં ખલેલ પાડી હતી. પરિણામે ગાંધીજીએ લોકોને શાંત રહેવા અપીલ કરી હતી.[૧] બીજી વાર ગાંધીજીએ ગોરખપુરની મુલાકાત ૪થી ૮ ઑક્ટોબર, ૧૯૨૯ દરમિયાન લીધી હતી. ગાંધીજીના ગોરખપુરના ચાર દિવસના રોકાણ દરમિયાન ૭ ઑક્ટોબરના રોજ તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું.[૨] સૌપ્રથમ માનપત્રનો અભ્યાસ કરીએ.

## *अभिनन्दन पत्र*

## *परम पूज्य महात्मा मोहनदास कर्मचन्द गांधी की सेवा में।*

*श्रद्धेय महात्मा जी!*

*आज हम युवकगण आप को अपने बीच में पाकर फूले नहि समाते। अत्यन्त गदगद हो उठे है। आपके दर्शनमात्र से ही जान पडता है कि हममें एक जीवन-विशेष का संचार हो रहा है। हम इसे अपना अहोभाग्य समझते है कि हमार जन्म आप जैसे महापुरुष के समय में हुआ है।*

*महात्मान। महान कष्ट उठाकर अपने सत्संगसे हमको जो आप कृथार्थ कर रहे है उसके लिये हम आप के चिरऋणी रहेंगे। आजका दिन हमारे जीवन और संघ के इतिहास में एक अत्यन्त महत्त्वपूर्ण घटना का परिचायक होगा। संघ की और से विनम्र भावो के साथ आपके श्री चरणो में श्रद्धांजलि चढाकर आपका हृदय से स्वागत करते है।*

*इस नगर की जन-संख्या लगभग सत्तर हजार है। यहां पर यही एक कालेज है जहां बी.ए. तक की शिक्षा दी जाती है और इस कालेज में २५० छात्र है। स्कूलो की कुल संख्या ८० है और ५००० हजार विद्यार्थी पढते है। स्कूलो में ८ हाईस्कूल, २ अंग्रेजी मिडिल स्कूल, एक नारमल, एक टेकनिकल और एक पटवारीयोंका स्कूल है जिनमें छात्रोकी संख्या तीन हजार होगी। इसके अतिरिक्त हिंदी-उर्दू मिडिल, प्रायमरी और लोअर प्रायमरी स्कूल है। एक स्कूल मिल के सूत से बुनाई सिखानेका भी है। १० कन्या पाठशालाये है। इन संस्थाओ में सरकारी विश्वविद्यालयों के ढंग पर शिक्षा दी जाती है। यहां कोई राष्ट्रीय स्कूल नहि है। असहयोग काल में आप ही के करकमलों द्वारा आप के प्रथम शुभागमन के अवसर पर एक राष्ट्रीय विद्यालय स्थापित तो हुआ था[३], और आरम्भमें पढाई तथा संख्या दोनों ही की द्दष्टिसे उसने सब स्थानीय स्कूलो से बाजी मार ली थी। परन्तु दुख की बात है कि कई वर्ष हुए वह राष्ट्रीय विद्यालय कुछ तो असहयोग के ढीला पड जाने से और विशेषतः ऐसे विद्यार्थीओ की और छात्रो और संरक्षको का आकर्षण*

# अभिनन्दन पत्र

## परम पूज्य महात्मा मोहनदास कर्मचन्द गांधी

## की सेवा में।

श्रद्धेय महात्मा जी!

आज हम युवकगण आपको अपने बीच में पाकर फूले नहीं समाते। अत्यन्त गद्गद हो रहे हैं। आप के दर्शनमात्र से ही ज्ञान पड़ता है कि हममें एक जीवन-विशेष का संचार हो रहा है। हम इसे अपना अहोभाग्य समझते हैं कि हमारा जन्म आप जैसे महापुरुष के समय में हुआ है। महात्मन्! महान कष्ट उठाकर अपने सम्मेलन से हमको जो आप कृतार्थ कर रहे हैं उसके लिये हम आपके चिरऋणी रहेंगे। आज का दिन हमारे जीवन और संघ के इतिहास में एक अत्यन्त महत्वपूर्ण घटना का परिचायक होगा। संघ की ओर से विनम्र भावों के साथ आपके श्री चरणों में श्रद्धांजलि चढ़ाकर हम आपका हृदय से स्वागत करते हैं।

इस नगर की जन-संख्या लगभग सत्तर हजार है। यहां पर यही एक कालेज है जहां बी. ए. तक की शिक्षा दी जाती है और इस कालेज में २५० छात्र हैं। स्कूलों की कुल संख्या ४० है और उनमें लगभग ५००० विद्यार्थी पढ़ते हैं। स्कूलों में ४ हाई स्कूल, २ अंग्रेजी मिडिल स्कूल, एक नारमल, एक टेकनिकल और एक पटवारियोंका स्कूल है जिनमें छात्रोंकी संख्या तीन हजार होगी। इसके अतिरिक्त हिन्दी-उर्दू मिडिल, प्राइमरी और लोअर प्राइमरी स्कूल्स हैं। एक स्कूल मिल के सूत से बुनाई सिखाने का भी है। १० कन्या पाठशालायें हैं। इन संस्थाओं में सरकारी विश्वविद्यालयों के ढंग पर शिक्षा दी जाती है। यहां कोई राष्ट्रीय स्कूल नहीं है। असहयोग काल में आप ही के कर कमलों द्वारा, आपके प्रथम शुभागमन के अवसर पर एक राष्ट्रीय विद्यालय स्थापित तो हुआ था और आरम्भमें पढ़ाई तथा संख्या दोनों ही की दृष्टिमें उसने सब स्थानीय स्कूलों से बाज़ी मार ली थी परन्तु दुख की बात है कि कई वर्ष हुए यह राष्ट्रीय विद्यालय कुछ तो असहयोग के ढीला पड़ जाने से और विशेषतः देश [illegible] की ओर छात्रों और इनके संरक्षकों का आकर्षण न होने से टूट गया।

उत्तरीय भारत में यह सबसे बड़ा ज़िला तो अवश्य है, परन्तु ऐसे कोने में स्थित है कि स्कूल और कालेज के अतिरिक्त हमें शिक्षा के और अंगों तथा राष्ट्रीय नेताओं से मिलने का सुअवसर बहुत ही कम मिलता है। ज़िले की जल वायु स्वास्थ्य के लिये बहुत हानिकर है। आधुनिक शिक्षा का वायुमंडल आप से छिपा नहीं है और देश की राजनैतिक दशा भी प्रतिकूल ही है। सूबे का यह विभाग सरवार कहलाता है जो एक समय में अपनी मान मर्यादा और सदाचार के लिये प्रसिद्ध रहा और भगवान बुद्ध, कबीर दास तथा गुरु गोरखनाथ जैसी विभूतियों से प्रकाशमान था और जो पं० मदन मिश्र जैसे धुरन्धर विद्वान का जन्म स्थान है वहां आज बहुत सी नाशकारिणी सामाजिक कुरीतियों का केन्द्र सा हो गया है। इन सब कारणों से हमारा अधःपतन हो रहा है, हम उत्साहहीन और अकर्मण्य से दिखाई पड़ते हैं।

कुछ मित्रों के उत्साह से अपने को संगठित करने के लिये इस संघ की स्थापना की गई है जिससे अपनी दशा सुधार कर देश और समाज के प्रति हम यथाशक्ति अपने कर्तव्य का पालन कर सकें। इसका जन्म दिवस वही स्मरणीय तिथि है जब हमारे "पंजाब केसरी" का असहनीय देहावसान हुआ था। अभी हमारा संगठन बहुत छोटा है। बहुत कम साथियों का ध्यान इधर आकर्षित हो सका है। इससे संभव अभी हम कुछ कर तो नहीं सके परन्तु विचारों में कुछ परिवर्तन अवश्य हुआ है। महात्मन्! हम बहुत भटक रहे हैं। हमको हमारा निर्दिष्ट पथ बताने की कृपा कीजिये और कुछ ऐसा उपदेश दीजिये जिससे हमारा मानसिक अंधकार दूर हो और हममें अपनी उत्साहहीनता तथा अकर्मण्यता मिटाने की लगन लग जाय।

हमारे सामने युवक समाज की बेकारी की समस्या बड़ी जटिल है। हम यहां पर भी इससे बहुत चिन्तित हो रहे हैं। परन्तु कुछ समझ में नहीं आता कि क्या करें। साथ ही साथ देशके नौजवान साथियों पर जो जो बीत रही है हम उसे भी जानने का यत्न कर रहे हैं। विशेषकर हमारी आंखें बरबस लाहौर और मेरठ की ओर फिर जाती हैं लेकिन इनके सम्बन्ध में हम आपका रुख देखते हैं इसलिये हम इस परिस्थिति पर आप से कुछ सुनने के इच्छुक हैं। सन् १९३० में आप घूम-घूम कर देश को तैयार हो जाने का अपने स्वाभाविक सिंहगर्जन से आदेश कर रहे हैं। इस समय के लिए हमको कौन सा निश्चित आदेश है!

अब इससे अधिक हम आप से और क्या निवेदन करें। आपने हमारी जो कृपा की है उसके लिये हम पुनः एक बार आपको नम्रतापूर्वक धन्यवाद देते हैं और अन्त में आपसे यह आशीर्वाद चाहते हैं कि हम आपके दिव्य नेतृत्व में रह कर अपने देश और समाज की कुछ सेवा कर सकें और आपके [illegible] तथा [illegible] कहलाने के योग्य बन सकें।

गोरखपुर
ता० ७ १०—२९

हम हैं आपके विनीत —
गोरखपुर युवक-संघ के सदस्यगण

कुमार प्रेस, गोरखपुर।

न होने से टूट गया।

उत्तरीय भारत में यह सबसे बडा जिल्ला तो अवश्य है, परन्तु ऐसे कोने में स्थित है कि स्कूल और कालेज के अतिरिक्त हमे शिक्षा के और मर्मज्ञ तथा राष्ट्रीय नेताओ से मिलने का सुअवसर बहुत ही कम मिलता है जिले की जलवायु स्वास्थ्य के लिये बहुत हानिकर है। आधुनिक शिक्षा का वायुमंडळ आप से छीपा ही नहीं और देश की राजनैतिक दशा भी प्रतिकुल नहीं ही है। सूबेका यह विभाग सरवार कहलाता है जो एक समय में अपनी मान मर्यादा और सदाचार के लिये प्रसिद्ध रहा और भगवान बुद्ध, कबीरदास तथा गोरखनाथ जैसी विभूतियो से प्रकाशमान था और जो पंडित मंडन मिश्र जैसे उन्नत विद्वानका उद्‌गम स्थान है वही आज बहुत सी नाशकारीणी सामाजिक कुरीतियो का केन्द्र सा हो गया है। इन सब कारणो से हमारा अधःपतन हो रहा है, हम उत्साहीन और अकर्मण्य से दिखाई पडते है।

कुछ मित्रो के उत्साह से अपने को संगठित करने के लिये इस की स्थापना की गई है जिससे अपनी दशा सुधार कर देश और समाज के प्रति हम यथाशक्ति अपने कर्तव्य का पालन कर सके। इसका जन्म दिवस वही स्मरणीय तिथि है जब हमारे "पंजाब केसरी" का असहनीय देहावसान हुआ था"। अभी हमारा संगठन बडा ढीला है। बहुत कम साथियों का ध्यान इधर आकर्षित हो सका है। कहने योग्य अभी हम कुछ कर तो नहीं सके परन्तु विचारो में कुछ परिवर्तन अवश्य हुआ है। महात्मान! हम बहुत भटक रहे है। हमको हमारा निर्दिष्ट पथ बताने की कृपा कीजीअे और कुछ अेसा उपदेश दीजिये जिससे हमारा मानसिक अंधकार दूर हो और हममे अपनी उत्साह हीनता तथा अकर्मण्यता मिटाने की लगन लग जाय।

हमारे सामने युवक समाज की बेकारी की समस्या बडी जटिल है। हम यहां पर भी उससे बहुत विफळ हो उठे है। परन्तु कुछ समज में नहीं आता कि कया करे। साथ ही साथ देश के नौजवान साथियों पर जो जो बीत रही है हम उसे भी जानने का प्रयत्न कर रहे है। विशेषकर हमारी आंखे बरबस लाहोर और मेरठ की और फिरजाती है लेकिन उससे सम्बन्ध में हम आपको चुप देखते है ईसलीये हम इस परिस्थिति पर आप से कुछ सुनने के इच्छुक है। सन १९३० में आप घूम-घूम कर देश को तैयार हो जानेका अपने स्वाभाविक सिंहगर्जन से आदेश कर रहे है"। उस समय के लिये हमको कौन सा निश्चित आदेश है ?

अब इस से अधिक हम आप से और कया निवेदन करे। आपने हमारी जो खोज की है उसके लिये हम पुनः एक बार आपको नम्रतापूर्वक धन्यवाद देते है और अन्त में आपसे यह आशीर्वाद चाहते है कि आप के दिव्य नेतृत्व में रह कर अपने देश और समाज की कुछ सेवा कर सके और आपके समदेशीय तथा समकालीन कहलाने के योग्य बन सके।

गोरखपुर

ता. ७ १०–२९

हम है आपके विनीत-

गोरखपुर युवक-संघके सदस्यगण

## અભિનન્દન પત્ર

### પરમ પૂજ્ય મહાત્મા મોહનદાસ કર્મચન્દ ગાંધીની સેવામાં

*શ્રદ્ધેય મહાત્માજી!*

*આજે અમે યુવકગણ આપને અમારી વચ્ચે જોઈ ગર્વ અનુભવીએ છીએ. અત્યંત ભાવવિભોર બન્યા છીએ. આપનાં દર્શન માત્રથી અમારા જીવનમાં વિશેષ સંચાર થઈ રહ્યાનો અનુભવ કરી રહ્યા છીએ. અમે તેને અમારું અહોભાગ્ય સમજીએ છીએ કે જે દેશમાં અમારો જન્મ થયો છે તે દેશમાં આપ જેવા મહાપુરુષ હયાત છે.*

*મહાત્મા! અત્યંત તકલીફ વેઠી આપ આપના સત્સંગથી અમોને કૃતાર્થ કરી રહ્યા છો, એ માટે અમે આપના જીવનભર ઋણી રહીશું. આજનો દિવસ અમારા જીવન અને સંઘના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ઘટનાનો પરિચય કરાવશે. સંઘ તરફથી અમે અત્યંત નમ્ર રીતે આપનાં ચરણોમાં અમારી શ્રદ્ધાંજલિ અર્પી, આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.*

*આ શહેરની વસ્તી લગભગ સત્તર હજાર છે. અહીંયાં એક માત્ર કૉલેજ છે જ્યાં બી.એ. સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. આ કૉલેજમાં ૨૫૦ વિદ્યાર્થીઓ છે. શાળાઓની સંખ્યા કુલ ૮૦ છે. અને ૫૦૦૦ વિદ્યાર્થીઓ તેમાં અભ્યાસ કરે છે. શાળામાં ૮ હાઈસ્કૂલ, ૨ મિડલ સ્કૂલ, એક સામાન્ય, એક ટૅકનિકલ અને એક પટવારિયોની શાળા છે, જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ ત્રણ હજાર હશે. આ ઉપરાંત હિંદી-ઉર્દૂ મિડલ, પ્રાથમિક અને લોઅર પ્રાથમિક શાળાઓ છે. એક શાળા મિલના સૂતરમાંથી વણાટ કરતાં પણ શીખવે છે. ૧૦ કન્યાશાળાઓ પણ છે. આ સંસ્થાઓમાં સરકારી વિશ્વ વિદ્યાલયોની ઢબે શિક્ષણ આપવામાં આવે છે. અહીંયાં કોઈ રાષ્ટ્રીય શાળા નથી. અસહયોગ યુગમાં આપના વરદ હસ્તે, આપના પ્રથમ શુભગમન સમયે એક રાષ્ટ્રીય શાળાની સ્થાપના થઈ હતી. પ્રારંભમાં એ શાળા શિક્ષણ અને સંખ્યાની દષ્ટિએ અન્ય શાળાઓ કરતાં આગળ હતી. પરંતુ દુઃખની વાત છે કે કેટલાંક વર્ષથી અસહયોગ આંદોલન ઢીલું પડતાં આવાં વિદ્યાલયો પ્રત્યે છાત્રો અને સંરક્ષકોનું આકર્ષણ ન રહેવાને કારણે એ તૂટી ગઈ છે.*

*ઉત્તર ભારતનો અવશ્ય આ સૌથી મોટો જિલ્લો છે, પરંતુ એવા ખૂણામાં સ્થિત છે કે શાળા અને કૉલેજ ઉપરાંત અમને શિક્ષણ અને તેના તજ્જ્ઞો તથા રાષ્ટ્રીય નેતાઓને મળવાનો સુઅવસર બહુ ઓછો પ્રાપ્ત થાય છે. જિલ્લાનાં હવાપાણી સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આધુનિક શિક્ષણનું વાતાવરણ આપથી અજાણ્યું નથી. અને દેશની રાજનૈતિક સ્થિતિ પણ પ્રતિકૂળ નથી. સૂબાનો આ વિભાગ સરવાર તરીકે ઓળખાયા છે, જે એક સમયે પોતાની માનમર્યાદા અને સદાચાર માટે જાણીતો હતો. અને ભગવાન બુદ્ધ, કબીરદાસ તથા ગોરખનાથ જેવી વિભૂતિઓથી દેદીપ્યમાન હતો. અને જે મંડન મિશ્ર જેવા ઉન્નત વિદ્વાનોનું ઉગમસ્થાન છે, એ જ પ્રદેશ આજે અનેક નાશકારક સામાજિક કુરિવાજોનું કેન્દ્ર બની ગયો છે. આ તમામ બાબતોને કારણે અમારું અધઃપતન થઈ રહ્યું છે. અમે ઉત્સાહહીન અને અકર્મણ્ય બની ગયા છીએ.*

*કેટલાક મિત્રોના ઉત્સાહને કારણે સંગઠિત થવા માટે અમે આ સંગઠનની સ્થાપના કરી છે, જેના દ્વારા અમે અમારી દશા સુધારીને દેશ અને સમાજ પ્રત્યે અમારા કર્તવ્યનું પાલન કરી શકીએ. તેનો જન્મદિવસ એ જ યાદગાર તિથિ છે જે દિવસે આપણા "પંજાબ કેસરી"નો અસહ્ય અવસાન*

*દિવસ હતો. હાલ અમારું સંગઠન અત્યંત ઢીલું છે. બહુ ઓછા સાથીઓનું ધ્યાન એ તરફ આકર્ષિત થયું છે. હજુ સુધી નોંધનીય અમે કશું જ કરી શકાય નથી. પરંતુ વિચારોમાં અવશ્ય થોડું પરિવર્તન આવ્યું છે. મહાત્માજી અમે અત્યંત જ દિશાહીન છીએ, અમને અમારો નિર્દિષ્ઠ માર્ગ બતાવવાની કૃપા કરશો અને એવો ઉપદેશ આપો જેના દ્વારા અમારો માનસિક અંધકાર દૂર થાય અને ઉત્સાહહીનતા અને અકર્મણ્યતા દૂર કરવાની અમને લગની લાગે.*

*અમારી સામે યુવક સમાજની બેકારીની જટિલ સમસ્યા છે. અમે તેમાં પણ ઘણા નિષ્ફળ રહ્યા છીએ. છતાં કંઈ સમજાતું નથી કે એ માટે શું કરી શકાય. સાથોસાથ દેશના નૌજવાન સાથીઓ પર જે વીતી રહ્યું છે અમે તેને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ખાસ કરીને અમારી આંખો વારંવાર લાહોર અને મેરઠ તરફ મંડાય છે. પરંતુ તે અંગે અમે આપને મૌન જોઈ રહ્યા છીએ. એટલે અમે આ સ્થિતિમાં એ અંગે આપનો અભિપ્રાય જાણવા ઉત્સુક છીએ. સન ૧૯૩૦ માટે આપ દેશમાં ઠેર ઠેર ફરીને સ્વાભાવિક સિંહગર્જના દ્વારા દેશને જાગ્રત થવા આદેશ આપી રહ્યા છો. એ સંદર્ભે અમારા માટે શું આદેશ છે તે અમને જણાવશો.*

*હવે આથી વધુ અમે આપને શું કહીએ ? આપે અમારી જે ખેવના કરી છે તે માટે પુનઃ એક વાર અમે આપનો નમ્રતાપૂર્વક આભાર માનીએ છીએ. અને અંતમાં આપ પાસેથી એવા આશીર્વાદ ઇચ્છીએ છીએ કે આપના દિવ્ય નેતૃત્વ તળે અમે દેશ અને સમાજની સેવા કરી શકીએ અને આપના સમદેશીય તથા સમકાલીન કહેવડાવવા યોગ્ય બની શકીએ.*

| | |
|---|---|
| *ગોરખપુર* | *અમે છીએ આપના નમ્ર* |
| *તા.૭૧૦-૨૯* | *ગોરખપુર યુવક સંઘના સદસ્યો* |

માનપત્રના આરંભમાં ગાંધીજીને ઉષ્માભર્યો આવકાર આપવામાં આવ્યો છે. એ પછી ગોરખપુર શહેરની શૈક્ષણિક સંસ્થાઓની આંકડાકીય વિગતો આપવામાં આવી છે. એ સાથે ગાંધીજીના હસ્તે તેમના પ્રથમવાર આગમન સમયે તેમણે સ્થાપેલ રાષ્ટ્રીય શાળાનો ઉલ્લેખ પણ માનપત્રમાં જોવા મળે છે. ગાંધીજી ૮ ફેબ્રુઆરી, ૧૯૨૧ના રોજ પ્રથમવાર ગોરખપુર આવ્યા હતા. એ સમયે તેમણે એક રાષ્ટ્રીય વિદ્યાલયનું ઉદ્દઘાટન કર્યું હતું. એ રાષ્ટ્રીય વિદ્યાલયની કફોડી સ્થિતિનો ચિતાર અત્રે આપવામાં આવ્યો છે. અસહકાર આંદોલનનાં વળતાં પાણી પછી તેમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં આવેલ ઓટનો ઉલ્લેખ પણ અત્રે જોવા મળે છે. એ પછી એ યુગની બે ઐતિહાસિક ઘટનાઓ પ્રત્યે પણ ગાંધીજીનું મંતવ્ય જાણવાની વિનંતી માનપત્રમાં કરવામાં આવેલ છે. એ સંદર્ભે મેરઠ અને લાહોરની ઘટનોઓ અંગે ગાંધીજીના મંતવ્યની અપેક્ષા માનપત્રમાં સેવવામાં આવી છે.

મેરઠમાં માર્ચ ૧૯૨૯માં ૩૧ કામદાર નેતાઓની અંગ્રેજ સરકાર સામેના કાવતરાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. આ ૩૧ કામદાર નેતાઓમાં ત્રણ અંગ્રેજો પણ હતા, જેમણે આંદોલન કરનાર કામદાર સંગઠનને મદદ કરી હતી. તેમનો કેસ મેરઠમાં ચાલ્યો હતો. ચાર વર્ષ ચાલેલ એ કેસ ઇતિહાસમાં મેરઠ કાવતરા કેસ તરીકે જાણીતો છે. રાષ્ટ્રીય નેતાઓએ આ કેસમાં રસ લઈ કામદારોની કાયદાકીય રીતે તરફદારી કરી હતી. આ કેસને કારણે કામદાર સંગઠનો સંગઠિત થયાં હતાં અને તેમણે રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. પરિણામે ૧૯૨૯માં અંગ્રેજ સરકારે ભારતમાંથી સામ્યવાદીઓને દૂર કરવા

પબ્લિક સેફ્ટ બિલ પસાર કર્યું હતું.

ટૂંકમાં આવાં માનપત્રો એ સમયની તત્કાલ સ્થિતિનો ચિતાર આપવા માટેના ઉત્તમ પ્રાથમિક કક્ષાના સામગ્રી તરીકે પણ ઇતિહાસ સંશોધકો માટે ઉપયોગી થઈ પડે છે. વળી, આ માનપત્ર એ સમયની ગોરખપુર જિલ્લાના લોકોની સામાજિક, રાજકીય અને શૈક્ષણિક મનોદશાનું પણ નિરૂપણ કરે છે.

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૯૯

૨. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૧

૩. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૧૯

૪. પંજાબકેસરી અર્થાત્ લાલા લાજપત રાય. ૧૯૨૮માં સાયમન કમિશનના વિરોધમાં થયેલ લાઠીચાર્જમાં તેમને માથા પર ઈજા થતાં ૧૭ નવેમ્બર, ૧૯૨૯ના રોજ લાહોરમાં તેમનું અવસાન થયું હતું. તે દિવસે જ "ગોરખપુર યુવક સંઘ"ની સ્થાપના થઈ હતી. એ સંસ્થા દ્વારા જ ગાંધીજીને આ માનપત્ર આપવામાં આવ્યું હતું.

૫. અહીંયાં ભાષાદોષ છે. ૧૯૩૦ માટે ગાંધી ઠેર ઠેર ફરીને પ્રજાને જાગ્રત કરવાનો પ્રયાસ કરી રહ્યાનો ઉલ્લેખ છે.

# ૩૮ ઝાંસી મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર

*सेवा में श्रीमान —*

*मोहनदास करमचंद गांधी*

*पूज्यमहात्मा जी,*

*आज हम अपना परम सौभाग्य समझते है कि आपका इस ऐतिहासिक नगर में स्वागत करने का सुअवसर मिला है यह नगर झांसी की उस वीर महारानी लक्ष्मीबाई की अद्‌भूत वीरता की कीर्ति का स्मारक है जिन्होने अपने विचारानुसार देश की रक्षा के लिये अपना बलिदान किया था। पूज्यवर, आपने भी देशके लिये महान त्याग किया है, इस कारण झांसी में आपकी उपस्थिति हमे एक महान आदर्श का ध्यान दिलाती है।*

*हम लोंग अपनी शक्ति भर बोर्ड द्वारा नगर की सेवा कर रहे है। हमारा पहिला ध्यान शहर की सफाई और शिक्षा की और है और अपनी आमदनी का बडा भाग हम इन्ही कामो में लगा रहे है। हमारे स्कूल में अछूत कही जाने वाली जातियो के बच्चे अन्य जातिओं के बच्चो के साथ ही मिल जुल कर पढते है। लडकियों की शिक्षा के लिये एक ऍग्लो वर्नाक्युलर मिडिल स्कूल और ३ प्रायमरी स्कूल है तथा दो मिडिल ओर दो प्रायमरी स्कूल हमारी सहायता से चल रहे है। लडको को २ वोर्ड में अनिवार्य शिक्षा दी जा रही है। सर्व साधारण के लिये एक पुस्तकालय खोला गया है।*

*हमारे यहां खादी पर कोई टेक्स नहि है और बोर्ड में आवश्यकता खदर से ही पूरी की जाती है हमारे बोर्ड में सम्पूर्ण हिन्दु मुस्लिम एकता है।*

*हमे आपके स्वराज्य आन्दोलन से पूर्ण सहानुभूति है और हम उसी में देश और जाती का कल्याण समझते है और उन्ही आदर्शो पर अपना सब कार्य करते है।*

२३-११-२९ *हम है आपके सेवक :-*

*आत्माराम गोविन्द खेर*
*बी.ए.एल.एल.बी.*
*चेरमेन तथा सदस्यगण*
*म्युनिसिपल बोर्ड, झांसी*

सेवा में श्रीमान्—

# महात्मा मोहनदास करमचंद गांधी

पूज्य महात्मा जी,

आज हम अपना परम सौभाग्य समझते हैं कि हमें आपका इस ऐतिहासिक नगर में स्वागत करने का सुअवसर मिला है यह नगर झांसी की उस वीर महारानी लक्ष्मी बाई की अद्भुत वीरता की कीर्ति का स्मारक है जिन्होंने अपने विचारानुसार देश की रक्षा के लिये अपना बलिदान किया था। पूज्यवर, आपने भी देश के लिये महान त्याग किया है, इसी कारण झांसी में आपकी उपस्थिति हमें एक महान आदर्श का ध्यान दिलाती है।

हम लोग अपनी शक्ति भर बोर्ड द्वारा नगर की सेवा कर रहे हैं। हमारा पहिला ध्यान शहर की सफाई और शिक्षा की ओर है और अपनी आमदनी का बड़ा भाग हम इन्हीं कामों में लगा रहे हैं। हमारे स्कूलों में, अछूत कही जाने वाली जातियों के बच्चे अन्य जातियों के बच्चों के साथ ही मिल जुल कर पढ़ते हैं। लड़कियों की शिक्षा के लिये एक एङ्ग्लो वर्नाक्युलर मिडिल स्कूल और १ प्राइमरी स्कूल हैं तथा दो मिडिल और २ प्राइमरी स्कूल हमारी सहायता से चल रहे हैं। लड़कों को ९ वार्डों में अनिवार्य शिक्षा दी जा रही है। सर्व साधारण के लिये एक पुस्तकालय खोला गया है।

हमारे यहां खादी पर कोई टैक्स नहीं है और बोर्ड में कपड़े की आवश्यकता खद्दर से ही पूरी की जाती है। हमारे बोर्ड में सम्पूर्ण हिन्दू मुस्लिम एकता है।

हमें आपके स्वराज्य आन्दोलन से पूर्ण सहानुभूति है और हम उसी में देश और जाति का कल्याण समझते हैं और हम उन्हीं आदर्शों पर अपना सब कार्य करते हैं।

हम हैं आपके सेवक:—

**आत्माराम गोविन्द खेर,**

बी० ए० एल० एल० बी०

चेयरमैन तथा सदस्यगण,

**म्युनिसिपल बोर्ड, झांसी।**

२३. ११. २९

માનપત્રનો ગુજરાતીમાં અનુવાદ

*શ્રીમાનની સેવામાં----*

## *મોહનદાસ કરમચંદ ગાંધી*

*પૂજ્ય મહાત્માજી,*

*આ ઐતિહાસિક નગરમાં આપનું સ્વાગત કરવાનો સુવસર અમને મળ્યો છે, તેને અમે અમારું સૌભાગ્ય સમજીએ છીએ. આ નગર ઝાંસીની વીર રાણી લક્ષ્મીબાઈની વીરતાનું સ્મારક છે, જેણે પોતાના વિચારોનુસાર દેશની રક્ષા માટે બલિદાન આપ્યું હતું. પૂજ્યવર, આપે પણ દેશ માટે મહાન ત્યાગ કર્યો છે. જેથી ઝાંસીમાં આપના આગમને અમને એક મહાન આદર્શ તરફ દોર્યા છે.*

*અમે અમારી શક્તિ અનુસાર બોર્ડ દ્વારા નગરની સેવા કરી રહ્યા છીએ. અમારું સૌપ્રથમ ધ્યાન શહેરની સફાઈ અને શિક્ષા તરફ છે. અને અમારી આવકનો મોટો ભાગ અમે એ જ કાર્યમાં ખર્ચી રહ્યા છીએ. અમારી શાળાઓમાં અસ્પૃશ્ય જાતિનાં બાળકો અન્ય જાતિનાં બાળકો સાથે હળીમળીને અભ્યાસ કરે છે. કન્યાકેળવણી માટે અહીંયાં એક ઍંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલ અને ૩ પ્રાથમિક શાળા છે. તથા મિડલ અને પ્રાથમિક શાળા અમારી આર્થિક સહાયથી ચાલે છે. છોકરાઓને ૨ વોર્ડમાં ફરજિયાત શિક્ષણ આપવામાં આવે છે. આમ સમાજ માટે એક પુસ્તકાલય પણ અહીંયાં ચાલે છે.*

*અમારે ત્યાં ખાદી પર કોઈ ટેક્સ લેવામાં આવતો નથી. અને બોર્ડની તમામ જરૂરિયાત ખાદી દ્વારા જ પૂર્ણ કરવામાં આવે છે. અમારા વોર્ડમાં સંપૂર્ણ હિંદુ-મુસ્લિમ એકતા છે.*

*આપના સ્વરાજ્ય આંદોલન પ્રત્યે અમારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. અને અમે તેને દેશ અને જાતિના ઉદ્ધાર માટે અનિવાર્ય સમજીએ છીએ. અને એ જ આદર્શોને કેન્દ્રમાં રાખી અમે અમારું તમામ કાર્ય કરીએ છીએ.*

- ૨૩-૧૧-૨૯

*અમે છીએ આપના સેવક :-*
*આત્મારામ ગોવિન્દ ખેર*
*બી.એ.એલએલ.બી.*
*ચેરમેન તથા સદસ્યગણ*
*મ્યુનિસિપલ બોર્ડ, ઝાંસી*

એ સમયે સંયુક્ત પ્રાંતમાં ગણાતા ઐતિહાસિક શહેર ઝાંસીનું ઐતિહાસિક મહત્ત્વ ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ (૧૮૨૮-૧૮૫૮)ના પ્રદાનથી જાણીતું છે. તેનો ઉલ્લેખ માનપત્રના આરંભમાં માનપત્રના અર્પનાર મ્યુનિસિપલ બોર્ડના ચૅરમૅન અને સભ્યોએ કર્યો છે. એ સાથે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના ત્યાગ અને બલિદાન સાથે ગાંધીજીના ત્યાગની તુલના કરી, આવી વીર ભૂમિ પર ગાંધીજીનું સ્વાગત કરતાં ગર્વ અનુભવ્યાનો ઉલ્લેખ માનપત્રના આરંભમાં કર્યો છે. આવા ઐતિહાસિક શહેર ઝાંસીની ગાંધીજીએ ત્રણ વાર મુલાકાત લીધી હતી. સૌપ્રથમ વાર ૨૦ નવેમ્બર, ૧૯૨૦ના રોજ ગાંધીજી ઝાંસી આવ્યા હતા. એ વખતે ગાંધીજી મુંબઈથી ઝાંસી આવ્યા હતા. અને ઝાંસીમાં તેમણે એક જાહેરસભાને સંબોધી હતી. બીજી વાર તેઓ ૨૩ નવેમ્બર, ૧૯૨૯ના રોજ કુલપહાડથી ઝાંસી આવ્યા હતા. આ મુલાકાત સમયે તેમને

આ માનપત્ર આપવામાં આવ્યું હતું. જ્યારે ત્રીજી વાર ગાંધીજી ૯ ડિસેમ્બર, ૧૯૩૩ના રોજ ઝાંસીની ઊડતી મુલાકાતે આવ્યા હતા. એ સમયે ગાંધીજી બુરહાનપુર, બસોદા, ભોપાળ, ભેલસા થઈને ઝાંસી પહોંચ્યા હતા. એ સમયે ઝાંસીમાં તેમનો કોઈ કાર્યક્રમ યોજાયો ન હતો.[1]

માનપત્રમાં તારીખ ૨૩ નવેમ્બર, ૧૯૨૯ લખાયેલી જોવા મળે છે. પણ ગાંધીજીની દિનવારીમાં આ માનપત્ર આપ્યાની તારીખ ૨૨ નવેમ્બર, ૧૯૨૯ નોંધાયેલી છે.[2] એ દિવસની ગાંધીજીની દિનવારીની નોંધમાં લખ્યું છે,

**"ઝાંસી : માનપત્રો – મ્યુનિસિપાલિટીનું, એના નોકરોનું અને લોકલ બોર્ડનું"[3]**

એ પછી ૨૩ નવેમ્બરના રોજ ગાંધીજી ચીરગાંવ ગયા હતા. ત્યાં પણ તેમને તહસીલ કૉંગ્રેસ કમિટી, મ્યુનિસિપાલિટી અને હિંદી વિદ્યાર્થી સંપ્રદાય દ્વારા માનપત્રો આપવામાં આવ્યાં હતાં.[4]

હિંદી ભાષામાં આપવામાં આવેલાં આ માનપત્રના આરંભમાં ઝાંસી શહેરની શૈક્ષણિક માહિતી આપવામાં આવેલ છે. સમગ્ર માનપત્રમાં ગાંધીજીનાં રચનાત્મક કાર્યો પ્રત્યેનો હકારાત્મકતા અને તેના અમલીકરણ પ્રત્યેનો સકારાત્મક અભિગમ સ્પષ્ટ જોવા મળે છે. જેમ કે સફાઈ, શિક્ષણ, અછૂતો પ્રત્યે સમભાવ, ખાદીપ્રચાર-પ્રસાર અને હિંદુ-મુસ્લિમ એકતાનો અમલ ઝાંસીમાં થઈ રહ્યાનો ઉલ્લેખ માનપત્રમાં જોઈ શકાય છે. તેનું મુખ્ય કારણ ઝાંસી મ્યુનિસિપલ બોર્ડમાં કૉંગ્રેસનો પ્રભાવ હતો. માનપત્રના અંતે ચૅરમૅન તરીકે આપવામાં આવેલ આત્મારામ ગોવિન્દ ખેરનું નામ તેની સાક્ષી પૂરે છે. ગાંધીજીના પ્રખર અનુયાયી ઝાંસીના અગ્ર કૉંગ્રેસી નેતા અને સ્વાતંત્ર સૈનિક આત્મારામ ગોવિન્દ ખેર (૨૫ સપ્ટેમ્બર, ૧૮૯૪થી ૪ જાન્યુઆરી, ૧૯૮૨)"એ ૧૯૨૦માં ગાંધીજીના અસહકાર આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો. તેઓ ભારત સેવક સમાજના ચૅરમૅન હતા. અને અંગ્રેજ શાસન દરમિયાન ઝાંસી મ્યુનિસિપલ કોર્પોરેશનના ત્રણ સત્ર સુધી ચૅરમૅન રહ્યા હતા. અંગ્રેજ શાસનકાળ દરમિયાન જ ૧૯૩૭માં તેઓ સંયુક્ત પ્રાંતની વિધાનસભાના સભ્ય હતા. સંયુક્ત પ્રાંતની પંડિત ગોવિન્દ વલ્લભ પંતની પ્રાંતીય સરકારમાં સ્વાસ્થ્ય મંત્રી તરીકે પણ તેમણે કાર્ય કર્યું હતું. આઝાદી પછી પણ તેઓ ઉત્તર પ્રદેશના રાજકારણમાં સક્રિય રહ્યા હતા. અને ત્રણ વાર ઉત્તર પ્રદેશ વિધાનસભાના સ્પીકર તરીકે તેમણે કાર્ય કર્યું હતું.[5]

---

૧. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, માહિતી ખાતું, ગુજરાત સરકાર, ગાંધીનગર, ૧૯૯૦, પૃ. ૬૧૨.

૨. એજન, પૃ. ૨૬૬.

૩. એજન, પૃ. ૨૬૬.

૪. એજન, પૃ. ૨૬૬.

૫. ઉત્તર પ્રદેશ વિધાન સભાની વેબ સાઈડ : http://uplegisassembly.gov.in/english/former-speaker_Atmaram Govind Kher.htm

# ૩૯ મહોબા નિવાસી હિંદુ, મુસ્લિમ, ઇસાઈનું માનપત્ર

*अभिनन्दन-पत्र*

*श्रीयुत महात्मा मोहनदास कर्मचन्द गान्धी की सेवा में समर्पित*

*परमपूज्य महात्मा जी,*

*चन्देल वीरो की प्राचीन राजधानी के इन जीर्ण शीर्ण खंडहरो में हम आपका हृदय से स्वागत करते है और आपकी इस अनुकम्पा को आशातीत समझते है।*

*श्री चरणो में यह निवेदन करना अनुचित न होगा कि एक समय यह प्रदेश एक स्वतन्त्र राष्ट्र था, कृषि वाणिज्य और शिल्पकला से समृद्ध था। आपके पवित्र सिध्धांत इसमें ही से स्वतः स्वाभाविक रूढ थे। यहां प्रत्येक घर चरखे की मधुर ध्वनि से गुज्जायमान होता था, मत विरोध ने किसी को स्पर्श तक नहीं किया था। इसका उजवल उदाहरण आल्हा और सय्यद तालान का पारस्परिक सम्बन्ध था, राजा की प्रजा पर पूर्ण सहानुभूति थी और प्रजा राष्ट्र पर बलि होती थी अर्थात् हमी राजा थे और हमी प्रजा। पर समय का परिवर्तन इस देश को भी परतन्त्रता की वात्या से न बचा सका और द्वेष शासन की दूषित वायु ने पश्चात्य शिक्षा दीक्षा के विशैले असरने भोले भाले चरखा चलाने वाले लोंगो को भी प्राचीन सभी संस्कृतियों से धृणा दिला कर पथभ्रष्ट कर डाला इस समय हम अशिक्षित थे, दोनो थे कर्तव्य हीन थे।*

*किन्तु इस समय हमारे सौभाग्य सूर्यका पुनः उदय होता है सन १९२१ का सुखमय समय आता है। सारा प्रदेश आपके असहयोग आन्दोलन से फिर स्फूर्ति लाभ करता है फिर उसमे जीवीत हृदयता के लक्षण दिखाई पडते है। फिर से चरखो की सूरीली तान सुनाई पडती है शुद्ध खादी का क्षीर सागर सर्वत्र लहरे मारने लगता है हिन्दु मुसलिम एकता तथा अछूताध्धार का स्वारस्य लोंग समझने लगे है और बुन्देलखंड में सबसे पूर्व महोबा अपने चार स्वयंसेवको को जेल भेज कर कर्तव्यनिष्ठा का श्रेयस्कर मार्ग प्रदर्शित करता है। तथा इसी समय भाई शंकरलाल जैन के सदुद्योग से वस्त्र व्यवसायी विलायती वस्त्र न खरीदने की शपथ लेते है और शंकरलाल जी द्वारा ही एक खादी भंडार स्थापित किया गया है जिससे भारत के प्रातः प्रत्येक सूबे में महोबा की खादी पहुंच कर सस्तेपन तथा सुन्दरता में आज भी अद्वितिय सिद्ध होती है अब इस प्रकार असहयोग कार्यक्रम एक विचित्र नवयुग उपस्थित कर देता है।*

*यधपि दुर्दमनीय दुःशासने दमनने अब उसमें कुछ शिथिलता लादी है और केवल चरखा से जीवन निर्वाह करने वाले घर ही चरखा चला कर कार्यक्रम पुरा कर रहे है। इस १२ हजार की आबादी में केवल ५०० के लगभग चरखे और १०७ करघे चल रहे है जो सन्तोषप्रद नहि कहे जा सकते उस में भी करघे मिल सूत का ही वस्त्र तैयार करते है तथापि आपके आगमन से हम को विश्वास है कि घर घर चरखे का घर बन जायगा, प्रत्येक के शरीर पर शुद्ध खादी*

# अभिनन्दन-पत्र

## श्रीयुत् महात्मा मोहनदास कर्मचन्द गान्धी की सेवा में सादर समर्पित।

परमपूज्य महात्मा जी,

चन्देल वीरों की प्राचीन राजधानी के इन जीर्ण शीर्ण खण्डहरों में हम आपका हृदय से स्वागत करते हैं और आपकी इस अनुकम्पा को आशातीत समझते हैं।

श्री चरणों में यह निवेदन करना अनुचित न होगा कि एक समय यह प्रदेश एक स्वतन्त्र राष्ट्र था, कृषि वाणिज्य और शिल्पकला से समृद्ध था। आपके पवित्र सिद्धान्त इसमें पूर्व ही से स्वतः स्वाभाविक रूढ़ थे। यहां का प्रत्येक घर चरखे की मधुर ध्वनि से गुञ्जायमान होता था, मत विरोध ने किसी को स्पर्श तक नहीं किया था। इसका उज्वल उदाहरण आल्हा ऊदल और सय्यद तालन का पारस्परिक सम्बन्ध था, राजा को प्रजा पर पूर्ण सहानुभूति थी और प्रजा राष्ट्र पर बलि होती थी अर्थात् हमीं राजा थे और हमीं प्रजा। पर समय का परिवर्तन इस देश को भी परतन्त्रता की यातना से न बचा सका और द्वैध शासन की दूषित वायु ने पश्चात्य शिक्षा दीक्षा के विषैले असर ने भोले भाले चरखा चलाने वाले लोगों को भी प्राचीन सभ्य संस्कृतियों से घृणा दिला कर पथभ्रष्ट करडाला इस समय हम अशिक्षित थे, दीन थे, कर्तव्य हीन थे।

किन्तु इसी समय हमारे सौभाग्य सूर्य का पुनः उदय होता है सन् १९२१ का सुखमय समय आता है। सारा प्रदेश आपके असहयोग आन्दोलन से फिर स्फूर्ति लाभ करता है फिर उसमें जीवित हृदयता के लक्षण दिखलाई पड़ने हैं। फिर से चरखों की सुरीली तान सुनाई पड़ने लगती हैं शुद्ध खादी का क्षीर सागर सर्वत्र लहरें मारने लगता है हिन्दू मुस्लिम एकता तथा अछूतोद्धार का रहस्य लोग समझने लगते हैं और बुन्देलखण्ड में सबसे पूर्व महोबा अपने चार स्वयंसेवकों को जेल भेज कर कर्तव्य निष्ठा का श्रेयस्कर मार्ग प्रदर्शित करता है। तथा इसी समय भाई शंकरलाल जैन के सदुद्योग से वस्त्र व्यवसायी विलायती वस्त्र न खरीदने की शपथ लेते हैं और शंकरलाल जी द्वारा ही एक खादी भण्डार स्थापित किया जाता है जिससे भारत के प्रायः प्रत्येक सूबे में महोबा की खादी पहुँच कर सस्तेपन तथा सुन्दरता में आज भी अद्वितीय सिद्ध होती है अब इस प्रकार असहयोग कार्य क्रम एक विचित्र नवयुग उपस्थित कर देता है।

यद्यपि दुर्दमनीय दुःशासन दमनसे अब उसमें कुछ शिथिलता आगई है और केवल चरखा से जीवन निर्वाह करने वाले घर ही चरखा चला कर कार्यक्रम पूरा कर रहे हैं। इस १२ हजार की आबादी में केवल ५०० के लगभग चरखे और १०७ करघे चल रहे हैं जो सन्तोषप्रद नहीं कहे जा सकते उसमें भी कुछ करघे मिल सूत का ही वस्त्र तैयार करते हैं तथापि आपके आगमन से हम को विश्वास है कि घर घर चरखे का घर बन जायगा, प्रत्येक के शरीर पर शुद्ध खादी शोभायमान होगी, हर एक हिन्दू मुस्लिम इत्तिहाद का हामी होगा, सभी अछूतों को अपनावेंगे, और सदा स्वराज्य प्राप्ति के लिये अग्रसर होते रहेंगे।

आपके अनुयायी:—

२२-२४-९-१९२९ महोबा निवासी हिन्दू - मुसलमान - ईसाई.

*शोभायमान होगी, हर एक हिन्दु मुसलिम इत्तिहाद का हामी होगा, सभी अछूत को अपनायेगा और सदा स्वराज्य प्राप्ति के अवसर होते रहेंगे।*

२२-२४ -९ १९२९

*आपके अनुयायी : -*
**महोबा निवासी हिन्दू-मुसलमान-ईसाई**
**जोर्ज प्रेस, चोक- कानपुर।**

હિંદી ભાષામાં અપાયેલા આ માનપત્રનો ગુજરાતી અનુવાદ જોઈએ.

## *અભિનન્દન-પત્ર*

## *શ્રીયુત મહાત્મા મોહનદાસ કર્મચન્દ ગાંધીની સેવામાં સમર્પિત*

*પરમપૂજ્ય મહાત્માજી,*

*ચન્દેલ વીરોની પ્રાચીન રાજધાનીના જીર્ણ ખંડેરોમાં અમે આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ અને આપની આ કૃપાને આશાભરી નજરે જોઈએ છીએ.*

*આપનાં ચરણોમાં એ નિવેદન કરવું અનુચિત નહીં ગણાય કે એક સમયે આ પ્રદેશ એક સ્વતંત્ર રાષ્ટ્ર હતો, કૃષિ, વેપાર અને શિલ્પકળામાં સમૃદ્ધ હતો. આપના પવિત્ર સિદ્ધાંતો અહીંયાં પહેલેથી જ અમલમાં હતા. અહીંયાં પ્રત્યેક ઘરમાં ચરખાનો મધુર ધ્વનિ સંભળાતો હતો. મતભેદને અહીંયાં કોઈ જ સ્થાન ન હતું. તેનું ઉત્તમ ઉદાહરણ આલ્હા અને સય્યદ તાલાનનો પારસ્પરિક સંબંધ હતો. રાજાને પ્રજા પ્રત્યે સંપૂર્ણ સહાનુભુતિ હતી. અને પ્રજા રાષ્ટ્ર માટે બલિદાન આપવા ઉત્સુક રહેતી હતી. અર્થાત્ અમે જ રાજા હતા અને અમે જ પ્રજા હતા. પરંતુ સમય પરિવર્તન સાથે દેશને પણ પરતંત્રતાના વાતાવરણથી બચાવી શકાયો નથી. અને કુશાસનના દુષિત વાતાવરણે પશ્ચિમી શિક્ષા અને દીક્ષાના ઝેરીલા પ્રચારને કારણે ચરખા ચાલકોમાં ભારતની પ્રાચીનસંસ્કૃતિ પ્રત્યે ઘૃણા ઉત્પન કરી, તેમને પથભ્રષ્ટ કર્યા છે. પરિણામે આજે અમે અશિક્ષિત છીએ, ગરીબ છીએ, કર્તવ્યહીન છીએ.*

*પરંતુ આજે અમારા સૌભાગ્યનો સૂર્ય પુનઃ ઉદય થયો છે. સન ૧૯૨૧નો સુસમય આવ્યો છે. સમગ્ર પ્રદેશ આપના અસહયોગ આંદોલનથી જાગ્રત થઈ પુનઃ ધબકતો થયો છે. ફરીવાર ચરખાના મધુર ધ્વનિ સંભાળાવવા લાગ્યા છે. શુદ્ધ ખાદીનો સાગર સર્વત્ર ઉછાળા મારી રહ્યો છે. હિંદુ-મુસ્લિમ એકતા તથા અસ્પૃશ્યતાનું રહસ્ય લોકો સમજવા લાગ્યા છે. અને બુંદેલખંડમાં સૌપ્રથમ મહોબાએ તેના ચાર સ્વયંસેવકોને જેલમાં મોકલી કર્તવ્યનિષ્ઠાનો આદર્શ માર્ગ કંડાર્યો છે. તથા આ જ સમયે શંકરલાલ જૈનના પ્રયાસોથી કાપડના વેપારીઓએ વિદેશી કાપડ નહિ ખરીદવાના શપથ પણ લીધા છે. અને શંકરલાલ દ્વારા એક ખાદી ભંડાર પણ શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે ભારતના દરેક પ્રાંતમાં મહોબાની સસ્તી અને સુંદર ખાદી પ્રસિદ્ધ થઈ છે. આમ અસહકાર કાર્યક્રમ દ્વારા એક નવયુગનો આરંભ થઈ રહ્યો છે.*

*જોકે દુઃખદાયક દુશાસનના દમને તેમાં થોડી શિથિલતા આણી છે. અને માત્ર ચરખા ઉપર નિર્ભર જીવનનિર્વાહ કરનાર માનવીઓ જ ચરખાનો કાર્યક્રમ અમલી બનાવી રહ્યા છે. અહીંની ૧૨*

# विश्व पूज्य महात्मा जी !

## आपका

हम विद्यार्थी गण बुन्देलखंड प्रसिद्ध चंदेल वीरों की प्राचीन राजधानी वीर-भूमि महोबा के खंडहरों में हृदय से स्वागत करते हैं।

यद्यपि हम विद्यार्थी गण अबोध हैं पर पूर्ण विश्वास है कि श्री मान के दर्शनों से हम बालकों के हृदयों में नव जीवन का संचार होगा।

श्री मान यद्यपि हमारे कुछ भाई अनिकाल से खादी धारण कर रहे हैं पर अधिकांश भाई मिल तथा विदेशी वस्त्र का प्रयोग करते हैं।

अब आगे के लिये हम विश्वास दिलाते हैं कि खादी पहिनेंगे और देश भाइयों की हर प्रकार सहायता करेंगे।

विनीत :—

२२-२४-९-१९२९

विद्यार्थी गण वीर-भूमि महोबा

*હજારની વસ્તીમાં માત્ર ૫૦૦ ચરખા અને ૧૦૭ કરઘા(હાથથી કાપડ વણવાનું યંત્ર) ચાલી રહ્યાં છે. જે સંતોષકારક ન કહી શકાય. તેમાં પણ કેટલાક કરઘા મિલના સૂતરમાંથી જ વસ્ત્રો બનાવે છે. જોકે આપના આગમનને કારણે અમને વિશ્વાસ છે કે દરેક ઘરમાં ચરખાનો પ્રવેશ થશે, પ્રત્યેક શરીર પર શુદ્ધ ખાદી શોભાયમાન બનશે. દરેક હિંદુ-મુસ્લિમ એકબીજાના સહયોગી બનશે. તમામ અછૂતોને અપનાવવામાં આવશે. અને હંમેશાં સ્વરાજ માટે અવસરો આવતા રહેશે.*

*૨૨-૨૪ -૯ ૧૯૨૯*

*આપના અનુયાયી : -*
*મહોબા નિવાસી હિન્દુ-મુસલમાન-ઈસાઈ*
*જોર્જ પ્રેસ, ચોક- કાનપુર*

કાનપુરના જોર્જ પ્રેસમાં છપાયેલું અને હિંદી ભાષામાં લખાયેલું આ માનપત્ર એ યુગના મહોબાનો ચિતાર આપે છે. તેનું હિંદી અલંકારિક છે. વાક્યોની રચનામાં હિંદી શબ્દોનો પ્રયોગ અન્ય માનપત્રો કરતાં થોડો અલગ છે. વળી, મહોબાના હિંદુ, મુસ્લિમ અને ઈસાઈ ત્રણે સમાજે ભેગા મળી આ માનપત્ર ગાંધીજીને આપ્યું છે. જે મહોબાનું કોમી એખલાસનું વાતાવરણ વ્યક્ત કરે છે. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં મહોબાનું પ્રદાન પ્રથમથી જ અગ્ર હતું. ૧૮૫૭માં મહોબા જનપદના અજગર થાણાના ઝીંઝન ગામના દિમાન દેશપત બુન્દેલાએ અંગ્રેજ સરકાર સામે બંડ પોકાર્યું હતું. પરિણામે અંગ્રેજ સરકારના નાકમાં દમ આવી ગયો હતો. ગાંધીજીના અસહયોગ આંદોલનમાં પણ મહોબાની સક્રિયતા માનપત્રમાં ભાસે છે. જેમ કે ગાંધીજીના અસહયોગ આંદોલનને કારણે સ્વદેશી પ્રવૃત્તિને મળેલ વેગનો ઉલ્લેખ માનપત્રમાં જોવા મળે છે. વળી, માનપત્રમાં મહોબાની ઐતિહાસિક પરંપરા સાથે જોડાયેલાં બે પાત્રો આલ્હા અને સય્યદ તાલાનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દક્ષરાજ અને દેવલ દેવીના પુત્ર આલ્હાને પુરાણોમાં યુધિષ્ઠિરનો અવતાર માનવામાં આવેલ છે. તેઓ અપાર શક્તિના સ્વામી હોવા છતાં તેમણે પોતાની શક્તિનો ક્યારેય દુરુપયોગ કર્યો નહોતો. તેમની સાથે એક અન્ય પાત્ર ઉદલનો ઉલ્લેખ પણ મહોબાના ઇતિહાસમાં જોવા મળે છે. એ આલ્હાનો નાનો ભાઈ હતો. યુદ્ધ પ્રેમી અને પ્રતાપી પુરુષ હતો. બંને વીર પુરુષોની વિશાળ ઐતિહાસિક પ્રતિમા મહોબા શહેરની વચ્ચોવચ આજે પણ યથાવત ઊભી છે.

મહોબાના પ્રખર ગાંધીવાદી શંકરલાલ જૈન[૧]નો ઉલ્લેખ પણ માનપત્રમાં જોવા મળે છે. તેમના પ્રયાસોથી જ ખાદીપ્રચારનું કાર્ય સક્રિય રીતે મહોબામાં થઈ રહ્યાનું માનપત્રમાંથી જાણી શકાય છે. તેમના નામ પરથી મહોબાના અન્ય રાષ્ટ્રવાદી નેતાઓ જેવા કે પ. બૈજનાથ તિવારી, ચુન્નીલાલ જૈન, લક્ષ્મણ રાવ, રજ્જબ અલી આઝાદ અને મુલચંદ દરજીનાં નામો પણ જાણી શકાય છે. જેઓ એ યુગમાં સક્રિય રાષ્ટ્રીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા. ગાંધીજીએ મહોબાની મુલાકાત માત્ર એક વાર ૨૧ નવેમ્બર, ૧૯૨૯ના રોજ લીધી હતી.[૨] પણ અત્રે આપવામાં આવેલા બંને માનપત્રોના અંતે તારીખ ૨૨, ૨૩, નવેમ્બર ૧૯૨૯ આપવામાં આવેલ છે. ૨૧ નવેમ્બરના રોજ ગાંધીજી બાંદાથી મહોબા પહોંચ્યા હતા. મહોબાની એક દિવસની મુલાકાત દરમિયાન ગાંધીજીને ચાર માનપત્રો આપવામાં આવ્યાં હતાં. એ મુજબ ખાદી વણકર બંધુ તરફથી, વિદ્યાર્થીગણ તરફથી, હિંદુ-મુસ્લિમ-ઈસાઈ તરફથી અને સ્ત્રીઓ તરફથી તેમને માનપત્રો આપવામાં આવ્યાં હતાં. પણ નવાઈની વાત એ લાગે છે કે આ માનપત્રો અન્વયે કોઈ કાર્યક્રમ કે સમારંભ થયાનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. વળી, તે અંગે ગાંધીજીએ કોઈ પ્રતિભાવ આપ્યાના આધારો પણ ગાંધીસાહિત્યમાં સાંપડતા નથી.

મહોબાના વિદ્યાર્થીગણ તરફથી હિંદી ભાષામાં આપવામાં આવેલ ટૂંકા માનપત્રનો પણ આ સાથે ઉલ્લેખ આવકાર્ય ગણાશે. હસ્તલિખિત આ માનપત્રમાં વિદ્યાર્થીઓએ પોતાની લાગણી સરળ હિંદી ભાષામાં વ્યક્ત કરતા લખ્યું છે,

**"आप के हम विद्यार्थीगण बुन्देलखंड प्रसिद्ध चंदेल वीरों की प्राचीन राजधानी वीर-भूमि महोबा के खंडहरोमें हृदय से स्वागत करते है।**

**यधपि हम विद्यार्थीगण अबोध है पर पूर्ण विश्वास है की श्रीमान के दर्शन से हम बालको के हृदयों में नवजीवन का संचार होगा।**

**श्रीमान यधपि हमारे कुछ भाई अल्पकाल से खादी धारण कर रहे है पर अधिकांश भाई मिल तथा विदेशी वस्त्र का प्रयोग करते है।**

**अब आगे के लिये हम विश्वास दिलाते है कि खादी पहीनेगे और देश भाईयों की हर प्रकार सहायता करेंगे"।**

આ માનપત્રના નીચે પણ ૨૨, ૨૪ -૯-૧૯૨૯ની તારીખ સાથે વિદ્યાર્થીગણ વીર-ભૂમિ મહોબા લખ્યું છે. આ બંને માનપત્રો એક જ દિવસે ગાંધીજીને આપવામાં આવ્યાં હોઈ અત્રે એકસાથે તેમનો ઉલ્લેખ કર્યો છે. બંને માનપત્રોમાં ખાદીને આચરણમાં મૂકવા પર ભાર મૂકવામાં આવ્યો છે. એ બાબત દર્શાવે છે કે મહોબા ગાંધીજીનાં રાષ્ટ્રીય કાર્યોમાં સહભાગી થવા ઉત્સુક છે. ગાંધીવિચારનો પ્રભાવ દેશનાં દરેક સ્થાનો સુધી વિસ્તર્યાનું આ પ્રમાણ છે.

---

૧. શંકરલાલ જૈન ગાંધીજીના પ્રખર અનુયાયી અને મહોબાના અગ્ર સ્વાતંત્ર્ય સૈનિક હતા.

૨. દલાલ, ચંદુલાલ ભગુભાઈ, ગાંધીજીની દિનવારી, પૃ.૨૬૬.

## ૪૦ મ્યુનિસિપલ જલગાંવનું માનપત્ર

પશ્ચિમ ભારતના ઉત્તર મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલ જલગાંવ શહેરની ગાંધીજીએ જીવનમાં માત્ર એક વાર મુલાકાત લીધી હતી. ૧૦, ૧૧ ફેબ્રુઆરી ૧૯૨૭ના રોજ ગાંધીજી ભુસાવળ અને રાવેર થઈને જલગાંવ પહોંચ્યા હતા. એ દિવસે તેમને સ્વામી શ્રદ્ધાનંદના પુત્ર ઇન્દ્ર મળવા આવ્યા હતા.[1] રાત્રીરોકાણ ગાંધીજીએ જલગાંવમાં કર્યું હતું. અને બીજા દિવસે તેઓએ પીરંપરાળ, એરંડોલ, ધારણગાંવ અને ચોપડા ગામોની મુલાકાત લીધી હતી. ચોપડા ગામમાં તેમણે ઘરે ઘરે જઈને ખાદી વેચી હતી.[2] ગાંધીજીની જલગાંવની મુલાકાતમાં ક્યાંય તેમને આ માનપત્ર આપ્યાનો સીધો ઉલ્લેખ જોવા મળતો નથી. પણ ગાંધીસાહિત્યમાં તેનો પરોક્ષ ઉલ્લેખ જોવા મળે છે. આમ તો ગાંધીજીને મળતા માનપત્રો ગાંધીજી પોતાની પાસે રાખતા ન હતા. પણ તેનું જાહેરમાં લીલામ કરી તેનાં નાણાં રાષ્ટ્રીય ફંડમાં જમા કરાવી દેતા હતા.

આ માનપત્ર મને જલગાંવમાં આવેલા ગાંધી રિસર્ચ ફાઉન્ડેશનના સમન્વયક શ્રી ઉદય મહાજન પાસેથી પ્રાપ્ત થયું છે. જલગાંવ મ્યુનિસિપાલિટીના અધ્યક્ષ, તેના સભાસદો અને નાગરિકો તરફથી આપવામાં આવેલ આ માનપત્રના અંતે આપનારનું નામ કે તેમના હોદ્દાનો ઉલ્લેખ જોવા મળતો નથી. અલબત્ત, માનપત્રના આરંભમાં તેનો ઉલ્લેખ છે. વળી, માનપત્ર આપ્યાની તારીખ પણ માનપત્રમાં ક્યાંય આપવામાં આવેલ નથી. ગાંધીજીની દિનવારી અને મહાદેવભાઈની ડાયરીમાં તપાસ કરતાં ૧૦.૨.૧૯૨૭ના રોજ આ માનપત્ર ગાંધીજીને આપ્યાનું જાણી શકાય છે.

સૌપ્રથમ મરાઠી ભાષામાં અને પ્રિન્ટ કરી આપવામાં આવેલ આ માનપત્રનો ગુજરાતી અનુવાદ[3] જોઈએ.

*"પરમપૂજ્ય મહાત્મા મોહનદાસ*
*કરમચંદ ગાંધીનાં*
*ચરણોમાં સાદર અર્પણ.*

*મહાત્માજી,*

*અમે, જલગાંવ મ્યુનિસિપાલિટીના પ્રમુખ અને સર્વ સભાસદો અને નાગરિકો તરફથી આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ. આજે અમને આપનું સ્વાગત કરવાની અપૂર્વ તક સાંપડી રહી છે એ અમારું પરમ સૌભાગ્ય છે.*

*આપની અમાપ દેશભક્તિ, અપૂર્વ સ્વાર્થત્યાગ, અટલ ધર્મનિષ્ઠા, અમાપ ધ્યેયનિષ્ઠા તેમજ ધ્યેયની સફળતા અંગે આપના અતિશય આત્મવિશ્વાસ વગેરે ગુણોથી આપ હિન્દુસ્તાનની જનતાને માટે અતિશય પૂજ્ય અને પ્રિય બન્યા છો. સત્ય અને અહિંસાનાં વ્રતો અને સત્યનિષ્ઠાને કારણે દુનિયાના આદર્શ પુરુષોમાં આપનું સ્થાન અતિ ઊંચું છે. આપે પોતાના આચરણ દ્વારા સત્ય અને અહિંસા ધર્મનું પ્રત્યક્ષ ઉદાહરણ પૂરું પાડીને એ શક્તિ દ્વારા આપણા બધા વ્યવહાર આપણે સુગમ રીતે પાર પાડી શકીએ છીએ એ પાઠ ભારત વર્ષને જ નહીં પણ સમગ્ર વિશ્વને શીખવ્યો છે.*

# परमपूज्य महात्मा मोहनदास करमचंद गांधी यांचे चरण सेवेशी.

**महात्माजी,**

आम्ही, जळगांव म्युनिसिपालिटीचे अध्यक्ष व सर्व सभासद जळगांव नागरिकांचे तर्फे आपलें अंतःकरणपूर्वक स्वागत करितों. आमचें महद्भाग्य कीं, आज आम्हांस आपलें स्वागत करण्याची अपूर्व संधि मिळत आहे.

आपली अलोट देशभक्ति अपूर्व स्वार्थत्याग अटळ धर्मनिष्ठा व ध्येयाच्या यशाविषयी आत्यंतिक आत्मविश्वास इत्यादि गुणाने आपण हिंदी जनतेला अत्यंत पूज्य व प्रिय झाला आहात. सत्य व अहिंसा व्रतानें व सत्यनिष्ठेनें जगांतील आदर्शभूत पुरुषामध्यें आपलें स्थान अत्यंत उच्च आहे. आपण आपल्या आचरणानें सत्य व अहिंसा धर्माचें प्रत्यक्ष उदाहरण दाखवून त्या शक्तीच्या द्वारें आपले सर्व व्यवहार आपण सुगमतेनें पार पाडूं शकतों हा धडा आपण भारतवर्षासच नव्हे तर सर्व जगाला शिकविला आहे.

**महात्माजी,**

जगांतील आधिभौतिक शास्त्राच्या व त्यापासून उत्पन्न होणाऱ्या पाशवी शक्तीच्या चढाओढीच्या दिवसांत त्या सर्व शक्ति आत्मिकबलापुढें निर्बल आहेत असें जगाच्या निदर्शनास आणून देणाऱ्या व निःशस्त्रांचें राजकारणांतील एकच अमोघशस्त्र अनत्याचारी असहकारिता हिचे जनक व आद्यप्रवर्तक आहां. आपण आपल्या अनत्याचारी असहकारितेच्या चळवळीनें जगांतील श्रेष्ठ राजकारणी पुरुषांचे डोळे दिपवून त्यांचें लक्ष आपण आपलेकडे खेंचून घेतलें आहे.

हजारो वर्षांच्या आपआपसांतील दुहीनें व मतामतांच्या गलबल्यानें अनंत पक्षभेद उत्पन्न झाल्यामुळें भेदानें त्रस्त झालेल्या देशाला सत्य व अहिंसा यांचें बळावर स्वराज्य प्राप्तीचा मार्ग दाखविणारे आपण एकटेच राजकारणी पुरुष आहांत.

**महात्माजी,**

आपण आपल्या पवित्र आचरणानें, सत्यनिष्ठेनें व सात्विक प्रेमानें आपल्या विरोधकांसही जिंकलें आहे.

हिंदूधर्मांतील सामाजिक विषमता व अस्पृश्यांबरोबर वागणुकींत पिढ्यानपिढ्या चालत आलेली अनुदारता घालविण्याचा आपण चालविलेला प्रयत्न ईश्वर कृपेनें यशस्वी होत आहे.

गरीब दुबळ्यास अन्नदान देणारा, रावरंकांतील विरोध नाहींसा करणारा, मध्यम वर्गात व श्रीमंतांत स्वाभिमान उत्पन्न करणारा चरखा व खादी प्रसाराचा मार्ग आपल्या व अतुल बुद्धिमत्तेचे फळ आहे. त्यानें आज हिंदुस्थानांतील शेंकडों गरीबास उपासमारीतून वाचविलें आहे.

आपले सद्गुण जसजसे हिंदी जनतेंत अधिकाधिक दृग्गोचर होतील तसतशी आपल्या मातृभूमीची उन्नति अधिक होत जाईल.

**पूज्यवर,**

जळगांवची लोकसंख्या सन १९२१ च्या खानेसुमारीवरून २३३२९ आहे. परंतु शहराची एकसारखी वाढ लक्षात घेतां सन १९३१ सालचे खानेसुमारीत ती ३० हजारावर जाईल असा भरंवसा आहे. म्युनिसिपालिटीचे उत्पन्न अंदाजी २ लाखाचें आहे येथें मुलामुलींच्या उर्दू व मराठी मिळून १२ शाळा आहेत. व त्यांत अडीच हजार मुलें शिक्षण घेत आहेत. अस्पृश्य वर्गांचें मुलांकरितां ३ इयत्तेपर्यंत एक स्वतंत्र शाळा असून वरचें शिक्षण घेण्यास इतर सर्व शाळांतून त्यांना पूर्ण मुभा ठेविली आहे, व त्याप्रमाणे अस्पृश्यांचीं मुलें इतर स्पृश्य जातींच्या मुलांबरोबर एकत्र बसून शिक्षण घेत आहेत.

गेल्या ऑगस्ट महिन्यापासून प्राथमिक शाळांतील कांहीं वर्गांत सूत कातण्याचें शिक्षण देण्यास सुरवात केली आहे. व हळूहळू सर्व शाळांत तें शिक्षण सुरू करावयाचें आहे. हल्लीं प्राथमिक शिक्षण मोफत दिलें जात असून तें लवकरच सक्तीचें करण्याच्या विचारांत म्युनिसिपालिटी आहे.

स्थानिक स्वराज्य संस्थेंत साधी राहणी, व सार्वजनिक स्वच्छता या आपल्या आवडत्या विषयास आम्ही प्राधान्य देण्याची खटपट करीत असतों स्वच्छ व विपुल पाण्याचा पुरवठा करण्याकरिता गिरणा नदीचें पाणी आणण्याचीहि योजना म्युनिसिपालिटीनें आपले हातीं घेतली आहे. शहरास या योजनेमुळें १।२ वर्षांत भरपूर पाण्याचा पुरवठा होईल असा भरंवसा आहे शहरांत एक आयुर्वेदिक दवाखाना म्युनिसिपालिटीनें सुरू केला असून यांत गोरगरिबांस मोफत औषध मिळण्याची योजना केली आहे.

ईश्वरकृपेने, जळगांवांत ब्राह्मण ब्राह्मणेतर हिंदुमुसलमान अशा कोणत्याही तन्हेचा वाद नाही. ईश्वराजवळ आमची शेवटी हीच प्रार्थना आहे कीं, ईश्वर आपणांस दीर्घायू करो व आपल्या अनुपम सेवेचा लाभ भारत वर्षांत चिरकाल होवो.

आपले नम्र.

મહાત્માજી,

અતિ ભૌતિક વિજ્ઞાન અને એમાંથી ઉત્પન્ન થતી પાશવી શક્તિ દ્વારા વિશ્વમાં એક હોડ મચી છે તેવા દિવસોમાં આ બધી શક્તિઓ આત્માના બળ સામે નિર્બળ છે, એમ દુનિયાને બતાવનાર અને શસ્ત્રહીન રાજકારણના એક અમોઘ શસ્ત્ર એવા અનઅત્યાચારી અસહકારના જનક અને આદ્યપ્રવર્તક આપ છો. આપની અનઅત્યાચારી અસહકારની ચળવળે વિશ્વના શ્રેષ્ઠ રાજકારણીઓની આંખો અંજાવીને એમનું ધ્યાન ખેંચ્યું છે. હજારો વર્ષથી અંદરોઅંદરની તડો અને મતભેદોના શોરબકોરોને કારણે અનંત પક્ષભેદ થવાથી ત્રાસી ગયેલા દેશને સત્ય અને અહિંસાના બળે સ્વરાજ્ય પ્રાપ્તનો માર્ગ બતાવનાર આપ એકમાત્ર રાજકારણી પુરુષ છે.

મહાત્માજી,

આપે આપના પવિત્ર આચરણ, સત્યનિષ્ઠા અને સાત્ત્વિક પ્રેમથી આપના વિરોધીઓને પણ જીત્યા છે. હિંદુ ધર્મમાંથી સામાજિક વિષમતા અને અસ્પૃશ્યો સાથેની વર્તણૂકમાં પેઢીઓથી ચાલી આવતી અનુદારતા દૂર કરવા માટે આપે કરેલ પ્રયત્નો ઈશ્વરકૃપાથી સફળ રહ્યા છે.

ગરીબ નિર્બળને અન્નદાન કરનાર, રાજા અને રંક વચ્ચેનો ભેદભાવ દૂર કરનાર, મધ્યમ અને ધનવાન વર્ગમાં સ્વમાન ઉત્પન કરનાર એવા ચરખા અને ખાદી પ્રચારનો માર્ગ આપની અતુલનીય બુદ્ધિમત્તાનું ફળ છે. જેણે આજે હિન્દુસ્તાનના સેંકડો ગરીબોને ભૂખમરાથી બચાવ્યા છે.

જેમજેમ આપના સદ્‌ગુણ હિંદી જનતાને વધુ જોવા મળશે, તેમતેમ આપણી માતૃભૂમિની વધુ ને વધુ ઉન્નતિ થતી જશે.

પૂજ્યવર,

૧૯૨૧માં કરવામાં આવેલી વસ્તીગણતરી મુજબ જલગાંવની વસ્તી ૨૩૩૨૯ હતી. પણ શહેરનો એકધારો વિકાસ ધ્યાનમાં લેતાં ઈ.સ. ૧૯૩૧માં એ વસ્તી ૩૦ હજાર ઉપર પહોંચી જશે એવો અંદાજ છે. મ્યુનિસિપાલિટીની આવક અંદાજે બે લાખ રૂપિયા છે. અહીં છોકરા-છોકરીઓની ઉર્દૂ અને મરાઠી શાળાઓ કુલ ૧૨ છે. તેમાં અઢી હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. અસ્પૃશ્ય વર્ગનાં બાળકો માટે ત્રીજા ધોરણ સુધી એક અલાયદી શાળા છે. આગળ શિક્ષણ માટે બધી શાળાઓમાં જવાની તેમને પણ છૂટ છે. એ મુજબ અસ્પૃશ્યોનાં બાળકો સવર્ણનાં બાળકો સાથે બેસીને શિક્ષણ લઈ રહ્યાં છે.

ગયા ઑગસ્ટ મહિનાથી પ્રાથમિક શાળાઓનાં કેટલાંક વર્ગોમાં સૂતર કાંતવાનું શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં આવી છે, અને ધીમે ધીમે બધી શાળાઓમાં આ શિક્ષણ શરૂ કરાવાનું આયોજન છે. અત્યારે પ્રાથમિક શિક્ષણ નિ:શુલ્ક આપવામાં આવે છે, અને મ્યુનિસિપાલિટી તેને ફરજિયાત બનાવવાનું વિચારી રહ્યાં છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં સાદગીભરી રહેણીકરણી અને જાહેર સ્વચ્છતા એવા આપના ગમતા વિષયને પ્રાધાન્ય આપવાની કોશિશ અમે કરતા હોઈએ છીએ. ચોખ્ખા પાણીનો મબલક પુરવઠો કરવા માટે ગીરણા નદીનું પાણી લાવવાની યોજના પણ મ્યુનિસિપાલિટીએ હાથ ધરી છે. આ યોજનાથી છ માસમાં શહેરને પાણીનો મબલક પુરવઠો મળી રહેશે એવી આશા છે. શહેરમાં મ્યુનિસિપાલિટીએ એક આયુર્વેદિક દવાખાનું શરૂ કરેલ છે. એમાં ગરીબોને નિ:શુલ્ક દવા આપવાની યોજના છે.

*ઈશ્વરકૃપાથી જલગાંવમાં બ્રાહ્મણ, બ્રાહ્મણેતર, હિંદુ, મુસ્લિમ એવા કોઈ ભેદભાવ નથી. ઈશ્વર પાસે અંતે એવી જ પ્રાર્થના કરીએ છીએ કે ઈશ્વર આપને દીર્ઘાયુષી અર્પે અને આપની અનુપમ સેવાનો લાભ ભારતને ચિરકાળ સુધી મળતો રહે.*

*આપના વિનમ્ર"*

મહારાષ્ટ્રની આ ટૂંકી મુલાકાત દરમિયાન ગાંધીજી એકસાથે અનેક ગામોમાં ફરી વળ્યા હતા. જેમ કે ૯ ફેબ્રુઆરીના રોજ આઠ, ૧૦ના રોજ બે ગામો રાબેરા અને જળગાંવ, ૧૧ના રોજ ચાર ગામો, ૧૨મીના રોજ નવ ગામો, ૧૩ના રોજ બે ગામો, ૧૪મીના રોજ ગાંધીજીનો મૌનવાર હતો. ૧૫ના રોજ પાંચ ગામોની મુલાકાત ગાંધીજીએ લીધી હતી. આ અંગે મહાદેવભાઈ દેસાઈ લખે છે,

**"નાના ગામોને ઉઘરાણા કરવાની તક મળે એટલા માટે શ્રી દસ્તાનેયે પ્રવાસમાં આટલાં બધાં ગામો રાખ્યાં હતાં. સૌએ ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપી. ભૂસાવળમાં ૨૦૦૦ રકમ ભારે ન કહેવાય. જળગાંવમાંથી પણ વધારેની આશા હતી[૪] અને ધૂળિયાથી પણ, પણ હાલની મોસમ વેપારી વર્ગને આકરી છે એ જોતા ઉઘરાણા સારા કહેવાય. આ ઉઘરાણાનો જશ ભાઈ મણિલાલ કોઠારીને જાય છે. જેઓ કેટલાક દિવસ અગાઉ આ ભાગમાં સ્થળે સ્થળે ફરી વળ્યા હતા"[૫]**

મહારાષ્ટ્રના પ્રવાસમાં ફંડ એકત્રિત કરવાનું આયોજન કરનાર સૌરાષ્ટ્રના ગાંધીજીના અંતેવાસી શ્રી મણિલાલ કોઠારી હતા. જેમનો ઉલ્લેખ ઉપરોક્ત અવતરણમાં મહાદેવભાઈ દેસાઈએ કર્યો છે. એ મણિલાલ કોઠારી ગામ ભડકવા જિ. સુરેન્દ્રનગર, ગુજરાતના વતની હતા. રોલેટ ઍક્ટ અને જલિયાવાલા બાગના હત્યાકાંડ પછી વકીલાત છોડી ગાંધીજીના આદેશથી રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા હતા. સૌરાષ્ટ્રના અનેક સત્યાગ્રહોમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. તેઓ ફંડ ભેગું કરવાના કસબી હતા. તેમણે રાષ્ટ્રીય કાર્યો માટે લાખો રૂપિયા ફંડમાં એકત્ર કર્યા હતા. તેથી ગાંધીજીએ તેમને રાષ્ટ્રીય ભિક્ષુકનું બિરુદ આપ્યું હતું. ૧૧-૧૦-૧૯૩૭માં તેમનું અવસાન થયું હતું.[૬]

આ પ્રવાસ દરમિયાન પણ ગાંધીજીને મળેલ માનપત્રો અને તેની પેટીઓનું ગાંધીજીએ હંમેશ મુજબ વેચાણ કરી સારી એવી રકમ રાષ્ટ્રીય ફાળા માટે મેળવી હતી. એ અંગે મહાદેવભાઈ દેસાઈ લખે છે,

**"આ મુસાફરીમાં માનપત્રોની પેટીઓની ઠીક વ્યવસ્થા થઈ કહેવાય. શહાદા[૭]માં સાત-આઠ રૂપિયાની પેટીનું લીલામ થયું અને તે ૩૦૦ રૂપિયે વેચાઈ. આ વેચાણની સંમતિ આપતાં ગાંધીજીએ એક જ્યાએ કહ્યું હતું, 'તમે પ્રેમથી આપેલી આ ભેટને હું વેચું છું તેમાં તમારા પ્રેમનો અનાદર ન સમજશો. તમે જે ભેટ આપી છે તે તો તમારો અનહદ પ્રેમ જ બતાવે છે, પણ તેનો બદલો હું કઈ રીતે આપી શકું ? એ મારા ઉપયોગ માટે રાખીને નહિ આપી શકું. એ રાખું ક્યાં ? એને રાખવા મારી પાસે સ્થાન નથી, અને મુસાફરીમાં હું લઈને ફરું ક્યાં ? એટલે તેનો ઉપયોગ જે કાર્ય મને પ્રિય છે તે જ કાર્ય માટે કરીને હું તમારા પ્રેમનો બદલો આપી શકું. બીજો રસ્તો હું નથી જોતો."**

દોડાઈચામાં પણ જે ફૂલપાત્રમાં માનપત્ર આપવામાં આવ્યું હતું તે ૭૫ રૂપિયે, રકાબીમાં ૫૧ રૂપિયે વેચાયા. અને શ્રી કસ્તુરબાને મળેલા ચાંદીના રકાબી-પ્યાલો ૧૨૫ રૂપિયે વેચાયાં. રકાબી-પ્યાલો ખરીદનારે પાછા આપ્યાં અને પાછા ૫૧ રૂપિયે વેચ્યા. આવી રીતે જલગાંવ, ધૂળિયા, અમલનેર વગેરે જ્યાએ પણ સારી રકમોથી આ પેટીઓનું લીલામ થયું."[૮]

મહાદેવભાઈના ઉપરોક્ત અવતરણના અંત ભાગમાં જે ચાંદીનાં રકાબી અને પ્યાલાનો ઉલ્લેખ જોવા

મળે છે, તે ગાંધીજીને જળગાંવના સોના-ચાંદીના વેપારીઓ તરફથી આપવામાં આવેલ હતાં. ગાંધીજીએ તેને પણ બે વાર વેચીને તેનાં નાણાં પણ રાષ્ટ્રીય ફંડમાં જમા કરાવ્યાં હતાં.

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૧૨

૨. એજન, પૃ. ૨૧૨

૩. મરાઠી માનપત્રનો ગુજરાતી અનુવાદ શ્રી સંજય શ્રીપાદ ભાવેએ કરેલ છે.

૪. જલગાંવમાંથી ખાદી અને માનપત્રના વેચાણમાંથી ગાંધીજીએ રૂપિયા ૫૦૦૦ એકઠા કર્યા હતા. નવજીવન, ૨૭ ફેબ્રુઆરી, ૧૯૨, પૃ. ૨૦૮.

૫. નવજીવન, ૨૦ ફેબ્રુઆરી, ૧૯૨૭, પૃ. ૧૯૪

૬. શાહ, જયાબહેન વજુભાઈ, સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો, પૃ. ૨૪૦.

૭. 'શહાદા' મુંબઈ જિલ્લાના પશ્ચિમ ખાનદેશમાં આવેલ એક ગામ છે.

૮. નવજીવન, ૨૦ ફેબ્રુઆરી, ૧૯૨૭, પૃ. ૧૯૫.

# ४१ ડિસ્ટ્રિક્ટ બોર્ડ, ફત્તેહપુરનું માનપત્ર

*अभिनन्दन पत्र*
*परम प्रधान पुरुषोत्तम, कर्मवीर*
*महात्मा मोहनदास कर्मचन्द गांधी*
*के*
*कर कमलोमें सादर समर्पित*

*हृदयेश्वर,*

*आज आपका दर्शनाभिलाशी दीन, क्षीण तथा निर्धन कृषि प्रधान फत्तेहपुर प्रांत आप का स्वागत करने के लिये सकुटुम्ब आप के सन्मुख प्रसन्न वदन करबद्ध अवाक खडा है। और आप की भोली भाली मोहनी मूर्ति को अन्तःकरण में रख कर और आप को अपना आराध्य देव समझ पलक कपाट दे उष्ण प्रेमाश्रु से उसके रजकण धोकर हृदय में स्थापित करके "फलित बिलोकी मनोरथ वेली" आनन्द में निमग्न हो सब सुधि दुधि भूल बेठा है। अतः हे महात्मा! इस शुभ अवसर पर ग्राम वासियो के प्रतिनिधि हम डीस्ट्रीक बोर्ड फत्तेहपुर के सभी हिन्दु मुसलमान सदस्य अपने प्रान्त की और से प्रगाढ प्रेम तथा अटल भक्ति के साथ आप का स्वागत करते है।*

*અંતમાં આપે અહીંયાં આવવાની જે તકલીફ લીધી છે એ બદલ અમે આપના આભારી છીએ અને એક નાની ભેટ સમી આ થેલી આપને એ આશાથી અર્પણ કરીએ છીએ કે આપ તેનો સ્વીકાર કરશો.*

૨૫.૧૦.૧૯૨૯

*વિનીત સેવક*
*સભાપતિ સ્વાગત*
*કાર્યવાહક સમિતિ તરફ*

*॥ "सिविल" प्रिन्टींग प्रेस सहरानपुरा ॥*

આ સમયે ગાંધીજીની સંયુક્ત પ્રાંતની યાત્રા અંતિમ ચરણમાં હતી. તેઓ ૨૧થી ૨૪ મસૂરીમાં હતા. ત્યાંથી તેઓ ૧૦૦ કિલોમીટરનું અંતર કાપી ૨૫મીએ સહારનપુર પહોંચ્યા હતા. સહારનપુરમાં ગાંધીજીનું રોકાણ એક દિવસનું જ હતું. એક દિવસની ભરચક સક્રિયતામાં ગાંધીજીએ લગભગ નવ કાર્યક્રમોમાં ભાગ

લીધો હતો. અને દરેક કાર્યક્રમમાં તેમને માનપત્ર આપવામાં આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ બોર્ડ, કાશીરામ હાઈસ્કૂલ, વિદ્યાર્થી મંડળ, હિંદ કુમાર સભા, જિલ્લા કોંગ્રેસ કમિટી, સ્વાગત સમિતિ, આર્યસમાજ, અગ્રવાલ સેવા સમિતિ, અને રાજપૂત સભા તરફથી ગાંધીજીને માનપત્રો આપવામાં આવ્યા હતા. બીજા દિવસે અર્થાત ૨૬ ઑક્ટોબરના રોજ ગાંધીજી સહારનપુરથી દેવબંધ થઈ, મુઝફ્ફરનગર પહોંચ્યા હતા. મુઝફ્ફરનગરમાં પણ તેમને મ્યુનિસિપાલિટી અને પબ્લિક સ્કૂલ તરફથી માનપત્રો આપવામાં આવ્યા હતા. અત્રે સ્ત્રીઓની સભામાં ગાંધીજી હાજર રહ્યા હતા. અને કન્યાશાળામાં યોજાયેલ કાંતણ સ્પર્ધામાં પણ હાજર રહી, ઇનામ વિતરણ કર્યું હતું.[1]

ગાંધીજી જ્યાં જતા ત્યાં તેમનું આખું કાર્યાલય પણ સાથે જતું હતું. તેમના આગમન પૂર્વે જ જે-તે સ્થળની પોસ્ટ ઑફિસ સક્રિય થઈ જતી હતી. ગાંધીજી પોતાની મુસાફરી દરમિયાન રાષ્ટ્ર અને દુનિયા સાથે પત્રો દ્વારા જીવંત સંપર્કમાં રહેતા હતા. સહારનપુરમાં એક દિવસના રોકાણ દરમિયાન ગાંધીજીએ શ્રી. છગનલાલ જોશી, ડૉ. એમ. એ. અનસારી, વસુમતીબહેન પંડિત, માધવજી વ. ઠક્કરને પત્રો પાઠવ્યા હતા. તેમાં સૌથી વિગતવાર અને નોંધપાત્ર પત્ર ગાંધીજીએ ડૉ. એમ.એ. અનસારી(૨૫ ડિસેમ્બર ૧૯૮૦-૧૦ મે ૧૯૩૬)[2]ને લખ્યો હતો. તેમાં ગાંધીજીના સ્પષ્ટ અને સત્ય અભિવ્યક્ત કરવાના વ્યક્તિત્વનો આપણને પરિચય મળે છે. તેઓ તેમના પરમ મિત્ર ડૉ. એમ. એ. અનસારીને સાફ શબ્દોમાં લખે છે,

**"છાપામાંથી મને જાણવા મળ્યું છે કે તમે અને શંકરલાલ, હું દિલ્હી આવું ત્યારે મને આપવાની એક થેલી માટેની અપીલ બહાર પાડી રહ્યા છો અને તે સ્થાનિક કોંગ્રેસના કામ માટે ખાસ નિયત કરવામાં આવી છે. આ પ્રકારની થેલીની ક્યાંય પણ મંજૂરી આપવામાં આવી નથી. પ્રાંતમાંના સેવાકાર્ય માટે ખાસ અલગ થેલીઓ કેટલીક જગ્યાએ સ્વીકારવામાં આવી છે પણ દરેક જગ્યાએ મુખ્ય થેલી ખાદી માટે જ હોય છે. પણ આ બાબતના તમારા કથનનો છાપામાં આવેલો હેવાલ જો સાચો હોય તો થેલી ફક્ત સ્થાનિક કોંગ્રેસ કાર્ય માટે જ અલગ રખાઈ છે. કોઈ પણ સંજોગોમાં આમ ન થવું જોઈએ. ખાદી વિશે જો કોઈને પણ દરકાર ન હોય તો મને લાગે છે કે ફાળો કરવો ન જોઈએ. મારે એ પણ કહેવું છે કે મારી ત્યાંની મુલાકાત અંગે લાલા શંકરલાલ કાંઈ પણ કાર્ય કરશે તો તેને હું ટેકો નહિ આપું. તેમની બાબતમાં મારો અનુભવ બહુ સારો નથી. મને ખબર છે ત્યાં સુધી એમણે અખિલ ભારત ચરખા સંઘની લેણી રકમ હજુ પણ પાછી વાળી નથી. બારડોલી સત્યાગ્રહના નામે ભેગા કરેલા ફાળાની પૂરી રકમ હજુ પણ તેમણે બારડોલી મોકલી નથી. તેમના નાણાકીય વ્યવહાર અંગેની કેટલીક ફરિયાદો મારી પાસે વખતોવખત લાવવામાં આવી છે. પણ તેની તપાસ કરવાનું મને ઉપયોગી લાગ્યું નથી. હું જાણું છું કે જમનાલાલજી અને બીજા કેટલાક લોકોને એમનો એવો જ અનુભવ થયો છે. આ લખતા મને દિલગીરી થાય છે પણ તમારા નામ સાથે એમનું નામ જોડાયેલું જોતાં મને થયું કે હું તેમને વિશે કેવો અભિપ્રાય ધરાવું છું તે મારે તમને જણાવવું જોઈએ. આ પત્ર જરૂર તમે એમને બતાવી શકો છો. એમને કંઈ પણ અન્યાય થયો હોય અને તે વિશે મારી ખાતરી કરાવી શકશે તો હું એમની માફી માગીશ."**[3]

આ માનપત્ર સિવિલ પ્રિન્ટિંગ પ્રેસ, સહારનપુરમાં છાપવામાં આવ્યું છે. જે માનપત્ર નીચે આપવામાં આવેલ પ્રેસના નામ પરથી જાણી શકાય છે. સરળ હિંદી ભાષાનો માનપત્રમાં ઉપયોગ થયો છે. ગાંધીજીની પ્રશંસા સાથે આરંભાયેલ આ માનપત્રમાં એ યુગની બે ઐતિહાસિક ઘટનાઓનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રથમ ૧૯૨૩મા સહારનપુરમાં થયેલ કોમી તોફાનોનો ઉલ્લેખ માનપત્રમાં જોવા મળે છે. અને એ માટે માનપત્રમાં ખેદ પણ વ્યક્ત કરતાં માનપત્રમાં નોધ્યું છે,

**"सन १९२३में जो दंगा वा फिसाद हुआ यह हमारे नाम एक बडा भारा स्याह धब्बा है."**

ભારતમાં રાજા રામ મોહન રાય દ્વારા આરંભાયેલ શુદ્ધિ ચળવળના પરિપાક રૂપે ૧૯૨૨, ૧૯૨૩

અને ૧૯૨૪માં ભારતના જુદા જુદા ભાગો અમૃતસર, જબલપુર, ગોંડા, આગ્રા, ગુલબર્ગ, નાગપુર, લખનૌ, સહારનપુર, અલ્હાબાદ અને કલકત્તામાં કોમી તોફાનો થયાં હતાં. એ મુજબ મેં ૧૯૨૩માં સહારનપુરમાં પણ મહોરમના પ્રસંગે કોમી તોફાનો શરૂ થયાં હતાં. જે થોડા દિવસ સુધી ચાલુ રહ્યાં હતાં.[૪] અત્રે એ ઘટનાનો ઉલ્લેખ માનપત્રમાં કરવામાં આવ્યો છે.

આ સમયે ૨૯થી ૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ અને ૧ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ લાહોરમાં મળનાર કોંગ્રેસના ૪૪મા અધિવેશનની તૈયારીઓ સમગ્ર ભારતમાં પુરજોશમાં ચાલી રહી હતી. સમગ્ર દેશમાં અને રાષ્ટ્રીય નેતાઓમાં પૂર્ણ સ્વરાજની માંગ પ્રસરી ગઈ હતી. જવાહરલાલ નહેરુ અધિવેશનમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ લાવશે એવી ધારણા મજબૂત રીતે પ્રજા અને નેતાઓમાં પ્રસરી ગઈ હતી. જ્યારે અંગ્રેજ સરકાર પોતાના જૂના રાગ મુજબ પ્રાંતિય સ્વયત્તા(ડોમિનો સ્ટેટ)ની વાત કરી રહી હતી. માનપત્રમાં એ જ સંદર્ભે કહેવામાં આવ્યું છે કે,

**"કોંગ્રેસ લાહોર મેં ચાહે પૂરી આઝાદી કી તજવીજ (ભલામણ) પાસ કરે ચાહે મૌજુદ મકસદ(તત્કાલ ઉદેશ) કો કાયમ રક્ખે હમ સ્વતન્ત્રતા કે યુદ્ધ મેં સબ કે સાથી વ મદદગાર રહેંગે !"**

માનપત્રમાં કરવામાં આવેલ ઉલ્લેખ મુજબ જ લાહોર મુકામે જવાહરલાલ નહેરુની અધ્યક્ષતામાં મળેલ કોંગેસના ૪૪મા અધિવેશનમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર થયો હતો. જેમાં સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું હતું કે,

**"મહાસભાના ધ્યેયમાં "સ્વરાજ" શબ્દનો અર્થ "સંપૂર્ણ સ્વાતંત્ર્ય" કરવો, અને વિશેષમાં જાહેર કરે છે કે, નહેરુ રિપોર્ટમાં આલેખેલું બંધારણ આખું હવે રદ થયું છે. એટલે તે આશા રાખે છે કે, હવે પછી બધા મહાસભાવાદીઓ હિંદને માટે "સંપૂર્ણ સ્વાતંત્ર્ય" મેળવવા માટે જ પોતાની બધી શક્તિ અને સમય સમર્પણ કરશે."**[૫]

ટૂંકમાં આ માનપત્ર ગાંધીજીના સન્માન સાથે એ યુગના રાજકીય વાતાવરણને પણ વ્યક્ત કરે છે.

---

૧. - ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૨.

૨. ડૉ. મુખ્તાર અહેમદ અનસારી ગાંધીના પર મિત્ર હતા. **"ગાંધીજી અને અમારામાંથી ઘણા ખરા દાકતર અન્સારીને ત્યાં જ રહેતા હતા. ઉચ્ચ પંક્તિના મહાનુભાવો અને સામાન્ય પંક્તિના સજ્જનોનો એકસરખો પ્રવાહ આ ઘર તરફ ચાલતો જ રહેતો હતો."** જવાહરલાલ નહેરુનું આ વિધાન ડૉ. અનસારીનું એ યુગમાં રાષ્ટ્રીય કદ વ્યક્ત કરે છે.

૩. ગાંધીજીનો **અક્ષરદેહ**-૪૨, પૃ. ૪૬, ૪૭.

૪. Guha, Arun Chandra, Indian Struggle Quarter of Century 1921 to 1947 Part I andhttp://dahd.nic.in/hi/related-links/annex-ii-7-survey-hindu-muslim-riots-1917-1977

૫. કોઠારી, વિઠ્ઠલદાસ મગનલાલ, મહાસભાના ઠરાવો (ઈ.સ.૧૮૮૫-૧૯૪૭), પૃ. ૨૭૮

# ૪૬ આર્ય કુમાર, રાયબરેલીનું માનપત્ર

ओउम

श्री महात्मा गांधी जी की सेवा में समर्पित

*जिस समय से हम आर्य्य कुमारने आप के शुभागमनका शुभ समाचार सुना था उसी समय से हमारे लोगो का हृदय फूला नहि समाता है। भगवान की कृपा से आज वह दिन आ गया और हम सब आप का दर्शन कर के कृतार्थ हुए।*

*आप का देश-प्रेम, सरळ जीवन, उच्च विचार, सहनशीलता और द्रढ संकल्प सदैव अनुकरणीय है। हम अत्यंत ही दीन है आप की सेवा में अपने हृदय के भावो के अतिरिक्त कया समर्पित कर सकते है परन्तु आप के सद उपदेश को ग्रहण करने के लिये तन मन से तैयार है हम तुच्छवाद्ध बालक अपनी लेखनी द्वारा न अपने हृदय के भावो को प्रगट कर सकते है न आप के गुणाबाद ही कर सकते है, जिस के लिये सरस्वती भी असमर्थ है।*

१३.११.१९२९

आप के सेवक
आर्य कुमार रायबरेली

ઓઉમ

શ્રી મહાત્મા ગાંધીજીની સેવામાં સમર્પિત

*જે પળથી અમે આર્ય કુમારને આપના શુભ આગમનના શુભ સમાચાર સાંપડ્યા છે, ત્યારથી અમારાં હૃદય ગર્વ અનુભવી રહ્યાં છે. ઈશ્વરની કૃપાથી આજે એ દિવસ આવી ગયો છે. અને અમે સર્વ આપના દર્શનથી કૃતાર્થ થયા છીએ.*

*આપનો દેશ-પ્રેમ, સરળ જીવન, ઉચ્ચ વિચાર, સહનશીલતા અને દઢ સંકલ્પ હંમેશાં અનુકરણીય છે. અમે અત્યંત દીન છીએ. આપની સેવામાં અમારા હૃદયના ભાવો સિવાય શું સમર્પિત કરી શકીએ. પરંતુ આપના સદ ઉપદેશને અપનાવવા તન, મનથી તૈયાર છીએ. અમે અલ્પબુદ્ધ બાળક અમારી કલમ દ્વારા ન તો અમારા ભાવોને વ્યક્ત કરી શકીએ છીએ, ન આપના ગુણોને આલેખી શકીએ છીએ, એ માટે સરસ્વતી પણ અસમર્થ છે.*

૧૩.૧૧.૧૯૨૯

આપના સેવક
આર્ય કુમાર રાયબરેલી

ગાંધીજી ૧૩ નવેમ્બર, ૧૯૨૯ના રોજ લખમીપુરથી સીતાપુર પહોંચ્યા હતા. આ દિવસ ગાંધીજી માટે અત્યંત સક્રિય દિવસ રહ્યો હતો. સીતાપુરમાં તેમને મ્યુનિસિપાલિટી, જિલ્લા બોર્ડ અને હિંદી સાહિત્ય સભા

ओ३म

श्रीमहात्मा गांधी जी की सेवा में समर्पित :—

जिस समय से हम आर्य्य कुमारों ने आपके शुभागमन का शुभ समाचार सुना था उसी समय से हमारे लोगों का हृदय फूला नहीं समाता है। भगवान की कृपा से आज वह दिन आ गया और हम सब आपका दर्शन करके कृतार्थ हुये।

आपका देश-प्रेम, सरल-जीवन, उच्च विचार, सहनशीलता और दृढ़ संकल्प सदैव अनुकरणीय हैं। हम अत्यन्त ही दीन हैं। आपकी सेवा में अपने हृदय के भावों के अतिरिक्त क्या समर्पित कर सकते हैं परन्तु आपके सदुपदेश को ग्रहण करने के लिये तन मन से त्यार हैं। हम तुच्छ बुद्धि बालक अपनी लेखनी द्वारा न अपने हृदय के भावों का प्रकट कर सके हैं न आपके गुण वर्णन कर सकते हैं, जिनके लिये सरस्वती भी असमर्थ है।

आपके सेवक

[illegible] २२-११.२७

आर्य कुमार सभा [illegible]

દ્વારા માનપત્રો આપવામાં આવ્યાં હતાં. ત્યાંથી તેઓ ખૈરાબાદ ગયા. ખૈરાબાદમાં તેમને ત્યાંના લોકો તરફથી માનપત્ર આપવામાં આવ્યું. ત્યાંથી તેઓ લખનૌ ગયા. ત્યાં તેમને મોતીલાલ નહેરુ મળવા આવ્યા હતા. ત્યાંથી તેઓ મોહનલાલગંજ ગયા. મોહનલાલગંજમાં તેમને કિસાનો તરફથી માનપત્ર આપવામાં આવ્યું. ત્યાંથી તેઓ ઝનોજા, નિગોહા થઈ રાયબરેલી પહોંચ્યા હતા. રાયબરેલીમાં તેમને મ્યુનિસિપાલિટી, જિલ્લા બોર્ડ, અધ્યાપક સમિતિ, જિલ્લા કિસાન, કૉંગ્રેસ કમિટી, સ્વાગત સમિતિ, મહાવીરપ્રસાદ છાત્રાલય અને આર્ય કુમાર તરફથી માનપત્રો આપવામાં આવ્યા હતા.[1]

આ માનપત્ર રાયબરેલીમાં આર્ય કુમાર દ્વારા આપવામાં આવેલું છે. જેનો ઉલ્લેખ ગાંધીજીની દિનવારીમાં જોવા મળે છે. આ ટૂંકું પણ લાગણી સભર માનપત્ર આર્ય કુમારનાં બાળકો દ્વારા ગાંધીજીને આપવામાં આવ્યું છે. હિંદી ભાષામાં આપવામાં આવેલ આ હસ્તલિખિત માનપત્રમાં ગાંધીજીની પ્રશંસા અહેભાવ સાથે કરવામાં આવેલ છે. જેમાં કહેવામાં આવ્યું છે,

**"આપ કા દેશ-પ્રેમ, સરળ જીવન, ઉચ્ચ વિચાર, સહનશીલતા ઔર દઢ સંકલ્પ સદૈવ અનુકરણીય હૈ | હમ અત્યંત હી દીન હૈ આપ કી સેવા મેં અપને હૃદય કે ભાવો કે અતિરિક્ત કયા સમર્પિત કર સકતે હૈ|"**

એ સંદર્ભમાં જોઈએ તો માનપત્રમાં એ સમયની કોઈ રાજકીય, સામાજિક કે આર્થિક સ્થિતિનો ચિતાર જોવા મળતો નથી. પરંતુ જે સમયે આ માનપત્ર આપવામાં આવ્યું છે તે સમય ભારતના સ્વાતંત્ર્ય ઇતિહાસનો આમૂલ પરિવર્તન યુગ છે. આ એ યુગ છે જ્યારે સાયમન કમિશનના વિરોધ પછી મોતીલાલ નહેરુની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિએ **"નહેરુ રિપોર્ટ"** તૈયાર કર્યો હતો. જેની ચારેકોર ચર્ચા હતી. નહેરુ રિપોર્ટને એ સમયે આઝાદ ભારતના પ્રથમ બંધારણ તરીકે ગણવામાં આવ્યો હતો. જેમાં કૉંગ્રેસે **"પ્રાંતિક સ્વાયત્તા"** (Dominion Status)ની માંગણી કરી હતી. ૨૮થી ૩૦, ઑગસ્ટ ૧૯૨૮ના રોજ લખનૌમાં મળેલ સર્વપક્ષીય બેઠકમાં નહેરુ અહેવાલ ઉપર આખરી નિર્ણય લેવાયો હતો[2] એ રિપોર્ટ અંગે નવજીવનના ૯ સપ્ટેમ્બર, ૧૯૨૮ના અંકમાં ગાંધીજીએ લખ્યું હતું,

**"જો બારડોલીની જીત ઇતિહાસમાં નોંધાશે તો લખનૌની જીત પણ નોંધાશે. બારડોલીએ જીવતા સ્વરાજનો-રામરાજનો માર્ગ બતાવ્યો. લખનૌએ કાનૂની સ્વરાજનાં દ્વાર ખોલ્યાં. બંનેની આવશ્યકતા હતી. લખનૌ સ્વરાજને સારુ વિદ્વાન રાજનીતિકુશળ નેતાઓની જરૂર હતી, બારડોલી સ્વરાજને સારુ સાધારણ, અભણ જનસમાજની જરૂર હતી. એકમાં બુદ્ધિ પ્રધાન હતી, બીજામાં શ્રદ્ધા પ્રધાન હતી. બારડોલીની જીત પછી તુરત જ લખનૌ સભા થઈ એ કોઈ ઇરાદાપૂર્વક સાધેલો યોગ નહોતો, એટલે શ્રદ્ધાળુઓ તેમાં ઈશ્વરનો સંકેત માને. લખનૌમાં પ્રજાને મળેલી જીતને સારુ પંડિત મોતીલાલજી ધન્યવાદના હકદાર છે. તેમની એકનિષ્ઠા, તેમની કાર્યકુશળતા, તેમનો ઉદ્યમ, તેમની શ્રદ્ધા ન હોત તો કદી સફળતા ન મળત. સફળતા સારામાં સારું બંધારણ આપવામાં નથી, પણ સ્વમાન જાળવી શકાય, બધાના હકો સાચવી શકાય એવા બંધારણને વિશે એકમત સાધવામાં રહેલી છે. ભિન્નભિન્ન પક્ષોની સભા તો કેટલાએ માસ થયા કરી છે, પણ તેનું દશ્ય પરિણામ તો લખનૌમાં જ આવ્યું. આ જીત પંડિત મોતીલાલજીની છે."**[3]

જોકે ઇતિહાસની એ વાસ્તવિકતા પણ ન ભુલાઈ તેવી છે કે પંડિત મોતીલાલ અને પુત્ર જવાહરલાલ વચ્ચે આ જ મુદ્દે મતભેદ હતા. મોતીલાલજી ડોમિનિયન સ્ટેટસ કે સાંસ્થાનિક સ્વરાજના હિમાયતી હતા. નહેરુ અહેવાલમાં તે અભિવ્યક્ત થાય છે. જ્યારે જવાહરલાલજી પૂર્ણ સ્વરાજના તરફદાર હતા. પિતાપુત્રના આ ગજગ્રાહ અંગે ચિતાર આપતાં નારાયણ દેસાઈ લખે છે,

"નહેરુ પિતા-પુત્રનો મતભેદ પણ આ ટાણે કૉંગ્રેસના ધ્યેય અંગે જ હતો. પંડિત મોતીલાલજી સર્વ પક્ષો સાથેની ચર્ચાવિચારણાને અંતે સૌને દેશના બંધારણનું ધ્યેય ડોમિનિયન સ્ટેટસ કે સાંસ્થાનિક સ્વરાજ હોય ત્યાં સુધી લાવી શક્યા હતા. અને એ જ ધ્યેય કૉંગ્રેસે પણ સ્વીકારવું જોઈએ એમ દઢપણે માનતા હતા. જવાહરલાલજી આગલા વર્ષે કૉંગ્રેસ પાસે પૂર્ણ સ્વતંત્રતાનું ધ્યેય સ્વીકારાવડાવી શક્યા હતા. અને તેમાં જરા પણ પીછેહઠ કરવા તૈયાર નહોતા."[૪]

આ મુદ્દે પંડિત જવાહરલાલ સાથે સુભાષચંદ્ર બોઝ પણ હતા. ૧૯૨૮, ૨૯ ડિસેમ્બરના રોજ કલકત્તાના કૉંગ્રેસ અધિવેશનમાં લાંબી ચર્ચાને અંતે ઠરાવ નંબર ૧૩ સ્વરાજ બંધારણ તળે ઠરાવવામાં આવ્યું કે,

"સર્વ પક્ષીય સમિતિના રિપોર્ટમાં જે બંધારણ સૂચવ્યું છે તેનો પૂરો વિચાર કર્યા પછી આ મહાસભા તે બંધારણને હિંદના રાજકીય અને કોમી પ્રશ્નોના નિરાકરણના એક મોટા ઉપાય તરીકે વધાવી લે છે. અને એ ભલામણો લગભગ એકમતે થઈ છે એ માટે કમિટીને મહાસભા ધન્યવાદ આપે છે, અને મદ્રાસ મહાસભાનો સ્વાતંત્ર્યનો ઠરાવ કાયમ રાખવા છતાં એ બંધારણને દેશની રાજકીય ઉન્નતિમાં એક મહત્ત્વનું પગલું ગણે છે, કારણ કે એ ઉપર દેશના અગત્યના પક્ષોનું વધારેમાં વધારે ઐક્ય મેળવી શક્યું છે.

દેશમાં કોઈ અણધાર્યા સંજોગો ઉત્પન્ન ન થાય તો મહાસભા, આ બંધારણને બ્રિટિશ પાર્લમેન્ટ ૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ સુધીમાં પૂરેપૂરું સ્વીકારે તો, સ્વીકારી લેશે, પણ જો તે ન સ્વીકારે તો અહિંસાત્મક અસહકાર જાહેર કરશે. અને દેશને કર ન આપવાની અને એવી બીજી ભલામણ કરશે."[૫]

કૉંગ્રેસના આ ઠરાવમાં મીઠા સત્યાગ્રહનાં બીજ વવાયાં હતાં, એમ અવશ્ય કહી શકાય. કલકત્તા કૉંગ્રેસના અધિવેશન પછી અધ્યક્ષ મોતીલાલજીએ ૧૯૨૯ના વર્ષ માટે જુદી જુદી સમિતિઓની રચના કરી. જેમાં વિદેશી કાપડના બહિષ્કારની સમિતિની અધ્યક્ષતા ગાંધીજીને સોંપવામાં આવી.

"ગાંધીજીએ વિદેશી કાપડના બહિષ્કારની જવાબદારી સાથે ખાદી કામને પણ પોતાની સમિતિનું કામ માન્યું હતું. આ કામ લઈને ૧૯૨૯નું આખું વર્ષ તેઓ દેશભરમાં ઘૂમી વળ્યા અને ખાદીકામ સારુ ફાળો ઉઘરાવવા ઉપરાંત ઠેરઠેર વિદેશી કપડાની હોળીઓ પણ કરતા રહ્યા."[૬]

એ જ ગાંધીજીની સંયુક્ત પ્રાંતની આ યાત્રાનું પ્રયોજન હતું. આ યાત્રા દરમિયાન લખનૌમાં ગાંધીજીને મળવા પંડિત મોતીલાલજી આવ્યા હતા. એ બાબત પણ એ સમયના ઝડપથી બદલાતા જતા રાજકીય સમીકરણોનો નિર્દેશ કરે છે.

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૪,૨૬૫

૨. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૩૯.

૩. નવજીવન, ૯ સપ્ટેમ્બર, ૧૯૨૮, પૃ. ૧૨.

૪. દેસાઈ, નારાયણ, મારું જીવન એ જ મારી વાણી, દ્વિતીય ખંડ, સત્યાગ્રહ, પૃ. ૪૬૦.

૫. કોઠારી, વિઠ્ઠલદાસ મગનલાલ, (સંપાદક), મહાસભાના ઠરાવો, પૃ. ૨૭૩.

૬. દેસાઈ, નારાયણ, મારું જીવન એ જ મારી વાણી, દ્વિતીય ખંડ, સત્યાગ્રહ, પૃ. ૪૬૬.

## ૪૭ ઊંઝાની નિવાસીઓનું માનપત્ર

*वन्देमातरम्!*

*अभिनन्दन-पत्र*

*सेवा में –*

*पूजनीय श्री महात्मा मोहनदास कर्मचन्द गांधीजी महाराज*

*महात्मान,*

*हम सब ऊझानी निवासी आपकी सेवा में इस अभिनन्दन-पत्र को सादर रखते हुए हृदय से आपका और श्रीमाताजी का पूर्ण स्वागत करते है। परमात्मा से पार्थना है कि वह आप सरीखे देश-भक्त को चिरायु करे।*

*आजका दिन हमारे लिये परम सौभाग्य का दिन है कि संसार के सब से बडे व्यक्ति ने इस छोटे से स्थान पर पधार कर हम लोंगो को अपने दर्शन से पवित्र किया है।*

*आप के आगमन से हममे से बहुत का मंद हुआ उत्साह फिर से बडा है।*

*देश के लिये आपने जो जो तकलीफे उठा रक्खी है वह हमारे देश के लिये स्वतंत्र्य होने में सहायक हो रही है।*

*इस छोटे से कस्बे में आपका एक खदर भंडार खुला होने के कारण उझानी की गरीब जनता को अधिक लाभ-कातने बुनने से-हुआ है!*

*खदर-भंडार प्रति वर्ष लगभग ३८ हजार रूपिये का खदर तैयार करता है जो भारतवर्ष के बडे २ नगरो में जाता है।*

*स्थानीय कॉंग्रेस कमेटी भी अपना कार्य भले प्रकार कर रही है और उस में सदस्य १५० है, कारण के कस्बे की आबादी ११००० ग्यारह हजार ही है।*

*हमारे यहां लगभग पांच वर्ष से एक अछूतोध्धार सभा है जिसने जिले भर में अपने उपदेशको द्वारा बडा भारी प्रचार किया है। अतऐव अछूत कहलाने वालो में अधिक जागृति हो गयी है और प्रायः पब्लिक कुओ पर किसी प्रकार की रोक टोक नहि है।*

*इस से पहले इस छोटी सी बस्ती में कोई वाचनालय नही था। परन्तु अभी कुछ उत्साही नवयुवको के उद्योग से "श्रीकृष्ण पब्लिक पुस्तकालय" स्थापित हो गया है जिससे जनता लाभ उठा रही है।*

*इस कस्बे में अनाज की मंडी होने के कारण कई संस्थाये उसकी सहायता से भले प्रकार चल रही है। यथाः-*

वन्दे मातरम् ।

# अभिनन्दन-पत्र

सेवा में—

पूजनीय श्री महात्मा मोहनदास कर्मचन्द गांधी जी महाराज

महात्मन्,

हम सब उझानी निवासी आपकी सेवा में इस अभिनन्दन-पत्र को सादर रखते हुए हृदय से आपका और श्रीमाताजी का पूर्ण स्वागत करते हैं। परमात्मा से प्रार्थना है कि वह आप सरीखे देश-भक्त को चिरायु करे।

आज का दिन हमारे लिये परम सौभाग्य का दिन है कि संसार के सब से बड़े व्यक्ति ने इस छोटे से स्थान पर पधार कर हम लोगों को अपने दर्शन से पवित्र किया है।

आपके आगमन से हममें से बहुतों का मन्द हुआ उत्साह फिर से बढ़ा है।

देश के लिये आपने जो २ तकलीफें उठा रक्खी हैं वह हमारे देश के लिये स्वतन्त्र होने में सहायक हो रही हैं।

इस छोटे से क़स्बे में आपका एक खद्दर भंडार खुला होने के कारण उझानी की ग़रीब जनता को अधिक लाभ—कातने बुनने से—हुआ है।

खद्दर-भण्डार प्रति वर्ष लगभग ३८ हज़ार रुपये का खद्दर तैयार करता है जो भारतवर्ष के बड़े २ नगरों में जाता है।

स्थानीय कांग्रेस कमेटी भी अपना कार्य भले प्रकार कर रही है और उस में सदस्य १५० हैं, कारण कि क़स्बे की आबादी ११००० ग्यारह हज़ार ही है।

हमारे यहां लगभग पांच वर्ष से एक अछूतोद्धार सभा है जिसने ज़िले भर में अपने उपदेशकों द्वारा बड़ा भारी प्रचार किया है। अतएव अछूत कहलाने वालों में अधिक जागृति हो गयी है और प्रायः पब्लिक कुओं पर किसी प्रकार की रोक टोक नहीं है।

इस से पहले इस छोटी सी बस्ती में कोई वाचनालय नहीं था। परन्तु अभी कुछ उत्साही नवयुवकों के उद्योग से "श्रीकृष्ण पब्लिक पुस्तकालय" स्थापित हो गया है जिससे जनता लाभ उठा रही है।

इस क़स्बे में अनाज की मण्डी होने के कारण कई संस्थायें उसकी सहायता से भले प्रकार चल रही हैं। यथाः—

(१) गोशाला—करीब २५ साल से है जिसमें लगभग ३५० गायें हैं।

(२) एक पाठशाला—१६ वर्ष से स्थापित है जिसमें ५० विद्यार्थी संस्कृत और हिन्दी की शिक्षा मुफ़्त प्राप्त करते हैं।

(३) तीन वर्ष से एक सहायक फण्ड भी खोला गया है जिसकी सहायता से जनता को हर कार्य में मदद मिलती है।

इस छोटे से कार्य का विवरण सेवा में समर्पित करते हुए ईश्वर से हार्दिक प्रार्थना करते हैं कि वह आपको हमारे देश के स्वतन्त्र करने के लिये अधिक से अधिक शक्ति प्रदान करे, जिससे कि हम लोग आपकी संरक्षकता में शक्तिशाली और सब प्रकार सबल बनकर दीर्घकाल तक सेवा-कार्य का अवसर प्राप्त करते रहें।

ता० ९—११—२९

निवेदक—
उझानी निवासी

श्रीराधेश्याम-प्रेस, बरेली।

(१) गौशाला – करीब २५ साल से है जिसमें लगभग ३५० गाये है।

(२) एक पाठशाला –१६ वर्ष से स्थापित है जिसमें ५० विद्यार्थी संस्कृत और हिन्दी की शिक्षा मुफ्त प्राप्त करते है।

(३) तीन वर्ष से एक सदाव्रत फंड भी खोला गया है जिसकी सहायता से जनता को हर कार्य में मदद मिलती है।

इस छोटे से कार्य का विवरण सेवा में समर्पित करते हुओे ईश्वर से हार्दिक प्रार्थना करते है कि वह आपको हमारे देश के स्वतंत्र्य करने के लिये अधिक से अधिक शक्ति प्रदान करे, जिससे कि हमलोंग आपकी भरचकता में शक्ति और सब प्रकार समृद्धि बनकर दीर्घकाल तक सेवा-कार्य का अवसर प्राप्त करते रहे।

ता. ९-११-२९

निवेदक

ऊझानीनिवासी

श्रीराधेश्याम प्रेस बरेली

****

## વન્દેમાતરમ્ !

## અભિનન્દન-પત્ર

સેવામાં –

પૂજનીય શ્રી મહાત્મા મોહનદાસ કર્મચન્દ ગાંધીજી મહારાજ

મહાત્માન,

અમે સર્વે ઊંઝાની નિવાસીઓ આપની સેવામાં આ અભિનન્દન-પત્ર સાદર અર્પણ કરતા, આપનું અને શ્રીમાતાજીનું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. પરમાત્માને પ્રાર્થના કરીએ છીયે કે તે આપ જેવા દેશભક્તને ચિરાયુ બક્ષે.

આજનો દિવસ અમારા માટે પરમ સૌભાગ્યનો છે. સંસારના સૌથી મહાન વ્યક્તિએ આ નાનકડા સ્થાન પર પધારી અમને તેમના દર્શનથી પવિત્ર કર્યા છે.

આપના આગમનથી અમારામાંના અનેક લોકોનો મંદ પડી ગયેલ ઉત્સાહ પુનઃ વધ્યો છે.

દેશ માટે આપે જે તકલીફો સહી છે તે આપણા દેશને સ્વતંત્ર કરવામાં સહાયક બની રહી છે.

આ નાનકડા કસ્બામાં આપનો એક ખાદી ભંડાર ખૂલ્યો હોવાને કારણે ઊંઝાની ગરીબ પ્રજાને કાંતણ અને વણાટથી વિશેષ લાભ થયો છે.

ખાદી ભંડાર પ્રતિ વર્ષ લગભગ ૩૮ હજાર રૂપિયાની ખાદી તૈયાર કરે છે. જેની ભારતનાં મોટાંમોટાં નગરોમાં નિકાસ થાય છે.

સ્થાનિક કૉંગ્રેસ કમિટી પણ પોતાનું કાર્ય નિષ્ઠા પૂર્વક કરે છે. તેમાં ૧૫૦ સભ્યો છે. કારણ

*કે કસ્બાની કુલ વસ્તી ૧૧૦૦૦ અગિયાર હજારની જ છે.*

*અમારે ત્યાં છેલ્લા પાંચ વર્ષથી એક અછૂતોદ્ધાર સભાએ તેના ઉપદેશો દ્વારા ઘણો પ્રચાર કર્યો છે. પરિણામે અછૂત કહેવાતા સમાજમાં જાગૃતિ આવી છે. અને સાર્વજનિક કૂવાઓ પર તેમના માટે કોઈ રોકટોક નથી.*

*આ પહેલા આ નાનકડી વસાહતમાં કોઈ વાચનાલય ન હતું. પરંતુ હમણાં કેટલાક ઉત્સાહી યુવકોના પ્રયાસોને કારણે "શ્રીકૃષ્ણ પબ્લિક પુસ્તકાલય" શરૂ કરવામાં આવ્યું છે. જેનો આમ પ્રજા લાભ લઈ રહી છે.*

*આ કસ્બામાં અનાજનું મોટું બજાર હોવાને કારણે અનેક સંસ્થાઓ તેની સહાયને કારણે ચાલે છે, જેમ કે :-*

1. *ગૌશાળા જે લગભગ ૨૫ વર્ષથી ચાલે છે, જેમાં લગભગ ૩૫૦ ગાયો છે.*
2. *એક પાઠશાળા ૧૬ વર્ષથી ચાલે છે જેમાં ૫૦ વિદ્યાર્થીઓ સંસ્કૃત અને હિન્દીનું શિક્ષણ વિના મૂલ્યે મેળવે છે.*
3. *ત્રણ વર્ષથી એક સદાવ્રત ફંડ પણ શરૂ કરવામાં આવેલ છે. જેની સહાયતાથી પ્રજાને તેમનાં કાર્યોમાં સહાય મળે છે.*

*આ નાનકડા કાર્યનું આલેખન આપને સમર્પિત કરી, ઈશ્વરને હાર્દિક પ્રાર્થના કરીએ છીએ કે તે આપને દેશને સ્વતંત્ર કરવા માટે વધારેમાં વધારે શક્તિ પ્રદાન કરે, જેના કારણે અમે આપની નિશ્રામાં શક્તિશાળી અને સર્વ પ્રકારે સમૃદ્ધ બની દીર્ઘકાળ સુધી સેવાકાર્યનો અવસર પ્રાપ્ત કરતા રહીએ.*

*તા. ૯.૧૧.૨૯* *નિવેદન*

*ઊંઝાની નિવાસી*

*રાધેશ્યામ પ્રેસ, બરેલી.*

ગાંધીજી ૭ નવેમ્બર, ૧૯૨૯ના રોજ અત્યારના ઉત્તર પ્રદેશના વૃંદાવન જિલ્લાના જાલેસર ગામમાં જાહેર સભા સંબોધી સાંજે ઉત્તર પ્રદેશના એટા જિલ્લામાં પ્રવેશ્યા હતા. ૯ નવેમ્બરના રોજ એટા જિલ્લાના કાસગંજ, મોહનપુર, સરસાઈ નારૂ, ગંજદુદ્વાર, ધાક્પુર, સરસાઈ બાણ, નરોલી, બેરી, અલીપુર થઈને ઊંઝાની ગામે પહોંચ્યા હતા.[1] એ સમયે ઊંઝા ગામ સંયુક્ત પ્રાંતના બુદાઉન જિલ્લામાં આવ્યું હતું. આજે તો ઉત્તર પ્રદેશનો એટા જિલ્લો અને જિલ્લાનું મુખ્ય શહેર છે. ગાંધીજીને ઊંઝાની શહેરની સ્ત્રીઓએ માનપત્ર આપ્યાનો ઉલ્લેખ ગાંધીજીની દિનવારીમાં છે.[2] પણ ઊંઝાની નિવાસીઓએ માનપત્ર આપ્યાનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. બનવા જોગ છે કે આ માનપત્રના અર્પણ સમયે ઊંઝાની ગામની બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હોય, જેથી માનપત્ર બહેનોએ આપ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય. ઊંઝા ગામમાં ગાંધીજીએ માનપત્રના પ્રતિભાવમાં કોઈ વ્યાખ્યાન કર્યાનો કે સભાને સંબોધ્યાનો ઉલ્લેખ ગાંધી સાહિત્યમાં જોવા મળતો નથી.

અલબત્ત, આ માનપત્ર તેમાં આપવામાં આવેલ માહિતીઓને કારણે એ યુગની ઊંઝાની શહેરની ઘણી આધારભૂત વિગતોથી આપણને પરિચિત કરે છે. ગાંધીજીના અસહકાર આંદોલન અને રચનાત્મક કાર્યોની અસર ઊંઝાની શહેરમાં થયાનો એકરાર માનપત્રના પાંચમા પેરેગ્રાફમાં જોવા મળે છે. જેમાં ઊંઝાનીમાં કાર્યરત ખાદી ભંડાર અને દર વર્ષે તૈયાર થતી ૩૮ હજારની ખાદીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેની ભારતના વિવિધ શહેરોમાં નિકાસ થતી હતી. ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણ કાર્યક્રમ અન્વયે અત્રે શરૂ કરવામાં આવેલ **'અછૂતોદ્ધાર સભા'**ના પ્રચાર પ્રસારને કારણે અસ્પૃશ્યતાને માર્યાદિત કરવામાં મળેલ સફળતાનો પણ માનપત્રમાં ઉલ્લેખ છે. પરિણામે ગામના સાર્વજનિક કૂવાનો ભેદભાવ વગર સૌ સાથે મળીને ઉપયોગ કરતા હતા. ઊંઝાની જેવા નાનકડા ગામના ઉત્સાહી યુવાનોએ એકત્રિત થઈ **'શ્રીકૃષ્ણ સાર્વજનિક પુસ્તકાલય'**નો પણ આરંભ કર્યાનો ઉલ્લેખ પણ માનપત્રમાં છે. જેનો લાભ ગામના લોકો લેતા હતા. વળી, ઊંઝા ગામમાં અનાજનું મોટું બજાર હોવાને કારણે અનેક સેવાકીય સંસ્થાઓને સારી રીતે નિભાવી શકાતી હતી. જેમ કે અત્રે ગૌશાળા ૨૫ વર્ષથી ચાલતી હતી અને તેમાં ૩૫૦ ગાયો નિભાવવામાં આવતી હતી. એક પાઠશાળા ૧૬ વર્ષોથી ચાલતી હતી, જેમાં ૫૦ વિદ્યાર્થીઓ સંસ્કૃત અને હિન્દીનું શિક્ષણ લઈ રહ્યા હતા. ત્રણ વર્ષથી એક સદાવ્રત ફંડ પણ શરૂ કરવામાં આવ્યું હતું, જેના કારણે ઊંઝા ગામની પ્રજાને દરેક કાર્યમાં સહાયતા મળી રહી હતી. ટૂંકમાં આ માનપત્ર ઊંઝા ગામની એ યુગની રાષ્ટ્રીય અને સેવાકીય પ્રવૃત્તિનો આપણે ચિતાર આપે છે.

અગાઉ કહ્યા મુજબ એ યુગમાં ગાંધીજી જ્યાં પણ જતા ત્યાંની પોસ્ટ ઑફિસ સક્રિય થઈ જતી. જ્યાં પોસ્ટ ઑફિસ ન હોય ત્યાં તેની સત્વરે વ્યવસ્થા કરવામાં આવતી. કારણ કે એ યુગમાં ગાંધીજી માટે દેશ અને દુનિયા સાથેનો સંપર્ક જાળવી રાખવાનું ઉત્તમ અને સક્રિય માધ્યમ ટપાલ વિભાગ જ હતો. ગાંધીજીએ પોતાના સંયુક્ત પ્રાંતના પ્રવાસ દરમિયાન ૮થી ૧૧ નવેમ્બર, ૧૯૨૯ એમ ચાર દિવસમાં મુહમ્મદ નસીમ, શાંતિકુમાર મોરારજી, જમનાલાલ બજાજ, એલબર્ટ એમ.ટોડ, ગીરીરાજ કિશોર, પેનહેસલરોટ, મ્યુરીલ લેસ્ટર, એ.એ.પોલ, લેડીમોન્કી-સ્મિત, શંકરલાલ બેંકર, કેસરે હિંદ, હિંદુસ્તાન સેવાદળના ઉપસચિવ, કે. સંતાનમ, નારાયણદાસ મલકાની, સતીષચન્દ્ર દાસગુપ્તા, રમણીકલાલ મોદી, શાંતિકુમાર મોરારજી, મથુરદાસ પુ. ગાંધી, ઈશ્વરલાલ જોશી અને રેજિનાલ્ડ રેન્લ્ડસને પત્રો લખ્યા હતા. એ સિવાય નવજીવન અને હરીજનબધુંના લેખોનું કાર્ય પણ તેઓ કરતા રહેતા હતા. વળી, પ્રવાસ દરમિયાન રાષ્ટ્રીય અને સ્થાનિક નેતાઓ સાથે રાજકીય કે રચનાત્મક વિચાર વિમર્શ પણ ચાલ્યા કરતો હતો. આટલી સક્રિયતા છતાં ગાંધીજી દરેકના પ્રશ્નો અને રજૂઆતને સરખો ન્યાય આપતા હતા. જેમ કે તા. ૮ નવેમ્બર, ૧૯૨૯ના રોજ કેમ્પ વૃંદાવનથી તેમણે મુહમ્મદ નસીમ[૩]ને તેમના પુત્ર અને જામિયા મિલીયા ઇસ્લામિયા યુનિવર્સિટીના પ્રાધ્યાપક મુહમ્મદ મુજીબ અંગે એકપત્ર લખ્યો હતો. ગાંધીજી યુવાન મુહમ્મદ મુજીબથી ખાસ્સા પ્રભાવિત હતા. તેથી મુહમદ મુજીબ[૪]ને મદદ કરવા ખાસ ભલામણ કરતા તેમના પિતા મુહમ્મદ નસીમને ગાંધીજીએ લખ્યું હતું,

**"તમે એટલું જાણી લો કે મુજીબ પાછળ હું ગાંડો છું. જે યુવાનોના પરિચયમાં આવવાનું સૌભાગ્ય મને મળ્યું છે તેમાં તે સૌથી શુદ્ધ દિલના યુવાન છે. તેમના જેવા માણસ તો જામિયા માટે એક સિદ્ધિ છે. જામિયા હમણાં આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહી છે. ઘણા પ્રોફેસરોએ તેમના માનદ વેતન ઘટાડીને માસિક રૂપિયા ૭૫ સુધી લાવી મૂક્યા છે. અત્યાર સુધી તમે મુજીબને કેવળ જામિયાને સુપરત જ કરવાની નહિ પણ તેમનો**

ખર્ચ પણ નિભાવવાની ભલમનસાઈ બતાવી છે. મુજીબે મને જણાવ્યું છે કે હવે તમે તેને નિભાવવાની ના પાડી દીધી છે. આ તમારા નિર્ણય પર ફરી વિચાર નહીં કરો અને મુજીબને તેના જામિયાના કામમાં માત્ર આશીર્વાદ જ નહિ પણ તેને જરૂર પડે એવી બધી જ આર્થિક મદદ પણ નહીં આપો ? મને એ જણાવતાં ખુશી થઈ છે કે એ મદદ તમે સારી રીતે આપી શકો એમ છો. મુજીબ જો એક ગરીબ રાષ્ટ્રીય સંસ્થામાં કામ કરતો ન હોત તો તેને નિભાવવાના તમારા ઇનકારની મેં પૂરી કદર કરી હોત કેમ કે માબાપોએ તેમનાં બાળકોને લાડ ન લડાવવાં જોઈએ એ વાત હું જરૂર માનું છું. પણ અહીં પ્રશ્ન એક લાડઘેલા છોકરાને નિભાવવાનો નથી પણ એક સંસ્થાને નિભાવવાનો છે જેની સેવામાં પૂરા દિલથી સમર્પિત થવાની ત્યાગભાવના તેનામાં ભરેલી છે. પ્રોફેસર હબીબે[૫] મને એવી ખાતરી આપવાની મહેરબાની કરી છે કે મુજીબને નિભાવવામાં તેમને કોઈ જાતનો વાંધો રહેશે નહીં. તમે મુજીબનો નિભાવ કરશો એવી ખાતરી મળતાં મને ભારે રાહત થશે અને મને વિશ્વાસ છે કે જામિયાના સ્ટાફને પણ રાહત થશે. હા, એટલું ખરું કે તમારો જવાબ તમારાથી બની શકે એટલો જલદી મને મળે એને માટે હું ઇંતેજાર છું"[૬]

ગાંધીજીના વિચારથી અનેક વિદેશીઓ પણ પ્રભાવિત હતા. તેમાંના એક અમેરિકાના મિશિગનમાં રહેતા એલબર્ટ એમ. ટોડ હતા. તેઓ સતત ગાંધીજીના સંપર્કમાં રહેતા હતા. એ સંદર્ભે જ ગાંધીજીએ તેમને ૮ નવેમ્બર, ૧૯૨૯ના રોજ કેમ્પ હાથરસથી તેમને લખ્યું હતું,

"આ સાથે હું મારા તંત્રીપદ નીચે પ્રગટ થતા "યંગ ઇન્ડિયા" અઠવાડિકનો તાજો અંક મોકલું છું. એમાંથી તમને મારી પ્રવૃત્તિઓનો કંઈક ખ્યાલ આવશે. અને જો તમને રસ હોય તો તમે શ્રી એસ. ગણેશન, મુદ્રક અને પ્રકાશકને એમના ટ્રિપલીકેન, મદ્રાસના સરનામે લખીને પુસ્તકરૂપે પ્રગટ થયેલ મારા લખાણો મેળવી શકશો"[૭]

આવો જ એક અન્ય પત્ર ગાંધીજીએ કિંગ્સલે હોલ, બાઉ (ઇસ્ટ એન્ડ લંડન)માં રહેતા મયુરીયલ લેસ્ટરને પણ લખ્યો હતો. આ સમય દરમિયાન એક અન્ય નોંધનીય બાબત પણ ઘટી હતી. ગાંધીજીની આત્મકથા "સત્યના પ્રયોગો"ના પ્રથમ ભાગનું અંગ્રેજીકરણ પેન હેસલરોટએ કર્યું હતું. તેમના પત્રના જવાબમાં ગાંધીજીએ ૮ નવેમ્બર, ૧૯૨૯ના રોજ કેમ્પ હાથરસથી તેમને લખ્યું હતું,

"તમારો પત્ર અને તેમાં જણાવેલ રકમ બંને મળ્યાં છે. આ સાથે હું ઘટતી પહોંચ સ્વીકારીને તમે મોકલેલું ફોર્મ બીડું છું. મારા સત્યના પ્રયોગોના બીજા ભાગનું ભાષાંતર પ્રથમ ભાગની જ શરતે તમે ઇચ્છો ત્યારે કરી શકો છો."[૮]

અને છેલ્લે, ૯ નવેમ્બર, ૧૯૨૯ના રોજ એટાથી મથુરદાસ પુ. ગાંધી[૯]ને લખેલા એક પત્રમાં પતિના અવસાન પછી પત્નીને સ્વાશ્રયી બનાવવાનો ગાંધીજીનો વિચાર આજના આધુનિક યુગમાં પણ કેટલો યથાર્થ લાગે છે. ગાંધીજી લખે છે,

"મારી દૃષ્ટિ તો એવી છે કે દરેક પત્નીપરાયણ પતિએ પોતાની પત્નીને સ્વાશ્રયી બનતાં વહેલી તકે શીખવી દેવું જોઈએ. પત્નીને પરાધીન રાખે તો તેને સારુ પૈસો મૂકી જવો તેને કનિષ્ઠ ધર્મ સમજું છું. પત્નીને પરાધીન રાખે તો તેને સારુ પૈસો મૂક્યે જ છૂટકો. પણ ન્યાય તો એ છે કે જેમ કોઈ પત્ની પોતાના પતિ સારુ પૈસા મૂકી નથી જતી અને મૂકી જાય તો પતિ શરમાય છે તેમ સ્ત્રીને વિશે હોવું જોઈએ. હવે તમારો ધર્મ વિધવા બહેનને જો તે નિર્ધન હોય તો હંમેશાંને સારુ નિભાવવાનો નથી, પણ દૃઢતાપૂર્વક સ્વાશ્રયી થવાને સારુ તૈયાર રહેવાનું કરવાનો છે."[૧૦]

આમ ગાંધીજીને અપાયેલા માનપત્રો સાથે સંકળાયેલ અનેક ઘટનાઓ, વિચારો અને વ્યક્તિઓ આજે પણ આપણને એ યુગના ઇતિહાસની ઝાંખી કરાવતા રહે છે.

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૪

૨. એજન, પૃ ૨૬૪

૩. મુહમ્મદ નસીમ લખનૌના જાણીતા વકીલ હતા. અને ગાંધીજીના પરમ મિત્ર હતા. તેમના પુત્ર પ્રોફેસર મુહમ્મદ મુજીબ, જેમના માટે ગાંધીજીએ આ પત્ર મુહમ્મદ નસીમને લખ્યો હતો. પ્રોફેસર મુહમ્મદ મુજીબ ૧૯૪૮થી ૧૯૭૩ જામિયા મિલિયા ઇસ્લામિયા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર રહ્યા હતા. મુહમ્મદ મુજીબના પુત્ર અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ઇતિહાસના પ્રોફેસર અને ભારતના જાણીતા ઇતિહાસકાર ઈરફાન હબીબ છે.

૪. પ્રોફેસર મુહમ્મદ મુજીબ, ડૉ, ઝાકીર હુસેન(ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ) અને ડૉ. આબિદ હુસેન સાથે ૧૯૨૬માં જામિયા મિલિયા ઇસ્લામિયા યુનિવર્સિટીમાં જોડાયા હતા.

૫. મુહમ્મદ નસીમના બીજા પુત્ર. જેમનું પૂરું નામ પ્રોફે. મોહમ્મદ હબીબ (૧૮૯૫-૧૯૭૧)હતું. તેઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ઇતિહાસના અધ્યાપક હતા.

૬. ગાંધીજીનો અક્ષરદેહ-૪૨,પૃ. ૧૧૭.

૭. ગાંધીજીનો અક્ષરદેહ-૪૨,પૃ. ૧૧૯.

૮. ગાંધીજીનો અક્ષરદેહ-૪૨,પૃ. ૧૨૦.

૯. શ્રી મથુરદાસ ગાંધી સામાજિક કાર્યકર અને ગાંધીજીના અંતેવાસી હતા.

૧૦. ગાંધીજીનો અક્ષરદેહ-૪૨,પૃ. ૧૨૭.

## ૪૮ નેગાપટમના નિવાસીઓનું [illegible]

# ADDRESS OF WELCOME
# TO
# MAHATMA GANDHI
# BY THE CITIZEN OF NEGAPATAM

*Revered and beloved Sir,*

*We the Citizen of Negapatam beg to welcome you to our town on the holy mission on which you are now engaged. We cannot adequately express what we feel by the presence in our midst of a saint and hero like yourself, who has such a record of noble service done for the motherland both in Africa and India. We trust that campaign in which you are engaged may be fruitful in removing the objectionable legislation recently passed in opposition to the opinion of the entire Indian population and their duly elected representatives in Council. We hope that the movement in which you are now engaged certainly not in any sprite of defiance of authority, for your loyal cooperation with Government in the darkest days of the Great War is signal proof to the country may open the eyes of our rulers to the unwise character of the legislation which may, under a hasty Executive Government, result in undue repression of freedom and constitutional agitation. We also hope that your great example may show all our countryman the necessity for union, for mutual tolerance and respect, and the complete forgetting of self in the carrying on of public movements for the uplift of our people, an aim which all of us have at heart. May we be permitted, in conclusion, to make a personal appeal to you to take greater care in maintaining your health and guarding your life, as your life is so precious for the motherland being held by you in trust for its people?*

NEGAPATAM
*29 March 1919*

*WE BEG TO REMAIN*
*Revered and Beloved Sir*
YOUR DEVOTED COUNTRY-MEN
*Citizens of Nagapatam*

*Edward Press Nagapatam*



# ADDRESS OF WELCOME

TO

# MAHATMA GANDHI,

BY THE CITIZENS OF NEGAPATAM.

*Revered and Beloved Sir,*

WE the Citizens of Negapatam beg to welcome you to our town on the holy mission on which you are now engaged. We cannot adequately express what we feel by the presence in our midst of a saint and hero like yourself, who has such a record of noble service done for the motherland both in Africa and India. We trust that the campaign in which you are engaged may be fruitful in removing the objectionable legislation recently passed in opposition to the opinion of the entire Indian population and their duly elected representatives in Council. We hope that the movement in which you are now engaged--- certainly not in any spirit of defiance of authority, for your loyal cooperation with Government in the darkest days of the Great War is signal proof to the contrary--- may open the eyes of our rulers to the unwise character of the legislation which may, under a hasty Executive Government, result in undue repression of freedom and constitutional agitation. We also hope that your great example may show all our countrymen the necessity for union, for mutual tolerance and respect, and the complete forgetting of self in the carrying on of public movements for the uplift of our people, an aim which all of us have at heart. May we be permitted, in conclusion, to make a personal appeal to you to take greater care in maintaining your health and guarding your life, as your life is so precious for the motherland being held by you in trust for its people?

*WE BEG TO REMAIN,*

*Revered and Beloved Sir,*

NEGAPATAM,
29th March, 1919.

YOUR DEVOTED COUNTRY-MEN,

*Citizens of Negapatam.*

Edward Press, Negapatam.

## સ્વાગત
## મહાત્મા ગાંધીનું
## નેગાપટમના નાગરિક દ્વારા

*આદરણીય અને વ્હાલા બાપુ,*

*અમે નેગાપટમના નાગરિકો, આપ જે પવિત્ર ઉદ્દેશ્ય માટે અમારા શહેરમાં પધાર્યા છો તે અન્વયે આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ. આપ જેવા સંત અને વીરપુરુષે આફ્રિકા અને ભારત બંને માટે નોંધપાત્ર અને ઉમદા સેવા કરી છે. આપ જેવા વીરપુરુષની અમારી વચ્ચે હાજરીથી અમને જે સંવેદનાની અનુભૂતિ થઈ છે, તેને અમે પર્યાપ્ત રીતે વ્યક્ત કરી શકવામાં અસમર્થ છીએ. અમને વિશ્વાસ છે કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પ્રજાના વિરોધ વચ્ચે જે કાયદો હાલમાં પસાર કરવામાં આવ્યો છે તેને દૂર કરવામાં આપને અવશ્ય સફળતા પ્રાપ્ત થશે. અમને આશા છે કે હાલ આપ જે ચળવળમાં જોડાયા છો તેમાં...યુદ્ધનાં અંધકારમય વિષાદપૂર્ણ દિવસોમાં પણ સરકાર સાથેનું આપનું વિશ્વાસ અને સહકારપૂર્ણ વલણ રાષ્ટ્ર માટે એક સાંકેતિક પ્રમાણ છે, અલબત્ત, તેમાં સત્તાની અવગણનાનો ઉદ્દેશ નથી જ...પણ તે સરકારના તર્કવિહીન કાયદાની લાક્ષણિકતાઓ તરફ સત્તાધિશોની આંખો અવશ્ય ખોલશે, અને સરકારના અવિચારી પગલાં સામે સ્વતંત્રતા અને બંધારણીય ચળવળ તરફ દોરી જશે. અમને એ પણ આશા છે કે આપનું આદર્શ દૃષ્ટાંત આપણા સમસ્ત દેશવાસીઓને એકતા, સહિષ્ણુતા, આદર, અને પ્રજાનો ઉત્કર્ષ, જે આપણા સર્વના અંતરમાં રહેલ છે, તે માટે સાર્વજનિક આંદોલનો ચલાવવાની આવશ્યકતા સમજાવશે. અંતમાં, અમે આપને અંગત રીતે વિનંતી કરવાની રજા લઈએ છીએ કે માતૃભૂમિ માટે આપનું જીવન અત્યંત મૂલ્યવાન છે અને તેથી ઈશ્વર પાસે આપના સ્વાસ્થ અને જીવન રક્ષાની પ્રાર્થના કરવાની આપની પાસે અનુમતિ માંગી શકીએ ?*

*તા. ૨૯ માર્ચ, ૧૯૧૯.*

*હંમેશાં આપના આજ્ઞાકારી*
*આપના સમર્પિત દેશબાંધવો*
*નેગાપટમના નાગરિકો*
*નેગાપટમ*

*એડવર્ડ પ્રેસ નેગાપટમ*

૧૯૧૮ના નવેમ્બર માસમાં પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો. યુદ્ધમાં જર્મની અને તેના સાથી દેશોનો સંપૂર્ણ પરાજય થયો. જેનો મોટો યશ બ્રિટનને મળ્યો. પરિણામે બ્રિટનનું યુદ્ધ દરમિયાનનું નમ્ર વર્તન પણ બદલાયું. ભારતને કોઈ શાસકીય અધિકારો આપવાનું તેનું વલણ વધુ ક્રૂર બન્યું. ૧૯૧૯ના આરંભમાં ભારતની આર્થિક સ્થિતિ અત્યંત કફોડી હતી. સરકારી આંકડાઓ મુજબ અનાજના ભાવોમાં ૯૮ ટકા વધારો થયો હતો. મધ્યમ અને ગરીબ વર્ગ માટે જીવનનિર્વાહ મુશ્કેલ બન્યો હતો. જ્યારે બીજી તરફ મૂડીપતિઓ અને વેપારીઓ વધતી જતી મોંઘવારીનો પૂરતો આર્થિક લાભ લઈ અઢળક નાણાં કમાઈ રહ્યા હતા. આવી કપરી સ્થિતિમાં અંગ્રેજ સરકારે ઇંગ્લેન્ડની હાઈકોર્ટના જજ સર સિડની રોલેટની અધ્યક્ષતામાં ૧૦ ડિસેમ્બર, ૧૯૧૮ના રોજ એક સમિતિની રચના કરી. લગભગ ચાર મહિનાના અભ્યાસ પછી સમિતિએ ભારતના

મંત્રીને પોતાનો અહેવાલ આપ્યો. ભારતીય પ્રજા, નેતાઓ અને પ્રચાર માધ્યમોના સખ્ત વિરોધ વચ્ચે રોલેટ ઍક્ટનો અમલ ભારતમાં ૧૮ માર્ચ, ૧૯૧૯ના રોજ શરૂ થયો.

રોલેટ ઍક્ટની જોગવાઈઓને કારણે તેને ઇતિહાસમાં કાળો કાયદો કહેવામાં આવે છે. તેની જોગવાઈઓ નીચે મુજબ હતી.

૧. ક્રાંતિકારીઓના કેસો હાઈકૉર્ટના ત્રણ જજોની અદાલતમાં રજૂ કરવામાં આવશે, જેઓ તેનો તરત નિકાલ કરશે. નીચેલી કૉર્ટમાં તેમને જવાની જરૂર નથી. પરિણામે તેમને અપીલનો અવકાશ ન રહ્યો.

૨. જે વ્યક્તિ પર રાષ્ટ્ર વિરુદ્ધ પ્રવૃત્તિ કરવાની શંકા હોય, તેવા નાગરિકો પાસેથી જમાનત લેવી અને તેમને કોઈ વિશેષ સ્થાન પર જવા કે વિશેષ કાર્ય કરવા માટે પરવાનગી લેવાની રહેશે.

૩. પ્રાંતિય સરકારોને અધિકાર છે કે તેઓ જે વ્યક્તિ પર રાજ્યવિરુદ્ધ પ્રવૃત્તિ કરવાની શંકા હોય તેની ધરપકડ કરી શકે છે. તેને નજરકેદ કરી શકે છે. અને જો એવી વ્યક્તિ જેલમાં હોય તો તેને ત્યાં જ રોકી શકે છે.

૪. ગેરકાયદેસર સામગ્રીનું પ્રકાશન કે તેનું વિવરણ કરવું, એવું સાહિત્ય પોતાની પાસે રાખવું એને પણ ગુનો ગણવામાં આવશે.

આ રોલેટ ઍક્ટ ૯ ફેબ્રુઆરી, ૧૯૧૯ના રોજ સર વિલિયમ વિન્સેન્ટે જ્યારે વડી સભામાં રજૂ કર્યો ત્યારે સરકારને એ જોઈને આશ્ચર્ય થયું કે મોટા ભાગના સભ્યો ઉપરાંત સમગ્ર ભારતમાં તેનો સખ્ત વિરોધ થઈ રહ્યો હતો. ભારતના અગ્ર નેતા મદનમોહન માલવિયા, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ અને શ્રી મજરૂલ હક જેવા નેતાઓએ અંગ્રેજ સરકારને સમજાવવાનો ઘણો પ્રયાસ કર્યો. પણ સરકાર પોતાના નિર્ણય પર અડગ રહી અને કહેતી રહી કે,

**"આ કાયદાનો ઉદેશ રાજકીય આંદોલનને દબાવવાનો નથી. પરંતુ દેશને આતંકવાદથી મુક્ત કરવાનો છે."**

ગાંધીજી દક્ષિણ ભારતની યાત્રાએ ૧૬ માર્ચ, ૧૯૧૯ના રોજ મુંબઈથી નીકળ્યા હતા અને ૧૮ માર્ચના રોજ મદ્રાસ પહોંચ્યા હતા. બરાબર એ જ દિવસે રોલેટ ઍક્ટ પસાર થયો હતો.[૧] ગાંધીજીને આ માનપત્ર ૨૯ માર્ચ ૧૯૧૯ના રોજ આપવામાં આવ્યું હતું.[૨] ત્યારે સમગ્ર ભારતમાં રોલેટ ઍક્ટનો વિરોધ થઈ રહ્યો હતો. આ માનપત્રના આરંભમાં જ તેનો ઉલ્લેખ જોઈ શકાય છે. ગાંધીજી મદ્રાસ, તાંજોર, ત્રિચિનાપલી, મદુરા, તુતીકોરીન થઈને ૨૯ માર્ચના રોજ નેગાપટમ પહોંચ્યા હતા. જ્યાં જ્યાં તેમની સભા યોજાઈ હતી, ત્યાં ત્યાં તેમણે પોતાના વ્યાખ્યાનમાં રોલેટ ઍક્ટના વિરુદ્ધમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ત્રિચિનાપલ્લીની જાહેરસભામાં તેમણે કહ્યું હતું,

**"આ બિલોએ રાષ્ટ્રના અંતરાત્માના અવાજ પર પ્રહાર કર્યો છે, અને માણસના અંતરાત્માના અવાજ પર આઘાત કરનાર હુકમોનો વિરોધ કરવો એ આપણો પવિત્ર વિશિષ્ટ અધિકાર છે અને કર્તવ્ય છે. આપણે આપણા શાસકના કેવળ આ જ કાયદાનો કે આ જ હુકમનો વિરોધ નથી કરતા. પરંતુ શાસકના નૈતિક ન હોય તેવા બધા જ હુકમોનો આપણે વિરોધ કરવાનો છે."**[૩]

૨૬ માર્ચ, ૧૯૧૯ના રોજ મદુરાની સભામાં ગાંધીજીએ કહ્યું હતું,

**"આપ જાણો છો કે તાંજોર અને ત્રિચિનાપલ્લી જઈને અહીં આવ્યો છું. એ બે શહેરના લોકોને મેં જે આમંત્રણ આપ્યું છે તે જ આપને પણ આપવા આવ્યો છું. હું આપને સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહી કરવાનું**

કહેવા આવ્યો છું. પ્રતિજ્ઞાપત્રમાં શું લખેલું છે તે આપ જાણો છો. એ પ્રતિજ્ઞાપત્ર રોલેટ કાયદાનો વિરોધ કરવા માટે યોજવામાં આવેલું છે. એ કાયદાની શી અસર થાય છે તે મારે કહી બતાવવાની જરૂર નથી. જાહેર અખબારો આપ વાંચો છો અને આપણા વક્તાઓ આપની પાસે આવી ગયેલા છે, એટલે એ કાયદામાં શું છે તે અને એની આગળ ઉપર કેવી અસર પડવાની છે તે તો આપે જાણી લીધું છે. મારા તરફથી એટલું કહેવું પૂરતું થશે કે આ કાયદો કોઈ પણ સ્વમાની રાષ્ટ્ર સ્વીકારી નહિ શકે. એ કાયદાનો ઉદ્દેશ જે રાષ્ટ્રને લાગુ પાડવામાં આવનારા છે તેનું અપમાન કરવાનો છે. આપણા પ્રતિનિધિઓએ તેનો સખત વિરોધ કર્યો હતો, છતાં એ પસાર કરવામાં આવ્યો છે. સરકારે આપણને બેવડો અન્યાય કર્યો છે. એટલે આપની, મારી અને આ દેશના પ્રત્યેક સ્ત્રીપુરુષની ફરજ છે કે આપણી પાસેના તમામ કાયદેસરના ઉપાયો યોજી આ અન્યાય દૂર કરાવવો."[૪]

૨૯ માર્ચના રોજ ગાંધીજી તુતીકોરીનથી સવારે નેગાપટમ પહોંચ્યા હતા. સાંજે નેગાપટમમાં આવેલા નાઝર બાગમાં જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ગાંધીજીને આ માનપત્ર આપવામાં આવ્યું હતું. એ સમયે ગાંધીજીની તબિયત સારી ન હતી. તેમને બોલવામાં પણ તકલીફ પડતી હતી. વળી, માનપત્ર અંગ્રેજી ભાષામાં હતું. જેથી પણ ગાંધીજી થોડા નારાજ થયા હતા. એ અંગે પોતાના વ્યાખ્યાનના આરંભમાં જ ગાંધીજીએ કહ્યું હતું,

"આપે આજે બપોરે મને સુંદર માનપત્ર આપ્યું તે બદલ હું આપનો આભાર માનું છું. જો આપનું આ માનપત્ર તામિલ ભાષામાં લખાયું હોત તો મારી આભારની લાગણી હજુ વધારે ઉષ્માભરી બની હોત. આપ તામિલની સાથે એનો હિંદી કે અંગ્રેજી અનુવાદ મને આપી શક્યા હોત, અથવા મેં પોતે એનો અનુવાદ કરાવી લીધો હોત. હું જરૂર આશા રાખું કે હવે પછી જ્યારે બીજો પ્રસંગ આવે ત્યારે આપના માનનીય અતિથિ ગમે તે હોય તોપણ આપ આપની માતૃભાષાનું ગૌરવ પિછાનશો."[૫]

ગાંધીજીએ નેગાપટમમાં આપેલ વ્યાખ્યાનમાં ત્રણ મુદ્દાઓને કેન્દ્રમાં રાખ્યા હતા. જેમાં મૂડી, મજૂર અને રોલેટ બિલ હતું. ગાંધીજી નેગાપટમમાં મજૂરસંઘના નિમંત્રણથી આવ્યા હતા. એટલે પોતાના વ્યાખ્યાનના આરંભમાં તેમણે મૂડી અને મજૂર અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

"હું ખાસ કરીને મજૂરસંઘના આમંત્રણથી અહીં આવ્યો છું. હું એમ પણ સમજું છું કે આ સભામાં મોટા ભાગના લોકો મજૂર છે, એટલે હું ખાસ કરીને મજૂરોને ઉદ્દેશીને થોડી વાતો કહું તો બીજા ભાઈઓ મને માફ કરશે. લગભગ મારું આખું જીવન મજૂરો વચ્ચે વીતેલું છે. મજૂરોની સમસ્યાઓ વિશે હું કાંઈક માહિતી ધરાવું છું. મારો વિશ્વાસ છે કે શ્રમનો મહિમા હું બરાબર સમજી શક્યો છું. હું એવી પણ આશા રાખું છું કે આ ભારે મહાયુદ્ધ દરમિયાન જે લોકો આ મહાન મજૂર આંદોલનનું સંચાલન કરી રહ્યા છે તેઓ મજૂરોને શ્રમનો મહિમા સમજાવવામાં સહાયભૂત બનશે. હિંદના નાગરિકોમાં મજૂરોનું સ્થાન ઓછું અગત્યનું છે એવું કહી શકાય નહીં. ખરી રીતે તો મજૂરો સાથે ખેડૂત વર્ગને પણ ઉમેરીએ તો હિન્દુસ્તાનની વસ્તીમાં તેમની મોટી બહુમતી થાય. હું તો માનું છું કે હિન્દુસ્તાનનું ભાવિ, અને કોઈ પણ દેશનું ભાવિ, ઉચ્ચ વર્ગના લોકો પર નહિ પરંતુ આમ વર્ગના લોકો પર વધારે આધાર રાખે છે......"[૬]

એ પછી રોલેટ બિલ વિશે બોલતાં તેમને કહ્યું,

"આપ જાણતા હશો કે સરકારે હમણાં જ એક એવો કાયદો કરવાનું બીડું ઝડપ્યું છે જેને વિશે મારો તથા આખા દેશનો એવો મત છે કે તે રાષ્ટ્રને માટે અત્યંત આઘાતજનક છે. સરકાર જે કાયદો પસાર કરવા માંગે છે, તેનું રહસ્ય સમજી લેવાનું આપણામાંના ઊંચા કે નીચા, સ્ત્રી કે પુરુષ, દરેકનું કર્તવ્ય છે. એટલે હું આશા

રાખું છું કે આપણા નેતાઓ આમ જનતા પાસે પહોંચી જશે અને આ કાયદો શી ચીજ છે તે તેમને સમજાવશે. આ અપમાનજનક કાયદો રદ થવો જોઈએ એ વાત બિલકુલ સ્વાભાવિક છે અને જરૂરી છે. એટલે આપણે એવી રીતે કામ કરવાનું છે કે આ કાયદો નાબૂદ કરવામાં આપણે સફળ થઈ શકીએ. આપણે સમગ્ર હિંદમાં સભાઓ ભરી છે, ઠરાવો કર્યા છે, અને વાઇસરોયને વિનંતી પણ કરી છે કે તેઓ આ કાયદો રદ કરે, પરંતુ આ બધી વિનંતીઓ તરફ બિલકુલ ધ્યાન અપાયું નથી. આમ કરવામાં આપણા રાજકર્તાઓએ આપણા પ્રત્યે બેવડો અન્યાય કર્યો છે. એક તો તેઓ અત્યંત હાનિકારક કાયદો ઘડી રહ્યા છે અને બીજું તેમણે લોકમતને ઠોકર મારી છે. જ્યારે જનતાનું દિલ દુભાય છે. અને ક્રોધે ભરાય છે, તથા ઈશ્વરમાં શ્રદ્ધા ખોઈ બેસે છે ત્યારે તે શસ્ત્રો ધારણ કરે છે અને અન્યાય કરનારની સામે લડત માંડે છે. એ છે હિંસાનો સિદ્ધાંત, બધી બાબતોનો વિચાર કરતાં હિન્દુસ્તાને આ સિદ્ધાંત સ્વીકાર્યો નથી. એટલે આ દેશને આશા [આત્મબળના] અચૂક વિજયમાં શ્રદ્ધા છે. આ દેશ ઈશ્વરમા માનતો આવ્યો છે અને એને ઈશ્વરના ન્યાયપણામાં શ્રદ્ધા છે. એટલે કસોટીની આ પળે આપણે ઈશ્વર ઉપર ભરોસો રાખીને બેઠા છીએ. જ્યારે કોઈ અન્યાયી માણસ આપણા ઉપર અઘટિત બાબતો ઠોકી બેસાડે, ત્યારે એની આજ્ઞાનો ભંગ કરવો એ આપણી ફરજ થઈ પડે છે. પરંતુ પ્રહ્‌લાદે[જાતે કષ્ટ સહીને] જે રીતે અન્યાયનો સામનો કર્યો હતો તે રીતે આપણે પણ સામનો કરવો જોઈએ. એટલે કે અત્યારના આપણા મામલામાં આપણે હિંસાની પદ્ધતિ કરતાં જુદી રીતે પગલાં ભરીને વર્તવાનું છે. આને જ સત્યાગ્રહ કહેવામાં આવે છે."૬

આમ આ માનપત્ર રોલેટ ઍક્ટના વિરુદ્ધમાં સમગ્ર દેશમાં આરંભાઈ રહેલ સત્યાગ્રહની લડતના વાતાવરણને અભિવ્યક્ત કરે છે.

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૭૧.

૨. ગાંધીજીની દિનવારી, પૃ. ૭૨.

૩. ગાંધીજીનો અક્ષરદેહ-૧૫, પૃ. ૧૪૬.

૪. ગાંધીજીનો અક્ષરદેહ-૧૫, પૃ. ૧૫૦.

૫. ગાંધીજીનો અક્ષરદેહ-૧૫, પૃ. ૧૫૬.

૬. ગાંધીજીનો અક્ષરદેહ-૧૫, પૃ. ૧૫૭, ૧૫૮.

## ૪૯ કમિશનર મ્યુનિસિપાલિટી, હજારીબાગનું માનપત્ર

*To*

*Mahatma*

*Mohanchand Karamchand Gandhi*

*Revered Sir,*

*WE the commissioner of the Hazaribagh Municipality beg most respectfully to approach you on behalf of inhabitants of Hazaribagh town with the humble address of welcome on the occasion of your first visit to this town.*

*THOUGH small, Hazaribagh is a beautiful health resort in the heart of the picturesque plateau of Chota Nagpur comprising a visit tract of untold mineral resource and is speedily developing into a great centre of important industrial area.*

*SIR, you come to us as an embodiment of an absolutely life lived in the devoted service of your unfortunate countryman. You have taught us how the time honoured ideas of Aryan renunciation and Bramhcharya can be harmoniously blended with all practical energy and power of organisation of the west. Yours is the lofty massage that the path of righteousness, love and truth is not only the way to individual emancipation but the most effective way of National redemption.*

*THE hazaribagh Municipal with population of 17,000 souls has an income of 44,000/-. We have the municipal area 2 High Schools and 17 Aided Schools imparting education to about 1000 boys and 200 girls.*

*WE are sorry to say that the town has not hitherto taken whole-heartedly to the Charkha and Khaddar though the poorer classes of the people generally and the middle class to some extent use Home-spuns, but the Khaddar that is to be had here is mostly made of Indian mill yarns.*

*SIR, you have been a great champion of the right of the depressed and the down-trodden. Your heroic struggle for our South African fellow countryman is enshrined in our recollection and Hazaribagh has a special claim on your attention in as much as every year a considerable number of labourers are recruited from this district for the tea and coal industries of Bengal Behar and Assam and a large number are indentured for industries overseas. Such a drain is detrimental to the agriculture development of this district and as well as to the morals of the labourers concerned.*

To

# Mahatma
# Mohanchand Karamchand Gandhi

REVERED SIR,

WE the Commissioners of the Hazaribagh Municipality beg most respectfully to approach you on behalf of the inhabitants of Hazaribagh town with this humble address of welcome on the occasion of your first visit to this town.

THOUGH small, Hazaribagh is a beautiful health resort in the heart of the picturesque plateau of Chota Nagpur comprising a vast tract of untold mineral resources and is speedily developing into a great centre of important industrial area.

SIR, you come to us as an embodiment of an absolutely selfless life lived in the devoted services of your unfortunate countrymen. You have taught us how the timo honoured ideals of Aryan renunciation and Bramhacharya can be harmoniously blended with all the practical energy and powers of organisation of the West. Yours is the lofty message that the path of righteousness, love and truth is not only the way to individual emancipation but the most effective way of National redemption.

THE Hazaribagh Municipality with a population of 17,000 souls has an income of 44,000/-. We have within the municipal area 2 High Schools and 17 Aided Schools imparting education to about 1000 boys and 200 girls.

WE are sorry to say that the town has not hitherto taken whole-heartedly to the Charkha and Khaddar though the poorer classes of the people generally and the middle class to some extent use Home-spuns, but the Khaddar that is to be had here is mostly made of Indian mill yarns.

SIR, you have been a great champion of the rights of the depressed and the down-trodden. Your heroic struggle for our South African fellow countrymen is enshrined in our recollection and Hazaribagh has a special claim on your attention in as much as every year a considerable number of labourers are recruited from this district for the tea and coal industries of Bengal Behar and Assam and a large number are indentured for industries overseas. Such a drain is detrimental to the agricultural development of this district and as well as to the morals of the labourers concerned.

WE are glad to be able to say that this district is free from Hindu-Moslem strifes which are so prejudicial to the National interest but we are ashamed to confess that the present relation between the Bengalee and the Behari communities is anything but satisfactory and what is most deplorable is that some interested persons have created an atmosphere of petty communial feelings in utter disregard to your message of love and forbearance. These strained feelings have not only affected the dignity of impartial civic endeavours but have become a menace to healthy national growth.

WE believe that the atmosphere of goodwill and trust which you carry with you will go a great way in overcoming this evil.

IN conclusion we offer our sincere prayers to the Most High that you may yet be spared long to carry on the work of liberation and lead India to her appointed place in the Committee of Nations.

We remain,
Sir,
Your humble admirers,
*The Commissioners of the Hazaribagh Municipality.*

HAZARIBAGH,

*Dated, the 18th September, 1925.*



Temple Press, Calcutta.

*WE are glad to be able to say that this district is free from Hindu-Moslem strikes which are so prejudicial to the National interest but we are ashamed to confess that the present relation between the Bengalee and the Bihari communities is anything but satisfactory and what is most deplorable is that some interested persons have created an atmosphere of petty communal feelings in utter disregard to your message of love and forbearance. These strained fallings have not only affected the dignity of impartial civic endeavours but become a menace to healthy growth.*

*WE believe that the atmosphere of good will and trust which you carry with you will go a great way in overcoming this evil.*

*IN conclusion we offer our sincere prayers to the Most High that you may yet be spared long to carry on the work of liberation and lead India to her appointed place in the committee of Nation.*

*Your remain,*

*Sir,*

*Your humble admirers*

*The Commissioners of the Hazaribagh Municipality*

HAZARIBAGH

*Date, the 18th September, 1925*

*Temple Press, Calcutta.*

માનપત્રનો અનુવાદ.

પ્રતિ,

મહાત્મા

મોહનદાસ કરમચંદ ગાંધી

આદરણીય મહામહિમશ્રી,

હજારીબાગ શહેરના રહીશો વતી અમો હજારીબાગ મ્યુનિસિપાલિટીના કમિશનર આપની આ શહેરની સર્વપ્રથમ મુલાકાત વેળાએ આપને અત્યંત વિનમ્રભાવે આવકારીને આપનું આ શહેરમાં આદર સાથે હાર્દિક સ્વાગત કરીએ છીએ.

આમ જોકે હજારીબાગ નાનકડું શહેર હોવા છતાં છોટા નાગપુરના નયનરમ્ય પહાડી વિસ્તારોની મધ્યમાં સ્થિત આ શહેર અખૂટ ખનિજો અને કુદરતી સંસાધનોના પર્યટક ભૂપ્રદેશથી બનેલ એક ઉત્તમ આરોગ્ય ધામ છે અને ખૂબ જ ઝડપથી મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક પ્રદેશના એક ખ્યાતનામ મથક તરીકે વિકસી રહેલ છે.

વહાલા બાપુ, આપ તો અમ જેવા અભાગી દેશવાસીઓની આજીવન અને સર્વથા સમર્પિત સેવાની ત્યાગમૂર્તિ તરીકે અમારી સમીપ આવી રહ્યા છો. આપે જ અમને પાઠ ભણાવ્યા છે કે વર્તમાન યુગ કેવી રીતે આર્યન પરિત્યાગના વિચારો અને સમગ્ર યથાર્થ શક્તિઓ અને પાશ્ચાત્ય સંસ્થાકીય આધિપત્યના સુભગ સમન્વય સાથે બ્રહ્મચર્યના વિચારોને આદર આપે છે. આપનો એ ઉપદેશ ખૂબ જ ઉમદા છે જેમાં આપે જણાવ્યું છે કે પવિત્રતા, સ્નેહ અને સચ્ચાઈનો માર્ગ એ ફક્ત વ્યક્તિગત ઉદ્ધાર માટેનો જ એકમાત્ર ઉપાય નથી, પરંતુ તે રાષ્ટ્રિય ઉત્કર્ષ માટેનું પણ અત્યંત કારગર સાધન છે.

૧૭,૦૦૦ માનવ સમુદાયની વસતી ધરાવતા આ હજારીબાગ શહેરના મ્યુનિસિપલ કૉર્પોરેશનની આવક ૪૪,૦૦૦/- રૂપિયા જેટલી છે. વળી, મ્યુનિસિપલ વિસ્તારમાં અમારી પાસે ૨ હાઈસ્કૂલ અને ૧૭ સરકાર પાસેથી અનુદાન મેળવતી શાળાઓ છે, જેમાં અંદાજે ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને અંદાજે ૨૦૦ જેટલી બાળાઓ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

અમને એ જણાવતાં અત્યંત ખેદ થાય છે કે સામાન્ય રીતે અહીં પ્રમાણમાં નિર્ધન અને થોડી સારી કહી શકાય એવી સાધારણ આર્થિક સ્થિતિ ધરાવતા લોકો અમુક અંશે હાથ ચરખાનો ઉપયોગ તો કરે જ છે, આમ છતાં આ શહેરના રહેવાસીઓ હજુ પણ ચરખા અને ખાદીને નખશિખ અપનાવી શકયા નથી, એટલું જ નહિ અહી જે ખાદી બને છે તે મોટા ભાગે તો ભારતીય મિલોના સૂતરમાંથી જ બને છે.

બાપુ, આપ તો સમાજના દબાયેલ અને છેવાડાના કચડાયેલ સમુદાયના અધિકારો માટેના પ્રખર હિમાયતી રહી ચૂક્યા છો. આપણા દક્ષિણ આફ્રિકી દેશબાંધવો માટે આપનો એક વીરને છાજે તેવો સંઘર્ષ હજુ પણ અમારી સ્મૃતિમાં સચવાયેલો પડ્યો છે. વળી, અમે હજારીબાગના રહીશો ખાસ કરીને એ બાબત નમ્રપણે આપના ધ્યાન પર લાવવા માગીએ છીએ કે બંગાળ, બિહાર અને આસામના ચાના બગીચાઓ તેમજ કોલસાની ખાણોમાં દર વર્ષે આ જિલ્લામાંથી હજારોની સંખ્યામાં શ્રમિકોને કામે રાખવામાં આવે છે, એટલું જ નહિ વિદેશના ઉદ્યોગોમાં પણ મોટી સંખ્યામાં કામદારોને કામ કરવા માટે કરારથી રાખવામાં આવે છે. આમ આ પ્રકારે થતું માનવશક્તિનું શોષણ વિશેષ કરીને તો કૃષિ વિકાસ ઉપરાંત લાગતા-વળગતા શ્રમિકોના મનોબળ માટે પણ ખૂબ જ હાનિકારક છે.

અમને એમ કહેતાં અતિ આનંદ થાય છે કે હિન્દુ-મુસ્લિમ વચ્ચેની અથડામણો જે રાષ્ટ્રહિત માટે હાનિકારક છે તેનાથી આ જિલ્લો સાવ જ વિમુખ છે. પરંતુ સાથોસાથ એ બાબતનો સ્વીકાર કરતાં પણ અમે લજ્જિત થઈએ છીએ કે બંગાળી અને બિહારી સમુદાય વચ્ચેના પ્રવર્તમાન સંબંધો સહેજેય સંતોષકારક નથી રહ્યા. વળી, અત્યંત ખેદની બાબત તો એ છે કે કેટલાક વિઘ્નસંતોષીઓએ આપે નિર્માણ કરેલ ભાઈચારા, સ્નેહ અને સહિષ્ણુતાના ઉપદેશની સર્વથા અવગણના કરીને સંકુચિત માનસિકતા સાથે સામુદાયિક ઉશ્કેરણીના વાતાવરણને વકરાવ્યું છે. આ પ્રકારના વિકૃત અધ:પતનથી ન કેવળ નિષ્પક્ષ સામાજિક પ્રયાસોની ગરિમા ખંડિત થાય છે, પરંતુ સ્વસ્થ વિકાસની પ્રક્રિયા આડે પણ તે એક અવરોધક દૂષણ સાબિત થાય છે.

અમને અસીમ શ્રદ્ધા છે કે સદ્ભાવનાનું આ પ્રેરક વાતાવરણ અને આપ જે વિશ્વાસ અમારામાં ધરાવો છો તે ચોક્કસપણે આ સામાજિક અનિષ્ટ પર શાનદાર વિજય મેળવશે જ.

અંતમાં આપ જે સ્વાધીનતા માટેના આપનાં કાર્યોને આગળ ધપાવવા અને રાષ્ટ્ર સમુદાયમાં

*ભારતને તેના એક નિશ્ચિત મુકામથી અગ્રેસર કરવા દીર્ઘકાળથી વળગી રહો, એવી પ્રાર્થના અમે ઈશ્વરને સહૃદયતાપૂર્વક કરીએ છીએ.*

*સદાકાળ આપના જ, સર,*

*તારીખ, ૧૮ સપ્ટેમ્બર, ૧૯૨૫* *આપના વિનમ્ર ચાહકો,*

*કમિશનર હજારીબાગ મ્યુનિસિપાલિટી*

ગાંધીજી ૧૦ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ મુંબઈથી નીકળ્યા હતા. પુરુલિયા, ચાઈબાસા, રાંચી, ગયા થઈ તેઓ ૧૮મીના રોજ હજારીબાગ પહોંચ્યા હતા. આ માનપત્ર તેમને હજારીબાગના નિવાસીઓ તરફથી હજારીબાગના મ્યુનિસિપાલિટી કમિશનરે આપ્યું હતું. માનપત્રમાં ગાંધીજીની પ્રશંસા સાથે હજારીબાગ મ્યુનિસિપાલિટીની આવક સાથે તેની શૈક્ષણિક સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો છે. હજારીબાગમાં ચાલી રહેલ અલ્પ ચરખાપ્રવૃત્તિનો ઉલ્લેખ પણ તેમાં જોવા મળે છે. માનપત્રમાંથી હિંદુ-મુસ્લિમ એકતા પ્રશંસનીય ભાસે છે. વળી, અત્રેના સમાજની આર્થિક સ્થિતિ પણ માનપત્રમાંથી ફલિત થાય છે. ટૂંકમાં આ માનપત્ર એ સમયના હજારીબાગનું આધારભૂત ચિત્ર રજૂ કરે છે.

હજારીબાગની સેંટ કોલંબસ કૉલેજમાં ગાંધીજીનું વ્યાખ્યાન યોજાયું હતું.[1] ૧૩મીના રોજ પરુલીયામાં ગાંધીજીએ રક્તપિત્તિયાઓના આશ્રમની મુલાકાત લીધી હતી. મુલાકાત વેળાએ ગાંધીજીએ એક દર્દીના શરીર પર હાથ ફેરવી લાગણી વ્યક્ત કરી. તેથી એક દાક્તરે તેમનો હાથ દવાવાળા પાણીથી ધોવા પ્રયાસ કર્યો. ત્યારે ગાંધીજીએ દર્દી ન સાંભળે તેમ ધીમા સાદે બોલ્યા,

**'તેમના દેખતા હાથ ધોવું તો તેમને ઓછું આવે, પછી ધોઈશ.'**

ગાંધીજીનો આવો માનવીય અભિગમ જ તેમને ભારતની પ્રજામાં પ્રિય બનાવી રહ્યો હતો. તા. ૧૫ના રોજ ગાંધીજી પરુલિયાથી ચાઈબાસા પહોંચ્યા હતા. અહીંયાં તેમને ગૌશાળા તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. ચાઈબાસાની ગૌશાળાની મુલાકાતનું આલેખન કરતાં ગાંધીજી લખે છે,

**આ ગૌશાળા સત્તાવીસ વર્ષથી ચાલે છે. તેટલા સમયમાં દોઢ લાખ રૂપિયાનું દાન મળ્યું ને દસ હજાર ઢોરનું પાલન થયું. પ્રતિ વર્ષ ૨૦૦થી ૩૦૦ ઢોરનું પાલન થાય છે. પણ આટલા કાર્યથી સંતોષ ન જ માની શકાય. સત્તાવીસ વર્ષમાં તો જો પદ્ધતિસર ગૌશાળા ચાલે તો તે લગભગ સ્વાશ્રયી બને. અહીં દૂધ ઇત્યાદિ થાય છે. પણ એક જ માણસ કેટલું કરી શકે ?......આ ગૌશાળા વિશે ખબર તો એ મળ્યા કે આ મૂએલા ઢોરને એમ ને એમ આપી દેવામાં આવે છે. તેના ચામડાની કિંમત જ નથી લેવાતી. જેમજેમ હું ઊંડો ઊતરતો જાઉં છું તેમતેમ જોઉં છું કે મૂએલી ગાયોનાં ચામડાં ઇ.નો ઉપયોગ ગૌશાળાની મારફત ન કરવાથી આપણે ગૌવધને ઉત્તેજન આપીએ છીએ ને ગૌરક્ષા કરવાની આપણી શક્તિ ઓછી કરીએ છીએ. ગૌસેવકોનું એક મહાન કાર્ય તો આ છે કે તેઓ મૂએલા જાનવરોના ચામડાનો વ્યાપાર ન કરવા વિશેનો વહેમ દૂર કરે. એક મૂએલ જાનવર એક જીવતી ગાયને બચાવે છે. આના અર્થશાસ્ત્રનો હું ઊંડો અભ્યાસ કરી રહ્યો છું. પણ અધૂરો અભ્યાસ પણ એટલું તો સિદ્ધ કરી આપે છે કે આ ચામડાનો ઉપયોગ આપણે સીધી રીતે નથી કરતા તેથી મૂએલા ઢોર દીઠ ઓછામાં ઓછા દસ રૂપિયા આપણે ગુમાવીએ છીએ. છેવટે પણ એ ચામડાનો ઉપયોગ તો આપણે જ કરીએ છીએ.'[2]**

ચાઈબાસથી ગાંધીજી ૧૬મીએ રાંચી પહોંચ્યા હતા. રાંચીમાં સ્ત્રીઓની સભામાં ગાંધીજીએ હાજરી આપી હતી. રાંચીમાં તેમને મ્યુનિસિપાલિટી અને અંત્યજો તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. ૧૭મીના

રોજ રાંચીમાં સેન્ટ પોલની શાળાના મેદાનમાં બપોરે ત્રણ વાગ્યે જાહેર સભા ભરવામાં આવી હતી. સભામાં આશરે ૧૨૦૦૦ જેટલો જનસમુદાય હાજર રહ્યો હતો. એ સભામાં રાંચીની જનતા તરફથી ગાંધીજીને અપાયેલું માનપત્ર વાંચવામાં આવ્યું હતું. તથા અખિલ હિંદ દેશબંધુ સ્મારક ફાળામાં રૂપિયા ૧૦૦૧ની થેલી ગાંધીજીને અર્પણ કરવામાં આવી હતી.[૩] આ સભામાં ગાંધીજીએ પોતાના ભાષણમાં કહ્યું હતું,

**'હિન્દુસ્તાનના ભૂખે મરતા કરોડો લોકોને ખવડાવવા માટે રેંટિયા સિવાય બીજું કોઈ સાધન નથી એવી મારી માન્યતા રોજ ને રોજ દૃઢ થતી જાય છે. નવરાશના વખત માટે બીજા ધંધા પણ છે એ વાત સાચી, પણ હાથ કંતામણ સિવાય લાખો લોકોને માફક આવે એવો બીજો કોઈ ધંધો નથી. હું આખા દેશમાં પ્રવાસ કરતો રહું છું પરંતુ રેંટિયાનું સ્થાન લઈ શકે એવું બીજું સાધન કોઈ મને સૂચવી શક્યું નથી. બિહારમાં એક લાખ રૂપિયાની ખાદીનો ભરાવો થયો છે. જો એ માલ વેચાઈ જાય તો એમાંથી મળેલ રકમ એથી બમણો માલ પેદા કરવામાં મદદરૂપ થઈ પડે. એકલા રાંચી માટે પણ એ ખાદી ખરીદી લેવાનું મુશ્કેલ નથી. લોકો મિલના કાપડને સ્વદેશી ગણાવે છે પરંતુ ઘરે બનાવેલી રોટલીનું સ્થાન દિલ્હી કે મુંબઈમાં બનેલી બિસ્કિટો લઈ શકે ? જો તમારે તમારી વસ્ત્રહીન બહેનો અને માતાઓનાં અંગો ઢાંકવાં હોય તો તમારે ખાદી ખરીદવી જોઈએ. ખાદી પાછળ વપરાયેલી એકએક પાઈ જો ગામડાંની ગરીબ બહેનોને મળતી હોય તો ખાદી પ્રમાણમાં મોંઘી દેખાય તોપણ શો વાંધો ?.......હિંદુ ધર્મ અસ્પૃશ્યતાને ઓળખતો નહોતો. આ અસ્પૃશ્યતાએ હિંદીઓને દુનિયાભરમાં અસ્પૃશ્યો બનાવ્યા છે. અસ્પૃશ્ય હિંદીઓની શી દશા છે તે જેમણે જોવી હોય તેમણે દક્ષિણ આફ્રિકા જવું અને અસ્પૃશ્યતાનો શો અર્થ છે તેની ખાતરી કરવી જોઈએ. સ્વર્ગસ્થ શ્રી ગોખલેજીએ જાણ્યું હતું અને શ્રીમતી નાયડુ[૪] પણ એ વાત જાણવા પામ્યા હતા. તુલસીદાસે તમને દયાધર્મ શીખવ્યો છે. પરંતુ આજે તમે એથી ઊલટું વર્તન કરી રહ્યા છો. તમારે અસ્પૃશ્યતાનો પ્રશ્ન ઉકેલવો જ રહ્યો, નહીં તો સ્વરાજ મેળવવું અશક્ય છે.[૫]**

એ જ દિવસે ગાંધીજીએ યોગાનંદજીના બ્રહ્મચર્ય આશ્રમની પણ મુલાકાત લીધી હતી. ત્યાં પણ તેમને માનપત્ર આપવામાં આવ્યું હતું. દેશબંધુ ફાળા માટેના બે નાટ્ય પ્રયોગોમાં પણ તેઓ હાજર રહ્યા હતા. ૧૮મીના રોજ રાંચીથી તેઓ હજારીબાગ આવ્યા હતા.[૬]

હજારીબાગના શહેરીજનો, જિલ્લા બોર્ડ તથા મ્યુનિસિપાલિટી તરફથી સુંદર સ્થાનિક કારીગરીવાળી એક લાકડાની પેટીમાં ગાંધીજીને માનપત્રો આપવામાં આવ્યાં હતાં. એ સાથે રૂપિયા ૧૩૦૦ની થેલી પણ તેમને અર્પણ કરવામાં આવી હતી. માનપત્રનો પ્રત્યુતર પાઠવતાં ગાંધીજીએ કહ્યું હતું,

**"તમે આપેલ માનપત્રો બદલ હું તમારો આભારી છું, પરંતુ એક માનપત્ર[૭] માં દર્શાવેલી બે બાબતોથી મને દુઃખ થયું છે. તમે જણાવો છો કે હમણાં સુધી આ સ્થાનના હિંદુ-મુસલમાનોમાં સદ્ભાવ પ્રવર્તતો હતો, પણ હમણાં કંઈક ગેરસમજ પેસી ગઈ છે. આ જાણીને મને દુઃખ થયું છે. પરંતુ મને આશા છે કે બંને કોમોના આગેવાનો સાથે મળીને આ સ્થિતિને થાળે પાડશે. વળી, તમે એમ પણ જણાવ્યું છે કે બિહારીઓ અને બંગાળીઓ વચ્ચે પણ કંઈક આવું જ ચાલી રહ્યું છે. પણ તેનું કારણ શું છે તે હું સમજી શકતો નથી. પણ હું એટલું તો જાણું છું કે તમે હિન્દુસ્તાનને મુક્ત કરવા માંગતા હો, જો હિન્દુસ્તાન માટે સ્વરાજ મેળવવા ચાહતા હો તો તમે બિહારી, બંગાળી, ગુજરાતી કે મારવાડી છો તે વાત ભૂલી જઈને સૌ પહેલાં હિંદી છો એ વાત ખાસ ધ્યાનમાં રાખજો. આ પ્રાંતના વતની તરીકે સમગ્ર દેશની સેવા માટે તમે તમારા પ્રાંતને તૈયાર કરી રહ્યા છો એ વિચારથી કાર્ય કરજો. આવા સમાજોમાં આવી બેહૂદી વાત કેમ પેસી શકે તે હું સમજી શકતો નથી. વળી, હિંદુ-મુસ્લિમ ભેદભાવ વિશે પહેલાં મેં જે કંઈ કહ્યું છે તે જ હું અહીં પણ કહું છું.[૮]**

ગાંધીજીએ હજારીબાગમાં બીજી પણ સભા સંબોધી હતી. હજારીબાગની સેંટ કોલંબસ કૉલેજ[૯] માં આ

સભા યોજાઈ હતી. ગાંધીજીએ એ સભામાં કૉલેજના વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. જેમાં તેમણે સમાજ-સેવક અને સમાજસેવા અંગે વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના વિસ્તૃત વિચારો વ્યક્ત કર્યા હતા.

ગાંધીજીની હજારીબાગની માત્ર એક દિવસની મુલાકાત પણ એ સમયના રાષ્ટ્રીય પ્રશ્નો જેવા કે ખાદી, કોમી એકતા, અસ્પૃશ્યતાનિવારણ અને આદર્શ સમાજસેવકને વાચા આપતા હતા.

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૯૪.

૨. નવજીવન, ૨૭ સપ્ટેમ્બર ૧૯૨૫, પૃ. ૨૬.

૩. ગાંધીજીનો અક્ષરદેહ-૨૮, પૃ. ૧૭૩

૪. ગોપાલકૃષ્ણ ગોખલે અને સરોજિની નાયડુ

૫. ગાંધીજીનો અક્ષરદેહ-૨૮, પૃ. ૧૭૪

૬. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૯૪.

૭. અર્થાત્ આ માનપત્ર

૮. ગાંધીજીનો અક્ષરદેહ-૨૮, પૃ. ૧૭૪

૯. સેંટ કોલંબસ કૉલેજનું મૂળ નામ ડબ્લીન કૉલેજ હતું. તેનો આરંભ ૧૮૯૫માં થયો હતો. એ સમયે આ કૉલેજ યુનિવર્સિટી ઓફ ડબ્લીન સાથે જોડાયેલ હતી. ૧૮૯૬માં તે કલકત્તા યુનિવર્સિટી સાથે જોડાઈ. ૧૯૦૪માં તેની ગણના પ્રથમ કક્ષાની કૉલેજમાં થવા લાગી હતી. ૧૯૦૬-૧૯૦૭માં તેનું નામ બદલી સેંટ કોલંબસ કૉલેજ રાખવામાં આવ્યું હતું. આજે પણ તેની ગણના પૂર્વ ભારતની જૂનામાં જૂની વિવિધ ફેકલ્ટી ધરાવતી કૉલેજમાં થાય છે.

# ૫૦ અગ્રવાલ સેવા સમિતિ, સહારનપુરનું માનપત્ર

बन्देमातरम

अभिनन्दन पत्र

सेवामें श्रीमान पूज्यनीय महात्मा मोहनदास कर्मचन्द गांधीजी महाराज

पूज्यवर!

आज हम अग्रवाल सेवा समिति के सदस्यो के लिये बडा शुभ अवसर है कि आपने अपने समय विभाग में सहारनपुर जैसे सामान्य स्थान को भी जगह दी है और हमारी तुच्छ समिति को आपके सामने उपस्थित होने का अवसर प्राप्त हुआ है हमारी समिति तीन वर्ष से यहां काम कर रही है और यथा शक्ति जनता की सेवा करने पर उद्यत रहती है हंमे इसका बडा हर्ष है कि आप के शुभ आगमन के उपलक्ष में यहां की जनता में जाग्रति के चिह्न पाये जाते है हम आशा करते है कि इसके बाद भी यह जाग्रति बनी रहेगी पास के शहरो के मुकाबले में यहां आरम्भ से ही उन्नति के आग्रह की न्यूनता रही है खैर अगर अभी हम लोंग जाग जायेतो ईश्वर का धन्यवाद है हमको पूर्ण आशा है कि आपके उपदेश से हम लोंग देश धर्म जाती सेवा में और भी दत्त चित्त होकर कार्य करेगे हमारी हार्दिक प्रार्थना है कि परमात्मा आपको इस महान यज्ञमें सहायता करे जिसमें आपने अपने तन मन धन की आहूति देदी है और हंमे भी बुद्धि दे कि हम इसकी महिमा को समझकर आप के बतलाये चिन्हो पर चल सके।

| | |
|---|---|
| २५.१०.१९२९ | हम है आपके सेवक |
| कार्तिक कृष्ण ८ सं १९८६ वीक्रमी | अग्रवाल सेवा समिति के सदस्य |

हरीदेव शर्मा के शम्मन प्रिन्टिंग प्रेस(अन्सारी बाझार) सरहानपुर में छपा

માનપત્રનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવેલ છે.

વન્દેમાતરમ

અભિનન્દન પત્ર

શ્રીમાન પૂજનીય મહાત્મા મોહનદાસ કર્મચન્દ ગાંધીજી મહારાજની સેવામાં

પૂજ્યવર!

અગ્રવાલ સેવા સમિતિના સભ્યો માટે આજે શુભ અવસર છે કે આપે આપના કાર્યક્રમમાં સહારનપુર જેવા સામાન્ય સ્થળને સ્થાન આપ્યું છે. અમારી તુચ્છ સમિતિને આપની સમક્ષ ઉપસ્થિત થવાનો અવસર પ્રાપ્ત થયો છે. અમારી સમિતિ ત્રણ વર્ષથી કાર્ય કરી રહી છે. અને યથાશક્તિ પ્રજાની સેવા કરવામાં સક્રિય છે. અમને તેનો અતિ આનંદ છે કે આપના શુભ આગમનના ઉપલક્ષમાં અહીંની પ્રજામાં જાગૃતિનો સંચાર થયો છે. અમે આશા રાખીએ છીએ કે આપની વિદાય પછી પણ આવી જ

* वन्देमातरम् *

# ॥ अभिनन्दन पत्र ॥

सेवामें श्रीमान् पूजनीय महात्मा मोहनदास कर्मचन्द गांधी जी महाराज

पूज्यवर !

आज हम अग्रवाल सेवा समिति के सदस्यों के लिये बड़ा शुभ अवसर है कि आपने अपने समय विभाग में सहारनपुर जैसे सामान्य स्थान को भी जगह दी है और हमारी तुच्छ समिति को आपके सामने उपस्थित होने का अवसर प्राप्त हुआ है हमारी समिति तीन वर्ष से यहां काम कर रही है और यथा शक्ति जनता की सेवा करने पर उद्यत रहती है हमें इसका बड़ा हर्ष है कि आपके शुभ आगमन के उपलक्ष में यहां की जनता में जाग्रति के चिन्ह पाये जाते हैं हम आशा करते हैं कि इसके बाद भी यह जाग्रति बनी रहेगी पास के शहरों के मुकाबले में यहां आरम्भ से ही उन्नति के आग्रह की न्यूनता रही है खैर अगर अभी हम लोग जाग जावें तो ईश्वर का धन्यवाद है हमको पूर्ण आशा है कि आपके उपदेश से हम लोग देश धर्म जाति सेवा में और भी दत्त चित्त होकर कार्य करेंगे हमारी हार्दिक प्रार्थना है कि परमात्मा आपको इस महान् यज्ञ में सहायता करें जिसमें आपने अपने तन मन धन की आहूती देदी है और हमें भी बुद्धि दें कि हम इसकी महिमा को समझकर आपके बतलाये चिन्हों पर चल सकें।

हम हैं आपके सेवक—

२५-१०-१९२५
कार्तिक कृष्ण ८ सं० १९८२ [illegible]

अग्रवाल सेवा समिति के सदस्य

हरिवंश शर्मा के "शंकर" प्रिंटिंग प्रेस [पन्सारी बाजार] सहारनपुर में छपा।

*જાગૃતિ યથાવત રહેશે. આસપાસનાં શહેરોની તુલનામાં અહીંયાં પ્રથમથી જ પ્રગતિકારક વિચારોને અલ્પ સ્થાન મળ્યું છે. ખૈર જો અમે લોકો જાગ્રત બનીએ તો ઈશ્વરની એ અમારા પર કૃપા હશે. અમને પૂર્ણ વિશ્વાસ છે કે આપના ઉપદેશથી અમે સૌ દેશ-ધર્મ-જાતિની સેવામાં એકાગ્રચિત્તે કાર્ય કરીશું. અમારી હાર્દિક પ્રાર્થના છે કે પરમાત્મા આપને આ મહાન યજ્ઞમાં સહાયતા કરશે, જેમાં આપે તન મન ધનની આહુતિ આપી છે અને અમને ઈશ્વરબુદ્ધિ અર્પે કે અમે તેનું મહત્ત્વ સમજી આપના ચીંધેલા માર્ગ પર ચાલી શકીએ.*

*૨૫.૧૦.૧૯૨૯ — અમે છીએ આપના સેવક*

*કાર્તિક કૃષ્ણ ૮ સં ૧૯૮૬ વિક્રમી — અગ્રવાલ સેવા સમિતિના સભ્યો*

*હરિદેવ શર્માના શમ્મન પ્રિન્ટિંગ પ્રેસ(અન્સારી બાઝાર) સહારનપુરમાં છાપ્યું.*

ગાંધીજીની સંયુક્ત પ્રાંતની યાત્રાનો આ અંતિમ તબક્કો હતો. ૨૧થી ૨૪ ઑક્ટોબર, ૧૯૨૯ ગાંધીજી મસૂરીમાં રોકાયા હતા. ૨૪મીના રોજ મસૂરીથી સહારનપુર પહોંચ્યા હતા. ત્યાં તેમને ડિસ્ટ્રિક બોર્ડ, કાશીરામ હાઈસ્કૂલ, વિદ્યાર્થી મંડળ, હિંદ કુમારસભા, જિલ્લા કોંગ્રેસ કમિટી, સ્વાગત સમિતિ, આર્ય સમાજ, અગ્રવાલ સેવા સમિતિ અને મેઢ રાજપૂત સભા તરફથી માનપત્રો આપવામાં આવ્યાં હતાં.[1] આ પહેલાં ગાંધીજીને સહારનપુરમાંથી મળેલા મેઢ રાજપૂત સભા (માનપત્ર-૭) અને ડિસ્ટ્રિક્ટ બોર્ડ સહારનપુર(માનપત્ર-૨૭)ના સભ્યો દ્વારા આપવામાં આવેલ એમ બે માનપત્રોની આપણે અગાઉ ચર્ચા કરી છે.[2] તે જ દિવસે સહારનપુરમાં ગાંધીજીને આ માનપત્ર પણ આપવામાં આવ્યું છે. માનપત્ર શુદ્ધ હિંદુ ભાષામાં છે. માનપત્ર હરીદેવ શર્માના શમ્મન પ્રિન્ટિંગ પ્રેસ, સહારનપુરમાં છપાયું છે. ગાંધીજીની સહારનપુરની મુલાકાત અંગે નવજીવનમાં "સંયુક્ત પ્રાંતની મુલાકાત" મથાળા નીચે લખવામાં આવ્યું છે.

**"૨૫મીએ સવારે ગાંધીજી પગે ચાલતા મસૂરીથી નીકળ્યા, ભટ્ટામાં મોટરમાં બેસી તે જ દિવસે સહારનપુર પહોંચ્યા. અહીં સ્ત્રીઓ અને પુરુષોની સામાન્ય સભાઓ ઉપરાંત એક સભા કાશીરામ હાઈસ્કૂલના શિક્ષકો ને વિદ્યાર્થીઓની ગાંધીજીએ મુલાકાત લીધી. સંખ્યાના પ્રમાણમાં અહીંના વિદ્યાર્થીઓએ સંયુક્ત પ્રાંતની આખી મુસાફરીમાં બીજી બધી જગ્યાઓના વિદ્યાર્થીઓ કરતાં રૂપિયાની મોટી થેલી ગાંધીજીને ભેટ આપી. તેમજ અહીંના વિદ્યાર્થીઓએ તેમના માનપત્રમાં જે ખાદીનો પોશાક તેમણે પહેર્યો હતો તે ખાસ આ અવસર માટે તેમણે તૈયાર કરાવ્યો હતો. એ સાફ સાફ કબૂલીને પોતાની સત્યનિષ્ઠા અને હિંમતનો સરસ દાખલો આપ્યો, અને ભવિષ્ય માટે નિયમિત ખાદી પહેરવાનું વચન આપ્યું. આ બધાથી ગાંધીજી ખુશખુશ થઈ ગયા. આમ આ પહેલાં પણ અનેક જગ્યોમાં ખુલ્લી રીતે અમુક અવસરે ખાદી પહેરવામાં આવી છે, પણ આ પહેલો જ પ્રસંગ એવો હતો કે જ્યાં પોતાની નબળાઈ નિખાલસતાથી કબૂલ કરી તેને માટે પ્રશ્ચાત્તાપ કર્યો હોય. ગાંધીજીને જણાવવામાં આવ્યું હતું કે મુખ્ય અધ્યાપક અને બીજા શિક્ષકો સાચા માણસો છે અને આપેલું વચન કડક રીતે તેઓ પાળશે.**

**સહારનપુરથી બીજે દિવસે રસ્તામાં દેવમંડ થોડા કલાક મુકામ કરી સાંજે મુઝફ્ફરનગર પહોંચ્યા. રાત ત્યાં રહી બીજે દિવસે કંધાલા, શામલી, અને બીજી કેટલીક જગ્યાઓ પસાર કરી બપોરે ૧૧ વાગે મેરઠ પહોંચ્યા."[3]**

સહારનપુરથી ગાંધીજીએ બે પત્રો લખ્યા હતા. વસુમતીબહેન પંડિત અને માધવજી વ. ઠક્કરને. માધવજી ઠક્કરને ૨૬ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ લખેલ પત્રમાં ગાંધીજી લખે છે,

**"હમણાં કાગળોનું કામ એટલું બધું પછાત પડી ગયું છે કે મેં શું લખ્યું છે અને શું નથી લખ્યું એનું સ્મરણ**

નથી રહેતું. તમારા તા. ૮મી ઑક્ટોબરના કાગળનો જવાબ હું નથી વાળી શક્યો એમ જોઉં છું. તમે તેની સાથે જ તારની ટિકિટ મોકલેલી છે એવો મને આભાસ છે. પણ હવે તાર કરવો નિરર્થક માનું છું. એથી આ કાગળ જ લખું છું. હવે તો તમે બંને જણા આવો તો અલ્હાબાદ જ આવી શકો. અલ્હાબાદ હું તા ૧૫થી ૨૦ નવેમ્બર સુધી હોઈશ. આનંદભવનમાં પંડિત મોતીલાલને ઘેર ઉતારો થશે."[૪]

આ માનપત્રના સમયની એક મહત્ત્વની અને અણધારી ઘટના ૨૭ ઑક્ટોબરના રોજ મેરઠ કાવતરા કેસના કેદીઓની જેલમાં જઈને ગાંધીજીએ લીધેલી મુલાકાત છે. મેરઠ કાવતરા કેસ એ સમયે ખૂબ ચર્ચામાં હતો. ૨૦ માર્ચ, ૧૯૨૯ના રોજ ભારતીય રેલવેમાં હડતાલ પાડવાના ગુનાસર અંગ્રેજ સરકારે ૩૨ સામ્યવાદી નેતાઓની ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૨૧અ મુજબ ધરપકડ કરી હતી. તેમાં ત્રણ અંગ્રેજો પણ હતા. ભારતમાં સામ્યવાદીઓના વધી રહેલ પ્રભાવને અંકુશિત કરવાના હેતુથી અંગ્રેજ સરકારે આ પગલું લીધાની માનવામાં આવતું હતું. આવા ગરમ વાતાવરણમાં એ કેદીઓની અચાનક મુલાકાત લેવાનું ગાંધીજીનું પગલું એ યુગમાં ચર્ચાનો વિષય બન્યું હતું.

**"પોતાની મેળે અને બિલકુલ અણધાર્યા, ગાંધીજીએ મેરઠ જેલની મુલાકાત લીધી અને તેઓ તપાસ હેઠળના સામ્યવાદી કેદીઓને તેમની બેરેકમાં મળ્યા."[૫]**

મહાત્માજીને જેલમાં તેમની પાસે આવતા જોઈને આરોપીઓને ઊલટો અચંબો થયો, અને તેમાંના કેટલાક તો મોટેથી બોલી ઊઠ્યા કે આપ અમારી પાસે આવ્યા તેનું અમને ભારે આશ્ચર્ય થાય છે. કેદીઓ સાથેની આ મુલાકાતમાં ગાંધીજીએ તેમના અનેક પ્રશ્નો અંગે ચર્ચા કરી અને ઉત્તરો પાઠવ્યા હતા.

**"સંયુક્ત પ્રાંત જિલ્લાઓના કેટલાંક સ્થળોએ તેમની થેલી માટે પૈસા ઉઘરાવવાની રીત બાબત.... એક ગંભીર ફરિયાદ તરફ ગાંધીજીનું ધ્યાન દોરવામાં આવ્યું હતું..... એવો આક્ષેપ મૂકવામાં આવ્યો હતો કે ગાંધીજીની થેલીના ફાળા માટે વકીલો અને શિક્ષિત વર્ગના લોકોની મદદથી મોટા જમીનદારો તેમની જાગીર ઉપર ખેડૂતો પાસેથી માથાદીઠ ચોકસ વેરો બળજબરીથી ઉઘરાવતા હતા. મહાત્માજીએ પૂછ્યું કે શ્રી ડાંગે[૬] કોઈ ચોક્કસ નામ કે સ્થળની માહિતી આપી શકશે ખરા ? શ્રી ડાંગેએ કહ્યું કે હું કોઈ પણ નામ સંડોવવા માંગતો નથી. એટલે હમણાં જ હું એ નહીં આપું..... મહાત્માજીએ કહ્યું કે એ વાતનો હું આજની સભામાં જ ઉલ્લેખ કરીશ અને નામો આપવામાં આવે તો તપાસ કરીશ અને જમીનદારની ધમકી હેઠળ ખેડૂતો પાસે બળજબરીથી ઉઘરાવાતા પૈસાને હાથ અડાડવાની પણ ના પાડીશ....તેઓ આ સમયમર્યાદામાં સાંસ્થાનિક સ્વરાજ હાંસલ કરવાની આશા સેવતા હતા. તેમણે એવી સ્પષ્ટતા કરી કે તેમણે બારડોલીનો સવિનયભંગ બારડોલી તૈયાર નહોતું એટલી ખાતર મોકૂફ રાખ્યો નહોતો. પણ ચૌરીચોરામાં ફાટી નીકળેલ હિંસાના સીધા પરિણામરૂપ મોકૂફ રાખ્યો હતો. સાંસ્થાનિક સ્વરાજ આપવામાં ન આવે અને તમે સવિનયભંગ કરવાનું વિચારતા હો તે દરમિયાન જો બીજું ચૌરાચોરી ઊભું થાય તો શું આપ એ કાર્યક્રમ ફરીથી મોકૂફ રાખશો ? એવા સવાલના જવાબમાં એમણે કહ્યું : એ મારી એક નબળાઈ છે અને તમારે તે નિભાવી લેવી પડશે. મેરઠના મુકદ્દમા બાબત આપ શું કરશો એવો સવાલ પૂછતાં મહાત્માજી એ કહ્યું : મારા હાથમાં હોય તો હું આરોપ પાછો ખેંચી લઉં, કેમ કે મારા દૃષ્ટિબિંદુ પ્રમાણે કોઈ પણ જાતનો અભિપ્રાય ધરાવવાની પૂરી છૂટ હોવી જોઈએ.... મુલાકાતને અંતે તેમણે કહ્યું કે આ પ્રાંતની તેમની આખી મુસાફરી દરમિયાન, અહીં ગાળેલ કલાક તેમને માટે સૌથી વધારે આનંદદાયી હતો."[૭]**

ગાંધીજી આ મુલાકાત અંગે લખે છે,

'કાલે મીરતના કેદીઓને મળ્યો.[૮] સવાદોઢ કલાક બેઠો. એમના મહેણાં પેટ ભરીને સાંભળ્યાં, ને એમને

**ખૂબ ગમ્મત કરાવી ચાલી આવ્યો. એઓએ મારા જવાની આશા રાખી જ નહોતી. તેથી મને જોઈ બહુ ખુશ થયા જણાયા. વાતો તો દેવદાસ કે પ્યારેલાલ લખી મોકલે તો થાય. પ્રોફેસર દેનપ સાથે હતા. મને આશા જ ન હતી કે મારી સાથે જે જાય તેને જવાની છૂટ હતી.'**[૯]

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૨.

૨. જુઓ માનપત્ર-૭ અને માનપત્ર-૨૬

૩. નવજીવન, ૧૦ નવેમ્બર, ૧૯૨૯, પૃ. ૮૬, ૮૭.

૪. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૪૨,પૃ. ૪૮.

૫. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૪૨, પાદનોંધ ૨.પૃ. ૪૯

૬. હિંદના સામ્યવાદી પક્ષના નેતા શ્રી એસ. એસ. ડાંગે.

૭. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૪૨, પૃ. ૫૮

૮. આ અંગેનો લેખ 'નવજીવન'ના ૧૦.૧૧.૨૯ના અંકમાં છપાયો હતો.

૯. મહાદેવભાઈની ડાયરી(અને અન્ય લેખો), પુસ્તક-૧૩, પૃ.૫૩.

## ૫૧ [illegible]

ॐ

### स्वागत-पत्र

### श्रद्धेय पूज्यपाद महात्मा मोहनदास करमचन्द गांधीजी

### की

### पुनित सेवा में समर्पित

*महात्माजी! आज हमारे इस सौभाग्य पर जब कि आपने हमारी तहसील को अपनी चरण रज से पवित्र किया है आप की शुभसेवा में केवल शब्दरूपी तुच्छ भेट प्रस्तुत करना महाकवि कालिदास की उक्ति के अनुसार "आशुलभ्ये फले लोभादु दबाहुरीब वामना" के समाननिधी धृष्टता है परन्तु आशा है कि तूटीयां क्षमा करते हुये आप इस भेंट को स्वीकार कर हमें कृतकृत्य करने की कृपा करेंगे अस्तु-*

*महात्मन! दक्षिण अफ्रीकामे जाकर प्रवासी भारतीयो का जिस प्रकार आपने कष्टो से प्रतिकार किया है उसी प्रकार सम्मति आप भारतीयो का कष्ट दूर करने में अपना तन, मन, धन देते रहे है। आप ही के प्रभाव से विदेशीवस्त्र बहिष्कार तथा खद्दर प्रचार द्वारा देशस्वाधिकार प्राप्ति के लिये अग्रसर हो रहा है। हमारी सत्संग सभा का उदेश्य भी खद्दर प्रचार तथा ग्राम संगठन करना है हमारे यहां अछूतो को भी स्वाधिकार प्राप्त है सबल दुर्बल को नहि सताते परन्तु ग्रामकी आर्थिक स्थिति दुर्बल है आशा है की यहां भी खद्दर एजन्सी खोलने की कृपा की जाय। अन्त में हम ईश्वर से आपकी दिर्घायु तथा संकल्पपूर्ति की प्रार्थना करते हुए धन्यवाद पूर्वक हृदय से आपका स्वागत करते है।*

*१ नवेम्बर, १९२९*　　　　*सदस्य सत्संग सभा टटीरी तहसील बागपात जिल्ला मेरठ*

ॐ

### સ્વાગત-પત્ર

### શ્રદ્ધેય પૂજ્યપાદ મહાત્મા મોહનદાસ કરમચન્દ ગાંધીજીની

### પુનીત સેવામાં સમર્પિત

*મહાત્માજી! આજે અમારું સૌભાગ્ય છે કે આપે આપની ચરણરજથી અમારા તહસીલને પવિત્ર કરેલ છે. આપની સેવામાં માત્ર શબ્દરૂપી તુચ્છ ભેટ અર્પવાનું કાર્ય મહાકવિ કાલિદાસની ઉક્તિ અનુસાર "આશુલભ્યે ફ્લે લોભાદુ દ બાહુરીબ વામના" સમાન છે પરન્તુ આશા છે આપ અમારી ક્ષતિઓને ક્ષમા કરી, અમારી આ ભેટને સ્વીકારી અમને આભારી કરવાની કૃપા કરશો.*

ओ३म्

# स्वागत-पत्र

## श्रीयुत पूज्यपाद महात्मा मोहनदास करमचन्द गांधी जी

को

## पुनीत सेवा में समर्पित

महात्मा जी! आज हमारे इस सौभाग्य पर कि आपने हमारी तहसील को अपनी चरण रज से पवित्र किया है आपकी शुभ सेवा में कपास शब्द रूपी पुष्प भेंट प्रस्तुत करना कहां कवि कालिदास की उक्ति के अनुसार "प्रांशु लभ्ये फले लोभादुद्बाहुरिव वामनः" के समान निरी धृष्टता है परन्तु आशा है कि धृष्टता क्षमा करते हुए आप इस भेंट को स्वीकार कर हमें कृतकृत्य करने की कृपा करेंगे अस्तु –

महाराज! दक्षिणी अफ्रीका में जाकर प्रवासी भारतीयों का जिस प्रकार आपने कष्टों से परित्राण किया है उसी प्रकार सम्प्रति आप भारतीयों का कष्ट दूर करने में अग्रसर हो रहे हैं आपही के प्रभाव से विदेशी वस्त्र बहिष्कार तथा खद्दर प्रचार द्वारा देश स्वाधिकार प्राप्ति के लिये अग्रसर हो रहा है। हमारी सत्संग सभा का उद्देश्य भी खद्दर प्रचार तथा ग्राम संगठन करना है हमारे यहां अछूतों को भी स्वाधिकार प्राप्त हैं सबल दुर्बल को नहीं सताते परन्तु ग्राम की आर्थिक स्थिति दुर्बल है आशा है कि यहां भी खद्दर रूपी गंगा की स्रोत खोलने की कृपा की जायगी। अन्त में हम ईश्वर से आपकी दीर्घायु तथा संकल्प पूर्ति की प्रार्थना करते हुए धन्यवाद पूर्वक हृदय से आपका स्वागत करते हैं॥ हम हैं आपके दासीय सेवक–

सदस्य सत्संगसभा ढढ़ोरी तहसील बागपत जिला मेरठ

([illegible]) [illegible]

*મહાત્માન! દક્ષિણ આફ્રિકામાં જઈને ત્યાંના પ્રવાસી ભારતીઓનાં કષ્ટો માટે જે રીતે આપે પ્રતિકાર કર્યો, એ જ રીતે આપ ભારતીઓનાં કષ્ટ દૂર કરવા તન, મન, ધન અર્પતા રહેશો. આપના જ પ્રભાવથી વિદેશીવસ્ત્રો બહિષ્કાર તથા ખાદી પ્રચાર દ્વારા દેશ સ્વાધીનતા પ્રાપ્તિ માટે અગ્રસર થઈ રહ્યો છે. અમારી સત્સંગ સભાનો ઉદ્દેશ્ય પણ ખાદી પ્રચાર અને ગ્રામ સંગઠન કરવાનો છે. અમારે ત્યાં અછૂતોને પણ સ્વાધિકાર આપવામાં આવ્યા છે. અહીંયાં સબળો નિર્બળોને સતાવતા નથી. પરન્તુ ગામની આર્થિક સ્થિતિ નબળી છે. આશા છે અહીં પણ ખાદી કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે. અન્તમાં અમે ઈશ્વર પાસે આપના દીર્ઘાયુ તથા સંકલ્પપૂર્તિની પ્રાર્થના કરી, ધન્યવાદપૂર્વક હૃદયથી આપનું સ્વાગત કરીએ છીએ.*

*૧ નવેમ્બર, ૧૯૨૯ — સદસ્ય સત્સંગ સભા ટટીરી તહસીલ બાગપાત જિલ્લા મેરઠ*

આ માનપત્ર ૧ નવેમ્બર, ૧૯૨૯ના રોજ ટટીરી મુકામે ગાંધીજીને આપવામાં આવ્યું હતું. આજે ઉત્તરાખંડમાં આવેલા ટટીરી શહેર ટટીરી ગહરવાલ જિલ્લાનું મુખ્ય મથક અને શહેર છે. એ સમય તે સંયુક્ત પ્રાંતમાં આવેલું હતું. અંગ્રેજ શાસન કાળ દરમિયાન તે દેશી રાજ્ય હતું. જૂનું ટટીરી શહેર ભાગીરથી અને ભીલંગના નદીના કાંઠે આવેલું હતું. ગહરવાલ રાજ્યનું તે મુખ્ય શહેર હતું. ૧૯૦૯માં ૧૦૮૦૦ કિલોમીટરમાં પથરાયેલ આ શહેર તેની વસ્તી ૨૬૮૮૮૫ હતી. ૧૮મી સદીમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સમયમાં ટટીરી પોર્ટ ઓફ ધી સીટી તરીકે ઓળખતું હતું.[૨] ટટીરી શહેર ભારતના ઇતિહાસમાં જાણીતા એવા ચીપકો આંદોલન માટે પણ જાણીતું છે. સુંદરલાલ બહુગુણાના નેતૃત્ત્વમાં ૧૯૭૩માં ચાલેલું ચીપકો આંદોલનમાં પણ ગાંધીજીના અહિંસાના સિદ્ધાંત પર આધારિત હતું.[૩]

ટટીરી ગામની સત્સંગ સભાના સભ્યો દ્વારા આપવામાં આવેલ આ માનપત્ર હસ્તલિખિત અને શુદ્ધ હિંદી ભાષામાં છે. માનપત્રના પ્રથમ ફકરામાં સૌપ્રથમ કવિ કાલિદાસની કૃતિ "રઘુવંશ"ના એક શ્લોકની ઉક્તિનો સુંદર ઉપમા અર્થે ઉપયોગ થયો છે. "રઘુવંશ"માં કવિ કાલિદાસ એક શ્લોકમાં કહે છે રાજા રઘુના વિશાળ વંશનું વર્ણન કરવું એ તો જાણે એક નાનકડા તરાપામાં દરિયો પાર કરવા જેવું અશક્ય કાર્ય છે, જેમ કોઈ વામન માનવી ઊંચે રહેલ ફળ મેળવવા લાલચપૂર્વક હાથ ઊંચા કરે, એવી જ આપને આ માનપત્ર અર્પતા અમારી સ્થિતિ છે. માનપત્રના બીજા ભાગમાં ગાંધીજીનાં કાર્યો પ્રશંસા સાથે ભારતમાં ગાંધીજીએ શરૂ કરેલ વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર, ખાદી પ્રચાર અને એ દ્વારા સમગ્ર દેશમાં પ્રસરેલ સ્વાધીનતાની લડતની પણ પ્રશંસા કરી છે. એ સાથે ટટીરીની સત્સંગ સભાનો ઉદ્દેશ્ય વ્યક્ત કરતા, ખાદી પ્રચાર અને ગ્રામસંગઠન કરવાનો ઉદ્દેશ તેમાં અભિવ્યક્ત થયેલો જોવા મળે છે. ગામમાં અસ્પૃશ્યોને સમાન અધિકાર પ્રાપ્ત છે. સમાજના નિર્બળ લોકો પર કોઈ પ્રકારની સતામણી નથી થતી. અલબત્ત, ગામની આર્થિક સ્થિતિ નબળી હોવાનો સ્વીકાર માનપત્રને અંતે કરવામાં આવેલો છે.

ટૂંકમાં ગાંધીજીના વિચારોનો પ્રભાવ માનપત્રમાં પ્રતિબિંબિત થાય છે.

ગાંધીજી માટે ૧ નવેમ્બર, ૧૯૨૯નો દિવસ ઘણો સક્રિય હતો. મીરતમાં કાયસ્થ પાઠશાલા તરફથી માનપત્ર મેળવી તેઓ ટટીરી પહોંચ્યા હતા. ત્યાં તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું. ટટીરીમાં કોઈ સભા ભરાયાના કે ગાંધીજીએ આ માનપત્રનો કોઈ પ્રતિભાવ આપ્યાના કોઈ આધારો સાંપડતા નથી. ત્યાંથી ગાંધીજી કૉંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં હાજરી આપવા દિલ્હી પહોંચ્યા હતા. એ બેઠક પૂર્ણ થતાં તેઓ સર્વપક્ષીય

નેતાઓની સભામાં ગયા. સર્વપક્ષીય નેતાઓની સભામાં વાઇસરોયએ આગલા દિવસે કરેલ નિવેદન[૪] અંગે ચર્ચા થઈ. અને ગાંધીજીએ સૂચવ્યા મુજબ સર્વપક્ષીય નેતાઓએ સરકાર સમક્ષ ત્રણ પ્રાથમિક શરતો મૂકી.

"૩૧મી ઑક્ટોબરની વાઇસરોયની જાહેરાત અંગે વિચારણા કરવા સર્વપક્ષીય પરિષદની બેઠક વિઠ્ઠલભાઈ પટેલના નિવાસસ્થાને ૧, ૨, નવેમ્બરના રોજ મળી હતી. તેમાં સર્વાનુમતે આગેવાનોએ એક સંયુક્ત નિવેદન તૈયાર કર્યું હતું. જેના પર ગાંધીજી, મદનમોહન માલવીયા, તેજ બહાદુર સપ્રુ, એમ. એ. અન્સારી, બી. એસ. મુંજે, શેરવાણી, એમ. એસ. અણે, સૈયદ મહંમદ, પુરષોત્તમદાસ ઠાકુરદાસ, મહમદાબાદના મહારાજા, મોતીલાલ નહેરુ, જવાહરલાલ નહેરુ, એની બેસન્ટ, સરોજિની નાયડુ, એ.આર.આયંગર, જે. એમ. સેનગુપ્તા, વલ્લભભાઈ પટેલ, જગતનારાયણ લાલ, જી. એ. નટ્સન, દુનાચંદ, પી.આયર અને બીજા અનેક નેતાઓએ સહી કરી હતી. એ નિવેદનમાં મુખ્ય ત્રણ બાબતો સૂચવવામાં આવેલ હતી. એ મુજબ –

૧. વધારે શાંત વાતાવરણ ઊભું કરવા માટે એકંદરે સમાધાનકારક વલણ સ્પષ્ટરૂપમાં અખત્યાર થવું જોઈએ.

૨. બધા જ રાજદ્વારી કેદીઓને છોડી મૂકવા જોઈએ, અને

૩. પ્રગતિશીલ રાજદ્વારી સંસ્થાઓનું અસરકારક પ્રતિનિધિત્વ મેળવવું જોઈએ અને તેમાંની સૌથી મોટી સંસ્થા હિંદ રાષ્ટ્રીય મહાસભાને આગળ પડતું પ્રતિનિધિત્વ અપાવું જોઈએ.

નામદાર સરકાર તરફથી વાઇસરોયે કરેલા નિવેદનમાં સાંસ્થાનિક દરજ્જા અંગેના એક પેરેગ્રાફના અર્થઘટન વિશે થોડી શંકા વ્યક્ત કરવામાં આવી છે. પરંતુ અમારી સમજ એવી છે કે પરિષદ સાંસ્થાનિક દરજ્જો ક્યારે આપવામાં આવશે તેની ચર્ચા માટે નહિ પણ હિંદ માટેના સાંસ્થાનિક બંધારણની યોજના ઘડવા માટે મળવાની છે. અમને આશા છે કે નામદાર વાઇસરોયની મહત્ત્વપૂર્ણ જાહેરાતના અર્થને અને રહસ્યને આ રીતે સમજવામાં અમે ભૂલ કરતા નથી."[૫]

રાજકારણની આટલી ગહન ચર્ચા સાથે ગાંધીજી હળવી વાતો અને પત્રોનો પણ અચૂક જવાબ વાળતા હતા. એવો જ એક પત્ર તેમણે ૧ નવેમ્બર, ૧૯૨૯ના રોજ મેરઠથી તેમના અનુયાયી અને સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિક શ્રી છગનલાલ જોશીને લખ્યો હતો. શ્રી છગનલાલ જોશીએ ગાંધીજીને મોટર રાખવાનું સૂચન કર્યું હતું. તેના ઉત્તરમાં ગાંધીજીએ આપેલ જવાબ જાણવા જેવો છે. ગાંધીજી આધુનિકતા અને યંત્રોના વિરોધી હતા, એવી માન્યતાને આ પત્ર કેટલી સહજથી નકારે છે. ગાંધીજી લખે છે,

"તમારો કાગળ મળ્યો. મોટર રાખવા વિશે તો ઘણી વાર ચર્ચા થઈ ગઈ છે. મોટર રાખતાં ખર્ચ ઓછું થાય એ સંભવ છે, પણ ઉપાધી વધે, અને તેનો ઉપયોગ પણ વધે. અને છેવટે એ મોટરને આપણે કાઢવી પડે એમ લાગે છે. મોટરની એક બે વખત ભેટ મળવાના કહેણ પણ હતાં. ઇરાદાપૂર્વક અને મગનલાલ ઇત્યાદિની સાથે ચર્ચા કર્યા પછી પાછાં વાળ્યાં હતાં.

મોટર કરતાં આપણને વધારે જરૂરની વસ્તુ વધારે સગવડતાવાળી અને ઓછા ખર્ચવાળી વસ્તુ વીજળી છે. એ વસાવીએ તો આપણો ચૂલો પણ વીજળીનો થાય. અને છતાંય એ વસાવવાની પણ મારી હિમ્મત ચાલતી નથી. પણ હું માનું છું કે, કોક દિવસ આપણે ત્યાં મોટર અને વીજળી આવશે જ. મારા જીવનમાં પણ આવે અને હું પોતે હારીને મારો એકડો પણ આપું એમ બને. પણ હમણાં તો અંતરનાદ સ્પષ્ટ કહે છે કે, એ કામ ન કરવા દેવા જેવાં છે."[૬]

૨ નવેમ્બર, ૧૯૨૯ના રોજ દિલ્હી મ્યુનિસિપાલિટીએ યોજેલ સ્વાગત સમારંભમાં ગાંધી ઉપસ્થિત

રહ્યા હતા. દિલ્હી મ્યુનિસિપાલિટીએ ગાંધીજીને માનપત્ર આપ્યું હતું. તેના પ્રતિભાવમાં ગાંધીજીએ કહ્યું હતું,

**"મારું બહુમાન કરવા બદલ હું મ્યુનિસિપાલિટીનો આભારી છું. મોડા થવા માટે દિલગીર છું. ડૉક્ટરો, વકીલો અને રાષ્ટ્રીય સેવકો તેમના સમયના સ્વામી હોતા નથી. શહેર માટે કરેલાં કાર્યો માટે હું મ્યુનિસિપાલિટીને અભિનંદન આપું છું. તમારી પ્રથમ ફરજ તો કેવળ ગરીબોની સેવા કરવાની છે. ગરીબ, જરૂરિયાતવાળા અને નિરાધાર લોકોની સેવા એ જ મ્યુનિસિપાલિટી કરી શકે એવી એકમાત્ર સેવા છે. જો તમે એમ માનતા હો કે રાષ્ટ્રીય ધર્મ મ્યુનિસિપાલિટીના કાર્યપ્રદેશની બહાર છે તો એમાં તમારી ભૂલ થાય છે. શહેરમાં હિંદુ-મુસ્લિમ-એકતા સ્થાપવી એ તમારી મુખ્ય ફરજ છે, ધારાધોરણમાં એનો સમાવેશ ન થયો હોવાને કારણે જે મ્યુનિસિપાલિટી આ બાબતમાં પોતાની ફરજ બજાવતી નથી તે પોતાની ફરજ ચૂકે છે."[૭]**

---

૧. અર્થાત "ઊંચે રહેલ ફળ મેળવવા માટે લોભી અને વામન માનવી ઊંચા હાથ કરી પ્રયત્ન કરે."

૨. https://en.wikipedia.org/wiki/Tehri

૩. https://en.wikipedia.org/wiki/Chipko_movement

૪. વાઇસરોયએ એવું નિવેદન કર્યું હતું કે સાયમન કમિશનનો અહેવાલ મળી જાય પછી, હિંદને સાંસ્થાનિક સ્વરાજ આપવા માટે અને એની વિગતો નક્કી કરવા માટે એક ગોળમેજી પરિષદ બોલાવવામાં આવશે.

૫. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૪૨, પૃ.૮૨.

૬. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૪૨, પૃ.૮૦.

૭. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૪૨, પૃ.૮૩.

# ૫૨ મતારા (શ્રીલંકા) શહેરનું માનપત્ર

આ માનપત્ર શ્રીલંકા અર્થાત્ સિલોનના મતારા શહેરમાં ૨૪ નવેમ્બર, ૧૯૨૭ના રોજ ગાંધીજીને આપવામાં આવ્યું હતું. ગાંધીજીએ જીવનમાં માત્ર એક વાર નવેમ્બર, ૧૯૨૭માં શ્રીલંકા(સિલોન)ની ઐતિહાસિક મુલાકાત લીધી હતી. શ્રીલંકાના પ્રખર સ્વાતંત્ર સેનાની ચીલાઉના ચાર્લ્સ એડગર કોરિયા અને તેમના ભાઈ વિક્ટર કોરિયાના નિમંત્રણને માન આપી ગાંધીજી શ્રીલંકા આવ્યા હતા. ગાંધીજીની ત્રણ સપ્તાહની શ્રીલંકાની મુલાકાત દરમિયાન તેમણે કોલંબો, નેગોમ્બો, ચીલાઉ, બદુલ્લા, કેન્ડી, ન્યુરેલીયા, ગાલે, જાફના, માતેલ, મતાલા અને રામનાદ વગેરે સ્થાનોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે અનેક સભાઓ સંબોધી હતી. અને તેમને અનેક માનપત્રો એનાયત થયાં હતાં. બૌદ્ધ થિયોસોફિકલ સોસાયટી દ્વારા સ્થાપિત અનેક શાળાઓ અને કૉલેજોની પણ તેમણે મુલાકાત લીધી હતી. જેમાં આનંદ કૉલેજ, વિયોદય કૉલેજ, નાલંદા વિદ્યાલય, ધર્મરાજ કૉલેજ અને ઝહીરા કૉલેજ વગેરેનો સમાવેશ કરી શકાય.[૧]

ગાંધીજીના સિલોન પ્રવાસનો આરંભ ૭ નવેમ્બરે થયો હતો. મુંબઈથી ૭ નવેમ્બરે ગાંધીજી આગબોટ "એસ.એસ.કવેરિબા"[૨]માં કોલંબો જવા નીકળ્યા હતા. ૧૧ નવેમ્બરે તુતીકોરીનથી આગબોટ બદલી "ચિકોઆ" નામક આગબોટમાં બેઠા હતા. ગાંધીજી માર્ગમાં હતા એ દરમિયાન ભારતમાં ૮-૧૧-૧૯૨૭ના રોજ સરકારે એક કમિશન નીમ્યું હતું. જેના પ્રમુખ સર જ્હોન સાયમન હતા. આ કમિશનમાં એક પણ ભારતીય સભ્ય ન હોઈ, કોંગ્રેસ પ્રમુખ ડૉ. એમ. એ. અન્સારીએ તેનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. ૧૨ નવેમ્બરના રોજ ગાંધીજી કોલંબો પહોંચ્યા હતા. આમ ૧૨ નવેમ્બરથી તેમનો સિલોન પ્રવાસ આરંભાયો હતો. ૩૧[૩] નવેમ્બરના રોજ સિલોન ડેઈલી ન્યૂઝના પ્રતિનિધિએ ગાંધીજીની મુલાકાત લીધી હતી. ત્યારે સાયમન કમિશન અંગેના એક પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ કહ્યું હતું,

**"મને લાગેવળગે છે ત્યાં સુધી આ બાબતમાં મારું અંતઃકરણ રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ અને સામાન્ય કોંગ્રેસના હાથમાં છે. આ બાબતમાં કોંગ્રેસના નેતાઓના અભિપ્રાયથી જુદો મારો કોઈ અભિપ્રાય નથી."**[૪]

૧૨થી ૧૬ નવેમ્બર ગાંધીજી કોલંબોમાં હતા. ત્યાં તેમણે અનેક સભાઓ સંબોધી અને તેમને અનેક માનપત્રો આપવામાં આવ્યાં હતાં. નેગોમ્બો, ચીલાઉ, મતાલે, કેન્ડી, બદુલ્લા, ન્યુરેલીયા, કોલંબો, ગાલે થઈ ગાંધીજી ૨૪ નવેમ્બરના રોજ મતારા પહોંચ્યા હતા. ત્યાં તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું.[૫]

મતારા શહેરી વિસ્તારના નાગરિકોનું પ્રતિનિધિત્વ કરતી મતારા જિલ્લા પરિષદના અધ્યક્ષ અને સભ્યો દ્વારા આપવામાં આવેલા આ માનપત્ર અંગ્રેજી ભાષામાં છે. હસ્તલિખિત પણ કલાત્મક શૈલીમાં તૈયાર કરેલ આ માનપત્રમાં ગાંધીજી પ્રત્યે સન્માન અને સદ્‌ભાવ થોડા શબ્દોમાં વ્યક્ત કરવામાં આવ્યા છે. શ્રીલંકાનું મુખ્ય શહેર અને જિલ્લાનું મુખ્યમથક મતારા કોલંબોથી ૧૬૦ કિલોમીટરના અંતરે આવેલો ટાપુ છે. તેનું મૂળનામ મહાથોટા હતું. તેમાંથી અપભ્રંશ થઈ મતારા થયું હતું.

# TO MAHATMA GHANDI

DEAR SIR

We the Chairman and members of the Urban District Council of Matara, representing the citizens of the Urban area of Matara have much pleasure in offering you a HEARTY WELCOME to this town, which is an ancient seat of learning.

We have watched with much admiration & interest your work for the social & political welfare of INDIA.

Your selfless devotion to duty has been a Source of Inspiration to all people. We sincerely hope your sojourn in this Island will be a pleasant one and that you will carry happy recollections of our Country and its people.

We wish you a Long Life of continued usefulness.

On behalf of
The Matara Town

[signature] Chairman
A. B. Gooneratne
Vice Chairman

*To MAHATAMA GHANDI*

*Dear Sir*

*We the Chairman and members of the Urban District Council of MATARA representing the citizens of the Urban area of Matara have much pleasure offering you a HEARTY WELCOME to this town, which is an ancient seat of learning.*

*We have watched with much admiration & interest your work for the social & political welfare of INDIA.*

*Your selfless devotion to duty has been a Source of Inspiration to all people. We sincerely hope your sojourn in this Island will be a pleasant one and that you will carry happy recollections of our Country and its people.*

*We wish you a Long Life of continued usefulness.*

*On behalf of*

*The Matara Town*

*મહાત્મા ઘાન્ડી*[પ]

*પ્રિય સાહેબ,*

*અમે મતારા શહેરી વિસ્તારના નાગરિકોનું પ્રતિનિધિત્વ કરતી મતારા જિલ્લા પરિષદના અધ્યક્ષ અને સભ્યો આ શહેરમાં આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ, જે શહેરમાં શીખવાની પરંપરા પ્રાચીન છે.*

*અમે ભારતના સામાજિક અને રાજકીય કલ્યાણના આપનાં કાર્યોનું પ્રશંસનીય અને રસપૂર્વક નિરીક્ષણ કર્યું છે.*

*આપની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને નિસ્વાર્થ સેવા પ્રજા માટે પ્રેરણાનું સ્રોત છે. અમે આશા રાખીએ છીએ કે આ ટાપુ પરની આપની મુલાકાત સુખદ રહેશે અને અમારા દેશ અને લોકો માટે સુખદ સ્મૃતિ બની રહેશે.*

*અમે આપના સતત ઉપયોગી અને દીર્ઘાયુ જીવનની મનોકામના કરીએ છીએ.*

*મતારા શહેર વતી*

ગાંધીજીને મતારામાં આપવામાં આવેલ આ માનપત્રમાં કોઈ પણ જગ્યાએ માનપત્ર આપ્યાની તારીખ આપવામાં આવી નથી. પણ મતારા શહેરનો ઉલ્લેખ ગાંધીજીની દિનવારીમાં જોવા મળે છે. જે ઉપરથી આ માનપત્રની તારીખ નક્કી થઈ શકી છે. વળી, ગાંધીજીના અક્ષરદેહમાં મતારામાં ગાંધીજીએ આપેલ ભાષણ પણ ઉપલબ્ધ છે. માનપત્રના પ્રત્યુતરમાં ગાંધીજીએ કહ્યું હતું,

“તમે આ બધાં માનપત્રો અને જુદી જુદી થેલીઓ આપવાની જે ભલમનસાઈ બતાવી તે બદલ હું તમારો ઘણો જ આભારી છું. શોફરો[૬], નાઈઓ તથા બીજા મિત્રોએ પોતાની થેલીઓ આ મંચ પર આપી છે. ગરીબ માણસો તરફથી મળેલ આ થેલીઓની હું સાચા દિલથી કદર કરું છું. એ ઉપરથી દેખાઈ છે કે તેઓ પોતાના

કરતાં ઘણા ગરીબ લોકોને ભૂલ્યા નથી. પણ એક થેલીની જાહેરાત કરવામાં નથી આવી. એ થેલી એટલે તમારા પ્રતિનિધિ શ્રી ઓબેસેકરેનો પાંચસો રૂપિયાનો ચેક છે. આ ચેક વિશે બે મત છે, અને તે એ કે તેમણે પોતાની નમ્રતાથી પ્રેરાઈને પોતાની ભેટ છુપાવી છે. પણ બીજો પણ એક આવો મત છે જે અનુભવ પર આધારિત હોય મારા મત કરતા વધુ વજનદાર છે. અને તે એ કે શ્રી ઓબેસેકરે એટલા કંજૂસ છે કે શોફરોની થેલી સાથે પોતાના પાંચસો રૂપિયાની સરખામણી કરવામાં આવે તેથી તે જાહેર કરવા ઇચ્છતા નથી. પણ હું એક ભિક્ષુક છું અને ટ્રસ્ટી છું તેથી ઓબેસેકરેની ઉદારતા કે કંજૂસાઈ બાબતમાં હું નિર્ણય ન આપી શકું. એ નિર્ણય આપવાનું તો હું, તેમના મતદાર મંડળ પર એટલે કે તમારા પર છોડું છું કે જેનું પ્રતિનિધિત્વ તેમણે યોગ્ય રીતે પણ કર્યું હોય કે અયોગ્ય રીતે પણ કર્યું હોય. પરંતુ હિંદના ભૂખે મરતા લાખો લોકો માટે મને જે દાન આપ્યું છે તે બદલ તમે બધા મારાં હાર્દિક ધન્યવાદ સ્વીકારશો. હું તમને એટલી ખાતરી આપું છું કે આ થેલીમાં નાખેલો દરેક રૂપિયો તમારા ખિસ્સાના રૂપિયા કરતાં વધારે ફળદાયી છે. કારણ કે મારા હાથમાંનો એક રૂપિયો એટલે એના સિવાય જેમણે ભૂખે મરવું પડત એવી હિંદની ૧૬ ગરીબ કાંતનારીઓ માટે એક ટંકનું ભોજન.

આ સુંદર સ્થળે આવતી વખતે શ્રી શ્રી ઓબેસેકરેએ મને ખબર આપી કે મતારામાં હાથવણાટ કરાવવાનો પ્રયત્ન ચાલે છે. આ પગલા માટે હું તમને અભિનંદન આપું છું અને જો થોડા મહિનામાં મને જણાવવામાં આવશે કે આ દેશમાં, કોઈ નહીં તો તમે, પોતાને હાથે વણેલું કાપડ પહેરો છો, તો એ જાણી મને જેટલો આનંદ થશે એટલો બીજી કોઈ ચીજથી નહિ થાય. પણ તમે તમારે પોતાને હાથે કાંતેલું કાપડ પહેરવાની તૈયારી કરી રહ્યા છો ત્યારે હું એટલું માગી શકું કે ભવિષ્યમાં તમારે કાપડ ખરીદવાનું હોય ત્યારે તમે ખાદી ખરીદીને તમે આપેલા દાનોની ભાવના ચાલુ રાખશો. વળી, એક બીજી વાત પણ કહું કે જો તમે તમારી કાપડની જરૂરિયાત બાબતમાં આત્મનિર્ભર થવા માંગતા હો તો તેની શરૂઆત હાથકાંતણથી કરવી જોઈશે."[૭]

ગાંધીજીની શ્રીલંકાની ૧૨થી ૩૦ નવેમ્બર, ૧૯૨૭ની ૧૮ દિવસની યાત્રામાં તેમને લગભગ ૨૫ જેટલાં માનપત્રો મળ્યાં હતાં. એ સાથે તેમણે ૨૦ જેટલી જાહેર સભાઓને સંબોધી હતી. તેમાં તેમના વિચારો અને શ્રીલંકાની પ્રજા પ્રત્યેની અપેક્ષાઓ ઠેરઠેર જોવા મળે છે. ૨૫ નવેમ્બર કોલંબોમાં કાયદાના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આપતાં તેમણે વકીલાતના વ્યવસાયમાં ધાર્મિકતા કેવી રીતે લાવી શકાય ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું હતું,

"તમે આ પ્રશ્ન પૂછ્યો તેથી રાજી થયો. કારણ હું કહી શકું છું કે જો આ વિષયમાં હું અધિકારપૂર્વક ન બોલી શકું તો બીજું કોઈ ન જ બોલી શકે. કારણ કે વકીલ તરીકેની મારી સારીયે કારકિર્દી દરમિયાન હું કદી સત્ય અને પ્રમાણિકતાથી જરાયે ચલિત થયો નથી. વારુ, ત્યારે, વકીલના ધંધામાં ધાર્મિકતા દાખલ કરવી હોય તો તમારે એક વાત હંમેશાં યાદ રાખવી જોઈએ કે દુર્ભાગ્યે આજે ઘણી વાર કરવામાં આવે છે તેમ તમારે તમારા ધંધાને ખિસ્સા ભરવાનું સાધન ન બનાવતાં તેનો ઉપયોગ દેશની સેવામાં કરવો જોઈએ. બધા દેશોમાં એવા શ્રેષ્ઠ વકીલોના દાખલા મળે છે જેમણે સ્વાર્થ ત્યાગપૂર્વક જીવન ગાળ્યું અને જેમણે પોતાની તેજસ્વી કાનૂની પ્રતિભાનો સઘળો ઉપયોગ, પોતાને લગભગ ગરીબાઈમાં રહેવું પડ્યું હોવા છતાં પોતાના દેશની સેવામાં કર્યો. હિન્દુસ્તાનમાં તમારી સમક્ષ સદગત મનમોહન ઘોષનો દાખલો છે. તેમણે ગળીના બગીચા માલિકો એટલે નીલવરો સામે લડવાનું શરૂ કર્યું અને પોતાના ગરીબ અસીલોની, પોતાના શ્રમ માટે પોતાના અસીલો પાસેથી એક પણ પાઈ લીધા વગર, પોતાની તબિયતના ભોગે, પોતાના જીવના જોખમે, સેવા કરી. તેઓ અત્યંત બુદ્ધિશાળી વકીલ હતા, પણ તેની સાથે ભારે પરોપકારી પણ હતા. આ એક દાખલો એવો છે જે તમારે તમારી સમક્ષ રાખવો જોઈએ. અથવા એથીય સારી વસ્તુ એ છે કે રસ્કિને પોતાના પુસ્તક "અનટુ ધિસ લાસ્ટ"(સર્વોદય)માં આપેલ બોધને અનુસરો. તે

પૂછે છે : 'જ્યારે સુથારને પોતાના કામ માટે મુશ્કેલીથી પંદર શિલિંગ મળે છે ત્યારે કોઈ વકીલે પોતાના કામના પંદર પાઉન્ડ શા માટે માંગવા જોઈએ ? વકીલો દરેક જગ્યાએ અઘટિત ફી લે છે. હું કબૂલ કરું છું કે મેં પોતે એટલી ફી લીધી છે જેને અત્યારે અતિ ભારે ફી કહું. પણ મને કહેવા દો કે હું જ્યારે વકીલાત કરતો હતો ત્યારે પણ મેં મારા ધંધાને મારી જાહેર સેવાના માર્ગમાં અંતરાયરૂપ થવા દીધો નથી."[૮]

૨૯ નવેમ્બર, ૧૯૨૯ ગાંધીજીનો શ્રીલંકામાં છેલ્લો દિવસ હતો. એ દિવસે તેઓ જાફનામાં હતા. તેમણે જાફનાની સેંટ જ્હોન કૉલેજ, સેન્ટ્રલ કૉલેજ, ઉદીવીલ સ્ત્રીઓની કૉલેજ, રામનાથન સ્ત્રીઓની કૉલેજ વગેરેની મુલાકાત લીધી હતી. જાફનાની તેલ્લીપલ્લી વણાટ શાળાની પણ ગાંધીજીએ મુલાકાત લીધી હતી. વણાટ શાળા શરૂ કરવા બદલ ગાંધીજીએ વ્યવસ્થાપકોને અભિનંદન આપ્યાં હતાં. પણ તેમણે કહ્યું કે જ્યાં સુધી તમે હાથકાંતણ પણ દાખલ નહિ કરો ત્યાં સુધી તમને પૂરી સફળતા નહિ મળે. જાફનાની જાફના કૉલેજની દાનની થેલી સ્વીકારી, તેના પ્રતિભાવમાં ગાંધીજીએ પોતાના ભાષણમાં કહ્યું હતું,

"તમારા આ દ્વીપકલ્પની સંખ્યાબંધ શિક્ષણસંસ્થાઓની મુલાકાત લેતાં મને ઘણો જ આનંદ થયો. તેમાં આ દ્વીપકલ્પમાં હું જૂનામાં જૂની સમજું છું એવી આ શિક્ષણસંસ્થામાં આવતાં મને ઓછો આનંદ થયો નથી. તે ઉપરાંત મને કહેવામાં આવ્યું છે કે આજે આ સંસ્થાના અનેક જૂના વિદ્યાર્થીઓ દેશના પ્રખ્યાત સેવકો છે. અને છેલ્લે, બેંગલોરમાં મને તમારા વાઈસ પ્રિન્સિપાલને મળવાનો આનંદ પ્રાપ્ત થયો હતો. અને સ્વાગત સમિતિના બે મંત્રીઓ પણ આ શાળાના જૂના વિદ્યાર્થીઓ છે. છોકરાછોકરીઓના હસતા ચહેરા જોઈ મને હંમેશાં આનંદ થાય છે. વળી, હું જાણું છું કે જે કામ કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે એ કામ આજે માતૃભૂમિની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર અનેક પુખ્ત ઉંમરના છોકરાઓ કરી રહ્યા છે. તેથી તમારી થેલીની મારે મન ઘણી કિંમત છે. હું જાણું છું કે એવા છોકરા-છોકરીઓ પાસેથી મને મળેલી આ બધી રકમો કરતાં વધુ ફળદાયી નીવડશે. તમારા પૈસા નિર્દોષતાની છાપ સાથે આવે છે અને તે કરોડો અથવા કરોડોમાંના કેટલાંક એવાં સ્ત્રીપુરુષો પાસે જ જાય છે, જેઓ નિર્દોષ છે અને કદાચ હેતુપૂર્વક નિર્દોષ છે. કારણ કે તેઓ દોષિત બની શકતાં નથી.[૯]

---

૧ https://wikivividly.com/wiki/Mahatma_Gandhi%27s_visit_to_Chilaw%2C_Sri_Lanka

૨. ગાંધીજીની દિનવારીમાં આગબોટનું નામ "ક્વેરિનબ"(પૃ.૨૨૬)આપ્યું છે. જ્યારે મહાદેવભાઈની ડાયરી, પુસ્તક-૧૧માં એસ. એસ. કોલાબા આપ્યું છે.

૩. ગાંધીજીની દિનવારી, પૃ ૨૨૭

૪. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૩૫, પૃ.૨૦૯

૫. માનપત્રના સંબોધનમાં લખાયેલ "Ghandi' શબ્દનો ઉચ્ચાર "ઘાન્ડી" થાય છે.

૬. શોફર સંઘે સો રૂપિયાની થેલી ગાંધીજીને આપી હતી.

૭. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૩૫, પૃ. ૨૭૮, ૨૭૯.

૮. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૩૫, પૃ. ૨૭૯.

૯. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૩૫, પૃ. ૩૧૩.

## ૫૩ જોહાનિસબર્ગ(દક્ષિણ [illegible]

*To*

*Mohandas Karamchand Gandhi Esq*[1]

*Dear Sir Gandhi,*

*On the eve of your departure for India, we the undersigned of the European Committee of sympathisers with the Indian Community during the resent Passive Resistance Struggle, desire to convey to you the expression of our most sincere regards for your qualities of self-sacrifice moderation, devotion to duty, and statesman like action.*

*During these troubles times, in which it was our very great privilege to co-operate with you, and use such influence as we possessed to procure a settlement honourable to all parties, we had your loyal assistance and most valuable advice.*

*It must be a matter of intense satisfaction to you to know that your self-sacrifice, that of the community of which you are ornament, have resulted, in complete success to the cause that you have consistently and conscientiously advocated, and we tender you our sincere congratulation upon this happy events.*

*We wish you & yours long life, happiness and many*

*opportunities of extending your energies on behalf of your countrymen and suffering humanity at large.*

*We are, dear sir Gandhi*

*Yours very sincerely*

*Charles Philips*

| | |
|---|---|
| *John H. Rogers* | *J.Howard* |
| *A.Brown* | *D.Pollock* |
| *C.E.Nelson* | *H.Robons* |
| *A.S.Uadd* | *H.Kallonbach* |
| *R.J.Hall* | *A.SL Polak* |

*Dated at Johannesburg 14 July 1914*

S.N. 6015

108

# To Mohandas Karamchand Gandhi Esq.

Dear Mr Gandhi,

On the eve of your departure for India, we, the undersigned members of the European Committee of sympathisers with the Indian Community during the recent Passive Resistance Struggle, desire to convey to you the expression of our most sincere regards for your qualities of self-sacrifice, moderation, devotion to duty, and statesmanlike action.

During these troublous times, in which it was our very great privilege to co-operate with you, and use such influence as we possessed to procure a settlement honourable to all parties, we had your loyal assistance and most valuable advice.

It must be a matter of intense satisfaction to you to know that your self-sacrifice & that of the community of which you are an ornament, have resulted in complete success to the cause that you have consistently and conscientiously advocated; and we tender you our sincere congratulations upon this happy event.

We wish you & yours long life and happiness and many opportunities of extending your energies on behalf of your countrymen and suffering humanity at large.

We are, dear Mr Gandhi
Yours very sincerely

Charles Phillips (Acting Chairman).

John H. Rogers. — J. Howard.
A. Brown. — D. Pollock.
C. E. Nelson. — H. Robins.
A. S. Judd. — H. Kallenbach.
R. J. Hall. — H. S. L. Polak.

Dated at Johannesburg 14th July 1914.

પ્રતિ

મોહનદાસ કરમચંદ ગાંધી સાહેબ,

પ્રિય ગાંધીજી,

આપના ભારત પ્રસ્થાનની પૂર્વ સંધ્યાએ, અમે નીચે સહી કરનાર યુરોપિયન શુભચિંતક સમિતિના સભ્યો ભારતીય સમાજના અહિંસક પ્રતિકારની લડતમાં નિષ્ઠાપૂર્વક ત્યાગ અને બલિદાન આપનાર આપ જેવા મુત્સદ્દી પ્રત્યે અમારો આદર વ્યક્ત કરીએ છીએ.

મુશ્કેલીની એ પળોમાં અમારું એ સૌભાગ્ય છે કે આપને યોગ્ય સહકાર આપી, આપના પ્રભાવ અને કાર્ય દ્વારા માનપૂર્વક સમાધાન સાધવામાં અમને આપનો સહકાર અને માર્ગદર્શન સાંપડ્યા છે.

આપના માટે નોંધપાત્ર અને સંતોષકારક બાબત છે કે આપનું સ્વ-બલિદાન આપના સમાજ માટે આભૂષણ બની રહ્યું છે, જે સંપૂર્ણ સફળતા માટેનું મુખ્ય અને સભાન કારણ છે. અને તેથી એ સુખદ પળો માટે આપને અમે અભિનંદન પાઠવીએ છીએ.

અમે આપના દીર્ઘાયુ, સુખદ અને ઇચ્છા પૂર્તિઓ દ્વારા આપની ઊર્જા વિસ્તરતી રહે અને આપ માનવસમાજની અવિરત સેવા કરતા રહો, એવી પ્રાર્થના કરીએ છીએ.

સર ગાંધી અમે છીએ

આપના

ચાર્લ્સ ફિલિપ્સ

| | |
|---|---|
| જ્હોન એચ.રોજર્સ | જે. હોવર્ડ |
| એ. બ્રાવોન | ડી. પોલૉક |
| સી. એન. નિલ્સન | એચ. રૉન્સ |
| એ.એસ.યુડ | એચ. કેલનબેક |
| આર.જે.હોલ | એ.એસ.એલ પોલક |

તારીખ જોહાનિસબર્ગ ૧૪ જુલાઈ, ૧૯૧૪

આ માનપત્ર એ સમયનું છે જ્યારે ગાંધીજી દક્ષિણ આફ્રિકાની લડત પૂર્ણ કરી ભારત પરત આવી રહ્યા હતા. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૧૪ના રોજ દક્ષિણ આફ્રિકામાં તમામ સત્યાગ્રહી કેદીઓને જેલમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા. ૧૮ માર્ચના રોજ કમિશનનો અહેવાલ બહાર પડ્યો. ૩ જૂને રિલીફ બિલ બહાર પડ્યું. ૩૦ જૂને સમાધાન થયું.[૨] પરિણામે ગાંધીજીએ ભારત પાછા ફરવાનું નક્કી કરી લીધું હતું. તેથી દક્ષિણ આફ્રિકામાં ઠેર ઠેર ગાંધીજીના વિદાયના કાર્યક્રમો ગોઠવાઈ રહ્યા હતા. તેમને માનપત્રો મળી રહ્યાં હતાં. ૧૩ જુલાઈ ૧૯૧૪ના રોજ ડર્બનથી જોહાનિસબર્ગ આવતાં પહેલાં ગાંધીજીએ ૧૨ જુલાઈના રોજ ડર્બનમાં ભારતીઓને આપેલ સંદેશમાં કહ્યું હતું,

**"હિંદુ, મુસલમાન, પારસી કે ખ્રિસ્તી – ગમે તે હો હિંદી તરીકે બધા એકત્ર થઈ કામ કરજો, કોમી ભેદ ભૂલી જજો. અને દિલને કદી સાંકડું નહિ થવા દેતા. કોમે જે માન મેળવ્યું છે તે બધા સાથે રહીને કામ કરશો તો જ જળવાઈ રહેશે. દક્ષિણ આફ્રિકામાં અજાણથી પણ મારાથી કોઈનું બૂરું થયું હોય તો મને માફ કરજો."[3]**

૧૩મીના રોજ ગાંધીજી જોહાનીસબર્ગ પહોંચ્યા હતા. ત્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. જોહાનિસબર્ગના પાર્ક સ્ટેશને ગાંધીજી અને કસ્તુરબાને આવકારવા વિશાળ ભારતીઓ ભેગા થયા હતા. ગાંધીજી અને કસ્તુરબા માટે એક ઘોડાગાડી રાખવામાં આવી હતી. પણ ભારતીઓનો ઉત્સાહ અદ્ભુત હતો. તેમણે ગાંધીજીને ગાડીમાં બેસાડ્યા, ગાડીમાંથી ઘોડા છોડી જાતે ગાડી ખેંચી. અને પછી એ ભવ્ય સરઘસ શહેરમાં ફર્યું. જોહાનિસબર્ગમાં ગાંધીજી, કસ્તુરબા અને કેલનબેકના માનમાં જપે સ્ટ્રીટમાં આવેલા મેસોનિક હૉલમાં એક ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમને બ્રિટિશ હિંદી સંઘ, હિંદી સંઘ, ચીની સંઘ, તામિલ બેનિફીટ સોસાયટી, ટ્રાન્સવાલા હિંદી સ્ત્રી મંડળ તેમજ ગુજરાતી, મુસ્લિમ અને પારસી કમિટીઓ તરફથી માનપત્રો આપવામાં આવ્યાં હતાં. આ સમયે પોતાના ચાર પુત્રો નારનસમ્ય, બરાસારથી, બાલક્રિશ્નન અને પર્કરીસમ્યને ગાંધીજીને ચરણે અર્પણ કરતા સી. કે. ટી. નાયડુ[૪] એ કહ્યું હતું,

**"મારા તરફથી તથા મારાં પત્ની તરફથી હું આ ચાર છોકરાઓને હિંદના સેવકો બનવા માટે ભેટ તરીકે ધરવામાં ગૌરવ અનુભવું છું."[૫]**

વિદાય સમારંભના ભોજન પછી ગાંધીજીએ પોતાના પ્રતિભાવમાં કહ્યું હતું,

**"જોહાનિસબર્ગ કાંઈ મારે માટે નવું સ્થળ નથી. હું અહીં અનેક ઓળખીતા મિત્રોના ચહેરા જોઉં છું. એમણે જોહાનિસબર્ગની ઘણી લડતોમાં મારી જોડે કામ કર્યું છે. હું જીવનમાં ઘણા અનુભવમાંથી પસાર થયો છું. મારા ભાગમાં ઘણાં દુઃખ અને કષ્ટો વેઠવાના આવ્યાં છે. પરંતુ આ બધાં વર્ષો દરમિયાન, ને હું જોહાનિસબર્ગને તે એક ખાણોનું મથક છે છતાં ચાહતાં શીખ્યો છું. સૌથી કીમતી મિત્રો પણ મને જોહાનિસબર્ગમાં જ મળ્યા છે. સત્યાગ્રહની મહાન લડતનાં મંડાણ પણ ૧૯૦૬ના સપ્ટેમ્બરમાં જોહાનિસબર્ગમાં મંડાયાં હતાં. સ્વ. મિ. ડોક જેવા મિત્ર, માર્ગદર્શક અને મારા ચરિત્રલેખક પણ જોહાનિસબર્ગમાં જ મળ્યા છે. મિસિસ ડોક જેવાં પ્રેમાળ બહેન પણ મને જોહાનિસબર્ગમાં જ મળ્યા છે. મારા મિશન વિશે અને મારા કાર્ય વિશે ગેરસમજ કરનાર એક મારા દેશબંધુએ મારા પર હુમલો કર્યો હતો ત્યારે મારી સેવા કરીને એમણે જ મને પુનર્જીવન આપ્યું હતું. એ જ જોહાનિસબર્ગમાં મને કેલનબેક, પોલાક તથા શ્લેશિન જેવા અનેક લોકો મળ્યા છે. જેમણે મને હંમેશાં મદદ કરી છે અને મને તથા મારા દેશબાંધવોને હંમેશાં પ્રોત્સાહન આપ્યું છે. એટલે જે પવિત્ર સ્મરણો હું અને મારા શ્રીમતી ગાંધી અહીંથી હિંદ લઈ જઈશું, તેમાં જોહાનિસબર્ગનાં સ્મરણો સૌથી પવિત્ર હશે. અને બીજાં અનેક સભાસ્થાનેથી મેં આ પહેલાં કહ્યું છે તેમાં મારે માટે, શ્રીમતી ગાંધી માટે તથા મારાં બાળકો માટે હિંદ પછી બીજા નંબરે દક્ષિણ આફ્રિકા સૌથી પવિત્ર ભૂમિ રહેશે."[૭]**

ગાંધીજીના વિસ્તૃત ભાષણ પછી કેલનબેકે શ્રોતાઓનો આભાર માન્યો હતો. મિસ શ્લેશિનને પણ આ સમારંભમાં માનપત્ર આપવામાં આવ્યું હતું. ડૉ. ક્રાઉઝેના ભાષણ પછી સભાની કાયવાહી પૂર્ણ થઈ હતી.

૧૪ જુલાઈના રોજ એટલે કે આજ દિવસે ગાંધીજીએ ટ્રાન્સવાલા લીડરના ખબરપત્રીને પણ મુલાકાત આપી હતી. જેમાં તેમણે હિંદ પાછા ફરવાના તેમના ઉદ્દેશ અને સમાધાન અંગેના પોતાના વિચારોને વ્યક્ત કરતાં કહ્યું હતું,

**"હું કાયમને માટે હિંદ જઈ રહ્યો છું. અહીં કદી પાછા નહીં ફરવાના ઇરાદાથી હું જઈ રહ્યો છું, અને જો**

મારે દક્ષિણ આફ્રિકા પાછા ફરવું પડશે અગર હિંદ છોડવું પડશે, તો તે મારા કાબૂ બહારના સંજોગોને કારણે જ હશે, અને હમણાં તો એ વાત મારા ખ્યાલ બહારની છે.

મારી ગણતરી પ્રમાણે સમાધાન બંને પક્ષને સંપૂર્ણ રીતે માનભર્યું છે. હું માનું છું કે જનરલ બોથા જનરલ સ્મટ્સ બંને ખૂબ ન્યાયી રીતે વર્ત્યા છે. તેમણે મનમાં કોઈ જાતનો પરદો રાખ્યો નથી. જનરલ સ્મટ્સની એકમાત્ર ઇચ્છા એ હતી કે કોઈ પણ જાતની ગેરસમજ રહેવી નહિ જોઈએ. અને કામનું દબાણ હોવા છતાં એમણે રાજીખુશીથી મને મુલાકાતો આપી અને દરેક તબક્કે હિંદીઓના દૃષ્ટિબિંદુને સમજવાનો પ્રયાસ કર્યો.

અને મને ચોક્કસ લાગે છે કે વિરોધ પક્ષે જે પૂરા દિલથી સહકાર આપ્યો છે તેનાથી વધારે રૂડું બીજું કાંઈ ન હોઈ શકે.

સાચું કહીએ તો સેનેટ અને એસેમ્બલી બંનેમાં ચર્ચાની આખી ભાવના, નાતાલ તરફના કર્કશ સૂર છતાં, ઉચ્ચ શાહી દરજ્જાને શોભે એવી હતી. અને એ જો હદ બહારની ચળવળ કરીને મારા પોતાના દેશબંધુઓ અથવા યુરોપિયનો એ સૂરને ખરાબ કરી નાખશે અને સમાધાને પેદા કરેલી સારી અસરને મારી નાખશે તો તે ભારે અફસોસની વાત ગણાશે. આ સમાધાન, પ્રવેશ અને બીજી બાબતો અંગેની યુરોપિયનોની બધી જ વાજબી માંગણીઓ માન્ય રાખે છે, અને હિંદીઓને, તેઓ છેલ્લા આઠ વર્ષ દરમિયાન જેને માટે લડત ચલાવી રહ્યા છે અને દુઃખ ભોગવી રહ્યા છે તે બધું જ આપે છે. મારી આખી મુસાફરી દરમિયાન મેં જોયું કે યુરોપિયન મિત્રો જેમાંના ઘણા આ પ્રશ્ન વિશે ખરેખર અજાણ હતા અને અંગત રીતે મને તો નક્કી ઓળખતા જ નહોતા તેમનું વલણ દૃષ્ટાંત રૂપ હતું."[૮]

---

૧. ESG એ અંગ્રેજી શબ્દ Esquireનું ટૂંકું રૂપ છે. તેનો અર્થ સાહેબ થાય છે. વધુ વિગત માટે જુઓ https://en.wikipedia.org/wiki/Esquire

૨. ગાંધી, મોહનદાસ, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, નવજીવન પ્રકાશન, અમદાવાદ એપ્રિલ ૧૯૬૯. પૃ. ૩૧૯.

૩. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૧૨,પૃ. ૨૧૧.

૪. ગોવિંદસ્વામી, ક્રિષ્નાસ્વામી થાંબી નાયડુ(Govindasamy Krishnasamy Thambi Naidoo) અર્થાત્ સી. કે. ટી. નાયડુ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના પ્રખર અનુયાયી હતા.

૫. એજન, પૃ ૪૧૧,૪૧૨.(પાદનોંધ ન. ૪).

૬. મિ. રેવરન્ડ જોસેફ જે. ડોક (૧૮૬૧-૧૯૧૩) ગાંધીજીનું પ્રથમ જીવનચરિત્ર "M. K. Gandhi : An Indian Patriot in South Africa" લખ્યું હતું.

૭. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૧૨,પૃ. ૨૧૨.

૮. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૧૨,પૃ. ૪૧૭.

# ૫૪ પબ્લિક સ્કૂલ, મુજફ્ફરપુરનું માનપત્ર

ओंउम — वंदेमातरम — भारत माता की जय

## अभिनन्दन पत्र

अध्यापक तथा विद्यार्थी गण पब्लिक स्कूल शामली जिल्ला मुझफ्फरनगर प्रान्त दिल्ली की और से सेवा में परम पूज्य भारत माता कस्तूर बाई तथा भारत के सच्चे पिता-गुरु.....तथा भारत हृदय सम्राट सत्य की सांप्रत मुर्ति- शांत अथवा अहिंसा के अवतार महात्मा मोहनदास कर्मचन्द गांधी- करजोरि समर्पितपूजनीयमानिश्चरे तथा पूजनीय गुरुवर तथा पितुषर,

हम आप के तुच्छ सेवक और शिष्या नुं शिष्य सब से पहेले उस धृष्टता के लिये क्षमा के प्रार्थी है। जिस का भाग हम इस समय बन रहे हे। हम चाहते थे कि हम आप के सामने न आवे, हमारी अनन्त त्रुटीयां अेसा करने की आज्ञा नहि देती थी किन्तु दुसरी और भावों का समुद्र जो हृदय में जोर मार रहा था और उत्साह तथा समुद्र श्रद्धा की लहेरे जो आप जेसे कर्मयोगी की मेघनाद से उमटी जाती थी फट पडी- हृदय रूपी समुद्र में जवारभाटा आ गया। दुर्बल मन रूपी तट पराजित हुआ हृदय की जीत हुई- आप की सहनशीलता तथा विश्व प्रेम ने हमारे उत्साह को और भी बढा दिया एवम हमे यह साहस हुआ कि हम श्रीमान के सन्मुख उपस्थित हो सके।

हे हृदेयश हमारी दशा इस समय ठीक वैसी है जैसी सुतीक्ष्णकी उस समय थी जब मर्यादा पुरषोतम भगवान रामचंद्र उनके सन्मुख खडे थे। भगवान इस समय कर्नष्य विमुदसे हो रहे है, हम अपने भावो को प्रगट करने में भी बिल्कुल असमर्थ है हम बडे इच्छुक है कि अपनी सच्ची दशा अपने सर्वश्रेष्ठ गुरु के सामने रख दे किन्तु हमारे पास शब्द नही, कुछ लज्जा हमारी राह में बाधक है।

हे वर्तमान युग के कर्मयोगी कृष्ण! हम इस सिद्धांत से भली भांति परिचित है, "राज्य शिक्षा (सरकारी तालीम) कितनी ही अच्छी क्यो न हो- कभी भी राष्ट्रीय शिक्षा (कौमी तालीम) की बराबरी नहि कर सकती" हम भारत में प्रचलित वर्तमान शिक्षा प्रणालिका की त्रुतीयो को भी कुछ कुछ जानते है किन्तु शोक कि दासता दीर्घ काल की दासता ने हमारे जातिय हृदय दुर्बळता की पराकाष्ट तक पहोंचा दिया है- हमारे राष्ट्रीय भाव इतने कुंठित हो गये है- हमारी विवेक बुद्धि ऐसी सुश्रुया हो गई कि हम वह जानते हुए भी कि वर्तमान शिक्षा प्रणाली हमे उन्नति की और न ले जाकर अवगति के कूप में गिरा रही है – इससे हमारी सभ्यता राष्ट्रीयता-विरता-ज्ञान-विज्ञान-समाज तथा धर्म को हर प्रकार की हानि पहुंच चुकी है और प्रति दिन पहुंच रही है. इस से हमारी आत्मिक-मानसिक अथवा शारीरिक शक्तिओं का विकास न होकर उस का ह्रास होता है – यह हमे मातृप्रेम-देशभक्ति मात पितृ भक्ति- विश्व प्रेम –वीरता कर्तव्य परायणता एवं नम्रता के पाठ न पढा कर असत्य और हानि कारक शिक्षा देती है, भारत की वर्तमान फूटकी बहुत अंशो में उत्तरदाई वर्तमान शिक्षण प्रणाली ही है- हम यह सब जानते है किन्तु फिर भी त्यागना

ओ३म्

वन्दे मातरम् [illegible]

# अभिनन्दन पत्र

[illegible] तथा विद्यार्थी [illegible] स्कूल [illegible] मुजफ्फरनगर [illegible] की ओर से-

सेवा में परम पूज्य- भारत [illegible] - **कस्तूरा बाई** - [illegible]

सत्य की [illegible] अहिंसा के अवतार- **महात्मा मोहन दास कर्मचन्द गांधी** - [illegible]

[illegible]

हम [illegible] हृदय [illegible] समय [illegible] आपके [illegible]

[illegible] उत्साह को और भी बढ़ा दिया एवं हमें यह साहस हुआ कि हम [illegible] के सन्मुख उपस्थित हो सकें।

[illegible]

हे वर्तमान युग के [illegible] कृष्ण ! [illegible] राष्ट्रीय शिक्षा [illegible]

[illegible] Carding carpet making [illegible]

[illegible]

हे मेरे भारत के धनवन्तरि ! इस समय सारे देश की आंखें आगामी ऐतिहासिक लाहौर कांग्रेस की ओर लग रही हैं, [illegible] आपका देने में असमर्थ हैं।

हे दीनबंधु [illegible] ने हम आपके [illegible] आशीर्वाद चाहते हैं [illegible] हमें उचित शिक्षा भी प्रदान करेंगे।

परम पिता परमात्मा से [illegible] कि हम [illegible] और देश के लिये [illegible] को तरह हमने [illegible] सकें।

वन्दे मातरम्

हम हैं आपके तुच्छ सेवक

अध्यापक तथा विद्यार्थी गण

[illegible] हाई स्कूल

[illegible]

मुजफ्फरनगर।

*नहि चाहते। इस समय हमारा सम्बध एक ऐसी संस्था से है कि जो न तो बिलकुल सरकारी है और न पूर्णतया राष्ट्रीय। जिसका बाह्य ढांचा तो सरकारी है किन्तु आंतरिक ढांचा राष्ट्रीय। भगवन हम केवल एक बात का गौरव करते है और वह यह दरिद्रता अथवा दरिद्रनारायण। वह एक दुखदाई सत्य है – इस में लेश मात्र भी अतिशयोक्ति नहीं कि देश में शायद ही कोई संस्था ऐसी हो जो ऐसी आपत्तिओमें चल रही हो जैसे में की हमारी निर्धन संस्था चल तही है। हम शिल्पकारी की शिक्षा देना चाहते है carpet making आदि दूसरे शिल्पो तथा लकडी अथवा लोहे के कार्य कि शिक्षा देना चाहते है किन्तु निर्धनता अथवा धनाभाव कुछ भी करने नहि देता किन्तु हमने आपसे राष्ट्रीय, देशभक्ति, अहिंसा, सत्यव्रत, एकता अथवा परस्पर प्रेम आदि का पाठ पढा है और उसी के प्रताप से हम यह गाडी को खींच रहे है और हमे पूर्ण विश्वास है कि चूंकी हमारा आदर्श निस्वार्थ है एवं हम अवश्य सफळ होंगे.*

*इस सिद्धांत ले के विद्यार्थीओ को राजनीति में भाग लेना चाहीए अथवा नही, दार्शनिक तर्कमें न पडते हुये भी हमारी यह धारणा है कि जिस देश में मातृभूमि इस समय है उसको दूर करनेका भरसक प्रयत्न न करना विद्यार्थीओ का धर्म नहि हो सकता।*

*हे रोगी भारत के धन्वन्तरी! इस समय सारे देश की आंखे आगामी ऐतिहासिक लाहोर कॉंग्रेस और लगी है जिस दूर दर्शिता से आपने उसका रामपतित्व भारत युवक सम्राट जवाहरलालजी को दिया है वह अवरनिय है, हम उस के लीये प्रथम बधाई आपको देन में असमर्थ है!*

*है दिनबन्धु.... हम आप से केवल आप का तथा नातेश्थरीका हार्दिक आशिर्वाद चाहते है हम दिन है, अज्ञान है आप दीनानाथ अथवा ज्ञानके समुद्र है इसी नाते से हमे विश्वास है कि आप हमारी त्रुटीओ के लिये क्षमा करेंगे और हमारी तुच्छ भेट को स्वीकार करके हमे कृतार्थ करेंगे अथवा हंमे उचित शिक्षा भी प्रदान करेंगे.*

*परम पिता परमात्मा से अन्त में केवल यही विनय है कि हम आप के बतलाये हुअे सुपथ पर चल सके और देश के जितेन्द्र कि तरह हसते हसते बलि दे सके। वन्देमातरम*

*हम है आप के तुच्छ सेवक*
*अध्यापक तथा विद्यार्थीगण*
*पब्लिक हाईस्कूल*
*शामली*
*मुजफ्फरनगर.*

ઑઉમ વંદેમાતરમ ભારત માતા કી જય

## અભિનન્દન પત્ર

*અધ્યાપક તથા વિદ્યાર્થી ગણ પબ્લિક સ્કૂલ શામલી જિલ્લા મુઝફ્ફરનગર પ્રાન્ત દિલ્લી તરફથી*

*સેવામાં પરમ પૂજ્ય ભારત માતા કસ્તૂરબાઈ તથા ભારતના સાચા પિતા-ગુરુ.....તથા ભારત હૃદયસમ્રાટ સત્યની સાંપ્રત મૂર્તિ- શાંત અથવા અહિંસાના અવતાર મહાત્મા મોહનદાસ કર્મચન્દ ગાંધી- પૂજનીય માનિશ્વરે તથા પૂજનીય ગુરુવર તથા પિતુશ્વરને હાથ જોડી વંદન*

*અમે આપના તુચ્છ સેવક અને અલ્પ શિષ્યો સૌપ્રથમ અમારી એ ધૃષ્ટતા માટે ક્ષમા માંગીએ છીએ, જે કૃત્યમાં અમે સહભાગી છીએ. અમે ઇચ્છતા હતા કે અમે આપની સમક્ષ ન આવીએ. અમારી અનેક ત્રુટીઓ અમને તેમ કરતાં રોકતી હતી. પરંતુ બીજી બાજુ લાગણીઓનું જે પૂર અમારા હૃદયમાં ઊમટી રહ્યું હતું અને અમારો ઉત્સાહ તથા શ્રદ્ધાની લહેર જે આપ જેવા કર્મયોગીની હાકલથી ઊમટી હતી, તેના કારણે અમારા હૃદયરૂપી સમુદ્રમાં ભરતી આવી છે. નિર્બળ મન પરાજિત થયું છે અને હૃદયના ભાવોની જીત થઈ છે. આપની સહનશીલતા અને વિશ્વપ્રેમે અમારો ઉત્સાહ ખૂબ વધારી દીધો છે. પરિણામે અમે આપની સન્મુખ ઉપસ્થિત થવાનું સાહસ કર્યું છે.*

*હે હૃદેયશ, અમારી સ્થિતિ અત્યારે બિલકુલ એવી છે જેવી મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામની સન્મુખ ઊભેલા સુતીક્ષ્ણની હતી. ભગવાન એ સમયે કર્તવ્યવિમુખ થઈ ગયા હતા. અમે પણ અત્યારે અમારી લાગણીને અભિવ્યક્ત કરવા અસમર્થ છીએ. અમે ખૂબ ઇચ્છુક છીએ કે અમારી વાસ્તવિક સ્થિતિ અમારા શ્રેષ્ઠ ગુરુ સમક્ષ રજૂ કરીએ. પરંતુ અમારી પાસે તે માટે શબ્દો નથી અને અમારો સંકોચ અમારા માર્ગમાં બાધા રૂપ બની રહેલ છે.*

*હે વર્તમાન યુગના કર્મયોગી કૃષ્ણ, અમે એ સિદ્ધાંતથી સારી રીતે પરિચિત છીએ કે "રાજ્યશિક્ષા, સરકારી તાલીમ ગમે તેટલી સારી કેમ ન હોય ક્યારેય રાષ્ટ્રીય શિક્ષાની બરાબરી કરી શકતી નથી." અમે ભારતમાં કાર્યરત વર્તમાન શિક્ષાપ્રણાલીની ક્ષતિઓને પણ મહદ અંશે જાણીએ છીએ. પરંતુ દુઃખની વાત છે કે અમારી ગુલામી એ અમારા હૃદયની નિર્બળતાને અંતિમ ચરણ સુધી પહોંચાડી દીધેલ છે. અમારી રાષ્ટ્રીય ભાવના કુંઠિત થઈ ગઈ છે, અમારી વિવેકબુદ્ધિ અચેતન થઈ ગઈ છે. અમે એ જાણીએ છીએ કે વર્તમાન શિક્ષાપ્રણાલી, અમને પ્રગતિના સ્થાને અધોગતિના માર્ગે લઈ જઈ રહી છે, તેનાથી અમારી સભ્યતા, રાષ્ટ્રીયતા, વીરતા, જ્ઞાન, વિજ્ઞાન, સમાજ, તથા ધર્મને સર્વ પ્રકારે નુકસાન પહોંચ્યું છે. અને પ્રતિદિન પહોંચી રહ્યું છે. તેનાથી અમારી આત્મિક, માનસિક અથવા શારીરિક શક્તિઓનો વિકાસ થવાને બદલે તેનો હ્રાસ થઈ રહ્યો છે. તે અમને માતૃપ્રેમ, દેશપ્રેમ, માતપિતૃ ભક્તિ, વિશ્વપ્રેમ, વીરતા, કર્તવ્ય પરાયણતા અને નમ્રતાના પાઠ ભણાવવાના બદલે અસત્ય અને હાનીકારક શિક્ષા આપે છે. ભારતના વર્તમાન વિભાજન માટે આ જ શિક્ષાપ્રણાલી જવાબદાર છે. અમે એ જાણીએ છીએ. પરંતુ આમ છતાં તેનો ત્યાગ કરી શકતા નથી. અત્યારે અમારો સંબંધ એક એવી સંસ્થા સાથે છે જે ન તો સંપૂર્ણ સરકારી છે, ન સંપૂર્ણ રાષ્ટ્રીય. જેનું માળખું તો સરકારી છે પણ તેનો આંતરિક ઉદ્દેશ રાષ્ટ્રીય છે. ભગવાન, અમે માત્ર એક જ વાતનો ગર્વ લઈએ છીએ, અને તે છે અમારી દરિદ્રતા અથવા દરિદ્રનારાયણ, જે એક દુઃખદ સત્ય છે. તેમાં જરા પણ અતિશયોક્તિ*

*નથી કે દેશમાં ભાગ્યે જ કોઈ સંસ્થા એવી હશે જે આવી આપત્તિઓમાં ન ચાલતી હોય, જેવી સ્થિતિમાં અમારી નિર્ધન સંસ્થા ચાલી રહી છે. અમે શિલ્પકળાનું શિક્ષણ આપવા માંગીએ છીએ, શેતરંજી બનાવતાં શિખવાડવા માંગીએ છીએ. આ સિવાય અન્ય કળાઓ જેવી કે લાકડાં અને ધાતુ કલાનું શિક્ષણ પણ આપવા માંગીએ છીએ. પરંતુ નિર્ધનતા અથવા ધનના અભાવને કારણે અમે કશું કરી શકવાને અસમર્થ છીએ. અમે આપ પાસેથી રાષ્ટ્રીયતા, દેશભક્તિ, અહિંસા, સત્યવ્રત, એકતા, અને પરસ્પર પ્રેમના પાઠ શીખ્યા છીએ. તેના કારણે અમે આ સંસ્થાનું કાર્ય કરતા રહ્યા છીએ.અને અમને પૂર્ણ વિશ્વાસ છે કે અમારો ઉદ્દેશ સપૂર્ણ નિસ્વાર્થ હોવાને કારણે અમને જરૂર સફળતા મળશે.*

*આ સિદ્ધાંતના સંદર્ભમાં વિદ્યાર્થીઓએ રાજનીતિમાં ભાગ લેવો જોઈએ કે નહિ એ તાર્કિક ચર્ચામાં ન પડતાં, અમારો એ વિચાર છે કે જે દેશની માતૃભૂમિ આજની સ્થિતિમાં હોય તેને દૂર કરવા વિદ્યાર્થીઓ દ્વારા સક્રિય પ્રયાસો ન કરવા એ વિદ્યાર્થી ધર્મ ન હોઈ શકે.*

*હે રોગી ભારતના ધન્વતરિ ! આ સમયે સમગ્ર ભારતની નજર આગામી લાહોર કોંગ્રેસ પર મંડાયેલી છે. જે દૂરંદેશીથી આપે તેનું સુકાન ભારતના યુવક સમ્રાટ જવાહરલાલજીને સોંપ્યું છે તે અવર્ણનીય છે, અમે તે માટે આપને અભિનન્દન આપવા અસમર્થ છીએ.*

*હે દિનબન્ધુ.... અમે માત્ર આપના તથા માતેશ્વરીના આશીર્વાદ ઇચ્છીએ છીએ. અમે નિર્બળ છીએ, અજ્ઞાન છીએ. આપ દીનાનાથ છો, જ્ઞાનના સાગર છો. એ દષ્ટિએ અમને વિશ્વાસ છે કે આપ અમારી ક્ષતિઓ માટે અમને ક્ષમા કરશો અને અમારી તુચ્છ ભેટ સ્વીકારી અમને કૃતાર્થ કરી, અમને યોગ્ય માર્ગદર્શન આપશો.*

*અંતે અમે પરમ પિતા પરમાત્માને એટલી જ વિનંતી કરીએ છીએ કે આપે ચીંધેલા સુમાર્ગ પર અમે ચાલી શકીએ અને દેશના માટે હસતાં-હસતાં બલિદાન આપી શકીએ. વન્દેમાતરમ.*

*અમે છીએ આપના તુચ્છ સેવક*
*અધ્યાપક તથા વિદ્યાર્થીગણ*
*પબ્લિક હાઈસ્કૂલ*
*શામલી*
*મુજફ્ફરનગર.*

માનપત્રમાં કોઈ પણ સ્થાને માનપત્ર આપ્યાની તારીખ આપવામાં આવી નથી. પણ ગાંધીજીની દિનવારીમાં શામલી (સ.પ્રા.; જિ. મુજફ્ફરનગર)ની મુલાકાત ગાંધીજીએ ૨૭ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ લીધાનો ઉલ્લેખ છે.[૧] એ સદર્ભે આ માનપત્ર ગાંધીજીને ૨૭ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ આપવામાં આવ્યાનું સિદ્ધ થાય છે. સંયુક્ત પ્રાંતની મુલાકાત અન્વયે ગાંધીજી ૨૬ ઑક્ટોબરના રોજ સહારનપુરથી મુજફ્ફરનગર આવ્યા હતા. મુજફ્ફરનગરથી દેવબંધ થઈ તેઓ શામલી આવ્યા હતા. શામલીમાં તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું. શામલીમાં તેમનું રોકાણ ઝાઝું ન હતું. શામલીથી તેઓ મીરત આવ્યા હતા. મીરતમાં તેમનો ઉતારો આચાર્ય કૃપાલાનીજીના આશ્રમમાં હતો. અત્રે મીરત કાવત્ર કેસના કેદીઓ સાથે તેમણે દોઢ કલાક વાતચીત કરી હતી. મીરતમાં તેમને મ્યુનિસિપાલિટી, જિલ્લા બોર્ડ અને કૉલેજના વિદ્યાર્થીઓના તરફથી એમ ત્રણ માનપત્રો આપવામાં આવ્યાં હતાં.[૨]

આ માનપત્ર હિન્દીમાં હસ્તલિખિત છે. ભાષાકીય દૃષ્ટિએ સાધારણ છે. અલબત્ત, તે માહિતીપ્રચુર છે. તેમાં સ્થાનિક વિગતો સાથે એ સમયના અંગ્રેજી શિક્ષણનાં દૂષણો અને રાષ્ટ્રીય વિષયોનો ઉલ્લેખ જોવા મળે છે. માનપત્રનો આરંભ કસ્તુરબા અને ગાંધીજી માટે લાંબા સંબોધન,

**"ભારત કે સચ્ચે પિતા-ગુરુ.....તથા ભારત હૃદયસમ્રાટ સત્ય કી સાંપ્રત મૂર્તિ- શાંત અથવા અહિંસા કે અવતાર"** દ્વારા કરવામાં આવ્યો છે.

માનપત્રના બીજા પેરેગ્રાફમાં સુંદર ઉપમા આપી ગાંધીજીને સન્માનિત કરવામાં આવ્યા છે. વાલ્મીકિ રામાયણમાં ત્રીજો અરણ્ય કાંડ છે. તેના સાતમા અને આઠમા સર્ગમાં ઋષિ સુતીક્ષ્ણની વાત આવે છે. સુતીક્ષ્ણ ઋષિએ ભગવાન રામનાં દર્શન માટે ખૂબ તપ કર્યું હતું. તેમના તપને કારણે ભગવાન ઇન્દ્ર તેમને લેવા આવ્યા. પણ તેમણે ભગવાન રામના દર્શન વગર જવાની ના પાડી દીધી. પણ એક દિવસ અચાનક ભગવાન રામ તેમની સામે આવી ઊભા રહ્યા. અને ઋષિ સુતીક્ષ્ણ ભગવાન રામને પોતાની સામે જોઈ અવાક બની તેમને જોઈ રહ્યા. માનપત્રમાં આ ઉપમા આપી કહેવામાં આવ્યું છે કે ભગવાન રામને પોતાની સામે જોઈને જે સ્થિતિ ઋષિ સુતીક્ષ્ણની થઈ હતી, તેવી જ સ્થિતિ મહાત્મા ગાંધીજીને જોઈને શામલીના અધ્યાપકો અને વિદ્યાર્થીઓની થઈ છે. માનપત્રનો ત્રીજો પેરેગ્રાફ લાંબો અને માહિતીપૂર્ણ છે. જેમાં અંગ્રેજી શિક્ષણપ્રથા દ્વારા દેશમાં વ્યાપેલ અરાજકતા એ દેશની રાષ્ટ્રીયતાને કુંઠિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યાનો ઉલ્લેખ જોવા મળે છે. વળી, રાષ્ટ્રીય શિક્ષા અને વ્યાવસાયિક શિક્ષા માટેની નાણાકીય મર્યાદાઓ હોવા છતાં ગાંધીજીના આદર્શોને આચરણમાં મૂકી થઈ રહેલા મૂલ્યવાન પ્રયાસોનો પણ અત્રે ઉલ્લેખ જોવા મળે છે. માનપત્રના ચોથા પેરેગ્રાફમાં આગામી ૨૯થી ૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ના રોજ લાહોર મુકામે મળનાર કૉંગ્રેસના ૪૪મા અધિવેશનનો ઉલ્લેખ છે. જેના પ્રમુખ પંડિત જવાહરલાલ નહેરુની ગાંધીજીએ કરેલ પસંદગીને બિરદાવવામાં આવેલ છે. ૧૯૨૯ના ડિસેમ્બરમાં લાહોરમાં મળેલ કૉંગ્રેસના અધિવેશનના મંત્રીઓ ડૉ. સૈયદ મહમ્મદ, શ્રી પ્રકાશ અને શ્રી જયરામદાસ દોલતરામ હતા. જ્યારે સ્વાગત મંત્રી ડૉ. સેફૂદ્દીન કીચલુ હતા.[૩] આજે પણ રાજકારણમાં વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લેવો જોઈએ કે નહિ તે ચર્ચાનો મુદ્દો છે. એ જ બાબતનો ઉલ્લેખ માનપત્રના પાંચમા પેરેગ્રાફમાં જોવા મળે છે. વિદ્યાર્થીઓએ રાજનીતિમાં ભાગ લેવો જોઈએ કે નહીં એ તાર્કિક ચર્ચામાં ન પડતાં, દેશની માતૃભૂમિ કાજે સક્રિય રાજકારણમાં પડવાને વિદ્યાર્થીઓનો ધર્મ તરીકે માનપત્રમાં સ્વીકારવામાં આવેલ છે.

આ એ યુગની વાત છે જ્યારે ગોળમેજી પરિષદ અને સાંસ્થાનિક સ્વરાજ આપવા અંગે દેશમાં વાતાવરણ અત્યંત ગરમ હતું. હિંદના ભાવિ બંધારણની ચર્ચા કરવા માટેની ગોળમેજી પરિષદ માટે, બ્રિટિશ પ્રધાનમંડળ તરફથી હિંદના આગળપડતા રાષ્ટ્રીય આગેવાનોને અપાનાર ખૂબ ગવાઈ ગયેલા આમંત્રણ વિશે ૨૮ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ ફ્રી પ્રેસના પ્રતિનિધિને આપેલ મુલાકાતમાં ગાંધીજીએ કહ્યું હતું,

**'એ બાબતમાં મને રસ નથી. હું એ વિશે મૌન સેવવાનું પસંદ કરું છું. જો લાહોર કૉંગ્રેસ સુધીમાં સાંસ્થાનિક સ્વરાજ ન આપવામાં આવે તો એ અધિવેશનમાં આવનાર કાર્યક્રમના પ્રશ્ન વિશે પણ હું મૌન સેવવાનું પસંદ કરું છું. પણ મારે ફરીને કહેવું જોઈએ કે જો આ વર્ષ દરમિયાન સાંસ્થાનિક સ્વરાજ આપવામાં નહીં આવે તો આવતા વર્ષથી હું સંપૂર્ણ સ્વાતંત્ર્યનો પક્ષકાર બનીશ.'**[૪]

૨૭ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ શામલીથી ગાંધીજી મેરઠ (મીરત) આવ્યા હતા. ત્યાં પણ તેમને માનપત્રો આપવામાં આવ્યાં હતાં, મેરઠની જાહેર સભામા તેમણે કહ્યું હતું,

"મેરઠની રાષ્ટ્રીય સેવાના કાર્યનો સ્તર જોકે ૧૯૨૧ કરતાં નીચો છે છતાં તે ઠીક ઠીક સારો છે. રૂપિયા ૧૪,૦૦૦ની રકમ કંઈ નાનીસૂની નથી. છતાં તે મારી જરૂરિયાતને સંતોષી શકે એવડી નથી. મેં પોતે ગરીબાઈના અવતાર સમા દરિદ્રનારાયણની સેવાનો ધર્મ અંગીકાર કર્યો છે એટલે મારી માંગણી સહેજે પૂરી પડે એવી નથી."[5]

"શ્રી ગાંધીએ વધારે પ્રમાણમાં ખાદીનો ઉપયોગ કરવા વિશે, અસ્પૃશ્યનિવારણ વિશે તથા હિંદુ મુસ્લિમ ઐક્ય વિશે દલીલપૂર્વક લોકોને સમજ આપી. તેમણે કહ્યું, 'ત્રીસ કરોડ હિંદીઓ આખી દુનિયાને હલાવી શકે, અને તેઓ જો ખાદી અપનાવે તો હું મેરઠ કાવતરા કેસના કેદીઓને જેલમાંથી છોડાવવાનું માથે લઈ શકું.' તેમણે લોકોને દારૂ તથા બીજા કેફી પદાર્થો છોડી દેવાનો અનુરોધ કર્યો. અને સ્થાનિક સ્વરાજ શાસન હેઠળના પ્રધાનોની આબકારી નીતિની ઝાટકણી કાઢી. કેફી પદાર્થોની પાછળ દર વર્ષે ૨૫ કરોડ રૂપિયાનો ધુમાડો થાય છે એમ જણાવી તેમણે આબકારી આવકમાંથી કેળવણી ખાતાનો ખર્ચ કાઢવાની નીતિને વખોડી કાઢી."[6]

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૬૬૪

૨. એજન., પૃ. ૨૬૨.

૩. કોઠારી, વિઠ્ઠલદાસ મગનલાલ, મહાસભાના ઠરાવો. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, સપ્ટેમ્બર ૧૯૪૮, પૃ. ૪૧૧

૪. ગાંધીજીનો અક્ષરદેહ- ૪૨, પૃ. ૬૪

૫. ગાંધીજીનો અક્ષરદેહ- ૪૨, પૃ. ૫૯

૬. એજન., પૃ ૫૯

# ૫૫ સુલતાનપુર મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર

वन्देमातरम ।

अभिनन्दन पत्र

सेवा में,

त्याग-मूर्ति महात्मा मोहन दास कर्म्मचंद जी गांधी

पूज्यवर महात्मा जी!

हम सुल्तानपुर म्युनिसिपल बोर्ड के सदस्य अपने इस ऐतिहासिक नगर में आज आपका सादर तथा प्रेम पूर्वक स्वागत करते है। पुराने समय में इस नगर का नाम कुशभवनपूर था। यह स्थान श्री रामचन्द्रजी के समय का स्मारक है। उन्हो ने वन यात्रा में अपने छोटे भाई और स्त्री के साथ अपने चरणो से यहां की भूमि को पवित्र किया था और यहीं पर श्रीमती सीता जी के नाम से सीताकुन्ड तीर्थस्थान आज तक मौजुद है। यहां बहुत से हिन्दु हर साल स्नान के लिये इकट्ठा होते है। आज पहिला अवसर है कि हम लोंगो को आपके दुर्लभ दर्शन का संयोग हुआ है। इस समय आपके दर्शन ही से हम सब को इतना आनन्द मिला है जिसका वर्णन नहीं हो सकता। हर एक भारतवासी आपके नाम, गुण, कर्म तथा स्वभाव को अच्छी तरह जानता है। आप संसार के उन रत्नो में से है जिसका स्वदेश और विदेश वालो बराबर आदर करते है। परमात्मा ने आप को ऐसी शक्ति दी है जिसके सामने कोई हथियार काम नहि देता।

वर्षो से हमारे नेता इस विचार में पडे है की इस देश को स्वराज कैसे मिले। समय समय पर हर एक नेता अपनी अपनी बुद्धि के अनुसार स्वराज पाने का उपाय बतलाते आये है परन्तु आपने असहयोग आन्दोलन का ऐसा द्रढ सोच निकला है जिससे आदमी क्यां देवता भी वश में हो सकते है। आप जो दुनिया के सब सुखो को छोड कर तप कर रहे है वह निष्फळ न जायगा। हम लोंगो का पक्का विश्वास है कि आपके आत्मबल से यह देश जल्द ही स्वराज प्राप्त करेगा। आप इस धूनी में है कि भारत के बच्चे बच्चे को संसार में जहां कही वह वास करे वही अधिकार मिले जो आज बडे बडे स्वतन्त्र देशो के रहनेवालोको मिले है!

यह आप ही सरीखे नेताओ के प्रयत्न का फल है कि सन १९१९ ई. में म्युनिसिपल एक्टका सुधार हुआ है' जिस के अनुसार देश की सब म्युनिसिपलटियों को बहुत कुछ अधिकार मिले है। परन्तु धन की कमी के कारण हम लोंग उन अधिकारो का उचित रीति से प्रयोग करने में असमर्थ है। आप यह जानकर प्रसन्न होंगे कि इस नगर में आप के नाम का "गांधी विद्यालय" खुला है जीसको स्थानीय म्युनिसिपालिटी से ३०) मासिक सहायता मिलती है। विद्यालय के विद्यार्थीओ को पढने के साथ सूत कांतना भी सीखाया जाता है। स्थानीय कन्या पाठशाला, अछूत पाठशाला तथा अन्य कई राष्ट्रीय संस्थाओ को म्युनिसिपालिटी से मासिक सहायता मिलती है। इस नगर में खदर प्रचार के लिये "खदर भंडार" के नाम से एक दुकान का प्रबन्ध है । सारांश यह है है कि हम

वन्देमातरम्।

# अभिनन्दन पत्र।

सेवा में,

## त्याग-मूर्ति महात्मा मोहन दास कर्म्मचंद जी गाँधी

पूज्यवर महात्मा जी !

हम सुलतानपुर म्युनिसिपल बोर्ड के सदस्य अपने इस ऐतिहासिक नगर में आज आपका सादर तथा प्रेम पूर्वक स्वागत करते हैं। पुराने समय में इस नगर का नाम कुशभवनपूर था। यह स्थान श्री रामचन्द्र जी के समय का स्मारक है। उन्होंने बन यात्रा में अपने छोटे भाई और स्त्री के साथ अपने चरणों से यहां की भूमि पवित्र किया था और यहीं पर श्रीमती सीता जी के नाम से सीता कुण्ड तीर्थ स्थान आज तक मौजूद है जहां बहुत से हिन्दू हर साल स्नान के लिये इकट्ठे होते हैं। आज पहिला अवसर है कि हम लोगों को आपके दुर्लभ दर्शन का संयोग हुआ है। इस समय आपके दर्शन ही से हम सब को ऐसा आनन्द मिला है जिसका वर्णन नहीं हो सकता। हर एक भारतवासी आपके नाम, गुण, कर्म्म तथा स्वभाव को अच्छी तरह जानता है। आप संसार के उन रत्नों में से हैं जिसका स्वदेश और विदेश वाले बराबर आदर करते हैं। परमात्मा ने आप को ऐसी शक्ति दी है जिसके सामने कोई हथियार काम नहीं देता।

वर्षों से हमारे नेता इस विचार में पड़े हैं कि इस देश को स्वराज कैसे मिले। समय २ पर हर एक नेता अपनी २ बुद्धि के अनुसार स्वराज पाने का उपाय बतलाते आये हैं परन्तु आपने असहयोग आन्दोलन का ऐसा इक्सीर निकाला है जिससे आदमी क्या देवता भी वश में हो सकते हैं। आप जो दुनियां के सब सुखों को छोड़ कर तप कर रहे हैं वह निष्फल न जायगा। हम लोगों का पक्का विश्वास है कि आपके आत्मबल से यह देश जल्द ही स्वराज प्राप्त करेगा। आप इस धुनि में हैं कि भारत के बच्चे २ को संसार में जहां कहीं वह वास करें वही अधिकार मिलें जो आज बड़े २ स्वतन्त्र देशों के रहनेवालों को मिले हैं।

यह आप ही सरीखे नेताओं के प्रयत्न का फल है कि सन् १९१६ ई० में म्युनिसिपल एक्ट का सुधार हुआ है जिसके अनुसार इस देश की सब म्युनिसिपल्टियों को बहुत कुछ अधिकार मिले हैं। परन्तु धन की कमी के कारण हम लोग उन अधिकारों का उचित रीति से प्रयोग करने में असमर्थ हैं। आप यह जान कर प्रसन्न होंगे कि इस नगर में आप के नाम का "गांधी विद्यालय" खुला है जिसको स्थानीय म्युनिसिपल्टी से ३०) मासिक सहायता मिलती है। विद्यालय के विद्यार्थियों को पढ़ाने के साथ सूत कातना भी सिखाया जाता है। स्थानीय कन्या पाठशाला, अछूत पाठशाला तथा अन्य कई राष्ट्रीय संस्थाओं को म्युनिसिपल्टी से मासिक सहायता मिलती है। इस नगर में खद्दर प्रचार के लिये "खद्दर भंडार" के नाम से एक दुकान का प्रबन्ध है। सारांश यह है कि हम लोग यथा शक्ति आप के मन्तव्यों का पालन कर रहे हैं।

अन्त में हम लोग आप को इस हेतु हार्दिक धन्यवाद देते हैं कि आपने इतना कष्ट सह कर इस नगर में दर्शन देने की कृपा की है और सुलतानपुर के रहने वालों को आपके प्रति प्रेम प्रकट करने का अवसर दिया है। ईश्वर आपको चिरायु करे और आप को इस योग्य बनाये रक्खे कि यह देश थोड़े ही काल में स्वराज प्राप्त कर सके।

आपके सच्चे सेवी—

२१-९-१९२१

सदस्य सुलतानपुर म्युनिसिपल बोर्ड।

बजरङ्ग प्रेस, सुलतानपुर अवध में छपा।

लोंग यथा शक्ति आप के मन्तव्यों का पालन कर रहे है।

अन्त में हम लोंग आप को इस हेतु हार्दिक धन्यवाद देते है कि आपने इतना कष्ट सह कर इस नगर में दर्शन देने की कृपा की है और सुल्तानपुर के रहने वालो को आपके प्रति प्रेम प्रकट करनेका अवसर दिया है। ईश्वर आपको चीरायु करे और आप को इस योग्य बनाये रखे कि यह देश थोडे ही काल में स्वराज प्राप्त कर सके।

२१-९-१९२९

आपके सचे प्रेमी-

सदस्य सुल्तानपुर म्युनिसिपल बोर्ड

માનપત્રનો ગુજરાતી અનુવાદ

વન્દેમાતરમ

અભિનન્દન પત્ર

સેવામાં,

ત્યાગ-મૂર્તિ મહાત્મા મોહન દાસ કર્મ્મચંદ જી ગાંધી

પૂજ્યવર મહાત્માજી!

અમે સુલ્તાનપુર મ્યુનિસિપલ બોર્ડના સભ્યો આ ઐતિહાસિક નગરમાં આપનું સાદર તથા પ્રેમપૂર્વક સ્વાગત કરીએ છીએ. પ્રાચીન સમયમાં આ નગરનું નામ કુશભવનપુર હતું. આ સ્થળે શ્રી રામચંદ્રજીના સમયનું સ્મારક છે. તેમણે વનયાત્રા દરમિયાન નાના ભાઈ અને તેમની પત્ની સાથે આ ભૂમિ પર કદમો માંડી, તેને પવિત્ર બનાવી હતી. અને અહીંયાં જ શ્રીમતી સીતાજીના નામે સીતાકુંડ યાત્રાધામ તરીકે આજે પણ પ્રસિદ્ધ છે. અહીંયાં ઘણા હિંદુઓ દર વર્ષે એકત્રિત થાય છે. આજે પ્રથમ અવસર છે કે અમને આપના દુર્લભ દર્શનનો લાભ પ્રાપ્ત થયો છે. આ ક્ષણે આપનાં દર્શન માત્રથી અમને સર્વેને અતિ આનંદ થયો છે, તેનું શબ્દોમાં વર્ણન શક્ય નથી. દરેક ભારતવાસી આપના નામ, ગુણ, કર્મ તથા સ્વભાવને સારી રીતે ઓળખે છે. આપ વિશ્વનાં એ રત્નોમાંથી એક છો જેનો સ્વદેશ અને વિદેશમાં ભારોભાર આદર કરવામાં આવે છે. પરમાત્મા આપને એવી શક્તિ પ્રદાન કરે જેની સામે કોઈ શસ્ત્ર કારગત ન નીવડે.

વર્ષોથી અમારા નેતા એવું વિચારતા રહ્યા હતા કે દેશને સ્વરાજ્ય કેવી રીતે મળે. સમય સમય પર દરેક નેતા પોતપોતાની બુદ્ધિ અનુસાર સ્વરાજ મેળવવાના ઉપાયો બતાવતા રહ્યા છે. પરંતુ આપે અસહકાર આંદોલન દ્વારા એવી દૃઢ વિચારસરણી આપી છે, જેનાથી માનવી તો શું ઈશ્વર પણ વશમાં થઈ જાય. આપ વિશ્વનાં તમામ સુખોનો ત્યાગ કરીને, તપ કરી રહ્યા છો માટે એ વિચારધારા નિષ્ફળ નહીં જાય. અમારો અતુટ વિશ્વાસ કે આપના આત્મબળ દ્વારા આ દેશ ટૂંક સમયમાં સ્વરાજ પ્રાપ્ત કરશે. આપ એ માટે કટિબદ્ધ છો કે ભારતનાં સર્વે બાળકો વિશ્વમાં જ્યાં પણ નિવાસ કરી રહ્યાં છે ત્યાં તેમને એ જ અધિકાર મળે જે આજે મોટામોટા સ્વતંત્ર દેશોના નિવાસીઓને મળી રહ્યા છે.

*આપ જેવા નેતાઓની સક્રિયતાનું જ પરિણામ છે કે સન ૧૯૧૯ ઈ.માં મ્યુનિસિપલ કાયદામાં સુધારો થયો છે, જેના કારણે આ દેશની તમામ મ્યુનિસિપાલિટીઓને ઘણા અધિકારો પ્રાપ્ત થયા છે. પરંતુ નાણાંની અછતને કારણે અમે લોકો એ અધિકારોનો ઉચિત ઉપયોગ કરવામાં અસમર્થ રહ્યા છીએ. આપને એ જાણીને આનંદ થશે કે આ નગરમાં આપના નામે "ગાંધી વિદ્યાલય" ચાલે છે. જેને સ્થાનિક મ્યુનિસિપાલિટી તરફથી ૩૦ની માસિક સહાય પ્રાપ્ત થાય છે. વિદ્યાલયના વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે સૂતર વણતાં પણ શિખવાડવામાં આવે છે. સ્થાનિક કન્યા પાઠશાળા, અછૂત પાઠશાળા તથા અન્ય કેટલીક રાષ્ટ્રીય સંસ્થાઓને મ્યુનિસિપાલિટી તરફથી માસિક સહાય મળે છે. આ નગરમાં ખાદી પ્રચાર માટે "ખાદી ભંડાર" છે. ટૂંકમાં અમે લોકો યથાશક્તિ આપના વિચારોનો અમલ કરી રહ્યા છીએ.*

*અંતમાં અમે સર્વે આપને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ કે અતિ કષ્ટ વેઠીને આપે આ નગરમાં અમને દર્શન આપવાની કૃપા કરી છે. અને સુલતાનપુરના રહેવાસીઓને આપના પ્રત્યે પ્રેમ પ્રગટ કરવાની તક આપી છે. ઈશ્વર આપને દીર્ઘાયુ અર્પે અને આપને સ્વસ્થ રાખે જેથી ટૂંક સમયમાં દેશ સ્વરાજ પ્રાપ્ત કરી શકે.*

*૨૧-૯-૧૯૨૯* — *આપના સાચા પ્રેમી-*

*સુલ્તાનપુર મ્યુનિસિપલ બોર્ડના સભ્યો*

શુદ્ધ હિન્દીમાં આપવામાં આવેલા આ માનપત્ર બજરન્ગ પ્રેસ, સુલ્તાનપુર બ્રાંચમાં છાપવામાં આવ્યું છે, માનપત્રની નીચે તેની નોંધમાં તે જોઈ શકાય છે. માનપત્રની ભાષા સરળ હિંદી છે. કુલ ચાર પેરાગ્રાફમાં આલેખાયેલ આ માનપત્રના પ્રથમ પેરામાં સુલ્તાનપુરનું ઐતિહાસિક મહત્ત્વ આલેખવામાં આવ્યું છે. બીજા પેરામાં ગાંધીજીના આગમન પછી સ્વાતંત્ર્યસંગ્રામમાં આવેલ એકસૂત્રતાનો ઉલ્લેખ જોવા મળે છે. ત્રીજા પેરામાં ઈ.સ. ૧૯૧૯ના સ્થાનિક સ્વશાસનના ધારાને કારણે ભારતનાં શહેરોની નગરપાલિકાઓમાં આવેલા પરિવર્તનનો ઉલ્લેખ છે. પણ અંગ્રેજ સરકારે મૂકેલ મર્યાદાઓને કારણે નાણાંના અભાવે પ્રજાકીય કાર્યો પર મૂકવામાં આવેલા પરોક્ષ પ્રતિબંધની કરુણ સ્થિતિનો ઉલ્લેખ માનપત્રમાં જોવા મળે છે. આ ઉપરાંત માનપત્રમાં શહેરની શૈક્ષણિક પ્રવૃત્તિનો ચિતાર પણ આપવામાં આવ્યો છે. જેમાં "ગાંધી વિદ્યાલય"નો ઉલ્લેખ છે. જે વિદ્યાલય આજે ફૂલીફાલીને વિશાલ વટવૃક્ષ સમી શૈક્ષણિક સંસ્થા બની ગઈ છે. અને અંતે ગાંધીજીના આગમન અન્વયે સુલ્તાનપુર મ્યુનિસિપલ બોર્ડના સભ્યોએ ગાંધીજીનો આભાર વ્યક્ત કર્યો છે.

પ્રાચીન સમયમાં સુલ્તાનપુરનું નામ કુશભવનપુર હતું, જે સમયાન્તરે બદલાતા સુલતાનપુર થયું હતું. મહંમદ ઘોરીના આક્રમણપૂર્વે આ વિસ્તાર રાજભરીના આધિપત્યમાં હતો. જેના શાસનમાં ત્રણ રાજ્યો ઇસૌલી, કલપુર અને દાદર હતાં. આજે પણ તેના કિલ્લાના અવશેષો અહીંયાં જોવા મળે છે. જે એ સમયના ઇતિહાસની ઝાંખી કરાવે છે. રાષ્ટ્રીય આંદોલનમાં આ વિસ્તારનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. ૧૮૫૭ની ક્રાંતિમાં, ૧૯૨૧ના કિસાન આંદોલનમાં, ૧૯૩૦ અને ૧૯૪૨ની રાષ્ટ્રીય ચળવળોમાં પણ આ વિસ્તાર સક્રિય રહ્યો છે. અત્રેના બે કિસાનનેતાઓ બાબા રામચંદ્ર અને બાબા રામલાલનો ઉલ્લેખ પંડિત જવાહરલાલ નહેરુએ પોતાની આત્મકથામાં પણ કર્યો છે. જોકે જવાહરલાલ નહેરુએ બાબા રામચંદ્રને કોઈ મહાન વ્યક્તિ તરીકે નથી ઉલ્લેખ્યા. પણ ખેડૂત આંદોલનમાં સંગઠન ઊભું કરનાર એક પરિબળ તરીકે આલેખ્યા છે. એ અંગે

જવાહરલાલ નહેરુ લખે છે,

**"તેમની સંગઠન શક્તિ અજબ હતી. ખેડૂતોને તેણે સભાઓમાં વારંવાર ભેગા થઈ તેમનાં દુઃખોની ચર્ચા કરતાં શીખવ્યું અને તેમનામાં એકતાની લાગણી દાખલ કરી. ઘણી વાર જબરજસ્ત સભા થતી અને તેને પરિણામે લોકો નવી શક્તિ અનુભવતા. 'સીતારામ'ની ધૂન પ્રાચીનકાળની હતી અને સામાન્ય હતી, પણ તેણે એને લડાઈના શંખધ્વનિનું રૂપ આપ્યું અને અણીને પ્રસંગે ખેડૂતોને ભેગા કરવાની એ એક હાકલ બની. અનેક ગામડાંઓને એણે એક સૂત્રથી સાંધ્યાં."[૨]**

ગાંધીજીની સંયુક્ત પ્રાંતની મુસાફરીનો આરંભ ૮ સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ ભોપાલથી થયો હતો. ભોપાલ, રાંચી, આગ્રા, શિકોહાબાદ, મૈનપુર, થઈ તેઓ ૨૧ના રોજ ભાનગાંવ પહોંચ્યા હતા. ૨૧ સપ્ટેમ્બરનો દિવસ ગાંધીજી માટે થકવી નાખે તેવા પ્રવાસનો હતો. એક જ દિવસમાં ગાંધીજીએ બીજી વાર, ચાપરા, ખેમસેપુર, પીપરગાંવ, સેરોલી, ભોલપુર, મહમૂદાબાદ, નવાબગંજ, મીરપુર, બરપૂર, અંગેમન, કતરા, કમલગંજ, સુલતાનપુર, ગુરસાહીગંજ, જલાલાબાદ, મકરંદનગર, કનોજ, ફરુખાબાદ, ફત્તેહગઢ એમ કુલ વીસ ગામોની મુલાકાત લીધી હતી. સુલતાનપુરની મુલાકાત દરમિયાન ગાંધીજીને બે માનપત્રો આપવામાં આવ્યા હતાં. પ્રથમ સુલ્તાનપુર મ્યુનિસિપલ બોર્ડના સભ્યો તરફથી અને બીજું ડિસ્ટ્રિક બોર્ડ તરફથી. આ માનપત્ર તેમને સુલતાનપુર મ્યુનિસિપલ બોર્ડના સભ્યો તરફથી આપવામાં આવ્યું હતું. એ પછી તેઓ ફરુખાબાદ પહોંચ્યા હતા. તેમનો ઉતારો ફરુખાબાદથી ત્રણ કિલોમીટર દૂર ફત્તેહગઢમાં હતો. તેમણે ફરુખાબાદની મિશન હાઈસ્કૂલની પણ મુલાકાત લીધી હતી. અને સ્ત્રીઓની જાહેરસભામા હાજરી આપી હતી.[૩]

આ ગામોની મુલાકાત દરમિયાન ગાંધીજીએ કોઈ માનપત્રના ઉત્તરમાં સભા સંબોધી હોય, તેવા આધારો સાંપડતા નથી. ૨૨ સપ્ટેમ્બરના રોજ તેઓ કાનપુર પહોંચ્યા હતા. ત્યાં તેમનો ઉતારો જવાહરલાલ નહેરુને ત્યાં હતો. કાનપુરમાં પણ તેમને મ્યુનિસિપાલિટી અને જિલ્લા બોર્ડ તરફથી માનપત્રો આપવામાં આવ્યાં હતાં. ગાંધીજીએ અત્રે ગુજરાતીઓની, કાપડના વેપારીઓની અને ગુમાસ્તાઓની સભામાં હાજરી આપી હતી. કાનપુરમાં જિલ્લા બોર્ડ તરફથી આપવામાં આવેલા માનપત્રમાં જણાવ્યું હતું કે તેમણે શાળાઓમાં ફરજિયાત કાંતણ દાખલ કર્યું છે. અને દૂધનો પ્રશ્ન ઉકેલવા માટે ૩૫૦૦૦ ખર્ચ્યા છે. તેના પ્રતિભાવમાં ગાંધીજીએ કહ્યું હતું,

**"કાંતવાનું વ્યવસ્થિત રીતે શીખવવા માટે એક રેંટિયાશાસ્ત્રી શાળામાં રાખવો જોઈએ. જો શાળાના સામાન્ય શિક્ષકોના પગારમાં થોડોક વધારો કરવાથી તે લોકો આ કામમાં વિશારદ થવાને તૈયાર થાય તો બહારથી આ કામ માટે ખાસ શિક્ષક મેળવવાની જરૂર પણ નહીં રહે. શાળાઓમાં ચરખાની જગ્યાએ તકલી જ દાખલ કરવી જોઈએ. શાળામાં કંતાયેલ સૂતર વણાવવાની ગોઠવણ હોવી જોઈએ.**

**હિન્દુસ્તાનમાં દિવસે દિવસે શુદ્ધ અને સસ્તા દૂધની વધારે ને વધારે તાણ પડે છે. તેનું કારણ શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે આપણે દુગ્ધાલયો ચલાવવામાં અક્ષમ્ય બેદરકારી બતાવીએ છે એ છે. આજે હિન્દુસ્તાનમાં ગાયોની કતલ પાછળ પણ અર્થશાસ્ત્ર રહેલું છે. જો ગાયોની કતલથી આર્થિક નફો થતો બંધ થઈ જાય તો કતલ પોતાની મેળે જ અટકે. એટલે જો આપણે ગાયની રક્ષા કરવી હોય તો દુગ્ધાલયોની સાથે સાથે મરેલાં ઢોરના ચામડાનો પૂરેપૂરો ઉપયોગ કરવાને સારુ ચર્માલયો પણ કાઢવાં જોઈએ. તે ઉપરાંત ગોવંશમાં સુધારો કરવો જોઈએ, જેથી અંતે ગાયોની કતલ કરવી કોઈને પોસાય જ નહિ."[૪]**

૨૨ સપ્ટેમ્બર ૧૯૨૯ના રોજ કાનપુરના કાપડના વેપારીઓ તરફથી ગાંધીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં કાપડના વેપારીઓએ જણાવ્યું હતું કે અત્યાર સુધી અમે વિદેશી માલના ધંધાની જગ્યાએ

શુદ્ધ ખાદીનો ધંધો શરૂ કરી શક્યા નથી. તે માટે અમે ખેદ પ્રગટ કરીએ છીએ. તેના જવાબમાં ગાંધીજીએ પોતાના ભાષણમાં કહ્યું હતું,

"તમે મને રૂપિયાની થેલી અને માનપત્ર આપ્યાં તે માટે તમારો આભાર માનું છું. પણ તેથી મારું પેટ ભરાય તેમ નથી. તમે જો ધારતે તો સહેજે કહી શકતા હતા કે અમે તમારા કામમાં મદદ આપવાને તૈયાર નથી, કેમ કે તે અમારા ધંધાની વિરુદ્ધ છે. પણ મારે કબૂલ કરવું જોઈએ કે અત્યાર સુધી વેપારી વર્ગે પૈસાથી પૂરી મદદ કરી છે. તમારે સારી રીતે સમજવું જોઈએ કે વિદેશી કાપડના બહિષ્કારમાં બળાત્કારને સ્થાન જ નથી. હૃદયના પરિવર્તનથી જ તે સફળ થઈ શકે છે. અને જો વિદેશી કાપડનો બહિષ્કાર થશે તો ખાદીની ઉત્પત્તિ અને ખાદીના વેચાણમાં તમને તમારા વેપારને સારુ એક સુંદર મોટું ક્ષેત્ર મળી જશે. તમે જાણો છો અથવા તમારે જાણવું જોઈએ કે તમારો વિદેશી કપડાનો ધંધો હિન્દુસ્તાનની કરોડોની ગરીબ પ્રજાના ભોગે ચાલે છે. હાથકંતામણનો વ્યાપક સહાયક ઉદ્યોગ બંધ થઈ જવાથી આજે તે ભૂખમરાથી પીડાઈ છે. આ હાડપિંજરોનું દુઃખ તમારી આગળ જો હું વર્ણવું તો તમારી આંખમાંથી આંસુ પડ્યા વિના નહિ રહે. આ લોકોના પ્રતિનિધિ તરીકે આજે હું તમારી આગળ ભિક્ષા માંગવાને આવ્યો છું. જો હું તમને સમજાવી શકત તો તમારો વિદેશી કાપડનો ધંધો બંધ કરાવી તમને તમારી વ્યાવહારિક શક્તિનો ઉપયોગ ખાદીની સેવામાં કરવાને જરૂર કહેત. પણ હું જાણું છું કે આજે આ કામ માટે તમે તૈયાર નથી. એટલે આજે તમારી આગળ મારી એ જ પ્રાર્થના છે કે તમે હિન્દુસ્તાનના ગરીબ ઉપર દયા ખાઈને નહિ પણ તેમને તમે જે હાનિ પહોંચાડી છે તેના પ્રાયશ્ચિત્ત રૂપે ઉદાર હાથે ખાદીનિધિમાં ફાળો આપો."[૫]

---

૧. અત્રે ૧૯૧૯માં પસાર થયેલ મોન્ટેગ્યુ ચેમ્સ ફોર્ડ સુધારાનો ઉલ્લેખ છે. જેમાં સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં પ્રજાના પ્રતિનિધિઓને સ્થાન આપવામાં આવ્યું હતું. પણ નાણાકીય વિભાગો જેવા મહત્ત્વના વિભાગો પર સરકારી પ્રભુત્વ યથાવત રહ્યું હતું. તેનો પણ માનપત્રમાં ઉલ્લેખ જોવા મળે છે.

૨. દેસાઈ, મહાદેવ હરિભાઈ, (અનુવાદક), મારી જીવનકથા જવાહરલાલ નહેરુ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ડિસેમ્બર ૧૯૪૭, પૃ.૫૬.

૩. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૫૯.

૪. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક- ૪૧, પૃ. ૪૪૦-૪૪૧.

૫. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક- ૪૧, પૃ. ૪૪૧.

# ૫૬ મૈસુરના વિદ્યાર્થીઓનું માનપત્ર

**મોહનદાસ કરમચંદ ગાંધીજીની સેવામાં**

**મૈસુર વિદ્યાર્થીઓની વિનંતી.**

*આપે કર્ણાટક રાજ્યની રાજધાની મૈસુર શહેરમાં પધારી અમને આશીર્વાદથી નવાજ્યા છે. તે બદલ અમે આપના આભારી છીએ. અનેક મુશ્કેલીઓ વચ્ચે આપે ઈશ્વરની સેવા જેમ જ દેશની સેવા કરી છે. આપ અમારા સર્વ માટે એક ઉમદા આદર્શ છો. આપે ધર્મનો અવતાર બની, અહીં પધારી અમને આશીર્વાદ આપ્યા છે. આપે અત્રે પધારી અમને સેવાની જે તક આપી છે તે બદલ અમે આપના ઋણી છીએ.*

*આપ મહાન વ્યક્તિ છો. અતિ નમ્ર છો. આપે ભારતમાં આત્મ-નિર્ભરતા લાવવા, ભાઈચારો સ્થાપિત કરવા, કાર્યક્ષમતા વિકસાવવા પર્યાપ્ત સંઘર્ષ કર્યો છે.*

*આપે દેશની સંપત્તિમાં અભિવૃદ્ધિ કરવા, ગરીબોના પોષણ માટે અને ઔદ્યોગિક વિકાસને જીવંત કરવા ખાદી દ્વારા જે પ્રયાસો કર્યા છે તે નોંધપાત્ર છે.*

*હિન્દુ મુસ્લિમ દ્વારા રાષ્ટ્રીય એકતા, દેશની મુક્તિ માટે જરૂરી છે. એ માટે આપ સમગ્ર ભારતમાં પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. સામાન્ય લોકો સુધી એ વાત પહોંચાડવા આપ પ્રયત્નશીલ છો. આપે દેશના છ કરોડ અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે સક્રિય પ્રયાસો દ્વારા તેમને દેશમાં સમાન સ્થાન અને ન્યાય અપાવવા પ્રયાસો કર્યા છે. આપના આવા અપરા ગુણોમાંથી થોડા પણ જો અમારામાં આવે તેવા આપના આશીર્વાદ અમે ઇચ્છીએ છીએ. જેથી અમને પણ દેશની સેવા કરવાની શક્તિ પ્રાપ્ત થાય. અમારી તુચ્છ નાણાકીય ભેટ આપ સ્વીકારો એવી વિનંતી છે.*

*અને અંતે આપ જેવા દેશસેવાના અગણીત ગુણોમાંથી થોડા પણ પ્રભુ અમને આપે એવા આપના આશીર્વાદના અભિલાષી.*

*આપના આજ્ઞાકારી,*

*મૈસુર વિદ્યાર્થીઓ*

કન્નડ(કાનડી) ભાષામાં મૈસુરના વિદ્યાર્થીઓએ ૧૯ જુલાઈ, ૧૯૨૭ના રોજ આપેલ આ માનપત્રનો ગુજરાતી ભાવાનુવાદ ઉપર આપેલ છે. માનપત્રમાં કોઈ સ્થાને માનપત્ર આપ્યાની તારીખ આપવામાં આવી નથી. પણ મૈસુરની ગાંધીજીએ ત્રણ વાર મુલાકાત લીધાનો ઉલ્લેખ ગાંધીજીની દિનવારીમાં આપવામાં આવ્યો છે. એ મુજબ પ્રથમ વાર ગાંધીજી ૧૯થી ૨૩ જુલાઈ, ૧૯૨૭ના રોજ મૈસુર આવ્યા હતા. જ્યારે બીજી વાર ગાંધીજીએ ૪-૫ જાન્યુઆરી, ૧૯૩૪ના રોજ મૈસુરની મુલાકાત લીધી હતી. ૧૯૩૪ના ફેબ્રુઆરી માસની ૨૨ તારીખે પણ ગાંધીજી મૈસુર આવ્યા હતા.[1] પરંતુ આ ત્રણે મુલાકાતમાં માત્ર પ્રથમ મુલાકાત દરમિયાન જ તેમને માનપત્રો આપવામાં આવ્યાં હતાં. હસ્ત લિખિત આ માનપત્રમાં ગાંધીજીના આગમનને હૃદયપૂર્વક આવકારવામાં આવેલ છે. માનપત્રમાં ખાદી અને હિંદુ મુસ્લિમ એકતા દ્વારા દેશને આઝાદ કરાવવાના ગાંધીજીના પ્રયાસનો ઉલ્લેખ જોવા મળે છે. ભારતના છ કરોડ અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે ગાંધીજીએ કરેલા પ્રયાસોનો પણ


ಮಹಾತ್ಮ ಮೋಹನದಾಸ್ ಕರಮಚಂದ್ ಗಾಂಧಿಯವರ ಸನ್ನಿಧಿಯಲ್ಲಿ

ಮೈಸೂರು ವಿದ್ಯಾರ್ಥಿಗಳ ಭಕ್ತಿಪೂರ್ವಕವಾದ ವಿಜ್ಞಾಪನೆಗಳು

ಇಂತೀ ತಮ್ಮ ಪರಮವಿಧೇಯರಾದ,

ಮೈಸೂರು ವಿದ್ಯಾರ್ಥಿಗಳು.

માનપત્રમાં ઉલ્લેખ છે. ગાંધીજીની મુલાકાત સમયના મૈસુરનું વર્ણન ગાંધી સાહિત્યમાં આજે પણ ઉપલબ્ધ છે. જે સાચે જ જાણવા-માણવા જેવું છે. મહાદેવભાઈ દેસાઈએ **"મ્હૈસુરનો પત્ર"** નામક નવજીવનમાં લખેલ લેખમાં મૈસુરનું વર્ણન કરતાં લખ્યું છે,

**"મ્હૈસુર નગરીમાં આપેલું ભાષણ આપતાં પહેલાં જે વાતાવરણે એ ભાષણ પ્રેર્યું તેનો કંઈક ખ્યાલ આપવો ઘટે છે. અલકાપુરીના વર્ણન મેઘદૂતમાં વાંચીએ છીએ, આજની મ્હૈસુરનગરીને જોઈને તેનો કંઈક ખ્યાલ આવે છે. કળા અને સૌંદર્યના રસિયા રાજાએ નગરી સુશોભિત કરવામાં અઢળક ધન વાપરેલું છે. લાખો ખર્ચીને બનાવેલા મહેલો અને સાર્વજનિક સંસ્થાઓ, વિશાલ રસ્તાઓ ઉપર છેલ્લી ઢબના વીજળીના દીવાઓ, રમ્ય મેદાનો અને બાગો હિન્દોસ્તાનની સુશોભિત નગરીમાં મ્હૈસુરને અગ્રસ્થાન આપે છે. પડખે ચામુંડીગિરિ[૨] આવેલો છે. તેની ટોચ ઉપર કેવળ શોભાની ખાતર જ આખી રાત વીજળીના દીવા બળે છે, તે જાણે પોતાના ચરણ તળે નમેલી નગરી ઉપર ચામુંડી દેવી તારકમાળ આરોપવા તૈયાર થઈ પડી હોય એવો ભાસ થાય છે, આ બધો દમામ અને ઝાકઝમાળ જોઈને ગાંધીજી અકળાય તેમાં શી નવાઈ ?"[૩]**

માનપત્ર અર્પણ સમયની સભા ગંજાવર હતી. ૭૦૦ રૂપિયાની થેલી ગાંધીજીને અર્પણ કર્યા પછી પણ સભામાં બીજા સો રૂપિયાનું ઉઘરાણું થયું હતું. સભામાં હિંદી જાણનાર સેંકડે પાંચ ટકા વિદ્યાર્થીઓ પણ ભાગ્યે જ હતા. આ માનપત્રના પ્રતિભાવમાં ગાંધીજીએ હિન્દીમાં ભાષણ આપ્યું હતું. છતાં ગાંધીજીને અંગ્રેજીમાં બોલવાનો કોઈએ આગ્રહ કર્યો ન હતો. સૌએ એકાગ્રચિત્તે ગંગાધરરાવ દેશપાંડે[૪]નું કાનડી ભાષાંતર શાંતિથી સાંભળ્યું હતું. ગાંધીએ પોતાના ભાષણમાં કહ્યું હતું,

**"તમે મને અંગ્રેજીમા બોલવાનો આગ્રહ પણ નથી કર્યો એ સૂક્ષ્મ વિનય અને પ્રેમને હું કદી ભૂલી શકવાનો નથી. અંગ્રેજી બોલીને પણ હું અવાજ એટલો ન લંબાવી શકત કે જેથી તમે સૌ સાંભળી શકત. અંગ્રેજી ભાષા માટે મને માન છે, પણ હિન્દુસ્તાનની સેવા માટે અને હિન્દુસ્તાનીઓ એકબીજાના સંપર્કમાં આણવા માટે અંગ્રેજીની જરૂર નથી એમ મને લાગે છે. તમને સૌને આગ્રહ છે કે બને તેટલી શીઘ્રતાથી રાષ્ટ્રીય ભાષા શીખી લો.**

**- દશ વર્ષ થયા અહીં આવ્યો છું તે દરમિયાન હજારો હિંદી વિદ્યાર્થીઓના સંબંધમાં આવ્યો છું. વિદ્યાર્થીના દિલને હું જાણું છું, વિદ્યાર્થીની કઠણાઈ હંમેશાં મારી સામે પડી છે, પરંતુ હું વિદ્યાર્થીઓની દુર્બળતા જાણું છું. મને તેમણે પોતાના હૃદયમાં પ્રવેશ કરવાનો અધિકાર આપ્યો છે, તેઓ જે વાતો માબાપને કહેવા તૈયાર નથી તે મને સંભળાવે છે, એમને હું કેવી રીતે આશ્વાસન દઉં તે નથી જાણતો. હું તો કેવળ તેમનો મિત્ર બની શકું છું, તેમનાં દુઃખોમાં હિસ્સો લેવાની ચેષ્ટા કરી શકું છું, અને મારા અનુભવમાંથી કાંઈક સહાય આપી શકું, જોકે આ મનુષ્યને ઈશ્વર જેવો સાચો સહાયક કોઈ નથી. અને ઈશ્વરમાં શ્રદ્ધા ઊડી જવાના જેવી – નાસ્તિક બનવાના જેવી – બીજી એકે સજા નથી. મને મોટામાં મોટું દુઃખ એ છે કે આપણા વિદ્યાર્થીઓમાં નાસ્તિકતા વધતી જાય છે. અને શ્રદ્ધા ઘટતી જાય છે. હિંદુ વિદ્યાર્થીને મળું છું ત્યારે કહું છું કે તું રામનામ લે, તારા દુઃખનું નિવારણ તે કરશે. તેને કહું છું કે તું દ્વાદશમંત્ર જપ તારી ચિત્તશુદ્ધિ થશે. તો તે કહે છે કે રામ કોણ, વિષ્ણુ કોણ, એની મને ખબર નથી. મુસલમાન વિદ્યાર્થીને કહું છું કે તું કુરાન પઢ, ખુદાથી ડર તકબ્બુરી ન કર, તો તે કહે છે કે ખુદા કયાં છે તે હું જાણતો નથી, કુરાન સમજતો નથી. આવાઓને હું શી રીતે સમજવું કે તમારું પહેલું પગથિયું ચિત્તશુદ્ધ છે ! જો આપણને જે વિદ્યા મળે છે તેથી ઈશ્વરથી વિમુખ થઈએ તો એ વિદ્યા આપણું શું ભલું કરવાની હતી, જગતનું શું ભલું કરવાની હતી ?"[૫]**

મૈસુરમાં ગાંધીજી ૧૯થી ૨૩ જુલાઈ એમ કુલ પાંચ દિવસ રોકાયા હતા. ૧૯ના રોજ મૈસુરમાં સ્ત્રીઓની કૉલેજની મુલાકાત લીધી. વિદ્યાર્થીઓની સભામાં ઉપસ્થિત રહ્યા અને વ્યાખ્યાન પણ આપ્યું. ૨૦ના રોજ

તેમનું જાહેર સન્માન અને મ્યુનિસિપાલિટીએ તેમને માનપત્ર આપ્યું. ૨૧ના રોજ આદિ કર્નાટક ઇન્સ્ટિટ્યૂટ અને આદિ કર્નાટકવાસીઓના લત્તાની ગાંધીજીએ મુલાકાત લીધી. જગનમોહન મહેલમાં મળેલ સ્ત્રીઓની સભામાં હાજરી આપી. રેલવે કર્મચારીઓના માનપત્રનો સ્વીકાર કર્યો. ૨૨ના રોજ કૃષ્ણરાજ સાગર, યદ્યતોર, શ્રીરંગપટ્ટમની મુલાકાત લીધી. ૨૩ના રોજ મૈસુરની જાહેરસભામાં હાજરી આપી, જ્યાં તેમને માનપત્ર આપવામાં આવ્યું. આ જ દિવસે મૂંગા, બહેરા અને આંધળાની સંસ્થાના સભ્યો ગાંધીજીને મળવા આવ્યા હતા. તેમણે ગાંધીજીને સંગીત સંભળાવ્યું હતું. અને ગાંધીજીએ દરેક સભ્યને ગાંધીટોપી ભેટ આપી હતી.[૬]

આદિ કર્નાટક ઇન્સ્ટિટ્યૂટની મુલાકાત અંગે મહાદેવ દેસાઈ તેમની નોંધમાં લખે છે,

**"આ પ્રવાસ દરમ્યાન તુમકુર અને મૈસુરમાં આદિ કર્નાટક બાળકોની બે સંસ્થાઓ જોઈ. પહેલામાં ૭૫ અને બીજામાં ૧૨૫ વિદ્યાર્થીઓ છે. આ સંસ્થામાં અક્ષરજ્ઞાન અપાય છે, એટલું જ નહીં પણ અનેક ઉદ્યોગો પણ શીખવાય છે, જેવા કે સુથારીકામ, લુહારકામ, વણાટ, નેતરકામ, સીવવાનું વગરે. આ બધામાંથી એક ઉદ્યોગ દરેક વિદ્યાર્થી માટે ફરજિયાત છે. પણ ચાલકોને પૂછતાં જણાયું કે આ સંસ્થામાંથી પાસ થઈ નીકળેલા વિદ્યાર્થીઓ ઘણાખરા શિક્ષક થયા છે, સેંકડે પાંચ ટકાએ પણ શીખેલ ઉદ્યોગનો લાભ નથી લીધો. કેટલાક વિદ્યાર્થીઓ ઉપર આ મફત ખાવા-પીવાનું અને કેળવણી મળે છે તેની ખરાબ અસર થયેલી પણ જાણી છે. તેઓ પોતાના પૂર્વ જીવનની સાદાઈ, જાતમહેનત બધું ભૂલી જાય છે. અને પોતાની કોમના સેવકો મટે છે, દાન અને સહાય એ બે વસ્તુઓનો તાત્ત્વિક ભેદ આવા પ્રસંગોમાં જોવા મળે છે. જે દાનની સાથે જવાબદારી નથી, જ્ઞાન નથી, તે દાન અપાત્રે દાન થઈ પડે છે, દાન અપંગ બનાવે છે, ત્યારે સહાય માણસને પગ પર ઊભા રહેતા શીખવે છે."[૭]**

ગાંધીજીના આવા વિચારો આજના સંદર્ભમાં પણ એટલા જ સાચા અને અસરકારક છે.

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૬૫૧

૨. મૈસુર શહેરથી લગભગ ૧૩ કિલોમીટરના અંતરે ચામુંડેશ્વરી મંદિર ચામુંડી પર્વત પર આવેલાં છે. અત્રેએ ચામુંડી પર્વતનો ઉલ્લેખ છે.

૩. નવજીવન, ૭ ઑગસ્ટ, ૧૯૨૭, પૃ.૩૮૮-૩૮૯.

૪. ગંગાધર રાવ દેશપાંડે ગાંધીજીના પ્રખર અનુયાયી હતા. તેઓ કર્નાટકના સિંહ તરીકે ઓળખાતા હતા. ગાંધીજીની અનેક લડતોમાં તેઓ સક્રિય સહભાગી રહ્યા હતા.

૫. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૩૪, પૃ. ૧૯૨-૧૯૩.

૬. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૧૯.

૭. નવજીવન, ૭ ઑગસ્ટ, ૧૯૨૭, પૃ.૩૮૯-૩૯૦.

*To*

*Mahatma Gandhi*

*Sir,*

*WE, the President and Members of the Municipal Corporation of the City of Bombay, desire to offer you a warm tribute of our appreciation of your invaluable work in the cause of India. Six and half years ago, when has the honour to tender you our felicitations on the occasion of your restoration to health and liberty we expressed the hope that under your leadership, India might soon be enabled to take her legitimate place in Commonwealth of Free Nation. Events have moved since them with surprising rapidity. A year ago you provided an impetus to the national feeling which was ae as it was unique irresistible. It provided evidence to the world that India could no longer be denied the right to be a free and self-respecting nation in the comity of nations. By the Saintliness of your character, by the example of your unblemished life, by your wise and statesmanlike leadership and your insistence upon non-violence, you inspired the national movement with that moral and spiritual fervour which made for its strength. You have given the world a massage of non-violence which is fraught with immense possibilities for the benefit of humanity.*

*WE gratefully appreciate your noble efforts towards establishing peace and goodwill among the different communities that inhabit this land. We fervently part that it may be given to you to bring about this longed for unity upon the ending foundation of which alone can be built the superstructure of Indiaßs national hood.*

*FOR the progress and happiness of our beloved country, the ideal of the regeneration of the depressed classes is no less important than that-Muslim unity and we whole-heartedly with to your endeavour in this cause so that all the children of India may be ensured equal social and religious as well as political rights and liberties.*

*WE rejoice that as a result of your statesmanlike deliberation with His Excellency Lord Irwin, the method of peaceful negotiation is to replace resistance. We wish success to you in your deliberations for the purpose of framing an*



To

**Mahatma Gandhi**

Sir,

WE, the President and Members of the Municipal Corporation of the City of Bombay, desire to offer you a warm tribute of our appreciation of your invaluable work in the cause of India. Six and a half years ago, when we had the honour to tender you our felicitations on the occasion of your restoration to health and liberty, we expressed the hope that under your leadership, India might soon be enabled to take her legitimate place in a Commonwealth of Free Nations. Events have moved since then with surprising rapidity. A year ago you provided an impetus to the national feeling which was as unique as it was irresistible. It provided evidence to the world that India could no longer be denied the right to be a free and self-respecting nation in the comity of nations. By the saintliness of your character, by the example of your unblemished life, by your wise and statesmanlike leadership and your insistence upon non-violence, you inspired the national movement with that moral and spiritual fervour which made for its strength. You have given the world a message of non-violence which is fraught with immense possibilities for the benefit of humanity.

WE gratefully appreciate your noble efforts towards establishing peace and goodwill among the different communities that inhabit this land. We fervently pray that it may be given to you to bring about this longed-for unity upon the enduring foundation of which alone can be built the superstructure of India's nationhood.

FOR the progress and happiness of our beloved country, the ideal of the regeneration of the depressed classes is no less important than that of Hindu-Muslim unity and we whole-heartedly wish success to your endeavour in this cause so that all the children of India may be ensured equal social and religious as well as political rights and liberties.

WE rejoice that as a result of your statesmanlike deliberations with His Excellency Lord Irwin, the method of peaceful negotiation is to replace resistance. We wish success to you in your deliberations for the purpose of framing an enduring constitution for India. We are confident that under your guidance, India will succeed in reaching her goal as a free and equal partner in the British Commonwealth of Nations.

IN conclusion, we pray, Sir, that you may long be spared to guide the destinies of India and that under your inspired leadership, she may attain to heights of prosperity and happiness surpassing her ancient glories.

BOMBAY, 18th April 1931.

The Common Seal of the Municipal Corporation of the City of Bombay affixed in the presence of —

Members of the Standing Committee.

President of the Corporation.

Municipal Commissioner for the City of Bombay.

Municipal Secretary.

*enduring constitution for India. We are confident that under your guidance, India will succeed in reaching her goal as a free and equal partner in the British Commonwealth of Nations.*

*IN conclusion, we pray, Sir, that you may long be spared to guide the destinies of India and that under your inspired leadership, she may attain to heights of prosperity and happiness surpassing her ancient glories.*

*BOMBAY, 18th April 1931* *(Seal)*

*The Common Seal of the Municipal*
*Corporation of the City of Bombay*
*Affixed in the presence of*

*Member of Standing Committee* *President of the Corporation*

*Municipal Commissioner*
*for the city of Bombay* *Municipal Secretary*

## મહાત્મા ગાંધી

માનનીયશ્રી,

અમે, મુંબઈ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન / નિગમના પ્રમુખ અને સભ્યો, આપની ભારત દેશ પ્રત્યેની અમૂલ્ય સેવાઓ અર્થે આપને સન્માનિત કરવા ઇચ્છીએ છીએ. સાડાછ વર્ષ અગાઉ, જ્યારે આપ પુનઃ સ્વસ્થ થયા, ત્યારે આપને સન્માનિત કરતાં અમે આશા વ્યક્ત કરી હતી કે આપના નેતૃત્વમાં ભારત સ્વતંત્ર રાષ્ટ્રોના રાષ્ટ્રસમૂહમાં કાયદેસરનું સ્થાન ટૂંક સમયમાં જ ગ્રહણ કરશે.

તે સમયથી આજ દિન સુધી ઘટનાઓ આશ્ચર્યજનક રીતે પરિવર્તિત થઈ રહી છે. એક વર્ષ અગાઉ આપે રાષ્ટ્રીય ભાવનાને પ્રોત્સાહન અને ગતિ આપી હતી જે અનોખી હતી અને તેને રોકી શકાય તેવી પણ ન હતી. તેથી, ભારતને હવે લાંબા સમય માટે સ્વતંત્ર અને સ્વાભિમાની રાષ્ટ્ર તરીકે રાષ્ટ્રોના સમૂહમાં સ્થાન મેળવવાના અધિકારથી વંચિત રાખી શકાશે નહિ, તેમ વિશ્વ સમક્ષ પ્રગટ થયું હતું. સંત જેવું ચરિત્ર, નિષ્કલંક જીવન, અને એક રાજનીતિજ્ઞ જેવું નેતૃત્વ અને અહિંસા માટેના આગ્રહી વ્યક્તિત્વ દ્વારા આપે રાષ્ટ્રીય ચળવળને એક નૈતિક અને આધ્યાત્મિક પ્રેરક બળ પૂરું પાડ્યું છે. માનવતાના લાભાર્થની પુષ્કળ સંભાવનાઓ ધરાવતો અહિંસાનો સંદેશ આપે વિશ્વને આપ્યો છે.

આ દેશમાં વસવાટ કરતા વિભિન્ન સમુદાયો વચ્ચે શાંતિ અને સુમેળ સ્થાપવાના આપના ઉમદા પ્રયાસો માટે અમે આપની કૃતજ્ઞતાપૂર્વક પ્રશંસા કરીએ છીએ. ભારતની અખંડિત રાષ્ટ્રીયતા માત્ર આ જ પાયા ઉપર નિર્ભર છે અને તે બદલ આપના દ્વારા લાંબા સમયથી જોવામાં આવેલ સ્વપ્નને અમારું સમર્થન આપીએ છીએ.

આપણા પ્રિય રાષ્ટ્રની પ્રગતિ અને સુખાકારી માટે પીડિત વર્ગોનો પુનરુદ્ધાર મહત્ત્વનો છે, હિંદુ મુસ્લિમ એકતાના આપના પ્રયાસોમાં સહૃદય રીતે અમો આપની સાથે છીએ, જેથી ભારતના તમામ

*નાગરિકોને સમાન સામાજિક, ધાર્મિક, રાજનૈતિક અધિકારો અને સ્વતંત્રતા મળી શકે.*

*નામદાર લોર્ડ ઈરવીન સાથે આપની રાજનીતિજ્ઞ તરીકેની વાટાઘાટોથી અમને આનંદ થયો છે. જેના કારણે સંઘર્ષનું સ્થાન શાંતિપૂર્વક વાટાઘાટોએ લીધું છે. ભારત માટે એક સ્થાયી બંધારણ ઘડવા માટે આપની વાટાઘાટો સફળ થાય તેવી અમારી શુભેચ્છા છે. અમને વિશ્વાસ છે કે આપના માર્ગદર્શન હેઠળ ભારત બ્રિટિશ રાષ્ટ્રસમૂહમાં એક સ્વતંત્ર અને સમાન ભાગીદાર બનવાના લક્ષ્યમાં સફળતા પ્રાપ્ત કરશે.*

*અંતમાં, અમે પ્રાર્થના કરીએ છીએ કે આપ લાંબા સમય સુધી ભારતને માર્ગદર્શન આપતા રહો અને આપના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ ભારત તેના ભવ્ય ભૂતકાળ કરતાં પણ વધુ સમૃદ્ધિ અને સુખાકારીનાં ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરે.*

મુંબઈ, ૧૮ એપ્રિલ ૧૯૩૧ (સીલ)

*મુંબઈ શહેર નગરપાલિકાનું સીલ*
*આ તમામ અધિકારીઓની સમક્ષ*
*અત્રે ચોટાડવામાં આવ્યું છે.*

*મેમ્બેર ઑફ સ્ટેન્ડિંગ કમિટી* *નગરપાલિકાના પ્રમુખ*

*મુંબઈ શહેરના મ્યુનિસિપલ કમિશનર* *નગરપાલિકાના મંત્રી*

બૉમ્બે મ્યુનિસિપલ તરફથી ગાંધીજીને મળેલ આ બીજું માનપત્ર છે. પ્રથમ માનપત્ર સાડાછ વર્ષ પહેલા આપ્યાનો ઉલ્લેખ માનપત્રમાં આપવામાં આવ્યો છે. ગાંધીજીની દિનવારીમાં પણ તેનો ઉલ્લેખ છે. એ માનપત્ર ગાંધીજીને ૨૯ ઑગસ્ટ, ૧૯૨૪ના રોજ મુંબઈના સર કાવસજી જહાંગીર હૉલમાં આપવામાં આવ્યું હતું.[૧] એ માનપત્રમાં ગાંધીજી સાજા થયા[૨] તેની ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. અને ગાંધીજીની અમૂલ્ય સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.[૩] એ માનપત્રનો પ્રતિભાવ આપતાં ગાંધીજીએ કહ્યું હતું,

**"માનપત્ર તથા તેમાં દર્શાવેલી ભાવભરી લાગણીઓ બદલ હું તમારો આભાર માનું છું. જેને મારી માનવહિતની સેવાઓ કહી શકાય તેના પર તમે ભાર મૂક્યો છે. મારે માટે માનવહિતની સેવા અથવા કહો જીવમાત્રની સેવા, એક ધર્મ છે. અને આવા ધર્મ તથા રાજકારણ વચ્ચે હું કશો ભેદ પાડતો નથી. ખરું કહું તો રાજકારણથી અલિપ્ત રહી શકે એવા પરિપૂર્ણ સેવામય જીવનની હું કલ્પના જ કરી શકતો નથી. ધાર્મિક પીઠબળ વિનાનું રાજકારણ એક ભયાનક મનોવિનોદ છે અને એને પરિણામે એમાં પડેલી વ્યક્તિઓ અને રાષ્ટ્રને એ કેવળ હાનિ જ કરે છે એવું મારા પ્રયોગ વડે હું સાબિત કરવા મથી રહ્યો છું."[૪]**

૧૬થી ૧૮ એપ્રિલ દરમિયાનની અનેક ઘટનાઓ ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસમાં નોંધપાત્ર છે. ૧૮ એપ્રિલના દિવસે લોર્ડ અને લેડી ઈરવીને મુંબઈ બંદરેથી વિદાય લીધી હતી. ભારતના વાઇસરોય તરીકે ૧૯૨૫થી ૧૯૩૧ સુધી કાર્ય કર્યા પછી તેઓ ઇંગ્લેન્ડ પાછા ફરી રહ્યા હતા. તેમના સ્થાને નવા વાઇસરોય વિલિંગટન અને તેમનાં પત્ની મુંબઈ ૧૭ એપ્રિલે આવી ગયાં હતાં. ૧૮ એપ્રિલના દિવસે જ લખનૌમાં રાષ્ટ્રવાદી મુસ્લિમોનું અધિવેશન બે દિવસ માટે મળ્યું હતું. અમદાવાદથી ગાંધીજી ૧૬ એપ્રિલના રોજ મુંબઈ આવ્યા હતા. એ સમયે ગાંધી ઈરવીન કરાર વાતાવરણમાં ચર્ચાનો વિષય હતો. એ કરારના

પાલન અંગે ગાંધીજીએ ૧૭ એપ્રિલના રોજ મુંબઈમાં ગવર્નર સાથે ચર્ચા કરી હતી. મુક્ત થતા વાઇસરોય લોર્ડ ઈરવીન સાથે પણ ગાંધીજીએ ૧૬ એપ્રિલના રોજ મુલાકાત કરી હતી. એ સમયે વાઇસરોયએ કહ્યું હતું, મારી આબરૂ તમારા હાથમાં છે'.[૫]

૧૮ એપ્રિલના રોજ ગાંધીજીએ અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. સૌપ્રથમ તેમણે ભગિની સમાજના ટ્રસ્ટીઓની બેઠકમાં હાજરી આપી હતી. એ પછી ઈમર્સન સાથે ચર્ચા કરી હતી. એ પછી તેમણે શૌકતઅલી, મુલ્લાજી અને ભોપાલના નવાબ સાથે મુલાકાત કરી હતી. એ પછી મુંબઈ મ્યુનિસિપાલિટી દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એ કાર્યક્રમમાં તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું. આ માનપત્ર તત્કાલીન પ્રતીકોને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવ્યું છે. પ્રિન્ટ કરેલ રંગીન આ માનપત્રને ચારે બાજુ સુંદર અને ઉદ્દેશલક્ષી ચિત્રો અને બોર્ડરથી શણગારવામાં આવેલ છે. માનપત્રના મથાળે ભારતના ઐતિહાસિક વારસાને અભિવ્યક્ત કરતાં સ્થાપત્યોનાં રેખાચિત્રો જમણી અને ડાબી બાજુ મૂકવામાં આવ્યાં છે. તેની બરાબર વચ્ચે ભારતમાતાની છબી રાષ્ટ્રધ્વજ સાથે આપવામાં આવેલ છે. તેની નીચે મુંબઈ મ્યુનિસિપાલિટીનો લોગો આપવામાં આવ્યો છે. તેની બંને બાજુ ગાંધીજીની એ સમયે બહુ પ્રચલિત તકલીઓનું ચિત્ર છે. માનપત્રની જમણી અને ડાબી બાજુ કલાત્મક ડિઝાઇન સાથે પ્રતીકાત્મક રાષ્ટ્રીય ચિત્રો આપવામાં આવ્યાં છે. જેમાં મુંબઈનો દરિયો, તેમાં તરતી નાવ અને સ્ટીમર, ભારતના ગામડાંઓના પ્રતીક સમા ખેતી કરતાં સ્ત્રી-પુરુષ, ગામડાંઓના ગૃહ ઉદ્યોગના પ્રતીક સમા સુથારી, લુહારી કામ કરતા પુરુષોનાં ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. માનપત્રના અંતે ચરખો કાંતતી સ્ત્રી અને સાળ ચલાવતા વણકરનું ચિત્ર ગાંધીજીના ખાદીના અભિયાનને વ્યક્ત કરે છે. કાપડ પર પ્રિન્ટ કરેલા આ માનપત્ર સાચે જ વિશિષ્ટ ભાસે છે. માનપત્રના પ્રતિભાવમાં ગાંધીજીએ કહ્યું હતું,

**..તમારા માનપત્ર માટે અને તેમાં રહેલી સુંદર લાગણી માટે તમારો સૌનો આભાર માનું છું. મને એક વાર તો તમે તમારા પ્રેમથી નવરાવ્યો હતો. હું માનતો હતો કે એક માનપત્ર માત્ર બસ થશે, પણ આખી દુનિયાની અંદર આપણે જોઈએ છીએ કે પ્રેમને સીમા હોતી નથી તેમ તમારા વિશે થયું. પણ હું એમ માની લેવા જેટલી મૂર્છામાં આવી જાઉં એમ નથી કારણ હું જાણું છું કે ૧૯૨૪[૬]માં તેમ જ આજે પણ ગરીબો પ્રત્યેના મારા પ્રેમને લીધે તમે મને માનપત્ર આપ્યું છે. મેં દાવો કર્યો છે કે દરિદ્રનારાયણ માટે હું જીવું છું અને સ્વરાજ એટલે હિન્દુસ્તાનના હાડપિંજરોની મુક્તિ છે. એવા મૂંગા જ્યારે બોલતા થશે અને પંગુ ચાલતા થશે ત્યારે પૂર્ણ સ્વરાજ આવેલું કહેવાશે. એ પ્રકારનું સ્વરાજ આપણે કોઈને ડરાવી-ધમકાવીને ન લઈ શકીએ, પણ સંગઠન અને ઐક્યથી જ લઈ શકીએ. એ વસ્તુ તમે ઝીલી લીધી છે એવો અર્થ તમારાં બંને માનપત્રમાંથી હું કાઢું છું, કાઢવાનો મને અધિકાર છે.**

**તમે હિન્દુસ્તાનના અસ્પૃશ્યો વિશેના મારા પ્રયત્નોનો ઇશારો કર્યો છે. એ અસ્પૃશ્યોના બધા હકો આપણે જાળવવા ઇચ્છીએ છીએ પણ સ્વરાજની પ્રથમ શરત એ છે કે હિંદુઓ અસ્પૃશ્યતાનું કલંક હિંદુ ધર્મમાંથી ધોઈ નાખે.**

**હિન્દુસ્તાન શહેરમાં નહિ પણ ગામડાંમાં વસે છે એમ આપણે કહેતા-સાંભળતા આવ્યા છીએ. પણ જો શહેરો પોતાની વસ્તી હિન્દુસ્તાનના ગરીબ ગામડિયાઓ માટે છે એમ સિદ્ધ કરવા ઇચ્છે તો તેમણે પોતાનાં સાધનોનો વધારેમાં વધારે ભાગ ગરીબની સ્થિતિ સુધારવામાં અને તેમની ભાઈબંધી કરવામાં વાપરવો જોઈએ. એટલે શહેરીઓ ગામડાના મુરબ્બી થઈને બેસે એ બરોબર નથી. આપણે તો એમ માંગીએ કે શહેરીઓ ગામડાવાળાઓના મુરબ્બી મટી સેવક બને. જ્યારે શહેરો એમ માનશે કે ગરીબની સેવાને માટે જ શહેરો છે. ત્યારે તેઓ પોતાના મહેલો, પોતાના લોકોના રીતરિવાજોની સરખામણી કાંઈક ગામડાંઓની સાથે કરશે. એટલે આ આપની પાસે બીજું માનપત્ર લઉં છું ત્યારે તમે ગરીબને વધારે વધારે સાથ દેતા રહેશો એવી મને આશા ન રાખવા દો ? આમ તમે કરશો**

એની નિશાની તરીકે તમે શહેરના હજારો મજૂરોને અપનાવજો, તેમને એમ લાગવા દેજો કે આ મ્યુનિસિપાલિટી જેમ તવંગરની છે તેમ તેમની પણ છે. જે શહેરને સુંદર ગણવામાં આવે છે તે સુંદર કામ કરે તો શોભે. મુંબઈ હિન્દુસ્તાનમાં પ્રથમ સ્થાન ભોગવે છે. એનું મુખ્ય કારણ એ છે કે ઉદારતાની અંદર પહેલો નંબર લે એવી પારસી કોમ અહીં વસે છે, અને એ કોમના સર ફિરોઝશાહ મહેતાએ શહેરની અસાધારણ સેવા કરેલી છે. એટલે તમે ગરીબની સેવાનાં કાર્ય કરતા રહો એ આવશ્યક છે.

તમે ઇચ્છ્યું છે કે આપણા દેશમાં કોમી એકતા સ્થપાય. હિંદુ, મુસલમાન, ઈસાઈ, પારસી બધા પોતાને હિન્દુસ્તાની માનીને રહે એમ આપણે પ્રભુ પાસે માંગીએ. સૌના ધર્મ ભલે નોખા હોય પણ ઝાડનાં અસંખ્ય પાંદડાં નોખાં છતાં એક જ ઝાડનાં છે તેમ આપણે બધા હિન્દુસ્તાનના એક ઝાડનાં પાંદડાં છીએ એમ માનીને રહેવાની તમારી મહત્ત્વાકાંક્ષા હોવી જોઈએ. તમે મને મારા પ્રયત્નની સફળતા માટે આશીર્વાદ આપ્યો છે એ માટે આભાર માનું છું, પણ એ કામ એકલાથી ન થઈ શકે. તમે સૌ એ દિશામાં પ્રયત્ન કરો એમ માગું છું.

જો મેં વિનંતી કરી તેનો તમે સ્વીકાર કરતા હો તો મુંબઈમાં જે ૮૦,૦૦૦ બાળકો અને બાળાઓને તમે શિક્ષણ આપો છો તેમને ગામડાંની સાથે સીધો સંબંધ બાંધવાની ખાતર સૂતર કાંતતાં કરી દો. તેમના દરેકના હાથમાં તકલી[૭] મૂકી દો. તકલીના ગુણગાન આજે હું તમને ન સંભળાવું પણ એક વસ્તુ છે કે તકલી ઓછામાં ઓછા ખરચે દાખલ થઈ શકે અને એક વાર થઈ એટલે સાથેસાથે ખાદી દાખલ થશે.

કાંતીને અને ખાદી પહેરીને ગરીબને અપનાવી શકાય છે એ પ્રકારનું જ્ઞાન બાળકોને મળે તેના કરતાં વધારે ચડિયાતી કેળવણી કઈ હોઈ શકે ?

ઈશ્વર મ્યુનિસિપાલિટીની દિનપ્રતિદિન વૃદ્ધિ કરો અને તમને બુદ્ધિ અને શક્તિ આપો કે જેથી હિન્દુસ્તાનના ગરીબ અને પંગુની સેવા કરી શકો[૮]"

ગાંધીજીના આ પ્રતિભાવ અંગે તેમના રહસ્ય સચિવ શ્રી મહાદેવભાઈ દેસાઈ લખે છે,

"મ્યુનિસિપાલિટી આ ટૂંકા છતાં મહત્ત્વપૂર્ણ ભાષણને મુદ્રાલેખ તરીકે છપાવી શકે.[૯]"

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૬૯.

૨. ૧૨ જાન્યુઆરી, ૧૯૨૪ના રોજ પૂણેની સાસૂન હૉસ્પિટલમાં ગાંધીજીનું એપેન્ડિક્સનું ઑપરેશન કરવામાં આવ્યું હતું. એ સંદર્ભમાં સાજા થવાનો ઉલ્લેખ છે.

૩. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૨૫, પૃ. ૫૦.

૪. એજન,. પૃ. ૫૦

૫. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૯૩-૯૪.

૬. અત્રે ગાંધીજીને ૨૯ ઑગસ્ટ, ૧૯૨૪ના રોજ મુંબઈના સર કાવસજી જહાંગીર હૉલમાં બૉમ્બે મ્યુનિસિપાલિટી તરફથી આપવામાં આવેલ પ્રથમ માનપત્રનો ઉલ્લેખ છે.

૭. માનપત્રના મથાળે મુંબઈ મ્યુનિસિપાલિટીના લોગોની બંને બાજુ બે તકલીઓનું ચિત્ર આપવામાં આવ્યું છે.

૮. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૪૬, પૃ. ૧૩.

૯. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૨૫, પૃ. ૧૩, (પુસ્તકની ફૂટનોટ નં.૧).

Revered Mahatmaji,

*We, the citizen of Trivandrum, offer you on this, the first occasion of your visit to this historic city, our most warm and affectionate welcome. This day has blessed us with the happy realisation of our long cherished with your inspiring Darshan.*

*YOUR exalted and selfless life, your saintly character, your noble sacrifice in the interest of the Motherland, your tender regards for suffering humanity, your ceaseless labours for the uplift of the depressed classes, and above all your complete identification with the masses have been a source of profound inspiration and unerring guidance to your countryman. To us you are a national asset, to the world a beacon-light that shines from afar. Liberty is your watch word, truth the power of your life, sacrifice the make-up your existence and love your all-embracing Deity.*

*YOUR readiness to welcome pain and suffering in the cause of others, the noble agony that evils such as intercommunal generate in you and your faith in the victories of peace, have roused the passionate love of your countrymen and exhorted the admiration of the civilized world. Your life and teachings illustrate the possibility of universal brotherhood which transcends barriers of race and country.*

*YOUR scrupulous enforcement of the practise of "Ahimsa" in the realization of the country's goal, has brought about a renaissance in the spiritual outlook of India and has equipped your followers with the most efficacious weapon in the assertion of their legitimate right.*

*YOUR endeavours to solve the problem of poverty in India by the persistent advocacy of the Gospel of Khaddar is a great moral and spiritual force in the rejuvenation of our Motherland.*

*YOUR powerful campaign against the drink evil in India has arrested in a very large measure a growing social degeneracy.*

*YOUR life has been one of ceaseless fight against social oppression and tyranny and whatever success had been achieved in that direction is due in the main, to your unremitting labours and wise lead.*

## *Revered Mahatmaji,*

We, the citizens of Trivandrum, offer you on this, the first occasion of your visit to this historic city, our most warm and affectionate welcome. This day has blessed us with the happy realisation of our long cherished wish for your inspiring *Darshan*.

Your exalted and selfless life, your saintly character, your noble sacrifice in the interests of the Motherland, your tender regard for suffering humanity, your ceaseless labours for the uplift of the depressed classes, and above all your complete identification with the masses have been a source of profound inspiration and unerring guidance to your countrymen. To us you are a national asset, to the world a beacon-light that shines from afar. Liberty is your watch word, truth the power of your life, sacrifice the make-up of your existence and love your all embracing Deity.

Your readiness to welcome pain and suffering in the cause of others, the noble agony that evils such as intercommunal strife generate in you and your unshaken faith in the victories of peace, have roused the passionate love of your countrymen and exhorted the admiration of the civilized world. Your life and teachings illustrate the possibility of universal brotherhood which transcends all barriers of race and country.

Your scrupulous enforcement of the practice of "*Ahimsa*" in the realization of the country's goal, has brought about a renaissance in the spiritual outlook of India and has equipped your followers with the most efficacious weapon in the assertion of their legitimate rights.

Your endeavours to solve the problem of poverty in India by the persistent advocacy of the Gospel of Khaddar is a great moral and spiritual force in the rejuvenation of our Motherland.

Your powerful compaign against the drink evil in India has arrested in a very large measure a growing social degeneracy.

Your life has been one of ceaseless fight against social oppression and tyranny and whatever success has been achieved in that direction is due in the main, to your unremitting labours and wise lead.

We are aware that the great humanitarian mission which has brought you into our midst is beset with difficulties, but we are confident that your inspiring presence will instil us with hope and help to solve the knotty problem of untouchability on which you have set your heart.

May we hope that in the scheme of Swaraj for India the Indian States will have their proper and legitimate place.

We fervently pray to the Almighty, the giver of all good, to vouchsafe to us for many long years your inspiring presence and your selfless guidance to flower and fruition the great work of the emancipation of our Motherland.

Trivandrum,
13th March, 1925.

We beg to remain,
**Revered Mahatmaji,**
**Your obedient and loving Country-men,**
*The Citizens of Trivandrum.*

Subhodayam Press, Trivandrum.

*We are aware that the great humanitarian mission which has brought you into our midst is beset with difficulties, but are confident that your inspiring presence will instil us with hope and help and help to solve the knotty problem of untouchability on which have set your heart.*

*MAY we hope that in the scheme of Swaraj for India the Indian States will have their proper and legitimate place.*

*WE fervently pray to Almighty, the giver of all good, to vouchsafe to us for many long years your inspiring and your selfless guidance to flowers and fruition the great work of the emancipation of our Motherland.*

*Trivandrum* — *We beg to remain*

*13TH MARCH, 1925* — *Revered Mahatmaji,*

*Your obedient and loving Country-men,*

*The Citizens of Trivandrum*

*Subhodayam Press, Trivandrum.*

સૌપ્રથમ માનપત્રનો અનુવાદ જોઈએ.

*વંદનીય મહાત્માજી,*

*અમે, ત્રિવેન્દ્રમના નાગરિકો, આ ઐતિહાસિક શહેરની આપની પ્રથમ મુલાકાતના પ્રસંગે આપનું અતિ ઉષ્માભર્યું અને લાગણીસભર સ્વાગત કરીએ છીએ. આજના દિવસે ઘણા સમયથી અમે તમારા પ્રેરણાદાયક દર્શન કરવાનું સ્વપ્ન જોતા હતા, તે સ્વપ્ન સાકાર થયું છે.*

*તમારું ગૌરવશીલ અને નિ:સ્વાર્થ જીવન, સંતો જેવું તમારું ચરિત્ર, માતૃભૂમિના હિતમાં તમે આપેલ ઉમદા બલિદાન, કષ્ટ સહન કરી રહેલી મનુષ્યજાતિ માટે તમારી કોમળ ભાવના, પીડિત વર્ગોના ઉદ્ધાર માટે તમારી અનંત મહેનત, અને સૌથી વધુ તો તમે પોતાને જે રીતે સામાન્ય લોકો પૈકીના એક માનો છો તેના કારણે આપના દેશવાસીઓને હંમેશાં સાચું માર્ગદર્શન અને પ્રગાઢ પ્રેરણા મળી છે. અમારા માટે તમે એક રાષ્ટ્રીય સંપત્તિ છો, વિશ્વ માટે તમે એક પ્રકાશ આપતી દીવાદાંડી સમાન છો. સ્વતંત્રતા તમારો સંકેત શબ્દ છે, સત્ય તમારા જીવનનું બળ છે, બલિદાન તમારું અસ્તિત્વ છે અને પ્રેમ તમારા ઇષ્ટદેવ છે.*

*બીજાઓના હિતમાં પીડા અને તકલીફ સહન કરવા માટેની તમારી તૈયારી, કોમ-કોમ વચ્ચેના મતભેદ જેવાં દૂષણો તરફ તમારો અણગમો, અને શાંતિના વિજયમાં તમારા વિશ્વાસના કારણે તમારા દેશના લોકોને તમારા માટે અતિશય પ્રેમ છે, તેમજ તમે સુસંસ્કૃત વિશ્વની પ્રશંસા પ્રાપ્ત કરેલ છે. તમારું જીવન અને તમારા શિક્ષણના કારણે વૈશ્વિક ભાઈચારો પ્રસ્થાપિત કરવાની અને જાતિ અને દેશ વચ્ચેના ભેદભાવ દૂર થવાની શક્યતા વધી છે.*

દેશ માટેનાં લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે તમારા દ્વારા અહિંસાના સિદ્ધાંતનું ઈમાનદારીપૂર્વક પાલન કરવાના કારણે ભારતના આધ્યાત્મિક દષ્ટિકોણમાં નવજાગૃતિ આવી છે, જેના કારણે તમારા અનુયાયીઓને તેમના કાયદેસરના અધિકાર પ્રાપ્ત કરવા માટે સૌથી અસરકારક હથિયાર પ્રાપ્ત થયેલ છે.

ગરીબી દૂર કરવા માટે ખાદીને પ્રાધાન્ય આપવાના આપના સંદેશને કારણે માતૃભૂમિમાં નવચેતના સાથે નૈતિક અને આધ્યાત્મિક બળ પ્રાપ્ત થયેલ છે.

ભારતમાં આપે શરૂ કરેલ સશક્ત વ્યસનમુક્તિ ચળવળના કારણે સામાજિક અધોગતિને ખાળવાની દિશામાં મદદ મળી છે.

આપનું જીવન સામાજિક દમન અને જુલમ સામે નિરંતર યુદ્ધ સમાન છે અને આ દિશામાં જે કંઈ સફળતા મળી છે તે મુખ્યત્વે તમારા અવિરત શ્રમ અને યોગ્ય માર્ગદર્શનના કારણે જ મળી છે.

અમે જાણીએ છીએ કે માનવતા માટેનો જે મહાન ઉદેશ આપે અમને આપ્યો છો, તે અત્યંત મુશ્કેલ છે, પરંતુ અમને વિશ્વાસ છે કે આપની પ્રેરણાદાયી ઉપસ્થિતિ અમારી આશામાં અવશ્ય સંચાર કરશે, તેમજ મદદ રૂપ થશે અને જે સમસ્યાનું નિવારણ કરવાનાં કાર્યોને તમે તમારા હૃદયમાં સૌથી મહત્ત્વનું સ્થાન આપ્યું છે, તે અસ્પૃશ્યતાની જટિલ સમસ્યાનું નિવારણ કરવામાં મદદ રૂપ થશે.

અમે આશા રાખીએ કે ભારતની આઝાદી માટેના આપના પ્રયાસોને કારણે ભારતનાં રાજ્યોને યોગ્ય અને કાયદેસરનું સ્થાન મળશે.

અમે સર્વશક્તિમાન ઈશ્વરને હંમેશાં પ્રાર્થના કરીએ છીએ કે અમને આવનારાં અનેક વર્ષો માટે આપનું પ્રેરણાદાયી અને નિઃસ્વાર્થ માર્ગદર્શન મળતું રહે, જેથી આપણી માતૃભૂમિને શક્તિ અને બળ મળે.

ત્રિવેન્દ્રમ
૧૩ માર્ચ, ૧૯૨૫

આપના
વંદનીય મહાત્માજી
તમારા આજ્ઞાંકિત અને પ્રેમાળ દેશવાસીઓ
ત્રિવેન્દ્રમના નાગરિકો

સુભોદયમ પ્રેસ, ત્રિવેન્દ્રમ

ત્રિવેન્દ્રમમાં ગાંધીજીનું રોકાણ ૧૩,૧૪, અને ૧૫ એમ કુલ ત્રણ દિવસનું હતું. ગાંધીજીના આગમન સમયે વાઈકોમ સત્યાગ્રહને કારણે ત્રિવેન્દ્રમનું વાતાવરણ ગરમ હતું. જોકે માનપત્રમાં ક્યાંયે વાઈકોમ સત્યાગ્રહનો સીધો ઉલ્લેખ જોવા મળતો નથી. આમ છતાં સૌ ગાંધીજીની ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા. આ અંગે વાઈકોમથી એક સત્યાગ્રહીએ ગાંધીજીને લખ્યું હતું,

"નારાયણ ગુરુની આજ્ઞાએ અમારા ખજાનચી અહીંની સત્યાગ્રહની ચળવળના સ્મૃતિચિહ્ન રૂપે એક શાળાનું મકાન બંધાવવા મથી રહ્યા છે. આપના આવવાની અમે ઇંતેજારીથી રાહ જોઈ રહ્યા છીએ. આપને અહીં તરત લાવવા માટે અમારે કેવો ઉપાય લેવો જોઈએ એ બાબત અહીં સૌના મનમાં અહર્નિશ સંકલ્પવિકલ્પ ચાલ્યા કરે છે. ઈશ્વર આપને અહીં આવી શકવા પૂરતી તંદુરસ્તી તથા સમય આપે એ જ પ્રાર્થના."[૧]

ગાંધીજીના માર્ગદર્શન તળે ચાલી રહેલ વાઈકોમ સત્યાગ્રહ અંગે ગાંધીજી લખે છે,

**"વાઈકોમ સત્યાગ્રહીઓનું યુદ્ધ સ્વરાજ્યના કરતાં ઓછી અગત્યનું નથી. જમાનાઓ થયા ચાલી રહેલ અપરાધ અને અન્યાય સામે તેઓ લડી રહ્યા છે. એ દોષોને સનાતન ધર્મીઓનો, વહેમનો, રિવાજનો અને પ્રમાણનો ટેકો છે. સાક્ષરતાને નામે ઓળખાઈ રહેલ અજ્ઞાનની સામે ચલાવવાના અનેક પુણ્ય યુદ્ધોમાંનું આ એક યુદ્ધ છે. જો તેમના યુદ્ધમાં રક્તપાતને સ્થાન હોય તો કઠણમાં કઠણ સંજોગોમાં પણ તેમણે ધીરજ ધરવી રહી. અગ્નિની જ્વાળા ભભૂકતી હોય તોપણ તેમણે અડગ રહેવું."[૨]**

પ્રથમ દિવસે ગાંધીજી વરકલાથી ત્રિવેન્દ્રમ આવ્યા હતા. ત્રિવેન્દ્રમમાં તેમનો ઉતારો રાજાના અતિથિગૃહમાં હતો. એ દિવસે તેમણે મહારાણી અને દીવાનસાહેબની મુલાકાત લીધી હતી. ત્રિવેન્દ્રમમાં ચાલી રહેલ અને સમગ્ર ભારતમાં ચર્ચાનો વિષય બનેલ વાયકોમ સત્યાગ્રહ અંગે ગાંધીજી મહારાણી સાહેબાને મળ્યા હતા. એ જ સંદર્ભમાં ગાંધીજી શિવગિરિ મઠમાં સ્વામીનારાયણ ગુરુને પણ મળ્યા હતા. અને ત્યાં તેમણે કેટલાંક પુલિયા બાળકોને સંસ્કૃત પાઠ કરતાં સાંભળ્યાં હતાં. ગાંધીજીએ કહ્યું હતું,

**"અઝવા લોકો સ્વચ્છ હોય છે. અને દેશના ઊંચમાં ઊંચ વર્ગના લોકો કરતા ઊતરતા નથી."**

વાઈકોમ સત્યાગ્રહ (૧૯૨૫-૨૫) અસ્પૃશ્યતાની કુપ્રથા સામે ત્રાવણકોર (કેરલ)માં ચાલ્યો હતો. સૌપ્રથમ આ સત્યાગ્રહ ત્રાવણકોર પાસેના એક ગામ વાઈકોમમાં આવેલ મંદિર નજીકની સડકો પર હરિજનોના ચાલવા અંગે શરૂ થયો હતો. અહીંયાં અવર્ણોમાં મુખ્યત્વે અઝવા અને પુલિયા અછૂત જાતિઓનો સમાવેશ થાય છે. આ જાતિઓ પ્રત્યે ત્રાવણકોરમાં અસ્પૃશ્યતા એટલી હદે વિસ્તરી હતી કે સવર્ણો ૧૬થી ૩૨ ફૂટનું અંતર રાખી ચાલતા હતા. ૧૯મી સદીના અંતમાં નારાયણ ગુરુ, એન. કુમાર અને ટી. કે. માધવન જેવા નેતાઓએ આ પ્રથાનો સખ્ત વિરોધ કર્યો હતો. વાઈકોમ આંદોલનની નેતાગીરી કોંગ્રેસના ટી. કે. માધવન, કે. પી. કેશવમેનન અને કે. કિલપ્પનને લીધી હતી. એ સંદર્ભે જ આ મુલાકાત દરમિયાન ગાંધીજીની મધ્યસ્થીને કારણે મહારાણી સાહેબા અને આંદોલનકારીઓ વચ્ચે સમાધાનની પ્રક્રિયા ચાલી હતી. ૧૩ માર્ચના રોજ ગાંધીજીને ત્રિવેન્દ્રમના નાગરિકો, કેરલ હિંદુ સભા, હ્યુમેનિટેરિયન સોસાયટી, સ્થાનિક કોંગ્રેસ સમિતિ તથા ખિલાફત કમિટી તથા હિંદી વિદ્યાર્થીઓ દ્વારા માનપત્રો આપવામાં આવ્યાં હતાં. તેમાંનું એક ત્રિવેન્દ્રમના નાગરિકો તરફથી આપવામાં આવેલ માનપત્ર અત્રે આપવામાં આવ્યું છે. ઉપરોક્ત તમામ માનપત્રોના સંયુક્ત પ્રતિભાવમાં ગાંધીજીએ કેન્ટોન્મેન્ટ મેદાનમાં ભાષણ આપ્યું હતું. તેમાં તેમણે વાઈકોમ આંદોલન અન્વયે સમાધાનની થઈ રહેલા પ્રક્રિયાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું,

**"વાઈકોમ આંદોલનમાં અવરોધ કરનાર રૂઢિચુસ્ત લોકો સમક્ષ ત્રણ દરખાસ્ત મૂકું છું. પ્રથમ એ કે, વાઈકોમના અથવા આખા ત્રાવણકોરના સવર્ણ હિંદુઓનો મત લેવામાં આવે. રૂઢિચુસ્તોના પ્રતિનિધિઓએ એ સ્વીકારી નહિ અને કહ્યું કે, જેઓ નિશ્ચિત માન્યતાઓ ધરાવે છે તેઓ બહુમતીનો નિર્ણય સ્વીકારવા બંધાયેલા છે. બીજી દરખાસ્ત એ હતી કે રૂઢિચુસ્તોની નિશ્ચિત માન્યતા જે પ્રમાણિત આધાર પર બંધાયેલી છે તેને હિંદના વિદ્વાન શાસ્ત્રીઓ સમક્ષ મૂકવામાં આવે. પરંતુ તેમણે કહ્યું કે પ્રમાણિત આધાર અને તેના અર્થ બાબત શાસ્ત્રીઓનો નિર્ણય પોતાને અનુકૂળ નહિ હોય તો તેનો અસ્વીકાર કરવાની તેમને છૂટ રહેશે. ત્રીજી દરખાસ્ત મેં એ મૂકી કે સત્યાગ્રહીઓ તરફથી હું પંચ તરીકે એક શાસ્ત્રીનું નામ સૂચવું અને વિરોધી લોકો પોતા તરફથી એક પંચ સૂચવે. એ બંને ઉપર સરપંચ તરીકે દીવાનસાહેબ રહે. અને તેઓ જે નિર્ણય કરે તે મને બંધનકર્તા રહેશે. આ ત્રણે દરખાસ્તો હજુ ઊભી છે. સવર્ણો હિંદુઓ અને આખા હિંદુ સમાજને હું આગ્રહપૂર્વક કહું છું કે વાઈકોમના રૂઢિચુસ્ત લોકોના પૂર્વગ્રહો તોડો અને લોકમતના ભારે દબાણ દ્વારા આ રસ્તાઓ અસ્પૃશ્યો અને દૂર રાખતા લોકો માટે ખુલ્લા મુકાવો. રાજમાતા**

અને દીવાનસાહેબ બંનેએ આ દરખાસ્તો પસંદ કરી અને સુધારકો પ્રત્યે પોતાની સહાનુભૂતિ દર્શાવી. અને બંનેએ, આ બાબતમાં હાલ તરત કાયદો કર્યા સિવાય, સુધારાની ચળવળને બીજી બધી રીતે પોતાનાથી બનતી મદદ કરવા વચન આપ્યું છે. મને ચોક્કસ લાગે છે કે સંગઠિત લોકમત કાનૂની પગલું લઈને પણ સુધારકોને મદદ કરશે. મેં રાજમાતાને લોકમત લેવામાં મદદ કરવા કહ્યું છે, પણ તે એમ કરી શકે કે ન કરી શકે, તોપણ લોકમત સંગઠિત કરતા તમને કોઈ રોકી શકે એમ નથી. જો સ્થાનિક જાહેર ટીકા સહાનુભૂતિભરી, અહિંસક અને નમ્ર ન હોય તો અંધ રૂઢિવાદીઓ તેનું તેજ સહન નહિ કરી શકે. મલબારમાં ૬૦ હજાર બ્રાહ્મણોને મુકાબલે ૮ લાખ બ્રાહ્મણેતરો અને ૧૭ લાખ અસ્પૃશ્યો છે. તેમનામાં કેળવણી સારા પ્રમાણમાં છે એ જોઈને મને આનંદ થાય છે, પણ તેમને સામાન્ય માનવ અધિકારોથી વંચિત ન કરવા જોઈએ."[૩]

આજ દિવસે તેમને ફોર્ટ હાઈસ્કૂલ, તાલીમ સંઘ, કન્યાશાળા, કૉલેજની વિદ્યાર્થીઓ, સાયન્સ કૉલેજ તરફથી પણ માનપત્રો એનાયત થયા હતા.[૪] મહારાજા કૉલેજ ઓફ સાયન્સ તરફથી આપવામાં આવેલ માનપત્રના પ્રતિભાવમાં ગાંધીજીએ કહ્યું હતું,

"હિંદમાં અને યુરોપ તથા અમેરિકાથી આવતા પત્રો પરથી હું જોઉં છું કે હિંદ બહાર એથીય વધારે પ્રમાણમાં એક એવો સામાન્ય વહેમ ફેલાયેલો છે કે હું વિજ્ઞાનનો વિરોધી છું, દુશ્મન છું. આ પ્રકારના આરોપો કરતા બીજો કોઈ જૂઠો આરોપ હોઈ ન શકે. પણ એ વાત સાવ સાચી છે કે જે વસ્તુ વિશે હું હમણાં તમને કહેવાનો છું તે વસ્તુથી ભિન્ન હોય એવા વિજ્ઞાનનો હું પ્રશંસક નથી. હું માનું છું એ આપણે વિજ્ઞાનને જો તેના યોગ્ય સ્થાન પર મૂકીએ તો એના વિના જીવી જ ન શકીએ. પણ દુનિયાના મારા ભ્રમણ દરમિયાન મને વિજ્ઞાનના દુરુપયોગ વિશે એટલું જ શીખવા મળ્યું છે કે ઘણી વાર એવી ટીકા અથવા ટીકાઓ કરી છે કે જેથી લોકો હું ખરેખર હું વિજ્ઞાનનો વિરોધી છું એમ માનવા પ્રેરાય. મારા નમ્ર મત પ્રમાણે વૈજ્ઞાનિક શોધખોળને પણ મર્યાદાઓ છે. અને માનવતા આપણા પર જે મર્યાદાઓ મૂકે છે એ જ મર્યાદાઓ હું વૈજ્ઞાનિક શોધખોળ પર મૂકવા માંગું છું. થોડા દિવસ પહેલાં હું એક મિત્ર સાથે વિજ્ઞાનના ઉપયોગ વિશે ચર્ચા કરતો હતો, ત્યારે મેં તેમને મારા જીવનની જે એક વાત કહી તે હું તમને પણ કહેવા માંગું છું. મેં તેમને કહ્યું કે મારા જીવનમાં એવો સમય આવ્યો હતો જ્યારે મેં દાક્તરી ભણવાનો લગભગ નિશ્ચય કર્યો હતો. અને મેં તેમને એ પણ કહ્યું કે જો હું દાકતરી ભણ્યો હોત તો કદાચ હું એક પ્રખ્યાત ફિઝિશિયન કે પ્રખ્યાત સરજન અથવા બંને થયો હોત, કારણ કે દાક્તરીની આ બંને શાખાઓ મને પ્રિય છે, અને મને લાગે છે કે એ ક્ષેત્રમાં હું ઘણી સારી સેવા બજાવી શક્યો હોત. પણ જ્યારે મેં એક દાક્તર મિત્ર, જેઓ એક પ્રખ્યાત દાક્તર હતા તેમની પાસે જાણ્યું કે મારે જીવતાં પ્રાણીઓ પર શસ્ત્રક્રિયા કરવી પડશે, ત્યારે બેબાકળો બનીને હું એમાંથી પાછો હઠી ગયો.

કમનસીબે કૉલેજમાં ભણનારા આપણે ભૂલી જઈએ છીએ કે હિન્દુસ્તાન શહેરોમાં નહિ પણ ગામડાંમાં વસે છે. હિન્દુસ્તાનમાં ૭,૦૦,૦૦૦ ગામડાં છે. અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર તમારા જેવા લોકો પાસે આશા રાખવામાં આવે છે કે તમે શિક્ષણ અથવા એ શિક્ષણનું ફળ ગામડાંમાં લઈ જાઓ. તમે ગામડાંના લોકોને તમારા વિજ્ઞાનિક જ્ઞાનમાં રસ લેતા કેવી રીતે કરશો ? વિજ્ઞાનનો અભ્યાસ તમે ગામડાંને ખ્યાલમાં રાખીને કરો છો ખરા ? અને તમે આ ભવ્ય મકાન અને એટલા જ ભવ્ય સરંજામવાળી કૉલેજોમાં ભણીને તમારા જ્ઞાનનો ઉપયોગ લોકોના લાભ માટે કરી શકો તેટલા કુશળ અને વ્યવહારુ થઈ શકશો ખરા ?

અને છેલ્લે, હું તમારી સમક્ષ એ ઓજાર મૂકું છું જેના પર તમારા વિજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ કરી શકો. એ ઓજાર છે બિચારો વિનમ્ર રેંટિયો. હિંદના સાત લાખ ગામડાં આજે આ સીધા સાદા રેંટિયાના અભાવે દહાડે દહાડે શોષતા જાય છે. ફક્ત સો વરસ પહેલાં હિંદમાં ઘરે ઘરે રેંટિયો હતો અને ત્યારે દેશ આજે છે તેવો આળસુ

નહોતો. ત્યારે ખેડૂતો જેમની વસ્તી દેશમાં ૮૫ ટકા છે તેમને વરસમાં ઓછામાં ઓછું ચાર મહિના બેકાર નહોતું રહેવું પડતું. આ વાત હું જ નથી કહી રહ્યો. આ મારો પુરાવો નથી. આ એક બીજા વૈજ્ઞાનિક મિ. હિગિનબોટમ (અલ્હાબાદ એગ્રિકલ્ચર ઇન્સ્ટિટ્યૂટ)નો પુરાવો છે. તેઓ થોડા જ સમય પહેલાં કર સમિતિ સમક્ષ સાક્ષી આપી રહ્યા હતા. અને તેમણે કહ્યું છે કે હિંદની વધતી જાતી ગરીબી કરોડો લોકોને પૂરક ધંધો નહિ હોય તો ઘટવાને બદલે વધશે. હવે ૧૯૦૦ માઈલ લાંબી અને ૧૫૦૦ માઈલ પહોળી ભૂમિ પર પથરાયેલા ૭,૦૦,૦૦૦ ગામડાંની જરૂરિયાત પૂરી પાડે એવો પૂરક ધંધો શોધવા માટે તમારાં વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરો એટલે હું તમને ખાતરીપૂર્વક કહું છું કે તમે, હું આવ્યો છું એ જ નિર્ણય પર આવ્યા વગર રહેશો નહિ કે કેવળ રેંટિયો જ એવો પૂરક ધંધો આપી શકે એ એમ છે.[૫]

ટૂંકમાં ગાંધીજીની ત્રિવેન્દ્રમની મુલાકાતનો મૂળભૂત હેતુ વાઈકોમ સત્યાગ્રહ હતો. અસ્પૃશ્તાના કલંક સામે ચાલી રહેલ આ સત્યાગ્રહ ગાંધીજીના પ્રયાસોને કારણે સફળ રહ્યો હતો.

---

૧. નવજીવન, ૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૫, પૃ. ૨

૨. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૨૬ પૃ. ૧૩૫

૩. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૨૬ પૃ. ૨૬૯.

૪. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૮૦

૫. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૨૬, પૃ ૨૬૬થી ૨૬૮.

# ૫૯ રાયબરેલી કૉંગ્રેસ કમિટીનું માનપત્ર

## जिल्ला कांग्रेस कमेटी रायबरेली का मानपत्र
## महात्मा गांधी की सेवा में सादर समर्पित

पूज्य महात्मा जी!

हमलोंग कई वर्षो से आप के दर्शन के लिये लालायित हो रहे थे परमात्मा की कृपा से आज यह ईच्छा पूर्ण हुई और आपको अपने बीच पाकर हम लोंगो का हृदय गद गद हो रहा है और आप के स्वागत के लिये हाथो उछलरहा है परन्तु महात्मान हमलोंग अपने को इस योग्य नहि पाते कि आपका यथार्थ तथा वास्तविक स्वागत कर सके तो भी इस आशा से कि आपके शुभागमन से हम लोगो में बलका संचार होगा और आप के बताये हुये मार्ग पर चलने की शक्ति आ सकेगी आप को यहां तक लाने का कष्ट दिया है, हम लोंग आप का हृदय से स्वागत करते है।

महात्मान भारतवर्ष का सन १९२१-२२ ई. का इतिहास जो सुवर्ण अक्षरो से लिखा जायगा उस समय यह जिल्ला भी असहयोग आन्दोलन में हिस्सा लेने से पीछे नही हटा और उस में जिल्ला के १५ महानुभावो ने सरकार की महेमानदारी स्वीकार कर जेल यात्रा की थी और यु.पी. कांग्रेस कमेटी के ५५ योधा जो साथ कैद हुये थे उन में से हमारे जिले के २ महानुभाव मीर वाजीदअली वकील व पं. माताप्रसाद मिश्र थे परन्तु उस समय यहां की कांग्रेस सर्वथा अव्यवस्थित थी और अधिकतर उसका कार्य शटर के चार दिवार के अंदर सीमाबद्ध था परिणाम यह हुआ कि किसानो की जागृत का लाभ हम लोंग न उठा सके और गवर्नमिन्टने जिले में मुंशीगंज, फुरसतगंज तथा करहिया ईत्यादी स्थानो में निस्सहाय पीडित भोली भाली किसान जनता पर गोली वर्षा कर व तालुकदारो के सहयोग से लगभग ६०० आदमियों पर जमानत व मुचलिको के मुकदमे चला कर उन किसानो की बढती हुई जागृत को दबाने में सफल हुई, असहयोग आन्दोलन के प्रश्चात कौन्सिल प्रोग्राम के दलदल में जिल्ला कांग्रेस की मिट्टी पलीत हो गई और जो उच्च स्थान कांग्रेस ने असहयोग के जमान में लोगो के हृदय में पा लिया था वह ईलेक्शन की छीछालेदर में जाता रहा तब से यहां की कांग्रेस मृतप्रायः रही है।

बम्बई में अखिल भारतवर्षीय कांग्रेस कमेटी ने जो प्रस्ताव देश के सामने रक्खा था उस से बडा ही उपकार हुआ है और जिले के अन्दर फिर जागृत हुई है और धीरे २ कांग्रेस का बल बढ रहा है, हमारे जिले में इस समय कांग्रेस के सदस्य २५०० है जो निर्धारित संख्या से १५० ज्यादा है और जिले में ७० स्वयंसेवक प्रतिज्ञाबध्ध है। पूज्य पं. जवाहरलाल के परमर्शानुसार गत वर्ष अकाल पीडितो के सहायतार्थ मौजा सेमरौता तहसील महाराजगंज में पं. रामस्वरूप मिश्र "विशारद" की देखरेख में चर्खासंघ खोला गया है जिस में आज तक १५० का खद्द्रर तैयार हो चुका है। लगभग ३० सेर सूत तैयार है १II मन तक रुई स्टाक में है ९२ चर्खो पर प्रति दिन सात आंठ घंटा काम होता है और २ कर्घे लगभग दो मास से बराबर काम करते है।

## ज़िला कांग्रेस कमेटी रायबरेली का मानपत्र।

# महात्मा गांधी की सेवा में सादर समर्पित।

पूज्य महात्मा जी !

हम लोग कई वर्षों से आपके दर्शनों के लिये लालायित हो रहे थे परमात्मा की कृपा से आज यह इच्छा पूर्ण हुई और आपको अपने बीच पाकर हम लोगों का हृदय गद्गद् हो रहा है और आपके स्वागत के लिये हाथों उछल रहा है परन्तु महात्मन् हम लोग अपने को इस योग्य नहीं पाते कि आपका यथार्थ तथा वास्तविक स्वागत कर सकें तो भी इस आशा से कि आपके शुभागमन से हम लोगों में बल का संचार होगा और आपके बताये हुये मार्ग पर चलने की शक्ति बढ़ेगी आप को यहाँ तक आने का कष्ट दिया है, हम लोग आपका हृदय से स्वागत करते हैं।

महात्मन् भारतवर्ष का सन् १९२१-२२ ई० का इतिहास जो स्वर्ण अक्षरों से लिखा जायेगा उस समय में यह ज़िला भी असहयोग आन्दोलन में हिस्सा लेने से पीछे नहीं हटा और उसमें ज़िला के १५ महानुभावों ने सरकार की मेहमानदारी स्वीकार कर जेल यात्रा की थी और यू० पी० कांग्रेस कमेटी के ५५ योधा जो एक साथ क़ैद हुये थे उन में से हमारे ज़िले के २ महानुभाव मीर वाजिदअली वकील व पं० माताप्रसाद मिश्र थे परन्तु उस समय यहाँ की कांग्रेस सर्वथा अव्यवस्थित थी और अधिकतर उसका कार्य शहर के चार दीवारी के अन्दर सीमाबद्ध था जिसका परिणाम यह हुआ कि किसानों की जागृत का लाभ हम लोग न उठा सके और गवर्नमेन्ट ने ज़िले में मुंशीगंज, फ़ुरसतगंज तथा करहिया इत्यादि स्थानों में निस्सहाय पीड़ित भोली भाली किसान जनता पर गोली वर्षा कर व तालुकेदारों के सहयोग से लग भग ६०० आदमियों पर अमानत व मुचलिकों के मुक़दमे चला कर उन किसानों की बढ़ती हुई जागृत को दबाने में सफल हुई, असहयोग आन्दोलन के पश्चात् कौंसिल प्रोग्राम के रद्द बद्द में ज़िला कांग्रेस की मिट्टी पलीद होगई और जो उच्च स्थान कांग्रेस ने असहयोग के ज़माने में लोगों के हृदयों में पा लिया था वह एलेक्शन की हलचल में जाता रहा तब से यहाँ की कांग्रेस मृतप्राय: रही।

बम्बई में अखिल भारतवर्षीय कांग्रेस कमेटी ने जो प्रस्ताव देश के सामने रक्खा था उससे बड़ा ही उपकार हुआ है और ज़िले के अन्दर फिर जागृत हुई है और धीरे २ कांग्रेस का बल बढ़ रहा है, हमारे ज़िले में इस समय कांग्रेस के सदस्य ५५०० हैं जो निर्धारित संख्या से १५० ज़्यादः हैं और कुल ज़िले में ७० स्वयं-सेवक प्रतिज्ञाबद्ध हैं, पूज्य पं० जवाहरलाल के परामर्शानुसार गत वर्ष अकाल पीड़ितों के सहायतार्थ मौजा सेमरौता तहसील महराजगंज में पं० रामस्वरूप मिश्र "विशारद" की देख रेख में एक चर्खासंघ खोला गया है जिसमें अब तक ११०) का खद्दर तैयार हो चुका है लग भग २० सेर सूत तैयार है और ११ मन रुई [illegible] में है ३१ चर्खों पर प्रति दिन सात आठ घंटा काम होता है और २ कोरी [illegible] के बराबर काम करते हैं।

इसी मौजे में एक राष्ट्रीय पाठशाला है जिसमें ७० बालक पढ़ते हैं और उनके पढ़ाने के लिये तीन टीचर हैं। हमारे यहाँ की २ तहसीलों [illegible] और [illegible] [illegible]-[illegible]

सार संगठित हैं बाकी दो तहसीलों में भी काम शुरू हो गया है। काम्ग्रेस के मेम्बर देहात ही में बसे हैं। शहर के गिने गिने व्यक्तियों को छोड़ कर विशेषतया शिक्षित लोग काम्ग्रेस कार्य्य से उदासीन ही रहते हैं, विपरीत इसके देहात में जीवन है और वे लोग स्वराज्य संग्राम में हिस्सा लेने के लिये उत्साहित देख पड़ते हैं।

महात्मन्! यों तो सारे देश में किसानों की दुःखावस्था है परन्तु विशेष कर अवध के किसानों की दशा अत्यन्त ही दुःखद तथा शोचनीय है। अवध के किसान दो चक्की के पाट के बीच में पीसे जा रहे हैं, एक तो गवर्नमेंट की मुकर नीति द्वारा दूसरे यहाँ के ताल्लुकदारों की जो विशेषाधिकार एक्ट लगान द्वारा प्राप्त है, कोई भी किसान किसी ताल्लुकदार की मरजी के खिलाफ़ अपनी ज़मीन पर एक छिन भी नहीं टिक सकता है। चूंकि यहाँ पर सिवाय काश्तकारी के और कोई दूसरा साधन जीविका का नहीं है। अतएव किसान अपनी ज़मीन छूटने के भय से ताल्लुकदारों के बेजा माँगों के शिकार रहा करते हैं। इस नये युग में ताल्लुकदारों की विलासिता और भी बढ़ गई है, जिससे उनके नये २ खर्चों का भार ग़रीब किसानों पर एक्ट लगान अवध के बल पर मनमाना इज़ाफ़ा व नज़राना लेकर बेदख़ली तथा दूसरे प्रकार के नये २ करों द्वारा लादा जाता है जो किसान अपनी निस्सहाय अवस्था के कारण सहन कर रहे हैं और उनकी ग़रीबी दिन प्रति दिन बढ़ती जा रही है।

चूंकि जिला रायबरेली ताल्लुकदारों का केन्द्र है अर्थात् इस ज़िले में जितने अधिक ताल्लुकदार हैं अन्य किसी ज़िले में नहीं हैं। इस वजह से इस ज़िले की दशा अत्यन्त शोचनीय है, इस ज़िले के काश्तकार साधारणतया शरीर गठन में [redacted] और समझदार तथा मेहनती होते हुये भी कर्ज़ और ग़रीबी से विह्वल हैं जिसके कारण बहुत से भाई अन्य प्रान्तों में अपने जीवन निर्वाह के लिये जाया करते हैं। इस ज़िले में सरकारी सेना में जितने सैनिक भरती हुये हैं कदाचित् ही इस प्रान्त के किसी ज़िले में भरती हुये हों यह इस दरिद्रता का दुष्परिणाम है।

किसान लोग अपनी निस्सहाय अवस्था और जो उन पर अत्याचार साधारणतया हुआ करते हैं उनको महसूस करते हैं और जब कभी संगठित होने का प्रयत्न करते हैं तो उन पर गोली वर्षा कर और उनके कार्य्य-कर्त्ताओं को जेल में ठूँस कर उनकी फ़रियाद की जाती है। अवध के किसानों विशेषतया रायबरेली के किसानों में इन अत्याचारों के मुक़ाबिला करने को उत्साह और शक्ति है परन्तु आवश्यकता एक वल्लभ भाई ऐसे सरदार के सरदारी की है यदि आप के प्रसाद स्वरूप एक वल्लभ भाई ऐसा सरदार अवध को मिल जावे तो आप देख सकते हैं कि यहाँ किसान समुदाय कैसा शान्तिमय घोर संग्राम छेड़ने में समर्थ होता है।

पुनः हम लोग आप का हृदय से स्वागत करते हैं और ईश्वर से प्रार्थी हैं कि आप ऐसी पवित्र दुर्लभ विभूति हम लोगों की सदैव पथ प्रदर्शक रहे और हम लोगों को आप का अनुकरण करने की शक्ति प्रदान करे।

आप के आज्ञाकारी—

मेम्बरान कांग्रेस कमेटी रायबरेली।

[illegible] प्रेस रायबरेली     २३-११-२९

*इसी मौजे में एक राष्ट्रीय पाठशाला है जिस में ७० बालक पढते है और उन के पढाने के लिये तीन टीचर है, हमारे यहां की दो तहसीले डखमठ और सखोन बम्बई – प्रस्तावानुं सार संगठित है बाकी दो तहसीलो में भी काम शुरु हो गया है। कान्ग्रेस के कुल मेम्बर देहात ही में बने है। शहर के इन गीने व्यक्तिओ को छोड कर विशेषतया शिक्षित लोग कान्ग्रेस कार्य से उदासीन ही रहते है, विपरीत इस के देहात में जीवन है और वे लोंग स्वराज्य संग्राम में हिस्सा लेने के लिये उत्साहित देख पडते है।*

*महात्मन! यौ तो सारे देश में किसानो की दुःरवस्था है परन्तु विशेष कर अवध के किसानो की दशा अत्यन्त ही दुःखद तथा शोचनीय है। अवध के किसान दो चक्की के पाट के बीच में पीसे जा रहे है, एक तो गवर्मिन्ट की भूकर नीति द्वारा दूसरी यहां के तालुकदारो की जो विशेषाधिकार एक्ट लगान द्वारा प्राप्त है, कोई भी किसान किसी तालुकदार की मरजी के खिलाफ अपनी जमीन पर एक छिन भी नहि टीक सकता है। चूंकी यहां पर सिवाय काश्तकारी के और कोई दूसरा साधन जीविका का नहि है। अत एव किसान अपनी जमीन छूटने के भय से तालुकदारो के बेजा मांगो के शिकार रहा करते है। इस नये युग में तालुकदारो की विलासिता और भी बढ गई है, जिस से उनके नये नये खर्चो का भार गरीब किसानो पर एक्ट लगान अवध के बल पर मनमाना इजाफा व नजराना लेकर के निस्सहाय अवस्था के कारण सहन कर रहे है और उनकी गरीबी दिन प्रति दिन बढती रही है।*

*चूंकी जिल्ला रायबरेली तालुकदारो का केन्द्र है अर्थात इस जिले में जितने अधिक तालुकदार है अन्य किसी जिले में नहि है। इस वजह से इस जिले की दशा अत्यन्त शौचनीय है, इस जिले के काश्तकार साधारणतया शरीरगठन में लम्बे चौडे और समझदार तथा महेनती होते हुए भी ऋण और गरीबी से बिहल है जिस के कारण बहुत से भाई अन्य प्रान्तोमें अपने जीवन निर्वाह के लिये जाया करते है। इस जिले में सरकारी सेना में जीतने सैनिक भरती हुये है कदाचित ही इस प्रान्त के किसी जिले में भरती हुये हो यह सब दरिद्रता का दुषपरिणाम है।*

*किसान लोंग अपनी निस्सहाय अवस्था और जो उन पर अत्याचार साधारणतया हुआ करते है उनको महसूस करते है जब कभी संगठित होने का प्रयत्न करते है उनपर गोळी वर्षा कर और उनके कार्यकर्ताओ को जेल में डूस कर उनकी फरियाद की जाती है। अवध के किसानो विशेषतयारायबरेलीकेकिसानो में इन अत्याचारो के मुकाबिला करने को उत्साह और शक्ति है परन्तु आवश्यकता एक वल्लभभाई ऐसे सरदार के सरदारी की है यदी आप के प्रसाद स्वरूप एक वल्लभभाई ऐसा सरदार अवध को मिल जाय तो आप देख सकते है कि यहां किसान समुदाय कैसा शान्तिमय घोर संग्राम छेडने में समर्थ होता है।*

*पुनः हम लोंग आप का हृदय से स्वागत करते है और ईश्वर से प्रार्थी है कि आप ऐसी पवित्र दुर्लभ विभूति हम लोगो को सदैव पथ प्रदर्शक रहे और लोगो को आप का अनुकरण करने की शक्ति प्रदान करे।*

*१३.११.२९*

*आप के आज्ञाकारी –*

*मेम्बरान कांग्रेस कमेटी रायबरेली*

*गंगाधर प्रेस रायबरेली*

## જિલ્લા કૉંગ્રેસ કમિટી રાયબરેલીનું માનપત્ર
## મહાત્મા ગાંધીની સેવામાં સાદર સમર્પિત

પૂજ્યમહાત્માજી,

અમે ઘણાં વર્ષોથી આપનાં દર્શનની અભિલાષા સેવતા હતા, ઈશ્વરની કૃપાથી આજે અમારી તે ઇચ્છા પૂર્ણ થઈ છે. આપને અમારી વચ્ચે જોઈ અમારું હૃદય ભાવવિભોર થઈ ગયું છે, અમે આપના સ્વાગત માટે બેતાબ છીએ. પરન્તુ મહાત્મા, અમે લોકો એ માટે અમારી જાતને લાયક નથી ગણતા કે અમે આપનું વાસ્તવિક સ્વાગત કરી શકીએ. આમ છતાં આપના શુભાગમનથી આપે ચીંધેલા માર્ગ પર ચાલવા માટે અમારામાં શક્તિનો સંચાર થશે, એ દૃષ્ટિએ આપે અહીંયાં આવવા જે કષ્ટ વેઠ્યું છે એ માટે અમે આપનું હાર્દિક સ્વાગત કરીએ છે.

મહાત્માન, ભારતવર્ષનો સન ૧૯૨૧-૨૨નો ઇતિહાસ સુવર્ણ અક્ષરોમાં લખાશે, એ સમયે આ જિલ્લાએ પણ અસહયોગ આંદોલનમાં ભાગ લેવામાં પાછીપાની કરી ન હતી. જિલ્લાના ૧૫ મહાનુભાવોએ સરકારની મહેમાનગીરી સ્વીકારી જેલયાત્રા કરી હતી. અને યુ.પી કૉંગ્રેસ સમિતિના ૫૫ યોદ્ધાઓ જેલમાં હતા, તેમની સાથે અમારા જિલ્લાના બે મહાનુભાવો મીર વાજીદઅલી વકીલ અને પં. માતાપ્રસાદ મિશ્ર પણ હતા. પરંતુ એ સમયે અહીંની કૉંગ્રેસ સર્વથા અવ્યવસ્થિત હતી. મોટા ભાગે તેનું કાર્ય શટરની ચાર દિવાલો સુધી સિમીત હતું. પરિણામે ખેડૂતોની જાગૃતિનો લાભ અમે લોકો લઈ શક્યા નહિ. અને જિલ્લાના મુંશીગંજ, ફુરસતગંજ તથા કહરિયા વગેરે સ્થાનો પર નિસહાય પીડિત ભોળી પ્રજા પર ગોળીઓની વર્ષા કરી સરકારે ખેડૂતોની વધતી જતી જાગૃતિને દાબી દેવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. અસહયોગ આંદોલન પછી કાઉન્સિલ પ્રોગ્રામને કારણે કૉંગ્રેસની સ્થિતિ કફોડી થઈ હતી. અસહયોગ આંદોલન સમયે પ્રજામાં ઉચ્ચ સ્થાને બિરાજમાન કૉંગ્રેસ ચૂંટણીના છીછરા રાજકારણમાં પ્રજાના માનસ પરથી ઉતરી ગઈ. પરિણામે અહીની કૉંગ્રેસ મૃત:પ્રાય બની ગઈ.

મુંબઈ અખિલ ભારતીય કૉંગ્રેસ કમિટીએ જે પ્રસ્તાવ દેશ સમક્ષ મૂક્યો હતો, તેના કારણે જિલ્લામાં પુન: જાગૃતિ આવી છે અને ધીરે ધીરે કૉંગ્રેસનું બળ વધવા લાગ્યું છે. અમારા જિલ્લામાં આ સમયે કૉંગ્રેસના ૨૫૦૦ સભ્યો છે, જે નિર્ધારિત સંખ્યાથી ૧૫૦ વધારે છે. અને જિલ્લામાં ૭૦ સ્વયં સેવકો પ્રતિજ્ઞાબદ્ધ છે. પૂજ્ય જવાહરલાલના પરામર્શન અનુસાર ગત વર્ષે દુષ્કાળ પીડિતોની સહાયતા અર્થે મૌજાસેમરૌતા તહસીલ મહારાજગંજમાં પં. રામસ્વરૂપ મિશ્ર "વિશારદ"ના માર્ગદર્શન તળે ચરખાસંઘનો આરંભ થયો છે. જેમાં આજ સુધી ૧૫૦ની ખાદી તૈયાર થઈ ચૂકી છે. લગભગ ૩૦ શેર કપાસ તૈયાર છે ૧II મણ કપાસ સ્ટોકમાં છે ૯૨ ચરખા પ્રતિદિન સાત આઠ કલાક કાર્યરત રહે છે અને ૨ વણાટ શાળ લગભગ બે માસથી સતત કાર્યરત છે.

આ વિસ્તારમાં એક રાષ્ટ્રીય પાઠશાળા છે, જેમાં ૭૦ બાળકો ભણે છે અને તેમને ભણાવવા માટે ત્રણ શિક્ષકો છે, અમારે ત્યાંના બે વિસ્તારો ડખમઠ અને સખોન મુંબઈ – પ્રસ્તાવનું સાર સંગઠિત છે. બાકી બે વિસ્તારોમાં પણ કામ શરૂ થઈ ગયું છે. કૉંગ્રેસના મોટા ભાગના સભ્યો ગામડાના છે. શહેરના થોડા સભ્યોને બાદ કરતાં મોટેભાગે શિક્ષિતો કૉંગ્રેસના કાર્યો પ્રત્યે ઉપેક્ષિત રહે છે. તેનાથી વિરુદ્ધ ગામડામાં જાગૃતિ છે. અને લોકો સ્વરાજ્ય સંગ્રામમાં ભાગ લેવા ઉત્સાહિત જોવા મળે છે.

મહાત્મન, આમ તો અમારા દેશમાં ખેડૂતોની દુર્દશા છે. પરંતુ ખાસ કરીને અવધના ખેડૂતોની

*દશા અત્યંત દુઃખદ અને વિચારણીય છે. અવધના ખેડૂતો બે પાટમાં પીસાઈ રહ્યા છે. એક તો સરકારની જમીન મહેસૂલનીતિ અને બીજી અહીંના તાલુકદારોને કર ઉઘરાવવાનો આપવામાં આવેલો વિશિષ્ટ અધિકાર. કોઈ પણ ખેડૂત કોઈ પણ તાલુકદારની મરજી વિરુદ્ધ પોતાની જમીન ઉપર એક પળ પણ ટકી શકતો નથી. કારણ કે અહીંયાં ખેત કાર્ય સિવાય આજીવિકાનું કોઈ અન્ય સાધન નથી. તેથી ખેડૂત પોતાની જમીન જતી રહેવાના ડરથી તાલુકદારોની અયોગ્ય માંગોનો શિકાર થઈ રહ્યો છે. આ નવા યુગમાં તાલુકદારોની વિલાસિતા અત્યંત વધી ગઈ છે. તેમના નવા નવા ખર્ચાઓને ભોગે ગરીબ ખેડૂતો પર મનમાન્યા કર અને ભેટ સોગાદો નાખી, ખેડૂતોને આર્થિક રીતે બેહાલ કરવામાં આવી રહ્યા છે. ખેડૂતો પોતાની નિસહાય અવસ્થાને કારણે સહન કરી રહ્યા છે. પરિણામે તેમની ગરીબી દિનપ્રતિદિન વધતી રહી છે.*

*જિલ્લા રાયબરેલી તાલુકાનું કેન્દ્ર હોઈને આ જિલ્લામાં જેટલા વધુ તાલુકદારો છે, તેટલા અન્ય કોઈ જિલ્લામાં નથી. આને કારણે આ જિલ્લાની દશા અત્યંત શરમજનક છે. જિલ્લાના ખેડૂતો સામાન્ય અને શારીરિક રીતે તંદુરસ્ત, સમજદાર અને મહેનતુ હોવા છતાં દેવાદાર અને ગરીબીથી બેહાલ છે. પરિણામે અનેક ભાઈઓ અન્ય પ્રાંતોમાં પોતાની આજીવિકા મેળવવા જાય છે. અન્ય કોઈ જિલ્લામાં આથી વધુ લોકોએ સ્થળાંતર કર્યું નહિ હોય. વ્યાપક દરિદ્રતાનું આ કરુણ પરિણામ છે.*

*ખેડૂતો પોતાની નિસહાય સ્થિતિ અને સામાન્ય રીતે તેમના પર જે અત્યાચાર થઈ રહ્યા છે તેને અનુભવે છે. અને જ્યારે પણ તેની સામે સંગઠિત થવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેમના પર ગોળીઓ વરસાવી, તેમના કાર્યકર્તાઓ પર તહોમત લગાડી તેમને જેલ ભેગા કરી દેવામાં આવે છે. અવધના ખેડૂતો અને ખાસ કરીને રાયબરેલીના ખેડૂતોમાં આ અત્યાચારનો સામનો કરવાનો ઉત્સાહ અને શક્તિ છે. પરંતુ તે માટે જરૂરી છે એકાદ વલ્લભભાઈ જેવા સરદારની. જો આપની કૃપાથી વલ્લભભાઈ જેવા કોઈ સરદાર અવધને મળે, તો આપ અવશ્ય જોઈ શકશો કે અહીંનો ખેડૂત સમુદાય શાંતિમય સંગ્રામ આરંભવા કેટલો સમર્થ સિદ્ધ થાય છે.*

*પુનઃઅમે આપનું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. અને ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે આપ જેવી પવિત્ર અને દુર્લભ વિભૂતિ અમારા માટે પથદર્શક બની રહે. અને લોકોને આપના માર્ગ પર ચાલવા શક્તિ પ્રદાન કરે.*

*૧૩-૧૧-૨૯*

*આપના આજ્ઞાકારી –*

*સભ્યો કૉંગ્રેસ કમિટી રાયબરેલી*

*ગંગાધર પ્રેસ રાયબરેલી*

*ગંગાધર પ્રેસ રાયબરેલી*

અત્યાર સુધીમાં આપણે ચર્ચેલાં માનપત્રોમાં આ સૌથી લાંબું અને વિગતો સભર માનપત્ર છે. તેમાં માત્ર ગાંધીજીની પ્રશંસા નથી, પરંતુ એ યુગના વાતાવરણ સાથે સ્થાનિક સમસ્યાઓનું ચિત્રણ પણ છે. એ દૃષ્ટિએ આ માનપત્ર ઐતિહાસિક દસ્તાવેજ સમાન છે. જે સ્થળેથી આ માનપત્ર આપવામાં આવ્યું છે, તે રાયબરેલી શહેરમાં આ સિવાય પણ ગાંધીજીને ઘણાં માનપત્રો મળ્યાં છે. જેમાંનાં ત્રણ માનપત્રો અનુક્રમે રાયબરેલી જિલ્લાના અરખા ગામ તરફથી મળેલ માનપત્ર, અધ્યાપક સમિતિ, રાયબરેલી તરફથી મળેલ

માનપત્ર અને આર્ય કુમાર શાળા, રાયબરેલી તરફથી મળેલ માનપત્રની આપણે અગાઉ ચર્ચા કરી ગયા છીએ. પણ એ તમામની તુલનામાં આ માનપત્ર વિશિષ્ટ અને વિગતો સભર છે. બે પ્રિન્ટિંગ પાનાંઓ અને આઠ પેરેગ્રાફમાં આલેખાયેલ આ માનપત્ર ભારતના સ્વતંત્રસંગ્રામમાં સક્રિય એવી એક માત્ર રાજકીય સંસ્થા રાષ્ટ્રીય કોંગ્રેસની રાયબરેલી શાખાની સમિતિના સભ્યો દ્વારા ૧૩ નવેમ્બર, ૧૯૨૯ના રોજ ગાંધીજીને આપવામાં આવ્યું હતું. માનપત્રમાં એ યુગમાં કોંગ્રેસ કમિટી દ્વારા થયેલાં કાર્યો અને સમાજમાં તેની અસરો પ્રતિબિંબિત થાય છે. એ સાથે કોંગ્રેસની મર્યાદાઓ પણ માનપત્રમાં આલેખવામાં આવી છે. વળી, આ જ સમય દરમિયાન ગાંધીજીએ આદર્શ માનપત્રની ચર્ચા કરતો લેખ પણ લખ્યો છે. જેમાં આદર્શ માનપત્રની વિશિષ્ટતાઓ અને તેના સ્વરૂપની તેમણે ચર્ચા કરી છે. પણ એ તમામ બાબતોની ચર્ચા કરીએ તે પહેલાં માનપત્રમાં આપવામાં આવેલી વિગતોની ચર્ચા કરીએ.

## ૬૦ કેન્ડી (શ્રીલંકા)ની

*To Mahatma Mohandas Karmachan Gandhi*

*Saviour of the Indian People*

*Most Revered Sir*

*We the member of the Kandy Maha Sabha do Seize the most rare occasion to welcome into our midstand to this historic and beautiful town one of the greatest of living personages.*

*Your service to your countryman, Sir, mankind in general, have been manifold and while you jealously guard and fight for the right and liberties of the Indian people and have sacrificed your all for the cause of Mother India it has been very gracious on your part to have given our little Island to a place in your heart.*

*We are forced to fight out our own battles to raise this land to her legitimate states among the nations and at a most critical time the present the presence in our midst, even for a brief period of a great personage like yours is indeed a grievance source of inspiration and encouragement to us all.*

*On behalf of general public of Kandy we do offer you, Sir and Mrs Gandhi a most cordial welcome in to this ancient capital of kings, and wish you both long life and perfect happiness. May this historic visit of yours tend to bring about a strong unifying influence over our scattered forces in this countries of need.*

*Vice President* *President*

*Kandy Nov 1927*

પ્રતિ મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી

ભારતીય પ્રજાના રક્ષક

પરમ આદરણીય શ્રીમાન

અમે કેન્ડી મહાસભાના સભ્યો દરિયાકિનારે આવેલા અમારા સુંદર અને ઐતિહાસિક શહેરમાં આપનું સ્વાગત કરવાની તક ઝડપી રહ્યા છીએ.

શ્રીમાન, આપની આપણા દેશવાસીઓ માટેની માનવસેવા નોંધનીય છે. ભારતવાસીઓના



To Mahatma Mohandas Karamchand Gandhi
Saviour of the Indian People.

Most revered Sir.

We the members of the Kandy Maha Jana Sabha do seize this most rare occasion to welcome into our midst and to this historic and beautiful Town one of the greatest of living personages.

Your services to your countrymen, Sir, and to mankind in general, have been manifold, and while you jealously guard and fight for the rights and liberties of the Indian People and have sacrificed your all for the cause of Mother India it has been very gracious on your part to have given our little Island too a place in your heart.

We are forced to fight out our own battles here to raise this Land to her legitimate status among the nations, and at a most critical time in the history of this country like the present the presence in our midst even for a brief period of a great personage like yours is indeed a genuine source of inspiration and encouragement to us all.

On behalf of the General Public of Kandy we do offer you, Sir, and Mrs. Gandhi a most cordial welcome into this ancient Capital of Kings, and wish you both long-life and perfect happiness. May this historic visit of yours tend to bring about a strong unifying influence over our scattered forces in this country's hour of need.

We beg to remain, Sir,
Yours cordially
President

Vice-President

Kandy Nov 1927

Hony. Secretary

*અધિકારો અને સ્વાતંત્ર્ય માટે આપનો સંઘર્ષ અને ત્યાગ, માતૃભૂમિ માટેની આપની ઉમદા ભાવનાએ આ ટાપુના લોકોનાં હૃદયોમાં આપના માટે એક વિશિષ્ટ સ્થાન ઉત્પન્ન કરેલ છે.*

*અમે અમારા રાષ્ટ્રની વૈધાનિક અધિકારો માટેની લડાઈમાં સક્રિય રહેવા કટિબદ્ધ છીએ. અને સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે એવા સમયે અમારી વચ્ચે આપની ઉપસ્થિતિ છે. આપ જેવી મહાન હસ્તી અમને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા થોડો સમય માટે જ અમારી વચ્ચે છે, તેનું અમને અત્યંત દુ:ખ છે.*

*કેન્ડીની સામાન્ય જનતા વતી અમે આપ અને શ્રીમતી ગાંધીનું આ પ્રાચીન રાજાશાહી રાજ્યમાં ભવ્ય સ્વાગત કરીએ છીએ. અને આપના દીર્ઘ અને સુખી જીવનની મનોકામના સેવીએ છીએ. આપની આ ઐતિહાસિક મુલાકાત વિભાજિત કરવા ઉત્સુક પરિબળો સામે અમારામાં શક્તિ અને સંગઠન અર્પેશે એવી અમને આશા છે.*

*ઉપપ્રમુખ* *પ્રમુખ*

*કેન્ડી નવેમ્બર ૧૦૨૭*

આ માનપત્ર ગાંધીજીની શ્રીલંકાની મુલાકાત દરમિયાન ૧૮ નવેમ્બર, ૧૯૨૭ના દરિયાકિનારે આવેલા નાનકડા શહેર કેન્ડી (કંડી)માં વસતા હિન્દીઓના મંડળ દ્વારા આપવામાં આવ્યું છે.[1] કેન્ડી શ્રીલંકામાં આવેલ એક મુખ્ય શહેર છે. જે તેના મધ્ય પ્રાંતમાં સ્થિત થયેલ છે. આ શહેર શ્રીલંકાના પ્રાચીન રાજાઓના સમયમાં છેલ્લું રાજધાનીનું શહેર હતું. કેન્ડી નગર, કેન્ડીના ઉચ્ચપ્રદેશ (પઠાર) ખાતે પહાડીઓ વચ્ચે આવેલ છે. જે ઉષ્ણકટિબંધીય બગીચાઓ, મુખ્યત્વે ચાના બગીચાઓ વડે આચ્છાદિત છે. કેન્ડી મધ્ય પ્રાંતની રાજધાની હોવા સાથે એક મહત્ત્વપૂર્ણ વહીવટી અને ધાર્મિક શહેર છે. કેન્ડી શહેર ખાતે શ્રી દલાદા માલીગાંવ અથવા 'પવિત્ર દંત અવશેષ મંદિર' પણ આવેલ છે. જેને બૌદ્ધ અનુયાયીઓ બૌદ્ધ ધર્મનાં સૌથી પવિત્ર પૂજાનાં સ્થળો પૈકીનું એક માને છે. એવું માનવામાં આવે છે કે ગૌતમ બુદ્ધના દંત અવશેષો ભારતમાંથી અત્રે લાવવામાં આવ્યા હતા. અને તેની સ્થાપના કરવામાં આવી હતી. એ સ્થળ **'પવિત્ર દંત અવશેષ મંદિર'** તરીકે જાણીતું છે. વર્ષ ૧૯૮૮માં આ મંદિરને યુનેસ્કો દ્વારા વિશ્વ ધરોહર સ્થળ જાહેર કરવામાં આવ્યું છે. મંદિરને અડીને જ કેન્ડી તળાવ આવેલાં છે. જે જોવા લાયક સ્થાનોમાં અગ્ર છે. આ શહેરને શ્રીલંકાની સાંસ્કૃતિક રાજધાની માનવામાં આવે છે. કેન્ડીના શાસકોએ બૌદ્ધ ધર્મના પ્રચાર પ્રસારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ગાંધીજીની કેન્ડી યાત્રાને મહાદેવભાઈ દેસાઈએ સુંદર શબ્દોમાં વર્ણવેલ છે. તેઓ લખે છે,

**"કોલંબોમાં ત્રણ દિવસો ગાળી અમે ઉત્તર કિનારે ચિલાઉ સુધી ચાલ્યા, અને ચિલાઉથી કેન્ડી તરફ જવાને કુરુન ગોલા આગળ ફંટાયા. ચિલાઉથી કેન્ડી એટલે પહાડમાંથી જવાનું. કૂંડાળું વળી રાસ રમતી અનેક ટેકરીઓના દાંડિયાની દોરીના મધ્યબિંદુની કેન્ડીને ઉપમા આપી શકાય. સમુદ્રકિનારાનાં સુંદર દશ્યો છોડીને પહાડો ઉપર ચડવા માંડીએ એટલે દશ્ય બદલાય છે. માઈલોના માઈલો સુધી રબર અને તજનાં ઝાડો મળી મહી ચા, કૉફી અને કોકોના બગીચા, અને બીજી અનેક વનસ્પતિઓથી છવાયેલી ટેકરીઓ, ક્યાંક ક્યાંક દૂર દૂરથી ગોખલીઓમાંથી ડોકિયું કરતા, પાછા સંતાઈ જતા, અને ક્યાંક ક્યાંક અનેક ફૂટ ઊંચેથી પડતા ધોધમાં પલટાતા ઝરણાઓ જોઈને દષ્ટિ તૃપ્ત થતી હતી. પણ કેન્ડીવાસીને તો આપણા આનંદથી વિસ્મય થાય. તે કહે 'આમાં શું જોવું તું? હજુ આગળ જશો ત્યારે આ દશ્યોને ભૂલી જશો."[2]**

શ્રીલંકાની ગાંધીજીની આ મુલાકાત સ્થાનિક નેતાઓ અને પ્રજા માટે ઉત્સાહપ્રેરક બની રહી હતી. પ્રજાનો ગાંધીજી પ્રત્યેનો પ્રેમ અને અહોભાવ ઠેર ઠેર વ્યક્ત થતો હતો. તેનો ચિતાર આપતા મહાદેવભાઈ દેસાઈ લખે છે :

**"ગાંધીજીનાં સ્થળે સ્થળે જે સ્નેહ ઊભરતા સ્વાગત કર્યાં છે, સ્થળે સ્થળે ઉદારતાથી થેલીઓ આપી છે, તે લંકાવાસીઓના ઉદાર ગુણો બતાવે છે. આ લખી રહ્યો છું ત્યારે ૮૬ હજાર તો થઈ ચૂક્યા છે. રસ્તા ઉપરની નાની જગ્યાઓ પણ પોતાનાં ઉઘરાણાં કરતાં ચૂકી નથી. શાળાઓના વિદ્યાર્થીઓ અને મજૂરો, શોફરો અને વાળંદોએ ઊલટભેર વણમાંગ્યા પૈસા આપ્યા છે. કેન્ડીમાં એક પાઠશાળાના વડા પારસી સજ્જન છે. તેમણે પોતાના વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાણું કરીને ગાંધીજીને નોતર્યા હતા. પારસી સજ્જનને જોઈને ગાંધીજીનો હરખ ન માય! કોલંબોમાં એક મુસલમાન બાળકોની મોટી પાઠશાળા છે. ઝાહીરા કૉલેજ. ત્યાંના પ્રિન્સિપાલે તો ઘણી હિંમત બતાવી, કેટલોક વિરોધ હતો તે વિરોધને ન ગણકારી રૂ. ૪૦૦ની થેલી અર્પણ કરી. ગાંધીજીની સેવાનું વર્ણન કરતા દક્ષિણ આફ્રિકાના મુસલમાનોની તેમણે બજાવેલી સેવાનો ખાસ ઉલ્લેખ કર્યો, મીર આલમ[૩]ના કાતિલ હુમલાનો હૃદયસ્પર્શી ઉલ્લેખ કર્યો. અને ખિલાફતની સેવાનો ઉલ્લેખ કરી પોતાની પાઠશાળાની થેલીને એક કૃતજ્ઞતાની ભેટ તરીકે વર્ણવી."[૪]**

ગાંધીજીએ કેન્ડીમાં ત્રણ સ્થાનો પર વ્યાખ્યાન આપ્યાં હતાં. કેન્ડીની ધર્મરાજ કૉલેજમાં, કેન્ડીની મ્યુનિસિપાલિટીએ આપેલ માનપત્રના જવાબમાં અને કેન્ડીની જાહેરસભામાં. આ ત્રણે વ્યાખ્યાનોમાં સ્થાનિક પ્રજાના પ્રશ્નો, ધર્મ અને વ્યાસન મુક્તિ જેવા વિષયો કેન્દ્રમાં હતા. કેન્ડીની ધર્મરાજ કૉલેજમાં વિદ્યાર્થીઓને આપેલ વ્યાખ્યાનમાં ગાંધીજીએ વ્યસન મુક્તિ અંગે કહ્યું હતું,

**"તમારામાંથી કોઈ ધૂમ્રપાન કરતા હો તો હવેથી એ બૂરી આદત છોડી દેજો. ધૂમ્રપાનથી શ્વાસ ગંધાય છે, એ ઘૃણાજનક આદત છે. બીડી પીનાર ગાડીના ડબ્બામાં બીડી પીએ છે ત્યારે એટલો પણ વિચાર નથી કરતો કે તેની આસપાસ કદી પણ બીડી નહિ પીનારા સ્ત્રી-પુરુષો બેઠેલાં છે અને તેના મોઢામાંથી દુર્ગંધથી તેમને ત્રાસ થશે. ........ધૂમ્રપાનથી બુદ્ધિ બહેર મારી જાય છે અને એ બૂરી આદત છે. તમે દાક્તરને પૂછો, અને જો તેઓ સારા દાક્તરો હશે તો, તેઓ તમને કહેશે કે ઘણા દાખલામાં કેન્સરનું કારણ ધૂમ્રપાન જણાયું છે, અથવા ઓછામાં ઓછું તેના મૂળમાં ધૂમ્રપાન હોય છે.......છોકરાઓ, જો તમે સારા છોકરાઓ હો, જો તમે તમારા શિક્ષક ને માબાપોના આજ્ઞાંકિત હો તો બીડી પીવાનું છોડો અને એનાથી જે બચત થાય તે હિન્દુસ્તાનના ભૂખે મરતા લાખો લોકો માટે મને મોકલી દેજો."[૬]**

જે માનપત્ર અંગે અત્રે આપણે વાત કરીએ છીએ તે માનપત્ર કેન્ડીની મ્યુનિસિપાલિટી દ્વારા ગાંધીજીને આપવામાં આવે છે. માનપત્રના પ્રતિભાવમાં ગાંધીજીએ પોતાના વ્યાખ્યાન કહ્યું હતું,

**"તમે જે માનપત્ર આપ્યું છે અને તેમાં મારા દેશની અને સામાન્ય માનવજાતની મેં કરેલી સેવાઓનો ઉલ્લેખ કર્યો છે તે બદલ હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ પ્રાચીન નગર વિશે અને એના નાગરિકો જે મુશ્કેલીઓ વેઠી રહ્યા છે તે વિશે આજે હું કંઈક વાંચતો હતો. એ વાંચીને મારું મન દુઃખ અને ખેદથી ભરાઈ ગયું. મેં એ પુસ્તિકા હજી પૂરી કરી નથી, પણ અહીંના નાગરિકો જે વેઠી રહ્યા છે તે સમજવા માટે જેટલું વાંચ્યું છે તેટલું પૂરતું છે. શ્રોતાજનો મારફત હું તેમને એટલું જ કહી શકું કે તેમના પ્રત્યે મારી પૂરેપૂરી સહાનુભૂતિ છે, હું આશા રાખું છું કે તમારી તમામ શુભેચ્છાઓ ફળીભૂત થશે.......ભગવાન બુદ્ધનો ઉપદેશ ગ્રહણ કરનાર આ દ્વીપમાં(તમને) ઘણું શીખવાનું મળશે. તમારો મહાન ધર્મ દુનિયાના કોઈ ધર્મથી ઉતારે એવો નથી. એ એવો ધર્મ છે જે ઉદાત્ત વ્યક્તિને વધુ ઉદાત્ત બનાવે છે, આ ધર્મમા માનનારાઓની સંખ્યા દુનિયામાં સૌથી વધુ છે. પણ તમારો**

**ધર્મ આજે બહુ સારી સ્થિતિમાં નથી, કારણ કે તમે પ્રયત્ન કરતા નથી. એવો પ્રયત્ન કરવાની તમારી ફરજ છે."[૭]**

કેન્ડીમાં એક જાહેરસભા પણ મળી હતી. તેમાં પણ ગાંધીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું. એ સભામાં પણ ગાંધીજીએ ભાષણ કર્યું હતું. ગાંધીજીએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું :

**"આ બધાં સુંદર માનપત્રો, માનપત્રોની કીમતી પેટીઓ અને અનેક થેલીઓ બદલ હું તમારો આભારી છું... તમારા એક માનપત્રમાં તમે, બુદ્ધ ગયા તમને પાછું આપવામાં આવે તે માટે કંઈક કરવા મને કહો છો. હું તમને ખાતરી આપું છું કે એ મિલકત તમને પાછી આપાવવા માટે હું મારાથી બધું કર્યા વગર નહિ રહું. (હર્ષનાદ) પણ તમારી તાળીઓ યથાર્થ છે એવું હું માની શકતો હોત તો સારું! કારણ, મને ડર છે કે મારા બધા પ્રયત્નો છતાં તમને મદદ કરવાની મારી શક્તિ તમે કલ્પતા લાગો છો તેના કરતાં ઘણી ઓછી છે.....મેં સાંભળ્યું છે અને મને એ જાણીને દુઃખ થયું છે કે તમારામાં, બુદ્ધ ભગવાનના અનુયાયીઓમાં પણ, અસ્પૃશ્યતા કડકાઈથી પાળવામાં આવે છે, હું તમને ખાતરી આપું છું કે એ વાત બુદ્ધની ભાવનાથી સાવ વિરુદ્ધ છે. હું બૌદ્ધોને અને હિંદુઓને આગ્રહ કરું છું કે તેઓ સમાજને આ શાપથી મુક્ત કરે."[૮]**

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૨૮.

૨. નવજીવન, ડિસેમ્બર ૪થી ૧૯૨૭, પૃ.૧૨૨.

૩. ૧૦ ફેબ્રુઆરી ૧૯૦૮ના રોજ જોહનિસબર્ગમાં ગાંધીજી નોંધણી કરાવવા જતા હતા ત્યારે મીર આલમ અને કેટલાક પઠાણોએ ગાંધીજી પર હુમલો કર્યો હતો. ગાંધીજી ઘાયલ થયા હતા. રેવરન્ડ ડોકને ત્યાં તેમણે સારવાર લીધી હતી. ગાંધીજીએ અંગ્રેજ સરકારને હુમલાખોરોને છોડી મૂકવા ભલામણ કરી હતી.

૪. નવજીવન, ડિસેમ્બર ૪થી ૧૯૨૭, પૃ. ૧૨૩.

૫. કેન્ડી(શ્રીલંકા)માં આવેલ ધર્મરાજ કૉલેજની સ્થાપના ૩૦ જૂન, ૧૮૮૭માં થઈ હતી. તે એક બુદ્ધિસ્ત સ્કૂલ છે. ૧૩૧ વર્ષ જૂની આ સ્કૂલ આજે પણ સક્રિય છે. તેમાં લગભગ ૧૭૫ શિક્ષકો અને વહીવટી સ્ટાફ અને ૪૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં અનેક નામાંકિત વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

૬. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૩૫, સપ્ટેમ્બર, ૧૯૨૭ : જાન્યુઆરી ૧૯૨૮, પૃ. ૨૪૩.

૭. એજન., પૃ. ૨૪૪.

૮. એજન., પૃ. ૨૪૫.

# ૬૧ દાવણગિરિના વિદ્યાર્થીઓનું માનપત્ર

|| ઓમ ||

*પ્રિય મહાત્માજી,*

*દરિદ્ર નારાયણની ભૂખને સંતોષવા માટેના આપના સરાહનીય પ્રયાસો અને આપણી માતૃભૂમિને વિદેશીઓથી મુક્ત કરવા આપે કરેલા પ્રયાસોથી પ્રભાવતી થઈ, અમે દાવણગિરિના વિદ્યાર્થીઓ આપનું હૃદયપૂર્વક કૃતજ્ઞતાથી અભિવાદન કરવાની અમારી ચેષ્ટાને આપ સ્વીકારો એવી આપને નમ્ર વિનંતી કરીએ છીએ.*

*આપે ભારતની રાજકીય ચળવળમાં અહિંસાનો માર્ગ ચીંધી, તેની પવિત્રતામાં અભિવૃદ્ધિ કરી છે. આપે શ્રી ગોખલેની ઇચ્છા, દેશસેવા એ ભગવાનની ભક્તિ છે, ને પૂર્ણ કરેલ છે. આવા આદર્શ ઉપદેશોથી પ્રેરિત થઈ, આવાં અદ્‌ભુત કાર્યો કરવા બદલ અમે આપના ખૂબ આભારી છીએ. આપ જેવી મહાન વિભૂતિ સમક્ષ અમારી ખુશીને અભિવ્યક્ત કરવી અમારા માટે અત્યંત મુશ્કેલ છે.*

*અમે કૃપાળુ પરમાત્માના ખૂબ આભારી છીએ જેમણે તાજેતરમાં જ આપને ગહન દુર્ઘટનાથી સુરક્ષિત બહાર આણ્યા છે, અને આપને પૂર્ણ સ્વસ્થતા અર્પી છે. સૃષ્ટિના સર્જક ભગવાન આપને લાંબું અને તંદુરસ્ત જીવન આપે એવી અમારી વિનંતીનો ઈશ્વર સ્વીકાર કરે એવી અમે પ્રાર્થના કરીએ છીએ. અમે પ્રાર્થીએ છીએ કે આપની પવિત્ર ઉપસ્થિતિ અને પ્રેમ અમારા ઉદ્દેશની પૂર્તિ માટે અમારા માટે પ્રેરક બળ બની રહેશે.*

*આપના યુગના સાથી*
*આપની પાસે તકોની અપેક્ષા સેવનાર*

૨ ઑગસ્ટ, ૧૯૨૭

*આપના પ્રેમાળ*
*વિદ્યાર્થીઓ*

૨૭ માર્ચના રોજ નીપાણીમાં ગાંધીજીનો ઉતારો શેઠ મૂળજી સિક્કાને ત્યાં હતો. ત્યાં તેમની તબિયત બગડી. બ્લડપ્રેશર વધ્યું. પરિણામે આરામ કરવા નંદીદુર્ગ જવાનું વિચાર્યું.[1] આમ ગાંધીજી ૧ મેથી ૫ જૂન ૧૯૨૭ સુધી પોતાની તબિયત સુધારવાના હેતુથી મહેસૂર રાજ્યના એક પહાડ પર આવેલ નંદીદુર્ગમાં રહ્યા. બેંગ્લોરથી એ સ્થાન ૩૫ કિલોમીટરના અંતરે આવેલ છે. છેક સુધી પાકો રસ્તો છે. અને પર્વતની તળેટીમાં આવેલ ચીકબાલપુર ગામ સુધી રેલવે છે. એક ઉલ્લેખ મુજબ ગાંધીજી માટે અહીંયાં ૨૭ બકરીઓ રાખવામાં આવી હતી. ૨૫ જૂનથી પુનઃ તેમની યાત્રાનો આરંભ થયો. અને સૌપ્રથમ તેમણે ચીકબાલપુરની મુલાકાત લીધી. ત્યાં તેમને માનપત્રો આપવામાં આવ્યા. ૧૧ ઑગસ્ટ, ૧૯૨૭ના રોજ તેઓ બેંગ્લોર પહોંચ્યા. ૧૨ ઑગસ્ટના રોજ તેઓ દાવણગિરિ આવ્યા. આ માનપત્ર તેમને દાવણગિરિના વિદ્યાર્થીઓ તરફથી આપવામાં

||ಓಂ||

ಪ್ರಿಯ ಮಹಾತ್ಮಾಜಿಯವರೇ!

ದರಿದ್ರ ನಾರಾಯಣನ ಕಷ್ಟ-ನಿವಾರಣೆ ಮೊದಲಾದ ಕಾರ್ಯಗಳಲ್ಲಿ ನೀವು ಮಾಡುತ್ತಿರುವ ನಿಸ್ವಾರ್ಥ ಸೇವೆಗಾಗಿಯೂ ನಮ್ಮ ಮಾತೃಭೂಮಿಯ ಪಾರತಂತ್ರ್ಯ ಮುಕ್ತತೆಗಾಗಿ ಮಾಡುತ್ತಿರುವ ಮಹಾಯತ್ನಕ್ಕಾಗಿಯೂ ದಾವಣಗೆರೆಯ ವಿದ್ಯಾರ್ಥಿಗಳಾದ ನಾವು ನಮ್ರರಾಗಿ ಅರ್ಪಿಸುವ ಹೃತ್ಪೂರ್ವಕ ಕೃತಜ್ಞತೆಯನ್ನು ಸ್ವೀಕರಿಸಬೇಕೆಂದು ಪ್ರಾರ್ಥಿಸುವೆವು.

ಇಂದು ನೀವು ಧರ್ಮಯುದ್ಧದ ರಾಜನೀತಿಯ ಕಳವಳಿಗೆ ಅಹಿಂಸಾ ಮಾರ್ಗವನ್ನು ತೋರಿಸಿ ಅದರ ಪಾವಿತ್ರ್ಯವನ್ನು ಹೆಚ್ಚಿಸಿದಿರಲ್ಲದೆ ಶ್ರೀ|| ಗೋಖಲೆಯವರ ದೇಶಸೇವೆಯೇ ಈಶಸೇವೆಯಾಗಬೇಕೆಂದು ಅಂತಸ್ಥದ ಆಸೆಯನ್ನು ಸಫಲಗೊಳಿಸಿದಿರಿ. ಇಂಥಹ ಉದಾತ್ತ ಆದರ್ಶ ಪ್ರದೇಶಗಳು ನಮ್ಮಲ್ಲಿ ತುಂಬುತ್ತಿರುವ ನವಚೈತನ್ಯಕ್ಕಾಗಿ ನಾವು ನಿಮಗೆಷ್ಟು ಋಣಿಗಳಾದರೂ ಸಾಲದು. ಇಂದು ನಮ್ಮೆಡೆಯಲ್ಲಿ ನಿಮ್ಮಂಥ ಮಹಾತ್ಮರಿರುವರೆಂಬುವುದರಿಂದ ನಮಗುಂಟಾದ ಹರ್ಷವನ್ನು ಬಣ್ಣಿಸುವುದು ಅಸದಳ.

ನಿಮಗೆ ಇತ್ತೀಚೆಗೆ ಪ್ರಾಪ್ತವಾದ ದೇಹಾಲಸ್ಯವನ್ನು ಹೋಗಲಾಡಿಸಿ ಆರೋಗ್ಯಲಾಭವನ್ನು ಕರುಣಿಸಿದ ಆ ದಯಾಮಯ ಭಗವಂತನಿಗೆ ನಾವು ತುಂಬಾ ಕೃತಜ್ಞರಾಗಿರುವೆವು. ಅಷ್ಟೊಂದು ದಯೆಯನ್ನು ನಮ್ಮ ಮೇಲೆ ತೋರಿದ ಆ ಲೀಲಾಮಯನು ಸೃಷ್ಟಿಕರ್ತನು ನಿಮಗೆ ದೀರ್ಘಾಯುರಾರೋಗ್ಯವನ್ನು ದಯಪಾಲಿಸಲಿ. ಇನ್ನು ಬಹುಕಾಲ ನಿಮ್ಮ ಪಾವಿತ್ರ್ಯ ಪ್ರೇಮಗಳ ಮೂರ್ತಿಮಂತ ಸಾನ್ನಿಧ್ಯವು ನಮ್ಮ ಧ್ಯೇಯದ ಉನ್ನತಿಗೂ ಆತ್ಮಶುದ್ಧಿಗೂ ಕಾರಣವಾಗುವಂತೆ ದೇವನನ್ನು ಅನಂತವಾಗಿ ಬೇಡುವೆವು.

ಯುಗಯುಗಗಳೊಮ್ಮೆ ನಮ್ಮ ಹೃದಯ
ಬಲು ದಿನ ನಿಮ್ಮಂತಾಗಿರಲಿ ಹೃದಯ.

ದಾವಣಗೆರೆ.
೧೨ - ೮ - ೨೭

ನಿಮ್ಮ ಒಲವಿನ ವಿದ್ಯಾರ್ಥಿಗಳು.

આવ્યું છે. દાવણગિરિમાં તેમને આ સિવાઈ ત્યાંની મ્યુનિસિપાલિટી તથા નગરજનો તરફથી પણ માનપત્રો આપવામાં આવ્યાં હતાં. દાવણગિરિના વિદ્યાર્થીઓ તરફથી આપવામાં આવેલ આ માનપત્ર મૂળભૂત કન્નડ ભાષામાં લખાયેલું છે. અત્રે તેનું ગુજરાતી ભાષાંતર આપવામાં આવ્યું છે. આ માનપત્રમાં ગાંધીજીની રચનાત્મક સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે સાથે ગાંધીજી કોઈ દુર્ઘટનામાંથી બહાર આવ્યા તેનો પણ ઉલ્લેખ તેમાં જોવા મળે છે. મોટા ભાગે ઉપર જણાવ્યા મુજબ ગાંધીજીની તબિયત બગડી હતી તેના સંદર્ભમાં આ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તેમ લાગે છે. જોકે વિદ્યાર્થીઓનાં માનપત્રનો ગાંધીજીએ કોઈ પ્રતિભાવ આપ્યો નથી. પણ દાવણગિરિની મ્યુનિસિપાલિટી તથા નગરજનો તરફથી આપવામાં આવેલ માનપત્રના પ્રતિભાવ ગાંધીજીએ જાહેર સભામાં આપ્યા હતા.

"દાવણગિરિમાં એક જીવદયા સભાના મંત્રીએ ગૌરક્ષા વિશે બેંગ્લોરમાં અગાઉ કરેલી એની એ જ વાત અત્રે પણ કરી હતી, ઇસ્લામ ગૌરક્ષાના પક્ષમાં છે છતાં મુસલમાનો કેમ ન માને ? ઇસ્લામમાં ગૌરક્ષાને સ્થાન છે છતાં રાજ્ય કાયદો કેમ ન કરે?"[૩] તેનો ઉલ્લેખ કરતાં ગાંધીજીએ પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું,

"દાવણગિરિના લોકોને આ વિષયમાં ઘણો રસ છે. અને એને માટે તમારી પાસે પ્રાણીદયા સંઘ નામની એક શક્તિશાળી સંસ્થા પણ છે. એમ માનું છું કે હિન્દુસ્તાનમાં ગાયોનું સાચું રક્ષણ કરવું હોય તો સારી રીતે ચલાવાતી ડેરીઓ અને મરેલા ઢોરના ચામડાનો નિકાલ કરવા માટે સારાં ચર્માલય હોવાં અનિવાર્ય છે. હિંદુ તરીકે ગાયનું રક્ષણ કરવાનો આપણો ધર્મ બજાવવા માટે આપણને સહકાર આપવાની મુસલમાનોને ફરજ પાડવા ઉપર આપણે આધાર ન રાખવો જોઈએ. આપણે તો આપણા પોતાના પગ પર ઊભા રહીને આપણા ઢોરને બચાવવા શક્તિમાન બનવું જોઈએ. જો ગરીબાઈ અને અજ્ઞાનને કારણે આપણાં ઢોર આપણે કતલ કરવા માટે બચાવીએ નહિ તો આવી કોઈ જબરજસ્તીથી કરીએ તે કરતાં વધારે કામ કરી શકીએ, મુસલમાનોનો સહકાર પ્રેમ વડે પ્રાપ્ત કરવો જોઈએ....મ્યુનિસિપાલિટીના માનપત્રનો જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું હતું, 'જાજરૂ કેવી રીતે વાપરવાં અને સાફ કરવાં તે નાનાંમોટાં, છોકરાછોકરીઓ, સૌને શીખવવામાં નહિ આવે ત્યાં સુધી આરોગ્ય માટે સ્વચ્છતાનો કોઈ કાર્યક્રમ સફળ થવાનો નથી."[૪]

એક જ દિવસે દાવણગિરિમાં ગાંધીજીએ બે સભાઓ સંબોધી હતી. ગાંધીજીએ દાવણગિરિના આદિકર્નાટકો સમક્ષ આપેલા તેમના બીજા વ્યાખ્યાનમાં કહ્યું હતું,

"તમારા માનપત્રમાં લખ્યું છે કે તમારામાંથી થોડા વણવાનો, થોડા શરણાઈ વગાડવાનો અને થોડા મોચીનો ધંધો કરે છે. ત્રણે ધંધાઓ ઉત્તમ છે. એવો મારો વિશ્વાસ છે. વણવાનો ધંધો હિન્દુસ્તાન છોડે તો વસ્ત્રની આપદા પડશે, હિન્દુસ્તાન દુઃખી થશે. શરણાઈવાળો શરણાઈ મારફત ભગવાનનું કીર્તન કરે તો બીજાને ભગવાનનું સ્મરણ કરાવશે. મોચીના ધંધા સિવાય તો કામ જ નથી ચાલી શકતું. ત્રણે ધંધાઓમાં તમારી વૃદ્ધિ જ છે એમ માનું છું. આમાંથી એક પણ તમે ન છોડો. વણવાના ધંધા વિશે એક વાત કહેવા માંગું છું કે તમારે વિદેશી સૂતરથી વણવાનું છોડવું જોઈએ અને મિલનું સૂતર પણ છોડવું જોઈએ. એ પરદેશી અને મિલના સૂતર ઉપર તમે આધાર રાખશો તો કોઈ દિવસ હાથ ઘસવાનો વારો આવશે નહિ. જ્યારથી મિલ ઉદ્યોગ શરૂ થયો ત્યારથી હાથવણાટનો ધંધો ઓછો થતો ગયો છે, અને આજે તો વણકરોની સંખ્યા ઘટીને અર્ધી થઈ ગઈ છે. આનું કારણ એ છે કે મિલવાળા કાંતવાનું ઓછું કરતા જાય છે. અને વણાટનું વધારતા જાય છે. યુરોપમાં ઉદ્યોગ યુગમાં વણકરો અને કાંતનારાઓના આ જ હાલ થયા હતા, અને અહીં પણ આપણી આંખ ન ઊઘડે તો એ હાલ થશે. માત્ર યુરોપમાં

અને આપણામાં ફરક એ છે કે ત્યાંના લોકોનો ધંધો મટી ગયો ત્યારે તેમને બીજા ધંધા મળી રહ્યા. આપણા લોકોને પોતાના નાશ થયેલ ધંધાના બદલમાં બીજો એકે ધંધો ન મળ્યો. એટલે તમે તમારા ધંધાને વળગી રહેજો, અને હાથનું સૂતર કાંતતા થજો તથા તમારાં બાળબચ્ચાને કાંતતા શીખવજો, એટલે તમારાં કુટુંબો સ્વતંત્ર બની રહેશે.

મોચીના ધંધામાં પણ વણાટ જેમ બે પક્ષો છે. જેમ વણકરો વિલાયતી કે મિલનું સૂતર ન વણે, તેમ મોચી કતલ થયેલ જાનવરોના ચામડાં ન વાપરતા મરેલા જાનવરના વાપરે. તમને ઉત્તેજિત કરવા માટે કહેવા માંગું છું કે મોચીનો ધંધો મેં કર્યો છે અને હજુ કરું છું, હવે મેં આશ્રમમાં ગૌરક્ષા નિમિત્તે ચર્માલય ખોલ્યું છે, અને એ ચર્માલયમાં મરેલા જાનવરનાં ચામડાં સાફ થાય છે, અને તમારા જેવા કોઈને એવું ચામડું જોઈએ તો તેમને પૂરું પાડવામાં આવે છે. કારણ એ અપવિત્ર નહિ પણ પવિત્ર ધંધો છે. ગાયની રક્ષાને હું પરમ કર્તવ્ય સમજુ છું, અને હું જેવો ગાયનો પૂજારી છું તેવો તમે થાઓ એમ ઇચ્છું છું. પણ દુઃખની વાત એ છે કે તમને ધર્મની વાત સમજાવી રહ્યો છું, પણ તમે તો એ ધર્મ માનનાર નથી."[૫]

દાવણગિરિના પ્રવાસ દરમિયાન ગાંધીજીને મળેલ અદ્દભુત પ્રતિસાદનો ચિતાર આપતા મહાદેવભાઈ દેસાઈ લખે છે :

"મ્હૈસૂરની છેક ઉત્તરથી પ્રવાસ શરૂ થયો. બેલગાંવથી દક્ષિણમાં ઊતરતા મ્હૈસૂર રાજ્યનું પહેલું શહેર દાવણગિરિ આવે છે. દાવણગિરિથી પછી તુંગભદ્રાને કિનારેકિનારે હરિહર, હોન્નાળી, શિમોગ ઊતર્યા. અને શિમોગથી પશ્ચિમ સાગર તરફ ગયા. આ સ્થળોની રમણીયતાની તો શી વાત કરવી ? ......... દાવણગિરિ તોરુ અને મગફળીના વેપારનું મોટું મથક છે. અને એ વેપારમાંથી ૫,૨૦૭ રૂપિયા જેટલા મળે એ આશ્ચર્ય ન કહેવાય. પણ આખો પ્રદેશ રાજકીય દૃષ્ટિએ અણખેડાયેલો છતાં લોકો ઉત્સાહપૂર્વક જવાબ આપી રહ્યા છે એ ભારે વાત છે. શિમોગમાં લગભગ ૩,૫૦૦ રૂપિયા થયા. દાવણગિરિથી શિમોગ આવતા અને શિમોગથી સાગર જતા રસ્તા ઉપરનાં નાનાંનાનાં ગામડાંઓનાં લોકો પોતાનાં નાનકડાં ઉઘરાણાં કરીને, રસ્તાની બંને બાજુ, શાંતિથી ગાંધીજીની રાહ જોતા બેઠા હતા. કેટલીક બહેનો રેંટિયો કાંતતી બેઠી હતી. મોટર બે મિનિટ ઊભી રહે, લોકો થેલી આપે, બહેનો જોઈ લે એટલે મોટર ચાલે. આમ ૪૦-૪૦ રૂપિયાની નાનકડી થેલીઓની રકમ રૂ. ૬૦૦ થવા જાય છે. અનંતાપુર નામના ત્રણસો માણસોના નાનકડા ગામડાના લોકો રૂ. ૨૦૦ની થેલી ખાદી માટે અને ગુજરાત પ્રલય સંકટનિવારણ માટે રૂ. ૫૦ એકઠા કરીને ઊભા હતા. આ બધા ભાગોને ગંગાધરરાવજી[૬] સોનાની ખાણ કહે તો શું આશ્ચર્ય ? આ બધી જગ્યાએ ખાદી પણ ઠીકઠીક જોવામાં આવી. સરકારી નોકરોમાંથી પણ ઘણા ખાદી પહેરનારા. દાવણગિરિમાં સીરૂરકુટુંબની બહેનોએ પોતાના કાંતેલા સૂતરનો ઢગલો ગાંધીજી આગળ રજૂ કર્યો, તેમજ વિદ્યાર્થીઓએ. આ બહેનોમાંથી બે તો પોતાના હાથના કાંતેલા સૂતરનાં કપડાં પહેરે છે........દરેક સ્થળે સ્ત્રીઓની સભાઓમાં હાજરીનો તો સુમાર નહોતો, અને દાવણગિરિ અને શિમોગ – જ્યાં હજારો બહેનો હોવાને લીધે અવાજ કાંઈક વધારે હતો– તે બાદ કરીએ તો બેત્રણ ઠેકાણે સ્ત્રીઓની સભા અતિશય શાંત હતી. પણ દાવણગિરિ-જ્યાં મુખ્ય વસ્તી લિંગાયતની છે ત્યાં-ની સ્ત્રીઓએ તો સભામાં પૈસા આપવામાં મણા ન રાખી. ઘરેણાં એક બહેન સિવાઈ કોઈએ ન આપ્યાં, પણ એક બહેને સો રૂપિયા, બે બહેનોએ મહોરો, મળીને ૫૨૫ રૂપિયા જેટલું રોકડ ઉઘરાણું સભામાં જ થયું ! દાવણગિરિના અને શિમોગના અમલદારોએ પોતાના અનુક્રમે ૨૦૦ અને ૫૦૦ રૂપિયાનાં નોખ ઉઘરાણાં કર્યાં."[૭]

એક દિવસના દાવણગિરિના રોકાણ દરમિયાન ગાંધીજીને રાષ્ટ્રીય ફાળા પેટે દાવણગિરિમાંથી જ રૂપિયા

૬૨૫૬ જેવી માતબર રકમ પ્રાપ્ત થઈ હતી. જેમાં પ્રજા તરફથી ૫,૨૦૭, સ્ત્રીઓ તરફથી ૫૦૦, વિદ્યાર્થીઓ તરફથી ૩૪૯ અને અધિકારીઓ તરફથી ૨૦૦ મળ્યા હતા.[૮] ગાંધીજીએ બે સભાઓ સંબોધી હતી. અને બે માનપત્રો તેમને આપવામાં આવ્યાં હતાં. ૧૩ ઑગસ્ટના રોજ તેઓ હરિહર ગામે પહોંચ્યા હતા.

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૧૬

૨. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૧૭

૩. મહાદેવભાઈની ડાયરી, પુસ્તક-૧૧, પૃ. ૧૪૭.

૪. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૩૪, પૃ. ૩૨૭.

૫. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૩૪, પૃ. ૩૨૮.

૬. કર્નાટકના સિંહ તરીકે જાણીતા પ્રખર સ્વતંત્ર સૈનિક અને ગાંધીજીના અંતેવાસી ગંગાધરરાવ દેશપાંડે (૩૧ માર્ચ ૧૮૭૧થી ૩૦ જુલાઈ ૧૯૬૦)

૭. મહાદેવભાઈની ડાયરી, પુસ્તક-૧૧, પૃ. ૧૫૦.૧૫૧.

૮. મહાદેવભાઈની ડાયરી, પુસ્તક-૧૧, પૃ. ૧૫૦.

## ૬૨ કોટ્ટાયમ મ્યુનિસિપલ

*To*

*Mahatma Mohan Das Karamchand Gandhi*

*Revered Sir,*

*On behalf of the Kottayam Public, the Municipal Council desire to thank you for giving us this opportunity of welcoming you to our midst and expressing our very real appreciation of the great honour which your presence confers upon us.*

*As the chief centre of the ancient Syrian Churches, as a place hallowed by many ancient Temples and Mosques, as the scene of earliest Western education in Kerala, and a place noted for its Ayurveda, we feel our town has peculiar to who is devoted to the cause of Unity, Progress and Development of Indigenous Institutions.*

*We proudly recall that the influence of your Life and Work are being left throughout the world. As the champion of Truth and Righteousness you have justly received the homage and devotion of millions who have heard your name. We desire humbly to add our tribute to this universal praise.*

*We recognise that mission in Travancore is prompted by your genuine interest in Uplift of Humanity, and we devoutly hope and pray that your presence among us will inspire us with the spirit of True Brotherhood and hasten a solution of this age-long difficulty.*

*May you will long to see your work crowned with success of witnessing a United and peaceful India Contributing her share to the Progress of the world.*

*15 March 1925*

*we beg to subscribe our Services*
*Revered Sir*
*The Municipal Council*
*On behalf of the Kottayam Public*

**પ્રતિ**

**મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી**

*આદરણીય સર,*

*કોટ્ટાયમની પ્રજા વતી મ્યુનિસિપલ કાઉન્સિલ આપના અત્રે આગમન દ્વારા આપે અમને સ્વાગત કરવાની આપેલ તક અને સન્માન બદલ આપનો આભાર અને ઋણ વ્યક્ત કરે છે.*

*પ્રાચીન સીરિયન ચર્ચોના મુખ્ય કેન્દ્ર, અત્યંત પ્રાચીન મંદિરો અને મસ્જિદોના પવિત્ર સ્થળ, કેરળમાં પ્રારંભિક પશ્ચિમી શિક્ષણના સ્થાન તરીકે અને આયુર્વેદના અગ્ર સ્થાન તરીકે અમારું શહેર વિશિષ્ટ છે, અમારી સ્વદેશી સંસ્થાઓના વિકાસનું મુખ્ય કારણ શહેરની સમર્પિત એકતા છે.*

*અમે ગર્વથી યાદ કરીએ છીએ કે આપના જીવન અને કાર્યનો પ્રભાવ સમગ્ર વિશ્વમાં જીવંત છે. સત્ય અને પ્રામાણિકતાના આગ્રહી તરીકે આપનું નામ સાંભળનાર લાખો લોકોની શ્રદ્ધા અને નિષ્ઠા આપે પ્રાપ્ત કર્યાં છે. અમે આ સાર્વત્રિક પ્રશંસા માટે આપના પ્રત્યે અમારી શ્રદ્ધા અને નમ્રતા વ્યક્ત કરીએ છીએ.*

*અમે જાણીએ છીએ કે ત્રાવણકોરના માનવીય કાર્ય માટે આપના વાસ્તવિક પ્રયાસો અનંત છે. અમે ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે આપની ઉપસ્થિતિ અમને ભાઈચારાની સાચી ભાવના માટે પ્રેરણા આપશે અને તેની સમસ્યાઓના ઉકેલમાં માર્ગદર્શક બની રહેશે.*

*ભારતમાં એકતા અને શાંતિને સ્થાપિત કરવામાં આપના યોગદાનને અવશ્ય સફળતા સાંપડશે.*

*૧૫ માર્ચ, ૧૯૨૫*

*આદરણીય સર*

*અમે અમારી સેવાઓને અર્પિત કરવા તત્પર*

*મ્યુનિસિપલ કાઉન્સિલ*

*કોટ્ટાયમ પબ્લિકની વતી*

ગાંધીજીનો દક્ષિણ ભારતનો પ્રવાસ ૭ માર્ચ, ૧૯૨૫ના રોજ આરંભાયો હતો. મદ્રાસ, એરનાકુલમ, કોચીન, વાઈકોમ, ક્વિલોન, વરકલા થઈને ગાંધીજી ૧૫ માર્ચના રોજ ત્રિવેન્દ્રમ પહોંચ્યા હતા. કુઝુંકુટ્ટમ, અતુંગલ, કુંદરા, કોટ્ટારાકરાઈ, અદૂર, પંથલમ, ઍંગાકૂર, તીરુવલ્લા, અંગનેરી થઈ એજ દિવસે ગાંધીજી કોટ્ટાયમ પહોંચ્યા હતા. કોટ્ટાયમમાં ગાંધીજીએ એક જાહેરસભા સંબોધી હતી. એ જ સભામા તેમને આ માનપત્ર કોટ્ટાયમ મ્યુનિસિપાલિટી અને હિંદી વિદ્યાર્થીઓ તરફથી આપવામાં આવ્યું હતું. કોટ્ટાયમમાં લગભગ ૪૩ ટકા ખ્રિસ્તી ધર્મી પ્રજા વસે છે. કોટ્ટાયમમાં તેઓ ખ્રિસ્તી ધર્મ ગુરુઓને મળ્યા હતા. અને ત્યાંના અનાથઆશ્રમની પણ તેમણે મુલાકાત લીધી હતી.[૧]

કોટ્ટાયમ શહેર અને જિલ્લો ભારત દેશના દક્ષિણમાં આવેલા કેરળ રાજ્યના ૧૪ જિલ્લા પૈકીનો એક જિલ્લો અને શહેર છે. કોટ્ટાયમ જિલ્લાનું મુખ્યાલય કોટ્ટાયમ શહેરમાં આવેલ છે. કોટ્ટાયમ શહેરે ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. કોટ્ટાયમ શહેરની નજીક આવેલ વાયાકોમશહેરમાં ૧૯૨૪માં ચાલેલ અસ્પૃશ્યતા નિવારણ માટેના વાઈકોમ સત્યાગ્રહ[૨]માં પણ કોટ્ટાયમના સેવકોએ ભાગ લીધો હતો. આ સત્યાગ્રહ ગાંધીજીના માર્ગદર્શન તળે ચાલ્યો હતો. ગાંધીજીના આગમન સમયે પણ હજુ એ સત્યાગ્રહ



To

# Mahatma Mohan Das Karamchand Gandhi

Revered Sir,

On behalf of the Kottayam Public, the Municipal Council desire to thank you for giving us this opportunity of welcoming you to our midst and of expressing our very real appreciation of the great honour which your presence confers upon us.

As the chief centre of the ancient Syrian Churches, as a place hallowed by many ancient Temples and Mosques, as the scene of the earliest Western education in Kerala, and a place noted for its Ayurveda, we feel that our town has peculiar interest to one who is devoted to the cause of Unity, Progress and the Development of Indigenous Institutions.

We proudly recall that the influence of your Life and Work are being felt throughout the world. As the champion of Truth and Righteousness you have justly received the homage and devotion of millions who have heard your name. We desire humbly to add our tribute to this universal praise.

We recognise that your mission in Travancore is prompted by your genuine interest in the Uplift of Humanity; and we devoutly hope and pray that your presence among us will inspire us with the spirit of True Brotherhood and hasten a solution of this age-long difficulty.

May you live long to see your work crowned with success, of witnessing a United and Peaceful India contributing her share to the Progress of the world.

*We beg to subscribe ourselves,*
*Reverend Sir*
**The Municipal Council**
*on behalf of the Kottayam Public*

3rd Meenam 1100
15th March 1925

C. M. S. Press, Kottayam [illegible]

વાતાવરણમાં પ્રસરેલો હતો. ગાંધીજીનો ઉતારો ત્રાવણકોરમાં હતો. અને ત્યાંથી તેઓ આસપાસનાં સ્થાનો પર મુલાકાતે જતા. કોટ્ટાયમની મુલાકાતે પણ ગાંધીજી ત્રાવણકોરથી આવ્યા હતા. ત્રાવણકોરના કુદરતી સૌંદર્યથી ગાંધીજી ખાસ્સા પ્રભાવિત હતા. આ અંગે તેઓ લખે છે,

"ત્રાવણકોર એક પ્રાંત નથી. પણ એક શહેર જેવું છે. તેના શહેરીઓ મુંબઈના શહેરીઓ જેમ માળાઓમાં ને એકબીજાની ભીંતેભીત અડકાવીને નથી વસતા પણ પોતાના બેઠા ઘાટના ઘાસનાં છાપરાવાળા સુંદર મકાનોમાં માઈલ માઈલ કે તેથી ઓછે અંતરે પોતાનાં ખેતરોથી ને બગીચાઓથી વીંટળાયેલા રહે છે. આ સ્થિતિ મલબાર અથવા તેની આજુબાજુના કેરલ પ્રાંતની બહાર ક્યાંય મારા જોવામાં નથી આવી. ત્રાવણકોર એક સુંદર બગીચો કે વાડી છે. તેમાં નારિયેળના, કેળનાં, મરીનાં ને આંબાનાં ઝાડ નજરે પડે છે. પણ નારિયેળીનાં જૂથ બધાંને ઢાંકી દે છે. તે કુંજોમાંથી મુસાફર પોતાનો રસ્તો કાપે છે. બે રીતે ફરી શકાય છે. એક તો નહેરો કે ખાડીઓ વાટે ને બીજું મોટર વાટે. રેલગાડી પણ છે. તે ઘણા થોડા ભાગને સંભાળે છે. ખાડીના રસ્તાનું દૃશ્ય ભવ્ય છે. બન્ને કિનારા તો દેખાય જ પણ બન્ને કિનારે બારે માસ જેટલે સુધી નજર પહોંચે તેટલે સુધી એ સળંગ બગીચા જ દેખાય. મેં તેને સુવર્ણ બગીચા તરીકે વર્ણવ્યો છે. સૂરજ આથમતાં પહેલાં માણસ ખાડી વાટે ધીમેધીમે રસ્તો કાપતાં બગીચા ભણી જોશે તો તેને એમ જ લાગશે કે ઝાડને કુંદનનાં પાન છે. તે પાતરા માંહેથી સૂરજ ડોકિયાં કરે છે. તે સોનાના ગોળાકાર ચાલતા પહાડ જેવો નજરે પડે છે. તે જોતાં ને ઈશ્વરની લીલાની સ્તુતિ કરતાં મનુષ્ય થાકે જ નહિ. તેને ચિતારો ચીતરી જ ન શકે. જે દૃશ્યને કોણ ચીતરી શકે ? આ કૃતિ પાસે મનુષ્યની કૃતિ તુચ્છ લાગે છે. અને આ દૃશ્ય લાખો મનુષ્યો વગરપૈસે જોઈ શકે છે.

"ત્રાવણકોર અને આસામનાં દૃશ્યો જોયા પછી મને તો એમ લાગે છે કે સૃષ્ટિસૌંદર્ય જોવાને ખાતર હિંદીઓને હિંદ બહાર જવાની ગરજ જ નથી રહેતી. અને હવાને સારું તો હિમાલય, નીલગિરિ, આબુ, ઇ. પહાડો હિન્દુસ્તાનમાં પડ્યા જ છે. આવા સુંદર મુલકમાં જ્યાં જેને જેવા હવાપાણી જોઈએ તેવા મળી રહે તેવું હોવા છતાં મનુષ્ય કેમ સંતોષ નહિ પામતો હોય ? અથવા સદ્ગત મલબારી[૩]ની ભાષામાં કહીએ તો જ્યાં લગી પોતાના ઘરના, શેરીના, શહેરના ને દેશના ઇતિહાસ-ભૂગોળના સૌંદર્યનું અવલોકન મનુષ્ય ન કરે ત્યાં લગી તે બીજા મુલકનું કંઈ પણ જોવા જાણવા કેમ શક્તિમાન થાય ? તેની પાસે ત્યાં સુધી સરખામણી કરવાનું માપ જ ન હોઈ શકે અને તેથી તે જોતો છતાં કઈ જોઈ ન શકે. દરજી, મોચી, ઇ. જેમ પોતાની પાસે ગજ ન હોય તો માપ નથી લઈ શકતા તેમજ સૃષ્ટિસૌંદર્ય ઇ.ના શોખીનને પોતાના દેશની માહિતી ન હોય ત્યાં સુધી બીજા દેશો જોતો છતાં તે જોઈ નથી શકતો તેને મન સુંદર એટલે આંખોને મોં ફાડીને કંઈક જોવું અથવા તો બીજાઓને તે-તે દેશો વિશે લખેલું બોલી જવું એટલું જ."[૪]

કોટ્ટાયમમાં ગાંધીજીને મ્યુનિસિપાલિટી અને હિંદી વિદ્યાર્થીઓ તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. માનપત્રના પ્રતિભાવમાં ગાંધીજીએ કહ્યું હતું,

"ખ્રિસ્તી પ્રભાવના કેન્દ્ર સમા કોટ્ટાયમમાં હું આવી શક્યો તેથી મને આનંદ થાય છે. દુનિયાના તમામ દેશોમાં મારે ઘણાં ખ્રિસ્તી મિત્રો છે અને હિંદના ખ્રિસ્તીઓ પાસેથી હું ઘણી આશા રાખું છું. મેં દેશ સમક્ષ જે કાર્યક્રમ રજૂ કર્યો છે તેમાં એવું કશું નથી જેમાં ખ્રિસ્તીઓ હાર્દિક સહકાર ન આપી શકે. ખરેખર, નમ્રતાપૂર્વક કહી શકું તો હું એટલે સુધી કહું કે જો ખ્રિસ્તી આ રચનાત્મક કાર્યોમાં સાચા દિલથી ભાગ ન લે તો તે એટલા પૂરતો ઓછો ખ્રિસ્તી છે. જે ખ્રિસ્તીઓ આ ભૂમિમાં જન્મ્યા છે અને ઊછર્યા છે અને જેમને માટે આ ભૂમિ, જેમ મારી ભૂમિ છે, મુસલમાનોની ભૂમિ છે, તેમ તેમની માતૃભૂમિ છે તેઓ આ દેશના વિકાસમાં સહાયરૂપ ન થાય તો હું કહીશ કે તેઓ એટલા પ્રમાણમાં ખ્રિસ્તી ધર્મથી વિરુદ્ધ વર્તે છે. તમે ઈશ્વરની સેવા કરો અને તમારા પડોશીની

સેવા કરવાનો ઇનકાર કરો એ ન બની શકે. જે પોતાના પાડોશીની ઉપેક્ષા કરે છે તે પોતાના ઈશ્વરનો ઇનકાર કરે છે; પછી ભલે તે હિંદુ હોય, મુસલમાન હોય કે ખ્રિસ્તી હોય. તેથી મારા ખ્રિસ્તી મિત્રોને મારી સૂચના છે કે હિંદની પોતાથી બનતી બધી સેવા કરવી એ ખાસ લહાવો અને તેથી ખાસ કર્તવ્ય છે એમ માનજો.

"આપણા ધર્મો જુદા જુદા હોઈ શકે, ઈશ્વર બાબત આપણી કલ્પનાઓ ભિન્નભિન્ન હોઈ શકે, મુક્તિ વિશે આપણા વિચારો અલગ હોઈ શકે. પણ એક વસ્તુ એવી છે જે સઘળા હિંદીઓને આ ભૂમિ સાથે બાંધે છે. એક વસ્તુ એવી છે જે તમામ હિંદીઓને એકબીજા સાથે અતુટ બંધનથી બાંધે છે. એ છે રેંટિયો અને ખાદી. હું ખાદીની અને રેંટિયોની વાત હંમેશાં કર્યા કરું છું, કારણ કે હું જાણું છું કે ખાદીમાં જ, રેંટિયામાં જ હિંદની આર્થિક મુક્તિ રહેલી છે. રેંટિયો એક પ્રતીક છે અને આમ જનતા અને ઉપલા વર્ગને પરસ્પર બાંધનાર બંધનનું પ્રતીક છે. ઉચ્ચ વર્ગોને જનતાના શ્રમમાંથી જ પોષણ મળે છે, એટલે ઉચ્ચ વર્ગને હું વિનતી કરું છું કે તમે આમ જનતા પાસેથી જે મેળવો છો તેના બદલામાં થોડું પાછું આપો. તેથી હું દરેક હિંદીને કહું છું, હિંદમાં વસતા દરેક અંગ્રેજને કહું છું, બલકે હિંદમાંથી પોતાની આજીવિકા મેળવનાર દરેક વ્યક્તિને કહું છું કે ખાદી અપનાવો. દરેક જણ પોતાના ઘરમાં પગથી માથા સુધી ખાદી પહેરે અને એ રીતે આમ જનતાના શ્રમનો બદલો વાળે.

"હું કોટ્ટાયમ અને આજુબાજુનાં સ્થળોનાં ભાઈબહેનોને કહું છું કે, જો તમે રેંટિયાને તમારા ઘરમાં ફરીથી પ્રસ્થાપિત કરશો તો જોશો કે તમે હિંદની કરોડોની સંખ્યામાં ભૂખે મરતી જનતાને આશા અને આશ્વાસનનો સંદેશ આપ્યો છે.

"રાજમાતા અને દીવાનસાહેબે મને ખાતરી આપી છે કે તેમની સહાનુભૂતિ સુધારકો પ્રત્યે છે[૫] અને હું તેમને બરાબર સમજ્યો હોઉં તો હું જાણું છું કે આ કલંક દૂર કરવા માટે તેઓ સ્વર્ણ હિંદુઓ જોરદાર, સ્પષ્ટ અને સંયમિત અવાજ ઉઠાવે તેની જ રાહ જુએ છે. અને જો હિંદુઓને પોતાના ધર્મમાં નિષ્ઠા અને જો તેઓ પોતાને પોતાના ધર્મના ગૌરવના રક્ષક માનતા હોય, અને જો અસ્પૃશ્યતા સામે તેમને મારા જેટલી જ તીવ્ર લાગણી હોય તો તેઓ જ્યાં સુધી રાજમાતા અને દીવાનસાહેબ ખાતરી ન કરાવી આપે કે ત્રાવણકોરની જનતા આ સુધારો માંગે છે, ત્યાં સુધી જંપીને બેસશે નહીં."[૬]

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૮૧.

૨. અગાઉ માનપત્ર-૫૮માં વાઈકોમ સત્યાગ્રહની વાત વિગતે કરવામાં આવી છે.

૩. મલબારી બહેરામજી મહેરવાનજી (૧૮-૫-૧૮૫૩, ૧૧-૭-૧૯૧૨): કવિ, ગદ્યકાર.

૪. નવજીવન, ૨૯ માર્ચ ૧૯૨૫, પૃ. ૨૩૭

૫. વાઈકોમ સત્યાગ્રહ અવ્વયે રાજમાતા અને દીવાન સાહેબ સાથે થયેલ સમાધાનના સંદર્ભમાં અત્રે ગાંધીએ ઉલ્લેખ કરેલ છે.

૬. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ-૨૬, પૃ. ૨૮૪, ૨૮૪.

## ૬૩ મદ્રાસ આયુર્વેદિક ફાર્મસી લિ.નું માનપત્ર

*AUM*

*To*

*SrijutMahatmaji*
*Mohandas Karamchand Gandhiji*

*Revered Mahatmaji,*

*We feel that by your visit to our Pharmacy to day in the midst of numerous engagements we have been blessed, and on behalf of our Pharmacy which you have honoured and sanctified with your presence, I extend to you whole-hearted welcome.*

*You have been rightly recognised as the Greatest Man of the World and the greatest live soul-force even by the all-too-materialistic West and we feel rightly proud that our mother-land has produce such an illustrious son.*

*You are the living embodiment and avatar of Truth, love and sincerity and your example and the steadfast devotion to the cause of the country has been the means of generating in our countryman a spirit of Nationalism and bother-hood.*

*The sacrifices you have made and the sufferings you have endured for the unification and uplift of our country and for gaining her political freedom are too well-known to need any mention.*

*We consider that you have been responsible in large degree for resuscitating our ancient Arts and Sciences for, you were responsible for reviving in our countryman a sense of self-respect and a self-dependence which are required for leading us on to our goal of Independence and political freedom which is the birth-right of every Nation.*

*It was this sprite of revival that was mainly responsible for the resuscitation of Indigenous Medicine which in many parts of the country has almost died out. It is needles to point out that Medical Science had attained a high degree of perfection, and feeling as we do, that one of the requisites of a free nation is a self-dependent medical system to alleviate the suffering of humanity, we have been in our humble way endeavouring to resuscitate the science and place before the public the priceless treasures discovered for us by our Ancient Rishis for the alleviation of suffering and cure of disease.*



AUM

*To*
*Srijut Mahatma*
# *Mohandas Karamchand Gandhi.*

Revered Mahatmaji,

WE feel that by your visit to our Pharmacy to day in the midst of numerous engagements, we have been blessed, and on behalf of our Pharmacy which you have honoured and sanctified with your presence, I extend to you a whole-hearted welcome.

You have been rightly recognised as the Greatest Man of the World and the greatest living Soul-force even by the all too-materialistic West and we feel rightly proud that our mother-land has produced such an illustrious son. You are the living embodiment and avatar of Truth, love, and sincerity and your example and the steadfast devotion to the cause of the country has been the means of generating in our countrymen a spirit of Nationalism and brother-hood. The sacrifices you have made and the sufferings you have endured for the unification and uplift of our country and for gaining her political freedom are too well-known to need any mention. We consider that you have been responsible in a large degree for resuscitating our ancient Arts and Sciences for, you were responsible for reviving in our countrymen a sense of self-respect and a self-dependence which are required for leading us on to our goal of independence and political freedom which is the birth-right of every Nation. It was this spirit of revival that was mainly responsible for the resuscitation of Indigenous Medicine which in many parts of the country had almost died out. It is needless to point out that Indian Medical Science had attained a high degree of perfection, and feeling as we do, that one of the requisites of a free nation is a self-dependent medical system to alleviate the sufferings of humanity, we have been in our humble way endeavouring to resuscitate the science and place before the public the priceless treasures discovered for us by our Ancient Rishis for the alleviation of suffering and cure of disease. We feel that by your ennobling presence here to-day you have blessed the cause of Ayurveda which we have been endeavouring to revive and propagate. We fervently pray to the Almighty that, in His infinite mercy and bounty, He will spare you for us for several long years to guide our countrymen to reach the goal of political emancipation and freedom.

We beg to remain,
Revered Mahatmaji,
Yours faithfully,
For The Madras Ayurvedic Pharmacy, Ltd.,
N. V. SRIRAMACHARLU.
*Managing Director.*

Mount Road,
Madras,
24th March 1925.

EVERYMANS PRESS, MADRAS.

*We feel that by your ennobling presence here to day you have blessed the cause of Ayurveda which we have been endeavouring to revive and propagate. We fervently pray to the Almighty that, in His infinite mercy and bounty, He will spare you for us for served long years to guide our countryman to reach the goal of political emancipation and freedom.*

*Mount Road*
*Madras*
*24th March 1925*

*We beg to remain*
*Revered Mahtmaji*
*Yours Faithfully*
*For The Madras Ayurvedic Pharmacy Ltd.*
*N.V. SRIRAMCHARUL*
*Managing Director*

*EVERYMAN PRESS, MADARS*

**ૐમ**

**પ્રતિ**

**શ્રીમાન મહાત્માજી,**

**મોહનદાસ કરમચંદ ગાંધીજી**

માનનીય મહાત્માજી,

અમે અનુભવીએ છીએ કે આપની અતિવ્યસ્તતા વચ્ચે આપે અમારી ફાર્મસીની મુલાકાત લઈ અમને આશીર્વાદ આપ્યા છે, અને આપની ઉપસ્થિતિ દ્વારા આપે અમારી ફાર્મસીને સન્માનિત અને સંતુષ્ટ કરી છે, એ બદલ અમે આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

આપ વિશ્વમાં મહાન વ્યક્તિ તરીકે પ્રસિદ્ધ છો અને પશ્ચિમના ભૌતિકવાદના યુગમાં એક મહાન આત્મા છો. અમને ગર્વ છે કે અમારી માતૃભૂમિએ આપ જેવા પુત્રને જન્મ આપ્યો છે. આપ સત્ય, પ્રેમ અને ત્યાગના જીવંત અવતાર છો. આપની દૃઢ દેશભક્તિ, રાષ્ટ્રવાદ અને ભાઈચારાની ભાવના ભારતવાસીઓમાં જાગ્રત કરવા માટે આપ ઉદાહરણરૂપ છે. આપણા દેશની એકતા, ઉન્નતિ અને રાજકીય સ્વાતંત્ર્ય માટે આપે જે બલિદાન આપ્યું છે અને જે પીડા સહન કરી છે, તે નિર્વિવાદ અને જાણીતી છે. અમે માનીએ છીએ કે આપ આપણા પ્રાચીન કલા અને વિજ્ઞાનને પુનઃ સ્થાપિત કરવા માટે મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યા છો, આપણા દેશની પ્રજામાં આત્મ-સન્માન અને આત્મ-નિર્ભરતા પુનર્જીવન જીવંત કરવામાં પણ આપ જવાબદારીપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છો, જે આપણા રાષ્ટ્રને સ્વતંત્રતાના લક્ષ્ય તરફ દોરી જવા માટે જરૂરી છે. કારણ કે રાજકીય સ્વતંત્રતા એ દરેક રાષ્ટ્રનો જન્મસિદ્ધ અધિકાર છે.આપણી પ્રાચીન ચિકિત્સાપદ્ધતિ પુનઃજીવનની પ્રેરણા હતી. જે મુખ્યત્વે સ્વદેશી દવાઓ પર નિર્ભર હતી, જે દેશના ઘણા ભાગોમાં લગભગ લુપ્ત થઇ ગઈ છે.આપણે

*માનીએ છીએ છે કે આજે તબીબી વિજ્ઞાનને ઉચ્ચ ક્ષમતા પ્રાપ્ત કરી છે. એક મુક્ત અને સ્વતંત્ર રાષ્ટ્રની આવશ્યકતાઓ પૈકીની એક એ છે કે માનવીય દુઃખ દર્દોને દૂર કરવા માટે આત્મનિર્ભર તબીબી વ્યવસ્થા જરૂરી છે, અમે અમારા નમ્ર પ્રયાસો દ્વારા આપણા પ્રાચીન ઋષિઓ દ્વારા આપવામાં આવેલ ચિકિત્સાના અમૂલ્ય ખજાના દ્વારા માનવીની બીમારીઓને દૂર કરવાનો પ્રયાસ કરીએ છીએ અને તે પદ્ધતિને આજના સંદર્ભમાં સ્થાપિત કરવા પ્રયાસ કરી રહ્યા છીએ.*

*અમે અનુભવીએ છીએ કે આજે આપે આપની ઉપસ્થિતિ દ્વારા આયુર્વેદને આશીર્વાદ આપ્યા છે, જેને અમે પુનર્જીવિત કરી, તેનો પ્રચાર પ્રસાર કરવાના પ્રયત્નો કરી રહ્યા છીએ.અમે સર્વશક્તિમાન ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, તેની પરમકૃપા અને બક્ષિસ દ્વારા દેશનેસ્વતંત્રતાના લક્ષ્ય સુધી પહોંચાડવા અને આપના માર્ગદર્શન અને સેવા અર્થે આપને દીર્ઘાયું બક્ષે.*

| | |
|---|---|
| *માઉન્ટ રોડ* | *અમે સદા આપના* |
| *મદ્રાસ* | *માનનીય મહાત્માજી* |
| *૨૪ માર્ચ ૧૯૨૫* | *આપના વિશ્વાસુ* |
| | *શ્રી મદ્રાસ આયુર્વેદિક ફાર્મસી* |
| | *એન.વી. શ્રીરામચારલુ* |
| | *મેનેજિંગ ડાયરેક્ટર* |

એવરીમેન પ્રેસ, મદ્રાસ

૨૨ માર્ચના રોજ ગાંધીજીએ પુરુપાલયમની જાહેર સભામાં હાજરી આપી હતી. એ પછી તેમને દેવદાસી સુધારા તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યાંથી તેઓ તિરુચેન્ગોડુ ગયા હતા. ત્યાં પણ તેમને માનપત્ર એનાયત થયું હતું. ૨૩ના રોજ ગાંધીજી મદ્રાસ આવ્યા હતા. મદ્રાસમાં તેમનો ઉતારો "અમજાદ બાગ", એસ. શ્રી નિવાસ આયંગરને ત્યાં હતો. મદ્રાસમાં એ દિવસે તેમણે સ્વ. કસ્તુરી રંગા આયંગરની છબીનું અનાવરણ કર્યું હતું. જેમનું ૧૪.૧૨.૧૯૨૩ના રોજ અવસાન થયું હતું.[૧] ૨૩ અને ૨૪ માર્ચ ગાંધીજી મદ્રાસમાં રોકાયા હતા. જો કે તેની વિગતો ગાંધીજીની દિનવારીમાં જોવા મળતી નથી. પણ ગાંધીજીના અક્ષરદેહ, ગ્રંથ ૨૬ (જાન્યુઆરીથી એપ્રિલ ૧૯૨૬)માં તેની કેટલીક વિગતો સાંપડે છે. એ મુજબ ૨૨થી ૨૪ની ગાંધીજીની મદ્રાસની મુલાકાત દરમિયાન તેમણે અનુક્રમે ૨૨ના રોજ મદ્રાસ સોશિયલ સર્વિસ લીગ, મદ્રાસ સ્ત્રીઓની સભા, મદ્રાસની જાહેર સભા અને મદ્રાસ મજૂરોની સભામાં ભાષણો આપ્યાં હતાં. ૨૪મીના રોજ પણ તેમનો જાહેર કાર્યક્રમનો સિલસિલો ચાલુ રહ્યો હતો. ૨૪મીના રોજ તેમણે મદ્રાસ સહકારી સોસાયટી, મદ્રાસ આયુર્વેદિક ફાર્મસી, કે જ્યાં તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું, મદ્રાસમાં દારૂબંધી અંગે, મદ્રાસ હિંદી પ્રચાર કાર્યાલય, મદ્રાસ સ્વરાજ્ય કાર્યાલય, મદ્રાસ મહિલા ક્રિશ્ચયન કૉલેજ, મદ્રાસ ભંગી સભા અને મદ્રાસ કૉંગ્રેસ સભામાં ભાષણો આપ્યાં હતાં.[૨]

૨૪ માર્ચના રોજ ગાંધીજીએ મદ્રાસમાં આવેલી ધી મદ્રાસ આયુર્વેદિક ફાર્મસી પ્રાઇવેટ લીમીટેડના નિમંત્રણનો સ્વીકારી તેની મુલાકાત લીધી હતી. ગાંધીજીના સ્વાગતમાં ફાર્મસીના તમામ સભ્યોની એક સભા મળી હતી. જેમાં ધી મદ્રાસ આયુર્વેદિક ફાર્મસીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી એન.વી. શ્રી રામચારલુએ આ માનપત્ર ગાંધીજીને અર્પણ કર્યું હતું. માનપત્ર ઉચ્ચતમ અંગ્રેજી ભાષામાં લખાયેલું છે. એવરીમેન પ્રેસ,

મદ્રાસમાં છપાયેલ આ માનપત્ર ખાદીના કાપડ પર છાપવામાં આવ્યું છે. લાલ બોર્ડરવાળા આ માનપત્રની જમણી બાજુ સરસ્વતી અને ડાબી બાજુ લક્ષ્મી દેવીનું ચિત્ર આપવામાં આવ્યું છે. કુલ ત્રણ પેરેગ્રાફમાં સમાવિષ્ટ માનપત્રના પ્રથમ પેરામાં ગાંધીજીનું શાબ્દિક સ્વાગત છે. બીજામાં ગાંધીજીની યશોગાથા સાથે આયુર્વેદનું મહત્ત્વ અને તેના પ્રચાર પ્રસાર પ્રત્યેની સંસ્થાની નિષ્ઠા વ્યક્ત થાય છે. જ્યારે અંતિમ પેરામાં ગાંધીજીના આશીર્વાદની અપેક્ષા અને તેમના દીર્ઘાયુ માટેની પ્રાર્થના કરવામાં આવી છે. એ દૃષ્ટિએ માનપત્રમાં કોઈ રાજકીય, સામાજિક ધાર્મિક સમસ્યાની ચર્ચા કરવામાં આવી નથી. તેમાં માત્ર આયુર્વેદને જ કેન્દ્રમાં રાખવામાં આવેલ છે.

માનપત્રના સ્વીકાર પછી તેના પ્રતિભાવમાં ગાંધીજીએ કહ્યું હતું,

"આ સમારંભ ગોઠવનારાઓને કદાચ એ વાત સમજાઈ નહિ હોય કે હું અહીંના વાતાવરણથી તદ્દન જુદો પડી જતો લાગું છું. તમને ખબર નહિ હોય કે જેની સાથે મારા માનનીય મિત્ર હકીમ અજમલખાનઉ ને સંબંધ છે, એવી એક મેડિકલ કૉલેજના ઉદ્‌ઘાટન પ્રસંગે પણ મેં આ જ વાત કહી હતી. તે વખતે અધ્યક્ષ તરીકે બોલતા મેં કહ્યું હતું કે આજકાલ યુનાની, આયુર્વેદિક અથવા યુરોપિયન દવાને નામે જે કંઈ ચાલી રહ્યું છે તે સાથે હું સંમત થઈ શકતો નથી. સારાસારનો વિચાર કર્યા વગર હું દવાનો ઉપયોગ કરવાની વિરુદ્ધ છું. ડૉ. રામચારલું બે લાખ કે વીસ લાખ લોકોને દવા આપી શક્ય છે એ સાંભળી મને આનંદ થયો નથી. હું તેમને મકરધ્વજની સફળ જાહેરાત કરવા બદલ અભિનંદન આપી શકતો નથી. આપણા વૈદોમાં થોડી સાચી નમ્રતા જરૂરી છે. મારું એ સદ્‌ભાગ્ય છે કે એલોપથી દાક્તરોમાં અને આયુ વૈદિક અને યુનાનીવૈદોમાં, બન્નેમાં મારા અનેક મિત્રો છે. પરંતુ તે બધા સારી રીતે જાણે છે કે તેમની દવા આપવાની પ્રવૃત્તિને કદાચ હું ટેકો ન આપી શકું.

"હું ઇચ્છું છું કે આજના દાક્તરો પુરાણા જમનાના વૈદોની પેઠે પોતાનું જીવન સંશોધન કાર્યમાં ગાળે અને એક પાઈ પણ લીધા વિના લોકોને બીમારીમાં રાહત આપે. દુર્ભાગ્યે આજે આવું બનતું નથી, આજે તો હું જોઉં છું કે આયુર્વેદની દવા કરનાર વૈદો આર્યુવેદના પ્રાચીન ગૌરવ પર નભવાનો પ્રયત્ન કરે છે. તેમની નિદાન પદ્ધતિ હજુ આરંભની દશામાં જ છે, અને તે વર્તમાન પ્રશ્ચાત્ય નિદાન પદ્ધતિ સામે ટકી શકે તેમ નથી. પ્રાશ્ચાત્ય પદ્ધતિ વિશે બીજું ગમે તે કહેવાનું હોય – એ વિષયમાં મેં ઘણું કહ્યું છે – તો પણ તેના પક્ષમાં એક વાત કહેવી જ પડશે કે તેમાં નમ્રતા છે, સંશોધનની ભાવના છે અને તેમાં અનેક ફીઝીશિયનો અને સરજનો છે જેમણે પોતાની આખી જિંદગી આ કામમાં આપી છે અને જેમને દુનિયા જાણતી પણ નથી. હું ઈચ્છું છું કે આપણા આયુર્વેદિક વૈદો પણ એવી ભાવનાથી પ્રેરાય. પણ દુર્ભાગ્યે આજે તો એવું જણાય છે કે તેઓ પૈસાના અને નામનાના ભૂખ્યા છે અને ટોચ પર પહોંચી જવા ઝંખે છે. આ રીતે તેઓ આયુર્વેદની સેવા નહિ કરી શકે. હું જાણું છું કે આયુર્વેદમાં ઘણી અસરકારક અને રામબાણ દવાઓ છે. પરંતુ આજે વૈદો એ વિદ્યા ભૂલી ગયા છે. એટલે તેનો ઉપયોગ નથી કરી શકતા. મેં ઘણા વૈદો સાથે આ બાબતમાં ચર્ચા કરી છે અને હું જે કંઈ કહેતો આવ્યો છું તેમાં સંમતિ આપી છે."

"મારા મનમાં ઊંડે ઊંડે રહેલું આ સત્ય જો હું વ્યક્ત ન કરું તો તમે મને તમારો પરમ મિત્ર નહિ ગણો, કેમ કે તમે મને એ વ્યક્ત કરવા માટે તો અહીં બોલાવ્યો છે. આ વાત એક બે દિવસમાં કે ઉતાવળે બાંધેલા વિચારનું પરિણામ નથી પણ લગભગ ૪૦ વરસના મારા અવલોકન અને આરોગ્ય તથા સ્વચ્છતા સંબંધી પ્રયોગોનું પરિણામ છે. આને પરિણામે હું એવા ચોક્કસ નિર્ણય પર આવ્યો છું કે સારામાં સારો વૈદ તે ગણાય જે ઓછામાં ઓછી દવા આપતો હોય. સ્વર્ગીય શહેનશાહ એડવર્ડ પર સફળતાપૂર્વક શસ્ત્રક્રિયા કરનાર સર્જનેઔષધશાસ્ત્ર વિશેના પોતાના પુસ્તકમાં લખ્યું છે કે તેઓ ફક્ત બે કે ત્રણ દવાઓનો ઉપયોગ કરતા હતા. બાકી કુદરતને પોતાની કામ કરવા દેતા હતા. મને વિશ્વાસ છે કે, વૈદો એ વાત સમજે છે કે કુદરત જ સૌથી પ્રેમાળ, સૌથી ઝડપી અને

સૌથી સારી આરોગ્યદાતા છે. જ્યારે જોવામાં તો એવું આવે છે કે માણસમાં અધમમાં અધમ વિકારોને ઉત્તેજિત કરનાર જાતજાતના પ્રયોગો ચાલી રહ્યા છે. દવાની જાહેરાતો જોઈને મને ઘૃણા થાય છે. મને લાગે છે કે વૈદ્યો માનવજાતની કશી સેવા તો નથી જ કરતા, પણ દરેક ઔષધિને જીવનમાં બધાં જ અનિષ્ટો માટેનો ઇલાજ કહીને ભારેમાં ભારે કુસેવા કરી રહ્યા છે. વૈદ્યોને મારી વિનંતી છે કે તેઓ નમ્રતા અને સચ્ચાઈથી વર્તે."[૪]

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૮૧,૧૮૨.

૨. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૨૬, પૃ. ૧૮,૧૯.

૩. હકીમ અજમલ ખાન (૧૮૬૮-૧૯૨૭)નું મૂળનામ મહંમદ અજમલ ખાન હતું. તેઓ ગાંધીજીના પ્રખર અનુયાયી હતા. ભારતની આઝાદીની લડતના અગ્ર સૈનિક હતા. વ્યવસાયે દાક્તર હતા. જામિયા મિલિયા યુનિવર્સિટીના સ્થાપકોમાંના તેઓ એક હતા. તેમણે આયુર્વેદિક અને યુનાનીતિબ્બિયા કૉલેજની કરોલ બાગ, દિલ્હીમાં સ્થાપના કરી હતી. પછી તે તિબ્બિયા કૉલેજ તરીકે પ્રસિદ્ધ થઈ. તેના તેઓ પ્રથમ કુલપતિ હતા. અને જીવનપર્યંત તે કૉલેજ સાથે સંકળાયેલા રહ્યા હતા. એ કૉલેજનું ઉદઘાટન મહાત્મા ગાંધીજીએ ૧૯૨૧માં કર્યું હતું.

૪. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૨૬, પૃ. ૩૪૫, ૩૪૬.

## ६४ કાસગંજ મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર

ओउम

कासगंज म्यूनिसिपल बोर्ड की और से

महात्मा मोहनदास कर्मचन्द गांधीजी की सेवा में

अभिनन्दन पत्र ।

परम पूजय महात्माजी !

आज बडे सौभाग्य का दिन है कि आप एक अग्निहोत्री महात्मा की तपोभूमि कासगंज में प्रवेश कर रहे है जिसको सन ११५० हिजरी अर्थात सन १९३१ ई. में नवाब फरुंखाबाद मुख्य कार्यकर्ता बहादुर याकुत खान ने जयपुर के नमूने पर उक्त महात्मा के आदेश से याकुत गंज (कासगंज) के नाम से बसाया था । खान बहादुर ने इस नगर में तीन मुहल्ले हिन्दुओ और एक मुसलमानो का आबाद किया था । हिन्दु तथा मुसलमानो के लिये बराबर मंदिर और मस्जिदे तथा अस्तल और तकीए, शाही रूपसे बनाए थे, तथा बराबर ही गांव उनके खर्चे के लिये दिये थे ।

खानबहादुर के वारिसो से यह नगर कर्नल जेम्सगार्डनर के अधिकार में आया और उनके पुत्र से सन १८५६ ई. में राजा दिलखुसरायसिंहने खरीद लिया, अब इन के पौत्र राव महाराजासिंह मलिक है जो नरुई गर के उत्तरी और शंकरगढमें निवास करते है । और उन्ही के कुटुम्बी कुंवर रघुराजासिंह म्युनिसिपालिटी के चेरमेन है ।

कासगंज यधपि तहसील है परन्तु जिले में सबसे बडा नगर है और व्यापार तथा रेल्वे का केन्द्र है । शूकर क्षेत्र (सोरों जी)[1] का द्वारहोने से राजपुताना आदि में तथा कर्नल जेम्सगार्डनरकी छावनी के कारण विलायत में विख्यात है । यह नगर कपास, अनाज, खांड और देशी कपडे की मन्डी है । यहां से प्रति वर्ष ढाई लाख मन रुईउट कर बहार जाती है । यहां १३०० गाढ कोली और जुलाहो की है, जिन में ३२५००० थान ६२५००० रू के वार्षिक तैयार हो कर बिकते है । प्राचीन काल में छीपीयो के १३०० घर देशी खद्दर की छपाई का काम करते थे जो अब नष्ट प्रायः हो गये है ।

कासगंज म्युनिसिपल बोर्ड में निर्वाचन चेरमेन को छोडकर छ हिन्दु और तीन मुसलमान निर्वाचित और दो निर्धारित मेम्बेर है, जिन में से एक दलित जातियो के प्रतिनिधि है । ईस बोर्डकी स्थापना सन १८६७ ई. में हुई थी, उस समय इस नगर की आबादी १६ हजार और बोर्ड की आमदनी १३००० वार्षिक थी, जो बढकर अब २२ हजार जन संख्या और ७५८३८ वार्षिक आय हो गई है । दिसम्बर सन १९२५ ई. से यहां गेर सरकारी चेरमेनका निर्वाचन हुआ है, तब से जनता म्युनिसिपालिटी के कामो में अधिक दिलचस्पी लेने लगी है! हमने म्युनिसिपालिटी के कर्तव्यो का विचार किया है और तदानुसार सर्वसाधारण की आवश्यकताओ और गरीबो की सार्वजानिक सहायता करनेका प्रयत्न किया है अतः सन १९२५ ई. में अब तक म्युनिसिपालिटीने

ओ३म्।

# कासगंज म्यूनिस्पिल बोर्ड की ओर से

महात्मा मोहनदास कर्मचन्द गांधीजी की सेवा में

# अभिनन्दन पत्र।

परम पूज्य महात्माजी !

आज बड़े सौभाग्य का दिन है कि आप एक अतिद्रोही महात्मा की तपोभूमि कौशल में प्रवेश कर रहे हैं जिसको सन् ११४० हिजरी अर्थात सन् १७३१ ई० में नवाब फर्रुखाबाद मुख्य कार्य कर्ता खान बहादुर याकूब खाँ ने बसाया और [illegible] के नाम से याकूब गंज (कासगंज) के नाम से बसाया था। खानबहादुर ने इस नगर में तीन मुहल्ले हिन्दुओं के लिये और एक मुसलमानों का आबाद किया था। हिन्दुओं तथा मुसलमानों के लिये बराबर मन्दिर और मसजिदें तथा [illegible] और [illegible] उसी ने बनवाए थे, तथा बराबर ही माफ़ि उनके खर्चों के लिये दिये थे।

खान बहादुर के वारिसों से यह नगर कर्नल जैम्स गार्डनर के अधिकार में आया और उनके पुत्र से सन् १८५८ ई० में इसे राजा दिलसुखराय ने खरीद लिया, अब उनके पौत्र राव महाराजसिंह मालिक हैं जो नगर के उत्तरी ओर संकरगढ़ में निवास करते हैं। और उन्हीं के कुटुम्बी कुंवर रघुराजसिंह म्यूनिस्पैलिटी के चेयरमैन हैं।

कासगंज यद्यपि तहसील है, परन्तु जिले में सबसे बड़ा नगर है और व्यौपार तथा रेलवे का केन्द्र है। सूकरक्षेत्र (सोरों जी) का द्वार होने से राजपूताने आदि में तथा कर्नल जेम्स गार्डनर की छावनी के कारण विलायत में विख्यात है। यह नगर कपास, अनाज, [illegible], और देशी कपड़े की मण्डी है। यहां से प्रति वर्ष ढाई लाख मन घी [illegible] कर बाहर जाती है। यहां १३०० [illegible] कोली और जुलाहों की हैं, जिनमें ३२५००० थान ६३५०३० रु० के वार्षिक तय्यार हो कर बिकते हैं। प्राचीन काल में इस नगर में छीपियों के १३०० घर देशी कपड़े की छपाई का काम करते थे जो अब नष्ट प्रायः हो गये हैं।

हम कासगंज म्यूनिस्पल बोर्ड के सदस्य इस शुभावसर पर आपका, जो कि वर्तमान संसार के महा पुरुषों में सब से बड़े हैं, हार्दिक स्वागत करते हैं। हमें भली भांति विदित है कि आपका समय अनेक लोकोपकारी कार्यों में लगे रहने से अमूल्य है तिसपर भी आपने यात्रा के कष्टों को सहन करके हमारे इस तुच्छ नगरकी जनता को भी दर्शन देकर आल्हादित किया है उसकी हम मुक्त कंठ से प्रशंसा करते हैं। हमें आशा है कि आपके पदार्पण के प्रताप से हमारे सब हिंदू मुसलमान भाइयों में पूर्व कालीन एकता पुनः स्थापित होगी।

कासगंज म्यूनिस्पल बोर्ड में निर्वाचित चेयरमैन को छोड़कर [illegible] हिंदू और [illegible] मुसलमान निर्वाचित और दो निर्वाचित मेम्बर हैं, जिन में से एक दलित जातियों के प्रतिनिधि हैं। इस बोर्ड की स्थापना सन् १८६७ ई० में हुई थी, उस समय इस नगर की आबादी ११ हजार और बोर्ड की आमदनी (१३००) वार्षिक थी, जो बढ़ कर अब २२ हजार जन संख्या और (४८८१८) वार्षिक आय होगई है। फिलहाल सन् [illegible] से यहां गैर सरकारी चेयरमैन का निर्वाचन हुआ है, तबसे जनता म्यूनिस्पैलटी के कामों में अधिक दिलचस्पी लेने लगी है। इसने म्यूनिस्पैलिटी के कर्तव्यों का विचार किया है और तदानुसार सर्वसाधारण की आवश्यकताओं और गरीबों की सार्वजनिक सहायता करने का प्रयत्न किया है। अतः सन् १९२५ ई० से अब तक म्यूनिस्पैलिटी ने (३७९५०) नालियों में (४१०८४) सड़कों में लगाया है, और गरीब से गरीब के घर भी अपनी सड़क, नाली तथा रोशनी को पहुँचाया है। [illegible] म्यूनिस्पल लाइब्रेरी के बनाने में (११०००) तथा [illegible] खाने के बनाने में (५७२६) तथा म्यूनिसिपल पार्क और [illegible] के पुनः निर्माण में (१०५०) लगाया है। बोर्ड ने १५ [illegible] सन् १९२७ ई० से अनिवार्य (लाजिमी) प्राइमरी शिक्षा जारी करदी है, जिसके लिये ९ स्कूल लड़कों के चल रहे हैं। इसके सिवाय एक प्राइमरी स्कूल लड़कियों का भी है। इन पर बोर्ड (१०६१८) वार्षिक व्यय कर रहा है। इसके अतिरिक्त नगर में एक [illegible] वैदिक पाठशाला हाई स्कूल [illegible] की शिक्षा के लिए है जिसके लिए बोर्ड (१२००) वार्षिक, जिला बोर्ड के तहसीली स्कूल को (७००) वार्षिक देता है। बोर्ड ने अपने स्कूलों की इमारत बनाना आरंभ कर दिया है और इस वर्ष मुहल्ला [illegible] का स्कूल (१८३०) की लागत से बना दिया है। [illegible] और मुहल्लों के स्कूलभी बनवावेगा। जनता के स्वास्थ्य के विचार से बोर्ड सफाई में लगभग (१३०००) के तथा रोशनी में लगभग ८०००) के तथा [illegible] [illegible] में (२८००) के लगभग वार्षिक व्यय करता है, तथा २४००) वार्षिक जिला बोर्ड के [illegible] [illegible] को सहायता देता है। [illegible] और महतरों के सिवाय अन्य समस्त दलित जातियों के लड़के म्यूनिस्पैलिटी के स्कूलों में जनता के और लड़कों के साथ शिक्षा पाते हैं। और [illegible] तथा भंगियों के लिये एक स्कूल अलग खुला हुआ है।

यह पक्का तालाब जिसको श्रीमान् सुशोभित कर रहे हैं म्यूनिस्पैलटी ने लगभग ४५ वर्ष के हुये बहुत सा धन व्यय करके बनवाया था। यह सोता [illegible] के [illegible] एवं आप सरीखे महात्माओं के उपदेशामृत से जनता को तृप्त करता रहता है।

महात्मन्! भारत वर्ष में कौन ऐसा मनुष्य है जिसने आपके उच्च आदर्श, निस्वार्थ सेवा, किसान और मजदूरों के दुख दूर करने की चिन्ता, दलितोद्धार तथा सर्व जाति एकता के प्रबल प्रयत्न आदि देशोन्नति के कार्यों के विषय में सुना न पढ़ा न हो! आपने अहिंसा और सहन शीलता के [illegible] [illegible] शस्त्रों से सब को मृदु-शासन कर दिया है। हमें आशा है कि जिन्हें आपने [illegible] [illegible] प्रदान किए हैं वह अवश्य अपने शुभ कार्य में विजयी होंगे। अतः हम आप का स्वागत हृदय से करते हैं। और राजा [illegible] [illegible] के राज राजेश्वर परम पिता परमात्मा से प्रार्थना करते हैं कि वह आपको चिरायु करे।

हम हैं, आपके सेवक:—
चेयरमैन तथा सदस्य म्यूनिसिपल बोर्ड—
कुं० रघुराजसिंह चेयरमैन
डा० [illegible] वाइस चेयरमैन
बा० [illegible] गुप्त एम० ए० एल एल० बी०
[illegible] [illegible] बी० ए० एल एल० बी०
सेठ किशोरीलाल (निर्वाचित)
बा० [illegible] [illegible]
सेठ [illegible]
मु० [illegible] मुख्तार
बा० [illegible] गुप्त
मु० [illegible]
बा० [illegible] (निर्वाचित)
बा० [illegible]

ता० [illegible]-११-२९ ई०

[illegible] प्रेस [illegible] में पं० [illegible] के प्रबन्ध से छपा।

३७६५० नालियो में ५३०४४ सडको में लगाया है और गरीब से गरीब घर के घर भी अपनी सडक, नळी तथा रोशनी को पहुंचाया है । लक्ष्मीगंज म्युनिसिपल लाईब्रेरी के बनाने में ३६००० तथा जनाने शफखाने के बनाने में ५७२६ तथा म्युनिसिपल प्याउ और वहरद्वारी के कुए के पुनः निर्माण में १०५० लगाया है । बोर्डने १५ जुलाई सन १९२७ ई. से अनिवार्य (लाजीमी) प्रायमरी शिक्षा जारी कर दी है, जिस के लिये ६ स्कूल लडको के चल रहे है जिस के लिये बोर्ड १२०० वार्षिक, जिला बोर्ड के तहसील स्कूल को ४०० वार्षिक देता है । बोर्ड ने और इस वर्ष मुहल्ला नवाब का स्कूल १६४७० की लागत से बना दिया है । क्रमशः वह और मुहल्लो के स्कूल भी बनवावेगा । जनता के स्वास्थ के विचार से बोर्ड सफाई में लगभग १६००० के तथा रोशनी में लगभग ८००० के तथा जनाने शखाफानेमें २८०० के लगभग वार्षिक व्यय करता है, तथा २४०० वार्षिक जिला बोर्ड के मदनि शफाखाने की सहायता देता है । कंजर और महतरों के सिवाय अन्य समस्त दलित जातियो के लडको के साथ शिक्षा पाते है । और कंजर तथा भंगीयो के लिये एक स्कूल अलग खुला हुआ है ।

यह पक्का तालाब जिसको श्रीमान सुशोभित कर रहे है म्युनिसिपालटीने लगभग ४५ वर्ष के हुये बहुत सा धन व्यव कर के बनवाया था । यह लीला उत्सव के दृश्य अवं आप सरीके महात्माओ के उपदेशामृत से जनता को तृप्त करता है ।

महात्मन ! भारत वर्ष में कौन ऐसा मनुष्य है जिसने आपके उच्च आदर्श, निस्वार्थ सेवा, किसान और मजदूरो के दुख दूर करने की चिंता, दलितोद्धार तथा सर्व जाति ऐक्यता के प्रबळ प्रयत्न आदि देशोन्नती के कार्य के विषय में सुना पडा न हो ? आप के अहिंसा और सहनशीलता के विजयी अस्त्र शस्त्र ने भय को मुतु आसन्न कर दिया है । हंमे आशा है कि जिन्हें आपने यह स्वदीक्षित अस्त्र शस्त्र प्रदान किये है वह अवश्य अपने शुभ कार्य से विजयी होंगे । अतः हम आपका हृदय से स्वागत करते है । और राज राजेश्वर के राजा राजेश्वर परम पिता परमात्मा से प्रार्थना करते है कि आपको चिरायु करे ।

हम आप के सेवक :-
चेरमेन तथा सदस्य म्युनिसिपल बोर्ड :-
कु. रधुराजासिंह चेरमेन
ठा. गुलाबसिंह वाईस चेरमेन
बा. बाबुराम गुप्ता अेम.अे. अेलअेल.बी.
मिस्टर अहमदखां बी.अे. अेलअेल.बी.
सेठ किशोरीलाल (निरधारिका)
बा. दुरगा प्रसाद रायजादा
सेठ बम्बूलाल
मु. इकबाल हुसेन मुख्तार
बा. मीठुंलाल गुप्त

मु. अब्दुलरहमान खां

बा. ईश्वरी प्रसाद (निरधारिका)

बा. जगदम्बासहाय

ता.९११.१९२९

सुदर्शन प्रेस में प. रेवातीलाल अग्निहोत्री के प्रबन्ध से छपा

ઓઉમ

કાસગંજ મ્યુનિસિપલ બોર્ડ તરફથી

મહાત્મા મોહનદાસ કર્મચન્દ ગાંધીજીની સેવા મેં

અભિનન્દન પત્ર

પરમ પૂજ્ય મહાત્માજી

આજ અતિ સૌભાગ્યની પળ છે કે આપ અગ્નિહોત્રી મહાત્માની તપોભૂમિ કાસગંજમાં પધારી રહ્યા છો, જેને સન ૧૧૫૦ હિજરી અર્થાત્ સન ૧૯૩૧માં નવાબ ફરુખાબાદના મુખ્ય કાર્યકર્તા બહાદુર યાકુત ખાને જયપુરના નમૂના રૂપ ઉપરોક્ત મહાત્માના આદેશથી યાકુત ગંજ (કાસગંજ) નામે વસાવ્યું હતું. ખાન બહાદુરે આ નગરમાં ત્રણ મહોલ્લાઓમાં હિંદુઓને, એકમાં મુસલમાનોને વસાવ્યા હતા. હિંદુ અને મુસલમાનો માટે સમાન ધોરણે મંદિર અને મસ્જિદ તથા સમાધિ અને દરગાહ શાહી અંદાજમાં બનાવ્યાં હતાં અને તેમના નિભાવ ખર્ચ માટે તેમને ગામો પણ આપ્યાં હતાં.

ખાન બહાદુરના વારસદારો પાસેથી આ નગર કર્નલ જેમ્સ ગાર્ડનરની સત્તામાં આવ્યું અને તેમના પુત્ર પાસેથી સન ૧૮૫૬માં રાજા દિલખુશરાયસિંહએ ખરીદી લીધું. અત્યારે તેમના પૌત્ર રાવ મહારાજાસિંહ તેના માલિક છે અને તેમના જ કુંવર રઘુરાજાસિંહ મ્યુનિસિપાલિટીના ચેરમેન છે.

કાસગંજ જોકે તાલુકો છે, પરંતુ જિલ્લાનું સૌથી મોટું શહેર છે. અને વેપાર તથા રેલવેનું કેન્દ્ર છે. શૂકર ક્ષેત્રનું દ્વાર હોવાથી રાજપૂતાના વગેરેમાં તથા કર્નલ જેમ્સગાર્ડિયનની છાવણીને કારણે તે વિદેશમાં પણ જાણીતું છે. આ નગર કપાસ, અનાજ, ખાંડ અને દેશી કાપડનું બજાર છે. અહીંથી પ્રતિ વર્ષ અઢી લાખ મણ કપાસ કંતાઈને બહાર જાય છે. અહીંયાં ૧૩૦૦ ગાઢ કોળી અને વણકરોની છે. જેમાં ૩૨૫૦૦ થાન ૬૨૫૦૦ રૂપિયા પ્રતિવર્ષ તૈયાર થઈને વેચાય છે. પ્રાચીન સમયમાં છીપાના (છાપ કામ કરનાર) ૧૩૦૦ ઘર ખાદીની છપાઈનું કાર્ય કરતા હતા, જે હાલ મૃતઃપ્રાય અવસ્થામાં છે.

કાસગંજ મ્યુનિસિપલ બોર્ડમાં ચૂંટાયેલા ચેરમેન સાથે છ હિંદુ અને ત્રણ મુસ્લિમ ચૂંટાયેલા સભ્યો અને બે અનામત સભ્યો છે, જેમાંથી એક દલિત જાતિના પ્રતિનિધિ છે. આ બોર્ડની સ્થાપના સન ૧૮૬૭માં થઈ હતી. એ સમયે આ નગરની વસ્તી ૧૬ હજાર અને બોર્ડની વાર્ષિક આવક ૧૩૦૦૦ હજાર હતી. જે વધીને ૨૨ હજાર વસ્તી અને વાર્ષિક આવક ૭૫૮૩૮ થઈ ગઈ છે. ડિસેમ્બર સન

૧૯૨૫થી બિનસરકારી ચેરમૅનની નિયુક્તિ થઈ છે. ત્યારથી જનતા મ્યુનિસિપાલિટીનાં કાર્યોમાં વિશેષ રસ લેવા લાગી છે. અમે મ્યુનિસિપાલિટીનાં કર્તવ્યોનો વિચાર કર્યો છે. અને તે અનુસાર સર્વ સામાન્યની જરૂરિયાત અને ગરીબોની સાર્વજનિક સહાયતા કરવાનો પ્રયાસ કર્યો છે. અતઃ સન ૧૯૨૫માં અત્યારે સુધી મ્યુનિસિપાલિટીએ રૂપિયા ૩૭૬૫૦ ગટરો પાછળ, ૫૩૦૪૪ રસ્તાઓ પાછળ ખર્ચ કર્યા છે. અને ગરીબથી ગરીબ ઘર સુધી સડક, ગટર અને વીજળી પહોંચાડી છે. લક્ષ્મીગંજ મ્યુનિસિપલ ગ્રંથાલય બનાવવામાં ૩૬૦૦૦ તથા સ્ત્રીઓ માટે પાયખાનાં બનાવવા માટે ૫૭૨૬ તથા મ્યુનિસિપલ પરબ અને રાહદારીના કૂવાના પુનઃ નિર્માણ માટે ૧૦૫૦ રૂપિયાનો ખર્ચ થયો છે. બોર્ડે ૧૫ જુલાઈ, સન ૧૯૨૭થી પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરેલ છે. જેના માટે છ છોકરાઓની શાળાઓ ચાલે છે. આ સિવાય એક પ્રાથમિક શાળા છોકરીઓ માટે પણ છે. તેના પર બોર્ડ વાર્ષિક ૧૦૬૬૮નો ખર્ચ કરેલ છે. આ ઉપરાંત નગરમાં એક ઍંગ્લો વૈદિક પાઠશાળા હાઈસ્કૂલ અંગ્રેજી શિક્ષણ માટે છે. જેના માટે બોર્ડ વાર્ષિક ૧૨૦૦ રૂપિયા, જિલ્લા બોર્ડ તાલુકાની શાળાને ૪૦૦ વાર્ષિક રૂપિયા આપે છે. બોર્ડે પોતાની સ્કૂલનું મકાન બનાવવાનો આરંભ કર્યો છે. અને આ વર્ષે મુહલ્લા નવાબની શાળા ૧૬૪૭૦નો ખર્ચ કરી બનાવવામાં આવી છે. ક્રમિક મહોલ્લાઓની શાળાઓ પણ બનાવવામાં આવશે. જનતાના સ્વાસ્થ્ય માટે બોર્ડે સફાઈ પાછળ લગભગ ૧૬૦૦૦નો તથા વીજળી પાછળ લગભગ ૮૦૦૦ તથા સ્ત્રીઓના પાયખાનાં પાછળ ૨૮૦૦નો ખર્ચ કરેલ છે. તથા જિલ્લા બોર્ડએ વાર્ષિક ૨૪૦૦ પુરુષોનાં પાયખાનાં માટે સહાય આપેલ છે. કંજર[1] અને સફાઈ કામદાર સિવાઈ અન્ય તમામ દલિત જાતિઓનાં બાળકો મ્યુનિસિપાલિટીની શાળાઓમાં પ્રજાનાં બીજાં બાળકો સાથે જ શિક્ષણ લઈ રહ્યાં છે. અને કંજર તથા વાલ્મિકી માટે એક શાળા અલગ પણ શરૂ કરવામાં આવેલા છે.

આ પાકું તળાવ જેને શ્રીમાન શોભાવી રહ્યા છો, તેને મ્યુનિસિપાલિટીએ લગભગ ૪૫ વર્ષ પહેલાં અઢળક ધન ખર્ચીને બનાવ્યું છે. જે ભવ્ય ઉત્સવનાં દશ્યો અને આપ જેવા મહાત્માઓના ઉપદેશોથી જનતાને તૃપ્ત કરતું રહે છે.

મહાત્માન ! ભારત વર્ષમાં કોણ એવો માનવી છે, જેણે આપના ઉચ્ચ આદર્શ, નિસ્વાર્થ સેવા, ખેડૂતો અને કામદારોનાં દુઃખ દૂર કરવાની ચિંતા, દલિતોદ્ધાર તથા સર્વ જાતીય ઐક્ય વગેરે આપના દેશોન્નતિનાં કાર્યો અંગે સાંભળ્યું કે વાંચ્યું ન હોય ? આપના અહિંસાના વિજયી શસ્ત્રોએ ભયને નિર્મૂળ કરેલ છે. અમને આશા છે જેણે આપને આ સ્વદીક્ષિત અસ્ત્રશસ્ત્ર પ્રદાન કર્યાં છે એ જ પોતાના આ શુભ કાર્યમાં સફળતા અર્પશે. અતઃ અમે આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ અને રાજ રાજેશ્વરના રાજ રાજેશ્વર પરમ પિતા પરમેશ્વર પાસે પ્રાર્થના કરીએ છીએ કે તે આપને દીર્ઘાયુ અર્પે.

અમે આપના સેવક

ચેરમૅન તથા મ્યુનિસિપાલિટીના સભ્યો
કુ. રઘુરાજાસિંહ ચેરમૅન
ઠા. ગુલાબસિંહ વાઈસ ચેરમૅન
બા. બાબુરામગુપ્તા એમ.એ.,એલએલ.બી.
મિસ્ટર અહમદખાં બી.એ.,એલએલ.બી.

*સેઠ કિશોરીલાલ (નિરધારિકા)*
*બા. દુરગા પ્રસાદ રાયજાદા*
*સેઠ બમ્બૂલાલ*
*મુ. ઇકબાલ હુસેન મુખ્તાર*
*બા. મીઠ્ઠુલાલ ગુપ્ત*
*મુ. અબ્દુલરહમાન ખાં*
*બા. ઈશ્વરીપ્રસાદ (નિરધારિકા)*
*બા. જગદમ્બા સહાય*
*તા. ૯-૧૧-૧૯૨૯*

સુદર્શન પ્રેસમાં પ. રેવાતીલાલ અગ્નિહોત્રીના માર્ગદર્શન તળે છપાયું.

આ માનપત્ર ગાંધીજીને એ સમયના સંયુક્ત પ્રાંતના એટા જિલ્લાના કાસગંજ શહેરની મ્યુનિસિપલના ચેરમૅન કુ. રઘુરાજાસિંહ, વાઈસ ચેરમૅન ગુલાબસિંહ અને સભ્યો બાબુરામ ગુપ્તા, અહમદખાં, સેઠ કિશોરીલાલ (નિરધારિકા), દુર્ગા પ્રસાદ રાયજાદા, સેઠ બમ્બૂલાલ, ઇકબાલ હુસેન મુખ્તાર, મીઠ્ઠુલાલ ગુપ્ત, અબ્દુલ રહમાન ખાં, ઈશ્વરી પ્રસાદ (નિરધારિકા), જગદમ્બા સહાય દ્વારા ૯ નવેમ્બર ૧૯૨૯ના રોજ આપવામાં આવ્યું છે. હાલ ઉત્તર પ્રદેશમાં આવેલ કાસગંજ શહેર મહાકવિ તુલસીદાસ અને અમીર ખુશરોના જન્મસ્થાન તરીકે જાણીતું છે. માનપત્રના પ્રથમ બે પેરેગ્રાફમાં કાસગંજનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. ત્રીજા પેરેગ્રાફમાં કાસગંજની આર્થિક વ્યવસ્થાની વાત કરવામાં આવેલી છે. જ્યારે એ પછીના લાંબા પેરેગ્રાફમાં કાસગંજ મ્યુનિસિપાલિટી દ્વારા પ્રજા માટે થયેલા સ્વાસ્થ્ય, સામાન્ય સુવિધાઓ, શિક્ષણ અને અસ્પૃશ્યતા અંગેનાં કાર્યોનો ટૂંકો અહેવાલ આપવામાં આવ્યો છે. એ દૃષ્ટિએ આ માનપત્ર એ યુગના કાસગંજનું ચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે.

ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન બે વાર કાસગંજ શહેરની મુલાકાત લીધી હતી. સૌ પ્રથમવાર તેઓ ૧૩ ઑક્ટોબર, ૧૯૨૦ના રોજ કાસગંજ આવ્યા હતા. એ સમય અસહકારનો યુગ હતો. અને ગાંધીજી સમગ્ર ભારતમાં અસહકારનો સંદેશ આપી રહ્યા હતા. ૧૩ ઑક્ટોબર, ૧૯૨૦ના રોજ કાસગંજની મુલાકાત દરમિયાન ગાંધીજીએ કોઈ જાહેર સભા સંબોધી નથી. પણ ૧૪ ઑક્ટોબરના રોજ તેઓ કાનપુર પહોંચ્યા હતા. કાનપુરમાં સરકાર પાસેથી મદદ ન લેતી એક શાળા તેમણે ખુલ્લી મૂકી હતી.[3] કાનપુરના પરેડ ગ્રાઉન્ડ પર મળેલ એક જાહેર સભાને સંબોધતાં ગાંધીજીએ કહ્યું હતું,

**"સરકારની સાથે અસહકાર એટલે આંતર સહકાર. આંતર સહકારનું ભાન ન થાય તો અસહકાર ચલાવવો અશક્ય છે. આંતર સહકાર કરીને જે કુરબાની થશે તેમાં કાંઈ ઓર જ જોર હશે. તેમાં મકાનો બાળવાપણું નહીં રહે. તેમાં દિલને જાળવવાપણું રહેશે અને દિલને જલાવ્યા વિના દિલની કુરબાની નથી થઈ શકવાની. આપણો પક્ષ સચ્ચાઈનો છે એ વાત ખરી, પણ સચ્ચાઈની સાથે કુરબાની આવે તો જ સચ્ચાઈ જીતી શકે છે. સચ્ચાઈની પરીક્ષા કુરબાની છે."[4]**

અસહકાર યુગના આરંભ પૂર્વે ખિલાફત આંદોલનમાં ગાંધીજીએ ભારતના મુસ્લિમોને સહકાર આપી કૉંગ્રેસમાં હિંદુ મુસ્લિમ ઐક્યનો સૂર આપ્યો હતો. પરિણામે અસહકાર આંદોલનમાં ભારતના મુસ્લિમો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. ભારતના મુસ્લિમો અસહકાર આંદોલનમાં હિંસાનો માર્ગ ન અપનાવે તેની તકેદારી પણ ગાંધીજી રાખતા હતા. ૧૫ ઑક્ટોબર, ૧૯૨૦ના રોજ લખનૌની મુસ્લિમોની એક સભામાં તેમણે કહ્યું હતું,

**"તલવાર ન ચલાવવાની તમે ટેક લીધી છે, તો આવા છુટાછવાયાં ખૂન (જેમ કે વિલબ્રીનું) થાય છે એ તાલીમનો ગંભીર ભંગ બતાવે છે. ઇસ્લામ ધર્મમાં પણ આવા તાલીમના ભંગ માટે પરવાનગી છે એમ હું નથી માનતો. જ્યાં સુધી મુસલમાનો હિંસારહિત અસહકારને બંધાયેલા છે ત્યાં સુધી તેમને એવો વિચાર પણ ન આવવો જોઈએ કે તલવાર ઉઠાવવાથી સરસ કામ થશે. આ સલ્તનતે બૂરાઈ કરી છે, પણ બેગુના માણસોને મારીને તો આપણે સરકારની દબાણ અને ત્રાસની નીતિને જ ઉત્તેજન આપવાના છીએ. ઇસ્લામમાં તલવારના ઉપયોગની પરવાનગી છે ખરી, પણ આવી રીતે ડોકાં ઉડાડવાનું તો ઇસ્લામમાં પણ ન હોય એમ મારી ખાતરી છે, અને હું માનું છું કે ઉલેમાઓ પણ મારી માન્યતાને ટેકો આપશે. મુસલમાનો જે દિવસે હિંસારહિત અસહકારનો સિદ્ધાંત તજી તલવાર ઉઠાવવાનો નિશ્ચય કરે તે દિવસે જરૂર તમે દરેક દરેક યુરોપિયન સ્ત્રી, પુરુષ કે બાળકોને ચેતવણી આપી શકશો કે તેમની જિંદગી જોખમમાં છે. પણ એવો નિશ્ચય કરવાનો તમને વખત ન આવે એવી હું આશા રાખીશ."[૫]**

આમ ગાંધીજીએ કાસગંજની પ્રથમ મુલાકાત અસહકાર યુગમાં લીધી હતી. જ્યારે બીજી મુલાકાત સવિનય કાનૂન ભંગના આરંભ પૂર્વે લીધી હતી. આ મુલાકાત દરમિયાન પણ ગાંધીજીએ કાસગંજમાં કોઈ જાહેર સભા સંબોધી નથી.

એ યુગ ઝડપી પરિવર્તન અને સક્રિય લડતનો યુગ હતો. સાયમન કમિશનના વિરોધે પ્રજામાં રાષ્ટ્રીય જાગૃતિ આણી હતી. વળી, આ કમિશન સામેના વિરોધ પ્રદર્શન સમયે અંગ્રેજો દ્વારા થયેલા લાઠીચાર્જને કારણે ભારતીય નેતા લાલા લજપતરાયનું મૃત્ય થયું. આને કારણે લોકોમાં રોષ વ્યાપક બન્યો હતો. આવા ગરમ વાતાવરણમાં લાહોર અધિવેશનમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર થયો. તેના પરિપાક રૂપે "નહેરુ રિપોર્ટ" બહાર પડ્યો. એ જ સંદર્ભમાં ૧૦ નવેમ્બર ૧૯૨૯ના રોજ ગાંધીજી કાસગંજની મુલાકાતના બીજા જ દિવસે "સરકારની શરતો" નામક એક લેખમાં લખે છે,

**"પંડિત મોતીલાલ નહેરુ, દાક્તર અનસારી[૬], વિદુષી એની બેસન્ટ અને દેશના બીજા પ્રતિષ્ઠિત નેતાઓની સહીવાળો જે ખરીતો બહાર પડ્યો છે તે વિશ્વાસ ઉપર રચાયેલો છે. સહી કરનારાઓએ કેટલાંયે પ્રતિકૂળ ચિહ્નો છતાં નામદાર વાઇસરોયના કથનનો જે ઉદાર અર્થ કર્યો છે તેના મૂળમાં નામદાર વાઇસરોય પ્રત્યેનો તેમનો વિશ્વાસ રહેલો છે. પણ અનુભવે વિશ્વાસ બિન પાયેદાર સિદ્ધ ઠરે એમ પણ બને, અને લોર્ડ ઇર્વિનના પત્રમાં જે "ડોમિનિયન સ્ટેટસ"ની વાત છે તે પણ સન ૧૯૧૯ના "જવાબદાર તંત્ર" ના જેવી ઝાંઝવાના નીરવાળી વાત ઠરે. સન ૧૯૧૯ના કાયદામાં પ્રજાને જવાબદાર હોય તેવું તંત્ર પેદા કરવાની પ્રતિજ્ઞા હતી તેમાનું કંઈ થયું નહિ. આમ બને તોય લોર્ડ ઇર્વિનની પ્રમાણિકતા વિશે શંકા નથી. એટલે તેમના પત્રનો જવાબ નેતા લોકોએ આપ્યો છે તે યથાર્થ છે. કેમ કે વાઇસરોયના કથનથી ઉપજેલ બધી આશાઓ ફોગટ નીવડે તોપણ દેશને કશું ખોવાનું નથી. ઊલટું તેથી આવતે વર્ષે યથાયોગ્ય પગલું ભરવા માટે મહાસભાના હાથ વધારે મજબૂત થશે."[૭]**

ગાંધીજીના આ કથનમાં તેમની દીર્ઘદષ્ટિ અને અંગ્રેજ શાસકો પ્રત્યેની શાંત છતાં અહિંસક લડતના એંધાણ વર્તાય છે.

---

૧. સુકર (સોરોં) ભારતના ઉત્તર પ્રદેશ રાજ્યમાં કાસગંજ જિલ્લાનું એક નગર છે.

૨. કંજર ઉત્તર ભારતની એક વિચલિત જાતિ છે.

૩. ગાંધીજીની દિનવારી, પૃ. ૧૧૦

૪. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૧૮, પૃ. ૩૨૨. ૩૨૩

૫. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૧૮, પૃ. ૩૨૪.

૬. રાષ્ટ્રીય નેતા ડૉ. મુખ્તાર અહેમદ અનસારી(૧૮૮૦-૧૯૩૬).

૭. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૪૨, પૃ. ૧૩૧.

## ૬૫ સમસ્તીપુર મ્યુનિસિપલ કમિશ્નરનું માનપત્ર

वन्देमातरम

श्रीयुत महात्मा मोहनदास करमचन्द गाँधी

महात्मन् !

समस्तीपुर म्युनिसिपालिटी के हम सदस्य गण यहां के निवासी की और से आपका हृदय से स्वागत करते हैं । इससे हम आपकी प्रतिष्ठा नहीं बढाते, बल्कि आप जैसे पूज्य जगविख्यात पुण्यात्मा महापुरुष का स्वागत करने का सु-अवसर पाकर हम अपना गौरव ऐवं प्रतिष्ठा बढाते है और आज के दिन को अपने सौभाग्य का अत्यत्तम दिन मानते है ।

हे पुरुषोतम । जब समस्त देश – नहीं नहीं समस्त संसार एक स्वर से गाकर भी आप के गुणों का पार नहीं पाता तब उनका वर्णन करने का प्रयत्न करना हमारे लिये अक्षम्य धृष्टता है ।

हमलोग इतना ही कहना काफी समजते है की आप सत्य, अहिंसा और त्याग के साक्षात् अवतार है। आपने अपने अलौकिक चरित्र, कर्तव्य परायणता और कार्य कुशलता से जो आदर्श स्थापित किया है वह मनुष्य मात्र को उन्नति शिखर पर चढाने के लिये अनुपम सहायक, और संसार में इर्षा द्वेष दूर कर प्रेम भाव तथा शांति स्थापित करने के लिये पथ प्रदर्शक है ।

आपने अपने असहयोग आन्दोलन से स्वराज का संदेश भारतवर्ष के कोने कोने में पहुँचा दिया, एवं उत्साह और निर्भीकता बढ कर राजनीतिक कार्यकर्ताओ के हृदयसे जेल यातना का भय भगा उन्हें कष्ट सहने का अभ्यास करा दिया ।

आपने खदर प्रचार से देश के रुपियो को विदेश जाने से बचाकर लाखो निःसहाय विधवाओ और दिनहीनो को, आत्म-गौरव की रक्षा करते हुए भोजन प्राप्त करने का मार्ग दिखला दिया जिस से स्वराज प्राप्ति भी सुगमता से संभव है ।

आप अछुतोध्धर आन्दोलन से भारत वर्ष का एक बडा पुराना कलंक मिटाने का सदा परिश्रम कर रहे है जिस से देश का बहुत बडा कल्याण होने की आशा की जाती है ।

यह म्युनिसिपालिटी मनुष्य और पशु के अस्पतालो को यथाशक्ति सहायता देती आई और इस सूबे में सब से पहेले एक आयुर्वदीय औषधालय खोलकर सफलतापूर्वक चार वर्षो से चला रही है जिसमे रोगियों की संख्या देख हाकिमो को भी प्रशंशा करनी पडी है ।

यह म्युनिसिपालिटी एक पुस्तकालय को सहायता देकर जनता में विधा प्रचार के उत्साह को बढा रही है ।

हम सब यहा हिन्दु मुसलमानो में प्रेम रहने का उधोग करते रहते है और अब तक कोई उपद्रव होने नहीं पाया ।

यहाँ के निवासी सदा आपके कार्यो में यथाशक्ति सहायता करते आये और १९२१ से आज तक एक राष्ट्रीय विधालयको चला रहे है ।

॥ वन्देमातरम् ॥

# श्रीयुत महात्मा मोहनदास करमचन्द गांधी

महात्मन् !

समस्तीपुर म्युनिसिपेलिटी के हम सदस्य गण यहां के निवासियों की ओर से आप का हृदय से स्वागत करते हैं। इसमे हम आपकी प्रतिष्ठा नहीं बढ़ाते, बल्कि आप जैसे पूज्य जगद्विख्यात पुण्यात्मा महापुरुष का स्वागत करने का सु-अवसर पाकर हम अपना गौरव एवं प्रतिष्ठा बढ़ाते हैं और आजके दिन को अपने सौभाग्य का अत्युत्तम दिन मानते हैं।

हे पुरुषोत्तम ! जब समस्त देश,—नहीं नहीं;—समस्त संसार एक स्वर से गाकर भी आप के गुणों का पार नहीं पाता तब उनका वर्णन करने का प्रयत्न करना हमारे लिये अक्षम्य धृष्टता है।

हमलोग इतनाहीं कहना काफ़ी समझते हैं कि आप सत्य, अहिंसा और त्याग के साक्षात् अवतार हैं। आपने अपने अलौकिक चरित्र, कर्तव्य परायणता और कार्य-कुशलता से जो आदर्श स्थापित किया है वह मनुष्यमात्र को उन्नति-शिखर पर चढ़ाने के लिये अनुपम सहायक, और संसार में ईर्ष्या द्वेष दूरकर प्रेम-भाव तथा शान्ति-स्थापन करने के लिये पथ-प्रदर्शक है।

आपने अपने असहयोग आन्दोलन से स्वराज का संदेश भारतवर्ष के कोने कोने में पहुंचादिया, एवम् उत्साह और निर्भीकता बढ़ाकर राजनीतिक कार्य-कर्त्ताओं के हृदय से जेल-यातना का भय भगा उन्हें कष्ट सहने का अभ्यास करादिया।

आपने खद्दर-प्रचार से देश के रुपयों को विदेश में जाने से बचाकर लाखों निःसहाय विधवाओं और दीनहीनों को, आत्म-गौरव की रक्षा करते हुये, भोजन प्राप्त करने का मार्ग दिखला दिया जिस से स्वराज-प्राप्ति भी सुगमता से संभव है।

आप अछूतोद्धार आन्दोलन से भारतवर्ष का एक बड़ा पुराना कलंक मिटाने का सदा परिश्रम कर रहे हैं जिस से देश का बहुत बड़ा कल्याण होने की आशा की जाती है।

यह म्युनिसिपेलिटी मनुष्य और पशु के हस्पतालों को यथाशक्ति सहायता देती आती और इस सूबे में सब से पहले एक आयुर्वेदीय औषधालय खोलकर सफलता पूर्वक चार वर्षों से चला रही है जिसमें रोगियों की संख्या देख हाकिमों को भी प्रसंशा करनी पड़ी है।

यह म्युनिसिपेलिटी एक पुस्तकालय को सहायता देकर जनता में विद्या-प्रचार के उत्साह को बढ़ा रही है।

हम सब यहां हिन्दू मुसलमानों में प्रेम रहने का उद्योग करते रहते हैं और अभी तक कोई उपद्रव होने नहीं पाया है।

यहां के निवासी सदा आपके कार्यों में यथाशक्ति सहायता करते आये और १९२१ से आज तक एक राष्ट्रीय विद्यालय को चला रहे हैं।

इस इलाके में धांगा भी पैदा हो रहा है, चरखे भी बहुत चल रहे हैं और जुलाहे भी बहुत हैं। परन्तु खद्दर बिनवाने का प्रबंध नहीं होने के कारण चरखा चलाने वाली निरुत्साह होती जाती हैं। इसलिये प्रार्थना है कि खद्दर विभाग से यहां खद्दर बिनवाने का केन्द्र बनाया जाय।

अन्त में आपका पुनः स्वागत है और ईश्वर से प्रार्थना है कि आपको पुष्ट एवं बलिष्ट बनाये रखें जिससे आप पुनः नेतृत्व पद ग्रहण कर शीघ्र देश का उद्धार करें।

ता॰ १८-१-२७

श्रीमान् के विनीत निवेदक,
म्युनिसिपल कमिश्नर गण
समस्तीपुर, म्युनिसिपेलिटी।

वेंकटरमण प्रेस, समस्तीपुर।

*इस इलाके में बांगा भी पैदा हो रहा है, चरखे बहुत चल रहे है और भी बहुत है । परन्तु खदर विनवाने का प्रबंध नहीं होने के कारन चरखा चलाने वाली निरुत्साह होती जाती है । इसीलिए प्रार्थना है कि खदरविभाग से यहाँ खदर बिनवाने का केन्द्र बनाया जाय ।*

*अन्त में आपका पुनः स्वागत है और ईश्वर से प्रार्थना है कि आपको पुष्ट और बलिष्ट बनाये रखे जिससे आप पुनः नेतृत्व पद ग्रहणकर शीघ्र देश का उद्धार करे ।*

*ता. १९.१.२७*

*श्रीमान के विनीत निवेदक*
*म्युनिसिपल कमिशनर गण*
*समस्तीपुर, म्युनिसिपालिटी*

## વન્દેમાતરમ

## શ્રીયુત મહાત્મા મોહનદાસ કરમચન્દ ગાંધી

મહાત્માન !

અમે સમસ્તીપુર મ્યુનિસિપાલિટીના તમામ સભ્યો અત્રેના નિવાસીઓ વતી આપનું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. આપનું સ્વાગત કરી અમે અમારી પ્રતિષ્ઠા નથી વધારી રહ્યા, બલકે આપ જેવા પૂજ્ય, જગવિખ્યાત પુણ્યાત્મા મહાપુરુષનું સ્વાગત કરવાનો સુઅવસર મેળવીને અમે અમારું ગૌરવ અને પ્રતિષ્ઠા વધારી રહ્યા છીએ. અને આજના દિવસને અમારા ભાગ્યનો ઉત્તમ દિવસ માનીએ છીએ.

હે પુરુષોત્તમ, જ્યારે સમગ્ર દેશ, નહીં નહીં સમગ્ર વિશ્વ એક સ્વરે આપના ગુણોનું વર્ણન કરવા અસમર્થ છે ત્યારે તેનું વર્ણન કરવું અમારા માટે અક્ષમ્ય ધૃષ્ટતા છે.

અમારા માટે એટલું જ કહેવું ઉચિત છે કે આપ સત્ય, અહિંસા અને ત્યાગના સાક્ષાત અવતાર છો. આપે આપના અલૌકિક ચરિત્ર, કર્તવ્યપરાયણતા અને કાર્યકુશળતા દ્વારા જે આદર્શો સ્થાપિત કર્યા છે, એ મનુષ્ય માત્રને ઉન્નતિના શિખર પર લઈ જવામાં અનુપમ સહાયક છે. અને સંસારમાં ઈર્ષા અને દ્વેષ દૂર કરી પ્રેમભાવ તથા શાંતિ સ્થાપવા માટે પથદર્શક છે.

આપે આપના અસહયોગ આંદોલન દ્વારા સ્વરાજનો સંદેશ ભારતવર્ષના ખૂણેખૂણે પહોંચાડ્યો છે. અને ઉત્સાહ તથા નિર્ભયતા પ્રસરાવી રાજનૈતિક કાર્યકરોના હૃદયમાં જેલયાત્રાના ભયને દૂર કર્યો છે. તેમને કષ્ટ સહન કરવાની તાલીમ આપી છે.

આપે ખાદીના પ્રચારથી દેશના ધનને વિદેશમાં જતું અટકાવી લાખો નિઃસહાય વિધવાઓ અને ગરીબોના આત્મા ગૌરવની રક્ષા કરી, તેમને જીવનનિર્વાહનો નવો માર્ગ બતાવ્યો છે. જેના કારણે સ્વરાજ પ્રાપ્તિમાં સુગમતા સંભવી છે.

આપ અસ્પૃશ્ય આંદોલન દ્વારા સમગ્ર ભારતવર્ષમાં વ્યાપેલ એક અત્યંત જૂના કલંકને દૂર કરવા પરિશ્રમ કરી રહ્યા છો. જેના દ્વારા દેશના કલ્યાણની આશા સેવવામાં આવે છે.

આ મ્યુનિસિપાલિટી માનવી અને પશુના ચિકિત્સા કેન્દ્રોને યથાશક્તિ સહાય કરી રહી છે. અને આ વિસ્તારમાં સૌપ્રથમ આયુર્વેદિક ઔષધાલય શરૂ કરી, ચાર વર્ષથી સફળતાપૂર્વક તે ચલાવી રહેલ છે. તેના રોગીઓની સંખ્યા જોઈને દેશના નેતાઓને પણ તેની પ્રશંસા કરવાની ફરજ પડી છે.

*આ મ્યુનિસિપાલિટી એક પુસ્તકાલયને સહાય કરીને પ્રજામાં વિદ્યાનો પ્રચાર કરી રહેલ છે.*

*અહીંના રહેવાસીઓ હંમેશાં આપનાં કાર્યોમાં યથાશક્તિ સહાય કરતા રહ્યા છે અને ૧૯૨૧થી આજ દિન સુધી એક રાષ્ટ્રીય વિદ્યાલય ચલાવી રહ્યા છે.*

*આ વિસ્તારમાં કપાસ ઉત્પન થઈ રહ્યો છે, ચરખા પણ સારા પ્રમાણમાં ચાલી રહ્યા છે. અને વણકરો પણ ઘણા છે. પરંતુ ખાદી કાંતવાની કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે ચરખા ચલાવવાવાળા નિરુત્સાહી થઈ રહ્યા છે. એટલા માટે આપને વિનંતી છે કે ખાદી વિભાગ દ્વારા અત્રે ખાદી વણવાનું કેન્દ્ર સ્થાપિત કરવામાં આવે.*

*અંતમાં આપનું પુનઃ સ્વાગત કરીએ છીએ અને ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે આપને તંદુરસ્ત અને શક્તિશાળી બનાવે જેથી આપ પુનઃ નેતૃત્વ પદ ધારણ કરી રાષ્ટ્રનો ઉદ્ધાર કરી શકો.*

*તા.૧૯.૧.૨૭*

*શ્રીમાનના નિવેદક*
*મ્યુનિસિપલ કમિશનર સભ્યો*
*સમસ્તીપુર મ્યુનિસપાલિટી*

બિહાર સાથેનો ગાંધીજીનો નાતો ઘણો જુનો અને જાણીતો છે. ૧૯૧૭ના બિહારના ચંપારણ સત્યાગ્રહ દ્વારા ગાંધીજીની ભારતમાં રાજકીય કારકિર્દીનો ઉદય થયાનું મનાય છે. જોકે આ વખતની ગાંધીજીની બિહાર યાત્રાનો મુખ્ય ઉદ્દેશ ખાદી પ્રચાર અને તે માટેનાં નાણાં એકત્રિત કરવાનો હતો. પરંતુ ૨૩ ડિસેમ્બર, ૧૯૨૬ના રોજ સ્વામી શ્રદ્ધાનંદજીની હત્યા થઈ હોય, ગાંધીજીના આ સમયનાં વ્યાખ્યાનોમાં શ્રદ્ધાનંદજીનો ઉલ્લેખ પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે. ૧૫ જાન્યુઆરી, ૧૯૨૭ના રોજ ગયાની હિંદુ સભા તરફથી આપવામાં આવેલ માનપત્રના પ્રતિભાવમાં ગાંધીજીએ કહ્યું હતું,

**"સાચી શુદ્ધિ એ આત્મશુદ્ધિ છે. હૃદય શુદ્ધ કરી અસ્પૃશ્યતાને અપનાવવામાં આપણી અને તેમની શુદ્ધિ છે. એટલી હદ સુધીની શુદ્ધિના કાર્યમાં હું તમારી સાથે છું. અને મને લાગે છે કે ધર્મ માટે દેહત્યાગ કરનાર શ્રદ્ધાનંદજીનું સૌથી મોટું કાર્ય અસ્પૃશ્યતાનિવારણનું જ કાર્ય ગણાશે. અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે નિરંતર તેમને લગની લાગેલી હતી. એનું વર્ણન તો અનેક ઠેકાણે કરી ચૂક્યો છું. પણ શુદ્ધિનો તમે જે અર્થ કરો છો, અને જેમાં શ્રદ્ધાનંદજીનો પૂરેપૂરો હિસ્સો હતો તે મારું હૃદય નથી માનતું."[1]**

આ માનપત્ર ગાંધીજીને સમસ્તીપુર મ્યુનિસિપાલિટી તરફથી આપવામાં આવ્યું હતું. જોકે ગાંધીજીની સમસ્તીપુરની આ બીજી મુલાકાત હતી. ગાંધીજીએ સમસ્તીપુરની પ્રથમ મુલાકાત ૧૦ ડિસેમ્બર, ૧૯૨૦ના રોજ લીધી હતી. એ સમયે ગાંધીજીએ કોઈ જાહેર કાર્યક્રમમાં ભાગ લીધો ન હતો.[2] અલબત્ત, ગાંધીજીએ માત્ર બેતિયા ગૌશાળા અને મોતીહારીમાં જ જાહેર સભામાં ભાષણ કર્યું હતું. આ બીજી મુલાકાત સમયે ગાંધીજીએ સમસ્તીપુરમાં જાહેર કાર્યક્રમમાં ભાગ લીધી હતો અને વ્યાખ્યાન પણ આપ્યું હતું. તેમણે તેમના વ્યાખ્યાનમાં ખાદી પ્રચાર અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું હતું,

**"ફરી વાર આપ સૌને મળવાનું થતાં મને ખુશી થઈ છે. બાબુ બ્રજકિશોરપ્રસાદ[3] અને બીજાઓની સાથે મને એક વાર સ્પેશિયલ ટ્રેનમાં અહીંયાં લાવનાર સમસ્તીપુરના લોકોને ભૂલવાનું મારે માટે અશક્ય છે. એટલે હું સમસ્તીપુર મોટી આશા રાખીને આવ્યો છું. મારો આ પ્રવાસ ખાદીના સંદેશના પ્રચાર માટે છે. મને જોવા આવનારાઓમાંથી મોટા ભાગના લોકોએ ખાદી પહેરી નથી એ જોઈને મને ઘણું દુઃખ થાય છે. હજારો મંચ ઉપરથી**

પાંચ પાંચ વર્ષ લગી મેં ખાદીનો સંદેશ સંભળાવ્યો છે, પણ હજુ લોકો ખાદી વાપરવા ખુશ નથી. આખા પ્રાંતને જોઈતી ખાદી બિહાર પેદા કરી શકે એમ છે. લોકો ફક્ત આ મહાન ગૃહ ઉદ્યોગને ઉત્તેજન આપે તો તેમનાં કામ વગરનાં હજારો ભાઈબહેનોને,- કપાસ લોઢનારાઓ, પીંજનારાઓ, કાંતનારાઓ, વણનારાઓ, રંગરેજ અને ધોબીઓ– સૌને અન્ન-વસ્ત્ર પૂરાં પાડી શકાય. ખાદી ઉપર ખર્ચેલો એક એક પૈસો તમારા ગરીબ દેશબંધુઓના ઘરમાં જવાનો છે. આથી ખાદી અને એકલી ખાદી જ પહેરવાનું તમારું ધર્મકર્તવ્ય બની જાય છે."

"ખાદી કામના વિકાસ માટે નાણાં જોઈએ. દેશમાં કાયમ માટે કરોડો રૂપિયા બચાવવા માટે શરૂઆતમાં કરોડો રૂપિયા રોકવા પડે. તમારે બારણે હું એ પૈસાની ભિક્ષા માંગવા આવ્યો છું. સભામાં વેચવા માટે ખાદી લાવી રાખી નથી એ બરાબર થયું નથી. આવતાંની સાથે મને એમ જણાવવામાં આવ્યું હતું કે ગામમાં ખાદી ભંડાર છે. અને સભા સ્થળે વેચવા માટે થોડી ખાદી રાખવામાં આવશે. ખેર, પણ હવે ભંડારમાં તરત જઈ પહોંચો અને ખાદી પહેરવા માંડો એવી તમને મારી વિનંતી છે."

ગાંધીજીના ઉપરોક્ત વક્તવ્ય પછી મ્યુનિસિપાલિટી તરફથી તેના પ્રમુખ બાબુ ગિરિવરધરે આ માનપત્ર જાહેરમાં વાંચી સંભળાવ્યું હતું. ગાંધીજીએ માનપત્રમાંના મુદ્દાઓની છણાવટ કરતાં કહ્યું હતું,

"સમસ્તીપુરના હિન્દુ-મુસલમાનો વચ્ચે કોઈ ખરાબ ભાવના પ્રવર્તતી નથી એ વાતનો મને સંતોષ છે. આ મોટી વાત કહેવાય. હું આશા રાખું છું કે આ સ્થિતિ ચાલુ રહેશે.

સમસ્તીપુર ખાતે ખાદી ઉત્પાદન કેન્દ્ર કાઢવાની માનપત્રમાં રજૂ થયેલ ઇચ્છા વિશે ગાંધીજીએ કહ્યું જો તમારે આવું કેન્દ્ર ખરેખર જોઈતું હોય તો રાજેન્દ્રબાબુ[૪] સંબંધે તજવીજ કરશે. અહીંના લોકો જોઈતી રકમ કાઢે તો રાજેન્દ્રબાબુ જરૂર તેમની બધી શક્તિથી તેમને મદદ કરશે. એવી મને આશા છે. રાષ્ટ્રીયશાળા વિશે બોલતાં તેમણે ખેદ વ્યક્ત કર્યો કે જેવી જોઈતી હતી તેવી બની નથી. ત્યાં મેં થોડા રેંટિયા અને તેમની પાસે બેઠેલા થોડા વિદ્યાર્થીઓ જોયા, પણ એ બધું તો મશ્કરી રૂપ હતું. માત્ર દેખાવ હતો. શિક્ષક કે વિદ્યાર્થીઓ કોઈને કાંતણનો કક્કો પણ આવડતો નહોતો, મેં મુખ્ય શિક્ષકને યોગ્ય સૂચનો આપી અને તેમને એ યોજના મુજબ કામ કરવાનું કબૂલ રાખ્યું છે. એક મહિનામાં તેઓ મને સંતોષકારક હેવાલ મોકલશે એવી હું આશા રાખું છું. મ્યુનિસિપાલિટીઓ ધારે તો ઘણું કરી શકે. તેઓ ખાદીકાર્યને એ કાર્ય તરીકે જ નહીં પણ, પોતાના લાભમાં આગળ ધપાવી શકે.

એ પછી તેમને રૂ. ૨૦૦૦ની થેલી અર્પણ કરવામાં આવી. જેનો સ્વીકાર કરતાં એમણે ટકોર કરી કે "સમસ્તીપુર પાસે આટલી રકમ મળવી જોઈતી નહોતી."[૫]

ચંપારણ સત્યાગ્રહના સ્મરણોને ગાંધીજીએ મોતીહારીની મુલાકાત દરમિયાન વાગોળ્યા હતા. ૨૨ જાન્યુઆરી, ૧૯૨૭ના રોજ ગાંધીજીએ મોતીહારીની મુલાકાત લીધી હતી. મોતીહારીની પ્રજા તરફથી પણ ગાંધીજીને ખાદી પર હિન્દીમાં છાપેલું અને અશોકસ્તંભના આકારની ચાંદીની પેટીમાં મૂકીને માનપત્ર આપવામાં આવ્યું હતું. તેના પ્રતિભાવમાં ગાંધીજીએ જિલ્લા બોર્ડના કાર્યાલય સામે ભરાયેલી સભામાં કહ્યું હતું,

"મોતીહારીમાં આવતાં મને પુરાણી વાતો યાદ આવે છે. એ સ્મરણો પવિત્ર છે. આ પ્રદેશ મારે માટે સાબરમતી જેવો જ છે, અહીં મારે માત્ર એક કલાક રોકાવાનું છે. આટલો સમય પૂરતો નથી. આ બધી વાત ઈશ્વરના હાથમાં છે. એક કલાક રોકાઉં કે વધારે, પણ મારે ત્રણ વાગ્યાની અથવા સવા ત્રણ વાગ્યાની ગાડીમાં જવું છે. તેથી લાંબો જવાબ નહીં આપી શકું. તમે મને માનપત્ર આપ્યું છે તે બદલ હું તમારો આભારી છું. તમારું માનપત્ર સ્મરણમાં રાખવા લાયક છે એમ હું માનું છું. તમે માનપત્રમાં તમારા કામકાજનું જે બયાન આપ્યું છે તે માટે તમને ધન્યવાદ આપું છું. માનપત્રની ભાષા માટે પણ હું તમારો આભાર માનું છું."[૬]

૨૩ ડિસેમ્બર મોતીહારીની મુલાકાત પૂર્વે ગાંધીજીએ ગયા, ઢાકા, સીતામઢી, પંડોળ, મધુબની, દરભંગા અને સમસ્તીપુરની મુલાકાત લીધી હતી. આ બધાં સ્થળો પરથી ગાંધીને મળેલ નાણાંની આધારભૂત વિગતો મળે છે. મહાદેવભાઈ દેસાઈ નવજીવનમાં તેનો ઉલ્લખ કર્યો છે. જેમાં સમસ્તીપુરમાં અર્પણ થયેલી થેલીની રકમ ૧૭૬૫ આપવામાં આવેલ છે.[૭] ઉઘરાણાની વિગતો આપ્યા પછી મહાદેવભાઈ દેસાઈ લખે છે,

**"અત્યાર સુધી ઉઘરાણા અને ખાદી વેચાણની જ મેં વાત કરી છે, કારણ કે એ જ આ મુલાકાતનો હેતુ હતો. સામાન્ય રીતે ખાદી અને અસ્પૃશ્યતા વિશે થોડું વિવેચન કરવું અને પછી ઉઘરાણાં કરવાં એ જ ગાંધીજીનું કામકાજ હોય છે. પણ કોઈક કોઈક સ્થળે ત્યાંના સંજોગોને લઈને ખાસ ઉદ્‌ગાર કાઢવા પડે છે. દાખલા તરીકે ઝરીયામાં મજૂરોની સમિતિ તરફથી જ્યારે એક સજ્જન અંગ્રેજીમાં માનપત્ર વાંચવા ઊભા થયા ત્યારે તેમને વાંચવાનું માંડી વાળવાની, અને પછી તેમ કરવાને માટે તેમનો આભાર માનવાની તથા હિંદીની અગત્ય વિશે બોલવાની જરૂર પડી હતી. ગયામાં પણ એમ જ થયું એટલે ત્યાં જરા વધારે વિવેચન કરવું પડ્યું. મ્યુનિસિપાલિટીના માનપત્રમાં તો "તમારો ખાદી અને અસ્પૃશ્યતાનો કાર્યક્રમ અમને સમજાતો નથી." એમ જણાવ્યું હતું. છતાં માનપત્ર શા સારુ આપ્યું હશે એ આશ્ચર્ય ગાંધીજીએ વ્યક્ત કર્યું. માનપત્રની નકલ પ્રથમથી મોકલાત તો ભલું થાત એમ જણાવ્યું."[૮]**

માનપત્રોના આવાં ખાટાં મીઠાં સંભારણાં, ગાંધીજીને અપાયેલાં માનપત્રોની ભાષા, તેના વિચારો અને ગાંધીજી પ્રત્યેનો આમ પ્રજાનો વિવેકને વ્યક્ત કરે છે.

---

૧. નવજીવન, સાપ્તાહિક, ૩૦ જાન્યુઆરી ૧૯૨૭, પૃ. ૧૭૬.

૨. ગાંધીજીની દિનવારી, પૃ. ૬૬૬

૩. બાબુ બ્રજકિશોર પ્રસાદ બિહારના અગ્ર સ્વાતંત્ર્ય સૈનિક અને ચંપારણ સત્યાગ્રહમાં ગાંધીજીના સાથી હતા.

૪. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૩૨, પૃ. ૪૯૩, ૪૯૪.

૫. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ભારતના રાષ્ટ્રપતિ. મહાત્મા ગાંધીજીના ચંપારણ સત્યાગ્રહમાં સ્વયંસેવક તરીકે તેઓ જોડાયા.

૬. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૩૩, પૃ. ૧,૨.

૭. નવજીવન, સાપ્તાહિક, ૩૦ જાન્યુઆરી, ૧૯૨૭, પૃ. ૧૭૧.

૮. એજન.

# ૬૬ દહેરાદૂનના રૈદાસીભાઈઓનું માનપત્ર

*वन्दे-मातरम*
*दहेरादून के रैदासी भाईओ की और से*
*श्री पूज्य महात्मा मोहनदास करमचंद गाँधी*
*की सेवा में*
*अभिनन्दन पत्र*

*हे भारतीय समूह के हृदय सम्राट ! संसार के सर्वश्रेष्ठ महापुरुष, दीन दुखियो के भ्राता ! अछूतों के समाधिकारी प्रदाता ! हम इस नगर के रैदासी भाई आज आनन्द, श्रद्धा और भक्ति पूर्ण हृदय से आपका स्वागत कर के अपने जीवन को सफल कर रहे है !*

*हे महापुरुष ! यधपि स्वार्थवश किये गए सामजिक व्यवहार तथा कुछ अपनी ही कर्म हीनता के कारन हम लोग आज अनपढ, गंवार, दुखी और मलिन हैं, तथा धन,मान, पद आदि सांसारिक सम्पदाओ और वैभवो से सर्वथा हीन है ! तथापि हम इस बात को भली प्रकार समजते और अनुभव करते है कि इस युग में रुषी दयानंद के प्रश्च्यात स्वर्गीय श्रद्धानंद जी प्रातः स्मरणीय वीर केसरी ला. लाजपतरायजी इत्यादि महानुभावोने जिस प्रकार हमारे सुधार, उद्धार का प्रयत्न किया ठीक उसी प्रकार उनके प्रस्च्यात आप भी हमारे रक्षक सुधारक तथा सामाजिक स्वत्व समर्थक है !*

*आप सदश विशाल हृदय महानुभावो के प्रभाव और उद्योग से अछूतोद्धार कौंग्रेस कार्यक्रम का एक अंग बन सके है ! और आप के आदेश से आज सहस्रो व्यक्ति हमारी उन्नत अवस्था में परिकर बध्ध है! जिस के परिणाम स्वरूप हम यहां भी अपनी सामाजिक दशा उन्नत करने में बहुतय सफल हो सके है, हमारे बालको की एक अच्छी संख्या जिले की भिन्न भिन्न पाठशालाओ में शिक्षा पा रही है ! हमें हर्ष है हम अपने अन्दर से मद्यपान आदि दुर्व्यसनो का परित्याग भी कर चुके है ! उच्च जाती के व्यक्तिओ के द्दष्टिकोण में भी बहुताय परिवर्तन हो गया है !*

*हम लोग प्रातः स्वदेशी वस्तुयो और वस्त्र का ही प्रयोग करते है, हमारे साधारणतः पारस्परिक जगडे अपनी ही जातियों ने निर्णित हो जाते है ! और विशेषतया हम लोग अपने ही जातीय व्यवसायों कृषि, मजदूरी आदि कार्य कर अपना जीवन निर्वाह करते है !*

*प्रभुवर ! आपने देश को स्वतंत्र कर के उसे सुख सम्पदापूर्ण बनाने के लिये पवित्र अहिंसात्मक असहयोग की रचना की है, हम सब प्रकार अबोध और अयोग्य होते हुए भी उसमे किस प्रकार योग दे सकते है ? हम निर्धन अशक्त होते हुअे भी माँ को बन्धन रहित करने में किस विधि आपका हाथ बंटा सकते है ? आज हमें यही उपदेश दीजिये ! हमें यह भली प्रकार विदित है कि जहाँ एक ओर देश की आप जैसी सच्ची आत्मा राष्ट्र के एक आवश्यक यत्न को पुष्ट बनाने में प्रबध्ध है, वहां दूसरी और कुछ स्वार्थी, विवेक शून्य जन, देश, जाती शत्रुओ की*

● वन्दे-मातरम् ●

# देहरादून के रैदासी भाइयों

की ओर से

## श्री पूज्य महात्मा मोहनदास करमचंद गांधी

की सेवा में

# अभिनन्दन पत्र।

हे भारतीयजन समूह के हृदय सम्राट ! संसार के सर्व श्रेष्ठ महापुरुष, दीन दुखियों के त्राता ! अछूतों के समाधिकार प्रदाता ! हम इस नगर के रैदास भाई आज आनन्द, श्रद्धा और भक्ति पूर्ण हृदय से आपका स्वागत करके अपने जीवन को सफल कर रहे हैं।

हे महापुरुष ! यद्यपि स्वार्थवश किये गये सामाजिक व्यवहारों तथा कुछ अपनी ही कर्म हीनता के कारण हम लोग आज अनपढ़, गंवार, दुखी और मलीन हैं, तथा धन, मान, पद आदि सांसारिक सम्पदाओं के अंशों से सर्वथा हीन हैं। तथापि हम इस बात को भली प्रकार समझते और अनुभव करते हैं कि इस युग में ऋषि दयानन्द के पश्चात स्वर्गीय स्वामी श्रद्धानन्द जी, प्रातः स्मरणीय, वीर केसरी ला० लाजपतराय जी इत्यादि महानुभावों ने जिस प्रकार हमारे सुधार, उद्धार का प्रयत्न किया ठीक उसी प्रकार उनके पश्चात् आप भी हमारे रक्षक, सुधारक, उद्धारक तथा सामाजिक स्वत्व समर्थक हैं।

आप सदृश विशाल हृदय महानुभावों के प्रभाव और उद्योग से अछूतोद्धार कांग्रेस कार्य-क्रम का एक विशेष अङ्ग बन सका है। और आपके ही आदेश से आज सहस्रों व्यक्ति हमारी उन्नत अवस्था बनाने में कटिबद्ध हैं। जिसके परिणाम स्वरूप हम यहां भी अपनी सामाजिक दशा उन्नत करने में बहुतांश सफल हो सके हैं। हमारे बालकों की एक अच्छी संख्या इस जिले की भिन्न २ पाठशालाओं में शिक्षा प्राप्त कर रही है। हमें हर्ष है हम अपने अन्दर से मद्यपान आदि दुर्व्यसनों का परित्याग भी कर चुके हैं। उच्च जाति के व्यक्तियों के दृष्टिकोण में भी बहुतांश परिवर्तन हो गया है।

हम लोग प्रायः स्वदेशी वस्तुओं और वस्त्रों का ही प्रयोग करते हैं, हमारे साधारणतयः पारस्परिक झगड़े अपनी ही पंचायतों में निर्णीत हो जाते हैं। और विशेषतया हम लोग अपने ही जातीय व्यवसायों कृषि, मजदूरी आदि कार्य कर अपना जीवन निर्वाह करते हैं।

प्रभुवर ! आपने देश को स्वतन्त्र करके उसे सुख सम्पदा पूर्ण बनाने के लिए जिस पवित्र अहिंसात्मक असहयोग की रचना की है, हम सब प्रकार अबोध और अयोग्य होते हुए भी उसमें किस प्रकार योग दे सकते हैं ? हम निर्धन अशक्त होते हुए भी मां को बन्धन रहित करने में किस विधि आपका हाथ बंटा सकते हैं ? आज हमें यही उपदेश दीजिए। हमें यह भली प्रकार विदित है कि जहां एक ओर देश की आप जैसी सभी आत्माएं राष्ट्र के एक आवश्यकीय अङ्ग को पुष्ट बनाने में सन्नद्ध हैं, वहां दूसरी ओर कुछ स्वार्थी, विवेक शून्य जन, देश, जाति शत्रुओं की प्रेरणा और प्रलोभन से हम लोगों को विशाल हिन्दु जाति और प्यारी मातृ भूमि के राष्ट्रीय संगठन से "आद हिन्दु" आन्दोलन द्वारा पृथक रखने का उपदेश करते हैं। हम उनकी इस चाल, नीचभावनाओं को भली प्रकार समझते हैं, आपके समक्ष हम शुद्ध हृदय से प्रतिज्ञा करते हैं और राष्ट्र को विश्वास दिलाते हैं कि हमारी जाति का कोई भी व्यक्ति ऐसे जाति, देशद्रोहियों के नीच षड्यन्त्रों का साधन न बनेगा। क्योंकि हमारा यह दृढ़ विश्वास है कि पराधीन भारत के पूर्ण स्वाधीन होने पर ही हम लोग नित्य की, दीनता, दरिद्रता, दुर्भिक्ष, अशिक्षा आदि आपदाओं से मुक्ति लाभ कर सर्व सुख, शान्ति और सम्मान युक्त जीवन का उपभोग कर सकेंगे।

हे पवित्र आत्मा ! आज आपके दर्शन करके, आपके चरणों में बैठकर, आपका पवित्र उपदेश श्रवण करके निस्सन्देह हम अपने जीवन में भारी परिवर्तन करने में समर्थ हो सकेंगे।

हे महापुरुष ! हम आनन्द पूर्ण हृदय से सादर, सप्रेम आपका अभिवादन करते हैं।

हम हैं

**आपके देहरादून के रैदासी भाई**

प्रेरणा और प्रलोभन से हम लोगो को विशाल हित हिन्दू जाती और प्यारी मातृभूमि के राष्ट्रीय संगठन में "आदि हिन्दू" आन्दोलन द्वारा पृथक रखने का उपदेश करते है । हम उनकी इस चाल, नीची भावनाओ के भली प्रकार समजते है, आप के समक्ष हम शुद्धहृदय से प्रतिज्ञा करते है और राष्ट्र को विश्वास दिलाते है कि हमारी जाती का कोई भी व्यक्ति अैसे जाती, देशद्रोहीओ के नीच षड्यंत्रो का साधन न बनेगा । क्योंकि हमारा यह दृढ विश्वास है कि पराधीन भारत के पूर्ण स्वाधीन होने पर ही हम लोग नित्य की दीनता, दरिद्रता, दुर्मित, अशिक्षा आदि आपदाओ से मुक्ति लाभ कर सच्चे सुख, शांति और सन्मान युक्त जीवन का उपभोग कर सकेंगे ।

हे पवित्र आत्मा, आज आप के दर्शन कर के आपके चरणों में बेठ कर, आप का पवित्र उपदेश श्रवण कर के निःसन्देह हम अपने जीवन में भरी परिवर्तन करने में समर्थ हो सकेंगे ।

हे महापुरुष, हम आनन्द पूर्ण हृदय से सादर, सप्रेम आपका अभिवादन करते है ।

हम है

आपके दहेरादून के रैदासी भाई

केरा टाइम्सप्रेस, देहरादून

## દહેરાદૂનના રૈદાસી ભાઈઓ તરફથી
## શ્રી પૂજ્ય મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીની સેવામાં
## અભિનન્દન પત્ર

હે ભારતીય પ્રજાના સમ્રાટ, વિશ્વના સર્વ શ્રેષ્ઠ મહાપુરુષ, દીનદુખિયોના મિત્ર, અછૂતોના સમાન અધિકારના હિમાયતી. અમે આ શહેરના રૈદાસી ભાઈઓ આજે આનંદ, શ્રદ્ધા અને ભક્તિપૂર્વક આપનું સ્વાગત કરી જીવનને ધન્ય કરી રહ્યા છીએ.

હે મહાપુરુષ, અમે અનાયાસે કરેલ સ્વાર્થી સામાજિક વ્યવહાર અને અનેક અધમ કાર્યોને કારણે આજે અભણ, અજ્ઞાની, દુઃખી અને પછાત છીએ, તથા ધન, માન, પદ વગેરે સંપદાઓ અને વૈભવથી વંચિત છીએ. છતાં અમે એક વાત સારી રીતે જાણીએ છીએ કે આ યુગમાં ઋષિ દયાનંદ પછી સ્વર્ગીય શ્રદ્ધાનંદજી, પ્રાતઃ સ્મરણીય વીર કેસરી લાલ લાજપત રાય વગેરે મહાનુભાવોએ જે રીતે અમને સુધારી અમારો ઉદ્ધાર કરવા પ્રયાસ કર્યો છે, એ જ રીતે તેમના પછી આપ પણ અમારા સુધારક અને સામાજિક સમાનતાના સમર્થક બન્યા છો.

આપના વિશાલ હૃદય અને પ્રયાસોને કારણે અછૂતોદ્ધાર કૉંગ્રેસના કાર્યક્રમનો એક મહત્ત્વનો ઉદ્દેશ બન્યો છે. અને આપના આદેશથી જ આજે અનેક લોકો અમારી અમારાં બાળકો ઉન્નતિ અર્થે કટિબદ્ધ બન્યા છે. અમારાં બાળકો બહોળી સંખ્યામાં જિલ્લાની જુદી જુદી શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. અમને આનંદ એ પણ છે કે અમે દારૂ અને અન્ય વ્યસનોનો ત્યાગ કર્યો છે. જેથી ઉચ્ચ જાતિના અમારા પ્રત્યેના વ્યવહારમાં પરિવર્તન આવ્યું છે.

અમે સ્વદેશી વસ્તુ અને વસ્ત્રોનો ઉપયોગ કરીએ છીએ. અમારા આંતરિક ઝગડાઓનો નિકાલ પણ અમે અમારી જાતિમાં જ કરીએ છીએ. અમે અમારી જાતીના વ્યવસાય ખેતી અને મજૂરી દ્વારા

*જીવનનિર્વાહ કરીએ છીએ.*

*પ્રભુવર, આપે દેશને સ્વતંત્ર કરી, તેને સુખી-સમૃદ્ધ બનાવવા માટે જે પવિત્ર અહિંસક અસહકાર આંદોલન કર્યું છે, અમે બધા અબોધ અને અજ્ઞાની તેમાં આપને કઈ રીતે સહયોગ આપી શકીએ ? અમે નિર્ધન અને અસમર્થ હોવા છતાં ભારત માતાને મુક્ત કરવા કઈ રીતે આપને મદદ કરી શકીએ ? આજે આપ અમને એ જ ઉપદેશ આપો. અમે એ બરાબર જાણીએ છીએ કે એક બાજુ આપ જેવી પવિત્ર આત્મા દેશની આઝાદી માટે સક્રિય છે, જ્યારે બીજી બાજુ કેટલાક સ્વાર્થી, વિવેકશૂન્ય લોકો, દેશ અને જાતિના શત્રુઓની પ્રેરણા અને પ્રલોભનથી અમને વિશાળ હિંદુ જાતિ અને માતૃભૂમિના રાષ્ટ્રીય સંગઠનમાં "આદિ હિન્દુ" આંદોલનદ્વારા અમને આપથી અલગ કરવાનો ઉપદેશ આપી રહ્યા છે. અમે તેમની આ ચાલ અને નીચ ભાવનાઓને સારી રીતે ઓળખીએ છીએ. આપ સમક્ષ અમે શુદ્ધ હૃદયથી પ્રતિજ્ઞા લઈએ છીએ, રાષ્ટ્રને વિશ્વાસપૂર્વક કહીએ છીએ એ કે અમારી જાતિનો એક પણ માણસ આવા દેશદ્રોહના નીચ ષડ્યંત્રનો હાથો બનશે નહિ. કારણ કે અમને દૃઢ વિશ્વાસ છે કે પરાધીન ભારત સ્વતંત્ર થતાં જ, દીનતા, દરિદ્રતા, અશિક્ષા વગેરેમાંથી મુક્ત થઈ અમે સાચું સુખ, શાંતિ અને સન્માનયુક્ત જીવન પ્રાપ્ત કરી શકીશું.*

*હે પવિત્ર આત્મા, આજે આપનાં દર્શન કરીને, આપનાં ચરણોમાં બેસીને, આપના ઉપદેશને સાંભળીને ચોક્કસ અમે અમારા જીવનમાં આમૂલ પરિવર્તન કરવા સમર્થ બનીશું.*

*હે મહાપુરુષ, અમે સહર્ષ, હૃદયપૂર્વક સાદર, પ્રેમથી આપનું અભિવાદન કરીએ છીએ.*

*અમે*

*આપના દહેરાદૂનના રૈદાસી ભાઈઓ*

*કેરાયઈમ્સ પ્રેસ, દેહરાદૂન*

ગાંધીજીએ દહેરાદૂનની મુલાકાત જીવનમાં બે વાર લીધી હતી. પ્રથમ સંયુક્ત પ્રાંતની મુલાકાત દરમિયાન ૨૨,૨૩ માર્ચ ૧૯૧૬ના રોજ તેઓ દહેરાદૂન આવ્યા હતા. જ્યારે બીજી વાર પણ સંયુક્ત પ્રાંતની મુલાકાત દરમિયાન ૧૬ ઑક્ટોબર ૧૯૨૯ના રોજ તેમણે દહેરાદૂનની મુલાકાત લીધી હતી.[૧] ગાંધીજીની ૧૬ ઑક્ટોબરની દહેરાદૂનની મુલાકાત દરમિયાન ગાંધીજી ભરચક કાર્યક્રમોથી ઘેરાયેલા હતા. ૧૬મીના રોજ તેમણે રાજકીય પરિષદમાં હાજરી આપી હતી. જેના પ્રમુખ પુરુષોત્તમ ટંડન[૨] હતા. એ પછી શ્રદ્ધાનંદ અબલાશ્રમના મકાનનો પાયો તેમના હસ્તે નાખવામાં આવ્યો. સંયુક્ત પ્રાંતની મુલાકાત દરમિયાન, યુનિયન બોર્ડ, જિલ્લા બોર્ડ, મ્યુનિસિપાલિટી, શિવાજી દળ, મિશન સ્કૂલ અને અકાલી દળ તરફથી તેમને માનપત્રો આપવામાં આવ્યા હતા. ગાંધીજીએ સ્ત્રીઓ અને અંત્યજોની સભાઓમાં હાજરી આપી હતી. ૧૭ના રોજ તેમણે કન્યા ગુરુકુળની મુલાકાત લીધી હતી. એ પછી તેઓ રાજપુર ગયા હતા. ત્યાં તેમને આરોગ્યભુવનના સ્થાપક સ્વ. કેશવ શાસ્ત્રીની છબીનું અનાવરણ કર્યું હતું. તથા ત્યાં વૃક્ષારોપણ કર્યું હતું. ત્યાંથી તેઓ મસૂરી જવા નીકળ્યા હતા.[૩]

આ વખતની ગાંધીજીનો સંયુક્ત પ્રાંતની મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ લાલા લજપતરાય મેમોરિયલ, સંયુક્ત પ્રાંત રાષ્ટ્ર સેવા અને ખાદી માટે ફાળો ઉઘરાવવાનો હતો. પરિણામે ફાળાની થેલીઓ સાથે ગાંધીજીએ તેમને મળેલ માનપત્રના વેચાણ દ્વારા પણ રકમ એકત્રિત કરી હતી. જેમ કે દહેરાદૂનમાં તેમને મળેલ માનપત્રો

દ.આ.વે. વિદ્યાલયનું માનપત્ર રૂ. ૬૩, જિલ્લા બોર્ડનું માનપત્ર રૂ. ૧૫, મ્યુનિસિપાલિટીનું માનપત્ર રૂ.૨૫, શિવાજી દળનું માનપત્ર રૂ. ૩૨, મિશન સ્કૂલનું માનપત્ર રૂ.૫ અને અકાલી દળનું માનપત્ર રૂ. ૮માં તેમણે વેચીને ફાળો કર્યો હતો.[૪]

દહેરાદૂનમાં તેમને રૈદાસી ભાઈઓ તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં તારીખ આપવામાં આવી નથી. આપણે અત્રે એ માનપત્રની ચર્ચા કરીશું. રૈદાસી ભાઈઓ મૂળે મધ્યકાલીન યુગના જાણીતા સંત રૈદાસના વંશજો હતા. રૈદાસના નામથી જાણીતા સંત રવિદાસનો જન્મ ૧૩૮૮માં બનારસમાં થયો હતો. રૈદાસ અને કબીર સમકાલીન હતા. બંને એક જ ગુરુ રામાનંદના શિષ્ય હતા. મૂર્તિપૂજા, તીર્થયાત્રા જેવી ધાર્મિક ક્રિયાઓમાં તેમને વિશ્વાસ ન હતો. તેઓ વ્યક્તિની આંતરિક ભાવનાઓ અને પારસ્પરિક ભાઈચારાને જ સાચો ધર્મ માનતા હતા. રૈદાસે તેમની રચનાઓમાં સરળ વ્યવહારિક વ્રજભાષાનો ઉપયોગ કર્યો છે. જેમાં અવધી, રાજસ્થાની, ખડી બોલી, અને ઉર્દૂ-ફારસી ભાષાનું મિશ્રણ જોવા મળે છે. રૈદાસને ઉપમા અને અલંકારો પ્રત્યે વિશેષ પ્રેમ હતો. કહેવાય છે કે મીરાના ગુરુ રૈદાસ હતા.[૫] માનપત્ર સરળ હિંદી ભાષામાં કેરાટાઈમ્સ પ્રેસ, દહેરાદૂનમાં છાપીને આપવામાં આવ્યું છે. તેના પ્રથમ પેરાગ્રાફમાં ગાંધીજીનું ભાવસભર સ્વાગત કરવામાં આવેલ છે. જ્યારે પેરા બે, ત્રણ અને ચારમાં રૈદાસી સમાજની દરિદ્ર સ્થિતિ અને દયાનંદ, શ્રદ્ધાનંદ, લાલા લજપતરાય અને ગાંધીજી દ્વારા તેના ઉદ્ધારના પ્રયાસોની સરાહના કરવામાં આવી છે. રૈદાસી સમાજમાં શિક્ષણ અને સ્વદેશી વસ્ત્રોના પ્રચારનો પણ ઉલ્લેખ તેમાં જોવા મળે છે. પાંચમાં પેરેગ્રાફમાં ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યનો નિર્દેશ જોવા મળે છે. એ સમયે "આદિ હિન્દુ"ના નામે પછાત સમાજોને બહેકાવી સ્વાતંત્ર્યસંગ્રામની લડતથી અલિપ્ત કરવાના થતા પ્રયાસોનો ઉલ્લેખ છે. જે એ યુગમાં પણ સક્રિય એવી જટિલ વિચારધારા તરફ આપણું ધ્યાન દોરે છે. આ માનપત્ર અંગે મહાદેવભાઈ દેસાઈ લખે છે,

**"કહેવાતા અસ્પૃશ્ય લોકોની પણ એક સભા ત્યાં ભરાઈ હતી. આ ભાઈઓ પ્રખ્યાતસંત રૈદાસ ઉપરથી રૈદાસી તરીકે ઓળખાય છે. મૂળ ધંધો તેમનો મજૂરીનો હતો, પણ હવે ચૂનાની ભઠ્ઠીઓ ચલાવે છે. તેમણે લાલાજી સ્મારક માટે થેલી ભેટ આપી. એ સ્વાભાવિક હતું, કારણ કે લાલાજીના માણસોએ તેમની ઘણી સેવા કરી છે. ગાંધીજીએ તેમને પોતાનો ઉદ્ધાર કરવો હોય તો પોતાના સમાજમાં ઉગ્ર રીતે સુધારા કરીને કરી શકશે એમ સલાહ આપી. ચોધરી બિહારીલાલ દહેરાદૂન યુનિયન બોર્ડમાં તેમના પ્રતિનિધિ તરીકે છે. પોતે અસ્પૃશ્ય કહેવાતા વર્ગમાંના છે અને ઍંગ્લો-વૈદિક કૉલેજમાં તેમણે શિક્ષણ લીધું છે. તેમનામાં અને બીજા કોઈ પણ શિક્ષિત નવયુવકમાં ફેર જણાતો નથી. ગાંધીજીને પહેલેથી ખબર ન હોત તો આ ભાઈ ચમાર જ્ઞાતિના છે એની કલ્પના પણ તેમને મનમાંય ન આવત."[૬]**

ગાંધીજીની દહેરાદૂનની મુલાકાત અંગે મહાદેવભાઈ દેસાઈએ દહેરાદૂનનું જે ચિત્ર આપ્યું છે તે પણ એ યુગના દહેરાદૂનને જાણવા માટે જરૂરી છે. તેઓ લખે છે,

**"દહેરાદૂન ઘણી મુદતથી યુરોપિયન લોકોના આરોગ્યનું સ્થાન છે. ત્રણ હજાર ફૂટની ઊંચાઈ ઉપર ડુંગરમાં શ્રેષ્ઠ અને પ્રખ્યાત સુંદર માસૂરીગિરિની તળેટીમાં તે વસેલ છે. આજકાલ હિન્દુસ્તાનનો શ્રીમંત વર્ગ પણ અહીં આકર્ષાવા લાગ્યો છે. એટલે કેટલીક શિક્ષણ સંસ્થાઓ પણ અહીંયાં સ્થપાઈ છે. લશ્કરી તાલીમ માટે પણ એક શાળા અહીંયાં છે, જેને નીતિનિપુણ ભાષામાં હિન્દુસ્તાનનું "સેન્ડ હસ્ટર" નામ અપાયું છે. જોકે તેણે આ નામ આપવું એ ભાષાનો દુરુપયોગ જ ગણાય. તે ઉપરાંત કેટલીયે નિશાળોમાં કેમ્બ્રિજ સિનિયરની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. અહીંની પ્રસિદ્ધ ઍંગ્લો-વૈદિક કૉલેજની સ્થાપના ૧૯૦૪માં થઈ હતી. સ્વ. ઠાકુર પૂનમસિંહજી નેગીએ તેને આપને અઢી લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. તેમાં એક કન્યા ગુરુકુળ પણ છે. તે ઉપરાંત કાંગડી**

ગુરુકુળની શાખા તરીકે અહીંયાં એક કન્યાગુરુકુળ પણ છે. તે શ્રીમતી વિદ્યાવતી ઘણી અગવડો વેઠી ચલાવે છે."

ગાંધીજીની દેહરાદુનની મુલાકાત અંગે મહાદેવભાઈ લખે છે,

"ગાંધીજી દહેરાદૂન પહોંચ્યા ત્યારે ત્યાં શ્રી પુરુષોત્તમ ટંડનના પ્રમુખપણા નીચે રાજકીય પરિષદ ચાલતી હતી. એટલે સૌ પહેલા સીધા ગાંધીજી ત્યાં જ પહોંચ્યા. દહેરાદૂનમાં એક જ દિવસ ગાંધીજીનો મુકામ હતો. એટલે ત્યાંનો કાર્યક્રમ સંગીન થઈ પડ્યો. એનો આરંભ એક વિશાળ ચોગાનમાં શ્રી શ્રદ્ધાનંદ અબલા આશ્રમનો પાયો નાખવાની ક્રિયાથી થયો. આ પાયો નાખતા ગાંધીજીએ પોતાના ભાષણમાં આવી સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર કૌટુંબિક ભાવના કેળવવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો, અને આવી સંસ્થાઓના ગૃહપતિએ વિદ્યાર્થીનાં માતાપિતા થવાની લાયકાત મેળવવી જોઈએ એવી સૂચના કરતાં ઉમેર્યું કે આવા આશ્રમોના પાયા ઈંટ અને ચૂનાથી નંખાતા નથી, પણ આવી જાતના ગૃહપતિ મેળવવાથી નંખાય છે. એ આશ્રમવાસીઓના મા, બાપ, મિત્ર અમે માર્ગદર્શક થઈને તેમની સાથે રહે અને જમે. પછી ત્યાં એકથી થયેલી સ્ત્રીઓને સંબોધીને તેમણે કહ્યું કે જો સ્વ. શ્રદ્ધાનંદજી પ્રત્યે સાચે જ પૂજ્યભાવ ધરાવતા હો તો આ સંસ્થા માટે એક એવી સ્ત્રી તમે મેળવી આપશો જે બાળકોની ખરેખર માતા થાય.

ઍંગ્લો-વૈદિક કૉલેજના વિદ્યાર્થીઓએ ૫૦૦ રૂપિયાની થેલી અને માનપત્ર આપ્યા હતા. એ માનપત્રનો ઉત્તર આપતા ગાંધીજીએ તેમને ચીનના વિદ્યાર્થીઓ જેમ ગામેગામ જઈ ત્યાં ખેડૂત છોકરાઓને તથા તેમના મોટેરાઓને રાષ્ટ્રીય શિક્ષણ આપવાની સલાહ આપી અને આ કામ ગ્રીષ્મઋતુની લાંબી રજા દરમિયાન તેઓ સારી રીતે કરી શકે એમ કહ્યું.'[૭]

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૬૨૧

૨. પુરુષોત્તમ દસ ટંડન (૧૮૮૨-૧૯૬૨) ગાંધીજીના પ્રખર અનુયાયી હતા. હિન્દીને ભારતની રાષ્ટ્ર ભાષા તરીકે પ્રતિષ્ઠિત કરવામાં તેમનો ફાળો મહત્ત્વપૂર્ણ હતો. તેઓ રાષ્ટ્રીય આંદોલનના અગ્ર નેતા, કર્મઠ પત્રકાર, કવિ, તેજસ્વી વક્તા અને ઉત્તમ સમાજસુધારક હતા. ૧૯૬૧માં તેમને ભારત વર્ષનું સર્વોચ્ચ રાજકીય સન્માન "ભારતરત્ન" એનાયત કરવામાં આવ્યું હતું.

૩. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૧,૨૬૨.

૪. નવજીવન,૩ નવેમ્બર ૧૯૨૯, પૃ ૭૮

૫. https://en.wikipedia.org/wiki/Ravidas

૬. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ-૪૨,પૃ. ૭૧.

૭. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ-૪૨,પૃ. ૭૦,૭૧.

# મેરઠની મહિલાઓનું માનપત્ર

## *वंदे मातरम नर श्रेष्ठ महात्मा गांधी जी की सेवा में सादर समर्पित*

*हे नर पुंगव !*

*आप का गुणगान कैसे करें ? जिसने क्रांति रहित अस्त भारत गौरव रवि को पुनः स्वतेजोमय आभा से प्रतिभावन बना दिया हो, जिसने धूलि-धूसरित, दुखिया, अछूता निर्धनता को हृदयगम्य कर मोहिनी लक्ष्मी तथा गुणाकारा सरस्वती जैसी रमणीय स्त्रियों से भी अधिक चित आकर्षक और गौरवमई पद प्रदान किया हो तथा जिसने पर हितार्थ अनादर, अपमान और आपत्ति का बार-बार स्वागत कर अपने सत्संग की सुगंधित से उनकी संपूर्ण स्वाभाविक दुर्गन्ध का विनाश कर अैसा सुचारू उन्नति शील रूप दे दिया हो कि जिस के सहवास को आज सभी सत्य मार्ग पथिक अपने अस्तित्व का चरम गौरव जीवन का अेकमात्र उद्देश्य तथा पुरुषार्थ की परम पराकाष्ठा समझने लगे हैं !*

*हे महामती महात्मा !*

*आपके अुत अहिंसात्मक आंदोलन ने जो अलौकिक स्फूर्ति हमारे देश की आबालवृध्ध में संचारित कर हमें निर्भय अेवं अेवं निष्काम होकर कर्म निरत होने का मार्ग दिखाया है । अेक वृहदाकार नौकरशाही से शासित होने के कारण जो मानसिक दासत्व और नैराश्य का मेघ मंडल हमारी मनो कल्पना तक को पक्ष रहित किअे हुअे था, उसे छिन्न-भिन्न कर तेज पुंज तेजो राशि आत्म स्थित शूलपानी प्रिया दुर्गा शाह महाबल शालिनी मां शक्ति का सार्थक दर्शन करा कर महा मई आशा का उद्घाटन आपने हमारे ह्दय में किया है उसका वर्णन हमारी अनाधिकार नी अल्पना मति के लिअे असंगत, असंभव तथा अनावश्यक है चिंता शील विद्वान उसका मनन कर रहे हैं संसार उसका कीर्तन कर रहा है इतिहास उसकी आरती उतार रहे हैं ।*

*महात्मान ! पददलित नारी जाति को जिनको की देश सेवा, देश प्रेम का स्वल्प मात्र भी ज्ञान नहीं, आप ही आश्वासन दे, देश की उन्नति की बागडोर उठाने में, सहायक बना सकते हैं, मेरठ महिला मंडल आपके सामने, समुपस्थित है । जहां आपको श्रद्धा का समुद्र उमड । हुआ द्दष्टिगोचर हो रहा है वहां त्रुटियों की भी कमी नहीं. खेद से कहना पड ता है कि जितनी अधिक संख्या खदर धारण करने वाले पुरुषों की है इतनी स्त्रियों की नहीं । अधिक से अधिक जिनमे खबर धारण करने वाली महिला कहना चाहिअे पचास से अधिक न मिलेगी । पर्दा की चार दीवार के अंदर बंद रहने वाली बहनों की भी कमी नहीं. यही कारण है कि राजनीतिक जुलूस में सम्मिलित होने वाली महिलाओं की संख्या बीस से अधिक नहीं होती उसका अेक कारण यह है यह भी है कि पुरुष महिलाओं को राष्ट्रीय सेवा के लिअे स्वतंत्रता नहीं देते ।*

*अभी हाल ही में कुछ विचार शील महिलाओं ने "महिला सभा" स्थापित की है. जिसका उद्देश्य स्त्रियों को सामाजिक सुधार तथा राष्ट्रीय सेवा के लिअे तैयार करना है । "महिला सभा"*

* वन्देमातरम् *

# नर श्रेष्ठ महात्मा गांधी जी की सेवा में सादर समर्पित

हे नर पुङ्गव !

आपका गुणानुवाद कैसे करें ? जिसने कान्ति रहित अस्त भारत गौरव रवि को पुनः स्वतेजोमय आभा से प्रतिभावान बना दिया हो, जिसने धूलि-धूसरित, दुखिया, अछूता निर्धनता को हृदयङ्गम कर मोहिनी लक्ष्मी तथा गुणाकरा सरस्वती जैसे रमणी-रत्नों से भी अधिक चित्ताकर्षक और गौरवमय पद प्रदान किया हो; तथा जिसने परहितार्थ अनादर, अपमान और आपत्ति का बार बार स्वागत कर अपने सत्सङ्ग की सुगन्धि से उनकी सम्पूर्ण स्वाभाविक दुर्गन्धि का विनाश कर ऐसा सुचारु उन्नति-शील कर दे दिया हो कि जिनके सहवास को आज सभी सत्य मार्ग पथिक अपने अस्तित्व का चरम-गौरव, जीवन का एकमात्र उद्देश्य तथा पुरुषार्थ की परम पराकाष्ठा समझने लगे हैं।

हे महामति महात्मन् !

आपके अद्भुत अहिंसात्मक आन्दोलन ने जो अलौकिक स्फूर्ति हमारे देश के आबालवृद्ध में सञ्चारित कर हमें निर्भय एवं निष्काम होकर कर्म-निरत होने का मार्ग दिखाया है। एक वृहदाकार नौकरशाही से शासित होने के कारण जो मानसिक दासत्व और नैराश्य का कृष्ण मेघ-मण्डल हमारी मनो-कल्पना तक को पक्ष रहित किये हुये था, उसे छिन्न-भिन्न कर तेज-पुञ्ज तेजो-राशि आत्मस्थित शूल पाणि प्रिया सम दुर्धर्षा महा-बल-शालिनी महाशक्ति का सार्थक दर्शन करा कर जिस मङ्गलमयी आशा का उद्घाटन आपने, हमारे हृदय में किया है; उसका वर्णन, हमारी अनाधिकारिणी अल्पज्ञा मति के लिये असङ्गत, असम्भव तथा अनावश्यक है। चिन्ता-शील विद्वान् उसका मनन कर रहे हैं, संसार उसका कीर्तन कर रहा है, इतिहासज्ञ उसकी आरती उतार रहे हैं।

महात्मन् ! पद-दलित नारी जाति को, जिन को कि देश सेवा, देश प्रेम का स्वल्पमात्र भी ज्ञान नहीं, आप ही आश्वासन दे, देश की उन्नति की बाग-डोर उठाने में, सहायक बना सकते हैं। मेरठ-महिला मण्डल आपके सामने, समुपस्थित है। जहाँ आपकी श्रद्धा का समुद्र उमड़ा हुआ दृष्टि-गोचर हो रहा है वहां त्रुटियों की भी कमी नहीं। खेद से कहना पड़ता है जितनी अधिक संख्या खद्दर धारण करने वाले पुरुषों की है इतनी स्त्रियों की नहीं। अधिक से अधिक जिन्हें खद्दर धारण करने वाली महिला कहना चाहिये पचास से अधिक न मिलेंगी। पर्दा की चार दिवारी के अन्दर बन्द रहने वाली, बहिनों की भी कमी नहीं। यही कारण है कि राजनैतिक जलूसों में सम्मिलित होने वाली महिलाओं की संख्या बीस से अधिक नहीं होती। उसका एक कारण यह भी है कि पुरुष, महिलाओं को राष्ट्रीय सेवा के लिये स्वतन्त्रता नहीं देते।

अभी हाल ही में कुछ विचार-शीला महिलाओं ने "महिला सभा" स्थापित की है। जिसका उद्देश्य स्त्रियों को सामाजिक सुधार तथा राष्ट्रीय सेवा के लिये तैयार करना है। "महिला सभा" यथा सामर्थ्य प्रयत्न कर रही है कि वह स्त्रियों में—खादी का पर्याप्त प्रचार करे। सभा के अधिवेशनों में चर्खे भी काते जाते हैं।

महात्मा जी ! इस निविड़ अन्धकार में फंसी नारी जाति की नाव को, आप ही पार लगाने वाले हैं। आप ही की कृपा कोर से, समस्त भारत का पुरुष-समाज तथा नारी-समाज, स्वराज्य की स्वर्गीय आशा को पूर्ण करने की इच्छा तथा साहस रखता है।

हे दीन हितचिन्तक ! आप ही इस दुखिया अबला परवशा मातृभूमि की मान रक्षा का भार ग्रहण कर सकते हैं और अज्ञान तथा दारिद्र से आक्रान्त इस अशान्त देश को शान्ति दे सकते हैं।

२८ ઑક્ટો. १९२९

हम हैं आपकी कृपाकांक्षी—
मेरठ की महिलायें

[illegible] प्रिंटिंग प्रेस मेरठ

यथा सामर्थ्य प्रयत्न कर रही है कि स्त्रियों में खादी का पर्याप्त प्रचार करें । सभा के अधिवेशनो में चरखे भी कांते जाते हैं ।

महात्मा जी ! निबट अंधकार में फंसी नारी जाति की नाव को आप ही पार लगाने वाले हैं आप ही की कृपा कोर से, समस्त भारत का पुरुष जगत तथा नारी जगत स्वराज की स्वर्गीय आशा को पूर्ण करने की इच्छा तथा साहस रखता है ।

हे दिनहित चिंतक ! आप ही इस दुखिया जर्ज परवश मातृभूमि की रक्षा का भार ग्रहण कर सकते हैं और अज्ञान तथा दरिद्र से आक्रान्त इस अशांत देश को शांति दे सकते हैं ।

२८ ओक्टोबर १९२१

हम है आपकी कृपापात्रा

मेरठ की महिलाये

## નરશ્રેષ્ઠ મહાત્મા ગાંધીજીની સેવામાં સાદર સમર્પિત

હે નર પુંગવ,

આપનું ગુણ ગૌરવ કેવી રીતે કરીએ ! જેમણે ધૂલિ-ધૂસરિત, દુઃખી, અછૂતા નિર્ધનતાને હૃદયંગમ કરીને મોહિની લક્ષ્મી તથા ગુણાકર સરસ્વતી જેવી રમણીથી પણ અધિક ચિત્તાકર્ષક અને ગૌરવમય પદ પ્રદાન કર્યું હોય તથા જેણે પરહિતાર્થે અનાદર, અપમાન અને આપત્તિનું વારંવાર સ્વાગત કરીને પોતાના સત્સંગની સુગંધથી તેમને સંપૂર્ણ સ્વાભાવિક દુર્ગંધનો વિનાશ કરીને એવું સુચારૂ ઉન્નતિશીલ રૂપ લઈ લીધું કે જેના સહવાસને આજે સર્વ સત્ય માર્ગ પથિક પોતાના અસ્તિત્વનું ચરમ ગૌરવ, જીવનનો એક માત્ર ઉદેશ્ય તથા પુરુષાર્થની પરમ પરાકાષ્ઠા સમજવા લાગ્યા છે.

હે મહામતિ મહાત્માન,

આપના અદ્‌ભુત અહિંસાત્મક આંદોલનની જે અલૌકિક સ્ફૂર્તિ અમારા દેશના આબાલવૃદ્ધમાં સંચારિત કરીને અમને નિર્ભય અને નિષ્કામ બનીને કર્મ-નિરત થવાનો માર્ગ દેખાડ્યો છે. એક વિરાટ આકાર નોકરશાહીથી શાસિત હોવાને કારણે જે માનસિક દાસત્વ અને નિરાશાનું શ્યામ મેઘ મંડલ અમારી મન કલ્પનાને પાંખ રહિત બનાવી રહ્યું હતું. તેને છિન્નભિન્ન કરીને તેજ-પુંજ તેજો રાશિ આત્મ સ્થિત શૂલપાણિ પ્રિય સમાન દૂરદર્શી મહાબલશાલીની મહાશક્તિનું સાર્થક દર્શન કરાવીને જે મંગલમય આશા નું ઉદઘાટન આપે અમારા હૃદયમાં કર્યું છે તેનું વર્ણન અમારી અને અધિકારિણી અલ્પજ્ઞા માટે અશંગત અસંભવ તથા અનાવશ્યક છે. ચિંતાશીલ વિદ્વાન તેનું મનન કરી રહ્યા છે સંસાર તેનું કીર્તન કરી રહ્યો છે, ઇતિહાસ તેની આરતી ઉતારી રહ્યો છે.

મહાત્માન ! પદદલિત નારીજાતિને કે જેને દેશસેવા દેશપ્રેમનું સ્વલ્પ માત્ર પણ જ્ઞાન નહી તેને આપ જ આશ્વાસન દઈને દેશની ઉન્નતિની બાગડોર ઉપાડવામાં સહાયક બનાવી શકો છો. મેરઠ મહિલા મંડળ આપની સામે ઉપસ્થિત છે, જ્યાં આપને શ્રદ્ધાનો સમુદ્ર લહેરાતો દષ્ટિગોચર થઈ રહ્યો છે ત્યાં કૃતિઓની પણ કમી નથી. દુઃખ સાથે કહેવું પડે છે કે જેટલી અધિક સંખ્યા ખાદીધારી ધારણ કરનાર પુરુષોની છે તેટલી સ્ત્રીઓની નથી. વધુમાં વધુ જેમને ખાદી ધારણ કરનારી મહિલા કહેવી જોઈએ તે ૫૦થી અધિક નહીં મળે. પડદાની ચાર દીવાલોની અંદર બંધ રહેનારી બહેનોની પણ કમી

*નથી. એક કારણ છે કે રાજનૈતિક સરઘસોમાં સમ્મલિત થનારી મહિલાઓની સંખ્યા ૨૦થી અધિક નથી હોતી તેનું એક કારણ એ પણ છે કે પુરુષો મહિલાઓને રાષ્ટ્રીય સેવા માટે સ્વતંત્રતા નથી દેતા.*

*હમણાં વર્તમાનમાં થોડીક વિચારશીલ મહિલાઓએ મહિલા સભા સ્થાપિત કરી છે જેનો ઉદ્દેશ્ય સ્ત્રીઓનો સામાજિક સુધાર તથા તેમને રાષ્ટ્રીય સેવા માટે તૈયાર કરવાનો છે. મહિલા સભા શક્તિ પ્રમાણે પ્રયત્ન કરી રહી છે કે તે સ્ત્રીઓમાં ખાદીનો પર્યાપ્ત પ્રચાર કરે. સભાના અધિવેશનમાં ચરખા પણ કાઢવામાં આવે છે.*

*મહાત્માજી આ ઘન અંધકારમાં ફસાયેલી નારીજાતિની નાવને આપ જ પાર લગાવી શકો તેમ છો. આપની કૃપાથી સમસ્ત ભારતનું પુરુષજાતિજગત તથા નારીજગત સ્વરાજ્યની સ્વર્ગીય આશાને પૂર્ણ કરવાની ઇચ્છા તથા સાહસ ધારણ કરી રહ્યું છે.*

*હે દીન હિતચિંતક આપ જ દુઃખી અને જર્જ પરવશ માતૃભૂમિની માન રક્ષાનો ભાર વહન કરી શકો એમ છો અને અજ્ઞાન તથા દરિદ્રતાથી આક્રાંત અશાંત દેશને શાંતિ દઈ શકો તેમ છો.*

*અમે છીએ આપની કૃપાપાત્રા*
*મેરઠની મહિલાઓ*

આ માનપત્ર ગાંધીજીને ૨૮ ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ મિરાત (મેરઠ)માં આપવામાં આવ્યું હતું. મેરઠની મુલાકાત દરમિયાન ગાંધીજીએ દૌલરી ગુરુકુળ અને બ્રાહ્મણ વૈદિક હાઈસ્કૂલની પણ મુલાકાત લીધી હતી. મેરઠમાં સભાને પણ તેમણે સંબોધી હતી એવી જ એક સ્ત્રીઓની સભામાં તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું. અલબત્ત ગાંધીસાહિત્યમાં ગાંધીજીની દિનવારીમાં માનપત્ર આપ્યાનો ઉલ્લેખ જોવા મળતો નથી. પરંતુ મેરઠની સ્ત્રીઓ દ્વારા તેમને આ માનપત્ર આપવામાં આવ્યું હતું, જે આ માનપત્ર દ્વારા જાણી શકાય છે. માનપત્રની ભાષા અલંકારિક છે. ભાષામાં સરળતાનો અભાવ જોવા મળે છે. પરિણામે સમૃદ્ધ ભાષાનો પ્રયોગ કરવાને કારણે ભાષાકીય ભૂલો જોવા મળે છે. માનપત્રમાં વિગતો અલ્પ છે. માત્ર સ્વતંત્ર સંગ્રામમાં અને ખાદી જેવાં રચનાત્મક કાર્યો પ્રત્યેની સ્ત્રીઓની અલ્પ ભાગીદારીનો ઉલ્લેખ માનપત્રમાં જોવા મળે છે. એ સિવાય આખું માનપત્ર ગાંધીજીના વખાણ અને તેમની પ્રશંસાથી ભરેલું છે. મેરઠ કાવતરાના કેદીઓ જોડે ગાંધીજીએ કરેલ ચર્ચાનો ઉલ્લેખ કરતા અને માનપત્ર અંગે પ્રતિભાવ આપતાં ગાંધીજીએ કહ્યું હતું,

મેરઠની રાષ્ટ્રીય સેવાના કાર્યનો સ્તર જોકે ૧૯૨૧ કરતાં નીચો છે. છતાં તે એક સારો છે. રૂપિયા ૧૪,૦૦૦ની રકમ કંઈ નાનીસૂની નથી. છતાં તે મારી જરૂરિયાતને સંતોષી શકે એવડી નથી. મેં પોતે ગરીબાઈના અવતાર સમા દરિદ્રનારાયણની સેવાનો ધર્મ અંગીકાર કર્યો છે. એટલે મારી માગણી છે જે પૂરી પડે એવી નથી... મેરઠનો કહેવાતો કાવતરા કેસ અયોગ્ય રીતે પસંદ કરાયેલા નાના સરખા શહેરમાં આ મુદ્દો ચાલવાનો હોવાથી એ શહેરની જવાબદારી હજાર ગણી વધી ગઈ છે. લાયક વકીલો, કાયદાના પુસ્તકો અને બીજી સગવડોનો આ શહેરમાં અભાવ છે... હું સામ્યવાદીમાં કે બીજા કોઈ વાદમાં માનતો નથી. પણ આરોપીઓ આપણા ભાઈઓ છે અને તેમની ભૂલ થતી હોય તોપણ તેમને સીધે રસ્તે લાવવાનું કામ સરકારનું નથી પણ પ્રજાનું છે. ત્રીસ કરોડ હિંદીઓ આખી દુનિયાને હલાવી શકે અને તેઓ જો ખાદી અપનાવે તો હું મેરઠના કાવતરા કેસના કેદીઓને જેલમાંથી છોડાવવા માથે લઈ શકું."[1]

---

૧. ગાંધીજીનો અક્ષર દેહ, પુસ્તક-૪૨, પૃ. ૫૯.

# ૬૮ મિરઝાપુર નગર કૉંગ્રેસ કમિટીનું માનપત્ર

वन्देमातरम

अभिनन्दनपत्र

जगतपूज्य महात्मा गांधीजी की सेवा में

पूजनीय महात्माजी !

मिरजापुर नगर कौंग्रेस कमेटी के हम सदस्य आपके आगमन के सुअवसर पर आपका सादर स्वागत करते हैं ! हमारा नगर जो आज आपका स्वागत करने में अपना अहोभाग्य समजता है, भारतवर्ष का एक प्राचीन, प्रसिध्ध और पवित्र स्थान है ! आज भी भारतवर्ष के प्रत्येक कोने से सेंकडो हिन्दू यात्री श्री चिन्मयवासिनीदेविका दर्शन करने प्रति दिन यहाँ आते है ! अभी बहुत समय व्यतीत नहीं हुआ जब कि हमारा नगर अपने व्यवसाय के लिए उत्तर भारत में प्रसिद्ध था और यहाँ के निवासी धनधान्य से भरपूर थे ! कला कौशल्य में भी हमारे नगर की ख्याति दूर दूर तक फैली हुई थी और अब भी आपके आशीर्वाद से हम इससे पूर्ण रूप से वंचित नहीं हैं ! ऐतिहासिक दृष्टि से भी यह नगर कोई अज्ञात केंद्र नहीं कहा जा सकता ! कहने का अभिप्राय यह है कि उपयुक्त कारणों से तथा काशी और प्रयाग के बिच में होने की वजह से हमें प्रायः प्रसिद्ध व्यक्तिओ और देश के नेताओ के स्वागत करने का सौभाग्य प्राप्त हुआ है यधपि आज आप सदशविश्वन्ध्य, जगतपूज्य, अहिंसाभक्त, सत्यनिष्ठ, आत्मत्यागी, कर्तव्यपरायण महानपुरुष का स्वागत करने में हमें विशेष आनन्द और गौरव अनुभव हो रह है !

महात्मन् ! जिस विशेष आनन्द और गौरव का हम आज अनुभव कर रहे है उसका कारन प्रत्यक्ष है ! आप संसार के पुरुषो में श्रेष्ठ है ! आप की अविराम सार्वजनिक सेवाए और सच्ची लगन को देख कर, आप के अथग परिश्रम, अदम्य उत्साह और सतत उद्योग को जानकर, आपमें अहिंसा, सख्य, सत्य, प्रेम और शांति का समावेश पाकर तथा आपकी सच्ची देशभक्ति, दरिद्रनारायण की सेवा, भातृवात्सल्य और अतुलनीय त्यागो को देखकर हमें फिर साहस होता है और देश की इस घोर अंधकारयुक्त स्थिति में आशा की जलक दिखाई देती है ! महात्माजी, इस दीन देश की दशा सुधारने के लिये आपने जो इस में नई जागृति भर दी है उसके लिये कृतज्ञता प्रगट करते हुए आज हम सब सदस्य आप के पुनित स्वागत के लिये हृदय के सिंहासन पर आपकी प्रतिष्ठा करते है !

आपको जानकर सन्तोष होगा कि हमारे नगर में हिन्दू-मुसलिम द्वेष, जो स्वराज्य के मार्ग में सबसे बडा कनकट है, कुछ भी नहीं है और दोंनो जातियों भाई भाई की तरह प्रेमपूर्वक एक साथ सुख दुःख में सम्मिलित होती है !

इतना सब होते हुए भी दुर्भाग्य से हम गरीब है ! यहाँ की जनता ओर अंधकार में लीन है ! इस की दशा उस नौका के समान है जो संघर्ष के विकट प्रवाह में ईधर उधर भटकती है,

हमें पूर्ण आशा है और दृढ विश्वास है कि आपका आगमन हमारे हृदयोमे नवजीवन का संचार करेगा तथा हमें कर्मशील बनाने में सहायक होगा !

यहां पर हमें लज्जा के साथ स्वीकार करना पडता है कि इस नगर में चर्खा तथा खद्दर की कोई व्यवस्था नहीं है ! नगर में एक भी खद्दर की क्या शुद्ध स्वदेशी कपडे की दुकान नहीं है ! हाँ, दो तीन दुकानों में विदेशी तथा स्वदेशी कपडो के साथ थोडासा खद्दर दिखाई देता है जिसके विषय में नहीं कहा जा सकता कि असली है नकली, क्योंकि किसी कपडे पर चर्खासंघ की मुहर तथा दुकान का प्रमाणपत्र देखने में नहीं आता !

इतना ही नहीं, बार बार प्रान्तीय कॉंग्रेस कमेटी के ध्यान आकर्षित करने पर भी अब तक जिले का भाग (quota) पूरा क्या आधा भी नहीं हो सका है ! जिले का १८०० कॉंग्रेस सदस्यो का quita है परन्तु इस समय तक पूरे जिले में लगभग ६०० कॉंग्रेस सदस्य बन सके है ! परिणाम यह हुवा है हमारे जिले के प्रान्तीय कॉंग्रेस कमेटी के सदस्य गत अत्यावश्यक बैठक में भी सम्मलित न हो सके ! हम मानते है कि यह त्रुटी हमारी है और हमें ही इसे दूर करनी पडेगी ! किन्तु एक बात है कि हमारे श्रेष्टतम कार्यकर्ता म्युनिसिपलिटी, डिस्ट्रिक्ट बोर्ड तथा कौंसिलोमें चले गअे जिन्हें उन संस्थाओ से इन देशहितकार्योके लिये समय ही नहीं मिलता ! यही प्रधान कारन है जिस से ही यहाँ खद्दर चर्खे की व्यवस्था न हुई तथा सदस्यों की भी संख्या पूरी न हो सकी !

महात्माजी, इस विकट स्थिति में स्वास्थ्य का ध्यान छोड कर हम लोगो की दीन दशा सुधारने के लिये आपने यहाँ पधारने की जो कृपा की है उसके लिये कृतज्ञता प्रगट करने को हमारे पास उपयुक्त शब्द नहीं है ! हम कॉंग्रेस सदस्य आपको विश्वास दिलाते है कि हमलोग आपके उदेश्य के अनुसार आचरण करेंगे और आपके आदर्श पर चलने का यथाशक्ति यत्न करेंगे !

महात्माजी, आपके इस पुनित आगमन से, आपके उपदेशो से, आपके आशीर्वाद से हमारा प्रेम चर्खा, खद्दर और कॉंग्रेस में बढे और हम कर्तव्यपथ पर अग्रसर होने के लिये दृढ बने यही हमारी कामना है !

नगर कॉंग्रेस कमेटी कार्यालय
मीरजापुर
ता. १९/११/२९
मन्गलवार

आपके आज्ञाकारी सेवक
नगर कॉंग्रेस कमेटी के सदस्य
मिरजापुर

ज्ञान मण्डल मुद्रणालय, काशी

वन्दे मातरम्

# अभिनन्दनपत्र

## जगत्पूज्य महात्मा गांधीजीकी सेवामें

पूजनीय महात्माजी !

मिर्जापुर नगर कांग्रेस कमेटीके हम सब सदस्य आज आपके आगमनके शुभावसरपर आपका सादर स्वागत करते हैं। हमारा नगर जो आज आपका स्वागत करनेमें अपना सौभाग्य समझता है, भारतवर्षका एक प्राचीन, प्रसिद्ध और पवित्र स्थान है। आज भी भारतवर्षके प्रत्येक कोनेसे सैकड़ों हिन्दू यात्री श्री विन्ध्यवासिनी देवीका दर्शन करने प्रति दिन यहाँ आते हैं। अभी बहुत समय व्यतीत नहीं हुआ जब कि हमारा नगर अपने व्यवसायके लिये उत्तर भारतमें प्रसिद्ध था और यहाँके निवासी धनधान्यसे भरपूर थे। कलाकौशलमें भी हमारे नगरकी ख्याति दूर दूर तक फैली हुई थी और अब भी आपके आशीर्वादसे हम इससे पूर्णरूपसे वञ्चित नहीं हैं। ऐतिहासिक दृष्टिसे भी यह नगर कोई नगण्य केन्द्र नहीं कहा जा सकता। कहनेका अभिप्राय यह है कि यद्यपि उपर्युक्त कारणोंसे तथा काशी और प्रयागके बीचमें होनेकी वजहसे हमें प्रायः प्रसिद्ध व्यक्तियों और देशके नेताओंके स्वागत करनेका सौभाग्य प्राप्त हुआ है तथापि आज आप सदृश विश्ववन्द्य, जगत्पूज्य, अहिंसात्मक, सत्यनिष्ठ, आत्मत्यागी, कर्तव्यपरायण महान् पुरुषका स्वागत करनेमें हमें विशेष आनन्द और गौरव अनुभव हो रहा है।

महात्मन् ! जिस विशेष आनन्द और गौरवको हम आज अनुभव कर रहे हैं उसका कारण प्रत्यक्ष है। आप संसारके पुरुषोंमें सर्वश्रेष्ठ हैं। आपकी अविराम सार्वजनिक सेवाएँ और सच्ची लगनको देखकर, आपके अथक परिश्रम, अदम्य उत्साह और सतत उद्योगको जानकर, आपमें अहिंसा, त्याग, सत्य, प्रेम और शान्तिका समावेश पाकर तथा आपकी सच्ची देशभक्ति, दरिद्रनारायणकी सेवा, भ्रातृवत्सलता और अतुलनीय त्यागको देखकर हमें फिर साहस होता है और देशकी इस घोर अन्धकारयुक्त स्थितिमें भी आशाकी झलक दिखाई देती है। महात्माजी ! इस दीन देशकी दशा सुधारनेके लिये आपने जो इसमें नयी जागृति भर दी है उसके लिये कृतज्ञता प्रकट करते हुए आज हम सब सदस्य आपके पुनीत स्वागतके लिये अपने हृदयके सिंहासनपर आपकी प्रतिष्ठा करते हैं।

आपको यह जानकर सन्तोष होगा कि हमारे नगरमें हिन्दू मुसलिम द्वेष, जो स्वराज्यके मार्गमें सबसे बड़ा कण्टक है, कुछ भी नहीं है और दोनों जातियाँ भाई भाईकी तरह प्रेमपूर्वक एक साथ सुख दुःखमें सम्मिलित होती हैं।

इतना सब होते हुए भी दुर्भाग्यसे हम गरीब हैं। यहाँकी जनता घोर अन्धकारमें लीन है। इसकी दशा उस नौकाके समान है जो संघर्षके विकट प्रवाहमें इधर उधर भटक रही है। हमें पूर्ण आशा और दृढ़ विश्वास है कि आपका आगमन हमारे हृदयोंमें नवजीवनका संचार करेगा तथा हमें कर्मशील बनानेमें सहायक होगा।

यहाँपर हमें लज्जाके साथ स्वीकार करना पड़ता है कि इस नगरमें चर्खा तथा खद्दरकी कोई व्यवस्था नहीं है। नगरमें एक भी खद्दरकी क्या शुद्ध स्वदेशी कपड़ेकी भी दूकान नहीं है। हाँ, दो तीन दूकानोंमें विदेशी तथा स्वदेशी कपड़ोंके साथ थोड़ासा खद्दर दिखाई देता है जिसके विषयमें नहीं कहा जा सकता कि असली है या नकली, क्योंकि किसी कपड़ेपर चर्खा संघकी मुहर तथा दूकानमें उसका प्रमाणपत्र देखनेमें नहीं आया।

इतना ही नहीं, बार बार प्रान्तीय कांग्रेस कमेटीके ध्यान आकर्षित करनेपर भी अबतक जिलेका भाग (quota) पूरा क्या आधा भी नहीं हो सका है। जिलेका १००० कांग्रेस सदस्योंका quota है परन्तु इस समय तक पूरे जिलेमें लगभग ४०० कांग्रेस-सदस्य बन सके हैं। परिणाम यह हुआ कि हमारे जिलेके प्रान्तीय कांग्रेस कमेटीके सदस्य मत अत्यावश्यक बैठकमें भी सम्मिलित न हो सके। हम मानते हैं कि यह त्रुटि हमारी है और हमें ही इसे दूर करनी पड़ेगी। किन्तु यह बात है कि हमारे श्रेष्ठतम कार्यकर्ता म्युनिसिपैलिटी, डिस्ट्रिक्ट बोर्ड तथा कौंसिलोंमें चले गये जिन्हें उन संस्थाओंसे इन देशहित कार्योंके लिये समय ही नहीं मिलता। यही प्रधान कारण है जिससे कि यहाँ खद्दर व चर्खेकी व्यवस्था न हुई तथा कांग्रेस सदस्योंकी भी संख्या पूरी न हो सकी।

महात्माजी ! इस विकट स्थितिमें स्वास्थ्यका ध्यान छोड़कर हम लोगोंकी दीन दशा सुधारनेके लिये आपने यहाँ पधारनेकी जो कृपा की है उसके लिये कृतज्ञता प्रकट करनेको हमारे पास उपयुक्त शब्द नहीं हैं। हम कांग्रेस सदस्य आपको विश्वास दिलाते हैं कि हम लोग आपके उद्देश्योंके अनुसार आचरण करेंगे और आपके आदर्शों पर चलनेका यथाशक्ति यत्न करेंगे।

महात्मन् ! आपके इस पुनीत आगमनसे, आपके उपदेशोंसे, आपके आशीर्वादसे हमारा प्रेम चर्खा, खद्दर और कांग्रेसमें बढ़े और हम कर्तव्यपथपर अग्रसर होनेके लिये दृढ़ बनें यही हमारी कामना है।

नगर कांग्रेस कमेटी कार्यालय,<br>मिर्जापुर।<br>ता० १९।११।२९ ई०<br>मङ्गलवार

आपके आज्ञाकारी सेवक,<br>नगर कांग्रेस कमेटीके सदस्य,<br>मिरजापुर।

ज्ञानमण्डल यन्त्रालय, काशी । १८।११।२९

## વન્દેમાતરમ

## અભિનન્દનપત્ર

## જગતપૂજ્ય મહાત્મા ગાંધીજીની સેવામાં

પૂજનીય મહાત્માજી

મિરજાપુર નગર કૉંગ્રેસ સમિતિના સભ્યો આપના આગમનના પ્રસંગે આપનું સાદર સ્વાગત કરે છે. અમારું શહેર આપનું સ્વાગત કરવામાં પોતાનું અહોભાગ્ય સમજે છે. અમારું શહેર ભારતનું પ્રાચીન, પ્રસિદ્ધ અને પવિત્ર સ્થળ છે. આજે પણ દેશના ખૂણેખૂણેથી સેંકડો હિંદુ યાત્રાળુઓ શ્રી ચિન્મયવાસીનીદેવીના દર્શનાર્થે અત્રે આવે છે. હજુ વધુ સમય વ્યતીત નથી થયો, જ્યારે અમારું નગર ઉત્તર ભારતમાં તેના ઉદ્યોગો માટે જાણીતું હતું. અને અહીના રહેવાસીઓ સમૃદ્ધ હતા. કલાકૌશલ્યમાં પણ, અમારા શહેરની ખ્યાતિ દૂર-દૂર સુધી ફેલાયેલી હતી. અને હજુ પણ અમે આપના આશીર્વાદથી એ બાબતે સંપૂર્ણપણે વંચિત નથી. ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ શહેરને અજાણ્યું સ્થળ કહી શકાય નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપરોક્ત કારણોસર અને કાશી અને પ્રયાગ શહેરોની મધ્યમાં અમારું શહેર હોવાને કારણે અમને પ્રસિદ્ધ લોકો અને દેશના નેતાઓનું સ્વાગત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. પરંતુ આજે આપ જેવા સદશ વિશ્વવન્દ્ય, જગતપૂજ્ય, અહિંસાભક્ત, સત્યનિષ્ઠ, આત્મત્યાગી, કર્તવ્યપરાયણ, મહાપુરુષનું સ્વાગત કરવામાં અમે વિશેષ આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

મહામાત્માન ! આજે અમે જે વિશેષ આનંદ અને ગૌરવ અનુભવી રહ્યા છીએ, તેનું કારણ પ્રત્યક્ષ છે. આપ વિશ્વના શ્રેષ્ઠ માનવી છો. આપની અવિરત સાર્વજનિક સેવા અને પ્રબળ ઇચ્છાને જોઈને, આપના અથાગ પરિશ્રમ, અદમ્ય ઉત્સાહ અને સતત સક્રિયતાને જોઈને, આપના અહિંસા, સત્ય, પ્રેમ અને શાંતિ માટેના અતુલનીય ત્યાગને જોઈને, તથા આપની સાચી દેશભક્તિ, દરિદ્રનારાયણની સેવા, ભાતૃવાત્સલ્ય અને અતુલનીય ત્યાગોને જોઈને અમારામાં પણ સાહસ ઉત્પન્ન થાય છે. અને દેશની આ ઘોર અંધકાર યુક્ત સ્થિતિમાં આશાનું એક કિરણ દેખાઈ રહ્યું છે. મહાત્માજી, આ ગરીબ દેશની દશા સુધારવા માટે આપે તેમાં જાગૃતિ આણી છે, એ માટે અમે કૃતજ્ઞતા વ્યક્ત કરી, આપના પુનિત સ્વાગત અર્થે આપને અમારા હૃદયના સિંહાસન પર બિરાજમાન કરીએ છીએ.

આપને જાણીને આનંદ થશે કે અમારા નગરમાં હિન્દુ-મુસલમાન દ્વેષ, જે સ્વરાજ્યના માર્ગમાં સૌથી મોટો કાંટો છે, તે અહીંયાં જરા પણ નથી. અને બન્ને જાતિઓ ભાઈ-ભાઈ જેમ પ્રેમપૂર્વક એકસાથે એકબીજાના સુખ–દુઃખમાં સામેલ થાય છે.

આટલું હોવા છતાં અમારું દુર્ભાગ્ય છે કે અમે ગરીબ છીએ. અહીની પ્રજા અત્યંત અંધકારમાં જીવે છે. તેની સ્થિતિ એવી નૌકા સમાન છે, જે સંઘર્ષની વિકટ સ્થિતિમાં અહીતહી ભટક્યા કરે છે. અમને સંપૂર્ણ આશા અને દૃઢ વિશ્વાસ છે કે આપનું આગમન અમારા હૃદયોમાં નવજીવનનો સંચાર કરશે અને અમને કર્મશીલ બનાવવામાં સહાયક બનશે.

અત્રે અત્યંત દુઃખ સાથે અમારે સ્વીકારવું પડે છે કે આ નગરમાં રેંટિયા અને ખાદીની કોઈ વ્યવસ્થા નથી. નગરમાં એક પણ ખાદીની દુકાન તો શું, એક શુદ્ધ સ્વદેશી કાપડની દુકાન પણ નથી. હા, બે ત્રણ દુકાનોમાં વિદેશી અને સ્વદેશી કપડાઓ સાથે થોડી ખાદી દેખાય છે. તેમાં પણ કહેવું

મુશ્કેલ છે કે તે અસલી છે કે નકલી. કારણ કે કોઈ કપડા પર ચરખા સંઘનો સિક્કો કે દુકાનમાં તે અંગેનું કોઈ પ્રમાણપત્ર જોવા મળતું નથી.

આટલું જ નહિ, પણ વારંવાર પ્રાંતીય કૉંગ્રેસ કમિટીનું ધ્યાન દોરવા છતાં, આજ દિન સુધી જિલ્લાના સભ્યોનો આંક અડધો પણ નથી થઈ શક્યો. જિલ્લામાં ૧૮૦૦ કૉંગ્રેસ સભ્યોનો આંક છે. પરંતુ આજ દિન સુધી જિલ્લામાં લગભગ ૬૦૦ કૉંગ્રેસ સભ્યો બની શક્યા છે. પરિણામે અમારા જિલ્લાના સભ્યો પ્રાંતીય કૉંગ્રેસ કમિટીની આવશ્યક બેઠકોમાં પણ સામેલ થઈ શકતા નથી. અમે સ્વીકારીએ છીએ કે અમારા શ્રેષ્ઠ કાર્યકરો મ્યુનિસિપાલિટી, ડિસ્ટ્રિક બોર્ડ તથા કાઉન્સિલમાં સ્થાન પામ્યા હોઈ, તેમને એ સંસ્થાના કાર્યોમાંથી દેશહિતના કાર્યો માટે સમય જ મળતો નથી. આ જ મુખ્ય કારણ છે કે અહીંયાં ખાદી અને રેંટિયાની કોઈ વ્યવસ્થા નથી થઈ શકી. અને સભ્યોની સંખ્યા પણ પૂરી થઈ શકી નથી.

મહાત્માજી, આ વિકટ સ્થિતિમાં આપના સ્વાસ્થ્યનું ધ્યાન રાખ્યા વગર અમારા લોકોની દીન દશાને સુધારવા, અહીંયાં પધારવાની જે કૃપા કરી છે તે માટે આભાર વ્યક્ત કરવા અમારી પાસે યોગ્ય શબ્દો નથી. અમે કૉંગ્રેસના સભ્યો આપને વિશ્વાસપૂર્વક કહીએ છીએ કે અમે આપના ઉદ્દેશો અનુસાર આચરણ કરીશું અને આપના આદર્શો પર ચાલવા યથાશક્તિ પ્રયાસ કરીશું.

મહાત્માજી, આપના પુનિત આગમનથી, આપના ઉપદેશોથી, આપના આશીર્વાદથી અમારો રેંટિયા, ખાદી અને કૉંગ્રેસ પ્રત્યેનો પ્રેમ વધે અને અમે કર્તવ્યપથ પર અગ્રેસર બનવા દૃઢ બનીએ - એ જ અમારી અભ્યર્થના છે.

નગર કૉંગ્રેસ કમિટી કાર્યાલય<br>મિરજાપુર<br>તા. ૧૯/૧૧/૨૯<br>મન્ગલવાર

આપના આજ્ઞાંકિત સેવકો<br>નગર કૉંગ્રેસ કમિટીના સભ્યો<br>મિરજાપુર

જ્ઞાન મંડળ મુદ્રણાલય, કાશી

એ સમયના સંયુક્ત પ્રાંત અને આજના ઉત્તર પ્રદેશમાં આવેલ મિરઝાપુરની મુલાકાત ગાંધીજીએ ૧૯ નવેમ્બર ૧૯૨૯ના રોજ જીવનમાં માત્ર એક વાર લીધી હતી. અલહાબાદમાં ૧૮ નવેમ્બર, ૧૯૨૯ના રોજ કૉંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં હાજરી આપી, સર્વપક્ષીય નેતાઓની સભામાં ઉપસ્થિત રહી, ગાંધીજી ૧૯મીના રોજ સવારે મિરજાપુર જવા નીકળ્યા હતા. મિરજાપુર અલાહાબાદથી માત્ર ૮૪ કિ.મી.ના અંતરે આવેલું છે. મિરજાપુરમાં ગાંધીજીના એક દિવસના રોકાણનો કાર્યક્રમ ભરચક હતો. સૌપ્રથમ છાત્રવૃંદ તરફથી તેમને માનપત્ર આપવામાં આવ્યું. એ પછી વર્ધિની સભા તરફથી તેમને માનપત્ર એનાયત થયું. કૉંગ્રેસ કમિટી, મ્યુનિસિપાલિટી અને જિલ્લા બોર્ડ તરફથી પણ તેમને માનપત્ર આપવામાં આવ્યા, જેમાંના કૉંગ્રેસ કમિટી તરફથી મળેલ માનપત્રની આપણે અત્રે ચર્ચા કરીશું. એ પછી ઈમલહાવિન્ધ્યેવાસી અછૂત પાઠશાલા તરફથી પણ તેમને માનપત્ર આપવામાં આવ્યું. એ પછી તેઓ ચૂનાર ગયા. ત્યાં તેમનો ઉતારો બાબુ ભગવાનદાસને ત્યાં હતો. ત્યાં પણ નોટીફાઈડ એરિયા કમિટી તરફથી તેમને માનપત્ર આપવામાં આવ્યું.[1]

મિરજાપુર અને ચૂનારની મુલાકાત અન્વયે ગાંધીજી લખે છે,

**"અલાહાબાદથી મંડળી મિરજાપુર અને ચૂનારની મુલાકાતે ગઈ. ચૂનાર ગંગા કિનારે આવેલું છે. અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું સ્થળ છે. પણ તેની મુલાકાત માત્ર એ કારણે ગોઠવાઈ હતી કે ડૉ. ભગવાનદાસે એને પોતાનું વાનપ્રસ્થ જીવન ગાળવાના સ્થળ તરીકે પસંદ કર્યું હતું. ત્યાં તેઓ પોતાની જીવનભરની પ્રવૃત્તિના કેન્દ્ર એવા પ્રિય કાશીથી બહુ દૂર નહિ છતાં એક મહાન શહેરના ઘોંઘાટ અને ધમાલથી સુરક્ષિત, સંપૂર્ણ શાંતિમાં અને સુંદર વાતાવરણમાં વસ્યા છે."[૨]**

ગાંધીજીએ ઉપરોક્ત અવતરણમાં ડૉ. ભગવાનદાસનો ઉલ્લેખ કર્યો છે. તેઓ ગાંધીજીના પ્રખર અનુયાયી હતા. ૧૨ જાન્યુઆરી, ૧૮૬૯માં વારાણસીના અગ્રવાલ કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. ભગવાનદાસ સ્નાતક થયા પછી ૧૮૯૪માં એની બેસન્ટનાં પ્રવચનોથી પ્રભાવિત થઈ, થીઓસૉફિકલ સોસાયટીમાં જોડાયા હતા. અસહકારની ચળવળ દરમિયાન તેઓ કૉંગ્રેસમાં જોડાયા હતા. થોડો સમય તેમણે બ્રિટિશ ભારતની ધારાસભામાં પણ સેવા આપી. તેઓ ભારતની સ્વતંત્રતાના પ્રખર હિમાયતી હતા. પરિણામે ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સક્રિય રહ્યા હતા. તેમણે એની બેસન્ટ સાથે મળી "સેન્ટ્રલ હિંદુ કૉલેજ"ની સ્થાપના કરી હતી, જે પાછળથી "બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય" તરીકે પ્રસિદ્ધ થયું. ભગવાનદાસે એ પછી કાશી વિદ્યાપીઠની પણ સ્થાપના કરી હતી. અને આ તેના વડા તરીકે પણ સેવા આપી હતી. ભગવાનદાસ સંસ્કૃતના વિદ્વાન હતા. તેમણે સંસ્કૃત અને હિંદીમાં ૩૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે. નવી દિલ્હીના એક માર્ગનું નામ તેમના નામ પરથી આપવામાં આવ્યું છે. વારાણસીના સિગ્રા વિસ્તારની એક વસાહતને પણ "ડૉ.ભગવાનદાસનગર" નામ આપવામાં આવ્યું છે. ૧૯૫૫માં તેમને ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૮ સપ્ટેમ્બર ૧૯૫૮માં તેમનું અવસાન થયું.[૩]

આ માનપત્ર સાદા સફેદ કાગળ પર બોર્ડર બાંધી જ્ઞાન મંડળ મુદ્રણાલય, કાશી દ્વારા હિન્દીમાં છાપીને ગાંધીજીને આપવામાં આવેલ છે. માનપત્રની હિંદી ભાષા સરળ, અલંકારો અને ઉપમાઓના ભરમાર વગરની છે. ગાંધીજીએ આ માનપત્રનો કોઈ જ પ્રતિભાવ આપ્યાનું નોંધાયેલ નથી. માત્ર આ જ નહિ આ સિવાય મિરજાપુર અને ચૂનાર ગામમાંથી આપવામાં આવેલા કોઈ પણ માનપત્રનો પ્રતિભાવ ગાંધીજીએ આપ્યો નથી, કે કોઈ જાહેર સભા ગાંધીજીએ સંબોધ્યાના આધારો સાંપડતા નથી. જોકે આ માનપત્ર એ સમયના કેટલાક સ્થાનિક ઐતિહાસિક તથ્યો તરફ આપણું અવશ્ય ધ્યાન દોરે છે. માનપત્રના પ્રથમ બે પેરેગ્રાફ મિરજાપુર શહેરની વિગતો સાથે ગાંધીજી પ્રત્યેનો પ્રેમ અને તેમના સ્વાગતને ભાવસભર શૈલીમાં વ્યક્ત કરવામાં આવેલ છે. ત્રીજા પેરેગ્રાફમાં મિરજાપુર શહેરમાં હિંદુ-મુસ્લિમ એકતાનું સુંદર ચિત્ર રજૂ કરવામાં આવેલ છે. ચોથા પેરેગ્રાફમાં મિરજાપુરની આર્થિક દુર્દશાનો ચિતાર આપવામાં આવ્યો છે. ગાંધીયુગના એ વંટોળમાં પણ હજુ રેંટિયો અને ખાદી મિરજાપુર શહેરમાં પહોંચ્યા નથી. એ તથ્ય માનપત્રના પાંચમા પેરેગ્રાફમાં સ્પષ્ટ નોંધાયું છે. છઠ્ઠો પેરેગ્રાફ કૉંગ્રેસના સભ્યોની મિરજાપુરની સંખ્યા વ્યક્ત કરે છે. આમ છતાં પ્રજાનો કૉંગ્રેસ અને તેના નેતા પ્રત્યેનો અહોભાવ પ્રજામાં ભાસે છે. સાત અને આઠમા અંતિમ પેરેગ્રાફમાં ગાંધીજી પ્રત્યેનો પ્રેમ અને તેમના ચિંધ્યા માર્ગ પર ચાલવાની કૉંગ્રેસ કમિટીના સભ્યોની નિષ્ઠા અને કટીબદ્ધતા વ્યક્ત થાય છે.

ગાંધીજીએ સંયુકત પ્રાંતની મુલાકાત ૧૧ સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ આગ્રાથી શરૂ કરી હતી. અને બે મહિના અને એક પખવાડિયા બાદ ૨૪ નવેમ્બરે ઇટાવામાં પૂરી થઈ હતી. એ અર્થમાં સંયુક્ત પ્રાંતની મુસાફરીનો આ અંતિમ તબક્કો હતો. સમગ્ર મુસાફરી દરમિયાન આચાર્ય કૃપાલાની ગાંધીજીના રાહબર રહ્યા હતા. એ અંગે ગાંધીજી લખે છે,

**"લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે સંયુક્ત પ્રાંતની મુસાફરી ઈશ્વરની કૃપાથી આ ૨૪મી તારીખે**

સમાપ્ત થઈ છે. મિત્રોને તો મારી તબિયત ભાંગી પડશે એવો ભય લાગતો હતો. પણ આચાર્ય કૃપાલાની અને બીજા સાથીઓએ મારી ફરતે જે રક્ષણની દીવાલ ખડી કરી હતી તેનાથી મને સંજોગો પ્રમાણે શક્ય જરૂરી સુખ સગવડ અને આરામ મળી શક્યા. પરંતુ આ દેખભાળનો મોટા ભાગનો બોજો આચાર્ય કૃપાલાનીએ જ ઉઠાવ્યો. જુદા-જુદા સ્થળોના આગેવાનો જ્યારે વધારે સમયની માંગણી કરતા હતા અને લોકો જ્યારે મારા દર્શન માટે મારી મોટરગાડીમાં પરાણે ઘૂસી જવાનો આગ્રહ કરતા હતા ત્યારે આચાર્ય કૃપાલાની કેટલીક વાર ગુસ્સે થઈ જતા. અને ઘણી વાર તો ગુસ્સે થઈ જવાનો દેખાવ જ કરતા. પરિણામે કેટલી જગ્યાએ તો એમને માટે, લોકોની ભાવનાની કદર ન કરી શકનાર અને લાગણી વિનાના ક્રૂર માણસ તરીકે ગણાઈ જવાનો વારો આવ્યો હતો. પણ આ બધાં વિશેષણો એમણે મૂંગામૂંગા સાંભળી લીધાં. અને તેઓ પોતાનું કામ કરતા રહ્યા. પણ આગ્રામાં છૂટા પડતી વખતે તેમણે મને આટલી જ વાત કરી : "ક્ષમા યાચના કરવાની મારામાં વૃત્તિ પણ નથી તેમ મને એવી ટેવ પણ નથી. મારી સમજ પ્રમાણે હું મારી ફરજ બજાવું છું અને ત્યાં મારું કામ પૂરું થાય છે. આપ જ મારે બદલે જરૂરી હોય એટલી ક્ષમાયાચન કરશો" આચાર્ય કૃપલાનીને ૧૯૧૫માં હું પ્રથમ વાર મળ્યો ત્યારે તેઓ એક પાકા યોદ્ધા બની ચૂક્યા હતા. તે વખતે એ મહિને ૪૦૦ રૂપિયા કમાતા હતા. પણ એક બ્રહ્મચારી હતા. પોતાના માટે માત્ર રૂપિયા ૪૦ રાખતા અને બાકીની રકમ હૈદરબાદમાં બ્રહ્મચારી આશ્રમનું સંચાલન કરતા ડૉ. ચોઈથરામને મોકલી આપતા હતા. ચંપારણમાં જ્યારે દર્શનાતુર અને આગ્રહી ખેડૂતોનાં ટોળાં મને ઘેરી વળતાં ત્યારે તેમણે મારા કુશળ દ્વારપાળનું કાર્ય કર્યું હતું."[૪]

---

૧. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૫.

૨. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૪૨, પૃ. ૨૧૭

૩. https://en.wikipedia.org/wiki/Bhagwan Das

૪. ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક ૪૨, પૃ. ૨૧૯

# ૬૯ સીતાપુર મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર

*सेवा में महात्मा मोहनदास कर्मचन्द गांधी*

*पूज्यवर,*

*यह परम पिता परमात्मा की असीम कृपा है कि उसने आज म्युनिसीपल बोर्ड सीतापुर के मेम्बरो को श्रीमान के स्वागत का फिर शुभ अवसर दिया है । हम अपनी तथा नगर निवासियों की और से श्रीमान का सादर और सप्रेम स्वागत करते है ।*

*कितने ही स्थान अभी ऐसे पडे है जहां के निवासी श्रीमान के दर्शनो तथा अमृतमयी वाणी के लिये तरस रहे है जीन स्थानो में चाहे वे कितने ही पवित्र क्यों न हो एक बार भी यदि श्रीमान का पदार्पण हो जाता है तो वो अपने को धन्य मानते है तब तो हम अपने भाग्य की जीतनी भी सराहना करे कम है क्योंकी हमारे नगर को चार वर्ष पूर्व जिस शरदऋतुमें जिस वीमलचन्द्र का दर्शन हुआ था आज भी उसीने उसी ऋतु और उसी स्थिति में तथा उसी मिशन के साथ दर्शन दिये है और चरणरज से पवित्र किया है[1]।*

*उस बार के अभिनन्दन पत्र[2] में हमने सूचित किया था कि हमने अपने सारे नगर में और जनसमुदाय की सारी श्रेणीओ में प्रारम्भिक शिक्षा अनीवार्य्य कर दी है पर वह उसकी प्रारम्भिक दशा थी अब वह उन्नत हो चूकी है अब हमारी बालक संख्या का ६८.२८ प्रतिशत नगर में कही न कही शिक्षा पा रहा है केवळ १.७२ प्रतिशत अर्थात १८ बच्चे शिक्षा से वंचीत है जीन में से १३ के संरक्षक उन्हें स्कूल भेज ने में आना कानी कर रहे है पर उन्हें समझाबुझा कर हम राजी कर ले गे लेकिन ५ लडके अपने शारीरीक दोष के कारन किताबी शिक्षा के योग्य नहीं है और हमको अत्यन्त खेद है कि हम उनकी शिक्षा का अब तक कोई अन्य साधन पैदा नहीं कर सके । उस बार के अभिनन्दन पत्र में हमने सहर्ष यह भी कहा था कि हमने अपने स्कूलो में चर्खा चलाना शुरु कर दिया है पर आज खेद के साथ कहना पडता है कि अब चर्खे नहि चलते लेकिन सन्तोष यह है कि उसकी फिर आयोजना की जा रही है । इस नगर ने स्त्री शिक्षा का भी यथा योग्य प्रबन्ध किया है । बोर्डने तीन कन्या पाठशालाए स्वयं खोल रकखी है और एक को काफी सहायता दे रहा है, इन के अतिरिक्त एक सरकारी पाठशाला भी है ।*

*जिस बात का हमको बडा गर्व है कि हमारे स्कूलो में छूत अछूत का कोई भेद नहि है । अछूत जाती के लडके उच्च जाती के लडको के साथ साथ बेठते और खेलते है और उस पर किसीको आपत्ति नहि है। इस नगर में यह बात पहिले से भी हो गई थी कि महेतरो के सिवाय और किसी जाती को बेठनेउठने के व्यवहार में अछूत न माना जाता था पर महेतरो बाबत लोगो में छूत की बीमारी फैल रही थी और स्कूल के बहार अब भी मौजुद है इसी भय से बोर्डने अछूत पाठशाला अलग कायम किया था पर उसका वह डर निरमूल साबित हुआ । हमारे ७ स्कूलो में से ५ में अछूत बच्चे इस आझादी के साथ पढते है कि उनके लीए अछूत*

६२

## सेवा में महात्मा मोहनदास कर्मचन्द गाँधी

पूज्यवर

यह परम पिता परमात्मा की असीम कृपा है कि उसने आज म्यूनिसिपल बोर्ड सीतापुर के हम मेम्बरों को श्रीमान के स्वागत का फिर शुभ अवसर दिया है। हम अपनी तथा नगर निवासियों की ओर से श्रीमान का सादर और सप्रेम स्वागत करते हैं।

कितने ही स्थान अभी ऐसे पड़े हैं जहां के निवासी श्रीमान के दर्शनों तथा अमृतमयी वाणी के लिये तरस रहे हैं और जिन स्थानों में चाहे वे कितने ही पवित्र क्यों न हों एक बार भी यदि श्रीमान का पदार्पण होजाता है तो वे अपने को धन्य मानते हैं तब तो हम अपने भाग्य की जितनी भी सराहना करें कम है क्योंकि हमारे नगर को चार वर्ष पूर्व जिस शरद ऋतु में जिस विमलचन्द्र का दर्शन हुआ था आज भी उसी ने उसी ऋतु और उसी स्थिति में तथा उसी मिशन के साथ दर्शन दिये हैं और चरणरज से पवित्र किया है।

उस बार के अभिनन्दन पत्र में हमने सूचित किया था कि हमने अपने सारे नगर में और जन समुदाय की सारी श्रेणियों में प्रारम्भिक शिक्षा अनिवार्य्य करदी है पर वह उसकी प्रारम्भिक दशा थी अब वह उन्नत होचुकी है अब हमारी बालक संख्या का ९८.२८ प्रतिशत नगर में कहीं न कहीं शिक्षा पारहा है केवल १.७२ प्रतिशत अर्थात १८ बच्चे शिक्षा से वंचित हैं जिन में से १३ के संरक्षक उन्हें स्कूल भेजने में आना कानी कर रहे हैं पर उन्हें समझा बुझा कर हम राजी करलेंगे लेकिन ५ लड़के अपने शारीरिक दोष के कारण किताबी शिक्षा के योग्य नहीं हैं और हमको अत्यन्त खेद है कि हम उनकी शिक्षा का अब तक कोई अन्य साधन पैदा नहीं करसके। उसबार के अभिनन्दन पत्र में हमने सहर्ष यह भी कहा था कि हमने अपने स्कूलों में चर्खा चलाना शुरू करदिया है पर आज खेद के साथ कहना पड़ता है कि अब चर्खे नहीं चलते लेकिन सन्तोष यह है कि उसकी फिर आयोजना की जारही है। इस नगर ने स्त्री शिक्षा का भी यथाशक्ति प्रबन्ध किया है। बोर्ड ने तीन कन्या पाठशालायें स्वयं खोल रक्खी हैं और एक को काफी सहायता देरहा है, इनके अतिरिक्त एक सरकारी पाठशाला भी है।

जिस बात का हमको बड़ा गर्व है वह यह है कि हमारे स्कूलों में छूत अछूत का कोई भेद भाव नहीं है। अछूत जाति के लड़के उच्च जाति के लड़कों के साथ साथ बराबर बैठते और खेलते हैं और उसपर किसी को आपत्ति नहीं है। इस नगर में यह बात तो पहिले से भी होगई थी कि मेहतरों के सिवाय और किसी जाति को बैठने उठने के व्योहार में अछूत न माना जाता था पर मेहतरों के बाबत लोगों में छूत की बीमारी फैल रही थी और स्कूल के बाहर अब भी मौजूद है इसी भय से बोर्ड ने एक अछूत पाठशाला अलग कायम किया था पर उसका वह डर निर्मूल साबित हुआ। हमारे ७ स्कूलों में से ५ में अछूत बच्चे इस आजादी के साथ पढ़ते हैं कि उनके लिये अछूत शब्द का प्रयोग करना अनुचित जान पड़ता है।। दो स्कूलों में अछूत लड़के नहीं हैं कारण कि उनके करीब अछूतों की आबादी है नहीं।

इस नगर को एक यह भी गर्व है कि इसके हिन्दू मुसलमान निवासियों में किसी प्रकार का वैमनस्य नहीं है।

हम समझते हैं यदि बोर्ड तथा नगर की सार्वजनिक स्थिति का भी यहाँ कुछ दिग्दर्शन करादें तो कुछ अनुचित न होगा वह यह है कि हम बोर्ड ने गत वर्ष अपनी आय का ८ प्रतिशत रोशनी पर ४७ प्रतिशत सफाई तथा स्वास्थ्य रक्षा के साधनों पर और २१ प्रतिशत शिक्षा पर खर्च किया है। हमारे नगर का विस्तार परमावश्यक है अतेव हम अपनी आमदनी बढ़ाने का प्रयत्न कररहे हैं पर हमारा हर एक नागरिक २।) वार्षिक कर पहिले से देरहा है अत: हम बड़े संकोच के साथ इस ओर कदम बढ़ा रहे हैं। हमारा शहर धनी नहीं है पर उत्साही है। उसने चन्दे से एक राष्ट्रीय पाठशाला, एक इस्लामिया स्कूल, एक कन्या पाठशाला, सेवा समिति, एक अनाथालय तथा एक गौशाला कायम कर रक्खा है जिनका काम सन्तोष जनक है

हम आप के योग्य आप का स्वागत नहीं कर सके हम को आप क्षमा करेंगे। अब हम आप का पुन: स्वागत करते हुये अभिनन्दन करते हैं और ईश्वर से प्रार्थना करते हैं कि वह श्रीमान को चिरकाल तक देश के नेतृत्व के लिये जीवित रक्खे।

२२ …

( L. B. Press, Sitapur )

*शब्द का प्रयोग करना अनुचित जान पडता है । दो स्कूलो में अछूत लडके नहि है कारण कि उनके करीब अछूतो कि आबादी है नहि ।*

*इस नगर को एक यह भी गर्व है कि इस के हिन्दु मुसलमान निवासीयो में किसी प्रकार का वैमनस्य नही है ।*

*हम समझते है यदि बोर्ड तथा नगर की सार्वजनिक स्थिति का भी यहां कुछ दिग्दर्शन करा दे तो कुछ अनुचित न होगा वह यह है कि इस बोर्ड ने गत बर्ष अपनी आय का ८ प्रतिशत रोशनी पर, ४७ प्रतिशत सफाई तथा स्वस्थ्य रक्षा पर खर्च किया है । हमारे नगर का विस्तार परमावश्यक है अतेव हम अपनी आमदनी बढाने का प्रयत्न कर रहे है पर हमारा हर एक नागरिक ४॥ वार्षिक कर पहिले से दे रहा है अतः हम बडे संकोच के साथ इस और कदम बढा रहे है हमारा शहर धनी नहीं है पर उत्साही है उसके चन्दे से एक स्कूल, एक राष्ट्रीय पाठशाला, एक इस्लामिया स्कूल, एक कन्या पाठशाला, सेवा समिति, एक अनाथालय तथा गौशाला कायम कर रक्खा है जिनका काम संतोष जनक है ।*

*हम आप के योग्य आप का स्वागत नहि कर सके इस कि आप क्षमा करेंगे । अब हम आप का पुनः स्वागत करते हुये अभिनन्दन करते है और ईश्वर से प्रार्थना करते है कि वह श्रीमान को चिरकाल तक देश के नेतृत्व के लिये जीवित रक्खे ।*

## મહાત્મા મોહનદાસ કર્મચન્દ ગાંધીની સેવામાં

પૂજ્યવર,

પરમ પિતા પરમાત્માની અસીમ કૃપા છે કે આજે મ્યુનિસિપલ બોર્ડ સીતાપુરના સભ્યોને આપના પુનઃ સ્વાગતનો શુભ અવસર પ્રાપ્ત થયો છે. અમે અમારા તથા નગર નિવાસીઓ તરફથી શ્રીમાનનું સાદર અને પ્રેમપૂર્વક સ્વાગત કરીએ છીએ.

અનેક એવાં સ્થળો હજુ છે જેના નિવાસીઓ આપનાં દર્શન અને આપની અમૃતવાણીથી વંચિત છે. એવાં સ્થાનો ગમે તેટલાં પવિત્ર હોય છતાં એકાદ વાર પણ આપનાં કદમો ત્યાં પડે તો તે પોતાને ધન્ય માનવા લાગે છે. અને એટલે જ અમે અમારા ભાગ્યની જેટલી સરાહના કરીએ તેટલી ઓછી છે. કારણ કે અમારા નગરને ચાર વર્ષ પૂર્વે પણ શરદ ઋતુમાં વિમલચન્દ્રના દર્શન થયાં હતાં. એ જ ઋતુ અને એ જ સ્થિતિ અને એ જ ઉદ્દેશ સાથે આપે આજે પણ અમને દર્શન આપ્યાં છે. આપે આપની ચરણરજથી અમારી ધરતીને પાવન કરી છે.

એ સમયે આપેલા અભિનંદનપત્રમાં અમે સૂચિત કર્યું હતું કે અમે સંપૂર્ણ નગરમાં અને જનસમુદાયના દરેક વર્ગમાં પ્રાથમિક શિક્ષણને ફરજિયાત કર્યું છે. પણ એ તો પ્રાથમિક અવસ્થા હતી, અત્યારે તો તેમાં પ્રગતિ થઈ છે. અત્યારે અમારે ત્યાં ૯૮.૨૮ ટકા બાળકો શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. માત્ર ૧. ૭૨ ટકા અર્થાત્ ૧૮ બાળકો શિક્ષણથી વંચિત છે. જેમાં ૧૩ બાળકોના વાલીઓ તેમને સ્કૂલ મોકલવામાં આનાકાની કરી રહ્યા છે. પણ તેમને સમજાવીને અમે બાળકોને સ્કૂલ મોકલવા રાજી કરી લઈશું. પરંતુ પાંચ બાળકો શારીરિક ક્ષતિને કારણે શિક્ષણ લઈ રહ્યાં નથી. અમને અત્યંત ખેદ છે કે અમે તેમના શિક્ષણ માટે કોઈ માર્ગ શોધી શક્યા નથી.

એ સમયે આપને આપેલ અભિનન્દન પત્રમાં અમે સહર્ષ એ પણ કહ્યું હતું કે અમે અમારી શાળાઓમાં ચરખા ચલાવવાનો આરંભ કર્યો છે. પણ આજે દુઃખ સાથે કહેવું પડે છે કે હાલ અમારી શાળાઓમાં ચરખા ચાલતા નથી. છતાં સંતોષ એ વાતનો છે કે તેનું ફરી આયોજન થઈ રહ્યું છે. આ નગરમાં સ્ત્રીશિક્ષણનું પણ યથાશક્તિ આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડ દ્વારા ત્રણ કન્યાશાળાઓ સ્વયં શરૂ કરવામાં આવી છે. અને તેમાંથી એકને વિશેષ સહાયતા આપવામાં આવી રહી છે. આ ઉપરાંત અત્રે સરકારી શાળાઓ પણ છે.

જે વાતનો અમને વિશેષ ગર્વ છે તે એ છે કે અમારી શાળઓમાં છૂત-અછૂતનો કોઈ ભેદ નથી. અછૂત જાતિનાં બાળકો ઉચ્ચ જાતિનાં બાળકો સાથે જ બેસે છે, રમે છે. એમા કશી કોઈ આપત્તિ નથી. આ શહેરમાં એ વાત પ્રથમથી જ સ્વીકારવામાં આવી છે કે મહેતરો સિવાઈ કોઈ જાતિને અછૂત માનવામાં નહિ આવે. મહેતરો અંગે અસ્પૃશ્યતાનું દૂષણ સમાજમાં પ્રસરી રહ્યું છે. અને શાળાઓની બહાર તે હજુ અસ્તિત્વમાં છે. એ ભયથી બોર્ડે એક અછૂત પાઠશાળા અલગથી બનાવી છે. પણ અમારો એ ભય નિર્મૂળ સાબિત થયો છે. અમારી ૭ શાળાઓમાંથી પાંચમાં અછૂત બાળકો સંપૂર્ણ આઝાદી સાથે ભણી રહ્યા છે. તેમના માટે અસ્પૃશ્ય શબ્દનો પ્રયોગ કરવો પણ અનુચિત લાગે છે. બે શાળાઓમાં અછૂત બાળકો નથી. કારણ કે ત્યાં અછૂતોની વસ્તી નથી.

આ નગર માટે એક અન્ય ગર્વ લેવા જેવી બાબત એ પણ છે કે અહીંયાં હિન્દુ મુસલમાન રહેવાસીઓ વચ્ચે કોઈ જ પ્રકારનું વૈમનસ્ય નથી.

અમને લાગે છે અત્રે બોર્ડ અને નગરની સાર્વજનિક સ્થિતિનો પરિચય કરાવીએ તો તે અયોગ્ય-નહિ ગણાય. આ બોર્ડે ગત વર્ષ તેની આવકના આઠ ટકા વીજળી પાછળ, ૪૭ ટકા સફાઈ અને સ્વાસ્થ્ય સુરક્ષાના સાધનો પાછળ અને ૨૩ ટકા શિક્ષણ પાછળ ખર્ચ કરેલ છે. અમારા નગરનો વિસ્તાર પરમાવ્યશ્યક છે. તેથી અમે અમારી આવક વધારવાના પ્રયાસો કરી રહ્યા છીએ. અમારો દરેક નાગરિક સાડા ચાર ટકા વાર્ષિક કર આરંભથી જ ભરે છે. પરિણામે અમે સંકોચ સહ એ તરફ કદમો માંડી રહ્યા છીએ. અમારું શહેર ધનિક નથી, પણ ઉત્સાહી છે. તેણે પોતાને મળેલ દાનમાંથી એક રાષ્ટ્રીય શાળા, એક ઇસ્લામિયા શાળા, એક કન્યાપાઠશાળા, સેવા સમિતિ, એક અનાથાલય તથા એક ગૌશાળા શરૂ કરેલ છે. જેનું કાર્ય સંતોષકારક રીતે ચાલે છે.

અમે આપના યોગ્ય આપનું સ્વાગત નથી કરી શક્યા, એ બદલ અમને ક્ષમા કરશો. છતાં અમે પુનઃ આપનું સ્વાગત કરીએ છીએ અને ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તે આપને દીર્ઘાયુ અર્પે જેથી આપ દેશનું નેતૃત્વ કરવા લાંબા સમય સુધી જીવિત રહી શકો."

સીતાપુર ભારત દેશના ઉત્તર ભાગમાં આવેલા ઉત્તર પ્રદેશ રાજ્યના સીતાપુર જિલ્લાનું મુખ્ય મથક છે.

ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન બે વાર સીતાપુરની મુલાકાત લીધાનું ગાંધીજીની દિનવારીમાં નોંધાયું છે. બન્ને મુલાકાત દરમિયાન તેમને સીતાપુર મ્યુનિસિપાલિટી દ્વારા માનપત્રો આપવામાં આવ્યાં હતાં. પણ પ્રથમ મુલાકાતનું માનપત્ર ઉપલબ્ધ નથી. જ્યારે બીજી મુલાકાત દરમિયાનનું માનપત્ર પ્રાપ્ત છે. જેની આપણે ચર્ચા કરી રહ્યા છીએ. અલબત્ત, આ માનપત્રના અંતે એ આપ્યાની તારીખ આપવામાં આવેલ નથી. માનપત્ર આપનારનું નામ પણ અવાચ્ય છે. ગાંધીજીની દિનવારીમાં આપવામાં આવેલ સીતાપુરની ગાંધીજીની મુલાકાતના આધારે કહી શકાય કે આ માનપત્ર ગાંધીજીને ૧૩ નવેમ્બર, ૧૯૨૯ના રોજ આપવામાં આવ્યું છે.[૩] આ માનપત્રના પ્રથમ પેરામાં આપવામાં આવેલ વિગતો સ્પષ્ટ કરે છે કે આ માનપત્ર સીતાપુર મ્યુનિસિપલ

તરફથી ગાંધીજીને આપવામાં આવેલ છે.

આ દિવસો ગાંધીજી માટે અત્યંત સક્રિય હતા. તેમના એ દિવસોના કાર્યક્રમો તેની સાક્ષી પૂરે છે. ગાંધીજીએ એ સમયગાળા દરમિયાન આપવામાં આવેલ કોઈ સન્માન કે માનપત્રના પ્રતિભાવમાં ભાષણ આપ્યું નથી. પણ એ સમયની ગાંધીજીની દિનવારી પર દૃષ્ટિપાત કરતાં કેટલીક મહત્ત્વની બાબતો જાણવા મળે છે. જેમ કે સીતાપુરની એક દિવસની ગાંધીજીની મુલાકાતમાં તેઓને જિલ્લા બોર્ડ અને હિંદી સાહિત્ય સભા તરફથી પણ માનપત્રો આપવામાં આવ્યાં હતાં. ત્યાંથી તેઓ ખૈરબાદ ગયા હતા. ત્યાં પણ લોકો તરફથી તેમને માનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યાંથી ગાંધીજી લખનૌ આવ્યા હતા. લખનૌમાં મોતીલાલ નહેરુ ગાંધીજીને મળવા આવ્યા હતા. આ મુલાકાત કૉંગ્રેસના લાહોર મુકામે ડિસેમ્બર ૨૯થી ૩૧ના રોજ મળનાર અધિવેશનની પૂર્વ વિચારણા સૂચવે છે. એ અધિવેશનમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર કરવાનું કૉંગ્રેસનું આયોજન હતું. સંભવ છે કે એ જ સંદર્ભમાં મોતીલાલ નહેરુ ગાંધીજીને મળવા આવ્યા હોય. એ દિવસે એટલે કે ૧૩ નવેમ્બરના રોજ જ ગાંધીજી મોહનગંજ આવ્યા હતા. ત્યાં તેમને કિસાનો તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યાંથી ઝનોદા, નિગોહા થઈ ગાંધીજી રાયબરેલી આવ્યા હતા. રાયબરેલીમાં ગાંધીજીને મ્યુનિસિપાલિટી, જિલ્લા બોર્ડ, કિસાનો, કૉંગ્રેસ કમિટી, સ્વાગત સમિતિ તરફથી માનપત્રો આપવામાં આવ્યા હતાં.[૪] છતાં તેના પ્રતિભાવમાં ક્યાંય ગાંધીજીનું એક પણ ભાષણ જોવા મળતું નથી.

અલબત્ત, ચાર વર્ષ પહેલાં ૧૭થી ૧૯ ઑક્ટોબર, ૧૯૨૫ના રોજ ગાંધીજીએ સીતાપુરની મુલાકાત લીધી હતી. એ સમયે પણ ગાંધીજીને સીતાપુરના લોકો તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું, અગાઉ કહ્યું તે પ્રમાણે તે માનપત્ર ઉપલબ્ધ નથી. પણ એ માનપત્ર મ્યુનિસિપાલિટી બોર્ડના પ્રમુખ શંભુનાથે ગાંધીજીને જાહેરમાં વાંચી સંભળાવ્યું હતું. તેમાં તેમણે ગાંધીજીને વિનંતી કરી હતી,

**"સીતાપુર મ્યુનિસિપાલિટીના સભ્યો દ્વારા શહેરને સુધારવાના પ્રયત્નોમાં આદર્શ તરીકે માર્ગદર્શક તરીકે મહાત્માજી પોતાના બહોળા અનુભવમાંથી થોડાં સૂચનો અમને કરે. આ માનપત્રના ખર્ચ પેટે પણ માત્ર એક રૂપિયો જ મંજૂર કરવામાં આવ્યો છે."**

ગાંધીજીએ તેના પ્રતિભાવમાં કહ્યું હતું,

**"હું જો સીતાપુર મ્યુનિસિપાલિટીનો સભ્ય હોત તો એ કામ માટે એક પૈસો પણ મંજૂર ન કરત. આપના દેશ બંધુઓની સેવા કરવાના હેતુથી કૉંગ્રેસવાળાઓ મ્યુનિસિપલ બોર્ડ અને જિલ્લામાં જોડાય તેની વિરુદ્ધ હું નથી. પરંતુ પોતાની સત્તા કે પ્રતિષ્ઠા વધારવાના અગર કોઈ સ્વાર્થ સાધવાના હેતુથી પ્રેરાઈને આ સંસ્થાઓના સભ્ય થવાનો કોઈએ પ્રયત્ન ન કરવો જોઈએ. સેવા અને સ્વાર્થત્યાગની સાચી ભાવના વિના મ્યુનિસિપાલિટીમાં દાખલ થવાનો કશો અર્થ નથી. શહેરને સ્વચ્છ અને રોગમુક્ત રાખવું, ગરીબોની સેવા કરવી, તેમનાં રહેઠાણોનો કચરો અને ગંદવાડ દૂર કરવાં અને ઝૂંપડાં ઊભાં થાય જ નહિ એ સ્થિતિ પેદા કરવી, કેવળ એ જ આદર્શથી મ્યુનિસિપાલિટીમાં જોડાવું જોઈએ. એ સિવાય મારી દૃષ્ટિમાં બીજો કોઈ આદર્શ નથી."**

"પૈસાની મુશ્કેલીનું બહાનું આગળ ન ધરવું જોઈએ. જો પૈસા ન હોય તો મ્યુનિસિપલ સભ્યોએ જાતે મજૂરી કરવા તૈયાર થવું જોઈએ. આમ કરીને તેઓ દરેકેદરેક શહેરી આગળ અનુકરણીય દાખલો પૂરો પાડશે અને મ્યુનિસિપલ વહીવટના માર્ગમાંથી તમામ હરકતોને અવશ્ય દૂર કરશે."

સીતાપુરમાં ગાંધીજીને હિંદુસભા અને વૈદસભા દ્વારા પણ માનપત્રો આપવામાં આવ્યાં હતાં. તેના પ્રતિભાવમાં ગાંધીજીએ અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું,

"આ બન્ને સભાઓ તરફથી જે માનપત્રો મને આપવામાં આવ્યાં છે તેને માટે હું હકદાર નથી. મેં એ બન્ને સભાઓની ટીકા કર્યા કરી છે, અને આવાં ટીકા-ટિપ્પણો સિવાય મેં એમને માટે કશું કર્યું નથી... હિંદુ સભાની સાચી સેવા કરવી હોય તો માણસે સાચા હિંદુ થવું જોઈએ. હિંદુ ધર્મ સનાતન ધર્મ છે. વેદને અને હિંદુ ધર્મને હું અનાદિ અને અનંત માનું છું, અને સત્ય પણ અનાદિ અને અનંત છે. આથી હિંદુ ધર્મ અને સત્યમાં મને કોઈ ભેદ જણાતો નથી. જે કાંઈ અસત્ય હોય તે હિંદુ ધર્મનું અંગ ન હોઈ શકે. સત્ય ત્યજવા હું મારી જાતને કદી સમજાવી ન શકું. ગમે તેવા વિરોધની સામે અને ભલેને હજારો તલવારો મારી સામે ખેંચાઈ હોય તોપણ હું સત્ય જ બોલીશ. સત્ય અને અહિંસા વચ્ચે બિલકુલ તફાવત નથી. એક હિંદુ તરીકે હું કોઈ પણ વ્યક્તિ સામે મનમાં પણ શત્રુત્વની ભાવના સેવી ન શકું. મારો કોઈ શત્રુ હોય તોપણ એને હું પ્રેમથી જીતવાનો પ્રયત્ન કરું. હિંદુ ભાઈઓ પોતાના ધર્મના ઉદ્ધાર માટે ભલે પ્રયત્ન કરે, પરંતુ તેમના દિલમાં તેમણે મુસલમાનો પ્રત્યે કોઈ જાતની દુષ્ટ લાગણી સેવવી ન જોઈએ."[૬]

ગાંધીજીના આ વિચારો સીતાપુર શહેરની તેમની પ્રથમ મુલાકાત દરમિયાનના છે. પણ તે તેમની બીજી મુલાકાત દરમિયાન પણ એટલા જ યથાર્થ ભાસે છે. ગાંધીજીએ વર્ણવેલ મ્યુનિસિપાલિટીના સભ્યોની ફરજો ચાર વર્ષ પહેલાં જેટલી સાચી હતી એટલી ચાર વર્ષ પછી પણ સત્ય છે. વળી, હિંદુ સભાને ગાંધીજીએ આપેલ સાચા હિન્દુની પરિભાષા ૧૯૨૯માં જેટલી સત્ય હતી, એટલી જ બલકે એથી વધુ આજે પણ સનાતન સત્ય છે. એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

---

૧. ગાંધીજીએ આ પહેલાં સીતાપુરની ૧૭થી ૧૯ ઑક્ટોબર, ૧૯૨૫ના રોજ મુલાકાત લીધી હતી. આ માનપત્રમાં એ મુલાકાતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૨. એ સમયે તેમને આપવામાં આવેલ માનપત્રનો અત્રે ઉલ્લખ છે.

૩. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૪

૪. ગાંધીજીની દિનવારી, પૃ. ૨૬૫

૫. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૨૮, પૃ. ૩૦૫, ૩૦૬.

૬. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ ૨૮, પૃ. ૩૦૬.

# પરિશિષ્ટ

## તારીખ મુજબ અલગ અલગ સ્થળોએથી મળેલ માનપત્રોનો ક્રમ

| તારીખ ક્રમ | પુસ્તકમાંનો ક્રમ | માનપત્રની તારીખ | માનપત્રનું નામ | ગામનું નામ | ગામનો ક્રમ |
|---|---|---|---|---|---|
| 1 | 1 | 2.6.1896 | દક્ષિણ આફ્રિકના ડર્બ ન શહેરનું માનપત્ર : ૨.૬.૧૮૯૬ | ડર્બન (દક્ષિણ આફ્રિકા) | 1 |
| 2 | 26 | 15.10.1901 | ડર્બનનુંઅબ્દુલકાદિર અને સભ્યોનું માનપત્ર : ૧૫.૧૦.૧૯૦૧ | ડર્બન (દક્ષિણ આફ્રિકા) | 2 |
| 3 | 53 | 14.7.1914 | જોહનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા) નુ માનપત્ર : ૧૪.૭.૧૯૧૪ | જોહનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા) | 3 |
| 4 | 33 | 17.1.1915 | રાજકોટની પ્રજા તરફથી માનપત્ર : ૧૭.૧.૧૯૧૫ | રાજકોટ | 4 |
| 5 | 2 | 21.1.1915 | જેતપુર નિવાસીઓનું માનપત્ર: ૨૧.૧.૧૯૧૫ | જેતપુર | 5 |
| 6 | 1 | 29.3.1915 | હિંદુ સભા, કલકત્તાનુ માનપત્ર : ૨૯.૩.૧૯૧૫ | કલકત્તા | 6 |
| 7 | 8 | 28.1.1924 | દેશ હિતકારક મં ડલી, શાહપુ રનું માનપત્ર : ૨૮.૧.૧૯૨૪ | શાહપુર | 7 |
| 8 | 48 | 29.3.1919 | નેગાપટમના નિવાસીઓનું માનપત્ર : ૨૯.૩.૧૯૧૯ | નેગાપટમ | 8 |
| 9 | 10 | 21.5.1921 | નિબાડ જિલ્લા નિવાસીનુ માનપત્ર : ૨૧.૫.૧૯૨૧ | નિબાડ જિલ્લા | 9 |
| 10 | 30 | 11.2.1925 | ભાદરણ પં ચાયતનું માનપત્ર : ૧૧.૨.૧૯૨૫ | ભાદરણ પં ચાયત | 10 |
| 11 | 16 | 16.4.1925 | નવસારી શહેરના નાગરિકોનુ માનપત્ર: ૧૬.૪.૧૯૨૫ | નવસારી | 11 |
| 12 | 58 | 13.3.1925 | ત્રિવેન્દ્રમના નાગરિકોનું માનપત્ર : ૧૩.૩.૧૯૨૫ | ત્રિવેન્દ્રમ | 12 |
| 13 | 62 | 15.3.1925 | કોટ્ટાયમમ્યુનિસિપલ કાઉન્સિલનું માનપત્ર : ૧૫.૩.૧૯૨૫ | કોટ્ટાયમ | 13 |
| 14 | 63 | 15.3.1925 | મદ્રાસ આર્યુવેદિક ફાર્મસી લિ.નું માનપત્ર : ૨૪-૩-૧૯૨૫ | મદ્રાસ | |
| 15 | 22 | 8.4.1925 | શ્રી હિં દી મહાસભા શહેર સમિતિ, માંગરોલનું માનપત્ર : ૮.૪.૧૯૨૫ | માંગરોલ | 14 |
| 16 | 13 | 12.2.1925 | વીરસદ નિવાસીઓનું માનપત્ર : ૧૨.૨.૧૯૨૫ | વિરસદ | 15 |
| 17 | 15 | 18.4.1925 | જંબુસર મ્યુ નિસિપાલિટીનું માનપત્ર : ૧૮.૪.૧૯૨૫ | જંબુસર | 16 |
| 18 | 12 | 18.4.1925 | ભરૂચ જિલ્લા લોકલ બોડ 'નું માનપત્ર : ૧૮.૪.૧૯૨૫ | ભરૂચ | 17 |
| 19 | 23 | 15.5.1925 | ત્રીપ્પરહા કૃષક અને રૈયત સભા, કોમીલ્લાનું માનપત્ર : ૧૫.૫.૧૯૨૫ | કોમીલ્લા | 18 |
| 20 | 3 | 18.9.1925 | જનતા જિલ્લા હજારીબાગનુ માનપત્ર: ૧૮.૯.૧૯૨૫ | હજારીબાગ | 19 |
| 21 | 49 | 18.9.1925 | હજારીબાગ મ્યુ નિસિપાલિટી કમિશનરનું માનપત્ર : ૧૮.૯.૧૯૨૫ | હજારીબાગ | 20 |
| 22 | 21 | 11-14.10.1925 | જિલ્લા કોંગ્રે સ કમિટી, પૂ ર્ણિયાનું માનપત્ર : ૧૧/૧૪.૧૦.૧૯૨૫ | પૂર્ણિયા | 21 |
| 23 | 29 | 12-15.10.1925 | પૂર્ણિયા હિં દુ સભાનું માનપત્ર : ૧૨/૧૪.૧૦.૧૯૨૫ | પૂર્ણિયા | 22 |
| 24 | 24 | 12-14.10.1925 | પૂર્ણિયા ડીસ્ટ્રીકટ બોર્ડનું માનપત્ર : ૧૨/૧૪.૧૦.૧૯૨૫ | પૂર્ણિયા | 23 |
| 25 | 25 | 13.10.1925 | ધર્મ્મપુર નિવાસી જનતાનુ માનપત્ર : ૧૩.૧૦.૧૯૨૫ | ધરમપુર | 24 |
| 26 | 11 | 16.10.1925 | શ્રી ગાં ધી વિદ્યાલય હાજીપુ રનું માનપત્ર : ૧૬.૧૦.૧૯૨૫ | હાજીપુર | 25 |
| 27 | 40 | 10.2.1927 | જલગાંવ મ્યુ નિસિપાલિટીનું માનપત્ર : ૧૦.૨.૧૯૨૭ | જલગાંવ | 26 |
| 28 | 35 | 19.11.1926 | મિરઝાપુર ડીસ્ટ્રીકટ બોર્ડનું માનપત્ર : ૧૯.૧૧.૧૯૨૬ | મિરઝાપુર | 27 |
| 29 | 5 | 13.6.1929 | અરખા, જિ. રાયબરે લીનું માનપત્ર : ૧૩.૬.૧૯૨૯ | અરખા, જિ. રાયબરે લી | 28 |
| 30 | 65 | 19.1.1927 | સમસ્તીપુરમ્યુનિસિપલકમિશ્નરનું માનપત્ર : ૧૯.૧.૧૯૨૭ | સમસ્તીપુર | 29 |
| 31 | 50 | 25.10.1925 | સહરાનપુર અગ્રવાલ સે વા સમિતિનું માનપત્ર : ૨૫.૧૦.૧૯૨૫ | સહરાનપુર | 30 |
| 32 | 9 | 3.3.1927 | ગુજરાતી વાચનાલય સં સ્થા, અલીબાગનું માનપત્ર : ૩.૩.૧૯૨૭ | અલીબાગ | 31 |
| 33 | 56 | 19.7.1927 | મૈસુરના વિદ્યાર્થીઓનું માનપત્ર : ૧૯.૭.૧૯૨૭ | મૈસુર | 32 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 34 | 61 | 12.8.1927 | દાવણગિરીનાવિદ્યાર્થીઓનું માનપત્ર : ૧૨.૮.૧૯૨૭ | દાવણગિરિ | 33 |
| 35 | 60 | 18.11.1927 | કેન્ડી (શ્રીલંકા) ની પ્રજાનું માનપત્ર : ૧૮.૧૧.૧૯૨૭ | કેન્ડી (શ્રીલંકા) | 34 |
| 36 | 52 | 24.11.1927 | મતારા(શ્રીલંકા) શહેરનું માનપત્ર : ૨૪.૧૧.૧૯૨૭ | મતારા(શ્રીલંકા) | 35 |
| 37 | 17 | 9.1.1927 | બનારસ મ્યુનીસીપલટી બોર્ડનું માનપત્ર : ૯.૧.૧૯૨૭ | બનારસ | 36 |
| 38 | 39 | 22-24.9.1929 | મહોબા વિદ્યાર્થી ગણનું માનપત્ર : ૨૨/૨૪.૯.૧૯૨૯* | મહોબા | 37 |
| 39 | 55 | 29.9.1929 | સુલતાનપુર મ્યુનિસિપલનું માનપત્ર : ૨૯.૯.૧૯૨૯ | સુલતાનપુર | 38 |
| 40 | 34 | 7.10.1929 | ગોરખપુર યુવક સંઘનું માનપત્ર : ૭.૧૦.૧૯૨૯ | ગોરખપુર | 39 |
| 41 | 33 | 12.10.1929 | હરદોઈ ક્ષત્રીયહાઇસ્કુલનું માનપત્ર : ૧૨.૧૦.૧૯૨૯ | હરદોઈ | 40 |
| 42 | 20 | 13.10.1929 | હિંદી સાહિત્ય સભા, સીતાપુરનું માનપત્ર : ૧૩.૧૦.૧૯૨૯ | સીતાપુર | 41 |
| 43 | 14 | 17.10.1929 | કન્યા ગુરુકુલ, દેહરાદુનનું માનપત્ર : ૧૭.૧૦.૧૯૨૯ | દેહરાદુન | 42 |
| 44 | 19 | 15.10.1929 | હરદ્વાર યુનિયન મ્યુનિસીપલ બોર્ડનું માનપત્ર : ૧૫.૧૦.૧૯૨૯ | હરદ્વાર | 43 |
| 45 | 7 | 25.10.1929 | મેઢરાજપૂત સભા, સહારનપુરનું માનપત્ર: ૨૫.૧૦.૧૯૨૯ | સહારનપુર | 44 |
| 46 | 45 | 25.10.1929 | સહરાનપુર સ્વાગત સમિતિનું માનપત્ર : ૨૫.૧૦.૧૯૨૯ | સહરાનપુર | 45 |
| 47 | 27 | 25.10.1929 | ડીસ્ટ્રીકટ બોર્ડ, સહારનપુરનું માનપત્ર : ૨૫.૧૦.૧૯૨૯ | સહારનપુર | 46 |
| 48 | 31 | 26.10.1929 | સ્ટુડેન્ટ યુનિયન મેમ્બેર, દેવબંદનું માનપત્ર : ૨૬.૧૦.૧૯૨૯ | દેવબંદ | 47 |
| 49 | 54 | 27.10.1929 | પબ્લિક સ્કુલ, મુજફ્ફરપુરનું માનપત્ર : ૨૭.૧૦.૧૯૨૯ | મુજફ્ફરપુર | 48 |
| 50 | 51 | 1.11.1929 | ટટીરીસદસ્ય સત્સંગ સભાનું માનપત્ર : ૧.૧૧.૧૯૨૯ | ટટીરી | 49 |
| 51 | 36 | 2.11.1929 | દિલ્હી હિંદુ કોલેજનું માનપત્ર : ૨.૧૧.૧૯૨૯ | દિલ્હી | 50 |
| 52 | 47 | 9.11.1929 | ઊંઝાની નિવાસીઓનું માનપત્ર : ૯.૧૧.૧૯૨૯ | ઊંઝા | 51 |
| 53 | 64 | 9.11.1929 | કાસગંજ મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર : ૯.૧૧.૧૯૨૯ | કાસગંજ | 52 |
| 54 | 32 | 12.11.1929 | અધ્યાપક સમિતિ, રાયબરેલીનું માનપત્ર : ૧૨.૧૧.૧૯૨૯ | રાયબરેલી | 53 |
| 55 | 46 | 13.11.1929 | રાયબરેલી આર્ય્ય કુમારશાળાનું માનપત્ર : ૧૩.૧૧.૧૯૨૯ | રાયબરેલી | 54 |
| 56 | 59 | 13.11.1929 | રાયબરેલી કોંગ્રેસ કમિટીનું માનપત્ર : ૧૩.૧૧.૧૯૨૯ | રાયબરેલી | 55 |
| 57 | 69 | 13.11.1929 | સીતાપુર મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર : ૧૩.૧૧.૧૯૨૯ | સીતાપુર | 56 |
| 58 | 42 | 15.11.1929 | સુલતાનપુર સ્રીગણનું માનપત્ર : ૧૫.૧૧ ૧૯૨૯ | સુલતાન | 57 |
| 59 | 44 | 16.11.1929 | પ્રયાગ નવભારત સંઘનું માનપત્ર : ૧૬.૧૧. ૧૯૨૯ | પ્રયાગ | 58 |
| 60 | 68 | 19-11-1929 | મીરઝાપુર નગર કોંગ્રેસ કમિટિનું માનપત્ર : ૧૯-૧૧-૧૯૨૯ | મીરઝાપુર | |
| 61 | 41 | 20.11.1929 | ફતે[illegible] ડીસ્ટ્રીકટ બોર્ડનું માનપત્ર : ૨૦.૧૧.૧૯૨૯ | ફતેહપુર | 59 |
| 62 | 43 | 21.11.1929 | મહોબા ખાદી વણકર બન્ધુનું માનપત્ર : ૨૧.૧૧. ૧૯૨૯* | મહોબાખાદી | 60 |
| 63 | 38 | 23.11.1929 | ઝાંસી મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર : ૨૩.૧૧.૧૯૨૯ | ઝાંસી | 61 |
| 64 | 57 | 18.4.1931 | મુંબઈ શહેર મ્યુનિસિપલનું માનપત્ર : ૧૮.૪.૧૯૩૧ | મુંબઈ | 62 |
| 65 | | 24.3.1925 | મદ્રાસ આર્યુવેદિક ફાર્મસી લિ.નું માનપત્ર : ૨૪.૩.૧૯૨૫ | મદ્રાસ | 63 |
| 66 | 6 | 2.10.1937 | સ્વામી સદાનંદ, સિંગાપોરનું માનપત્ર : ૨.૧૦.૧૯૩૭ | સિંગાપોર | 64 |
| 67 | 18 | 10.11.1939 | મિશન ગર્લ્સ સ્કૂલ, શાહજહાંપુરનું માનપત્ર : ૧૦.૧૧.૧૯૩૯ | શાહજહાંપુર | 65 |
| 68 | 28 | 7.9.1931 | ઈજિપ્ત નિવાસીભારતીઓનું માનપત્ર : ૭.૯.૧૯૩૧ | ઈજિપ્ત | 67 |
| 68 | 66 | 10.1929 | દહેરાદુનના રૈદાસીભાઈઓનું માનપત્ર : ૧૩.૧૦.૧૯૨૧ | દહેરાદુન | 68 |
| 69. | 67 | 28.10.1929 | મેરઠની મહિલાઓનું માનપત્ર : ૨૫.૧૦.૧૯૨૧ | મેરઠ | 69 |



ડૉ. મહેબૂબ દેસાઈ

ચાલીસ વર્ષથી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને લેખન દ્વારા પોતાની આગવી ઓળખ ઊભી કરનાર ડૉ. મહેબૂબ દેસાઈનો પરિચય આપવો અઘરો છે. વર્ષો પૂર્વે ગુજરાતના જાણીતા ઇતિહાસવિદ્ અને પ્રતિષ્ઠિત સંશોધક મા. કેશવરામ કે. શાસ્ત્રીજીએ મહેબૂબ દેસાઈ વિશે લખ્યું હતું,

"પ્રોફેસર ડૉક્ટર મહેબૂબ દેસાઈ લબ્ધપ્રતિષ્ઠ યુવા શોધકર્તા છે. એમને હું વર્ષોથી ઓળખું છું. એમના વિશે મને ઊંચો અભિપ્રાય છે. એમણે ઇતિહાસ તથા સાહિત્યના ક્ષેત્રમાં સિદ્ધિ અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. એમના ઇતિહાસવિષયક ગ્રંથો ઇતિહાસ ક્ષેત્રે ઘણા કીમતી છે. એમાં એમની વિદ્વત્તા, અભ્યાસનિષ્ઠા અને ઉદ્યમપરાયણતા સુપેરે દશ્યમાન થાય છે. એમના વિચારો ઘણા પરિમાર્જિત છે. ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને ચિંતનના ક્ષેત્રે એમનું વાચન ઊંડું અને વિશાળ છે. આ ઉપરાંત એઓ ઉદારમતવાદી મુસ્લિમ રાષ્ટ્રીય દૃષ્ટિકોણ ધરાવે છે એ સરાહનીય છે."

૨૦૧૨માં ડૉ. મહેબૂબ દેસાઈ ભાવનગર યુનિવર્સિટીના ઇતિહાસ અનુસ્નાતક ભવનના અધ્યક્ષ તથા પ્રોફેસર તરીકે સ્વૈચ્છિક નિવૃત્ત થયા અને ગાંધીજી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાં ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર તરીકે જોડાયા હતા. તેમની સ્વૈચ્છિક નિવૃત્તિ પ્રસંગે પ્રસિદ્ધ થયેલ ગ્રંથ "ગુજરાતના જાણીતા સંશોધક અને સર્જક પ્રોફેસર મહેબૂબ દેસાઈ : વ્યક્તિત્વ અને વાઙ્મય"ને શુભેચ્છા પાઠવતાં એ સમયના મા. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી લખ્યું છે :

"ડૉ. દેસાઈના ગ્રંથ "ભારતની આઝાદીની લડતમાં ભાવનગર રાજ્ય પ્રજા પરિષદ અને પ્રજાકીય લડતો"ને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ સંશોધન ગ્રંથ તરીકે મળેલ પારિતોષિક સમગ્ર ગુજરાત માટે ગૌરવપ્રદ ઘટના છે. ગુજરાતના સ્વાતંત્ર્યસંગ્રામ પરના તેમના ૧૮ જેટલા ઐતિહાસિક ગ્રંથો ગુજરાતવાસીઓ માટે ગુજરાત સાથેનું ભાવનાત્મક જોડાણ મજબૂત કરનાર અને અભ્યાસીઓ માટે માહિતીપ્રદ તેમજ પ્રોત્સાહક બની રહેશે. ડૉ. દેસાઈએ ગાંધીવિચારના પ્રસારની અતિ મહત્ત્વની કામગીરી તેમનાં વ્યાખ્યાનો દ્વારા કરેલ હોવાની બાબત સમાજ માટે માર્ગદર્શક બની રહેશે. આ ઉપરાંત સાહિત્યના ક્ષેત્રમાં ડૉ. દેસાઈના ઊંડાણના પરિપાક રૂપે તેમનાં અનેક પુસ્તકો, છાપામાં ચાલતી કૉલમ વગેરે સાહિત્યસર્જનથી અનેક વાચકોના ઘડતરનું કાર્ય થયેલ છે, જે બિરદાવવા યોગ્ય છે."

શૈક્ષણિક અને સંશોધક તરીકેની દીર્ઘ કારકિર્દી દરમિયાન ડૉ. દેસાઈએ અનેક સંશોધન યોજનાઓને સાકાર કરી છે. લગભગ વીસેક જેટલા પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના, અનેક અનુસ્નાતક અને એમ.ફિલ.ના વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે કાર્ય કર્યું છે. ઇતિહાસ, સાહિત્ય, ઇસ્લામ અને સૂફીવિષયક તેમના ૯૦ જેટલા ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. છેલ્લાં પાંચેક વર્ષથી તેઓ ગાંધીજીને અપાયેલા માનપત્રો ઉપર કામ કરી રહ્યા હતા. એ કાર્ય "કુમાર" સામયિકમાં છેલ્લાં ત્રણ વર્ષથી હપતાવાર પ્રસિદ્ધ થતું રહ્યું છે. આજે એ કાર્ય ગાંધીજીના જન્મની દોઢસો વર્ષની ઉજવણી નિમિત્તે ગ્રંથસ્વરૂપે આપણી સમક્ષ મુકાઈ રહ્યું છે. વાચકો, વિચારકો, ગાંધીજનો અને ડૉ. મહેબૂબ દેસાઈના ચાહકો તેને સહર્ષ આવકારશે એવી ખાતરી છે.

9 789351 753780
₹ 1200